कलिकालसर्वज्ञ श्रीहेमचन्द्रसूरिभगवत्प्रणीतं

श्री सिद्धहेमशब्दानुशासने गुर्जरभाषानुवादः

सिद्धहेमबालावबोधिनी

प्रथमोविभागः

अनुवादकर्ता
विजयगच्छीयहिमप्रभसूरिः

श्री नेमिलावण्यसूरीश्वरेभ्यो नमः।

कलिकालसर्वज्ञ श्रीहेमचन्द्रसूरि भगवत्प्रणीतं सिद्धहेमशब्दानुशासनम्।

तदुपरि लघुवृत्त्याश्रित्य गूर्जरभाषानुवादः॥

श्री सिद्धहेम-बालावबोधिनीः

आख्यातप्रकरणपर्यन्तो प्रथमो विभागः॥

: अनुवादकर्ता :

शासनसम्राट्-आबालब्रह्मचारि-तपागच्छाधिपति-प्रौढप्रतापी

पू.आचार्य भगवंत श्रीमद्विजयनेमिसूरीश्वरजी म.सा. पट्टधर

विजयमहिमाप्रभसूरिः

: प्रेरक-सहायक :

पू.मुनिराज श्रीविवेकविजयजी म.सा.

प्रकाशक :—

श्रीविजयमहिमाप्रभसूरिज्ञानमंदिर,
नारायणनगर रोड, शान्तिवन बस स्टोप पासे,
केनेरा बैंक सामे, पालडी, अहमदाबाद. ३८०००७.

— : प्राप्तिस्थान :—

वकील शान्तिलाल मो. गांधी,
३/४ आर्यभट्ट, माणेकनगरनो खांचो
सरखेजरोड, पालडी, अहमदाबाद. ३८०००७.

卐

शाह कान्तिलाल भीखाभाई
२३. विजयविला, जवाहरनगर, एस. वी. रोड,
गोरेगांव [पश्चिम] बम्बइ. ४०००६२.

द्वितीयावृत्ति-प्रति – १०००
इ. स. १९८७.
संवत. २०४३ [विजयादशमी]
मुल्यम्–४०–०० रु.

मुद्रणस्थल :—

बाबुलाल एन. महेता,
महालक्ष्मी प्रिन्टिंग प्रेस,
पित्तलिया बम्बा, घीकांटा रोड,
अहमदाबाद. ३८०००१
फोन : २५६३९

તપોગરછાધિપતિ-શાસન સમ્રાટ - આબાલ બ્રહ્મચારિ
પ્રૌઢ પ્રતાપી પૂજ્યપાદ આચાર્ય ભગવંત



પૂ. શ્રી. વિજય નેમિસૂરીશ્વરજી મ. સા.

વ્યાકરણવાચસ્પતિ – શાસ્ત્રવિશારદ – સાહિત્ય સમ્રાટ્
અનુપમવ્યાખ્યાન સુધાવર્ષી પરમપૂજ્ય આચાર્ય ભગવંત



પૂ. શ્રી. વિજયલાવણ્ય સૂરીશ્વરજી મ. સા.

પ્રાસ્તાવિક

शब्द-प्रमाण-साहित्य-छन्दो-लक्षण-विधायिनाम् ।
श्रीहेमचन्द्रगुरुपादनां प्रसादाय नमो नमः ॥ १ ॥

શબ્દ, પ્રમાણ, સાહિત્ય, છન્દશાસ્ત્ર અને વ્યાકરણના વિધાયક એવા પૂજ્ય **શ્રીહેમચન્દ્રસૂરિજી** મ. ના પ્રસાદ ગુણને નમસ્કાર નમસ્કાર.

इच्चाइ गुणो हं हेमसूरिणो पेच्छऊण छेयजणो ।
सद्दहई अट्ठि वि हु तित्थकर गणहर प्रमुहे ॥ १ ॥

ઇત્યાદિ ગુણોવાળા **શ્રીહેમચંદ્રસૂરિ** મ. ને જોઈને નિપુણજનો અદૃષ્ટ એવા તીર્થંકર ગણધરને શ્રદ્ધે છે.

પૂ. આચાર્ય **શ્રીવિજયમહિમાપ્રભસૂરિકૃત** સિદ્ધહેમશબ્દાનુશાસનપ્રભાવબોધિની નામનો આ ગ્રંથ સંસ્કૃત વ્યાકરણના અભ્યાસીઓને મુખ્ય જ ઉપયોગી નિવડશે.

શ્રીજૈનસંઘના ભંડારો સમૃદ્ધ છે. સેંકડો વર્ષ ઉપર લખેલા અનેકવિધ તાડપત્રીય ગ્રન્થો અને તામ્રપત્રો અને વિવિધ હસ્તલિખિત પ્રતો આપણા ભંડારોમાં છે. આ ભંડારમાં અનેકવિધ સાહિત્ય છે. આ સાહિત્ય કેવળ જૈન આગમ, જૈન ચરિત્રો કે જૈન સાહિત્ય પુરતું નથી, પણ આ ભંડારોમાં જૈનેતરનું વિવિધ ગ્રન્થોથી પણ સમૃદ્ધ છે.

આ સમૃદ્ધિ આપણને આપણા પૂર્વપુરુષોમાં રહેલી જ્ઞાનની પીપાસા, જ્ઞાનાભ્યાસ, ચિંતન, અપ્રમત્તતા, શાસનરાગ વગેરે ગુણોનું દર્શન કરાવે છે.

આપણા પૂ. આચાર્ય ભગવંતોમાં સાહિત્યનું કોઈ ક્ષેત્ર અણખેડયું રાખ્યું નથી એટલું જ નહિ પણ સર્વ ક્ષેત્રમાં તેમનો પ્રયાસ પુરોગામી અને અગ્રગણ્ય રહેલો છે.

વ્યાપારપ્રધાન જૈનસમાજ હોવા છતાં, સાહિત્ય ક્ષેત્રમાં આટલું ઉંડાણ અને સમૃદ્ધિ આપણા પૂ. સાધુ ભગવંતોને આભારી છે.

ઉઘાડા માથે અને ઉઘાડાપગે વિચરી પૂ. સાધુ ભગવંતોએ કંચન-કામિનીના ત્યાગ અને નિઃસ્પૃહતાની લોક હૃદયમાં ઉંડી છાપ પ્રસરાવવા સાથે લોક અભિગમને પારખી તે તે કાલના સર્વ સાહિત્ય ક્ષેત્રમાં યુગોગામી રચ્યા છે.

પૂ. આચાર્ય **શ્રીસિદ્ધસેન દિવાકરસૂરિજી**, પૂ. આચાર્ય **શ્રી હરિભદ્રસૂરિજી** આ બધા માટે આપણે જોઈશું તો તે તે કાલમાં જે સાહિત્ય પ્રવાહ ચાલ્યો તેમાં તેમને અગ્રગણ્ય યોગદાન આપી જૈન શાસનની પ્રભાવના વધારી છે.

કલિકાલ સર્વજ્ઞ **શ્રીહેમચન્દ્રસૂરિજી** મહારાજે સાહિત્યમાં કોઈ ક્ષેત્ર અણખેડયું રાખ્યું નથી. તેમને સવા લાખ શ્લોક પ્રમાણ બૃહન્ન્યાસ સહિત સિદ્ધહેમ વ્યાકરણની રચના કરી, નવું છન્દઃ શાસ્ત્ર-છન્દોનુ-શાસન, કાવ્યાનુ શાસન, દ્વાશ્રય કાવ્ય, અભિધાત ચિંતામણી કોષ, યોગશાસ્ત્ર, ત્રિષષ્ઠિ શલાકા, પરિશિષ્ટ પર્વ, પ્રમાણમીમાંસા આમ અનેકવિધ ગ્રન્થોની રચના કરી. તેમના રચેલ ગ્રન્થો પરિચિત જીવન કાલમાં કેવી અનુપમદશામાં રચ્યા તે વિચારી ભલભલા વિદ્વાનો નત-મસ્તક બને છે.

શ્રીસિદ્ધહેમશબ્દાનુશાસનના આઠ અધ્યાયો છે. તેમાં સાત અધ્યાય સંસ્કૃત વ્યાકરણ સંબંધિ છે. આઠમો અધ્યાય પ્રાકૃતભાષા

સંબંધિ છે. સંસ્કૃત વ્યાકરણના કુલ ૩૫૬૬ સૂત્રો છે. અને પ્રાકૃત વ્યાકરણના ૧૧૧૬ સૂત્રો છે.

કોય પણ શાસ્ત્રનું જ્ઞાન મેળવવું હોય તો તે માટે વ્યાકરણનું જ્ઞાન મેળવવું આવશ્યક છે. લોકભાષા સમય જતાં શબ્દ પ્રયોગો બદલાય, નવા શબ્દ પ્રયોગો ઉમેરાય અને કેટલાક શબ્દ પ્રયોગો વિસરાય, પરંતુ સંસ્કૃતભાષા એવી સંકલના બદ્ધ છે કે ગમે તેટલા વર્ષો જાય તો પણ તે તેના નિયમોને આધીન જ રહે છે. જેને લઇ સેંકડો વર્ષ પહેલા તે ભાષામાં લખાયેલા કે લખેલા ગ્રન્થો અને આજના વિદ્વાનો તે ભાષામાં જે કંઈ લખે તે બધાને એક જ સરખા નિયમને અનુસરવું પડે છે.

કલિકાલસર્વજ્ઞ **શ્રીહેમચંદ્રસૂરિ** મહારાજે આ સિદ્ધહેમ વ્યાકરણના રચના અગાઉના તમામ વ્યાકરણ ગ્રન્થો જોઈ તેની ક્લિષ્ટતા દૂર કરી સાંગોપાંગ વ્યાકરણની રચના કરી છે. અને એના એક એક અંગની પૂર્તિ જેવા કે લિંગાનુશાસન, ધાતુપારાયણ વગેરે બધાનું સ્વયં તેમણે સર્જન કરેલ છે.

કલિકાલ સર્વજ્ઞ **શ્રીહેમચંદ્રસૂરિ** મહારાજે તેમણે તેમના જીવન કાલ દરમ્યાન વિવિધ વિષયો ઉપર સાડાત્રણ કરોડ શ્લોક પ્રમાણ સાહિત્યની રચના કરી છે. કોઈ પણ એવો વિષય નથી કે જેના ઉપર તેમણે સર્જન ન કર્યું હોય. એને લઈ તેઓ કલિકાલ સર્વજ્ઞની ઉપાધિથી ભારતભરમાં પ્રસિદ્ધ છે.

તેમનો જન્મ વિ.સં. ૧૧૪૫ ના કાર્તિક શુદ્ધ–૧૫ દિને ધંધૂકામાં થયો હતો. પિતા ચચ્ચ અને માતા ચાહિણી. તેમનું નામ ચંગદેવ. વિ.સં. ૧૧૫૩ મહાશુદ્ધ–૧૪ દિને દીક્ષા. દીક્ષા બાદ તે નામ **સોમચંદ્ર**.

વિ.સં. ૧૨૨૯ માં સ્વર્ગવાસ. કુલ આયુષ્ય ૮૪ વર્ષ. દીક્ષા પર્યાય ૭૬ વર્ષ.

આ ૭૬ વર્ષના દીક્ષા પર્યાયમાં તેમણે સાહિત્યની અપૂર્વ રચના સાથે જૈનશાસનની અજોડ પ્રભાવના કરી છે. જેને લઈને તેમના નિર્વાણ-સ્વર્ગવાસ બાદ ૧૫૦-૨૦૦ વર્ષનો કાલ હેમયુગ તરીકે પ્રસિદ્ધ થયો છે. કેમકે ત્યારબાદ થયેલા પૂ. વિદ્વાન્ આચાર્યોથી તેમના ગ્રન્થ અને સાહિત્યને વાગોળી અનેકવિધ રચના કરી છે.

આપણે ત્યાં જૈનસંઘમાં વિદ્યાનો વ્યાસંગ ગૃહસ્થોમાં તો નહિવત્ છે. જે કંઈ પઠન પાઠન છે તે સાધુવર્ગમાં છે. આ સાધુઓમાં કુશાગ્ર બુદ્ધિવાળા સાધુઓ વ્યાકરણમાં વૃત્તિસહિત સિદ્ધહેમ ભણે છે. તેથી અલ્પ શક્તિવાળા લઘુપ્રક્રિયા ભણે છે. અને તેથી પણ અલ્પ-શક્તિવાળા ભાંડારકરની બે બુકો દ્વારા અભ્યાસ કરી આગળ વાચનમાં પ્રવેશ કરે છે.

આ બાલાવબોધિનીની પ્રસ્તાવના લખતાં મને મારા સાડા વર્ષ ઉપરનો કાલ યાદ આવે છે. આજથી સાડા વર્ષ અગાઉ હું પાટણ વિદ્યાભુવનમાં અભ્યાસ કરતો હતો, તે દરમ્યાન હું લઘુવૃત્તિ સહિત સિદ્ધહેમના સૂત્રો ભણતો હતો. જ્યારે મારી સાથેના મારા મિત્ર મણીલાલ ગણપતલાલ માત્ર મૂળસૂત્ર અને બે સૂત્રના રહસ્યને સમજવવું એક ઉદાહરણ માત્ર યાદ કરી આ સિદ્ધહેમશબ્દાનુશાસન ભણતા હતા. શ્રી મણિલાલ જેવા વિદ્યાર્થી માટે આ પ્રકાશન ખુબ જ ઉપયોગી છે. કેમકે આ ગ્રન્થમાં મૂળસૂત્ર એનો અર્થ અને તેમાં આવતા ઉદાહરણોને બહુ જ સ્પષ્ટ રીતે પદચ્છેદ દ્વારા સમજવવામાં આવેલ છે.

આ રીતે અભ્યાસ કરનાર વિદ્યાર્થી આગળ ઉપર વધુ ઉંડાણમાં ન ઉતરે તોપણ તેણે કરેલ અભ્યાસ એના જીવનમાં ખુબ ઉપયોગી

થઈ પડે તેમ છે: નહિતર અલ્પશક્તિવાળા વૃત્તિસહિત વ્યાકરણનો પ્રારંભ કરે અને શક્તિ તેમજ સંયોગના અભાવે પૂર્ણ નહિ કરી શકવાથી તેને કોઈ આસ્વાદ મળે નહિ.

પૂજ્ય આચાર્ય **શ્રીવિજયમહિમાપ્રભસૂરીશ્વરજી** મહારાજે આ ગ્રન્થની રચના પોતાની દીક્ષા પછીના પ્રારંભકાલમાં અભ્યાસ વખતે કરી છે. તેઓશ્રીના વિદ્યાદાતા પરમોપકારી જૈનશાસનના નહિ પણ સમગ્ર વિદ્વાનોમાં વ્યાકરણ વિષયક જેમની પ્રતિષ્ઠા પ્રતિભા અને પરિશ્રમ અજોડ હતો. તે પૂ. આચાર્ય ભગવંત **શ્રીવિજયલાવણ્યસૂરીશ્વરજી** મહારાજની નિશ્રામા કરેલ છે. જેથી કરીને આજીવન તેઓશ્રીના ઉપકારનું ઋણ તેઓશ્રી–ગ્રન્થકર્તા ભૂલી શકે તેમ નથી.

પૂ. શાસનસમ્રાટ્ સૂરિચક્રવર્તી આબાલ બ્રહ્મચારી **શ્રીવિજય-નેમિસૂરીશ્વરજી** મહારાજ સાહેબે આ કાલમાં સેંકડો વર્ષ ચિરંજીવ રહે તેવા બે મહાન્ કાર્યો કરેલ છે. કેટલાક સમયથી યોગોદ્વહન પ્રક્રિયા વિસરાઈ ગઈ હતી. જેથી યોગોદ્વહન વિના આચાર્યપદ લેવાની શરૂઆત થઈ હતી, તેને વળાંક આપી તેને યોગોદ્વહન પૂર્વક પદ પ્રદાનનો પ્રારંભ કર્યો. અને લઈ જનારાના વડિલો યોગોદ્વહન વિના આચાર્ય પદ આદિ પદ સ્વીકાર્યા હતા તે બધા યોગોદ્વહન તરફ વર્યા.

બીજુ તેમને પદ્ધન પાઠનનો નાદ સાધુ સંસ્થાનાં જગતો કર્યો. જેને લઈને તેમના શિષ્યોમાં કોઈ ન્યાયના, કોઈ આગમન, તો કોઈ વ્યાકરણના મહાન્ અજોડ વિદ્વાન્ સાધુઓ આચાર્યો તૈયાર કર્યા જેનો પ્રભાવ સમગ્ર સાધુ સંસ્થામાં પડ્યો. જેને લઈને સમુદાયમાં વિદ્વાન્ સાધુઓ તૈયાર થયા.

તેમના જીવનકાલ દરમ્યાન નવે આચાર્યો કોઈને કોઈ વિષયમાં

પ્રકાંડ વિદ્વાન્ હતા પૂ. આચાર્ય **શ્રીવિજયલાવણ્યસૂરીશ્વરજી** મહારાજ સાહેબ વ્યાકરણના પ્રકાંડ વિદ્વાન્ હોવા ઉપરાંત ખુબ જ વ્યવહારૂ અને પ્રતિભા સંપન્ન હતાં. વિ. સં. ૧૯૯૦ નું સાધુ સંમેલન લગભગ તેત્રીસ દિવસ ચાલ્યું, આ સમયમા બપોરની બેઠકમાં કોઈ કોઈ વાર પૂ. શાસનસમ્રાટ્ આચાર્ય ભગવંત ન આવી શકે ત્યારે તેમનું પ્રતિનિધિત્વ પૂ. આચાર્ય દેવ **શ્રીવિજયલાવણ્યસૂરીશ્વરજી** મહારાજ સંભાળતા તે મેં નજરે નિહાળ્યું છે.

આવા પ્રતિભા સંપન્ન પૂ. આચાર્યદેવ **શ્રીવિજયલાવણ્ય સૂરીશ્વરજી** મહારાજની સાન્નિધ્યમાં આ બાલાવબોધિની ગ્રન્થ ગ્રન્થકર્તા પૂ. આચાર્ય **શ્રીવિજયમહિમાપ્રભસૂરીશ્વરજી** મહારાજે પોતાના અભ્યાસકાલ દરમ્યાન બનાવેલ અને પ્રકાશિત કરેલ, પરંતુ હાલમાં અપ્રાપ્ય બનતા નવેસરથી નિર્માણ કરેલ છે. આ ગ્રન્થ વૃત્તિસહિત સિદ્ધહેમ કરનારાઓ માટે જેટલો પ્રવેશ માટે ઉપયોગી છે, તેટલો જ કદાચ સંયોગવશાત્ આગળ અભ્યાસ ન કરી શકે તે પણ આના અભ્યાસ દ્વારા સારી રીતે સંસ્કૃત સાહિત્યમાં પ્રવેશ કરી શકશે.

વર્ષો પહેલા શેઠ અણુદ્દજી કલ્યાણજીની પેઢીદ્વારા પૂ. મુનિરાજશ્રી હિમાંશુ વિજયજીએ પરિશ્રમ પૂર્વક તૈયાર કરેલ શ્રીસિદ્ધહેમશબ્દાનુશાસન (લઘુવૃત્તિ) મારાદ્વારા મુદ્રિત કરવામાં આવેલ, ત્યારબાદ થોડાક સમય પછી પઠનનો વ્યાસંગ છૂટી ગયેલ અને અત્યારે તો સાવ વ્યાકરણ જ્ઞાનથી વિસ્મૃત થયેલ તેવા સમયે મને આ પ્રસ્તાવનનું કાર્ય સોંપી પૂર્વ વિદ્યા વ્યાસંગનું સ્મરણ કરાવવા દ્વારા પૂ. આચાર્યદેવ **શ્રીવિજયમહિમાપ્રભસૂરીશ્વરજી** મહારાજે મારા ઉપર ઉપકાર કરેલ છે. તે બદલ તેઓશ્રી નો આભાર માનું છું.

વૃત્તિ સહિત સિદ્ધહેમશબ્દાનુશાસન ભણનારા વિરલ બનતાં જાય

છે. તેમ જ તેને ભણાવનાર અધ્યાપકો પણ વિરલ થતાં જાય છે. એવા સમયે આ ગ્રન્થ અભ્યાસકોને ખુબ જ ઉપયોગી નિવડશે.

અન્તે ઇચ્છીએ કે આ ગ્રન્થનું પઠન પાઠન સવિશેષ થાય જેથી વિસરાઈ જતી વ્યાકરણ જ્ઞાનની પ્રાપ્તિની જીજ્ઞાસા જાગે, જેથી કરીને ગ્રન્થકર્તાનો કરેલો પ્રયાસ સફળ થાય. એજ અભ્યર્થના.

વિ. સં. ૨૦૪૩ અષાડ. શુદ–૨
રવિવાર તા. ૨૮–૬–૧૯૮૭.

પં. મફતલાલ ઝવેરચંદ ગાંધી
મ. સિદ્ધાર્થ સોસાયટી–પાલડી
અમદાવાદ. ૩૮૦૦૦૭

પ્રકાશકીય નિવેદન

પ્રસ્તુત ગ્રન્થના કર્તા પ. પૂ. શાસનસમ્રાટ્ પ્રૌઢપ્રતાપી આબાલ બ્રહ્મચારી આચાર્ય ભગવંત **શ્રીવિજયનેમિસૂરીશ્વરજી** મ. સા. ના પટ્ટધર પ. પૂ. શાસ્ત્રવિશારદ સુપ્રસિદ્ધ પ્રવચનકાર આચાર્ય ભગવંત **શ્રીવિજયમહિમાપ્રભસૂરીશ્વરજી** મ. સા. છે. જેઓશ્રી પ. પૂ. વ્યાકરણવાચસ્પતિ સાહિત્યસમ્રાટ્ શાસ્ત્રવિશારદ આચાર્ય ભગવંત **શ્રીવિજયલાવણ્યસૂરીશ્વરજી** મ. સા. ની પાવનનિશ્રામાં રહી વ્યાકરણ ન્યાય જ્યોતિષ્ પ્રકરણાદિનો સુંદર અભ્યાસ કરેલ છે.

શ્રીસિદ્ધહેમશબ્દાનુશાસન નામના મૂલ ગ્રન્થના કર્તા કલિકાલ-સર્વજ્ઞ કુમારપાલ પ્રતિબોધક આચાર્ય ભગવંત **શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી** ભગવંત છે. તેઓશ્રીએ સ્વયં આ ગ્રન્થ પર **"લઘુવૃત્તિ"** નામની વૃત્તિ રચી છે. આ ગ્રન્થને અનુલક્ષીને વ્યાકરણપિપાસુઓ સરલતાથી સમજી શકે, તદુપરાંત તેના વિષયને પણ સુંદર રીતે જાણી શકે, એવા આશયથી આ **"બાલાવબોધિની"** નામનો ગ્રન્થ રચવામાં આવેલ છે.

આ બાલાવબોધિની નામના ગૂર્જરભાષાનુવાદ રૂપ ગ્રન્થ રચીને વિદ્યાર્થીઓ ઉપર ભારે ઉપકાર કર્યો છે. તેથી આ ગ્રન્થ દ્વારા વ્યાકરણ પ્રવેશના દ્વાર સરસ્સ અને સુગમ બન્યા છે. સૂત્રોનો સરલ અર્થ, ઉદાહરણના વિગ્રહ, સાધનિકા, તથા ગૂર્જરભાષામાં અર્થ આપી સરલ અને સુબોધ બનાવી હૃદયંગમ બનાવવા પ્રયત્ન કરેલ છે.

"શ્રીસિદ્ધહેમ" વ્યાકરણના અભ્યાસીઓ માટે ઘણા વ્યાકરણો અને સાધનો બનેલ છે. પરંતુ પ્રાયઃ કોઈ વ્યાકરણની પ્રાથમિક

વિદ્યાર્થી માટે સરલ અને સુબોધ શૈલી જોવાતી નથી. આ ભાષાનુવાદ ગ્રન્થ આ ખોટને પૂરી પાડે છે. એકંદર આ ભાષાનુવાદ વિદ્યાર્થીને રુચિકર બનશે એમા સંદેહ નથી. વિદ્યાર્થીઓ ઘણા સમયથી આવા ભાષાનુવાદની રાહ જોઈ રહ્યા હતા. તે તેમને પ્રાપ્ત થવાથી અભ્યાસની દિશા સરલ બનશે એમ લાગે છે. ખરેખર આ પુસ્તક વ્યાકરણમાં પ્રવેશ કરનાર બાલજીવોને વ્યાકરણના અવબોધ બનવામાં સાર્થક બનશે એમાં કોઈ શંકા નથી.

આ ગ્રન્થની પ્રથમાવૃત્તિ પૂજ્યશ્રીએ પોતાના વિદ્યાર્થીકાલ દરમ્યાન પ્રકાશિત કરેલ, જે હાલમાં અપ્રાપ્ય બનતા ભણનારે વિદ્યાર્થીની માગણી થતાં આ સુધારા વધારા સાથેની આખ્યાત પ્રકરણ પર્યન્તનો પ્રથમભાગરૂપ દ્વિતીયાવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી છે. આ ગ્રન્થના રચયિતા પૂજ્યશ્રીએ વ્યાકરણ પિપાસુઓ માટે આવું અપૂર્વ સાધન સમર્પી જ્ઞાન ભક્તિ ને પ્રદર્શિત કરેલ છે. આશા રાખીયે કે આગળનો દ્વિતીયભાગ પણ જલ્દીથી આ રીતે પ્રકાશિત થાય અને વ્યાકરણપિપાસુઓ તેનો સુંદર લાભ લે એ જ શુભેચ્છા.

આ પ્રસ્તુત ગ્રન્થના મુદ્રણકાર્યના સહાયકોને સદુપદેશ આપનાર પ. પૂ. ભક્તિપરાયણ વિનયવંત મુનિરાજ **શ્રીવિવેકવિજયજી** મ. સા. પણ આ સ્થળે યાદ કરી અમારા આ કાર્યમાં સંપૂર્ણ પણે સહાયક બનેલ છે. એ માટે અમો તેઓશ્રીના આભારી છીયે.

અંતે આ ગ્રન્થના ગૂર્જરભાષાનુવાદ કર્તા પૂ. આચાર્યશ્રીને આંખની તકલીફના કારણે તથા પ્રેસ દોષથી કોઈ ભૂલ રહી જવા પામી હોય તો અભ્યાસી તેને ક્ષન્તવ્ય ગણી સુધારી લેવા વિનંતિ છે.

પ્રકાશક

अनुक्रमणिका

विषय	पत्राङ्क
१. संज्ञाप्रकरणम् ।	१ – १५
२. स्वरसन्धिप्रकरणम् ।	१६ – २३
३. असन्धिप्रकरणम् ।	२३ – २५
४. व्यञ्जनसन्धिप्रकरणम् ।	२६ – ४२
५. षड्लिङ्गप्रकरणम् ।	४३ – ९९
६. कारकप्रकरणम् ।	१००–१४५
७. षत्वविधानम् ।	१४६–१६१
८. णत्वविधानम् ।	१६१–१७१
९. स्त्रीप्रत्ययविधानम् ।	१७१–२०२
१०. गतिसंज्ञाविधानम् ।	२०३–२०७
११. समासप्रकरणम् ।	२०७–२४८
१२. समासविभक्तिलोपविधानम् ।	२४९–२५१
१३. अलोपसमासविधानम् ।	२५१–२५८
१४. समासाश्रयविधानम् ।	२५८–२८५
१५. वृद्धि–गुण–धातुसंज्ञाविधानम् ।	२८६
१६. आख्यातप्रकरणम् ।	२८७–२९७
१७. आत्मनेपद – परस्मैपदविधानम् ।	२९८–३२१
१८. स्वार्थिकाऽऽयादिप्रत्ययविधानम् ।	३२२–३२४
१९. यङ्प्रत्ययविधानम् ।	३२४–३२६
२०. णिच्–णिङ्–णिग्प्रत्ययविधानम् ।	३२६–३२७
२१. इच्छार्थे सन्प्रत्ययविधानम् ।	३२७


२२. नामधातुविधानम् ।	३२८–३३४
२३. आम्विधानम् ।	३३४-३३६
२४. अद्यतन्यां सिच्-सक्-ङ-अङ्-अिच्प्रत्ययविधानम् ।	३३६–३४१
२५. भाव-कर्मणोः अिच्प्रत्ययविधानम् ।	३४१–३४२
२६. भाव-कर्मणोः शिति क्यप्रत्ययविधानम् ।	३४३
२७ भ्वादिभ्यः शवादिरुप विकरणप्रत्ययविधानम् ।	३४३–३४६
२८. अि-क्यादिप्रत्ययविधानम् ।	३४७–३५२
२९. परोक्षादौ द्वित्वविधानम् ।	३५३–३५७
३०. परोक्षादौ एकत्वविधानम् ।	३५७–३६२
३१. परोक्षादौ धात्वादेशाः ।	३६३–३७६
३२. यजादेरृदादिविधानम् ।	३७६–३९०
३३. सन्ध्यक्षरादीनामाकारादिविधानम् ।	३९१–४०५
३४. नकारादिलुग्विधानम् ।	४०५–४११
३५. क्त्वादेस्तस्य नत्वविधानम् ।	४११–४१५
३६. क्तस्य नत्वनिषेधः ।	४१५
३७. हेर्लुगादिविधिः ।	४१५–४२८
३८. गुणविधि निषेधः ।	४२९–४४२
३९. *वृद्धिविधिनिषेधः ।*	४४२–४४९
४०. सिचो लुब्विधानम् ।	४४९–४५२
४१. सकादेर्लुगादिविधानम् ।	४५२–४५८
४२. आदन्तादिकस्य एत्वादिविधानम् ।	४५८–४६२
४३. च्वौ ईविधानम् ।	४६२
४४. क्यनि ईत्वादिविधानम् ।	४६२–४६४

४५. धातूनां नानादेशादयः । ४६१-४७३
४६. धातोरादिरिड्विधि-निषेधौ । ४७३-४९१
४७. स्सड्विधानम् । ४९१-४९३
४८. नान्तादिविधानम् । ४९३-५००
४९. प्रथमं परिशिष्टम् । ५०१-५१०
[सेट्-अनिट् कारिकाः सार्थः]
५०. द्वितीयं परिशिष्टम् । ५११-५१२
[धात्वर्थविशेषनिरूपणं सार्थम्]
५१. तृतीयं परिशिष्टम् । ५१३-५२३
[धातु-प्रत्ययानुबन्धफलप्रतिपादिकाः कारिकाः सार्थः]
५२. चतुर्थं परिशिष्टम् । ५२४-५३०
[धातुगणज्ञापकानुबन्धकारिकाः सार्थः]
५३. पञ्चमं परिशिष्टम् । ५३१-६१४
[हैमधातु पाठः सार्थः]



શાસન પ્રભાવક – શાસ્ત્રવિશારદ – સુપ્રસિદ્ધ પ્રવચનકાર

પરમપૂજ્ય આચાર્ય ભગવંત



પૂ. શ્રી. વિજય મહિમાપ્રભસૂરીશ્વરજી મ. સા.

ભક્તિપરાયણ – વાત્સલ્યમૂર્તિ – વિનયવંત



પૂ. મુનિરાજ શ્રી. વિવેકવિજયજી મ. સા.

સપ્રેમ સમર્પણ

જે મહાપુરૂષે મારા જેવા પામર પ્રાણીની
સંયમનૌકાનું-
સુકાનીપણું સ્વીકારીને અસીમ ઉપકાર કરેલ છે
એવા જ્ઞાનાદિ સંપદ્દાના દાતા-
પરમ કૃપાલુ-

પરમપૂજ્ય-વ્યાકરણવાચસ્પતિ-
કવિરત્ન શાસ્ત્રવિશારદ-સાહિત્ય સમ્રાટ્
અનુપમવ્યાખ્યાનસુધાવર્ષિ
આચાર્યભગવંત.

શ્રીમદ્વિજયલાવણ્યસૂરીશ્વરજી મ. સા. ના

ક * ર * ક * મ * લ * માં

સમર્પણ

આપનો ભવોભવનો ઋણી સેવક

વિજયમહિમાપ્રભસૂરિ

—: વ્યાકરણ ભણવાનું ફળ :—

व्याकरणात् पदसिद्धिः, पदसिद्धेरर्थनिर्णयो भवति ।
अर्थात् तत्त्वज्ञानं, तत्त्वज्ञानात् परमश्रेयम् ॥ १ ॥

વ્યાકરણથી પદની સિદ્ધિ થાય છે,
પદની સિદ્ધિથી અર્થનો નિર્ણય થાય છે,
અર્થનો નિર્ણય થવાથી તત્ત્વનું જ્ઞાન
થાય છે અને તત્ત્વજ્ઞાન થવાથી
પરમશ્રેય–મુક્તિ થાય છે.



સ્વ. શા. શીવલાલ કાલીદાસ

રામપુરા (ધાંગધ્રા) વાળા

॥ ॐ अर्हं नमः ॥

कालिकालसर्वज्ञ-श्रीहेमचन्द्रसूरिभगवत्प्रणीतं

सिद्धहेमशब्दानुशासनम् ।

तदुपरि

विजयमहिमाप्रभसूरिकृत–बालावबोधिनी ॥

प्रणौमि श्रीमहावीरं, शक्रेज्यं चाप्तशेखरम् ।
देशनामृतवर्षिणं, सर्वज्ञं तीर्थनायकम् ॥ १ ॥
तपोगच्छाधिपं नौमि, नेमिसूरीश्वरं वरम् ।
गुणानामास्पदं भव्य, जन्तुजातोद्धृतौ धरम् ॥ २ ॥
लावण्यसूरिपं वन्दे, तं विद्यावारिधिं मुदा ।
यत्प्रसादेन प्राप्तोऽहं, चरणादिगुणगौरवम् ॥ ३ ॥
बालार्थं सिद्धहेमार्थं, वृत्तिं बालावबोधिनीं ।
तन्वे गूर्जरभाषया, सूरिमहिमाप्रभोऽहं ॥ ४ ॥

अर्हं ॥ १–१–१ ॥ प्रणिदध्महे ॥

'अर्हं' એ અવ્યય છે, જે પરમેશ્વર ३५ પરમેષ્ઠી–અરિહંતને જણાવે છે, તેનું શાસ્ત્રની શરૂઆતમાં મંગલને માટે ધ્યાન ધરીએ છીએ.

सिद्धिः स्याद्वादात् ॥ १–१–२ ॥

શબ્દોની સિદ્ધિ સ્યાદ્વાદથી થાય છે. " પરસ્પર વિરુદ્ધ એવા નિત્યત્વ અને અનિત્યત્વ વગેરે અનેક ધર્મોનો એક વસ્તુમાં સ્વિકાર કરવો તે ' **स्याद्वाद** ' કહેવાય છે. " જેનું બીજું નામ અનેકાન્તવાદ છે. તેનાથી શબ્દોની ઉત્પત્તિ ને શબ્દનું જ્ઞાન થાય છે.

બીજો અર્થ એ છે કે **-वादात्** = શુદ્ધ શબ્દના પ્રયોગથી **सिद्धः स्यात्** = તત્ત્વજ્ઞાન-સાચુ જ્ઞાન થવા દ્વારા આત્માની પરંપરાએ મુક્તિ થાય છે. આત્મા સિદ્ધિપદને પામે છે.

(આ વ્યાકરણ ભણવાનું ફળ જણાવનાર સૂત્ર છે.)

लोकात् ॥ १-१-३ ॥

આ વ્યાકરણ શાસ્ત્રમાં નહિ કહેલ સંજ્ઞા અને ન્યાય વગેરેની સિદ્ધિ – ઉત્પત્તિ ને જ્ઞાન વૈયાકરણી વગેરે વિદ્વાનોથી જાણવી આ સૂત્ર નહિ કહેલ ન્યાયો તથા સંજ્ઞાઓ આદિનું સંગ્રાહક છે.

[अथ संज्ञाप्रकरणम्]

औदन्ताः स्वराः ॥ १-१-४ ॥

ઔ સુધીના વર્ણો **'સ્વર'** સંજ્ઞક થાય છે.

સ્વયં શોભે તે સ્વર કહેવાય છે. અહીં બહુવચન વર્ણપાઠમાં નહિ કહેલ પ્લુતનું ગ્રહણ કરવા માટે છે. વળી આ સંજ્ઞાસૂત્ર છે. આ રીતે સંજ્ઞા કરનાર દરેક સૂત્રના અર્થમાં અમુક સંજ્ઞક થાય છે, ત્યાં અમુક કહેવાય છે, અને અમુક કહેવાય છે ત્યાં અમુક સંજ્ઞક થાય છે, એમ સમજવું.

एक-द्वि-त्रि-मात्रा ह्रस्व-दीर्घ-प्लुताः ॥ १-१-५ ॥

એક, બે અને ત્રણ માત્રા છે ઉચ્ચારણમાં જેઓને, એવા જે ઔ સુધીના વર્ણો, તે અનુક્રમે **'હ્રસ્વ, દીર્ઘ'** અને **'પ્લુત'** સંજ્ઞક થાય છે, અથવા કહેવાય છે.

અહીં પણ બહુવચન, વર્ણપાઠમાં નહિ કહેલ ત્રણ માત્રાવાળા પ્લુતના ગ્રહણ માટે છે. આંખ મીંચતા યા ઉઘાડવામાં જેટલો સમય

लागे, ते ' **मात्रा** ' कहेवाय छे.

१. ' **अ इ उ ऋ ने ऌ** ' ओ पांच स्वरो ह्रस्व छे.

२. '**आ ई ऊ ॠ ॡ ए ऐ ओ** अने **औ**, ओ नव स्वरो दीर्घ छे. पाणिनि व्याकरणवाळा दीर्घ **ॡ** मानता नथी.

३. **आ ३ ई ३ ऊ ३** वगेरेने, त्रण मात्रा जेटला लंबावीओ तो ते प्लुत थाय छे. एने जणावववा थाटे ज ते ते स्वरनी आगळ तगडो मुकाय छे.

अनवर्णा नामी ॥ १–१–६ ॥

नथी अवर्ण जेमां एवा, एटले **अ** ने **आ** सिवायना औ सुधीना वर्णो ' **नामी** ' कहेवाय छे. **इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ, ॡ, ए, ऐ, ओ, औ** सुधीना १२ स्वरोनी ' नामी ' संज्ञा छे.

अहीं पण बहुवचन, प्लुतना संग्रह माटे छे, अने वचन भेद नियम करे छे, के–

ज्यां कार्यिस्वरथी कार्यस्वर न्यून होय – अल्पमात्रावाळो होय, त्यां ज नामी संज्ञा प्रवर्ते छे जेमके—

ग्लै + अ + ति = ग्लायति । आ उदाहरणमां कार्यस्वर न्यून नथी माटे नामी संज्ञा थती नथी. तेथी गुण पण थतो नथी.

जे पाछळथी बोलाय ते (ं) अनुस्वार अने जेनाथी विसर्जन थाय छे विसर्ग (ः) कहेवाय.

ऌदन्ताः समानाः ॥ १–१–७ ॥

औ सुधीना वर्णोमां, **ऌ** सुधीना वर्णो ' **समान** ' कहेवाय छे.

अहीं पण बहुवचन प्लुतना संग्रह माटे छे **अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ, ॡ** सुधीना १० स्वरोनी ' समान ' संज्ञा थाय छे.

ए-ऐ-ओ-औ सन्ध्यक्षरम् ॥ १-१-८ ॥

એ, ઐ, ઓ. અને ઔ, એ ચાર '**સંધ્યક્ષર**' કહેવાય છે.

સંધ્યક્ષર એટલે? સંધિ થવાથી જે અક્ષર ઉત્પન્ન થાય તે. જેમકે– **અ, અ + इ, ई = ए, । अ, आ + ए = ऐ । अ, आ + उ, ऊ = ओ । अ, आ + ओ = औ ।**

अं-अः अनुस्वार-विसर्गौ ॥ १-१-९ ॥

વર્ણ અક્ષર ઉપર મુકાતું એક બિંદુ અને બાજુમાં મુકતાં બે બિંદુઓ અનુક્રમે '**અનુસ્વાર**' ને '**વિસર્ગ**' કહેવાય છે.

कादिर्व्यञ्जनम् ॥ १-१-१० ॥

क् છે [૧]આદિ અવયવ જેમાં, એવા જે **क्** થી **ह्** સુધીના વર્ણો તે '**વ્યંજન**' કહેવાય છે; અથવા **क्**ની [૧]આદિમાં રહેલ હોય તે **कादि** કહેવાય, એવો અર્થ કરીએ ત્યારે ં અનુસ્વાર અને ઃ વિસર્ગની પણ વ્યંજન સંજ્ઞા થાય છે.

क् ख् ग् घ् ङ्, च् छ् ज् झ् ञ्, ट् ठ् ड् ढ् ण्, त् थ् द् ध् न्, प् फ् ब् भ् म्, य् र् ल् व्, श् ष् स् ह् આ ૩૩ વ્યંજનો છે. જેનાથી અર્થ વ્યંજિત થાય – પ્રકટ કરાય તે વ્યંજન કહેવાય.

૧. આદિ શબ્દના સમીપ, પ્રકાર, અવયવ અને વ્યવસ્થા એવા ચાર અર્થ થાય છે. તે પૈકીના છેલ્લા બે અર્થો અહીં લેવાના છે, તેમાં પહેલો અવયવ અર્થ કરેલ છે અને બીજો વ્યવસ્થા અર્થ કરેલ છે. જેથી અનુસ્વાર ને વિસર્ગ પણ વ્યંજન છે એવી વ્યવસ્થા થાય છે.

अपञ्चमानन्तस्थो धुट् ॥ १-१-११ ॥

દરેક વર્ગનો પાંચમો અક્ષર અને અન્તસ્થા સિવાયના **कादि** **क्** થી **ह्** સુધીના વર્ણો '**धुट्**' કહેવાય છે.

(**ङ् ञ् ण् न् म्** એ પાંચ અને **य् र् ल् व्** એ ચાર અન્તસ્થા સિવાયના ૨૪ વ્યંજનો ધુટ્ છે.)

पञ्चको वर्गः ॥ १-१-१२ ॥

क् વગેરે વર્ણોમાં શરૂઆતનો પાંચ પાંચ વર્ણોનો જે સમુદાય તે '**વર્ગ**' કહેવાય છે.

૧. **क् ख् ग् घ् ङ्** – કવર્ગ.
૨. **च् छ् ज् झ् ञ्** – ચવર્ગ.
૩. **ट् ठ् ड् ढ् ण्** – ટવર્ગ.
૪. **त् थ् द् ध् न्** – તવર્ગ.
૫. **प् फ् ब् भ् म्** – પવર્ગ.

આ રીતે **क्** થી **म्** સુધીમાં પાંચ વર્ગ થાય છે. જેઓ '**સ્પર્શ વ્યંજન**' તરીકે પણ ઓળખાય છે.

आद्य-द्वितीय-श-ष-सा अघोषाः ॥ १-१-१३ ॥

દરેક વર્ગનો પહેલો ને બીજો અક્ષર તથા **श् ष्** ને **स्** '**અઘોષ**' કહેવાય છે.

(**क् ख्, च् छ्, ट् ठ्, त् थ्, प् फ्, श् ष् स्,** આ ૧૩ અઘોષ છે. જેમાં ઘોષ ઉચ્ચાર વિશેષ ન હોય તે અઘોષ કહેવાય.)

अन्यो घोषवान् ॥ १-१-१४ ॥

અઘોષથી અન્ય જે કાદિ (૨૦ વર્ણો) તે '**ઘોષવાન**' કહેવાય છે.

જેમાં ઘોષ-ઉચ્ચાર વિશેષ હોય તે ઘોષવાન્ કહેવાય. આને અન્ય વૈયાકરણો ઘોષવ્યંજન કહે છે.

य्-र्-ल्-वा अन्तस्थाः ॥ १-१-१५ ॥

य् र् ल् ને व् એ ચાર **'अन्तस्था'** કહેવાય છે. આ ચાર **'अर्धस्वर'** તરીકે પણ ઓળખાય છે, અન્તે રહે તે અન્તસ્થા કહેવાય. **य् ल् ब्** – એ ત્રણ સાનુનાસિક અને નિરનુનાસિક છે, તેના ગ્રહણ માટે બહુવચન છે.)

अं-अः ≍क-)(प-श-ष-साः शिट् ॥ १-१-१६ ॥

અનુસ્વાર, વિસર્ગ. ≍ **क,**)(**प, श् ष्** ને **स्** એ સાત **'शिट्'** કહેવાય છે.

વજ્રની આકૃતિ ≍ આવી હોય છે. આવી વજ્રાકૃતિ સહિત જે **'≍ क'** તે **वज्राकृति** અથવા **जिह्वामूलीय** વર્ણ કહેવાય છે,)(આ હાથીના ગંડસ્થળની આકૃતિ છે, જે **गजकुंभाकृति** કહેવાય છે. આવી આકૃતિ સહિત જે **')(प'** તે **गजकुंभाकृति** અથવા **उपध्मानीय** વર્ણ કહેવાય છે. આ સૂત્રમાં બહુવચન **≍ क** અને **)(प** ને વર્ણ જણાવવા માટે છે.)

तुल्यस्थानास्यप्रयत्नः स्वः ॥ १-१-१७ ॥

સરખા સ્થાન અને સરખા આસ્યપ્રયત્નવાળા વર્ણો પરસ્પર **'स्व'** કહેવાય છે.

જે ઠેકાણેથી વર્ણ ઉચ્ચારાય-બોલાય, તે **'स्थान'** કહેવાય છે. હોઠથી કંઠમણિ-કાકડા સુધીનો ભાગ **'आस्य'** કહેવાય, અને તેમાં થતો જે યત્ન-વિશેષ, તે **'आस्यप्रयत्न'** કહેવાય, જેના વિવૃતકરણ વગેરે અનેક ભેદો છે.

સ્થાન આઠ છે, તે જણાવનાર શ્લોક—

अष्टौ स्थानानि वर्णाना – मुरः कण्ठः शिरस्तथा ।
जिह्वामूलं च दन्ताश्च, नासिकौष्ठौ च तालु च ॥१॥

વ્‌નું ઉચ્ચારણ દાંત અને હોઠથી થાય છે, માટે તે 'दंत्योष्ठ्य' કહેવાય છે.]

સ્થાન	**તે તે સ્થાનના વર્ણો.**	**નામ**
૧ **કંઠ**–અવર્ણ, વિસર્ગ, ક્વર્ગ અને હ્		—**કંઠ્ય**
૨ **તાલુ**–ઇવર્ણ, ચવર્ગ, ય્ અને શ્		—**તાલવ્ય**
૩ **હોઠ**–ઉવર્ણ, પવર્ગ અને)(૫		—**ઓષ્ઠ્ય**
૪ **શિર**–ઋવર્ણ, ટવર્ગ, ર્ અને ષ્		—**મૂર્ધન્ય**
૫ **દાંત**–ઌવર્ણ, તવર્ગ, લ્ અને સ્		—**દન્ત્ય**
૬ **ઉરસ**–છાતી - વર્ગના પાંચમા અક્ષર સહિત અથવા અંતસ્થા સહિત હકાર		**ઉરસ્ય**
૭ **નાક** – અનુસ્વાર, ઞ્ ઝ્ ણ્ ન્ મ્		—**નાસિક્ય**
૮ **જીભનું મૂળ**– ક્	–	—**જીહ્વામૂલીય**

અવર્ણ, ઇવર્ણ, ઉવર્ણ, ઋવર્ણ અને ઌવર્ણ પૈકી દરેકના ૧૮ ભેદો થાય છે. જેમ કે-હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત એ ત્રણ ભેદ, તે દરેકના ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એ ત્રણ ભેદ; એટલે ૩ × ૩ = ૯ ભેદ થયા, તે નવે ભેદના સાનુનાસિક ને નિરનુનાસિક એવા બે ભેદ હોવાથી ૯ × ૨ = ૧૮ ભેદ થયા. જે નામ વાર નીચે પ્રમાણે છે.

૧.	સાનુનાસિક	હ્રસ્વોદાત્ત	૫	,,	દીર્ઘોનુદાત્ત
૨.	,,	હ્રસ્વાનુદાત્ત	૬	,,	દીર્ઘસ્વરિત
૩.	,,	હ્રસ્વસ્વરિત	૭	,,	પ્લુતોદાત્ત
૪.	,,	દીર્ઘોદાત્ત	૮	,,	પ્લુતાનુદાત્ત

૯.	,,	પ્લુતસ્વરિત	૧૪	,,	દીર્ઘાનુદાત્ત
૧૦.	નિરનુનાસિક	હ્રસ્વોદાત્ત	૧૫	,,	દીર્ઘસ્વરિત
૧૧.	,,	હ્રસ્વાનુદાત્ત	૧૬	,,	પ્લુતોદાત્ત
૧૨.	,,	હ્રસ્વસ્વરિત્ત	૧૭	,,	પ્લુતાનુદાત્ત
૧૩.	,,	દીર્ઘોદાત્ત	૧૮	,,	પ્લુતસ્વરિત

એ, ઐ, ઓ ને ઔ – આ ચારે બાર બાર ભેદવાળા છે, કારણ કે–તેઓને હ્રસ્વપણું નથી, હ્રસ્વના છ ભેદ ઓછા ગણાય છે. પાણિનીય વ્યાકરણવાળાઓને મતે, દીર્ઘલૃનો અભાવ હોવાથી, દીર્ઘ ના છ ભેદ ઓછા થતાં તેઓના મતમાં લૃના ૧૨ ભેદ મનાય છે.

પરસ્પર 'સ્વ' સંજ્ઞાવાળા વર્ણોની સમજ

૧. **અવર્ણ**ના ૧૮ ભેદો કંઠસ્થાની
ને વિવૃતકરણવાળા હોવાથી પરસ્પર 'સ્વ' છે.
૨. **ઇવર્ણ**ના ૧૮ ભેદો તાલુસ્થાની ,, ,,
૩. **ઉવર્ણ**ના ૧૮ ઓષ્ઠસ્થાની ,, ,,
૪. **ઋવર્ણ**ના ૧૮ શિરઃસ્થાની–મુર્ધન્ય ,, ,,
૫. **ઌવર્ણ**ના ૧૮ દન્તસ્થાની ,, ,,
૬. **એકાર**ના ૧૨ ભેદો તાલુસ્થાની ને વિવૃततर ,, ,,
૭. **ઐકાર**ના ૧૨ ભેદો તાલુસ્થાની ને અતિવિવૃततર ,,
૮. **ઓકાર**ના ૧૨ ભેદો ઓષ્ઠસ્થાની ને વિવૃततર ,, ,,
૯. **ઔકાર**ના ૧૨ ભેદો અતિવિવૃततર હોવાથી ,, ,,
૧૦. **ક્ ખ્ ગ્ ઘ્ ઙ્** – કંઠસ્થાની અને સ્પૃષ્ટકરણવાળા ,,
૧૧. **ચ્ છ્ જ્ ઝ્ ઞ્** – તાલુસ્થાની ,, ,, ,,

૧૨. ટ્ ઠ્ ડ્ ઢ્ ણ્ – શિરઃસ્થાની ,, ,, ,,
૧૩. ત્ થ્ દ્ ધ્ ન્ – દંતસ્થાની ,, ,, ,,
૧૪. પ્ ફ્ બ્ ભ્ મ્ – ઓષ્ઠસ્થાની ,, ,, ,,
૧૫. ય્ લ્ વ્ ના સાનુનાસિક અને નિરનુનાસિક એવા બે ભેદો સ્થાનની અપેક્ષાએ છે અને આસ્યપ્રયત્ન ઈષત્સ્પૃષ્ટ છે, માટે તે બન્ને ભેદો પરસ્પર 'સ્વ' સંજ્ઞક થાય છે. જેમકે **ય્ યઁ્**- ઇત્યાદિ.

स्यमौजस्-अमौशस्-टाभ्याम्भिस्-ङसिभ्याभ्भ्यस्-ङसोसाम्-ङ्योस्सुपां त्रयी त्रयी प्रथमादिः ॥ १-१-१८ ॥

સિ વગેરે પ્રત્યયોમાંથી ત્રણનો સમુદાય '**પ્રથમા**' વગેરે કહેવાય છે.

વિભક્તિ	એકવચન	દ્વિવચન	બહુવચન
૧ **પ્રથમા** —	સિ (સ્)	ઔ	જસ્ (અસ્)
૨ **દ્વિતીયા** —	અમ્	ઔ	શસ્ ,,
૩ **તૃતીયા** —	ટા (આ)	ભ્યામ્	ભિસ્
૪ **ચતુર્થી** —	ઙે (એ)	ભ્યામ્	ભ્યસ્
૫ **પંચમી** —	ઙસિ (અસ્)	ભ્યામ્	,,
૬ **ષષ્ઠી** —	ઙસ્ ,,	ઓસ્	આમ્
૭ **સપ્તમી** —	ઙિ (ઇ)	,,	સુપ્ (સુ)
[1] સંબોધન	સિ (સ્)	ઔ	જસ્ (અસ્)

[1] આ પ્રથમાસ્વરૂપ હોવાથી વિભક્તિ ૭ ગણાય છે.

स्त्यादिर्विभक्तिः ॥ १-१-१९ ॥

'सि थी सुप्' सुधीना **स्यादि** प्रत्ययो अने 'ति' थी 'स्याम्हि' सुधीना **त्यादि** प्रत्ययो '**विभक्ति**' संज्ञक थाय छे. कर्ता, वगेरे अर्थने विभक्त करे-जुदा करे, ते 'विभक्ति' कहेवाय

तदन्तं पदम् ॥ १-१-२० ॥

स्यादि अने त्यादि जेने अंते होय, ते '**पद**' कहेवाय छे.

नाम सिदयूव्यञ्जने ॥ १-१-२१ ॥

सित्- जेमा स् ईत्संज्ञक होय ते प्रत्यय अथवा यकार सिवायना व्यंजनादि प्रत्यय पर छतां, नाम छे ते '**पद**' कहेवाय छे,

भवतोऽयम् = [**भवत्** + **ईयस्** + **सि**] **भवदीयः** = तमारो आ. **पयस्+भ्याम्=पयोभ्याम्**=बे दुध वडे, बे दुध माटे, बे दुध थी

नं क्ये[1] ॥ १-१-२२ ॥

नकारान्त नाम, **क्य** प्रत्यय पर छतां '**पद**' संज्ञक थाय छे. **राजानमिच्छति**=[**राजन्+क्यन्+ति**]**राजीयति**=राजाने इच्छे छे.

१ अहिं अनुबंध रहित 'क्य' होवाथी, क्यन्, क्यङ् अने क्यङ्ष् ए त्रणे लेवा. दाखला तरीके : **राजन्** + **क्यङ्** + **ते** = **राजायते** = राजा जेवो देखाव करे छे, **चर्मन्** + **क्यङ्ष्** + **ति** = **चर्मायति** = चामडुं बने छे.

न स्तं मत्वर्थे ॥ १-१-२३ ॥

सकारान्त अने तकारान्त नाम, मत्वर्थी – मतुना अर्थवाळा प्रत्यय पर छतां, '**पद संज्ञक**' थतुं नथी.

यशोऽस्यास्ति = [**यशस्** + **विन्** + **सि**] **यशस्वी** = યશવાળો, **तडिदस्यास्ति** = [**तडित्** + **मतु** (**वत्**) + **सि**] **तडित्वान्** = વિજળીવાળો.

मनुर्नभोऽङ्गिरो वति ॥ १–१–२४ ॥

' **मनुष्**, **नभस्** અને **अङ्गिरस्** ' આ ત્રણ નામો, વત્ પ્રત્યય પર છતાં, ' **पद संज्ञक** ' થતાં નથી.

मनुरिव = [**मनुष्** + **वत्** + **सि**] **मनुष्वत्** = મનુના જેવો.

वृत्त्यन्तोऽसषे ॥ १–१–२५ ॥

જો 'स्' નો 'ष्' કરવાનો ન હોય તો, વૃત્તિનો અન્તભાગ '**पद संज्ञक**' થતો નથી, અર્થાત્ 'स्' નો 'ष्' કરવાનો હોય ત્યારે પદસંજ્ઞક થાય છે. પર અર્થને કહેનાર સમાસવાળું, કૃદન્ત અને તદ્ધિતપ્રત્યયાન્ત વગેરે ' વૃત્તિ ' કહેવાય છે. **परमौ च दिवौ च इति**=**परमदिवौ**= ઉત્તમ બે સ્વર્ગો

सविशेषणमाख्यातं वाक्यम् ॥ १–१–२६ ॥

વિશેષણ સહિત જે આખ્યાત – ત્યાદ્યન્ત પદ યા ક્રિયાપદ તે ' **वाक्य** ' કહેવાય છે. **धर्मो वो रक्षतु** = ધર્મ તમારું રક્ષણ કરો.

अधातु–विभक्ति–वाक्यमर्थवन्नाम ॥ १–१–२७ ॥

ધાતુભિન્ન, વિભક્ત્યન્તભિન્ન અને વાક્યભિન્ન અર્થવાળું જે શબ્દ સ્વરૂપ, તે ' **नाम** ' કહેવાય છે. **वृक्षः स्वद्, च, जहान्**

शिर्घुट् ॥ १–१–२८ ॥

जस् અને **शस्**ના આદેશ રૂપ જે ' शि ' તે ' **घुट्** ' સંજ્ઞક થાય છે.

पद्म + [जस् वा शस् =] शि = पद्मानि = કમળો

पुं-स्त्रियोः स्यमौजस् ॥ १-१-२९ ॥

'**सि, औ, जस्, अम् ने औ**' આ પાંચ પ્રત્યયો પુલિંગ અને સ્ત્રીલિંગમાં વપરાય ત્યારે તેઓ '**ધુટ્**' કહેવાય છે.

स्वरादयोऽव्ययम् ॥ १-१-३० ॥

ફેરફારને નહિ પામનાર '**स्वर्**' વગેરે શબ્દો '**अव्यय**' કહેવાય છે.

અવ્યય = ફેરફાર ન પામે તે એટલે કે :- તમામ લિંગ, તમામ વચન અને તમામ વિભક્તિમાં જેના સ્વરૂપનો વ્યય = ફેરફાર ન થાય તે '**અવ્યય**' કહેવાય, જે '**निपात**' એવાં નામથી પણ ઓળખાય છે. અહીં બહુવચન આકૃતિ ગણને માટે છે. **स्वर्** = દેવ લોક, સ્વર્ગ

चादयोऽसत्त्वे ॥ १-१-३१ ॥

સત્ત્વભિન્ન અર્થમાં વર્તમાન જે ચાદિ, તે '**अव्यय**' કહેવાય છે.

લિંગ ને સંખ્યાવાળું હોય તે '**सत्त्व**' કહેવાય; અથવા **इदम्, तद्** (આ, તે) વગેરે સર્વનામથી વ્યવહાર કરવા લાયક જે વિશેષ્ય, તે '**सत्त्व**' કહેવાય અને તેથી ભિન્ન હોય તે '**असत्त्व**' કહેવાય, અહીં પણ બહુવચન આકૃતિગણને માટે છે.

अधणूतस्वाद्याशसः ॥ १-१-३२ ॥

घण् સિવાય તસુથી માંડીને શસ્ સુધીના જે પ્રત્યયો, તદન્ત જે નામ, તે '**अव्यय**' કહેવાય છે.

तस्मात् इति = [तद् + तस्] ततः = તેથી અહીં પણ બહુવચન આકૃતિગણને માટે છે.

"**व्याश्रये० [७-२-१५१]**" એ સૂત્રથી "**संख्यै० [७-२-८१]**"

સુધીના સુત્રમાં **તસુ** થી **શસ્** પ્રત્યયોનું વિધાન છે. તેમાં "**તદ્ધિતિ ધણ્** [૭-૨-૧૦૮]" એ **ધણ્** વર્જિત **તસુ** અને **શસ્** પ્રત્યયો લેવાના છે.

વિભક્તિ-થમન્ત-તસાદ્યાભાઃ ॥ ૧-૧-૩૩ ॥

વિભક્ત્યન્તના સરખું અને તસ્થી માંડીને થમ્ સુધીના પ્રત્યયો, તે પ્રત્યયાન્તના સરખું જે નામ, તે '**અવ્યય**' કહેવાય છે.

અહમસ્યાસ્તીતિ = **અહંયુઃ** = અભિમાની, **અસ્તિ** = છે, **કથમ્** = શા માટે, **તતઃ**=તેથી. આ બધા પ્રત્યયાંત શબ્દો છે.

વત્તસ્યામ્ ॥ ૧-૧-૩૪ ॥

વત્, તસિ અને આમ્ પ્રત્યયાન્ત જે નામ, તે '**અવ્યય**' કહેવાય છે. **મુનેરર્હમ્** = **મુનિવદ્** = મુનિને લાયક

વત્વાતુમમ્ । ૧-૧-૩૫ ॥

ક્ત્વા, તુમ્ અને અમ્ પ્રત્યયાન્ત જે નામ, તે '**અવ્યય**' કહેવાય છે. **પૂર્વં કરણમ્** = **કૃત્વા** = કરીને.

ગતિઃ ॥ ૧-૧-૩૬ ॥

ગતિ સંજ્ઞક જે નામ, તે '**અવ્યય**' સંજ્ઞક થાય છે. **અથઃકૃત્યેતિ** = **અદઃકૃત્ય** = આ કરીને.

અવ્યય સંજ્ઞા થવાથી "**અતઃ કૃ૦** [૨-૩-૫]" એ સૂત્રથી **ર્** નો **સ્** ન થયો પણ **ર્** નો વિસર્ગ થયો.

અપ્રયોગીત્ ॥ ૧-૧-૩૭ ॥

જે વર્ણ કે વર્ણ સમૂહ શાસ્ત્રમાં કહેલ હોય અને પ્રયોગમાં ન દેખાતો હોય, તે '**ઇત્ સંજ્ઞક**' કહેવાય છે.

જે આવીને ચાલ્યો જાય તે '**ઇત્**' કહેવાય, જેમકે—

एधते = વૃદ્ધિ પામે છે. અહીં ધાતુ પાઠમાં **एधि** એ પ્રમાણે **एध्** ધાતુમાં ઇકાર અનુબંધ આપેલ છે, છતાં પ્રયોગમાં દેખાતો નથી. માટે ઇકાર '**ईत् संज्ञक**' થાય છે, અને તેનુ ફળ આત્મનેપદી પ્રત્યયો લેવા તે છે.

अनन्तः पञ्चम्याः प्रत्ययः ॥ १-१-३८ ॥

પંચમીના અર્થથી વિધાન કરાયેલ અને અન્ત શબ્દના ઉચ્ચારણથી નહિ બતાવેલ જે શબ્દ, તે '**પ્રત્યય**' સંજ્ઞક થાય છે.

જ્યાં એવું વિધાન કરેલ હોય કે અમુક અક્ષર અમુક શબ્દની અંતમાં લાગે, ત્યાં પ્રત્યય સંજ્ઞા નહિ થતાં '**આગમ**' સંજ્ઞા થાય છે.

डत्यतु संख्यावत् ॥ १-१-३९ ॥

ડતિ અને અતુ પ્રત્યયાન્ત જે નામ તે '**સંખ્યાવાચક**' જેવું થાય છે. **कतिभिः क्रीतः = कतिकः** = કેટલા વડે ખરીદેલો

बहु-गणं भेदे ॥ १-१-४० ॥

ભેદ અર્થમાં વર્તમાન જે બહુ અને ગણ શબ્દો તે '**સંખ્યાવાચક જેવા**' થાય છે. **बहुभिः क्रीतः = बहुकः** = ઘણા વડે ખરીદેલો.

क-समासेऽध्यर्द्धः ॥ १-१-४१ ॥

ક પ્રત્યય અને સમાસ કરવાનો હોય ત્યારે અધ્યર્દ્ધ શબ્દ '**સંખ્યાવાચક જેવો**' થાય છે **अर्द्धेनाधिकमध्यर्द्धम्, तेन क्रीतमध्यर्द्धकम्** = દોઢ અથવા અઢી વગરે વડે ખરીદેલું.

अर्द्धपूर्वपदः पूरणः ॥ १-१-४२ ॥

અર્દ્ધ છે પૂર્વ પદ જેને એવું જે પૂરણ પ્રત્યયાન્ત-

પ્રથમ દ્વિતીય વગેરે શબ્દોને સંખ્યાની પૂર્તિના સૂચક પૂરણ પ્રત્યયો લાગ્યા છે. માટે આ બધા શબ્દો પૂરણ પ્રત્યયાન્ત – પૂરી સંખ્યાના સૂચક કહેવાય છે. જે શબ્દોને સંખ્યા પૂરક પૂરણ પ્રત્યયો લાગેલા હોય અને પૂર્વમાં અર્ધ શબ્દ હોય તો તે પૂરણ પ્રત્યયાન્ત શબ્દોને 'ક' પ્રત્યય કરવાનો હોય ત્યારે અને સમાસ કરવાનો હોય ત્યારે, **'સંખ્યાવાચક જેવું'** થાય છે. **अर्द्धं पञ्चमं येषु ते अर्द्ध-पञ्चमाः, तैः क्रीतम्=अर्द्धपञ्चमकम्** = સાડા ચાર વડે ખરીદેલું

[इति संज्ञाप्रकरणम्]

॥ इत्याचार्य श्रीहेमचन्द्रविरचते सिद्धहेमशब्दानुशासने श्री विजयमहिमाप्रभसूरिकृत-बालावबोधिनीवृत्तेः प्रथमाध्यायस्य प्रथमपादः ॥

हरिरिव बलिबन्धकरस्त्रिशक्तियुक्तः पिनाकपाणिरिव ।
कमलाश्रयश्च विधिरिव जयति श्री मूलराजनृपः ॥ १ ॥

બલિબંધકર – વિષ્ણુ જેમ બલિ રાજાને બંધનમાં મૂકનાર છે. તેમ બલિષ્ઠ શત્રુઓને બાંધનાર; પિનાકપાણિશંકર, શંકર જેમ ત્રિશક્તિ યુક્ત છે, તેમ 'મંત્ર, પ્રભુત્વ અને ઉત્સાહ' રૂપ ત્રણ રાજ શક્તિઓથી યુક્ત; તથા બ્રહ્મા જેમ કમલાશ્રય – કમળ જેનો આશ્રય છે એવા, એટલે કે કમળથી જન્મ પામેલી છે, તેમ કમળ કહેતા લક્ષ્મીના આશ્રય–નિવાસના સ્થાનરૂપ શ્રી **'મૂલરાજ'** નામના રાજા જયવંતા વર્તે છે.

[अथ द्वितीय पादः]

[अर्थ स्वरसन्धिः]

समानानां तेन दीर्घः ॥ १-२-१ ॥

સમાન સંજ્ઞક વર્ણનો, પર રહેલ તેજ સમાન વર્ણની સાથે '**દીર્ઘ**' આદેશ થાય છે. અહીં બહુવચન વ્યાપ્તિ = અધિક વિષયની પ્રાપ્તિને માટે છે; તેનું ફળ ઉત્તર સૂત્રમાં છે. તેથી **प्रकृर्णम्** એમ પણ થાય છે **दण्डस्याग्रम्**=[**दण्ड+अग्रम्**] **दण्डाग्रम्**=દંડનો અગ્ર ભાગ

ऋ ऌति ह्रस्वो वा ॥ १-२-२ ॥

સમાન સંજ્ઞક વર્ણનો ऋ અને ऌ પર છતાં વિકલ્પે '**હ્રસ્વ**' આદેશ થાય છે. **बालाश्वासौ ऋश्यश्च** = [**बाल** + **ऋश्यः**] **बालऋश्यः**, પક્ષે **बालर्श्यः** = બાનું મૃગ

ऌत ॠ-ॡ ऋ-ऌभ्याम् वा ॥ १-२-३ ॥

ऌનો, પર રહેલ ऋ અને ऌની સાથે અનુક્રમે વિજાતીય '**ॠ અને ॡ**' આદેશ વિકલ્પે થાય છે.

ऌ + **ऋकारः** = **ॡकारः** = ऌ સહિત ऋકાર, આ સુત્ર, વિકલ્પ સૂત્ર હોવાથી એકવાર પૂર્વ સૂત્રથી '**હ્રસ્વ**' થાય છે. અને તેથી સંધિ ન થાય ત્યારે '**ऌऋकार**' થાય છે; તે પણ વિકલ્પે સૂત્ર હોવાથી નીચેનું "**ऋस्तयो॰ [१-२-५]**" એ સૂત્ર લાગવાથી '**ऋकारः**' એ પ્રમાણે પણ થાય છે.

ऋतो वा तौ च ॥ १-२-४ ॥

ऋનો, પર રહેલ ऋ અને ऌની સાથે અનુક્રમે વિજાતીય '**ॠ અને ॡ** તથા પ્રસિદ્ધ '**ऋ અને ऌ**' આદેશ વિકલ્પે થાય છે.

पितुःऋषभः = [**पितृ** + **ऋषभः**] **पितृषभः** (વિભક્તીય), **पितृषभः** (પ્રસિદ્ધ), **पितृऋषभ** (હ્રસ્વ) **पितृषभः** (દીર્ઘ) = પિતાનો બળદ).

ऋस्तयोः ॥ १–२–५ ॥

લૃ અને ઋનો, **અનુક્રમે** પર રહેલ **ઋ** અને લૃની સાથે દીર્ઘ ' ૠ ' આદેશ થાય છે.

लृ + ऋकारः = ऋकारः = ઋ સહિત ઋકાર

लृकारः + ऋकारः = ऋकार = લૃ સહિત ઋકાર).

अवर्णस्येवर्णादिर्नैदोदरल् ॥ १–२–६ ॥

અવર્ણનો, પર રહેલા ઇવર્ણ, ઉવર્ણ, ઋવર્ણ અને લૃ વર્ણની સાથે અનુક્રમે ' **એ** ' **ઓ**, **અર્** અને **અલ્** ' આદેશ થાય છે. (**देवेषु इन्द्रः** = [**देव** + **इन्द्रः**] **देवेन्द्रः** = દેવોમાં ઇન્દ્ર સમાન

ऋणे प्र–दशार्ण–वसन–कम्बल–वत्सर–वत्सतरस्यार ऽऽर् ॥ १–२–७ ॥

પ્ર, દશ, ઋણ, વસન, કંબલ, વત્સર અને વત્સતર શબ્દના અવર્ણનો, ઋણ, શબ્દ પર છતાં, પર રહેલ ઋની સાથે ' **આર્** ' આદેશ થાય છે (**प्रमतम्** . **प्रकृष्टम् ऋणम्** = [**प्र** + **ऋणम्**] **प्रार्णम्** = ગયેલું દેણું. બધારે દેણું) આ નિયમ સૂત્ર છે. કારણ કે જો આ સૂત્ર ન કર્યું હોત તો ઉપરનાં સૂત્રથી ' **અર્** ' આદેશ થઈ જાત.

ऋते तृतीया–समासे ॥ १–२–८ ॥

અવર્ણનો, ઋત શબ્દ પર છતાં, પર રહેલ ઋની સાથે **આર્** '

આદેશ થાય છે; જો નિમિત્ત અને નિમિત્તિ એક જ તૃતીયા સમાસમાં હોય તો. (આ પણ નિયમ સૂત્ર છે. **शीतेन ऋतः** = [**शीत+ऋतः**] **शीतार्तः** = ઠંડી થી પીડાયેલ...)

ऋत्याऋपसर्गस्य ॥ १–२–९ ॥

ઉપસર્ગના અવર્ણનો, ઋકારાદિ ધાતુ પર છતાં, પર રહેલ ઋની સાથે, '**आर्**' આદેશ થાય છે. (ઉપરનાં સૂત્રથી ' આર્ ' લીધો છે, તે જણાવે છે કે; ' આર્ ' જ થાય, અર્થાત્ " **ऋलति०** " [१–२–२] સૂત્રથી હ્રસ્વ ન થાય, તે જણાવવા માટે ' આર્ ' ગ્રહણ કર્યો છે. (**प्रकर्षेण ऋच्छतीति** = [**प्र+ऋच्छति**] **प्रार्च्छति** = પ્રકૃષ્ટ ગમન કરે છે, આગળ જાય છે.)

नाम्नि वा ॥ १–२–१० ॥

ઉપસર્ગના અવર્ણનો, ઋકારાદિ નામ ધાતુ (નામથી બનેલ ધાતુ) પર છતાં, પર રહેલ ઋની સાથે ' **आर्** ' આદેશ વિકલ્પે થાય છે (**प्रकर्षेण ऋषभमिच्छतीति**=[**प्र+कयन्+श+व्+तिव्**] **प्रार्षभीयति, प्रर्षभीयति** = પ્રકૃષ્ટ એવા – વિશેષ પ્રકારે બળદને ઇચ્છે છે.)

लृत्याल्वा ॥ १–२–११ ॥

ઉપસર્ગના અવર્ણનો લૃકારાદિ નામ ધાતુ (નામથી બનેલ ધાતુ) પર છતાં, પર રહેલ લૃની સાથે ' **आल्** ' આદેશ વિકલ્પે થાય છે, (**उप-समीपे लृकारमिच्छतीति** = [**उप+लृकार+कयन्+तिव्**] **उपाल्कारीयति** । **उपलृकारीयति** = સમીપમાં લૃકારને ઇચ્છે છે.)

ऐदौत्संध्यक्षरैः ॥ १–२–१२ ॥

અવર્ણનો, સંધ્યક્ષરની સાથે (એ, ઐ, ઓ, ઔ) મળતાં **'ઐ અને ઔ'** આદેશ થાય છે. (**तव + एषा = तवैषा** = આ તારી.) **सन्धि + अक्षरैः = सन्ध्यक्षरैः** એવું સૂત્ર કરવાથી કેવલ ઉપસર્ગનો અવર્ણ ન લેતા ગમે તે શબ્દનો અવર્ણ લેવાનો છે.

ऊटा ॥ १–२–१३ ॥

અવર્ણનો, પર રહેલ ઊટ્‌ના ઊની સાથે **'ઔ'** આદેશ થાય છે. (**धौतः [धाव् + (धा + ऊट्) क्त + सि]** = ધોયેલ.) **" अनुनासिके० [४–१–१०८] "** એ સૂત્રથી વ્ નો (ઊટ્) ઊ થયો છે.

प्रस्यैषेष्योढोढ्यूहे स्वरेण ॥ १–२–१४ ॥

પ્રના અવર્ણનો, એષ, એષ્ય, ઊઢ, ઊઢિ અને ઊહ શબ્દ પર છતાં, પર રહેલ સ્વરની સાથે (મળતાં) **'ઐ અને ઔ'** આદેશ થાય છે. (**प्र + एष = प्रैषः** = કોઈ પણ કામ, **प्र + एष्य** = કામ કરવા મોકલાતો નોકર).

स्वैर-स्वैर्यक्षौहिण्याम् ॥ १–२–१५ ॥

સ્વૈર, સ્વૈરિન્ અને અક્ષૌહિણી શબ્દના અવર્ણનો, પર રહેલ સ્વરની સાથે (મળતાં) **'ઐ અને ઔ'** આદેશ થાય છે. (**स्वस्य ईरः = [स्व + ईरः] स्वैरः** = પોતાનું ગમન **स्वयं ईरितुं शीलमस्येति = [स्वर+ईर्+इन्+सि] स्वैरी** = સ્વયં ગમનશીલ, – સ્વચ્છંદી, **अक्षाणामहो यस्यां सा + (अक्ष + ऊह + इन् + ङी + सि) अक्षौहिणी** = એક જાતની સેના)

अनियोगे लुगेवे ॥ १-२-१६ ॥

અનિશ્ચિત અર્થનાં વિષયમાં એવ શબ્દ પર છતાં, અવર્ણનો '**લુક્**' થાય છે. (**इह+एव = इहैव तिष्ठ** = ઇચ્છા હોય તો અહીં બેસ.)

वौष्ठौतौ समासे ॥ १-२-१७ ॥

સમાસમા ઓષ્ઠ અને ઔતુ શબ્દ પર છતાં, અવર્ણનો વિકલ્પે '**લુક્**' થાય છે. **बिम्बवत ओष्ठौ यस्याः सा = [बिम्ब+ ओष्ठी] बिम्बोष्ठी बिम्बौष्ठी** = બિંબના ફૂલ જેવા લાલ હોઠ વાળી.

ओमाङि ॥ १-२-१८ ॥

અવર્ણનો ઓમ્ અને આઙ્ આદેશ પર છતાં '**લુક્**' થાય છે. (**अद्य+ओम् = अद्योम्** = આજે ઓમ્ ..., **अद्य+आ+ ऊढा = अद्यौढा** = આજે પરણેલી)

उपसर्गस्यानिणेधेधोति ॥ १-२-१९ ॥

ઉપસર્ગના અવર્ણનો, ઇણ્ અને એધ્ વર્જિત એકારાદિ અને ઓકારાદિ ધાતુ પર છતાં '**લુક્**' થાય છે. (**प्रकर्षेण एलयतीति = [प्र+इल् (एल्) + णि+शव्+तिव्] प्रेलयति** = અધિક મોકલે છે, પ્રેરણા કરે છે.)

बा नाम्नि ॥ १-२-२० ॥

ઉપસર્ગના અવર્ણનો, એકારાદિ અને ઓકારાદિ નામ ધાતુ (નામથી બનેલ ધાતુ) પર છતાં વિકલ્પે '**લુક્**' થાય છે. (**उप-समीपे एकमिच्छतीति = [उप + एक + क्यन् + शव् + तिव्]**

उपेकीयति, उपैकीयति = સમીપમાં એકને ઇચ્છે છે.)

इवर्णादेरस्वे स्वरे य-व-र-लम् ॥ १-२-२१ ॥

ઇવર્ણ, ઉવર્ણ, ઋવર્ણ અને ઌવર્ણનો, સ્વ સંજ્ઞક ભિન્ન= વિજાતીય સ્વર પર છતાં, અનુક્રમે ' **य्, व्, र्** અને **ल्** ' આદેશ થાય છે. (**दधि+अत्र** = **दध्यत्र** = અહીં દહીં)

ह्रस्वोऽपदे वा ॥ १-२-२२ ॥

ઇવર્ણ, ઉવર્ણ, ઋવર્ણ અને ઌવર્ણનો, સ્વ સંજ્ઞક ભિન્ન = વિજાતીય સ્વર પર છતાં વિકલ્પે ' **હ્રસ્વ** ' થાય છે. (**नदी+एषा**) **नदि एषा, नद्येषा** = આ નદી...)

एदैतोऽयाय् ॥ १-२-२३ ॥

એ અને ઐનો, સ્વર પર છતાં અનુક્રમે ' **अय्** અને **आय्** ' આદેશ થાય છે. (**नीयते येन तद्** = [**नी** (**ने**)+**अनट्** + **सि** (**अम्**)] **नयनम्** = નયન, આંખ, જેના વડે લઈ જવાય તે, **नयतीति** = [**नी** (**नै**) + **णकच्** +**सि**] **नायकः**=દોરનાર.)

ओदौतोऽवाव् ॥ १-२-२४ ॥

ઓ અને ઔ નો, સ્વર પર છતાં અનુક્રમે ' **अव्** અને **आव्** ' આદેશ થાય છે. **लूयते येन तद्** = [**लू** (**लो**)+**अनट्** +**सि** (**अम्**)] **लवनम्** = જેના વડે છેડાય તે, કાપવું **लुनातीति** =[**लू**(**लौ** + **णकच्** +**सि**] **लावकः**=છેદનાર, લણનાર.)

स्यक्ये ॥ १-२-२५ ॥

ઓ અને ઔ નો, ક્ય ભિન્ન યકારાદિ પ્રત્યય પર છતાં અનુક્રમે ' **अव्** અને **आव्** ' આદેશ થાય છે. (**गामिच्छतीति** =

[गो + क्यन् + शव् + तिव्] गव्यति = ગાયને ઇચ્છે છે, नावमिच्छतीति = [नौ+क्यन्+शव्+तिव्] नाव्यति=નાવને ઇચ્છે છે.)

ऋतो रस्तद्धिते ॥ १–२–२६ ॥

ऋનો, યકારાદિ તદ્ધિત પ્રત્યય પર છતાં 'र्' આદેશ થાય છે. (पित्रे हितं = [पितृ+य+ङि (अम्)] = पित्र्यम्=પિતાને માટે સારું.)

एदोतः पदान्तेऽस्य लुक् ॥ १–२–२७ ॥

પદાન્તમાં વર્તમાન એ અને ઓથી પર રહેલ જે અ, તેનો 'लुक्' થાય છે. (ते + अत्र = तेऽत्र = તેઓ અહિં.)

गोर्नाम्न्यवोऽक्षे ॥ १–२–२८ ॥

પદાન્તમાં રહેલા ગો શબ્દના ઓનો, અક્ષ શબ્દ પર છતાં 'अव्' આદેશ થાય છે, જો સંજ્ઞાનો વિષય હોય તો. गोरक्षीव = [गो+अक्षि+वत् = (अ) गवाक्षः=ગાયની આંખ જેવો-ઝરુખો)

स्वरे वाऽनक्षे ॥ १–२–२९ ॥

પદાન્તમાં રહેલા ગો શબ્દના ઓનો, સ્વર પર છતાં 'अव्' આદેશ વિકલ્પે થાય છે. જો તે સ્વર અક્ષ શબ્દમાં રહેલ ન હોય તો. (गोरग्रम् = [गो+अग्रम्] गवाग्रम् = ગાયનો આગલો ભાગ.)

इन्द्रे ॥ १–२–३० ॥

પદાન્તમાં રહેલા ગો શબ્દના ઓનો, ઇન્દ્ર શબ્દમાં રહેલ સ્વર

પર છતાં ' **અવ** ' આદેશ થાય છે. (**गवामिन्द्रः** = [**गो + इन्द्रः**] **गवेन्द्रः** = ગાયનો ઇન્દ્ર-સ્વામી, સાંઢ.)

वाऽऽत्यसंधिः ॥ १–२–३१ ॥

પદાન્તમાં રહેલા ગો શબ્દના ઓનો, અકાર પર છતાં ' **સંધિનો અભાવ** ' વિકલ્પે થાય છે. (**गोऽग्रम्** = [**गो + अग्रम्**] **गोअग्रम्** = ઉપરની જેમ.)

આ વિકલ્પ સૂત્ર હોવાથી એકવાર "**स्वरे वा०** [१–२–२९]" એ સૂત્રથી ' **अव** ' આદેશ થાય ત્યારે ' **गवाग्रम्** ' થાય છે, તે પણ વિકલ્પ સૂત્ર હોવાથી, " **पदोतः** [१–२–२७] એ સૂત્રથી અનો ' **लुक्** ' થાયત્યારે ' **गोऽग्रम्** ' એ પ્રમાણે પણ થાય છે.)

प्लुतोऽनितौ ॥ १–२–३२ ॥

ઈતિ શબ્દમાં નહિ રહેલ સ્વર પર છતાં; પ્લુત, ' સન્ધિ ' પામતો નથી. ' (**हे ! देवदत्त ३ अत्र स्थसि** = હે ! દેવદત્ત તું અંહિ છે ?)

इ ३ वा ॥ १–२–३३ ॥

પ્લુત ઈ ૩, નો, સ્વર પર છતાં વિકલ્પે ' સન્ધિ પામતો નથી. (**लुनीहि ३ इति, लुनीहीति** = અત્યન્ત છેદે છે.)

ईदूदेद्–द्विवचनम् ॥ १–२–३४ ॥

દીર્ઘ ઇ, ઊ અને એ; તદન્ત જે દ્વિવચનાન્ત નામ તે સ્વર પર છતાં ' સન્ધિ પામતું નથી. ' (**मुनी इह** = અહીં બે મુનિઓ)

अदो मु–मी ॥ १–२–३५ ॥

અદસ્ શબ્દના મુ અને મી; સ્વર પર છતાં ' સન્ધિ પામતાં

નથી.' (**अमी अश्वा** = આ ઘોડાઓ, **अमुमश्वन्तोति अमुमुयश्वः तान् अमुमुइचः** = આના પ્રત્યે ગમન કરનારાઓને.)

चादिः स्वरोऽनाङ् ॥ १-२-३६ ॥

આઙ્ વર્જિત ચાદિગણના અવયયના સ્વરની, સ્વર પર છતાં 'સન્ધિ થતી નથી.' (**अ अपेहि** = અરે ! ખસી જા !)

ओदन्तः ॥ १-२-३७ ॥

ચાદિગણના અવયયના ઓકારનો, સ્વર પર છતાં 'સન્ધિ થતી નથી.' **अहो अत्र** = અરે ! અહીં.)

सौ नवेतौ ॥ १-२-३८ ॥

સિ નિમિત્તક જે ઓકારાન્ત શબ્દો, તે સ્વર પર છતાં વિકલ્પે 'સન્ધિ પામતાં નથી' **पटो + सि = पटो इति, पटविति** = હે ડાહ્યા ! એ પ્રમાણે.)

ञुँ चोञ् ॥ १-२-३९ ॥

ચાદિ ગણનો જે ઉઞ્ (ઉ), તે સ્વર પર છતાં વિકલ્પે 'સન્ધિ પામતો નથી, અને અસન્ધિ પક્ષમાં તેનો ઉઞ્ ને બદલે 'ઉ' (અનુનાસિક) આદેશ વિકલ્પે થાય છે. (**उ+इति** = उ इति । ऊँ इति । **विति** = રોષ પૂર્વક એ પ્રમાણે.)

अञ्वर्गात स्वरे वोऽसन् ॥ १-२-४० ॥

ઞ્ વર્જિત વર્ગના અક્ષરથી પર રહેલ જે ઉઞ્ (ઉ) તેનો, સ્વર પર છતાં વિકલ્પે 'વ' આદેશ થાય છે અને તે વ અસત્ જેવો થાય છે. (**कुङ् + उञ् + आस्ते = कुङ्ङ्वास्ते । कुङ्ङु-आस्ते** = જનાર રોષ પૂર્વક બેસે છે. કૌંચ પક્ષી બેસે છે.)

अ-इ-उ वर्णस्यान्तेऽनुनासिकोऽनीदादेः ॥ १-२-४१ ॥

અવર્ણ, ઇવર્ણ અને ઉવર્ણનો વિરામમાં - અવસાનમાં '**અનુનાસિક**' આદેશ વિકલ્પે થાય છે. જો તે "**ईदूदेद०** [१-२-३४]" વિગેરે સૂત્ર સંબંધિ ન હોય તો. (**दधि, दधि** = દહીં).

(इति स्वर सन्धि)

॥ इत्यार्यश्री हेमचन्द्रविरचिते सिद्धहेमशब्दानुशासने श्रीविजयमहिमाप्रभसूरिकृत बालावबोधिनीवृत्तेः प्रथमाध्यायस्य द्वितीयपादः ॥

पूर्वभवदारगोपी,-हरणस्मरणादिव ज्वलितमन्युः ।
श्रीमूलराजपुरुषो,-त्तमोऽवधिद् दुर्मदाऽऽभीरान् ॥२॥

પૂર્વભવની સ્ત્રી જે ગોવાલણીઓ, તેનું આભીરોએ = રબારીઓએ કરેલું જે હરણ તેનાં સ્મરણથી જાણે જ્વલિત ક્રોધ-વાળા **મૂલરાજ૧૨૫** પુરુષોત્તમે (કૃષ્ણને-પક્ષે ઉત્તમપુરુષે) દુર્મદ એવા આભીરોને (સ્ત્રીહરણ કરનારા રબારીઓને પક્ષે આભીર દેશના વીરોને) હણ્યા.

[अथ तृतीयपादः]

(अथ व्यञ्जन सन्धि)

तृतीयस्य पञ्चमे ॥ १-३-१ ॥

પદાન્તમાં રહેલા વર્ગના ત્રીજા અક્ષરનો, વર્ગનો પાંચમો અક્ષર પર છતાં વિકલ્પે ' **અનુનાસિક** ' આદેશ થાય છે. (**ककुभां मण्डलम्** = [**ककुभ्** (ब्) + **मण्डलम्** ,] **ककुम्मण्डलम्** **ककुब्मण्डलम्** = દિશાઓનું મંડલ) અગાઉના **१-२-३८** માંના સૂત્રમાં **नवा** પદ મૂકયું છે, તેનો સંબંધ આ સૂત્રમાં લેવાનો છે. સૂત્રમાં **वा** પદ મૂકયું હોય તો **वा** નો સંબંધ નીચેના બે સુત્ર સુધી જ હોય છે. જ્યારે સુત્રમાં **नवा** મૂકયું હોય તો જ્યાં સુધી જરૂર હોય ત્યાં સુધી **वा** નો સંબંધ સમજવો.

प्रत्यये च ॥ १-३-२ ॥

પદાન્તમાં રહેલા વર્ગના ત્રીજા અક્ષરનો, પંચમ અક્ષર છે આદિમાં જેને એવો પ્રત્યય પર છતાં, તેને મળતો એવો નિત્ય ' **અનુનાસિક** ' આદેશ થાય છે. (**वाचो विकारः** = [**वाच्** (ग्) + **मयट्** + **अम्**] **वाङ्मयम्** = શાસ્ત્ર. **षड्+नाम्** = **षण्णाम्** = છના)

(' **च** ' નીચેના સૂત્રોમાં વાની અનુવૃત્તિ લઈ જવા માટે છે.)

ततो हश्चतुर्थः ॥ १-३-३ ॥

પદાન્તમાં રહેલ વર્ગના ત્રીજા અક્ષરથી પર રહેલ જે હ, તેનો પૂર્વના વર્ગને મળતો ' **ચોથો અક્ષર** ' વિકલ્પે થાય છે.

(**वाचा हीनः** = [**वाच्** (**ग्**) + **हीनः**] **वाग्धीनः, वाग्हीनः**= વાણીથી હીન – નઠારો).

प्रथमादधुटि शश्छः ॥ १–३–४ ॥

પદાન્તમાં રહેલ વર્ગના પ્રથમ અક્ષરથી પર રહેલ જે શ; તેનો ધુટ ભિન્ન અક્ષર પર છતાં વિકલ્પે '**છ**' આદેશ થાય છે; (**वाचा शूरः** = [**द च्** (**क्**) + **शूरः**] **वाक्छूरः, वाक्शूरः** = વાણીથી શૂરો–વાણીયો)

रः कख–पफयोः ≍ क)(पौ ॥ १–३–५ ॥

પદાન્તમાં રહેલા ર્ નો ક, ખ અને પ, ફ પર છતાં, અનુક્રમે ≍ **ક અને**)(પ આદેશ વિકલ્પે થાય છે. **कः + करोति = कर् + करोति = क ≍ करोति, कःकरोति** = કોણ કરે છે ?)

श–ष–से श–ष–सं वा ॥ १–३–६ ॥

પદાન્તમાં રહેલા ર્ નો શ, ષ અને સ પર છતાં, અનુક્રમે '**શ્, ષ્, અને સ્**' આદેશ વિકલ્પે થાય છે; (**कर् + शेते = कश्शेते, कःशेते** = કોણ સૂવે છે ?)

च–ट–ते सद्वितीये ॥ १–३–७ ॥

પદાન્તમાં રહેલા ર્ નો, દ્વિતીય સહિત ચ, ટ અને ત(ચછ, ટઠ અને તથ) પર છતાં અનુક્રમે '**શ્, ષ્ અને સ્**' આદેશ થાય છે. (**कर् + चरः = कश्चरः** = કોણ ચર પુરૂષ ?)

नोऽप्रशानोऽनुस्वराऽनुसिकौ च पूर्वस्याऽधुटपरे ॥ १–३–८ ॥

પદાન્તમાં રહેલા પ્રશાન્ શબ્દ ભિન્ન નકારનો, ધુટ્ ભિન્ન

અક્ષર પર છે જેને એવા દ્વિતીય સહિત ચ, ટ અને ત (ચછ ટઠ અને તથ) પર છતાં, અનુક્રમે શ્, ષ્ અને સ્ આદેશ થાય છે; અને પૂર્વના અક્ષરને 'અનુસ્વાર' આગમ અને 'અનુનાસિક' આદેશ થાય છે. (**भवान् + चरः = भवांश्चरः । भवाँश्चरः** = આપ ચર પુરૂષ.)

(માથે મૂકાતું બિંદુ 'અનુસ્વર' કહેવાય છે.; જેને માથે અનુસ્વાર મૂકાય છે તેનાથી આ અલગ વર્ણ છે. નાકથી બોલાતો વર્ણ 'અનુનાસિક' કહેવાય છે; આ અનુનાસિક તરીકે બોલવાનો હોય ત્યાં ઁ આવી બિન્દુ સહિત અર્ધ ચન્દ્રની આકૃતિ મુકાય છે. જે વર્ણને માથે આ આકૃતિ મૂકાય છે તેનાથી આ અલગ વર્ણ નથી; પરંતુ આ અનુનાસિક છે અને નાકથી બોલવાનો છે, એમ સૂચવવા માટે છે.)

पुमोऽशि ह्यघोषे रुयोगि रः ॥ १–३–९ ॥

પુમ્ શબ્દના મકારનો, ધુટ્ ભિન્ન વર્ણ પર છે જેને એવો ય્યાગ્ વર્જિત શિટ્ ભિન્ન અઘોષ પર છતાં 'ર્' આદેશ થાય છે અને પૂર્વના અક્ષરને 'અનુસ્વાર' આગમ અને 'અનુનાસિક' આદેશ થાય છે **पुमांसं कामयते** =[**पुंस्=पुम्स् = पुम् + कामा**] = **पुंस्कामा । पुँस्कामा** = પુરુષને ઇચ્છનારી સ્ત્રી).

नॄनः पेषु वा ॥ १–३–१० ॥

નૃન શબ્દનાં નકારનો, પકાર પર છતાં વિકલ્પે 'ર્ અદેશ' થાય છે અને પૂર્વના અક્ષરને 'અનુસ્વાર' આગમ અને 'અનુનાસિક' આદેશ થાય છે. (**नॄन् = [नृ + शस्] +पाहि, = नॄं**) (**पाहि, नॄँ**) (**पाहि, नॄंः पाहि, नॄँः पाहि, नॄन्पाहि** =

માણસોનું રક્ષણ કર.) **नृ** શબ્દનું દ્વિતીયાનાં બહુવચનમાં જે **नॄन्** રૂપ બને છે, તેનું આ અનુકરણ છે.

द्विः कानः कानि सः ॥ १–३–११ ॥

બે વાર ઉચ્ચારેલા કાન્ શબ્દના અન્તનો, '**स्**' આદેશ થાય છે અને પૂર્વના અક્ષરને '**अनुस्वार**' આગમ અને '**अनुनासिक**' આદેશ થાય છે. (**कान्** + **कान्** = **कांस्कान्** **काँस्कान्** = કોણ કોણ) **किम्** શબ્દનું દ્વિતીયાના બહુવચનમાં જે **कान्** રૂપ બને છે, તેનું આ અનુકરણ છે.)

स्सटि समः ॥ १–३–१२ ॥

સમ્ના અન્તનો સ્સટ્ પર છતાં '**स्**' આદેશ થાય છે અને પૂર્વના અક્ષરને '**अनुस्वार**' આગમ અને '**अनुनासिक**' આદેશ થાય છે. (**सम्** + **स्सट्** + **कर्ता** = **संस्स्कर्ता**, **सँस्स्कर्ता**, **संस्कर्ता**, **सँस्कर्ता** = સંસ્કાર કરનાર મૂળવસ્તુમાં ફેરફાર કરનાર)

लुक् ॥ १–३–१३ ॥

સમ્ના અન્તનો, સ્સટ્ પર છતાં '**लुक्**' થાય છે (**सस्कर्ता** = સંસ્કાર કરનાર)

तौ मु-मो व्यञ्जने स्वौ ॥ १–३–१४ ॥

મુ આગમના મ્નો અને પદાન્તમાં રહેલા મ્નો, વ્યંજન પર છતાં નિમિત્તને મળતાં (તેજ વ્યંજનને મળતાં) '**अनुस्वार**' અને '**अनुनासिक**' આદેશ થાય છે. (**कुटिलं क्राम्यते इति**= [**चंक्रम्** = (**च** + **मु** = (**म्**) + **क्रम्**) + **यङ्** (**य**) + **शव्** + **ते**] **चंक्रम्यते**, **चङ्क्रम्यते** = વાંકો ચાલે છે)

म-न-य-व-लपरे हे ॥ १-३-१५ ॥

પદાન્તમાં રહેલા મ્નો મ, ન, ય વ, અને લ છે પર જેને એવો હ પર છતાં, નિમિત્તને મળતા (તેજ વ્યંજનને મળતાં) **'अनुस्वार'** અને **'अनुनासिक'** આદેશ થાય છે. (**किम्ह्वलयति, किम्ह्वाँल्यति** = તે શું ચલવે છે !)

सम्राट् ॥ १-३-१६ ॥

સમ્રાટ્ એ પ્રમાણે નિપાતન કરવામાં આવે છે; અહિં નિપાતનમાં અનુસ્વાર થવા આવ્યો હતો તેનો અભાવ કરવામાં આવે છે. (**सम्यग् राजते इति** = [**सम्** + **राज्** + **क्विप्** + **सि (स्)** **सम्राट्, सम्राड्** = શહેનશાહ) અહિં " **क्विप्** ० [५-१-१४८] " એ સુત્રથી નામ પછી આવેલા ધાતુઓને પ્રયોગ પ્રમાણે ' **क्विप्** ' પ્રત્યય લાગે છે.

ङ्-णोः क-टावन्तौ शिटि नवा ॥ १-३-१७ ॥

પદાન્તમાં રહેલા ઙ્ અને ણ્નો શિટ્ પર છતાં અનુક્રમે 'ક્' અને 'ટ્ ' અન્તાવયવ વિકલ્પે થાય છે. (**प्राङ्** = આ **प्राञ्च्** શબ્દના પ્રથમાનું એકવચન છે.) **प्राङ् + शेते = प्राङ्क् शेते, प्राङ्क् शेते, प्राङ्ङ् शेते** = પ્રકૃષ્ટ ગમન કરનાર સુવે છે.

ङ्नः सः त्सौऽश्च ॥ १-३-१८ ॥

પદાન્તમાં વર્તમાન ઙ્ અને ન્ થી પર રહેલ જે સ, તેનો **'त्स'** આદેશ વિકલ્પે થાય છે. જો તે સ, શ્નનો અવયવ ન હોય તો **षड् + सीदन्ति = षड्त्सीदन्ति, षट्सीदन्ति** = છ જણ સીદાય છે. દન્ત્ય સને ઉદ્દેશીને કહેલું કાર્ય તાલવ્યને પણ થાય છે

એ નિયમને આધારે શ્નનું વર્જન કહેલું છે).

नः शि श्नः ॥ १-३-१९ ॥

પદાન્તમાં રહેલા ન્નો, શ પર છતાં ' ञ-ञू ' આદેશ થાય છે જો તે શ, શ્નનો અવયવ ન હોય તો. (**भवान् + शूरः** = **भवाञ्छूरः, भवाञ्श्शूरः, भवाञ्छूरः भवाञ्शूरः** = આપ શૂરવીર છો.)

अतोऽतिरोरुः ॥ १-३-२० ॥

અકારથી પર રહેલ પદાન્તમાં વર્તમાન રુનો (એટલે ઉ ચાલ્યો જતા બાકી રહેલા રૂનો) અકાર પર છતાં 'ઉ' આદેશ નિત્ય થાય છે (**कर् + अर्थः = कोऽर्थः** કયો અર્થ. (પદાન્તમાં રહેલા " **सो रुः** ' [२-१-२७] " એ સુત્રથી 'રુ' આદેશ થાય છે; તેમાં ઉ ચાલ્યો જાય છે અને રૂ બાકી રહે છે, આ સિવાયનો ર્ ગ્રહણ કરવાનો નથી એ સુચવવા માટે સુત્રમાં રુ કહેલ છે.)

घोषवति ॥ १-३-२१ ॥

અકારથી પર રહેલા પદાન્તમાં વર્તમાન રુનો (એટલે ઉ ચાલ્યો જતા બાકી રહેલા રૂનો) ઘોષવાન્ વર્ણ પર છતાં ' ઉ ' આદેશ થાય છે. (**धर्मो जेता** = ધર્મ જયવંતો વર્તશે-વર્તનાર)

अवर्ण-भो-भगो-ऽघोर्लुगसन्धिः ॥ १-३-२२ ॥

અવર્ણ, ભો, ભગો અને અઘો શબ્દથી પર રહેલ પદાન્તમાં વર્તમાન રુનો (એટલે ઉ ચાલ્યો જતા બાકી રહેલા રૂનો) ઘોષવાન્ વર્ણ પર છતાં ' **लुक्** 'થાય છે અને તે લુક્ સન્ધિનો, નિમિત્ત બનતો નથી. અર્થાત્ લુક્ થયા પછી સન્ધિ થતી નથી.

[**देव + जस्** (**अस्** =**अरु**=**अर्**] = **देवर्+यान्ति** = **देवा यान्ति** = દેવો જાય છે. આ અસન્ધિનું કારણ " **स्वरे वा** [૧-૩-૨૪.] એ સુત્રમાં છે.)

व्योः ॥ ૧-૩-૨૩ ॥

અવર્ણથી પર રહેલા અને પદાન્તમાં વર્તમાન **व्** અને **य्** નો, ઘોષવાન્ વર્ણ પર છતા ' **लुक्** ' થાય છે અને તે લુક્, સન્ધિનો નિમિત્ત થતો નથી, અર્થાત્ લુક્ થયા પછી સન્ધિ થતી નથી. (**वृश्चं वृश्चतीति** = [**वृश्च + अम् + क्विप्** (**वृश्च्**) + **सि**] = **वृश्चवृक्** - વૃક્ષછેદનાર. આ '**वृश्चवृश्च्** ' શબ્દના પ્રથમનું એકવચન છે. **वृक्षवृश्चमाचष्टे** = **वृश्चवृश्च्** + **अम्** + **णि** + **शव्** + **तिव्**] **वृक्षवयति**-અહિ ' **वृक्षवृश्च** ' શબ્દનાં અન્ત્ય સ્વરાદિનો લોપ થઇને ' **वृक्षवि** ' ધાતુનું રૂપ '**वृक्षवयति**' બને છે. **वृक्षवयति** = વૃક્ષ કાપનારને બોલાવે છે. એનું કર્તરિ કૃદન્ત કરવું હોય ત્યારે **वृक्षवयतीति** = [**वृक्षवि + क्विप् + सि**] **वृक्षव्** =એટલે **वृक्षव्** ધાતુથી ક્વિપ્ આવે અને ઇતથા ક્વિપ્ ચાલ્યા જવાથી ' **वृक्षव्** ' શબ્દ બનો છે. **वृक्षव्** = વૃક્ષ છેદનારનો બોલાવનાર. **वृक्षव्+याति** = **वृक्ष याति** = વૃક્ષ છેદનારનો બોલાવનાર જાય છે.)
અહિ " **णिच् बहुलं०** [૩-૨-૪૨] " એ સુત્રથી ણિચ્ પ્રત્યય થયેલ છે.

स्वरे वा ॥ ૧-૩-૨૪ ॥

અવર્ણ, ભો, ભગો અને અઘો શબ્દથી પર પહેલા પદાન્તમાં વર્તમાન જે **व्** અને **य्** તેનો સ્વર પર છતાં વિકલ્પે ' **लुक्** ' થાય છે અને તે લુક્ સન્ધિનો નિમિત્ત થતો નથી, અર્થાત્ લુક્

થયા પછી સન્ધિ થતી નથી. (**પટો + ઇહ** = [**પટવ્ + ઇહ**] **પટ ઇહ, પટવિહ** = હે ડાહ્યા ? અહિંઆ)

अस्पष्टावर्णात्वनुञि वा ॥ १–३–२५ ॥

અવર્ણ, ભો, ભગો અને અઘો શબ્દથી પર રહેલાં પદાન્તમાં વર્તમાન જે વ્ અને ય્, તેને સ્થાને ઇષત્સ્પૃષ્ટતર એવા વ્ૅ અને ય્ૅ ' થાય છે, અવર્ણથી પર પદાન્તમાં વર્તમાન જે વ્ અને ય્ તેને સ્થાને ઉઞ્ (ઉ) વર્જિત સ્વર પર છતાં, ઇષત્સ્પૃષ્ટતર એવા 'વ્ૅ અને ય્ૅ ' આદેશ વિકલ્પે થાય છે, અર્થાત્ ઉઞ્ (ઉ) પરમાં હોય તો નિત્યજ થાય છે.

પટો + ઇહ (પટવ્ + ઇહ) = પટવ્ૅિહ, પટ ઇહ, પટવિહ = ઉપરની જેમ. (વ અને ય નો આસ્ય પ્રયત્ન ઇષત્સ્પૃષ્ટ છે, તેને જ્યારે ' **અસ્પષ્ટ** ' = મંદ ભાવનો (અસ્પષ્ટ વ્યંજન જેવું ઉચ્ચારણ) કરવા માંગીયે ત્યારે ઇષત્સ્પૃષ્ટતર થાય, માટે આ સુત્રમાં આપેલા **અસ્પષ્ટ** શબ્દનો અર્થ ઇષત્સ્પૃષ્ટતર પ્રયત્નવાળા એવો કહેલ છે. આ પ્રયત્ન જણાવવા માટે માથે આવું બિંદુરહિત અર્ધ ચન્દ્રનું ચિહ્ન મૂકવામાં આવે છે.)

रोर्यः ॥ १–३–२६ ॥

અવર્ણ, ભો, ભગો અને અઘો શબ્દથી પર રહેલા પદાન્તમાં વર્તમાન રુનો, (એટલે ઉં ચાલ્યો જતા બાકી રહેલા રૂનો) સ્વર પર છતાં ' ય્ ' આદેશ થાય છે.) **કર્ + આસ્તે = કય્+આસ્તે કયાસ્તે** = કોણ બેસે છે.)

ह्रस्वान्ङ-ण-नो द्वे ॥ १–३–२७ ॥

પદાન્તમાં રહેલા હ્રસ્વ સ્વરથી પર રહેલ, જે ઙ્, ણ્ અને

ન્' તેનો સ્વર પર છતાં 'द्विर्भाव' (બેવડો) થાય છે. (कुड्+ आस्ते = कुड्डास्ते = કુટિલ ગમન કરનાર બેસે છે.)

अनाङ्-माङो दीर्घाद्वा च्छः ॥ १-३-२८ ॥

પદાન્તમાં રહેલા आङ् અને माङ् વર્જિત દીર્ઘ સ્વરથી પર રહેલ, જે છ, તેને વિકલ્પે 'द्विर्भाव' થાય છે.

(कन्यायाः छत्रम् = [कन्या + छत्रम्] कन्याच्छत्रम् कन्याछत्रम् = કન્યાનું છત્ર).

प्लुताद्वा ॥ १-३-२९ ॥

પદાન્તમાં રહેલ દીર્ઘના સ્થાનમાં થયેલ જે પ્લુત, તેથી પર રહેલા છનો, વિકલ્પે 'द्विर्भाव' થાય છે. (आगच्छ भो इन्द्रभूते ३ च्छत्रमानय = હે ઇન્દ્રભૂતિ આવ ? અને છત્ર લાવ ?)

स्वरेभ्यः ॥ १-३-३० ॥

સ્વરથી પર રહેલા છનો 'द्विर्भाव' થાય છે. (इच्छति = ઇચ્છે છે. અંહિ બહુવચન પદાન્તની નિવૃત્તિ માટે છે.)

हार्दहस्वरस्यानु नवा ॥ १-३-३१ ॥

સ્વરથી પર રહેલ જે ર્ અને હ્ તેથી પર રહેલ ર્, હ્ અને સ્વર વર્જિત વર્ણનો, વિકલ્પે 'द्विर्भाव' થાય છે, જો બીજુ કાર્ય પ્રાપ્ત હોય તો, તે કર્યા પછીથી. (अर्क्कः अर्कः = સૂર્ય).

अदीर्घाद्विरामकव्यञ्जने ॥ १-३-३२ ॥

દીર્ઘ ભિન્ન સ્વરથી રહેલ ર્, હ્ અને સ્વર વર્જિત વર્ણનો,

વિરામના વિષયમાં અને અસંયુક્ત વ્યંજન પર છતાં વિકલ્પે **'દ્વિર્ભાવ'** થાય છે, જો બીજુ કાર્ય પ્રાપ્ત હોય તો, તે કર્યા પછીથી, (**त्वच् + सि = त्वक्क्, त्वक्** = ચામડી. **' अनु '** એમ કહેલ હોવાથી અંહીયા પહેલા ચ્ નો ક્ કર્યા પછીથી **' द्विर्भाव '** થાય છે.

अवर्गस्यान्तस्थातः ॥ १–३–३३ ॥

અન્તસ્થાથી પર રહેલા અ્ વર્જિત વર્ગના અક્ષરનો, વિકલ્પે **' द्विर्भाव '** થાય છે. જો બીજુ કાર્ય પ્રાપ્ત હોય તો, તે કર્યા પછીથી. (**उल्का, उल्का**= આકાશમાંથી પડતો રેખાવાળો અગ્નિ.)

ततोऽस्याः ॥ १–३–४३ ॥

અ્ વર્જિત વર્ગના અક્ષરથી પર રહેલા અન્તસ્થાનો, વિકલ્પે **'દ્વિર્ભાવ'** થાય છે. જો બીજુ કાર્ય પ્રાપ્ત હોય તો, તે કર્યા પછીથી (**दधि+अत्र=दध्यत्र, दद्ध्यत्र, दध्यत्र, दध्यत्र, दधियत्र** = અહિં દહીં. (**दधियत्र** અહિંયા **"इवर्णादेः [१–२–२१]"** એ સૂત્રમાં ષષ્ઠિ વિભક્તિને સ્થાને પંચમી વિભક્તિ રાખીએ ત્યારે ઈવર્ણાદિથી પર અનુક્રમે य्, व्, र् અને ल् પણ થાય છે એ નિયમને આધારે આ રૂપ કર્યું છે.)

शिटः प्रथम द्वितीयस्थ ॥ १–३–३५ ॥

શિટ્થી પર રહેલા વર્ગના પહેલા અને બીજા અક્ષરનો. વિકલ્પે **' द्विर्भाव '** થાય છે. **त्वं क्करोषि, त्वं करोषि** = તું કરે છે.

ततः शिटः ॥ १–३–३६ ॥

વર્ગના પહેલા અને બીજા અક્ષરથી પર રહેલ જો શિટ્,

તેનો વિકલ્પે 'द्विर्भाव' થાય છે,

(तत् + (तद्) शेते = तच्छ्शेते, तच् शेते=તે સુવે છે.)

न रात्स्वरे ॥ १-३-३७ ॥

રકારથી પર રહેલા શિટ્નો, સ્વર પર છતાં 'द्विर्भाव' થતો નથી. (दर्शनम् = दर्शन)

पुत्रस्याऽऽदिन्पुत्रादिन्याक्रोशे ॥ १-३-३८ ॥

આદિન્ અને પુત્રાદિન્ શબ્દ પર છતાં પુત્ર શબ્દના તનો, દ્વિર્ભાવ થતો નથી, જો આક્રોશનો વિષય હોય તો.

(पुत्र + आदिनी = पुत्रादिनी त्वमसि पापे ? હે પાપીણી ! તું પુત્રને ખાનારી છે).

म्नां धुड् वर्गेऽन्त्योऽपदान्ते ॥ १-३-३९ ॥

પદાન્તમાં નહિ રહેલા મ્, અને ન્નો ધુડ્ સંજ્ઞક વર્ગનો અક્ષર પર છતાં, નિમિત્તને મળતો 'अन्त्य अक्षर' થાય છે, જો બીજું કાર્ય પ્રાપ્ત હોય તો, તે કર્યા પછીથી.

(गम् + तृच् = गन्ता= જનાર...અહિં બહુવચન વર્ણાન્તરનો બાદ કરવા માટે છે, તેથી कुर्वन्ति ત્યાં न् નો ण् થતો નથી)

शिड् ढेऽनुस्वारः ॥ १-३-४० ॥

પદાન્તમાં નહિ રહેલા મ્ અને ન્નો, શિટ્ અને ઢ પર છતાં 'अनुस्वार' થાય છે, જો બીજુ કાર્ય પ્રાપ્ત હોય તો, તે કર્યા પછીથી पुम् + सि = पुंसि પુરુષમાં).

रो रे लुग्दीर्घश्चादिदुतः ॥ १–३–४१ ॥

રકારનો, ર પર છતાં ' લુક્ ' થાય છે અને પૂર્વના અ, ઈ અને ઉનો, ' દીર્ઘ ' થાય છે, જો બીજુ કાર્ય પ્રાપ્ત હોય તો, તે કર્યા પછીથી,

(**पुनर्** + **रात्रिः** = **पुना रात्रिः** = ફરી રાત્રિ).

ढस्तद्ढे ॥ १–३–४२ ॥

ઢકારનો, તેને માનીને થએલ ઢ પર છતાં ' લુક્ ' થાય છે અને પૂર્વના અ, ઈ અને ઉનો ' દીર્ઘ ' થાય છે, જો બીજુ કાર્ય પ્રાપ્ત હોય તો, તે કર્યા પછીથી (**महतीति** = [**मह्** + **क्ति** = **मढ्** + **ति** (**धि** = **ढि**) = **मढ्** + **ढि** + **सि** = **माढिः** = પાંઢડાની નસ, દેશનુ નામ.)

सहि–वहेरोच्चाऽवर्णस्य ॥ १–३–४३ ॥

સહ્ અને વહ્ ધાતુના ઢનો, તેને માનીને થએલ ઢ પર છતાં, *' લુક્ ' થાય છે અને પૂર્વના અવર્ણનો ' ઓ ' થાય છે; જો બીજુ કાર્ય પ્રાપ્ત હોય તો, તે કર્યા પછીથી.*

(**सहतीति** = [**सह्** + **तृच्** = **सढ्** + **ता** (**धा** = **ढा**) = **सढ्** + **ढा**] **सोढा** = સહન કરનાર).

उदः स्था–स्तम्भः सः ॥ १–३–४४ ॥

ઉદ્ ઉપસર્ગથી પર રહેલા સ્થા અને સ્તમ્ભ ધાતુના સ્નો ' લુક્ ' થાય છે. (**उत्** + **स्था** + **तृच्** = **उत्थाता** = ઉભો થનાર ઉભો થશે.)

तदः सेः स्वरे पादार्था ॥ १-३-४५ ॥

तद् શબ્દથી પર રહેલા સિ નો, સ્વર પર છતાં 'લુક્' થાય છે; જો પાદપૂર્તિ કરવાની હોય તો.

(**तद् + सि = सः + एष = सैष दाशरथी रामः** = તે આ દશરથના પુત્ર રામ. (અહિંયા **सः + एष** એ અવસ્થામાં પૂર્વ સૂત્રોથી લુક્ તો થાય છે, પણ લુક્ થવાથી સંધિ થતી નથી. માટે આ સૂત્ર કરવું પડયું છે.)

एतदश्च व्यञ्जनेऽनञ्समासे ॥ १-३-४६ ॥

એતદ્ અનો તદ્ શબ્દથી પર રહેલા સિનો, વ્યંજન પર છતાં 'લુક્' થાય છે, જો અક્ પ્રત્યયનો અને નઞ્ સમાસનો વિષય ન હોય તો. (**एतद् + सि = एष+स् + दत्ते = एष दत्ते** આ આપે છે).

व्यञ्जनात् पञ्चमाऽन्तस्थायाः सरूपे वा ॥ १-३-४७ ॥

વ્યંજનથી પર રહેલ જે વર્ગનો પંચમ અક્ષર અને અન્તસ્થા, તેનો સરુપ વર્ણ (તેને મળતો પંચમ અક્ષર) પર છતાં વિકલ્પે 'લુક્' થાય છે.

(**आदित्यो देवतास्य सः = [आदित्य + य + सि] आदित्यः आदित्यः** = સૂર્ય છે દેવતા જેનો, સૂર્યને દેવરૂપ માનનાર.

धुटो धुटि स्वे वा ॥ १-३-४८ ॥

વ્યંજનથી પર રહેલા ધુટનો, સ્વ સંજ્ઞક ધુટ્ પર છતાં વિકલ્પે 'લુક્' થાય છે.

(**शिष्** (ધાતુ) + **श** (વિકરણ પ્રત્યય) + **हि = शि +**

શ્ન + ષ્ + હિ = શિ + ન્ + ષ્ + ધિ = શિ + ણ્ + ષ્ + ઢિ = શિ + ણ્ + ડ્ + ઢિ = **શિણ્ડ્ઢ, શિણ્ઢિ** = વિશેષ કરો !)

तृतीयस्तृतीय-चतुर्थे ॥ १-३-४९ ॥

ધુટ્ ને સ્થાને, વર્ગનો ત્રીજો અને ચોથો અક્ષર પર છતાં, વર્ગનો '**ત્રીજો અક્ષર**' થાય છે. (**मस्ज् + शव् + तिव्** = **मज्जति** = શુદ્ધ કરે છે).

अघोषे प्रथमोऽशिटः ॥ १-३-५० ॥

અઘોષ વર્ણ પર છતાં શિટ્ વર્જિત ધુટ્નો, વર્ગનો '**પ્રથમ અક્ષર**' થાય છે. (**वाचा पूता** = [**वाच् + पूता**] **वाक् पूता** = વાણીથી પવિત્ર થયેલ).

विरामे वा ॥ १-३-५१ ॥

શિટ્ વર્જિત ધુટ્નો, વિરામના વિષયમાં વિકલ્પે વર્ગનો '**પ્રથમ અક્ષર**' થાય છે. **वाच् + सि** = **वाक्, वाग्** = વાણી)

न सन्धिः ॥ १-३-५२ ॥

કહેલી અને કહેવાશે એવી જે સન્ધિ, તે વિરામનાં વિષયમાં થતી નથી. (**दधि अत्र** = અહિં દહીં)

रः पदान्ते विसर्गस्तयोः ॥ १-३-५३ ॥

પદાન્તમાં રહેલા ર્ નો, વિરામ અને અઘોષ પર છતાં '**વિસર્ગ**' થાય છે. (**वृक्षर्** = **वृक्षः** = ઝાડ)

ख्यागि ॥ १-३-५४ ॥

પદાન્તમાં રહેલા રનો, ખ્યાગ્ ધાતુ પર છતાં '**વિસર્ગ**'

જ થાય છે. (**कर् + ख्यातः = कः ख्यातः** = કોણ પ્રખ્યાત છે ?)

शिट्यघोषात् ॥ १–३–५५ ॥

અઘોષથી પર રહેલ જે શિટ્ તે પર છતાં, પદાન્તમાં રહેલા રનો, ' **विसर्ग** ' જ થાય છે.

सर्पिष् (र्) + प्साति = सर्पिः प्साति = ઘી ખાય છે.)

व्यत्यये लुग्वा ॥ १–३–५६ ॥

વ્યત્યયે-ઊંધુ અર્થાત્ શિટ્ થી પર રહેલ જે અઘોષ, તે પર છતાં પદાન્તમાં રહેલા ર્ નો, વિકલ્પે ' **लुक्** ' થાય છે.

(**चक्षुर् + श्च्योतति = चक्षु श्च्योतति, चक्षुः श्च्योतति, चक्षुश्च्योतति** = આંખ ઝરે છે.).

अरो सुपि रः ॥ १–३–५७ ॥

ર ભિન્ન રનો, સુપ્ પ્રત્યય પર છતાં ' ર્ ' જ થાય છે. **गिर् + सु = गीर्षु** = વાણીમાં)

वाहर्पत्यादयः ॥ १–३–५८ ॥

અહર્પતિ વિગેરે શબ્દો વિકલ્પે 'નિપાતન' કરવામાં આવે છે. અહિ નિપાતનમાં સંભવ પ્રમાણે ' **विसर्ग**નો અને ઉનો ' અભાવ કરવામાં આવે છે. (**अहर्पतिः, अहः पतिः** = સૂર્ય, **प्रचेतो राजन्** = હે વરૂણના રાજા)

शिट्याद्यस्य द्वितीयो वा ॥ १–३–५९ ॥

પ્રથમ અક્ષરનો શિટ્ પર છતાં, તેને મળતા એવા વર્ગ નો

વિકલ્પે ' **દ્વિતીય અક્ષર** ' થાય છે. (**क्** + **षीरम्** = **क्षीरम्**, **क्षीरम्**, **क्षीरम्** = દુધ, ખીર).

तवर्गस्य श्चवर्ग–ष्टवर्गाभ्यां योगे च–टवर्गौ ॥ १–३–६० ॥

ત વર્ગનો, શ અને ચ વર્ગની સાથે, તથા ષ અને ટ વર્ગની સાથે યોગ રહેતે છતે, અનુક્રમે ' **ચવર્ગ** અને **ટવર્ગ** ' થાય છે.

(**तत्** (**तद्**) + **शेते** = **तच्छेते**, **तच्शेते** = તેથી સુવે છે. **पेष्** + **ता** = **पेष्** + **टा** = **पेष्टा** = પીરસનાર)

सस्य श–षौ ॥ १–३–६१ ॥

સકારનો, શ અને ચ વર્ગની સાથે તથા ષ અને ટ વર્ગની સાથે યોગ રહેતે છતે, અનુક્રમે ' **શ અને ષ** ' થાય છે. (**व्रस्च्** + **श्** + **तिव्** = **वृश्चति** = છેદે છે, **पापट्** + **सि** = **पापट्षि** = વારંવાર ગમન કરે છે)

न क्षान्त ॥ १–३–६२ ॥

શથી પર રહેલા ત વર્ગનો, ' **ચવર્ગ** ' થતો નથી.

(**प्रच्छ्** (ધાતુ) **प्रच्छ्** + **न्** + **सि**=**प्रश्** + **न्** + **सि** (**स्**) = **प्रश्नः** = જવાબ).

पदान्ताट्टवर्गादनाम–नगरी–नवतेः ॥ १–३–६३ ॥

પદાન્તમાં વર્તમાન ટ વર્ગથી પર રહેલ જે નામ, નગરી અને નવતિ ભિન્ન તવર્ગ અને સ, તેનો ' **ટવર્ગ** અને ષ ' થતા નથી.

(**षड्** + **नयम्** = **षण्नयम्** = છ નય).

षि तवर्गस्य ॥ १–३–६४ ॥

પદાન્તમાં રહેલા તવર્ગનો, ષ પર છતાં ' **ટવર્ગ** ' થતો નથી.

(**तीर्थकृत् षोडशः शान्तिः** = સોળમા શાંતિનાથ તિર્થંકર...)

लि लौ ॥ १-३-६५ ॥

પદાન્તમાં રહેલા તવર્ગનો, લ પર છતાં, મળતા એવાં ' **લ્** ' થાય છે.

(**तद् + लुनम् = तल्लुनम्** = તે કપાયું ...**भवान्+लुनाति = भवाल्लुँनाति** = આપ કાપો છો. " **लौ** " અહિં દ્વિવચન સાનુનાસિકને સ્થાને સાનુનાસિક, તથા નિરનુનાસિકને સ્થાને નિરનુનાસિક કરવા માટે છે.)

(इति व्यञ्जन सन्धि)

॥ इत्याचार्य श्री हेमचन्द्रविरचिते सिद्धहेमशब्दानुशासने श्रीविजयमहिमाप्रभसूरिकृत बालावबोधिनीवृत्तेः प्रथमाध्यायस्य तृतीयपादः ॥

चक्रे श्रीमूलराजेन, नवः कोऽपि यशोऽर्णवः ।
परकिर्तिस्रवन्तीनां, न प्रवेशमदत्त यः ॥ ३ ॥

શ્રી મૂલરાજે કોઈ નવીન યશરૂપી સમુદ્ર ઉત્પન્ન કર્યો કે જે યશરૂપી સમુદ્ર પોતાનામાં, બીજા રાજાઓની કીર્તિરૂપી નદીઓને પ્રવેશ પણ કરવા દેતો નથી. ૩

[अथ चतुर्थ पादः]

(अथ षड् लिंग प्रकरण)

अत आः स्यादौ जस्-भ्याम्-ये ॥ १-४-१ ॥

જસ્, ભ્યામ્ અને ય રૂપ સ્યાદિ પ્રત્યય પર છતાં, નામના અકારનો ' **આ** ' આદેશ થાય છે.

(**देव** + **जस्** (**अस्**) = **देवाः** = દેવો.)જો કે ''**सनानां०** [१-२-१]'' એ સૂત્રથી દીર્ઘ કરીએ તો ' **देवाः** ' એ રૂપ સિદ્ધ થાય, પરંતુ તેનું બાધક ' **लुगस्या०** ' [२-१-११३] એ સૂત્રથી અનો લુક્ થઈ ' **देवः** ' એવું અનિષ્ટ રૂપ ન થઈ જાય માટે સૂત્રમાં '**जस्** ' નું ગ્રહણ કર્યું છે.

भिस् ऐस् ॥ १-४-२ ॥

અકારાન્ત નામના અકારથી પર રહેલ, સ્યાદિ સંબંધિ જે ભિસ્, તેનો ' **ઐસ્** ' આદેશ થાય છે.

(**देव** + **भिस्** (**ऐस्**) = **देवैः** ... દેવો વડે). જો કે ' એસ્ ' આદેશ કર્યો હોત તો પણ '' **ऐदौत्०** [१-२-१२]'' એ સૂત્રથી ' **देवैः** ' એ રૂપ સિદ્ધ થઈ જાત, પરંતુ '**अतिजरसैः**' એ રૂપ સિદ્ધ કરવા માટે ' એસ્ ' આદેશ નહિ કરતાં ' **ऐस्** ' આદેશ કર્યો છે).

इदमदसोऽक्येव ॥ १-४-३ ॥

ઇદમ્ અને અદસ્ શબ્દને અક્ પ્રત્યય લાગેલ હોય ત્યારે જ, તેનાથી પર રહેલ જે ભિસ્, તેનો ' **ઐસ્** ' આદેશ થાય છે.

(**इदम्** શબ્દથી અન્ત્ય સ્વરાદિની પહેલા ' **अक्** ' થવાથી ' **इदकम्** ' થાય છે. [**इदकम् + भिस्**] મ્ નો ' **अ** ' થઈ **इदकअ** ' પૂર્વ ' **अ** 'નો ' **लुक्** ' થઈ 'इदक' દનો 'म' અને **भिस्** નો ' ऐस् ' થઈ **इमक + ऐस् = इमकैः** = આ વડે)**अदस् + अक् + भिस् = अदकस् + भिस् = अमकअ + ऐस् = अमुक + ऐस् = अमुकैः** = આ વડે).

' **इदम्** ' માં દ નો " **दो मः स्यादौ** [२-१-३९]" એ સૂત્રથી 'म' થયેલ છે અને **अदस्** માં દ નો " **मोऽव्यञ्जनस्य** [२-१-४५]" એ સૂત્રથી 'म' થઈ "**मादुवर्णोऽनु** [२-१-४७]" આ સૂત્રથી 'उ' થયેલ છે.

एद् बहु-सु-भोसि ॥ १-४-४ ॥

બહુવર્થક (બહુવચનમાં વર્તમાન), એવા સકારાદિ, ભકારાદિ અને ઓસ્ પ્રત્યય પર છતાં, નામના અન્ત્ય અકારનો '**એ**' આદેશ થાય છે.

इदम् + सु = अद् + सु = एषु = આમાં, **इदम् + भ्यस् = अद् + भ्यस् = एभ्यः** = આ માટે, આથી. **देव + ओस् = देवयोः** = બે દેવ સંબંધી, બે દેવોમાં).

टा-ङसोरिन-स्यौ ॥ १-४-५ ॥

નામના અન્તના અકારથી પર રહેલ જે ટા અને ઙસ્, તેના અનુક્રમે ' **ईन** અને **स्य** ' આદેશ થાય છે.

(**तद् + टा = त + इन = तेन** = તે વડે. **तद् + ङस् = त + स्य = तस्य** = તેનું).

ङेङस्योर्याऽऽतौ ॥ १-४-६ ॥

નામના અન્તના અકારથી પર રહેલ જે ङे અને ङसि, તેના અનુક્રમે **य**, અને **आत्** ' આદેશ થાય છે.

(**देव + ङे = देव + य = देवाय** = દેવ માટે. **देव + ङसि = देव + आत् = देवात्** . **देवाद्** = દેવથી. અહિં **त्** નો **द्** થવાથી ઉપર પ્રમાણે બે રૂપ થાય છે.)

सर्वादेः स्मै-स्मातौ ॥ १-४-७ ॥

અકારાન્ત જે સર્વાદિ, તત્સંબંધિ જે ङे અને ङसि, તેના અનુક્રમે '**स्मै** અને **स्मात्** ' આદેશ થાય છે.

(**सर्व + ङे = सर्व + स्मै = सर्वस्मै** = સર્વ માટે)

[अथ सर्वादिः]

[**सर्व** = બધા, **विश्व** = બધા, (જગત્ અર્થમાં સર્વાદિ ન ગણવા) **उभ** = બે (આના દ્વિવચનમાં જ રૂપ ચાલે છે), **उभयट्** = બે અવયવ વાળો સમુદાય – જોડી (આના એકવચન અને બહુવચનમાં જ રૂપ ચાલે છે) **अन्य** = બીજો, **अन्यतर** = એમાંથી એક, **इतर** = બીજો, (અધમ અર્થમાં સર્વાદિ ન ગણાય) **डतर** પ્રત્યયાન્ત જેમકે – **किम् + डतर = कतर** એમાંથી કયો એક, **डतम** = **डतमप्रत्ययान्त** જેમકે - **किम् + डतम = कतम** = ઘણા-માંથી કયો એક, **त्व** = બીજું, **त्वत्** = સમુચ્ચય, **नेम** = અર્ધ, **सम सिम** = બધા, (સીમા અર્થમાં સર્વાદિ નગણાય) **पूर्व, अपर, अवर, दक्षिण, उत्तर, पर, अधर**, = આનાથી આ પૂર્વ છે; આનાથી આ ઉત્તર છે, એવી વ્યવસ્થા જ્યાં હોય ત્યાં, આ **पूर्वादि**

વગેરે શબ્દો સર્વાદિ ગણાય છે, **स्व** = આત્મા અને આત્મીય અર્થમાં સર્વાદિ ગણાય છે, પરંતુ જ્ઞાતિ અને ધન અર્થમાં સર્વાદિ ગણાતા નથી. **अन्तर = बहिर्योगे** = બાહ્ય રહેલી વસ્તુ અથવા તેની સાથે સંબંધ રાખનારી વસ્તુ એવા અર્થમા હોય ત્યારે, તથા **उपसंव्याने** = જે ઢંકાય અથવા જેનાથી ઢંકાય એવા અર્થમાં સર્વાદિ ગણાય છે. જેમકે:-**अन्तरस्मै पटाय** = કોઈ માણસે ચાર કપડાં પહેરેલાં હોય તેમાં પહેલા અને બીજાને બહિર્યોગપણાથી સર્વાદિપણું થાય છે અને ત્રીજા અને ચોથાને ઉપસંવ્યાનપણાથી સર્વાદિપણું થાય છે, **त्वद्** = તે, **तद्** = તે, **यद्** = જે, **अदस्** = એ, **इदम्** = આ, **एतद्** = એ, **एक** = એક, **द्वि** = બે, **युष्मद्** = તું, **अस्मद्** = હું, **भवतु** = આપ, **किम्** = શું કોણ. (જો આ શબ્દો કોઈના નામ તરીકે વપરાયા હોય તો સર્વાદિ ગણાતાં નથી. [**इति सर्वादिगण**]

ङेः स्मिन् ॥ १-४-८ ॥

અકારાન્ત સર્વાદિ સંબંધિ જે ઙિ, તેનો ' **स्मिन्** ' આદેશ થાય છે.

सर्व + ङि = सर्व + स्मिन् = **सर्वस्मिन्** = સર્વમાં)

जस इः ॥ १-४-९ ॥

અકારાન્ત સર્વાદિ સંબંધિ જે જસ્, તેનો 'ઇ' આદેશ થાય છે. (**सर्व** + जस् = सर्व + इ = **सर्वे** = બધાં)

नेमाऽर्ध-प्रथम-चरम-तया-ऽया-ऽल्प-कतिपयस्य वा ॥ १-४-१० ॥

નેમ, અર્ધ, પ્રથમ, ચરમ, તય પ્રત્યયાન્ત, અય પ્રત્યયાન્ત, અલ્પ

શબ્દ અને કતિપય શબ્દ સંબંધિ જે જસ્, તેનો વિકલ્પે 'ઇ' આદેશ થાય છે.

(**નેમ + જસ્ = નેમ + ઇ = નેમે. નેમાઃ** = અર્ધા. જો કોઈના નામ તરીકે આ શબ્દો વાપરવામાં આવ્યા હોય તો આ સૂત્ર લાગતું નથી).

દ્વન્દ્વે વા ॥ ૧–૪–૧૧ ॥

દ્વન્દ્વ સમાસમાં રહેલા અકારાન્ત સર્વાદિ જે નામ તત્સંબંધી જે જસ્, તેનો 'ઇ' આદેશ વિકલ્પે થાય છે.

(**પૂર્વશ્ચોત્તરશ્ચ = [પૂર્વ + ઉત્તર + જસ્ (ઇ)] પૂર્વોત્તરે, પૂર્વોત્તરાઃ** = પૂર્વ અને ઉત્તર),

ન સર્વાદિઃ ॥ ૧–૪–૧૨ ॥

દ્વન્દ્વ સમાસમાં રહેલા જે સર્વાદિ, તે સર્વાદિ ગણાતાં નથી. અર્થાત્ તેને સર્વાદિ કાર્ય થતું નથી.

પૂર્વશ્ચાપરશ્ચાનયોઃ સમાહારઃ પૂર્વાપરમ્ , તસ્મૈ=[પૂર્વ + અપર + ઙે (ય)] પૂર્વાપરાય = પૂર્વ અને અપર માટે).

તૃતીયાન્તાત્ પૂર્વાઽવરં યોગે ॥ ૧–૪–૧૩ ॥

ત્રીજી વિભક્તિવાળા નામથી પર રહેલ જે પૂર્વ અને અવર શબ્દ, તેને ત્રીજી વિભક્તિવાળા નામની સાથે યોગ હોય ત્યારે સર્વાદિ ગણાતાં નથી; અર્થાત્ તેને સર્વાદિ કાર્ય થતું નથી,

(**માસેન પૂર્વાય = [માસ + પૂર્વ + ઙે (ય)] માસપૂર્વાય** = મહિનાથી પહેલા માટે).

તીય ઙિત્કાર્યે વા ॥ ૧–૪–૧૪ ॥

તીય પ્રત્યયાન્તવાળા નામ ઙિત્ કાર્ય (ઙે, ઙસિ, ઙસ્ અને

ડિ પ્રત્યયનું કાર્ય) કરવાનું હોય ત્યારે વિકલ્પે સર્વાદિ ગણાતાં નથી. અર્થાત્ તેને ડે, ડસિ, ડસ્ અને ડિ પ્રત્યયોને બદલે **સ્મૈ, સ્માત્, સ્મિન્**, તથા **સ્યૈ, સ્યાઃ**' વગરે આદેશો વિકલ્પે થાય છે (**દ્વિતીય + ઙે (ય, સ્મૈ) = દ્વિતીયાય, દ્વિતીયસ્મૈ** = બીજા માટે).

अवर्णस्यामः साम् ॥ १–४–१५ ॥

અકારાન્ત જે સર્વાદિ, તત્સંબંધિ જે આમ્, તેનો '**સામ્**' આદેશ થાય છે.

(**સર્વ + આમ્ = સર્વ + સામ્ = સર્વેષામ્** = સર્વનું).

नवभ्यः पूर्वेभ्य ङे–स्मात्–स्मिन् वा ॥ १–४–१६ ॥

પૂર્વ, પર, અવર, દક્ષિણ, ઉત્તર, અપર, અધર, સ્વ, અને અન્તર વગેરે નવ શબ્દથી પર, ઈ (જસ્ના સ્થાનમાં થએલ), **સ્માત્** (ડસિના સ્થાનમાં થએલ) અને **સ્મિન્** (ડિના સ્થાનમાં થયેલ) આદેશ વિકલ્પે થાય છે. (**પૂર્વ + જસ્ (ઇ) = પૂર્વે, પૂર્વાઃ** = પૂર્વના લોકો)

आपो ङितां यै–यास्–यास्–याम् ॥ १–४–१७ ॥

સ્ત્રીલિંગ સૂચક આપ્ (આ) પ્રત્યય લાગેલા જે નામ, તત્સંબંધિ જે ડિત્ પ્રત્યય (ડે, ડસિ, ડસ્ અને ડિ પ્રત્યયના), તેના અનુક્રમે '**યૈ, યાસ્, યાસ્** અને **યામ્**' આદેશ થાય છે.

(**ખટ્વા + ઙે = ખટ્વા + યૈ = ખટ્વાયૈ**=ખાટલા માટે.)

सर्वादेर्डस्पूर्वाः ॥ १–४–१८ ॥

સ્ત્રીલિંગ સૂચક આપ્ પ્રત્યયાન્ત જે નામ, તત્સંબંધિ જે ડિત્

પ્રત્યય (ङे, ङसि, ङस् અને ङि પ્રત્યયના), તેના અનુક્રમે ઙસ્ છે પૂર્વમાં જેને એવા ' **यै, यास्, यास्** અને **याम्** ' આદેશ થાય છે; અર્થાત્ ઙસ્ સહિત ' स्यै, स्यास्, स्यास् અને स्याम् ' આદેશ થાય છે આ ઙસ્ માં ' ङ ' ઇત્ સંજ્ઞક છે એટલે **अस्** બાકી રહે છે, અર્થાત્ **अस्यै, अस्यास्, अस्यास्** અને **अस्याम्** આદેશ થાય છે. (**सर्व** + ङे = **सर्व** + ङस्यै (**अस्यै**) = **सर्वस्यै** = સર્વ માટે).

टौस्येत् ॥ १–४–१९ ॥

આપ્ પ્રત્યયનાં અન્તનો, टा અને ओस् પર છતાં ' **ए** ' આદેશ થાય છે. (**माला+टा** = **माले+आ** = **मालया** = માળાથી).

औता ॥ १–४–२० ॥

આપ્ પ્રત્યયનાં અન્તનો, औની સાથે ' **ए** ' આદેશ થાય છે. (**माला** + **औ** = **माले** = બે માળા).

इदुतोऽस्त्रेरीदूत् ॥ १–४–२१ ॥

સ્ત્રી શબ્દ વર્જિત હ્રસ્વ ઇકારાન્ત અને ઉકારાન્ત નામના અન્તનો, औની સાથે અનુક્રમે દીર્ઘ ' ई અને ऊ ' આદેશ થાય છે.

(**मुनि** + **औ** = **मुनी** = બે મુનિ, બે મુનિને, **साधु** + **औ** = **साधू** = બે સાધુ, બે સાધુને).

जस्येदोत् ॥ १–४–२२ ॥

હ્રસ્વ ઇકારાન્ત અને ઉકારાન્ત નામના અન્તનો, जस् પ્રત્યય

પર છતાં અનુક્રમે ‘ એ અને ઓ ’ આદેશ થાય છે.

(मुनि+जस् = मुने+अस् = मुनयः = મુનિઓ, साधु + जस् = साधो + अस् = साधवः = સાધુઓ).

ङित्यदिति ॥ १-४-२३ ॥

હ્રસ્વ ઈકારાન્ત અને ઉકારાન્ત નામના અન્તનો, ङित् ભિન્ન સ્યાદિ સંબંધિ ङित् પ્રત્યય (ङे, ङसि, ङस्, અને ङि) પર છતાં અનુક્રમે ‘ ए અને ओ ’ આદેશ થાય છે “स्त्रियाः० [१-४-२८]” એ સૂત્રથી બતાવેલા.

(मुनि + ङे = मुने + ए = मुनये = મુનિ માટે, साधु + ङे = साधो + ए = साधवे = સાધુ માટે).

टः पुंसि ना ॥ १-४-२४ ॥

હ્રસ્વ ઈકારાન્ત અને ઉકારાન્ત નામથી પર રહેલ ટાનો, પુલ્લિંગમાં ‘ ना ’ આદેશ થાય છે. (मुनि + टा = मुनिना = મુનિ વડે).

ङिर्डौ ॥ १-४-२५ ॥

હ્રસ્વ ઈકારાન્ત અને ઉકારાન્ત નામથી પર રહેલ જે ङि તેનો ‘ डौ ’ થાય છે.

(मुनि+ङि = मुनि + डौ = मुन् + औ = मुनौ = મુનિમાં).

केवलसखि-पतेरौः ॥ १-४-२६ ॥

ઈકારાન્ત જે કેવલ સખિ અને પતિ શબ્દ, તેથી પર રહેલ જે ङि, તેનો ‘ औ ’ થાય છે.

(**सखि + ङि = सखि+औ = सख्यौ** = સખિ ઉપર).

न ना ङिदेत् ॥ १–४–२७ ॥

ટાના સ્થાનમાં કહેલ જે ના અને ઙિત્ પ્રત્યય પર છતાં કહેલ જે એ, તે કેવલ સખિ અને પતિ શબ્દને થતાં નથી.

(**सखि+टा** (આ) = **सख्या** = સખિથી, **सखि+ङे** (ए) = **सख्ये** = સખિ માટે).

स्त्रिया ङितां वा द-दास्-दास्-दाम् ॥ १–४–२८ ॥

હ્રસ્વ ઇકારાન્ત અને ઉકારાન્ત સ્ત્રીલિંગ નામથી પર રહેલ સ્યાદિ સંબંધિ જે ઙિત્ પ્રત્યયો (ઙે, ઙસિ, ઙસ્ અને ઙિ પ્રત્યય), તેના અનુક્રમે ' **દૈ, દાસ્, દાસ્** અને **દામ્** ' આદેશ વિકલ્પે થાય છે. (અંહિ ઇ ઇત્સંજ્ઞક સમજવો ઐ, આસ્, આસ્ અને આમ્)

(**बुद्धि+ङे = बुद्धि+दै(ए)=बुद्ध्यै = बुद्ध्ये** = બુદ્ધિ માટે).

स्त्रीदूतः ॥ १–४–२९ ॥

દીર્ઘ ઇકારાન્ત અને ઊકારાન્ત જે નિત્ય સ્ત્રીલિંગી શબ્દ, તેથી પર રહેલ જે ઙિત્ પ્રત્યયો (ઙે, ઙસિ, ઙસ્ અને ઙિ) તેના અનુક્રમે, ' **દૈ, દાસ્ દાસ્** અને **દામ્** ' આદેશ થાય છે.

(**नदी+ङे = नदी+दै(ए) = नद्यै** = નદી માટે).

वेयुवोऽस्त्रियाः ॥ १–४–३० ॥

જેને છેડે દીર્ઘ ઈ ને બદલે ઇય્ અને દીર્ઘ ઊ ને બદલે ઉવ્ બોલાતો હોય, તેવા સ્ત્રી શબ્દ વર્જિત, નિત્ય સ્ત્રીલિંગી શબ્દ સંબંધિ જે દીર્ઘ ઇકારાન્ત અને દીર્ઘ ઊકારાન્ત શબ્દો, તેથી પર રહેલ જે

ઙિત્ પ્રત્યયો (ઙે, ઙસિ, ઙસ્ અને ઙિ પ્રત્યય), તેના સ્થાને અનુક્રમે ' **દ્વૈ, દ્વાસ્, દ્વાસ્,** અને **દ્વામ** આદેશ વિકલ્પે થાય છે.

શ્રી + ઙે = શ્રી + દ્વૈ (ઐ) = શ્રિયૈ, શ્રિયે = લક્ષ્મી માટે, **ભ્રૂ + ઙે = ભ્રૂ + દ્વ(ઐ) ભ્રુવૈ, ભ્રુવે** = ભવાં માટે).

आमो नाम्वा ॥ १-४-३१ ॥

જેને છેડે દીર્ઘ ઈ ને બદલે ઇય્ અને દીર્ઘ ઊ ને બદલે ઉવ્ બોલાતો હોય તેવા સ્ત્રી શબ્દ વર્જિત, નિત્ય સ્ત્રીલિંગી શબ્દ સંબંધિ જે દીર્ઘ ઈકારાન્ત અને દીર્ઘ ઊકારાન્ત શબ્દો, તેથી પર રહેલ સ્યાદિ સંબંધિ જે આમ્, તેનો ' **નામ્** ' આદેશ વિકલ્પે થાય છે.

(શ્રી + આમ્ = શ્રી + નામ્ = શ્રીણામ્, શ્રિયામ્ = લક્ષ્મીનું, **ભ્રૂ + આમ્ = ભ્રૂ + નામ્ = ભ્રૂણામ્, ભ્રુવામ્** = ભવાંઓનું).

ह्रस्वापश्च ॥ १-४-३२ ॥

હ્રસ્વાન્ત આપ્ પ્રત્યયાન્ત અને નિત્ય સ્ત્રીલિંગી જે દીર્ઘ ઈકારાન્ત અને ઊકારાન્ત શબ્દ, તેથી પર રહેલા આમ્નો ' **નામ્** ' આદેશ થાય છે. (**દેવ + આમ્, (નામ્) =દેવાનામ્** = દેવોનું, **મુનિનામ્** મુનિઓનું, **ભાનૂનામ્** = સૂર્યોનું, **માલાનામ્** = માળાઓનું, **મતી-નામ્** = બુદ્ધિયોનું, **ધેનૂનામ્** = ગાયોનું, **સ્ત્રીણામ્** = સ્ત્રીઓનું, **વધૂનામ્** = વહુઓનું).

संख्यानां र्ण्णाम् ॥ १-४-३३ ॥

રકારાન્ત, ષકારાન્ત અને નકારાન્ત જે સંખ્યાવાચક નામ, તેથી પર રહેલા આમ્નો ' **નામ્** ' આદેશ થાય છે.

(चतुर् + आम् (नाम्) = चतुर्णाम् = ચારનું, षष् + आम् (नाम्) = षण्णाम् = છનું, पञ्चन् + आम् = पञ्चानाम् = પાંચનું)

त्रेस्त्रयः ॥ १-४-३४ ॥

આમ્ સંબંધિ જે ત્રિ તેનો ' त्रय ' આદેશ થાય છે.

(त्रि + आम् = त्रय + नाम् = त्रयाणाम् = ત્રણનું).

एदोद्भ्याम् ङसि-ङसो रः ॥ १-४-३५ ॥

એકાર અને ઓકારથી પર રહેલ ઙસિ અને ઙસ્ નો ' र् ' આદેશ થાય છે.

(मुनि + ङसि = मुने + र् = मुनेः = મુનિથી. मुनि + ङस् = मुने + र् = मुनेः = મુનિનું, साधु + ङसि = साधो + र् = साधोः = સાધુથી, साधु + ङस् = साधो + र् = साधोः = સાધુનું)

खि-ति खी-तीय उर् ॥ १-४-३६ ॥

ખિ, તિ, ખી અને તી સંબંધિ જે ય. તેથી પર રહેલ ઙસિ અને ઙસ્ નો ' उर् ' આદેશ થાય છે.

(सखि + ङसि = सख्य् + उर् = सख्युः = સખિથી. पति + ङसि = पत्युः = પોતાનું, सखी + ङसि = सख्युः = સખીને ઇચ્છનાર, पती + ङसि = पत्युः = પતિને ઇચ્છનાર).

ऋतो डुर ॥ १-४-३७ ॥

ઋકારથી પર રહેલ જે ઙસિ અને ઙસ્, તેનો ' डुर ' આદેશ થાય છે. उर् ને બદલે डुर् કરવાથી અન્ત્યસ્વરનો લોપ

જણાવવા માટે છે.

(**पितृ** + **ङसि** = **पितृ+ङर्** = **पितर्** + **उर्**=**पितुः**=પિતાથી).

तृ - स्वसृ - नप्तृ - नेष्टृ - त्वष्टृ - क्षत्तृ - होतृ - पोतृ - प्रशास्तॄ

घुटयार ॥ १-४-३८ ॥

तृ પ્રત્યાન્ત (तृच् અને तृन् પ્રત્યય વાળા) નામ, स्वसृ, तप्तृ, नेष्टृ, त्वष्टृ, क्षत्तृ, होतृ, पोतृ અને प्रशास्तृ શબ્દ સંબંધિ ઋનો, ઘુટ્ પ્રત્યય પર છતાં ' **आर्** ' આદેશ થાય છે. (**कृ** + **तृच्, तृन् वा** = **कर्तृ** + **औ** = **कर्तारौ** = બે કરનાર).

अर्डौ च ॥ १-४-३९ ॥

ઋકારનો ङि અને ઘુટ્ પ્રત્યય પર છતાં ' **अर्** ' આદેશ થાય છે.

(**नृ** + **ङि (इ)** = **नरि** = પુરૂષમાં, **नृ** + **अम्** = **नरम्** + પુરૂષને).

मातुर्मातः पुत्रेऽर्हे सिनाऽऽमन्त्र्ये ॥ १-४-४० ॥

આમન્ત્ર્ય-સંબોધન સૂચક પુત્ર અર્થમાં વર્તમાન જે માતૃ શબ્દ, તેનો સિની સાથે ' **मात** ' આદેશ થાય છે, જો પ્રશંસાનો વિષય હોય તો.

(**गार्गीमाता यस्य तस्यामन्त्रणं हे गार्गीमात** ! = હે ગાર્ગી માતાના પુત્ર !)

ह्रस्वस्य गुणः ॥ १-४-४१ ॥

આમન્ત્ર્ય-સંબોધન સૂચક અર્થમા વર્તમાન જે હ્રસ્વાન્ત

નામ, તેના અન્તને સિની સાથે ' **ગુણ** ' થાય છે.

(**हे मुनि + सि = हे मुने** ! = હે મુનિ ?, **हे पितृ + सि = हे पितर् = हे पितः** ! = હે પિતા !)

एदापः ॥ १–४–४२ ॥

આમન્ત્ર્ય અર્થમાં વર્તમાન જે આપન્ત (આપ્–આ પ્રત્યય વાળા) નામ, તેના અન્તનો, સિની સાથે ' **એ** ' થાય છે. (**हे बाला + सि = हे बाले** = હે બાલિકા !)

नित्यदिद्-द्विस्वराम्बार्थस्य ह्रस्वः ॥ १–४–४३ ॥

આમન્ત્ર્ય અર્થમાં વર્તમાન જે નિત્ય દિદ્ (જેનાથી પર દૈ, દાસ્, દાસ્ અને દામ્ આદેશ નિત્ય થાય તે) શબ્દો અને બે સ્વર વાળા અમ્બાર્થક જે (આપ્ પ્રત્યયાન્ત) શબ્દો તેના અન્તનો, સિની સાથે ' **હ્રસ્વ** ' થાય છે.

(**हे स्त्री + सि=हे स्त्रि** ! = હે સ્ત્રી !; **हे अम्बा + सि= हे अम्ब** ! = હે માતા !)

अदेतः स्यमोर्लुक् ॥ १–४–४४ ॥

આમન્ત્યે અર્થમાં વર્તમાન જે આકારાન્ત અને એકારાન્ત નામ તેથી પર રહેલ જે સિ અને અમ્ (સિના સ્થાનમાં થએલ હોય તે), તેનો ' **લુક્** ' થાય છે. (**हे देव + सि = हे देव** !=હે દેવ !. **हे कमल + सि (अम्) = हे कमल** ! = હે કમલ).

दीर्घङ्याब-व्यञ्जनात्सेः ॥ १–४–४५ ॥

દીર્ઘ એવો જે ઙયન્ત અને આપન્ત (આપ્ પ્રત્યયવાળા)

શબ્દ તથા વ્યંજનાન્ત શબ્દ, તેથી પર રહેલ જે સિ. તેનો 'લુક્' થાય છે. (**नदी** + **सि** = **नदी** = નદી, **माला** + **सि** = **माला** = માળા, **राजन्** + **सि** = **राजा** = રાજા).

समानादमोऽतः ॥ १-४-४६ ॥

સમાનાન્ત નામથી (અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, ૠ, ઌ, ૡ, આ સ્વરો સમાન સંજ્ઞક છે એવા નામથી) પર રહેલ જે અમ્ (અહિં અમ્ થી નપુંસકલિંગમા, સિ અને અમ્ના સ્થાનમાં થએલ જે અમ્ તેનું પણ ગ્રહણ સમજવું) તેના અનો, 'લુક્' થાય છે.

(**देव** + **अम्** = **देवम्** = દેવને, **कमल** + **सि** = **कमल** + **अम्** = **कमलम्** = કમળ, કમળને.)

दीर्घो नाम्यतिसृ-चतसृ-षृः ॥ १-४-४७ ॥

તિસ્, ચતસ્, રકારાન્ત અને ષકારાન્ત વર્જિત જે સમાનાન્ત નામ, તેના સ્વરનો, નામ્ પર છતાં 'દીર્ઘ' થાય છે.

(**वन** + **नाम्** = **वनानाम्** = વનોનાં).

नृवा ॥ १-४-४८ ॥

નૃ શબ્દ સંબંધી જે સમાન સ્વર, તેનો નામ્ પર છતાં વિકલ્પે 'દીર્ઘ' થાય છે.

(**नृ** + **नाम्** = **नॄणाम्** , **नृणाम्** = માણસનાં).

शसोऽता सश्च नः पुंसि ॥ १-४-४९ ॥

સમાનાન્ત નામના અન્તનો, પર રહેલા શસ્ પ્રત્યય સંબંધિ જે

'અ' તેની સાથે. ' **દીર્ઘ** ' થાય છે, અને તેના સન્નિયોગમાં પુલિંગને વિષે શસ્ના સ્નો ' **ન્** ' આદેશ થાય છે (**દેવ + શસ્ (અસ્)**= **દેવાસ્ = દેવાન્** = દેવોને).

संख्या-साय-वेरह्नस्याऽहन् ङौ वा ॥ १–४–५० ॥

સંખ્યાવાચક શબ્દ, સાયમ્ શબ્દ અને વિ શબ્દથી પર રહેલ જે અહ્ન તેના સ્થાને ઙિ પર છતાં, ' **અહન્** ' આદેશ વિકલ્પે થાય છે.

(**द्वयोरह्नोर्भव इति = [द्वि + अह्न + अण् + अट्] द्वयह्नस्तस्मिन् = (द्वयह्न + ङि) = द्वयहनि, द्वयह्नि, द्वयह्ने** = બે દિવસમાં ' **દ્વયહ્નિ** ' એ રૂપ ' **અહન્** ' આદેશ થયે છતે **ईङौ वा** ' [૨–૧–૧૦૮] એ સૂત્રથી અન્ ના અ નો વિકલ્પે ' લુક્ ' થવાથી થએલ છે).

निय आम् ॥ १–४–५१ ॥

નીથી પર રહેલ જે ઙિ, તેનો ' **આમ્** ' આદેશ થાય છે.
(**नी + ङि = नी + आम् = नियाम्** = લઈ જનાર ઉપર),

वाष्टन आः स्यादौ ॥ १–४–५२ ॥

અષ્ટન્ શબ્દના અન્તનો, સ્યાદિ પર છતાં ' **આ** ' આદેશ વિકલ્પે થાય છે. (**अष्टन् + भिस् = अष्टाभिः, अष्टभिः** = આઠ વડે).

अष्ट और्जस्-शसोः ॥ १–४–५३ ॥

કર્યો છે આકાર તે જેને, એવો જે અષ્ટન્ શબ્દ તત્સંબંધિ જે જસ્ અને શસ્ તેનો ' **औ** ' આદેશ થાય છે.

(**अष्टन्** + **जस्**, **शस्** = **अष्टा** + **जस्**, **शस्** (**औ**) = **अष्टौ** = આઠ, આઠને).

डति-षणः संख्यायाः लुप् ॥ १-४-५४ ॥

ડતિ પ્રત્યયાન્ત, (કતિ, યતિ, તતિ વગેરે) પકારાન્ત અને નકારાન્ત જે સંખ્યાવાચક નામ, તત્સંબંધિ જે જસ્ અને શસ્ તેનો '**લુપ્**' થાય છે.

(**कति** = [**किम्** + **डति**] **जस्** = **कति** = કેટલા, **षट्** + **जस्** = **षड्**, **षट्** = છ, **पञ्चन्** + **जस्** = **पञ्च** = પાંચ.

नपुंसकस्य शिः ॥ १-४-५५ ॥

નપુંસકલિંગી શબ્દ સંબંધિ જે જસ્ અને શસ્, તેને '**શિ**' આદેશ થાય છે.

(**कुण्ड** + **जस्** = **कुण्ड** + **न्** + **इ** = **कुण्डानि** = કુંડાઓ,)

औरीः ॥ १-४-५६ ॥

નપુંસકલિંગ સંબંધિ જે ઔ, તેનો '**ઈ**' આદેશ થાય છે. (**कुण्ड** + **औ** = **कुण्ड** + **इ** = **कुण्डे** = બે કુંડા, બે કુંડાને)

अतः स्यमोऽम् ॥ १-४-५७ ॥

અકારાન્ત નપુંસકલિંગી શબ્દ સંબંધિ જે સિ અને અમ્, તેનો '**અમ્**' આદેશ થાય છે. (**कुण्ड** + **सि (अम्)** = **कुण्डम्** = કુંડ, કુંડને, **हे कुण्ड** + (**सि**) **अम्** = **हे कुण्ड** ! હે કુંડા) અહિં " **अदेतः ० [१-४-४४]** " એ સૂત્રથી અમ્ નો લુક્ થયો છે. પ્રથમા અને સંબોધન વિભક્તિ સરખી હોવાથી જ્યાં પ્રથમા કહી હોય ત્યાં સંબોધન વિભક્તિ લેવાની છે.

पञ्चतोऽन्यादेरनेकतरस्य दः ॥ १-४-५८ ॥

એકતર વર્જિત અન્ય, અન્યતર, ઇતર, કતર, કતમ, એ પાંચ નપુંસકલિંગી શબ્દો. તત્સંબંધિ સિ અને અમ્, તેનો 'દ્' આદેશ થાય છે. (**अन्य + सि = अन्यद्, अन्यत्** = બીજા).

अनतो लुप् ॥ १-४-५९ ॥

અકારાન્ત ભિન્ન નપુંસકલિંગી શબ્દ સંબંધિ જે સિ અને અમ્, તેનો '**લોપ**' થાય છે. (**कर्तृ + सि = कर्तृ** = કરનારૂં)

जरसो वा ॥ १-४-६० ॥

જરસન્ત નપુંસકલિંગી શબ્દ સંબંધિ જે સિ અને અમ્, તેનો વિકલ્પે '**લોપ**' થાય છે.

(**निर्गता जरा यस्मात् तद्** = [**निर्** + **जरस्** + **सि**] **निर्जरः, निर्जरसम्, निर्जरम्** = દેવ, અમૃત, અમર). અહિં " **जराया ०** [२-१-३]" એ સૂત્રથી **जरस्** આદેશ થયો છે.

नामिनो लुग्वा ॥ १-४-६१ ॥

નામી સ્વરો છે અન્તે જેને એવા નપુંસકલિંગી શબ્દ સંબંધિ જે સિ અને અમ્, તેનો વિકલ્પે '**લુક્**' થાય છે.

(**हे वारि + सि = हे वारे ! हे वारि !** = હે પાણી !

આ સૂત્રથી લુક્ થાય ત્યારે, લુકનો સ્થાનિવદ્ભાવ માનીને " **ह्रस्वस्य गुणः** [१ ४ ४१] " એ સૂત્રથી ગુણ થાય, ત્યારે '**हे वारे !**' થાય છે. પરન્તુ આ સૂત્ર ન લાગે ત્યારે '**अनतो लुप्** [१-४-५९]' એ સૂત્રથી લોપ થાય છે અને લોપનો સ્થનિવદ્ભાવ થતો નથી, તેથી '**हे वारि !**' એ પ્રમાણે થાય છે).

बान्यत. पुंमाष्टादौ स्वरे ॥ १-४-६२ ॥

વિશેષના વશથકી નામ્યન્ત નપુંસકલિંગી શબ્દ, ટા વગેરે સ્વરાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં ' **પુલિંગ જેવો** ' વિકલ્પે થાય છે.

(**ग्रामणी + टा = ग्रामण्या, ग्रामणिना** = ગામના મુખ્યી વડે, **ग्रामणिना** ' અહિં ' **अनाम् स्वरे नोऽन्तः** ' [१-४-६४] એ સૂત્રથી ' **न्** ' અન્તાગમ થઈ, ટાનો આ મળી ' **ग्रामणिना** ' થયેલ છે).

दध्यस्थि-सक्थ्यक्ष्णोऽन्तस्याऽन् ॥ १-४-६३ ॥

નામ્યન્ત નપુંસકલિંગી જે દધિ, અસ્થિ, સક્થિ અને અક્ષિ શબ્દ, તેના અન્તને, ટા વગેરે સ્વરાદિ સ્યાધિ પ્રત્યય પર છતાં ' **अन्** ' આદેશ થાય છે,

(**दधि + टा = दध् + अन् + टा = दध् + न् + आ = दध्ना** = દહીં વડે).

अनाम्स्वरे नोऽन्तः ॥ १-४-६४ ॥

નામ્યન્ત નપુંસકલિંગી શબ્દને, આમ્ વર્જિત સ્વરાદિ સ્યાદિ (આ, ઓ, અસ્, ઓસ્ ને ઈ) પ્રત્યયપર છતાં ' **न्** ' અન્તાગમ થાય છે.

(**वारि + टा = वारि + न् + आ = वारिणा** = પાણી વડે).

स्वराच्छौ ॥ १-४-६५ ॥

શિ પર છતાં, સ્વરાન્ત નપુંસકલિંગી નામથી પર '**न्**' અન્તાગમ્ થાય છે. (**कुण्ड + जस् = कुण्ड+शि= कुण्डानि** = કુંડા, કુંડાને.) અહિં " **नपुसकस्य०** [१-४-५५] " એ સુત્રથી **शि** થયો છે

તથા **नि दीर्घः** [१-४-८५]'' એ સૂત્રથી દીર્ઘ થયો છે

धुटां प्राक् ॥ १-४-६६ ॥

સ્વરથી પર રહેલ જે ધુટ્ જાતિ (એક અથવા અનેક ધુટ્), તદન્ત નપુંશકલિંગી શબ્દ, તેને શિ પર છતાં ધુટ્ની પહેલા જ **'न्'** અન્તાગમ થાય છે.

(**पयस् + जस् = पयस् + शि = पयन्स + इ = पयांसि** = દૂધ, દુધને)

लौ वा ॥ १-४-६७ ॥

ર્ અને લૃથી પર જે ધુટ્ જાતિ (એક અથવા અનેક ધુટ્), તદન્ત જે નપુંસકલિંગી શબ્દ, તેને શિ પર છતાં ધુટ્ની પહેલા **'न्'** અન્તાગમ વિકલ્પે થાય છે.

(**बहूर्ज्जि, बहूर्जि** = ઘણા બળવાળા, ઘણા બળવાળાને)

घुटि ॥ १-४-६८ ॥

આ અધિકાર સૂત્ર છે; આ પાદની સમાપ્તિ થાય ત્યાં સુધી વિશેષ નિમિત્ત ન બતાવ્યું હોય ત્યાં, જે કાર્ય કહેવાશે તે ધુટ્ પર છતાં જાણવું.

अचः ॥ १-४-६९ ॥

ધુડન્ત જે અગ્ચ્ ધાતુ, તેને ધુટ્ પર છતાં ધુટ્ની પહેલા **'न्'** અન્તાગમ થાય છે.

(**प्रकर्षेण अञ्चतीति [प्र+अञ्च् +क्विप् + सि = प्र+अच् + सि = प्र + अन्च्+सि=प्र् + अङ्च्+सि=प्र+अङ्ञ्] = प्राङ्=** પ્રકૃષ્ટ – વિશેષ ગમન કરનાર).

ऋदुदितः ॥ १–४–७० ॥

ऋदित् (ऋ જેમાં ઈત્સંજ્ઞક હોય તે) અને उदित् (उ જેમાં ઈત્સંજ્ઞક હોય તે) અને उदित् જે धुडन्त नाम, तेने धुट् પર છતાં धुट्नी પહેલા 'न्' अन्तागम थाय छे.

कृ + शतृ (अत्) + सि = कुर्वत् (कुरु + सि) = कुर्वन् + त् + सि = कुर्वन् = કરતો.) **विद्वसु + सि = विद्वान् + सि = विद्वान् =** વિદ્વાન

युञ्रोऽसमासे ॥ १–४–७१ ॥

સમાસમાં નહિ વર્તતો એવો धुडन्त જે युज् (युजृंषि) धातु, तेने धुट् પર છતાં, પહેલા 'न्' अन्तागम थाय छे.

(**युज् + क्विप् + सि = युन्ज् + सि = युङ्** = જોડનાર).

अनडुहः सौ ॥ १–४–७२ ॥

धुडन्त જે अनडुह् शब्द, तेने सि પર છતાં, धुट्नी પહેલા 'न्' अन्तागम थाय छे.

(**अनडुह्+सि = अनडुन्ह् + सि = अनड्वान् + सि = अनड्वान् =** બળદ),

पुंसोः पुमन्स् ॥ १–४–७३ ॥

પુમ્સના સ્થાનમાં, धुट् પ્રત્યય પર છતાં, ' पुमन्स् ' आदेश थाय छे. (**पुंस् = पुमन्स्+सि=पुमान्=**પુરુષ).

ओत औः ॥ १–४–७४ ॥

નામને અંતે ઓકાર હોય તો, તેનો ધુટ્ પર છતાં, ઓકારનો ' **औ** ' આદેશ થાય છે.

(**गो+सि=गौ+सि = गौः** = ગાય)

आ अम्-शसोऽता ॥ १-४-७५ ॥

અન્તના ઓકારના સ્થાને, પર રહેલ **अम्** અને **शस्**ના અકારની સાથે, ' **आ** ' આદેશ થાય છે.

(**गो+अम् = गाम्** = ગાયને, **गो + शस् (अस्**) = **गाः**= ગાયોને).

पथिन्-मथिनृभुक्षः सौ ॥ १-४-७६ ॥

નકારન્ત એવા પથિન્, મથિન્ અને ઋભુક્ષિન્ શબ્દના અન્તને, સિ પર છતાં ' **आ** ' આદેશ થાય છે. (**पथिन्+सि = पन्थाः** = રસ્તો).

एः ॥ १-४-७७ ॥

નકારાન્ત એવા પથિન્, મથિન્ અને ઋભુક્ષિન્ શબ્દના ઇનો, ધુટ્ પર છતાં ' **आ** ' આદેશ થાય છે.

(ऋभुक्षिन् + सि = ऋभुक्षाआ + सि = ऋभुक्षाः = ઇન્દ્ર)

थो न्थ् ॥ १-४-७८ ॥

નકારાન્ત એવા પથિન્ અને મથિન્ શબ્દના થ્ નો, ધુટ્ પર છતાં ' **न्थ्** 'આદેશ થાય છે.

मथिन् + सि = मथिआ + सि = मथ् आआ (मथ् आ, + सि = मन्थ्आ + सि = मन्थाः = મંથન કરનાર, રવૈયો)

इन् ङी स्वरे लुक् ॥ १–४–७९ ॥

નકારાન્ત પથિન્, મથિન્ અને ઋભુક્ષિન્ શબ્દના ઇનનો, ङी અને ધુટ્ વર્જિત સ્વરાદિ સ્યાદિ (આ, ઓ, અસ્, ઓસ્ અને ઈ) પ્રત્યય પર છતાં ' લુક્ ' થાય છે.

(**सुष्ठु पन्थाः यस्मिन् सा** = (**सु + पथिन् + ङी=सुपथी स्त्री** = સદાચારવાળી સ્ત્રી, **पथिन्+शस् (अस्)=पथः** =રસ્તાઓને

वोशनसो नश्चामन्त्र्ये सौ ॥ १–४–८० ॥

સિ પર છતાં, અમાન્ત્ર્ય અર્થમાં વર્તમાન જે ઉશનસ્ શબ્દ, તેના અન્તનો ' ન્ અને લુક્ ' વિકલ્પે થાય છે.

(**हे उशनस् + सि = हे उशनन् ! हे उशन !, हे उशनः ! =** હે શુક્ર !),

उतोऽनडुच्चतुरो वः ॥ १–४–८१ ॥

સિ પર છતાં, આમાન્ત્ર્ય અર્થમાં વર્તમાન જે અનડુહ્ અને ચતુર્ શબ્દ, તેના ઉનો, ' વ ' આદેશ થાય છે.

(**हे अनडुह + सि = हे अनड्वन् !** હે બળદ ?

वा शेषे ॥ १–४–८२ ॥

અનડુહ્ અને ચતુર્ શબ્દના ઉનો, શેષધુટ્ (સંબોધનના સિ સિવાયના જે ધુટ્ સંજ્ઞક પ્રત્યયો, તે શેષધુટ્ કહેવાય છે.) પ્રત્યય પર છતા ' વા ' આદેશ થાય છે.

(**अनडुह् + सि = आनड्वान्** = બળદ)

सख्युरितोऽशावैत ॥ १–४–८३ ॥

ઇકારાન્ત જે સખિ શબ્દ તેના અન્તનો શિ ' **नपुंसकस्य०**

[१-४-५५]" એ સૂત્રથી જસ્ અને શસ્ પ્રત્યયના સ્થાને થયેલ જે ' शि ' વર્જિત શેષધુટ્ પર છતાં ' औ ' આદેશ થાય છે.

(सखि+औ=सखै+औ=सखायौ=બે મિત્ર)

ऋदुशनस्-पुरुदंशोऽनेहसश्च सेर्डाः ॥ १-४-८४ ॥

ऋકારાન્ત, उशनस्, पुरुदंशस्, अनेहस् અને ઇકારાન્ત જે સખિ શબ્દ, તેથી પર રહેલ જે શેષ સિ, તેના ' ડા (आ) ' આદેશ થાય છે. (कर्तृ+सि=कर्तृ+डा (आ) = कर्ता = કરનાર)

नि दीर्घः ॥ १-४-८५ ॥

શેષધુટ્ પ્રત્યય પર છે જેને એવા ન્ પર છતાં, સ્વરનો ' दीर्घ ' થાય છે.

(राजन् + सि = राजा = રાજા)

न्स् -महतोः ॥ १-४-८६ ॥

न्સન્ત શબ્દના પૂર્વનો અને महत् શબ્દના અન્ત્ય સ્વરનો ' दीर्घ ' થાય છે.

(पुमन्स् + सि = पुमान् = પુરુષ, महत् + सि = महान् = મોટો).

इन्-हन-पूषार्यम्णः शिस्योः ॥ १-४-८७ ॥

ઇનન્ત, हन्, पूषन् અને अर्यमन् શબ્દના સ્વરોનો, शि અને सि પર છતાં ' दीर्घ ' થાય છે.

(दण्डोऽस्त्यस्य = [दण्ड + इन् + सि] दण्डी = રાજા, યમ दण्ड+इन्+जस् (शि) = दण्डीनि = દંડવાળાં).

अपः ॥ १-४-८८ ॥

अप् शब्दना स्वरनो, शेषधुट् प्रत्यय पर छतां 'दीर्घ' थाय छे.

(अप् + अस् = आपः = पाणी)

नि वा ॥ १-४-८९ ॥

अप् शब्दना स्वरनो न् आगम थये छते, धुट् पर छतां विकल्पे 'दीर्घ' थाय छे.

(सु + अप् + जस् = स्वाप् + न् + शि(इ) = स्वाम्पि = स्वम्पि = सारा पाणीवाळा).

अभ्वादेरत्वसः सौ ॥ १-४-९० ॥

भ्वादि वर्जित अत्वन्त (अतु छे अन्तमां जेने) अने अस्वन्त (असु छे अन्तमां जेने) एवा जे नाम, तेना स्वरनो शेष सि पर छतां 'दीर्घ' थाय छे.

(भा + डवतु (अवत्) + सि = भवन्त् + सि = भवान् = आप; तमे, अदभ्यः सरन्तीति = [अप् + सृ + असु (अस्) + सि] = अप्सराः = देवलोकनी वेश्या).

क्रुशस्तुनस्तृच् पुंसि ॥ १-४-९१ ॥

क्रुश् धातुथी पर रहेल जे तुन् प्रत्यय, तेनो शेष धुट् पर छतां 'तृच्' आदेश थाय छे, जो पुलिंगनो विषय होय तो.

(क्रुश् + तुन् + सि = क्रोष् + तृच् + सि=क्रोष्टा=शियाळ)

टादौ स्वरे वा ॥ १-४-९२ ॥

क्रुश् धातुथी पर रहेल जे तुन्, तेनो, टादि स्वरादि प्रत्यय पर छतां, विकल्पे 'तृच्' आदेश थाय छे.

(क्रुश् + तुन् + (आ) = क्रोष्ट्रा, क्रोष्टुना = शियाळ वडे).

स्त्रियाम् ॥ १–४–९३ ॥

क्रुश् धातुथी पर रहेल जे तुन्, तेनो स्त्रीलिंगमां 'तृच्' आदेश थाय छे.

क्रुश् + तुन् + ङी + सि = क्रोश् + तृच् + ई + सि = क्रोष्ट्री = शियाळडी).

॥ इत्याचार्य श्री हेमचन्द्रविरचिते सिद्धहेमशब्दानुशासने बालावबोधिनीवृत्तेः प्रथमाध्यायस्य चतुर्थपादः ॥

सोत्कण्ठमङ्गलगतैः कचकर्षणैश्च,
वक्त्राब्जचुम्बननखक्षतकर्मभिश्च ॥
श्रीमूलराजहतभूपतिभिर्विलेसुः,
संख्येऽपि खेऽपि च शिवाश्च सुरस्त्रियश्च ॥ ४ ॥

उत्कंठा पूर्वकमंगलप्रतिवडे, वाळभेंचवावडे, मुखरूपीकमलना चुंबनवडे, अने नखोरीया भरवावडे करीने **श्री मूलराजे** हणेला राजाओनी साथे संग्राममां शियाळो अने देवलोकमां देवांगनाओ विलास करती हती. (४)

इति कलिकालसर्वज्ञ श्रीहेमचन्द्रसूरिभगवत्प्रणीतं शब्दानुशासनस्य लघुवृत्त्यावलम्बिनि शासनसम्राट् श्रीविजयनेमिसूरीश्वर–पट्टधर श्रीविजयमहिमाप्रभसूरिकृत्त गुर्जरभाषायां बालावबोधिनीवृत्तेः

प्रथमोऽध्यायः समाप्तम् ॥

[अथ द्वितीयोऽध्यायः]

[प्रथमपादः]

त्रि-चतुरस्तिस्र-चतुस्र स्यादौ ॥ २-१-१ ॥

સ્ત્રીલિંગમાં વર્તમાન त्रि અને चतुर् શબ્દના સ્થાને, સ્યાદિ પ્રત્યય પર છતાં અનુક્રમે 'तिस्र् અને चतस्र्' આદેશ થાય છે, (त्रि + जस् = तिस्र् + अस् = तिस्रः = ત્રણ સ્ત્રીઓ)

ऋतो रः स्वरेऽनि ॥ २-१-२ ॥

तिस्र् અને चतस्र् શબ્દમાં રહેલ ऋનો, સ્વરાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં 'र्' આદેશ થાય છે, જો न् નો વિષય ન હોય તો (तिस्रः = ઉપર જેમ. तिसृणाम् = ત્રણનું).

जराया जरस वा ॥ २-१-३

સ્વરાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં, जरा ના સ્થાનમાં 'जरस्' આદેશ વિકલ્પે થાય છે. (जरा + औ = जरसौ, जरे = બે વૃદ્ધ)

अपोऽद्भ्रे ॥ २-१-४ ॥

ભકારાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં अप् ના સ્થાનમાં, 'अद्भ्' આદેશ થાય છે. (अप् + भिस् = अद्भिः = પાણી વડે),

आ रायो व्यंजने ॥ २-१-५ ॥

વ્યંજનાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં, रै શબ્દના અન્તને 'आ' આદેશ થાય છે. (रै + सि = राः = ધન, લક્ષ્મી).

युष्मदस्मदोः ॥ २–१–६ ॥

વ્યંજનાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં, યુષ્મદ્ અને અસ્મદ્ના અન્તનો, '**आ**' આદેશ થાય છે.

(**युष्मद् + भ्याम् = युवआ + भ्याम् = युवाभ्याम्** , ૨ = તમારા બે વડે, તમારા બે માટે, તમારા બેથી, **अस्मद् + भ्याम् = आवाभ्याम्** , ૨ = અમારા બે વડે, અમારા બે માટે, અમારા બેથી, **युष्मद् + भिस् = युष्माभिः** = તમારા વડે, **अस्मद् + भिस् = अस्माभिः** = અમારા વડે, **युष्मद् + सुप् =युष्मासु**=તમારામાં **अस्मद् + सुप् = अस्मासु** = અમારામાં).

टा–ङयोसि यः ॥ २–१–७ ॥

ટા, ઙિ અને ઓસ્ પ્રત્યય પર છતાં, યુષ્મદ્ અને અસ્મદ્ના અન્તનો '**य्**' આદેશ થાય છે.

(**युष्मद् + टा = युष्म = (त्व) द् = (य्) + आ = त्वया** તારાથી, **अस्मद् + टा = अस्म = (म) द् = (य्) + आ = मया** = મારાથી, **युष्मद् + ङि = त्वयि** = તારામાં, **अस्म + ङि = मयि** = મારામાં).

शेषे लुक् ॥ २–१–८ ॥

આત્વ અને યત્વના નિમિત્તથી ભિન્ન સ્યાદિ પ્રત્યય પર છતાં, યુષ્મદ્ અને અસ્મદ્ના અન્તનો '**लुक्**' થાય છે.

(**युष्मद् + भ्यस् = युष्म + अभ्यम् = युष्मभ्यम्** = તમારા માટે, **अस्मद् + भ्यस् = अस्म + अभ्यम् = अस्मभ्यम्** = અમારા માટે).

मोर्वा ॥ २-१-९ ॥

આત્વ અને યત્વના નિમિત્તથી ભિન્ન સ્યાદિ પ્રત્યય પર છતાં, યુષ્મદ્ અને અસ્મદ્ના અન્તનો, વિકલ્પે ' લુક્ ' થાય છે.

(**युष्मद् + भ्यस् (अभ्यम्) = युष्मभ्यम्**), **युष्मभ्यम्** = તમારા માટે, **अस्मद् + भ्यस् (अभ्यम्) = अस्मभ्यम्** , **अस्मभ्यम्** = અમારા માટે).

मन्तस्य युवाऽऽवौ द्वयोः ॥ २-१-१० ॥

દ્વિત્વ વિશિષ્ટ અર્થમાં (દ્વિવચનમાં) વર્તમાન યુષ્મદ્ અને અસ્મદ્ શબ્દના મ સુધીના ભાગનો, સ્યાદિ પ્રત્યય પર છતાં, અનુક્રમે ' **युव अने आव** ' આદેશ થાય છે.

(**युष्मद् + औ = युवआ + म् = युवाम्** , ૨ = તમે બે... તમને બેને..., **अस्मद् + औ = आवआ + म् = आवाम्** , ૨ = અમે બે..., અમને બેને..., **युष्मद् + ओस् = युवय् + ओस् = युवयोः** ૨ = તમારા બેનુ...તમારા બેમાં..., **अस्मद् + ओस् = आवय् + ओस् = आवयोः**, ૨ = અમારા બેનું..., અમારા બેમાં...,

त्व-मौ प्रत्येत्तरपदे चैकस्मिन ॥ २-१-११ ॥

એકત્વ વિશિષ્ટ અર્થમાં (એક વચનમાં) વર્તમાન યુષ્મદ્ અને અસ્મદ્ શબ્દના મ સુધીના ભાગનો, સ્યાદિ પ્રત્યય, અને ઉત્તર પદ પર છતાં અનુક્રમે ' **त्व અને म** ' આદેશ થાય છે.

(**युष्मद् + अम् = त्वआ + म् =त्वाम्**=તને..., **अस्मद् + अम् = मआ + म् = माम्** = મને...).

त्वमहं सिना पाक् चाकः ॥ २-१-१२ ॥

યુષ્મદ્ અને અસ્મદ્ શબ્દનો, સિની સાથે અનુક્રમે ' **त्वम्** અને **अहम्** ' આદેશ થાય છે. અને અક્ પ્રત્યયના વિષયમાં અક્ પ્રત્યયની પહેલા જ ' **त्वम्** અને **अहम्** ' આદેશ થાય છે.

(**युष्मद् + सि = त्वम्** = તું, **अस्मद् + सि = अहम्** = હું, **त्वकम्** = તું, **अहकम्** = હું).

युयं-वयं जसा ॥ २-१-१३ ॥

યુષ્મદ્ અને અસ્મદ્ શબ્દના સ્થાને જસ્ પ્રત્યયની સાથે અનુક્રમે ' **युवम्** અને **वयम्** ' આદેશ થાય છે અને અક્ પ્રત્યયના વિષયમાં અક્ પ્રત્યયની પહેલા જ ' **युवम्** અને **वयम्** આદેશ થાય છે.

(**युऽमद् + जस् = युयम्** = તમે..., **अस्मद् + जस् = वयम्** = અમે, **युयकम् = તમે, वयकम्** = અમે)

तुभ्यं-मह्यं ङया ॥ २-१-१४ ॥

યુસ્મદ્ અને અસ્મદ્ના સ્થાને, ઙે પ્રત્યયની સાથે અનુક્રમે ' **तुभ्यम्** અને **मह्यम्** ' આદેશ થાય છે અને અક્ની પહેલા જ ' **तुभ्यम्** અને **मह्यम** ' આદેશ થાય છે. (**युष्मद् + ङे + तुभ्यम्** = તારા માટે, **अस्मद् + ङे = मह्यम्** = મારા માટે, **तुभ्यकम्** = તારા માટે, **मह्यकम्** = મારા માટે)

तव-मम ङसा ॥ २-१-१५ ॥

યુષ્મદ્ અને અસ્મદ્ના સ્થાને; ઙસ્ પ્રત્યયની સાથે અનુક્રમે ' **तव** અને **मम** ' આદેશ થાય છે અને અક્ના વિષયમાં અક્ની

પહેલા જ 'तव અને मम' આદેશ થાય છે.

(युस्मद् + ङस् = तव = તારું..., अस्मद् + ङस् = मम = મારું, तवक = તારું, ममक = મારું)

अमौ मः ॥ २-१-१६ ॥

યુષ્મદ્ અને અસ્મદ્થી પર રહેલ જે अम् અને औ, તેના સ્થાને 'म' આદેશ થાય છે.

(युष्मद् + अम् (म्) = त्वाम् = તને..., अस्मद् + अम् (म्) माम् = મને).

शसो नः ॥ २-१-१७ ॥

યુષ્મદ્ અને અસ્મદ્થી પર રહેલ જે शस्, તેના 'न्' આદેશ થાય છે,

(युस्मद् +शस् (न्) = युष्मान् = તમને..., अस्मद् + शस् (न्) = अस्मान् = અમને).

अभ्यम् भ्यसः ॥ २-१-१८ ॥

યુષ્મદ્ અને અસ્મદ્થી પર રહેલ જે भ्यस् (ચતુર્થીના બહુવચનનો), તેનો 'अभ्यम्' આદેશ થાય છે.

(युस्मद् + भ्यस् (अभ्यम्) = युष्मभ्यम् = તમારા માટે, अस्मद् + भ्यस् (अभ्यम्) = अस्मभ्यम् = અમારા માટે)

ङसेरत्वाऽद् ॥ २-१-१९ ॥

યુષ્મદ્ અને અસ્મદ્થી પર રહેલ જે ङसि અને भ्यस् (પંચમીના બહુવચનમાં), તેના સ્થાને 'अद्' આદેશ થાય છે.

युस्मद् + ङसि (अद्) = त्वद् (त्व) + अद् = त्वद् = તારાથી, **अस्मद् + ङसि (अद्) = मद् (म) + अद् = मद्** = મારાથી, **युष्मद् + भ्यस् (अद्) = युष्मद्** = તમારાથી, **अस्मद् + भ्यस् (अद्) = अस्मद्** = અમારાથી ,,

आम आकम् ॥ २–१–२० ॥

યુષ્મદ્ અને અસ્મદ્થી પર રહેલ જે આમ્, તેના સ્થાને '**આકમ્**' આદેશ થાય છે.

(**युष्मद् + आम् (आकम्) =युष्माकम्** =તમારૂં, **अस्मद् + आम् (आकम्) = अस्माकम्** = અમારૂં ,

पदाद्युग्विभक्त्यैकवाक्ये वस्–नसौ बहुत्वे ॥ २–१–२१ ॥

પદથી પર રહેલ જે યુષ્ મ્ અને અસ્મદ્ તેના સ્થાને, બહુત્વ વિષયમાં વર્તમાન યુગ્ વિભક્તિના સાથે (બહુવચનમાં વર્તમાન બીજી, ચતુર્થી અને ષષ્ઠી વિભક્તિ સાથેની), અનુક્રમે '**वस्** અને **नस्**' આદેશ થાય છે; જો નિમિત્ત અને નિમિત્ત એક વાક્યમાં હોય તો.

(**धर्मो वो युष्मान्** = (**युष्मद् + शस्**) **वा पातु** = ધર્મ તમારૂં રક્ષણ કરો ! **धर्मो नो अस्मान्** = (**अस्मद् + शस्**) **वा पातु** = ધર્મ અમારૂં રક્ષક કરો !) '**नित्यमन्वादेशे**' (૨–૧–૩૧) એ સૂત્રમાં '**वस्, नस्**' વિગેરે આદેશો નિત્ય કહેલ હોવાથી "**पदाद्युग्०** (૨–૧–૨૧)" એ સૂત્રમાં '**वस्, नस्**' વિગેરે આદેશો વિકલ્પે સમજવા; એવી રીતે નીચેના ત્રણે સૂત્રમાં સમજી લેવું).

द्वित्वे वाम्–नौ ॥ २–१–२२ ॥

પદથી પર રહેલ જે યુષ્મદ્ અને અસ્મદ્ તેના સ્થાને, દ્વિત્વ વિષયમાં વર્તમાન યુગ્ વિભક્તિની સાથે (દ્વિવચનમાં વર્તમાન બીજી, ચતુર્થી અને ષષ્ઠી વિભક્તિની સાથે), અનુક્રમે ' **वाम्** અને **नौ** ' આદેશ થાય છે; જે નિમિત્ત અને અને નિમિત્ત એક વાક્યમાં હોય તો.

(**धर्मो वां** = (**युष्मद्** + **औ**) **युवां पातु** = ધર્મ તમારા બેનું રક્ષણ કરો ! **धर्मो नौ** = (**अस्मद्** + **औ**) **आवां पातु** = ધર્મ અમારૂં બેનું રક્ષણ કરો !).

ङे–ङसा ते–मे ॥ २–१–२३ ॥

પદથી પર રહેલ યુષ્મદ્ અને અસ્મદ્ના સ્થાને, ङे અને ङसની સાથે અનુક્રમે ' **ते** અને **मे** ' આદેશ થાય છે; જે નિમિત્ત અને નિમિત્તિ એક વાક્યમાં હોય તો.

(**युष्मद्** + **ङे**) **धर्मस्ते तुभ्यम् वा दीयते** = ધર્મ તારા માટે અપાય છે, (**अस्मद्** + **ङे**) **धर्मो मे मह्यम् वा दीयते** = ધર્મ મારા માટે અપાય છે).

अमा त्व–मा ॥ २–१–२४ ॥

પદથી પર રહેલ યુષ્મદ્ અને અસ્મદ્ના સ્થાને, अमની સાથે અનુક્રમે ' **त्वा** અને **मा** ' આદેશ થાય છે; જે નિમિત્ત અને નિમિત્તિ એક વાક્યમાં હોય તો.

(**युष्मद्** + **अम्**) = **धर्मस्त्वा त्वां वा पातु** = ધર્મ તારૂં રક્ષણ કરો ! (**अस्मद्** + **अम्**) = **धर्मो मा मां वा पातु** = ધર્મ મારૂ રક્ષણ કરો)

असदिवाऽऽमन्त्र्यं पूर्वम् ॥ २–१–२५ ॥

યુષ્મદ્ અને અસ્મદ્થી પૂર્વમાં રહેલ આમન્ત્ર્ય વાચક જે પદ, તે '**અસત્ જેવું**' થાય છે.

(**हे जना युष्मान् पातु धर्मः** = હે માણસો ! ધર્મ તમારું રક્ષણ કરો !).

जस्विशेष वाऽऽमन्त्र्ये ॥ २–१–२६ ॥

યુષ્મદ્ અને અસ્મદ્થી પૂર્વમાં રહેલ જસન્ત (પ્રથમાના બહુ વચનરૂપ) આમન્ત્ર્યબોધક વિશેષ્યવાચક જે પદ, તે તેના વિશેષણ વાચક પદ પર છતાં વિકલ્પે '**અસત્ જેવા**' થાય છે.

(**हे जिनाः ! शरण्याः युष्मान् (युष्मद् + शस्) वो वा शरणं प्रपद्ये** = શરણ કરવાને લાયક એવા હે જીનેશ્વરો ! હું તમારું શરણ લઉં છું, **हे जिनाः ! शरण्याः अस्मान् (अस्मद् + शस्) नो वा रक्षत** = શરણ કરવાને લાયક એવા હે જીનેશ્વરો ! હું અમારું રક્ષણ કરો !)

नाऽन्यत् ॥ २–१–२७ ॥

યુષ્મદ્ અને અસ્મદ્થી પૂર્વમાં રહેલ જસન્તથી અન્ય આમન્ત્ર્ય બોધક વિશેષ્યવાચક જે પદ, તે તેના વિશેષણવાચક પદ પર છતાં '**અસત્ જેવું**' થતુ નથી.

(**हे साधो सुविहित ! त्वा शरणं प्रपद्ये** = હે સુવિહિત સાધુ ! હું તમારું શરણ લઉં છું, **हे साधो सुविहित ! मा रक्ष !** = હે સુવિહિત સાધો ! મારું રક્ષણ કરો !

पादाद्योः ॥ २–१–२८ ॥

પદની આદિમાં રહેલ જે યુષ્મદ્ અને અસ્મદ્ તેના સ્થાને કહેલ જે **वस्, नस्** વિગેરે આદેશો, તે થતા નથી.

वीरो विश्वश्वरो देवो, युष्माकं कुलदेवता ।
स एव नाथो भगवानस्माकं पापनाशनः ॥१॥

વિશ્વના ઈશ્વર એવા જે વીર દેવ; તે તમારા કુલદેવતા છે. તે જ નાથ એવા ભગવાન્ અમારા પાપને નાશ કરનાર છે.

चाऽहह वैवयोगे ॥ २–१–२९ ॥

च, अहह, ह, वा અને એવની સાથે યોગ રહેતે છતે, યુષ્મદ્ અને અસ્મદ્ના સ્થાનમાં કહેલ જે **वस्, नस्** વિગેરે આદેશો, તે થતા નથી.

(**ज्ञानं युष्मांश्च रक्षतु, अस्मांश्च रक्षतु** = જ્ઞાન તમારૂં અને અમારૂં રક્ષણ કરો !)

दृश्यर्थैश्चिन्तायाम् ॥ २–१–३० ॥

ચિન્તા અર્થમાં વર્તમાન જે દૃશ્યર્થક ધાતુ, તેની સાથે યોગ રહેતે છતે, યુષ્મદ્ અને અસ્મદ્ના સ્થાને કહેલ જે **वस्, नस्** વિગેરે આદેશ તે થતા નથી.

(**जनो युष्मान् (अस्मान्) सदृश्यागतः** = માણસ તમને (અમને) વિચારીને આવેલો છે).

नित्यमन्वादेशे ॥ २–१–३१ ॥

પદથી પર રહેલ જે યુષ્મદ્ અને અસ્મદ્, તેના અન્વાદેશમાં (કહેલી વસ્તુને ફેર કહેવી તે અન્વાદેશ કહેવાય છે,) **वस्, नस्** વિગેરે આદેશો નિત્ય થાય છે.

(**युयं विनीतास्तद्वो गुरवो मानयन्ति** = તમે વિનીત છો, તેથી ગુરૂ તમને માન આપે છે. **वयं विनीतास्तद् नो गुरवो मानयन्ति** = અમે વિનીત છીયે તેથી ગુરૂ અમને માન આપે છે.

सपूर्वात् प्रथमान्ताद्वा ॥ २–१–३२ ॥

પૂર્વ પદથી સહિત જે પ્રથમાન્ત નામ, તેથી પર રહેલ જે યુસ્મદ્ અને અસ્મદ્ તેના અન્વાદેશમાં **वस्, नस्** વિગેરે આદેશો વિકલ્પે થાય છે.

(**युवां सुशीलौ तज्ज्ञानं वा दीयते** = તમે બે સુશીલ છો, તેથી તમને બેને જ્ઞાન આપે છે, **आवां सुशीलौ तद् ज्ञानं नौ दीयते** = અમે બે સુશીલ છીયે, તેથી અમને બેને માન આપે છે.

त्यदामेनदेतदो द्वितीया–टौस्यवृत्यन्ते ॥ २–१–३३ ॥

ત્યદાદિ સંબંધિ એતદ્ શબ્દનો દ્વિતીયા, ટા અને ઓસ્ પર છતા, અન્વાદેશમાં ' **એનદ્** ' આદેશ થાય છે. જો તે એતદ્ શબ્દ સમાસના અન્તમાં ન હોય તો.

(**उद्दिष्टमेतदध्ययनमथो एनद्** = (**एतद्** + **अम्**) **अनुजानीत** ! = આ અધ્યયન ઉદ્દેશાયેલ છે, તેથી હવે એની (ભણવાની) અનુજ્ઞા આપો !)

इदमः ॥ २–१–३४ ॥

ત્યદાદિ સંબંધિ જે ઇદમ્ શબ્દ તેનો દ્વિતીયા, ટા અને ઓસ્ પર છતાં અન્વાદેશમાં '**એનદ્**' આદેશ થાય છે. જો તે ઇદમ્ શબ્દ સમાસની અન્તમાં ન હોય તો.

(**उद्दिष्टमिदमध्ययनमथो एनद्** = (**इदम्** + **अम्**) **अनुजानीत** ! = અર્થ ઉપરની જેમ.)

अद्व्यञ्जने ॥ २-१-३५ ॥

ત્યદાદિ સંબંધિ જે ઈદમ્, તે વ્યંજનાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં, અન્વાદેશમાં 'अ' થાય છે. જો તે સમાસની અન્તમાં ન હોય તો નીચેના સૂત્રમાં અદ્ વર્જિત ઈદમ્નું વિધાન કરેલ હોવાથી અહિં અદ્ સહિત જ ઈદમ્ લેવો.

(इमकाभ्यां शैक्षकाभ्यां रात्रिरधीता अथो आभ्याम् = (इदम् + भ्याम्) अहरप्यधीतम् = આ બે શિષ્યોથી રાત્રિ એ ભણ્યા છે. અને એ બે શિષ્યો દિવસે પણ ભણેલા છે.)

अनक् ॥ २-१-३६ ॥

ત્યદાદિ સંબંધિ વ્યંજનાદિ સ્યાદિ પર છતાં અદ્ વર્જિત જે ઈદમ્, તે 'अ' થાય છે.

(**इदम् (अ) + भ्याम् = आभ्याम्** = આ બે વડે)

टौस्यनः ॥ २-१-३७ ॥

ત્યદાદિ સંબંધિ ટા અને ઓસ્ પ્રત્યય પર છતાં, અદ્ ભિન્ન ઈદમ્નો, 'अन' આદેશ થાય છે.

(इदम् + टा = अन + इन = अनेन = આ વડે..., **इदम् + ओस = अन (अने) + क्षोस = अनयोः** = આ બેનું).

अयमियम् पुंस्त्रियोः सौ ॥ २-१-३८ ॥

ત્યદાદિ સંબંધિ સિ પ્રત્યય પર છતાં, ઇદમ્ના સ્થાને, પુલિંગ અને સ્ત્રીલિંગમાં, અનુક્રમે 'अयम्' અને 'इयम्' આદેશ થાય છે.

(**इदम् + सि = अयम्** = આ)

दो मः स्यादौ ॥ २-१-३९ ॥

ત્યદાદિ સંબંધિ સ્યાદિ પ્રત્યય પર છતાં, ઇદમ્ શબ્દના દ નો, 'મ' આદેશ થાય છે. (इदम् + औ = इम + औ = इमौ = આ બે.)

किमः कस्तसादौ च ॥ २-१-४० ॥

ત્યદાદિ સંબંધિ સ્યાદિ પ્રત્યય અને તદ્ધિત સંબંધિ તસ્ વગેરે પ્રત્યયો પર છતાં કિમ્નો 'ક' આદેશ થાય છે. (किम् + सि = कः = કોણ...).

आद्वेः ॥ २-१-४१ ॥

દ્વિ સુધીના જે ત્યદાદિ (त्यद, तद, यद, એતદ્, इदम्, अदस्, એક અને દ્વિ) તેના અન્તનો તત્સંબંધિ સ્યાદિ પ્રત્યય અને તદ્ધિત સંબંધિ તસ્ વગેરે પ્રત્યયો પર છતાં 'अ' આદેશ થાય છે.

(तद् + सि = तअ(स)+सि=सः = તે, तस्मात् + [तद् + तस् + सि = तअ(त)तस्] = ततः = તેથી.)

तः सौ सः ॥ २-१-४२ ॥

દ્વિ સુધિના જે ત્યદાદિ, તેના તકારનો, સિ પર છતાં 'स' આદેશ થાય છે.

तद् + सि = तअ + सि = स + सि = सः = તે.)

अदसो दः सेस्तु डौ ॥ २-१-४३ ॥

ત્યદાદિ સંબંધિ સિ પર છતાં, अदस् શબ્દના દનો 'अ' આદેશ થાય છે. અને સિનો 'ડૌ' આદેશ થાય છે.

(**अदस्** + **औ** = **अद** + **स्** = **अस** + **(डौ)औ**=**असौ**=આ.)

अमुको वाकि ॥ २-१-४४ ॥

ત્યદાદિ સંબંધિ અક્ પ્રત્યયવાળા અદસ્ શબ્દનો સિ પ્રત્યય પર છતાં '**अमुक**' આદેશ વિકલ્પે થાય છે.

(**अदस्** + **अक्** + **सि** = **अदकस्** + **सि** = **असुकः**, **असकौ** = આ).

मोऽवर्णस्य ॥ २-१-४५ ॥

અવર્ણાન્ત ત્યદાદિ સંબધિ જે અદસ શબ્દ, તેના દનો '**म**' આદેશ થાય છે.

(**अदस्** + **औ** = **अद** + **औ** = **अम** + **औ** = **अमौ** = **अमू** આ બે, આ બેને.)

वाऽद्रौ ॥ २-१-४६ ॥

અદસ્ના દનો, અદ્રિ અન્તાગમ થયે છતે '**म**' આદેશ થાય છે.

(**अमुमश्वतीति** = **अमुमुयङ्**, **अमुद्र्यङ्** , **अदमुयङ्**, **अदद्र्यङ्** = આના પ્રત્યે જનાર).

मादुवर्णोऽनु ॥ २-१-४७ ॥

અદસ્ શબ્દના મથી પર રહેલ જે વર્ણ, તેનો મળતો એવો '**ઉવર્ણ**' થાય છે; જે કાર્ય કરવાનું હોય તે કર્યા પછી.

(**अदस्** + **अम्** = **अद** + **अम्** = **अम** + **अम्** = **अमुम्** = આને).

प्रागिनात् ॥ २-१-४८ ॥

અદસ્ શબ્દના મથી પર રહેલ જે વર્ણ, તેનો ઇન આદેશ થયા પહેલા 'ઉવર્ણ' થાય છે.

(**अदस्** + **अद** + **आ** = **अमु**+**इन** = **अमुना** = આ વડે).

बहुष्वेरीः ॥ २-१-४९ ॥

બહુવચનમાં વર્તમાન અદસ્ શબ્દના મથી પર રહેલ જે એ, તેનો 'ઇ' આદેશ થાય

(**अदस्** + **जस्** = **अद** + **अस्** = **अद** + **इ** = **अदे** = **अमी** = આ).

धातोरिवर्णोवर्णेस्येयुव् स्वरे प्रत्यये ॥ २-१-५० ॥

ધાતુના ઇવર્ણ અને ઉવર્ણનો સ્વરાદિ પ્રત્યય પર છતાં અનુક્રમે 'ઇય્' અને 'ઉવ્' આદેશ થાય છે.

(**नयतीति** = [**नि**+**क्विप्** + **सि**] **नीः**, **तौ** = [**नी** + **औ** = **निय्** + **औ**] = **नियौ** = બે લઇ જનારા.

इणः ॥ २-१-५१ ॥

ધાતુના સ્વરનો, સ્વરાદિ પ્રત્યય પર છતાં 'ઇય્' આદેશ થાય છે.

(**इ** + **अतुस्** = **इ** + **इ** (**इय्**) = **इइय्** + **अतुस्** = **ईयतुः** = તેઓ બે ગયા.)

संयोगात् ॥ २-१-५२ ॥

ધાતુના જ સંયોગોથી પર રહેલ, ધાતુના જે ઇવર્ણ અને ઉવર્ણ, તેના સ્વરાદિ પ્રત્યય પર છતાં અનુક્રમે 'इय्' અને 'उव' આદેશ થાય છે.

(**यवान् क्रीणातीति = [यव + क्विप् + सि] यवक्री, तौ = [यवक्री + औ] = यवक्रियौ** = યવ વેચનાર બે).

भ्रू-श्नोः ॥ २-१-५३ ॥

સંયોગથી પર રહેલ ભ્રૂ અને શ્નુના ઉવર્ણનો, સ્વરાદિ પ્રત્યય પર છતાં 'उव्' આદેશ થાય છે. (**भ्रू + औ = भ्रुवौ** = બે ભ્રકુટી

स्त्रियाः ॥ २-१-५४ ॥

સ્ત્રી શબ્દના ઇવર્ણનો, સ્વરાદિ પ્રત્યય પર છતાં 'इय्' આદેશ થાય છે. (**स्त्री + औ = स्त्रियौ** = બે સ્ત્રી).

वाऽम्-शसि ॥ २-१-५५ ॥

સ્ત્રી શબ્દના ઇવર્ણનો, અમ્ અને શસ્ પ્રત્યય પર છતાં 'इय्' આદેશ વિકલ્પે થાય છે. (**स्त्री+अम् = स्त्रियम्, स्त्रीम्** =સ્ત્રીને).

योऽनेकस्वरस्य ॥ २-१-५६ ॥

અનેક સ્વરવાળા ધાતુના ઇવર્ણનો, સ્વરાદિ પ્રત્યય પર છતાં 'य्' આદેશ થાય છે. (**चि + उस् = चिचि + उस् = चिच्युः** = તેઓએ એકઠું કર્યું).

स्यादौ वः ॥ २-१-५७ ॥

અનેક સ્વરવાળા ધાતુનાં ઉવર્ણનો સ્વરાદિ સ્યાદિ પર છતાં

'વ્' આદેશ થાય છે (**वसुमिच्छतीति** = [**वसु** + **क्यन्** + **शव्** + **तिव्**] **वसुयति, वसुयतीति** = [**वसु** + **क्विप्** + **औ**] **वस्वौ** = ધનને ઇચ્છનાર બે.....).

क्विब् वृत्तेरसुधियस्तौ ॥ २–१–५८ ॥

ક્વિબન્તપદની સાથે જે સમાસ, તત્સંબંધિ સુધી શબ્દ વર્જિત ધાતુના ઇવર્ણ અને ઉવર્ણનો, સ્વરાદિ સ્યાદિ પર છતાં અનુક્રમે 'य्' અને 'व्' આદેશ થાય છે.

(**ऊर्ध्वं नयतीति** = [**उद्** + **नी** + **क्विप्** + **सि**] **उन्नीः**, **तौ** = [**उन्नी** + **औ**] **उन्नयौ** = ઉંચે લઈ જનાર બે...).

दृन् - पुनर्वर्षा - कारैर्भुवः ॥ २–१–५९ ॥

દૃન્, પુનર્, વર્ષા અને કાર શબ્દથી પર રહેલ, જે ક્વિબન્ત પદની સાથે સમાસ થયેલ એવો ભૂધાતુના ઉવર્ણનો, સ્વરાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં 'व्' આદેશ થાય છે.

(**दृन् हिंसन् भवतीति** = [**दृन्** + **भू** + **क्विप्** + **सि**] **दृन्भूः**, **तौ** = [**दृन्भू** + **औ**] = **दृन्भ्वौ** = બે સર્પો).

ण - षमसत्परे स्यादिविधौ च ॥ २–१–६० ॥

ણ્ અને ષ્ પરવિધિ–આગળ જે જે વિધાનો કરવાના છે તે, અને પૂર્વ વિધિ-પહેલા જે જે વિધાનો કરેલા છે તે, એવી સ્યાદિ વિધિ કર્યે છતે 'असत्' થાય છે. અર્થાત્ ણ્ નો ન્ અને ષ્ નો સ્ સમજવો.

(**पठितुमिच्छतीति** = [**पठ्** + **सन्** + **शव्** + **तिव्**] **पिपठिषति, पिपठिषतीति** = [**पिपठिष्** + **प्रिक्** + **सि**]

पिपठिः-ભણવાને ઇચ્છનાર). અંહિ ष् નો स् સમજવાથી "**सो रुः** [૨-૧-૭૨]" એ સૂત્રથી स् નો ર્ થયો).

क्ताऽऽदेशोऽषि ॥ २-१-६१ ॥

ક્તના (क्त, અને क्ति સ્થાને થયેલ જે આદેશ, તે પરવિધિ અને પૂર્વ વિધિ એવી સ્યાદિવિધિ કર્યે છતે '**असत्**', થાય છે; જો ष् ન કરવાનો હોય તો. અર્થાત્ ક્ત નો त અને ક્તિ નો ति થાય છે.

(**लूयते स्म** = [**लू** + **क्त** = (**त**)] **लूनम्**, **तमिच्छतीति लूनी+ङसि** = **लूनी+उस्**] **लून्युः**=છેદેલા વસ્તુને ઇચ્છનારથી...).

અંહિ "**ऋ-ल्वादेरेषां०** [૪-૨-૬૮]" એ સૂત્રથી त નો न થયો છે. તથા "**स्वि-ति०** [૧-૪-૩૬]" એ સૂત્રથી ઉર્ થયો છે.

ष-ढोः कस्सि ॥ २-१-६२ ॥

ष् અને ढ્ નો, स પર છતાં '**क्**' આદેશ થાય છે.

(**पिष्** + **स्यति** = **पेष्** + **स्यति** = **पेक्** + **ष्यति** = **पेक्ष्यति** = ઢળશે).

भ्वादेर्नामिनो दीर्घोऽवोर्व्यञ्जने ॥ २-१-६३ ॥

ભ્વાદિ ધાતુ સંબંધિ ર્ અને વ્ પર છતાં, તે જ ભ્વાદિ ધાતુના નામીસંજ્ઞક સ્વરનો, વ્યંજન પર છતાં '**દીર્ઘ**' થાય છે.

(**दिव्** + **श्य** = (**य्**) + **तिव्** = **दीव्यति** = શોભે છે, ક્રિડા કરે છે).

पदान्ते ॥ २-१-६४ ॥

પદાન્તમાં રહેલા ભ્વાદિ સંબંધિ ર્ અને વ્ પર છતાં તે જ

ભ્વાદિ સંબંધિ નામી સંજ્ઞક સ્વરનો ' દીર્ઘ ' થાય છે. (**गिर्** + **सि** = **गीर्**= **गीः** = વાણી).

न यि तद्धिते ॥ २–१–६५ ॥

યકારાદિ તદ્ધિત પ્રત્યય પર છે જેને એવા ર્ અને વ્ પર છતાં નામી સંજ્ઞક સ્વરનો ' દીર્ઘ ' થતો નથી. (**धुरं वहतीति** = [**धुर्** + **य** +**सि**] **धुर्यः** = ધુરાને વહન કરનાર)

कुरुच्छुरः ॥ २–१–६६ ॥

કૃ (**डुकृंग्**) અને છુર્ (**छुरत्**) ધાતુના નામી સંજ્ઞક સ્વરનો, ર્ પર છતાં ' દીર્ઘ ' થતો નથી. (**कुर्यात्** = કર !)

मो नो म्वोश्च ॥ २–१–६७ ॥

ભ્વાદિ ધાતુના મ્નો, પદાન્તમાં આવેલા મકારાદિ અને વકારાદિ પ્રત્યય પર છતાં, પદના અન્તના મ્ નો પણ ' ન્ ' આદેશ થાય છે.

(**प्रकर्षेण शाम्यतीति** = [**प्र** + **शम्** + **क्विप्** + **सि**] **प्रशान्** = શાંતિવાળો. **कुटिलं गच्छामीति** = [**गम्** +**यङ्** = **जङ्गम्** + **मिव्**] **जङ्गन्मि** = હું વક્ર ગતિથી ચાલુ છું.)

स्रंसु–ध्वंसु–क्वस्सनुदुहो दः ॥ २–१–६८ ॥

સ્રંસ્, ધ્વંસ્, કવસુ પ્રત્યાન્ત અને અનુદુહ્ શબ્દના અન્તનો, પદાન્તમાં ' દ્ ' આદેશ થાય છે.

(**उखया स्रंसते इति** = [**उखा** + **स्रंसु** + **क्विप्** + **सि**] = **उखास्रद्** = થાળીથી ટપકવું તે..., **पर्णानि ध्वंसते यस्मादिति** = [**पर्ण** + **ध्वंसु** + **क्विप्** + **सि**] = **पर्णध्वद्** = પાંદડાંને નાશ

કરનાર). અંહિ કવરસ્ શબ્દથી કવસ્નું થયેલ કવન્સ્ રૂપ લેવાનું નથી.

ऋत्विज्–दिश्–दृश्–स्पृश्–स्रज्–दधृषुष्णिहो गः ॥ २–१–६९ ॥

ઋત્વિજ્, દિશ્, દૃશ્, સ્પૃશ્, સ્રજ્, દધૃષ્ અને ઉષ્ણિહ્ શબ્દના અન્તનો, પદાન્તમાં 'ગ્' આદેશ થાય છે.

(**क्रतु यजते इति [क्रतु + यज् (इज्) + क्विप् + सि]** **ऋत्विग्** = ઋતુની પૂજા કરનાર, યાજ્ઞિક).

नशो वा ॥ २–१–७० ॥

નશ્ શબ્દના અન્તના, પદાન્તમાં 'ગ્' વિકલ્પે થાય છે.

(**जीवस्य नशनमिति = [जीव + नश् + क्विप् = सि]** **जीवनग्** = જીવ લઈને ભાગનારો અથવા જીવનો નાશ.) આ સૂત્ર વિકલ્પે હોવાથી એકવાર " **यज–सृज०** [२–१–८७] " એ સૂત્રથી 'ષ્' થાય છે. અને ષ્ નો 'ડ્' થવાથી **'जीवनड्'** પણ થાય છે.)

युजश्च–क्रुञ्चो नो ङः ॥ २–१–७१ ॥

યુજ્, અઞ્ચ્, અને ક્રુઞ્ શબ્દના ન્ નો, પદાન્તમાં 'ઙ.' આદેશ થાય છે. (**युनक्तीति = [युज् + क्विप् + सि = युञ्ज् + सि] = युङ्** = જોડનાર.)

सो रुः ॥ २–१–७२ ॥

પદાન્તમાં વર્તમાન સ્નો, 'રુ' (ર્) આદેશ થાય છે.
(**आशिष् + सि = अशिर्** = **आशीः** = આશીર્વાદ). અંહિ

" **पदान्ते [२-१-६४]** " એ સૂત્રી દીર્ઘ થયો છે.

सजुषः ॥ २-१-७३ ॥

સજુષ્ શબ્દના અન્તનો, પદાન્તમાં ' રુ ' થાય છે.

(**सह जुषते इति** = [**स** + **जुष्** + **क्विप्** + **सि**] = **सजुर्** = **सजूर्** = **सजूः** = સાથે સેવા કરનાર સાથી.)

अहः ॥ २-१-७४ ॥

અહન્ શબ્દના અન્તનો, પદાન્તમાં ' રુ ' થાય છે

(**दीर्घाणि अहानि यस्मिन् स दीर्घाहर्** = **दीर्घाहाः** (**निदाघः**), **तस्यामन्त्र्यणम्** = [**हे** + **दीर्घ** + **अहन् (अहर्)** + **सि**] **हे ! दीर्घाहो निदाघः !** = હે લાંબા દિવસ વાળી ગ્રીષ્મઋતુ !)

रो लुप्यरि ॥ २-१-७५ ॥

સ્યાદિ પ્રત્યયનો લુપ્ થયે છતે, પદાન્તમાં વર્તમાન અહન્ શબ્દના અન્તનો, રકાર ભિન્ન વર્ણ પર છતાં ' ર્ ' આદેશ થાય છે.

(**अहन्**) + **सि** = **अहर्** + **अधीते** = **अहरधीते** = દિવસે ભણે છે.)

આ સૂત્રથી વિધાન કરેલ ર્ ને રુ ના રૂથી ભિન્ન ગણવો જેથી "**अतोऽति० [१-३-२०]**" અને "**घोषवति [१-३-२१]**" આ બન્ને સૂત્રોથી ર્ નો ઉ થાય નહિ.

धुटस्तृतीयः ॥ २-१-७६ ॥

પદાન્તમાં વર્તમાન ધુટ્નો, તેને મળતા વર્ગનો '**त्रीजे अक्षर**'

થાય છે. (**वाच् + सि = वाक् + सि = वाग्** = વાણી).

ग-ड-द-बाऽऽदेश्चतुर्थाऽन्तस्यैकस्वरस्याऽऽदेश्चतुर्थः स्ध्वोश्च प्रत्यये ॥ २-१-७७ ॥

ગ, ડ, દ અને બ છે આદિમાં જેને અને ચતુર્થ અક્ષર છે અન્તમાં જેને, એવો એક સ્વરવાળા ધાતુનો જે અવયવ, તેના આદિ અક્ષરનો, પદાન્તમાં સકારાદિ અને ધ્વાદિ પ્રત્યય પર છતાં મળતો એવો ' **चतुर्थ अक्षर** ' થાય છે.

(**पर्णं गृह्णातीति** = [**पर्ण** + **ग्रह्** + **क्विप्** + **सि**] **पर्णघुट्, पर्णघुड्** = પાંદડાને સંતાડનાર).

धागस्त-थोश्च ॥ २-१-७८ ॥

દ છે આદિમાં જેને અને ચતુર્થ અક્ષર છે અન્તમાં જેને, એવો જે ધાગ્ ધાતુ તેના આદિ દનો, તકારાદિ, થકારાદિ, સકારાદિ અને ધ્વાદિ પ્રત્યય પર છતાં, મળતો એવો ' **चतुर्थ अक्षर** ' થાય છે. (**धा+तस्** = **दधा + तस्** = **दध् + तस्** = **धध् + तस्** = **धत्तः** = તે બે ધારણ કરે છે)

अधश्चतुर्थात् त-थोर्धः ॥ २-१-७९ ॥

ધાગ્ વર્જિત ધાતુથી પર વિધાન કરાએલ જે ત અને થ, તેનો ' **ધ** ' આદેશ થાય છે.

(**दुह्** + **त** = **अड्** (अ) + **दुघ्** + **त** = **अदुघ्** + **ध** = **अदुग्ध** = તેણે દોહ્યું).

र्नाम्यतात् परोक्षाऽद्यतन्याऽऽशिषो धो ढः ॥ २-१-८० ॥

રકારાન્ત અને નામી સંજ્ઞક સ્વરાન્ત ધાતુથી પર રહેલ જે પરોક્ષા, અદ્યતની અને આશિષ્ વિભક્તિ, તત્સંબંધિ જે ધ, તેનો ' ઢ ' આદેશ થાય છે.

(तॄ + ध्वम् = अड् + तीर् + ढ्वम् = अतीर्ढ्वम् = તમે તરી ગયા. स्तु + ध्वे = तुष्टु + ढ्वे = तुष्टुढ्वे = તમે સ્તુતિ કરી).

हाऽन्तस्थाऽऊीड्भ्याम् वा ॥ २-१-८१ ॥

હ અને અન્તસ્થાયી પર રહેલ જે ઞિ અને ઈટ્, તેથી પર રહેલ પરોક્ષા, અદ્યતની અને આશિષ વિભક્તિ સંબંધિ જે ધ, તેનો, વિકલ્પે ' ઢ ' આદેશ થાય છે.

(ग्रह् + ध्वम् = अ (अड्) + ग्रह् +इ (इट्) + ध्वम् = अग्राहिढ्वम् , अग्राहिध्वम्= તમે ગ્રહણ કરો).

हो धुट्-पदान्ते ॥ २-१-८२ ॥

હકારનો, ધુડાદિ પ્રત્યય પર છતાં અને પદાન્તમાં ' ઢ ' આદેશ થાય છે.

(लेढीति = [लिह् + ता = लेढ् + ता (धा = ढा) = लेढ् + ढा] = लेढा = ચાટનારો, मधु लेढीति = [मधु + लिह् + क्विप् + सि] मधुलिट् मधुलिड् = ભમરો.)

भ्वादेर्दार्देर्धः ॥ २-१-८३ ॥

દકાર છે આદિ અવયવ તે જેનો, એવા ભ્વાદિ ધાતુના હ્નો ધુડાદિ પ્રત્યય પર છતાં અને પદાન્તમાં ' ધ્ ' આદેશ થાય છે.

(दोग्धीति = [दुह् + तृच् = दोघ् + तृ (धृ) = दोग्धृ + सि (डा) = दोग्धा = દોહનાર, ગોપાલ.)

मुह्-द्रुह्-ष्णुह्=ष्णिहो वा ॥ २-१-८४ ॥

મુહ્, દ્રુહ્, ષ્ણુહ્ અને ષ્ણિહ્ ધાતુના હ્નો, ધુડાદિ પ્રત્યય પર છતાં અને પદાન્તમાં વિકલ્પે 'ધ્' આદેશ થાય છે.

(**मुह्यतीति = [मुह् + तृच् + सि] = मोग्धा, मोंढा =** મોહ પામનાર).

नहाऽऽहोर्ध-तौ ॥ २-१-८५ ॥

નહ્ ધાતુ અને બ્રૂ ધાતુના સ્થાનમાં થએલ જે આહ્ આદેશ, તેના હ્નો, ધુડાદિ પ્રત્યય પર છતાં અને પદાન્તમાં, અનુક્રમે 'ધ્' અને 'ત્' આદેશો થાય છે.

(**नह् + ता = नध् + ता (धा) = नद्धा =** બાંધનારો. **आह् + थ = आत् + थ = आत्थ =** તમે બોલ્યા.)

च-जः क-गम् ॥ २-१-८६ ॥

ચ્ અને જ્ નો ધુડાદિ પ્રત્યય પર છતાં અને પદાન્તમાં, અનુક્રમે 'ક્ અને ગ્' આદેશ થાય છે.

(**वाच् + सि = वाक् =** વાણી, **त्यज् + तृच् + सि = त्यक्ता =** તજનાર).

यज-सृज-मृज-राज-भ्राज-भ्रस्ज-व्रस्च-परिव्राजः शः षः ॥ २-१-८६ ॥

યજ્, સૃજ્, મૃજ્, રાજ્, ભ્રાજ્, ભ્રસ્જ્, વ્રસ્ચ્ અને પરિવ્રાજ્ ધાતુ સંબંધિ જે ચ્, અને શકારાન્ત ધાતુ સંબંધિ જે શ્, તેનો ધુડાદિ પ્રત્યય પર છતાં અને પદાન્તમાં 'ષ્' થાય છે.

(**यज् + तृच् + सि = यष्टा** = પૂજા કરનાર, **लिग् + तृच् + सि = लेष्टा** = જનાર.)

संयोगस्यादौ स्कोर्लुक् ॥ २-१-८८ ॥

ધુડાદિ પ્રત્યય પર છતાં અને પદાન્તમાં, સંયુક્ત અક્ષરની આદિમાં રહેલ જે સ્ અને ક્ તેનો, ' **લુક્** ' થાય છે.

(**लस्ज् + क्त = लग् + न + सि = लग्नः** = શરમાયેલો. **काष्ठं तक्षतीति = [काष्ठ + तक्ष + क्विप् + सि] काष्ठतट्** = સુથાર). અહિં " **सूर्याति०** [४-२-७०] " એ સૂત્રથી ક્ત ના ત નો ન થયો છે.)

पदस्य ॥ २-१-८९ ॥

પદાન્તમાં વર્તમાન જે સંયુક્ત અક્ષર, તેના અન્તનો ' **લુક્** ' થાય છે.

(**पुंस् + सि = पुमान्स् + सि = पुमान्** = પુરૂષ.)

रात्सः ॥ २-१-९० ॥

પદાન્તમાં વર્તમાન જે સંયોગ તત્સંબંધિ રકારથી પર રહેલ જે સ્, તેનો જ ' **લુક્** ' થાય છે

(**कर्तुमिछतीति = [कृ + सन् (स्) + शव् + तिव्] चिकीर्षति, चिकीर्षतीति = [चिकीर्ष् + क्विप् + सि] चिकीर्ष् = चिकीर्ष्स् = चिकीः** = કરવાની ઈચ્છા રાખનાર.)

नाम्नो नोऽनहः ॥ २-१-९१ ॥

પદાન્તમાં વર્તમાન નામના નકારનો, ' **લુક્** ' થાય છે, જો તે

નકાર અહન્ શબ્દ સંબંધિ ન હોય તો.

(राजन् + सि = राजा = રાજા).

नामन्त्ये ॥ २–१–९२ ॥

આમન્ત્ય અર્થમાં વર્તમાન નામના નકારનો, 'लुक्' થતો નથી. (हे राजन् ? = હે રાજા !)

क्लिबे वा ॥ २–१–८३ ॥

નપુંસકલિંગમાં વર્તમાન આમન્ત્ય વિષયક જે નામ, તેના નકારનો, વિકલ્પે 'लुक्' થાય છે. (हे दाम ! हेदामन् ? = હે માળા !)

माऽवर्णाऽन्तोपान्ताऽपञ्चमवर्गान्मतोर्मोवः ॥ २–१–९४ ॥

મકાર છે અન્તમાં જેને, તથા મકાર છે ઉપાન્ત્યમાં જેને, અવર્ણ છે અન્તમાં જેને, તથા અવર્ણ છે ઉપાન્ત્યમાં જેને અને વર્ગનો પંચમ અક્ષર છે અન્તમાં જેને, એવા નામથી પર રહેલ જે મતુ પ્રત્યય, તેના મતો 'व' આદેશ થાય છે

(किं विद्यतेऽस्येति = [किम् + मतु (वत्) + सि] किंवान् = શું વાળો. शमी अस्यास्तीति = [शमी + मतु (वत्) + सि = शमीवान् = ખિજડાના ઝાડવાળો)

नाम्नि ॥ २–१–९५ ॥

સંજ્ઞામાં (કોઈનું નામ વિશેષ હોય ત્યારે) મતુના મતો 'व' આદેશ થાય છે.

(मुनिरस्यास्तीति = मुनि + मतु (वत्) + ङी + सि =

मुनीवती = નદીનું નામ છે.)

चर्मण्वत्यष्ठीवच्चक्रीवत्कक्षीवद्रुमण्वत् ॥ २–१–९६ ॥

સંજ્ઞામાં મતુ પ્રત્યયાન્ત એવા, **चर्मण्वती, अष्ठीवत्, चक्रीवत्, कक्षीवत्,** અને રુમણ્વત્ શબ્દો **'निपातन'** કરાય છે. **चर्मण्वती** = નદીનું નામ, ચંબલનદી).

उदन्वानब्धौ च ॥ २–१–९७ ॥

અબ્ધિ (પાણી જેમાં ધારણ કરાય તે) અર્થમાં અને સંજ્ઞામાં, મતુ પ્રત્યયાન્ત એવો ' **उदन्वान्** ' શબ્દ નિપાતન કરાય છે.

(**उदकानि सन्त्यस्मिनिति** = (**उदक** + **मतु (वत्)** + **सि** = **उदन्वान् घटः**-પાણીવાળો ઘડો, સમુદ્ર, આશ્રમ કે ઋષિનું નામ)

राजन्वान् सुराज्ञि ॥ २–१–९८ ॥

સુરાજન્ અર્થમાં મતુ પ્રત્યયાન્ત એવો ' **राजन्वान्** ' શબ્દ નિપાતન કરાય છે.

(**शोभनो राजा यस्यास्तीति** = **राजन्वान्** = સારા રાજાવાળો દેશ).

नोर्म्यादिभ्यः ॥ २–१–९९ ॥

ઊર્મિ વિગેરે શબ્દોથી પર રહેલ મતુના મનો, ' **व** ' આદેશ થતો નથી. (**ऊर्मिमान्** = મોજાવાળું.)

मास-निशा-ऽऽसनस्य शसादौ लुग्वा ॥ २–१–१०० ॥

માસ, નિશા અને આસન શબ્દના અન્તનો, શસાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં, વિકલ્પે ' **लुक्** ' થાય છે.

(मास + शस् = मास् + अस् = मासः, मासान् = મહિનાઓને).

दन्त-पाद-नासिका-हृदया-ऽसृग्-यूषोदक-दोर्यकृच्छकृतो दत्-पन्नस्-हृदसन्-यूषन्नुदन्-दोषन्-यकन्-शकन् वा ॥ २-१-१०१ ॥

દન્ત, પાદ, નાસિકા, હૃદય, અસૃગ્, યુષ્, દોષ્, યકૃત્ અને શકૃત્ શબ્દના, શસાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં, અનુક્રમે 'દત્, પત્, નસ્, હૃદ્, અસન્, યુષન્, ઉદન્, દોષન્, યકન્, અને શકન્ આદેશો વિકલ્પે થાય છે.

(दन्त + शस् = दत् + अस् = दतः, दन्तान् = દાંતોને.)

य-स्वरे पादः पदणि-क्य्-घुटि ॥ २-१-१०२ ॥

નામ સંબંધિ જે પાદ શબ્દ, તેનો ણિ, ક્ય અને ઘુટ્ વર્જિત યકારાદિ અને સ્વરાદિ પ્રત્યય પર છતાં 'પદ્' આદેશ થાય છે

(द्वौ पादावस्येति = (द्वि + पाद् + शस् + (अस्) = द्वि + पद् + अस्) द्विपदः पश्य = અથવા મનુષ્યને જો.)

उदच उदीच् ॥ २-१-१०३ ॥

ઉદચ્ નામને સ્થાને, ણિ, ક્ય અને ઘુટ્ વર્જિત યકારાદિ અને સ્વરાદિ પ્રત્યય પર છતાં, 'ઉદીચ્' આદેશ થાય છે.

(उदञ्चतीति = (उद् + अञ्च + क्विप् = (उद् + अञ्च (अच्) + क्विप् + सि) = उदच्, उदच् + ङी (ई) = उदीची = ઉત્તર દીશા.

अच्चञ्ञाग्दीर्घश्च ॥ २-१-१०४ ॥

અચ્ નામને સ્થાને ણિ, ક્રય, અને ધુટ્ વર્જિત યકારાદિ અને સ્વરાદિ પ્રત્યય પર છતાં ' च् ' આદેશ થાય છે. અને તેના યોગમાં પૂર્વનો ' દીર્ઘ ' થાય છે.

(दधि + अच् + टा + दधीचा = દહીં પામનાર વડે.)

क्कसुऽमतौ च ॥ २-१-१०५ ॥

ણિ, ક્રય અને ધુટ્ વર્જિત યકારાદિ, સ્વરાદિ અને મતુ પ્રત્યય પર છતાં, ક્વસ્ પ્રત્યયનો ' ઉષ્ ' આદેશ થાય છે.

(वेत्तीति = (विद् + क्कसु + सि) विद्वान् , तेन = (विद् + क्कसु (उष्) + टा] विदुषा = વિદ્વાન વડે.)

श्वन्-युवन्-मघोनो ङी-स्याद्यघुट्स्वरे व उः ॥ २-१-१०६ ॥

શ્વન્, યુવન્ અને મઘવન્ શબ્દના સ્વર સહિત વનો, ङी અને ધુટ્ વર્જિત સ્વરાદિ સ્યાદિ પર છતાં ' ઉ ' આદેશ થાય છે.

श्वन् + ङी = श् + व + न् + ई = श् + उ + न् + ई = शुनी = કુતરી, श्वन् + शस् = श् + व + न् + अस् = श् + उ + न् + अस् = शुनः = કુતરાંને, युवन् + अस् = यु + उ + न् = यून् + अस् = यूनः = યુવાનોને, मघवन् + शस् = मघ + उ + न् + अस् = मघोनः = ઈન્દ્રોને).

लुगातोऽनाऽऽपः ॥ २-१-१०७ ॥

આપ્ વર્જિત અકારનો ङी અને ધુટ્ વર્જિત સ્વરાદિ સ્યાદિ

પ્રત્યય પર છતાં 'લુક્' થાય છે.

(**कीलालपा** + **शस्** = **कीलालप्** = **अस्** = **कीलालपः** = લોહી પીનારાઓને. (**तीर्थं पातीति** = [**तीर्थ** + **पा** + **क्विप्** + **सि**] **तीर्थपाः, ते** = [**तीर्थपा** + **शस्**] **तीर्थपः** = તીર્થનું રક્ષણ કરનારને)

अनोऽस्य ॥ २-१-१०८ ॥

અન્ના અનો, ઙી અને ઘુટ્ વર્જિત સ્વરાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં 'લુક્' થાય છે,

(**राजन्** + **ङी** = **राज्** + **न्** + **ई** = **राज्** + **ञ्** + **ई** = **राज्ञी** = રાણી. **राजन्** + **शस्** = **राज्** + **न्** + **अस्** = **राज्** + **ञ्** + **अस्** = **राज्ञः** = રાજાઓને.)

ई-ङौ वा ॥ २-१-१०९ ॥

અન્ના અનો દીર્ઘ ઈ અને ઙિ 'સપ્તમી એકવચન' પર છતાં વિકલ્પે 'લુક્' થાય છે.

(**राजन्** + ङि(इ) = **राज्ञि, राजनि** = રાજામાં.)

षादि-हन्-धृतराज्ञोऽणि ॥ २-१-११० ॥

ષકારાદિ જે અનન્ત-(ષ છે આદિમાં જેને અને અન્ છે અન્તમાં જેને એવા શબ્દો), હન્ અને ધૃતરાજન્ શબ્દના અનો, અણ્ પ્રત્યય પર છતાં 'લુક્' થાય છે.

(**उक्षणोऽपत्यमिति** =(**उक्षन्** + **अण्** + **सि** = **औक्षन्** + **अ** + **सि** = (**औक्ष** + **न्**) **औक्ष** + **ण्** + **अ** + **सि** = **औक्षणः** = બળદની સંતતિ).

न व-मन्तसंयोगात् ॥ २-१-१११ ॥

જેને અંતે સંયુક્ત વકાર અથવા સંયુક્ત મકાર હોય તો, તેથી પર રહેલ અન્ ના અનો 'લુક્' થતો નથી.

(**पर्वन्** + **टा** = **पर्वणा** = પર્વથી. **कर्मन्** + **ङि** = **कर्मणि** = કર્મમાં.)

हनो ह्रो घ्नः ॥ २-१-११२ ॥

હન્ નો, હ્ર એવું રૂપ થયે છતે 'घ्न' આદેશ થાય છે.

(**हन्** + **सन्ति** = **ह्रन्** = **घ्न** + **अन्ति** = **घ्नन्ति** = તેઓ હણે છે.)

लुगस्याऽदेत्यपदे ॥ २-१-११३ ॥

પદની આદિમાં નહિ રહેલ, એવા અકાર અને એકાર પર છતાં અનો 'લુક્' થાય છે.

(**तद्** + **सि** = **त** + **अ** + **सि** = **त** + **सि** = **स** + **सि** = **सः** = તે, **पच्**+**अ** (**शव्**) + **ए** = **पच्** +**ए** = **पचे** = રાંધે છે.)

डित्यन्त्यस्वरादेः ॥ २-१-११४ ॥

ડિત્ પ્રત્યય પર છતાં, અન્ત્ય સ્વરનો, તથા અન્તે આવેલ સ્વરના પૂર્વભાગના સ્વર સહિતનો 'લુક્' થાય છે. (**मुनि** + **ङि** = **मुनि** + **ङौ** = **मुनौ** = મુનિમાં,) "**ङिङौं** [१-४-२५]" એ સૂત્રથી ઙિ નો ઙૌ થયો છે.

अवर्णादश्नोऽन्तो वाऽतुरीङ्योः ॥ २-१-११५ ॥

શ્નાસંબંધિ વર્જિત જે અવર્ણ, તેથી પર રહેલ જે અતુ પ્રત્યય,

તેનો 'ઈ (નપુંસકલિંગનું દ્વિવચન), તથા ડી (સ્ત્રીલિંગી સંબંધી) પ્રત્યય પર છતાં 'अन्त' આદેશ વિકલ્પે થાય છે.

(तुद् + श (अ) + अतु + औ (ई) = तुद् + अ + अन्त + ई = तुदन्ती, तुदती कुले=વ્યથા કરનાર બે કુલો).

श्य-शवः ॥ २-१-११६ ॥

श्य અને शव्थी પર રહેલ अतु પ્રત્યયનો, ઈ અને ડી પર છતાં 'अन्त' આદેશ થાય છે. (दिव् + श्य (य) + अतु + औ (ई)=दिव् + य + अन्त + ई = दीव्यन्ती कुले = ક્રીડા કરનાર બે કુલો, पच् + शव् + अतु + ङी = पच् + अ + अन्त + ई = पचन्ती = રસોયણ)

दिव औः सौ ॥ २-१-११७ ॥

સિ પર છતાં दिव् શબ્દના અન્તનો, 'औ' થાય છે.

(दिव् + सि = दिऔ + सि = द्यौः = સ્વર્ગ)

उः पदान्तेऽनूत् ॥ २-१-११८ ॥

પદાન્તમાં વર્તમાન दिव् શબ્દના અન્તનો 'उ' આદેશ થાય છે અને તે ઉનો દીર્ઘ થતો નથી. (दिव् + भ्याम् = दिउ + भ्याम् = द्युभ्याम् = બે સ્વર્ગથી.)

[इति षड्-लिंग प्रकरणम्]

॥ इत्याचार्य श्रीहेमचन्द्रविरचिते सिद्धहेमशब्दानुशासने श्रीविजयमहिमाप्रभसूरिकृत बालावबोधिनीवृत्तेः द्वितीयाध्यायस्य प्रथमपादः ॥

प्रावृड् जातेति हे ! भूपा !, मा स्म त्यजत काननम् ।
हरिः शेतेऽत्र न त्वेषो, मूलराज महिपतिः ॥ ५ ॥

હે રાજાઓ ! ચોમસું આવ્યું એમ જાણીને વનને ત્યજતા નહિ; કારણ કે ચોમાસામાં કૃષ્ણ સુઈ જાય છે, પરંતુ ગમન કરનાર એવો **મુલરાજ** મહિપતિ સુતો નથી.

[अथ द्वितीयपादः]

[अथ कारकप्रकरणम्]

क्रियाहेतुः कारकम् ॥ २-२-१ ॥

ક્રિયાનો આશ્રય છતાં, ક્રિયાનો જે હેતુ હોય તે 'કારક' સંજ્ઞક થાય છે. અર્થાત્ 'કારક' કહેવાય છે.

શંકા–આ સૂત્રમાં 'ક્રિયાનો આશ્રય છતાં' એ અર્થ જણાવનાર કોઈ પણ શબ્દ નથી છતાં એ અર્થ ક્યાંથી આવ્યો ?

સમાધાન–અન્વર્થ સંજ્ઞા હોવાથી.

પ્રશ્ન–અન્વર્થ સંજ્ઞા એટલે શું ?

જવાબ–અક્ષરાર્થને અનુસરનારી જે સંજ્ઞા; અર્થાત્ પ્રસ્તુત શબ્દનો અર્થ જેમાં ઘટતો હોય તે 'અન્વર્થ સંજ્ઞા' કહેવાય છે.

પ્રશ્ન–અન્વર્થ સંજ્ઞા હોવાથી ઉપરનો અર્થ શી રીતે ઘટી શકે ?

જવાબ–જ્યાં અન્વર્થ હોય, ત્યાં સંજ્ઞાવાચક શબ્દની આવૃત્તિ થાય છે; અર્થાત્ બેવાર બોલાય છે, તેમાંથી એક સંજ્ઞીના વિશેષણ રૂપે અને બીજો સંજ્ઞા રૂપે જોડાય છે.

પ્રશ્ન–સંજ્ઞી એટલે શું ? તથા સંજ્ઞા એટલે શું ?

જવાબ–જે શબ્દની સંજ્ઞા કરવાની હોય તે "સંજ્ઞી" કહેવાય છે અને તેના બોધક તરીકે 'સંજ્ઞા' કહેવાય છે.

પ્રશ્ન–ઉપર જણાવેલા સૂત્રનો અર્થ પ્રસ્તુતમાં શી રીતે ઘટી શકે તે બરાબર સમજાવો ?

જવાબ–આ સંજ્ઞા સૂત્ર છે. આ સૂત્રમાં 'ક્રિયાહેતુઃ' એ સંજ્ઞી છે; તથા 'કારકમ્' એ સંજ્ઞા શબ્દ છે; અન્વર્થ સંજ્ઞા

હોવાથી સંજ્ઞાવાચક ' **कारकम्** ' શબ્દની આવૃત્તિ થઈ, અર્થાત્ બેવડાયેા; તેમાં એક ' **कारकम्** ' સંજ્ઞીના **(क्रियाहेतुः)** વિશેષણ રૂપે જોડવેા અને બીજો ' **कारकम्** ' સંજ્ઞારૂપે રાખવેા; આ રીતે કરવાથી "**कारकं क्रियाहेतुः कारकम्**" એ પ્રમાણે સૂત્ર થયું. હવે આ સૂત્રમાં પ્રથમ '**कारकम्**' શબ્દ **कृ** ધાતુથી **णक** પ્રત્યય આવીને થયેલ છે. તેમાં 'कृ' ધાતુનો અર્થ ઉત્પત્યનુકૂલવ્યાપાર = ક્રિયા છે, તથા '**णक**' પ્રત્યયનો અર્થ કર્તા=આશ્રય છે. અહિં વ્યાપાર એટલે ક્રિયામાત્ર અને કર્તા એટલે આશ્રયમાત્ર જ વિવક્ષિત છે અને બન્ને શબ્દો મળીને **(कृ + णक)** 'ક્રિયાશ્રય' એવેા અર્થ થાય છે.

પ્રશ્ન–પ્રસ્તુત સૂત્રમાં આવેા અર્થ કરવાનો હેતુ શું ?

જવાબ–પ્રસ્તુત સૂત્રમાં આવેા અર્થ કરવાથી કેવલ ક્રિયામાત્ર જે હેતુઓ તેને '**કારક**' સંજ્ઞાઓ થતી નથી; જેમકે **विद्यया वासः** = વિદ્યારૂપ હેતુથી વસવું' અહિં **કારક** સંજ્ઞા થતી નથી અને કારક સંજ્ઞા નહિં થવાથી '**कारकं कृता**'[૩-૧-૬૮] એ સૂત્રથી સમાસ થતેા નથી.

પ્રશ્ન–આવા કારક કેટલા છે ? તથા ઉપરનો અર્થ દૃષ્ટાંત આપી બરાબર સમજાવેા ?

જવાબ–આ કારક છ છે. જેનાં નામેા **૧.** કર્તા, ૨ **કર્મ**, ૩ કરણ, ૪. સંપ્રદાન, ૫. અપાદાન, અને ૬. અધિકરણ **છે.** જે આગળ ઉપર કહેવાશે. '**नखैः भिन्नः**' આ સ્થાનમાં '**नख**' એ ભેદ (ભેદવા લાયક) દ્રવ્યાન્ત પ્રવેશ જે ક્રિયા તેનો આશ્રય છે; તથા ભેદન-રૂપ ક્રિયાનો હેતુ પણ છે, માટે તેને '**કારક**' સંજ્ઞા થાય છે અને '**કારક**' સંજ્ઞા થવાથી ' **कारकं कृता** ' [૩-૧-૬૮] એ સૂત્રથી સમાસ થઇને ' **नखभिन्नः** ' એ પ્રમાણે રૂપ થાય છે. આવી રીતે દરેક સ્થળમાં સમજવું.

અર્થાત્ ક્રિયા-પ્રવૃત્તિમાત્ર. પ્રવૃત્તિમાત્ર-ક્રિયામાં સક્રિય રીતે જે કોઇ ભાગ લેનાર કર્તા, કર્મ, કરણ વગેરે હોય તેનું નામ **'કારક'** છે. કારક શબ્દનો અર્થ ક્રિયા-પ્રવૃત્તિમાં જે કોઇ સાધન હોય તે ક્રિયામાં ભાગ લેનાર હોવો જ જોઇએ. સાધન-હેતુ વગેરે ક્રિયામાં ભાગ લેનાર ન હોય, પરંતુ નિમિત્તરૂપ હોય-ક્રિયા રહિત હોય, તેને **'કારક'** ન સમજવા.

स्वतंत्रः कर्ता ॥ २-२-२ ॥

ક્રિયાનો હેતુ છતાં, ક્રિયાની સિદ્ધિમાં જે મુખ્ય કારક, તે **'કર્તા'** સંજ્ઞક થાય છે. અર્થાત્ શરૂ કરેલી ક્રિયાની-પ્રવૃત્તિની શરૂઆતથી અંતસુધી ક્રિયાની ઉત્પત્તિ તેમાં જે **સાધકરૂપ-મુખ્યરૂપ** હોય તે કર્તા કહેવાય. **मैत्रेण कृतः**=મૈત્રવડે કરાયેલ.

कर्तुर्व्याप्यं कर्मः ॥ २-२-३ ॥

કર્તાવડે ક્રિયા દ્વારા વિશેષે કરીને સંબંધ કરવાને ઇચ્છાય અર્થાત્ ક્રિયા વડે જે વસ્તુ વગેરેને મેળવવા ઇચ્છે તે **'व्याप्य'** રૂપ કહેવાય છે. આવું વ્યાપ્ય રૂપ જે કારક, તે **'કર્મ'** સંજ્ઞક થાય છે અથવા કર્તાવડે કરાય તે **'કર્મ'** કહેવાય છે. આવું **'કર્મરૂપ'** જે કારક તે **'व्याप्य'** (કર્મ) સંજ્ઞક થાય છે, **कटं करोति** = સાદડી બનાવે છે.

वाऽकर्मणामणिक् कर्ता णौ ॥ २-२-४ ॥

અકર્મક ધાતુનો અણિગ્ અવસ્થાનો જે કર્તા, તે ણિગ્ કર્યે છતે વિકલ્પે **'કર્મ'** સંજ્ઞક થાય છે **चैत्रः पचति** (ચૈત્ર પકાવે છે.) **तमन्यः प्रयुङ्क्ते** (તેને બીજો પ્રેરણા કરે છે), **इति=पाचयति चैत्रेम्, चैत्रेण वा** = પકાવતા ચૈત્રને બીજો પ્રેરણા કરે છે, અર્થાત્

ચૈત્ર પાસે બીજાને પકાવરાવે છે.–રંધાવે છે.

ધાતુના બે પ્રકાર છે. ' **સકર્મક ધાતુ** '–જેને કર્મ હોય તે, જેમકે– ' **चैत्र ओदनं पचति** ' ' **अकर्मक धातु** ' જેને કર્મ ન હોય તે, આ અકર્મક ધાતુનાં બે પ્રકાર છે, ' **नित्यअकर्मक** ' જેને પ્રથમથી જ કર્મ હોય છતાં વિવક્ષા ન કરી હોય તે, જેમકે– '**आस्ते मैत्रः**' । ' **अविवक्षित अकर्मक** '–કર્મ હોય છતાં વિવક્ષા ન કરી હોય તે, જેમકે-**चैत्रः पचति** ' અહિં ' **पच्** ' ધાતુ સકર્મક છે, પરંતુ ' **ओदनादि** ' રૂપ જે કર્મ તેની વિવક્ષા કરી નહિ હોવાથી ' **पच्** ' ધાતુ અવિવક્ષિત અકર્મક ધાતુ કહેવાય છે.

નીચેના સૂત્રમાં નિત્ય અકર્મક ધાતુનું ગ્રહણ કરેલ હોવાથી આ સૂત્રમાં ' **अविवक्षित अकर्मक** ' ધાતુઓનું ગ્રહણ કરવું.

અહિયા ' **पच्** ' એ અવિવક્ષિત અકર્મક રૂપ અકર્મક ધાતુ છે, તેનો ણિગ્ અવસ્થાનો જે ' **चैत्र** ' રૂપ કર્તા તેને પ્રેરણા ' **प्रयोक्तृव्यापारे णिग् [३-४-२०]** એ સૂત્રથી ણિગ્ લાગ્યા પછી આ સૂત્રથી વિકલ્પે ' **कर्म** ' સંજ્ઞા થઈ અને કર્મ સંજ્ઞા વિકલ્પે હોવાથી એક વખત ' **कर्ता** ' સંજ્ઞા કાયમ રહી, તેમાં કર્મને માનીને ' **द्वितीया विभक्ति** ' થઇ અને કર્મના અભાવમાં અર્થાત્ કર્તાને માનીને ' **तृतीया विभक्ति** ' થઇ, આવી રીતે ણિગન્તમાં દરેક જગ્યાએ સમજી લેવું.

गति–बोधा–ऽऽहारार्थ–शब्दकर्म–नित्याकर्मणामनीखाद्यादि–हा–शब्दाय–क्रन्दाम् ॥ २–२–५ ॥

ની, ખાદ્, અદ્, હા શબ્દ્ અને ક્રન્દ્ વર્જિત ગત્યર્થક, બોધાર્થક, આહારાર્થક, શબ્દ કર્મ (અહિં શબ્દકર્મ એટલે શબ્દરૂપ વ્યાપ્ય કર્મ છે જેને, અથવા શબ્દરૂપ છે ક્રિયા જેને એવો અર્થ કરવો)

અને નિત્ય અકર્મક ધાતુનો અણિગ્ અવસ્થાનો જે કર્તા, તે ણિગ્ કર્યે છતે '**કર્મ**' સંજ્ઞક થાય છે. **गच्छति चैत्रो ग्रामम्** (ચૈત્ર ગામ જાય છે.) **तमन्यः प्रयुङ्क्ते** (તેને બીજો પ્રેરણા કરે છે.) **इति = गमयति चैत्रं ग्रामम्** = ગામ જતા ચૈત્રને પ્રેરણા કરે છે. અર્થાત્ ચૈત્રને ગામ લઈ જાય છે.

भक्षेर्हिंसायाम् ॥ २-२-६ ॥

હિંસાર્થક ણ્યન્ત જે ભક્ષ્ ધાતુ, તેનો અણિગ્ અવસ્થાનો જે કર્તા, તે ણિગ્ કર્યે છતે '**કર્મ**' સંજ્ઞક થાય છે. **भक्षयति [भक्ष + णिच्+शव् + तिव्] सस्यं बलीवर्दाः** (બળદો ધાન્ય ખાય છે.), **तान् मैत्रः प्रयुङ्क्ते** (તેઓને મૈત્ર પ્રેરણા કરે છે.) **इति + भक्षयति सस्यं बलीवर्दान् मैत्रः** = ધાન્ય ખાતા બળદોને મૈત્ર પ્રેરણા કરે છે. અર્થાત્ મૈત્ર બળદોને તાજું લીલું ઘાસ ખવડાવે છે.

(ધાન્ય એ સચેતન વસ્તુ હોવાથી ભક્ષણમાં 'હિંસા' છે; અથવા માલિકની રજા સિવાય ભક્ષણ કરવાથી પણ માલિકના હૃદયને દુઃખ થવારૂપ 'હિંસા' સમજવી.)

वहेः प्रवेयः ॥ २-२-७ ॥

વહ્ ધાતુનો અણિગ્ અવસ્થાનો પ્રવેય (જેના ઉપર બોજો મૂકીને ચાબુકના ભયથી કાર્યમાં લેવાય અથવા બોજાવાળા ગાડા વિગેરેમાં જોડીને ઉપયોગમાં લેવાય એવા જે બળદ વિગેરે તે પણ પ્રવેય કહેવાય છે.) રૂપ જે કર્તા, તે ણિગ્ કર્યે છતે '**કર્મ**' સંજ્ઞક થાય છે' **वहन्ति भारं बलीवर्दाः** (બળદો ભારને વહન કરે છે.) **तान् मैत्रः प्रयुङ्क्ते** (તેને મૈત્ર પ્રેરે છે) **इति + वाहयति भारं**

बलीवर्दान् मैत्रः આવો સમુદિત પ્રયોગ થાય છે એવી રીતે દરેક જગ્યાએ સમજી લેવું) = મૈત્ર બળદો પાસે ભાર વહન કરાવે છે.

हृ-कोर्नवा ॥ २-२-८ ॥

હૃ અને કૃ ધાતુનો અણિગ્ અવસ્થાનો જે કર્તા, તે ણિગ્ કર્યે છતે વિકલ્પે '**કર્મ**' સંજ્ઞક થાય છે. **आहरति ओदनं बालः** (બાળક ચોખા ખાય છે.), **तं प्रयुङ्क्ते**-તેને પ્રેરણા કરે છે.) **इति = आहारयत्योदनं बालम्, बालेन वा** = બાળક પાસે ચોખા ખવરાવે છે.

दृश्यभिवदोरात्मने ॥ २-२-९ ॥

આત્મનેપદનો સંભવ છે એવા દૃશ્ અને અભિ ઉપસર્ગપૂર્વક વદ્ ધાતુનો અણિગ્ અવસ્થાનો જે કર્તા, તે ણિગ્ કર્યે છતે વિકલ્પે '**કર્મ**' સંજ્ઞક થાય છે. **अभिवदति गुरूं शिष्यः** (શિષ્ય ગુરુને વંદન કરે છે.), **तं गुरुरेवाऽनुकूलाचरणेन प्रयुङ्क्ते** (ગુરુ જ તેને અનુકૂલ આચરણવડે પ્રેરણા કરે છે.) **इति = अभिवादयते गुरुः शिष्यम्, शिष्येण वा** = વંદન કરતા શિષ્યને ગુરુ પ્રેરણા કરે છે,

(વદ્ ધાતુ પરસ્મૈપદી છે, પરંતુ '**परिमुहा०** [૩-૩-૯૪] એ સૂત્રથી આત્મનેપદની પ્રાપ્તિ હોય ત્યારે ઉપરનું સૂત્ર લાગે છે, માટે સૂત્રમાં 'આત્મનેપદનો સંભવ છે.' એમ કહ્યું છે; તેવીજ રીતે દૃશ્ ધાતુને પણ **अणिकू०** [૩-૩-૮૮] એ સૂત્રથી આત્મનેપદના વિષયમાં ઉપરનું સૂત્ર લાગે છે; અર્થાત્ બન્ને ધાતુને આત્મનેપદ થાય ત્યારે જ ઉપરના સૂત્રથી '**કર્મ**' સંજ્ઞા થાય છે. અહિં કર્મને માનીને '**द्वितीया विभक्ति**' થઇ અને કર્મના અભાવમાં '**तृतीया विभक्ति**' થઇ છે.)

नाथः ॥ २-२-१० ॥

આત્મનેપદનો સંભવ છે. એવા નાથ્ ધાતુનું જે વ્યાપ્ય; તે '**કર્મ**' સંજ્ઞક વિકલ્પે થાય છે, અર્થાત્ વ્યાપ્ય શબ્દ છે તે કર્મ અર્થમાં વપરાય છે; માટે કર્મ છે તે વિકલ્પે '**કર્મ**' સંજ્ઞક થાય છે. **सर्पिषः सर्पिर्वा नाथते** = ઘી મને મળો ! એવી આશા-ઇચ્છા રાખે છે. (કર્મને માનીને '**द्वितीया विभक्ति**' થઈ છે અને પક્ષે કર્મના અભાવમાં અર્થાત્ સંબંધ અર્થમાં '**शेषे [२-२-८१]** એ સૂત્રથી '**षष्ठी विभक्ति**' થઈ છે ઉપરના સૂત્રમાંથી '**अणिक् कर्ता णौ**' એટલાની નિવૃત્તિ કરવા માટે આ સૂત્ર જુદું કરેલ છે. નાથ્ ધાતુ તો આત્મનેપદી છે, છતાં સૂત્રમાં ફરી 'આત્મનેપદનો' સંભવ છે એવા, એટલું ગ્રહણ કર્યું તેથી જણાવે છે કે '**आशिषि नाथः [३-३-३६]** એ સૂત્રથી આશિર્ષ્ અર્થમાં નાથ્ ધાતુ વાર્તતો હોય ત્યારે જ ઉપરનું સૂત્ર લાગે; પરંતુ યાચનાદિ રૂપ અર્થમાં નાથ્ ધાતુ વપરાયો હોય ત્યારે ઉપરનું સૂત્ર લાગતું નથી. જેમકે-**पुत्रमुपनाथति पाठाय** = ભણવા માટે પુત્રને આશીર્વાદ આપે છે.

स्मृत्यर्थ-दयेशः ॥ २-२-११ ॥

સ્મરણ અર્થવાળા ધાતુ. દય્ (દેઙ્) અને ઈશ્ (ઈ શિઙ્) ધાતુનું જે વ્યાપ્ય-કર્મ, તે વિકલ્પે '**કર્મ**' સંજ્ઞક થાય છે. **मातुः मातरं वा स्मरति** = માતાનું સ્મરણ કરે છે. (અહિ પણ કર્મને માનીને, '**द्वितीया विभक्ति**' થઈ છે અને કર્મની અવિવક્ષામાં-સંબંધ અર્થમાં '**षष्ठी विभक्ति**' થઇ છે.)

कृगः प्रतियत्ने ॥ २-२-१२ ॥

પ્રતિયત્ન (વિદ્યમાન વસ્તુને દોષથી બચાવવા; અથવા ગુણા-

ન્તરનું સ્થાપન કરવા જે યત્ન તે ' **પ્રતિયત્ન** ' કહેવાય) અર્થમાં વર્તમાન કૃગ્ ધાતુનું જે વ્યાપ્ય-કર્મ, તે વિકલ્પે ' **કર્મ** ' સંજ્ઞક થાય છે. **पधाश्च उदकानि च = पधोदकम्** (લાકડા અને પાણી), **तदुपस्कुरुते** (તેને દોષથી બચાવે છે. અથવા ગુણનુ સ્થાપન કરે છે), **इति = पधोदकम्, पधोदकस्य वोपस्कुरुते** = લાકડા તથા પાણીને દોષથી બચાવે છે; અથવા અન્ય ગુણનું સ્થાપન કરવા લાકડાને પાણીમાં રાખી મૂકે છે. (અહિં કર્મને માનીને ' **દ્વિતીયા વિભક્તિ** ' અને સંબંધ અર્થમાં ' **ષષ્ઠી વિભક્તિ** ' થઈ છે)

रुजार्थस्याऽज्वरिसन्तापेर्भावे कर्तरि ॥ २–२–१३ ॥

ણ્યન્ત એવા જ્વર્ અને સમ્ ઉપસર્ગપૂર્વક તપ્ ધાતુ વર્જિત રુજ્યર્થક–પીડાર્થક ધાતુ, તેનું જે કર્મ, તે વિકલ્પે ' **કર્મ** ' સંજ્ઞક થાય છે. **चौरस्य, चौरं वा रुजति रोगः** = રોગ ચોરને પીડા કરે છે (અહિં કર્તા રોગ છે, અને તે ભાવરૂપ છે; કારણ કે ધાતુ નો અર્થ હોય તે ભાવ કહેવાય છે, તો રુજ્ ધાતુનો અર્થ પીડા છે અને રોગનો અર્થ પણ પીડા છે; માટે અહિં રોગ એ ભાવરૂપ કર્તા છે. કર્મને માનીને ' **દ્વિતીયા વિભક્તિ** ' થઈ છે અને સંબંધ અર્થમા ' **ષષ્ઠી વિભક્તિ** ' થયેલ છે.)

जास–नाट–क्राथ–पिषो हिंसायाम् ॥ २–२–१४ ॥

હિંસા અર્થમાં વર્તમાન ણ્યન્ત એવા જસ્, નાટ્, ક્રાથ્ અને પિષ્ ધાતુનું જે કર્મ, તે વિકલ્પે ' **કર્મ** ' સંજ્ઞક થાય છે. **चौरस्य चौरं वोज्जासयति** = ચોરને મારે છે. (કર્મને માનીને ' **દ્વિતીયા વિભક્તિ** ' થઈ છે અને સંબંધ. અર્થમાં ' **ષષ્ઠી વિભક્ત** ' થઈ છે.)

नि-प्रेभ्यो हनः ॥ २-२-१५ ॥

नि અને प्र ઉપસર્ગથી પર રહેલ હિંસાર્થક हन् ધાતુનું જે કર્મ, તે વિકલ્પે ' **कर्म** ' સંજ્ઞક થાય છે. **चौरस्य, चौरं वा निप्रहन्ति** = ચોરને મારે છે. (अंहि બહુવચન આપેલ હોવાથી કેવલ ' नि ' તથા કેવલ ' प्र ' અથવા ' नि ' અને ' प्र ' બન્નેનું સાથે પણ ગ્રહણ થાય છે. અહિયા પણ કર્મને માનીને ' **द्वितीया विभक्ति** ' તથા સંબંધ અર્થમાં ' ' **षष्ठी विभक्ति** ' થઈ છે.

विनिमेय-द्यूतपणं पणि-व्यवहोः ॥ २-२-१६ ॥

પણ્ ધાતુ તથા वि અને अव ઉપસર્ગપૂર્વક हृ ધાતુનું, જે વિનિમેય (લેવા વેચાવાની વસ્તુ) અને દ્યૂતપણ (જુગટાની અંદર શરત કરાતી વસ્તુ) રૂપકર્મ, તે વિકલ્પે ' **कर्म** ' સંજ્ઞક થાય છે. **शतस्य शतं वा पणायति** = સો રૂપીઆને લેણદેણમાં જોડે છે, અથવા સો રૂપીઆ શરતમાં મૂકે છે. (કર્મને માનીને ' **द्वितीया विभक्ति** ' થઈ, છે તથા સંબંધ અર્થમાં ' **षष्ठी विभक्ति** ' થઈ છે.)

उपसर्गाद् दिवः ॥ २-२-१७ ॥

ઉપસર્ગથી પર રહેલ दिव् ધાતુનું, વિનિમેય અને દ્યુતપણ રૂપ જે કર્મ, તે વિકલ્પે' ' **कर्म** ' સંજ્ઞક થાય છે. **शतस्य शतं वा प्रदीव्यति** = ઉપરની જેમ (કર્મને માનીને ' **द्वितीया विभक्ति** ' તથા સંબંધ અર્થમાં ' **षष्ठी विभक्ति** ' થએલ છે.)

न ॥ २-२-१८ ॥

ઉપસર્ગરહિત दिव् ધાતુનું જે વિનિમેય અને દ્યુતપણ રૂપ કર્મ

તે વિકલ્પે ' કર્મ ' સંજ્ઞક થતું નથી. **शतस्य दीव्यति** = ઉપરની જેમજ (ઉપરના સૂત્રમાં ઉપસર્ગથી પર રહેલ દિવ્ ધાતુનું ગ્રહણ. કરેલ હોવાથી આ સૂત્રમાં ઉપસર્ગ રહિત દિવ્ ધાતુનું ગ્રહણ કરવુ, અર્થાત્ નિષેધ છે તે ઉપસર્ગ રહિત દિવ્ ધાતુનો સમજવો.)

करणं च ॥ २-२-१९ ॥

દિવ્ ધાતુનું જે કર્મ, તે ' કર્મ ' અને ' કરણ ' સંજ્ઞક એકી સાથે થાય છે. **अक्षान्, अक्षैर्वा दीव्यति** = પાસા વડે રમેછે. (**अक्षैर्दीव्यति चैत्रः, तं मैत्रः प्रयुङ्क्ते इति-अक्षैर्दीव्यते मैत्रश्चैत्रेण** = પાસા રમતા ચૈત્રને મૈત્ર પ્રેરણા કરે છે; અર્થાત્ મૈત્ર ચૈત્રને પાસ વડે રમાડે છે. અહિં કરણપણું હોવાથી **'अक्षैः'** એ સ્થાને ' **तृतीया विभक्ति** ' થઈ છે. તથા કર્મ પણ હોવાથી ધાતુ ' **अकर्मक** ' ન થયો. તેથી કરીને **"गतिबोधा० [२-२-५]"** એ સૂત્રથી અણિગ્ અવસ્થાનો કર્તા જે ચૈત્ર, તેને કર્મપણું થતું નથી, તથા ણ્યન્ત દિવ્ ધાતુને ' **अणिगि प्राणि० [३-३-१०७]** ' એ સૂત્ર અકર્મકપણું માનીને પરસ્મૈપદપણું પણ થતું નથી. આ રીતે બે સંજ્ઞા ' કર્મ ' અને ' કરણ ' સાથે કરવાનું ફલ છે.)

अधेः शीङ्-स्था-ऽऽस आधारः ॥ २-२-२० ॥

અધિ ઉપસર્ગપૂર્વક શીઙ્, સ્થા અને આસ્ ધાતુનો આધાર છે, તે ' **કર્મ** ' સંજ્ઞક થાય છે. **ग्राममधिशेते** = ગામમાં સુવે છે, (અહિં અધિકરણને કર્મસંજ્ઞા થવાથી ' **द्वितीया विभक्ति** ' થાય છે.

उपा-ऽन्वध्या-ऽऽङ्-वसः ॥ २-२-२१ ॥

ઉપ, અનુ, અધિ અને આઙ્ ઉપસર્ગપૂર્વક વસ્ ધાતુનો જે

આધાર, તે '**કર્મ**' સંજ્ઞક થાય છે. **ગ્રામમુપવસતિ** = ગામમાં રહે છે. (અધિકરણને કર્મસંજ્ઞા થવાથી '**દ્વિતીયા વિભક્તિ**' થઈ છે.)

વાઽભિનિ-વિશઃ ॥ ૨-૨-૨૨ ॥

અભિ અને નિ બન્ને ઉપસર્ગ સહિત જે વિશ્ ધાતુ, તેનો જે, આધાર તે વિકલ્પે '**કર્મ**' સંજ્ઞક થાય છે. **ગ્રામમભિનિવિશતે** = ગામમાં પ્રવેશ કરે છે. (અંહિ અધિકરણને કર્મ સંજ્ઞા થવાથી '**દ્વિતીયા વિભક્તિ**' થઈ છે, તથા કર્મ સંજ્ઞાના અભાવમાં અર્થાત્ અધિકરણમાં '**સપ્તમી વિભક્તિ**' થાય છે, અહિં વ્યવસ્થિત વિભાષારૂપ વિકલ્પ હોવાથી કોઇ સ્થાને '**આધાર**' સંજ્ઞા થાય છે, તો કોઇ સ્થાને '**કર્મ**' સંજ્ઞા જ થાય છે, પરંતુ બન્ને સંજ્ઞા એકી સાથે થતી નથી.)

કાલા-ઽધ્વ-ભાવ-દેશં વાઽકર્મ ચાઽકર્મણામ્ ॥ ૨-૨-૨૩ ॥

અકર્મક ધાતુનો પ્રયોગ રહેતે છતે, કાલ (મૂહૂર્ત, દિવસ વિગેરે), અધ્વા (ગન્તવ્ય ક્ષેત્ર, ગાઉ યોજના વિગેરે), ભાવ (ગોદોહન-ગાયનું દોહવું વગેરે ક્રિયા) અને દેશ (જનપદ, ગાય, નદી, પર્વત વગેરે) રૂપ આધાર તે '**કર્મ**' સંજ્ઞા થાય છે, તે પક્ષમાં '**અકર્મ**' વિકલ્પે થાય છે. અર્થાત્ જે પક્ષમાં '**કર્મ**' સંજ્ઞા થાય છે, તે પક્ષમાં '**અકર્મ**' સંજ્ઞા પણ વિકલ્પે થાય છે. **માસમ્ , માસે વાઽઽસ્તે** = મહિના સુધી બેસે છે (અહિં માસરૂપ આધારને કર્મ સંજ્ઞા થવાથી '**દ્વિતીયા વિભક્તિ**' થઇ છે. અહિંઆ જેનું કર્મ વિવક્ષા નથી કરાયું એવા સકર્મક ધાતુ પણ અકર્મક તરીકે લેવામાં આવે છે જેમ '**માસં પચતિ**' અહિં પચ્ ધાતુ સકર્મક હોવા છતાં પણ કર્મની વિવક્ષા નથી કરી, માટે સકર્મક ધાતુ માનીને

માસરૂપ આધારને '**કર્મ**' સંજ્ઞા થાય અને જ્યારે કર્મ સંજ્ઞા ન થઇ ત્યારે આધાર-અધિકરણ અર્થમાં '**સપ્તમીવિભક્તિ**' થાય છે, કર્મ સંજ્ઞા અને અકર્મ સંજ્ઞા બન્ને સાથે કરવાથી '**માસમાસ્યતે**' એ સ્થાને કર્મ સંજ્ઞા માનીને '**માસમ્**' ત્યાં '**દ્વિતીયા વિભક્તિ**' થઇ છે અને અકર્મ સંજ્ઞા માનીને '**આસ્યતે**' ત્યાં '**કયઃ ક્ષિતિ [૩-૪-૭૦]** એ સૂત્રથી ભાવ અર્થમાં 'કય' પ્રયત્ય થયો છે, કારણ કે---અકર્મક ધાતુથી પર ભાવ અર્થમાં અને સકર્મક ધાતુથી પર કર્મ અર્થમાં '**કય**' પ્રત્યય થાય છે. **માસમાસ્તે** = મહિના સુધી બેસાય છે.)

साधकतमं कारणम् ॥ २-२-२४ ॥

જેના વ્યાપારથી અનન્તર ક્રિયાની સિદ્ધિની વિવક્ષા કરાય તે '**સાધકતમ**' કહેવાય છે. સાધકતમ એવું જે '**કારક**' તે '**કરણ**' સંજ્ઞક થાય છે. **દાનેન ભોગાનાપ્નોતિ** = દાનથી ભોગોને પ્રાપ્ત કરે છે. (અહિં કરણ સંજ્ઞા માનીને '**તૃતીયા વિભક્તિ**' થઇ છે. અહિં દાનનો વ્યાપાર પુણ્યકર્મનો બંધ છે અને એ પુણ્ય કર્મના બંધથી અનન્તર તેનો ઉદય થતાં તરત જ ભોગોની પ્રાપ્તિ થાય છે,)

कर्माभिप्रेयः संप्रदानम् ॥ २-२-२५ ॥

કર્મ અથવા ક્રિયાદ્વારા જેને શ્રદ્ધા અથવા અનુગ્રહાદિકની ઇચ્છાથી સંબંધ કરવાને ઇચ્છે તે '**કર્માભિપ્રેય**' કહેવાય છે, કર્માભિપ્રેય એવું જે કારક, તે '**સંપ્રદાન**' સંજ્ઞક પ્રાય છે. **દેવાય બલીં દત્તે** = દેવને બલી આપે છે. (અહિં શ્રદ્ધાથી બલીરૂપ કર્મદ્વારા દેવને સંબંધ કરવાને ઇચ્છે છે, માટે દેવ એ સંપ્રદાન છે અને સંપ્રદાન અર્થમાં '**ચતુર્થી વિભક્તિ**' થાય છે)

स्पृहेर्व्याप्यं वा ॥ २-२-२६ ॥

સ્પૃહ ધાતુનું જે કર્મ તે વિકલ્પે 'સંપ્રદાન' સંજ્ઞક થાય છે **पुष्पेभ्यः, पुष्पाणि वा स्पृहयति** = ફુલોને ઇચ્છે છે. (સંપ્રદાન અર્થમાં 'चतुर्थी' विभक्ति' થઇ છે. તથા સંપ્રદાન સંજ્ઞા ન થઇ ત્યારે કર્મસંજ્ઞા માનીને 'द्वितीया विभक्ति' થઇ છે.

क्रुध्-द्रहेर्ष्या-ऽसूयार्थैर्यं प्रति कोपः ॥ २-२-२७ ॥

ક્રોધ (પ્રસિદ્ધ છે.) દ્રોહ (બીજાનું ખરાબ કરવાની ઇચ્છા), ઇર્ષ્યા (બીજાની સંપત્તિ થયે છતે ચિત્તનો જે ઉકળાટ) અને અસૂયા (ગુણમાં દોષો બતાવવા). ક્રોધાર્થક, દ્રોહાર્થક ઇર્ષ્યાર્થક અને અસૂયાર્થક ધાતુની સાથે યોગ રહેતે છતે, જેના પ્રત્યે કોપ હોય તે કારક 'સંપ્રદાન' સંજ્ઞક થાય છે. **मैत्राय क्रुध्यति** = મૈત્ર પ્રત્યે કોપ કરે છે. (સંપ્રદાન અર્થમાં 'चतुर्थी' विभक्ति' થઇ છે.)

मैत्राय द्रह्यति, ईर्ष्यति, असूयति = મૈત્ર ઉપર દ્રોહ, ઇર્ષ્યા કે અસૂયા કરે છે.

नोपसर्गात् क्रुध्- द्रुहा ॥ २-२-२८ ॥

ઉપસર્ગથી પર રહેલ જે ક્રુધ્ અને દ્રુહ ધાતુની સાથે યોગ રહેતે છેતે, જેના પ્રત્યે કોપ કરવાનો હોય તે કારક 'સંપ્રદાન' સંજ્ઞક થતું નથી. **मैत्रमभिक्रुध्यति** = મૈત્ર પ્રત્યે કોપ કરે છે. (અભિ અભિ ઉપસર્ગપૂર્વક ક્રુધ્ ધાતુ સકર્મક હોવાથી મૈત્રને કર્મ સંજ્ઞા માનીને 'द्वितीया विभक्ति' થઇ છે.)

अपायेऽवधिरपादनम् ॥ २-२-२९ ॥

અવધિવાળુ જે ગમન તે 'અપાય' કહેવાય છે. અપાયમાં

અવધિરૂપ અને અપાયથી અનધિષ્ઠિત-સાવધિક ગમનથી રહિત જે કારક, તે ' **અપાદાન** ' સંજ્ઞક થાય છે. **वृक्षात् पर्णं पतति** = વૃક્ષ ઉપરથી પાદડું પડે છે. (અહિં પાંદડાનું જે ગમન થવું, તે ગમન વૃક્ષથી થયું છે; માટે સાવધિક ગમન કહેવાય. આ સાવધિક ગમનમાં વૃક્ષ અવધિરૂપ છે. સાવધિક ગમનનો આશ્રય વૃક્ષ નથી પણ પાંદડું છે; અર્થાત્ વૃક્ષથી પાંદડું જુદું પડયું, માટે વૃક્ષને અપાદાન સંજ્ઞા થઇ અને અપાદાન અર્થમાં ' **પંચમી વિભક્તિ** ' થાય છે. વિભાગ-અપાય-જુદા પડવું, વિભાગ થવો, દૂર રાખવું, અટકાવવું, થાકી જવું'. સંતાઈજવું, ચડિયાતાપણું, અને એકમાંથી બીજીવસ્તુ નીકળવી આ બધા અર્થો અપાય - વિભાગમાં આવે છે.

क्रियाऽऽश्रयस्याऽऽधारोऽधिकरणम् ॥ २-२-३० ॥

ક્રિયાના આશ્રયરૂપ જે કર્તા અને કર્મ, તેના આધારરૂપ જે કારક, તે ' **અધિકરણ** ' સંજ્ઞક થાય છે; અથવા ક્રિયાના આશ્રય રૂપ જે કર્તા અને કર્મ. તેનું જે અધિકરણ, તે ' **આધાર** ' સંજ્ઞક થાય છે, અધિકરણને પ્રસિદ્ધ માનીએ તો '**આધાર**' સંજ્ઞા થાય છે. અને આધારને પ્રસિદ્ધ માનીએ તો ' **અધિકરણ** ' સંજ્ઞા થાય છે. **कटे आस्ते** = સાદડી પર બેસે છે. આહું બેસવાની ક્રિયાનો કર્તા ચૈત્રાદિ છે અને તેનો આધાર કટ છે, માટે કટને અધિકરણ સંજ્ઞા થઇ અને અધિકરણ અર્થમાં ' **સપ્તમી વિભક્તિ** ' થાય છે.'

અધિકરણના છ ભેદો છે. (૧) દેવો સ્વર્ગમાં રહે છે. મનુષ્યો જમીન ઉપર રહે છે. અહિં સ્વર્ગ અને જમીન **વૈષયિક અધિકરણ** ' છે.

(૨) આધારના અમુક ભાગ સાથે કર્તાનો સંબંધ હોય તે આધાર **ઔપશ્લેષિક**, જેમકે-પલંગ ઉપર સૂવે છે. અહિં પલંગની

સાથે કર્તાનો અમુક ભાગ સાથે સંબંધ છે. જેથી પલંગ એ **'ઔપશ્લેષિક અધિકરણ'** છે.

(૩) આધારનો આખાય ભાગ સાથે સંબંધ હોય તે અભિવ્યાપક, જેમકે–તલમાં તેલ છે, માખણમાં ઘી છે. અહિં તલ–માખણ રૂપ આધારનો તમામ ભાગ સાથે સંબંધ છે. જેથી તલ–માખણ એ **'અભિવ્યાપક અધિકરણ'** છે.

(૪) જેની સાથે સમીપનો સંબંધ તે સામીપ્યક. જેમકે–ગંગામાં વાડો, અહિં ગંગામાં વાડો સંભવતો નથી, પણ ગંગા પાસે વાડો છે. જેથી ગંગા એ **'સામીપ્યક અધિકરણ'** છે.

(૫) જે આધાર નિમિત્તરૂપ હોય તે નૈમિત્તિક, જેમકે–યુદ્ધમાં તૈયાર થાય છે. અહિં યુદ્ધમાં એટલે યુદ્ધ માટે. જેથી યુદ્ધ માટે એ **'નૈમિત્તિક અધિકરણ'** છે.

(૬) જે આધાર માત્ર કાલ્પનિક હોય તે ઔપચારિક. જેમકે આંગળીના ટેરવા ઉપર ચંદ્ર છે, અહિં ટેરવા ઉપર ચંદ્ર એ કલ્પના છે. જેથી ટેરવા ઉપર **'ઔપચારિક અધિકરણ'** છે.

नाम्नः प्रथमैक-द्वि-बहौ ॥ २-२-३१ ॥

એકત્વ, દ્વિત્વ અને બહુત્વ વિશિષ્ટ અર્થમાં વર્તમાન નામથી પર અનુક્રમે સિ, ઔ અને જસ્ રૂપ **'પ્રથમા વિભક્તિ'** થાય છે. વિશેષ વાચક નામ— **डित्थः** = લાકડાનો હાથી, જાતિવાચક-નામ— **गौः** = ગાય, ક્રિયાદર્શક નામ — **कारकः** = કરનારો, ગુણ-વાચક નામ—**शुक्लः** - ધોળો, અને સંબંધદર્શક નામ — **दण्डी**= દંડ વાળો.

आमन्त्र्ये ॥ २-२-३२ ॥

આમન્ત્રણ અર્થમાં વર્તમાન નામથી પર ' **પ્રથમા વિભક્તિ** ' થાય છે. **હે દેવ !** = હે દેવ ! (સંબોધનનો જે વિષય હોય તે ' **આમન્ત્રણ** ' કહેવાય છે.)

गौणात् समया - निकषा - हा - धिगन्तरा - ऽन्तरेणा - ऽति - येन - तेनैर्द्वितीया ॥ २–२–३३ ॥

આખ્યાતપદની સાથે અભેદે કરીને સંબંધ ન થાય, તે 'ગૌણ' નામ કહેવાય છે. સમયા (નજીક), નિકષા (નજીક), હા (ખેદ), ધિગ્ (ધિક્કાર), અન્તરા (મધ્યમાં), અન્તરેણ (સિવાય), અતિ ઉ (લંઘન), યેન અને તેન (આ બન્ને શબ્દો લક્ષ્ય લક્ષણ ભાવને જણાવનાર છે.) શબ્દોથી સહિત ગૌણ નામ, તેથી પર ' **દ્વિતીયા વિભક્તિ** ' થાય છે. **समया ग्रामम्** = ગામની નજીક.

द्वित्वेऽधो–ऽध्युपरिभिः ॥ २–२–३४ ॥

દ્વિર્ભાવને પામેલ અધસ્, અધિ અને ઉપરિ શબ્દથી સહિત જે ગૌણ નામ, તેથી પર ' **દ્વિતીયા વિભક્તિ** ' થાય છે. **अधोऽधो ग्रामम्** = ગામની પાસે નીચે નીચે.

सर्वोभया - ऽभि - परिणा तसा ॥ २–२–३५ ॥

તસ્ પ્રત્યયાન્ત એવા સર્વ, ઉભય, અભિ અને પરિ શબ્દથી સહિત જે ગૌણ નામ, તેથી પર ' **દ્વિતીયા વિભક્તિ** ' થાય છે. **सर्वतो ग्रामं वनानि** = ગામની ચારે બાજુ વનો છે.

लक्षण - वीप्स्येत्थम्भूतेष्वभिना ॥ २–२–३६ ॥

લક્ષણ (જેનાથી જણાય તે અર્થાત્ ' ચિહ્ન'), વીપ્સ્ય

(समुदायना दरेक अवयवने क्रियाद्वारा जे संपूर्णपणाओ संबंध करवानी ईच्छा, ते वीप्सा कहेवाय अने तेनुं जे कर्म ते 'वीप्स्य' कहेवाय छे.) अने ईत्थंभूत (कोइपण विवक्षित स्वभाववाळुं थवुं ते ईत्थंभाव कहेवाय अने तेनो जे विषय ते 'ईत्थंभूत' कहेवाय छे. अर्थात् अमुक प्रकारना गुणने पामेल होय) अर्थमां वर्तमान, अभि उपसर्ग सहित गौण नामथी पर 'द्वितीया विभक्ति' थाय छे. **वृक्षमभिविद्योतते विद्युत्** = वृक्ष तरफ वीजळी चमके छे. अहिं वीजळी चमके छे ते जणावनार वृक्ष छे, माटे वृक्ष ओ लक्षणु-चिह्न छे. **वृक्षं वृक्षमभिषेकः** = झाडे झाडे पाणी छांटवुं. अंहि वृक्ष साथे संपूर्ण पाणी छांटवारूप संबंधनी ईच्छा छे. **साधुर्मैत्रो मातरमभि** = मैत्र माता प्रत्ये सारो छे. अंहि माता प्रत्ये गुणथी विशेषता पामेल छे.

भागिनि च प्रति-पर्यनुभिः ॥ २-२-३७ ॥

भागी (भागनो जे मालिक होय ते 'भागी' कहेवाय छे), लक्षण, वीप्स्य अने ईत्थंभूत अर्थमां वर्तमान प्रति, परि अने अनु उपसर्ग सहित गौण नामथी पर 'द्वितीया विभक्ति' थाय छे. **यदत्र मां प्रति स्यात् तद् दीयताम्** = आमां जे मारो भाग आवतो होय, ते मने आपो.

हेतु-सहार्थेऽनुना ॥ २-२-३८ ॥

हेतु (कारण) अने सहार्थमां (तुल्ययोग अथवा विद्यमानता होय, ते सहनो अर्थ छे. अथवा सहार्थनो जे विषय ते पण 'सहार्थ' कहेवाय छे.) वर्तमान अनु उपसर्ग सहित गौण नामथी पर 'द्वितीया विभक्ति' थाय छे. **जिनजन्मोत्सवमन्वागच्छन् सुराः** = जिनेश्वरभगवन्तना जन्मोत्सव निमित्ते देवो आव्या

(अंहि देवागमनનો હેતુ-કારણ જિન જન્મોત્સવ છે.)

उत्कृष्टेऽनूपेन ॥ २-२-३९ ॥

ઉત્કૃષ્ટ અર્થમાં વર્તમાન અનુ અને ઉપ ઉપસર્ગથી સહિત જે ગૌણ નામ, તેથી પર 'द्वितीया विभक्ति' થાય છે. **अनु सिद्धसेनं कवयः** = બધા કવિઓ સિદ્ધસેનસૂરિથી ઉતરતાં છે. **अनुहेमचन्द्रं वैयाकरणाः** = હેમચન્દ્રસૂરિ મહારાજથી અન્ય વૈયાકરણો હીન છે. અર્થાત્ હેમચન્દ્રસૂરિ મહારાજ તેમાં ઉત્કૃષ્ટ છે.

कर्मणि ॥ २-२-४० ॥

ગૌણનામથી પર, કર્મ અર્થમાં 'द्वितीया विभक्ति' થાય છે. **कटं करोति**-સાદડી કરે છે.

क्रियाविशेषणात् ॥ २-२-४१ ॥

ક્રિયાનું જે વિશેષણ, તદ્વાચક ગૌણ નામથી પર 'द्वितीया विभक्ति' થાય છે. **स्तोकं पचति** = અલ્પ પકાવે છે; અર્થાત્ પચનક્રિયા અલ્પ પ્રકારની છે.

काला-ऽध्वनोर्व्याप्तौ ॥ २-२-४२ ॥

અત્યન્ત જે સંબંધ તે 'व्याप्ति' કહેવાય છે. વ્યાપ્તિ જણાતે છતે, કાલ અને અધ્વ-માર્ગ અર્થમાં વર્તમાન ગૌણ નામથી પર 'द्वितीया विभक्ति' થાય છે. **मासं गुडधानाः** = મહિના સુધી નિરંતર ગોળધાણા (વહેચાય છે), (અહિં ગોળધાણાને માસની સાથે અત્યન્ત સંબંધ છે. મહિનામાં એક દિવસ પણ ગોળધાણા સિવાયનો નથી.) **क्रोशं गिरिः** = એક ગાઉ પહાડ (આવે છે)

सिद्धौ तृतीया ॥ २-२-४३ ॥

ક્રિયાના ફલની સિદ્ધિ જણાતે છતે, કાલ અને અધ્વવાચી ગૌણનામથી પર '**तृतीया विभक्ति**' થાય છે; જો વ્યાપ્તિ જણાતી હોય તો. **मासेनाऽऽवश्यकमधीतम्** = મહિનામાં આવશ્યક ભણ્યો. (અને આવડી પણ ગયું આચરણ પણ કર્યું)

हेतु-कर्तृ-करणेत्थम्भूतलक्षणे ॥ २-२-४४ ॥

હેતુ, કર્તા, કરણ અને ઇત્થંભૂત લક્ષણ (કોઈ પણ પ્રકારની વિશેષતાના ચિહ્ન રૂપ) અર્થમાં વર્તમાન ગૌણ નામથી પર '**तृतीया विभक्ति**' થાય છે. **धनेन कुलम्** = ધનવડે કુલ (કોઈ પણ વિવક્ષિત સ્વભાવ પામેલ હોય તે '**इत्थंभूत**' કહેવાય છે. તેનાથી જે જણાય તે '**इत्थंभूतलक्षण**' કહેવાય છે.) જેમકે-**अपि त्वं कमण्डलुना छात्रमद्राक्षीः** = શું વિદ્યાર્થીને તેં કમંડલુ સાથે જોયો! (અહિં કમંડલુ વિદ્યાર્થીની નિશાની છે-વિદ્યર્થી જણાય છે.)

सहार्थे ॥ २-२-४५ ॥

સહાર્થ જણાતે છતે, ગૌણ નામથી પર '**तृतीया विभक्ति** થાય છે. **पुत्रेण सहागतः** = પુત્રની સાથે આવેલો-આવ્યો.

यद्भेदैस्तद्वदाख्या ॥ २-२-४६ ॥

જે ભેદોના ભેદવડે, તદ્વાન્ અર્થનો નિર્દેશ હોય, અર્થાત્ વિશેશતા વાળા પદાર્થના આધારની પ્રસિદ્ધિ થતી હોય તો, તદ્વાચક **ગૌણ** નામથી પર '**तृतीया विभक्ति**' થાય છે. **अक्ष्णा काणः** = આંખથી કાણો. (અહિં કાણી આંખ એ ભેદવાન્ છે. તેનો ભેદ જે કાણત્વ, તે કાણત્વ ધર્મવડે કરીને કાણી આંખવાળા પુરૂષનું કથન

છે માટે ' **अक्षी** ' શબ્દ પર ' **तृतीया** ' થઈ છે. અર્થાત્ કાણાપણું એ વિશેષતા (ભેદ) આંખવડે બતાવાય છે. એટલે કાણીઆંખવાળા (ભેદવાન્) ની પ્રસિદ્ધિ થાય છે. એટલે કાણત્વને સૂચવનાર આંખને '**तृतीया विभक्ति**' થઈ)

कृताऽऽद्यैः ॥ २–२–४७ ॥

નિષેધાર્થક જે કૃત વગેરે શબ્દો તેનાથી, યુક્ત જે ગૌણનામ, તેથી પર ' **तृतीया विभक्ति** ' થાય છે. **कृतं तेन** = તેના વડે સર્યું. તેનાથી કશું વળવાનું નથી.

काले भान्नवाऽऽधारे ॥ २–२–४८ ॥

કાલ અર્થમાં વર્તમાન નક્ષત્રવાચી જે ગૌણનામ, તેથી પર આધાર અર્થમાં વિકલ્પે ' **तृतीया विभक्ति** ' થાય છે. **पुष्येण, पुष्ये वा पायसमश्नीयात्** = પુષ્યનક્ષત્રમાં-પુષ્યનક્ષત્ર વાચી કાલમાં ખીર ખાવી જોઇયે.

प्रसितोत्सुकाऽवबद्धैः ॥ २–२–४९ ॥

પ્રસિત, ઉત્સુક અને અવબદ્ધ શબ્દથી યુક્ત, આધાર અર્થમાં વર્તમાન ગૌણનામથી પર, વિકલ્પે ' **तृतीया विभक्ति** ' થાય છે. **केशैः केशेषु वा प्रसितः** = કેશમાં અત્યન્ત આસક્ત.

व्याप्ये द्विद्रोणादिभ्यो वीप्सायाम् ॥ २–२–५० ॥

વ્યાપ્ય-કર્મ અર્થમાં વર્તમાન દ્વિદ્રોણાદિ જે ગૌણનામ, તેથી પર, વીપ્સા-ક્રિયાદ્વારા વારંવાર ઉપયોગ થતો હોય તે અર્થમાં વિકલ્પે ' **तृतीया विभक्ति** ' થાય છે. **द्विद्रोणेन, द्विद्रोणं वा धान्यं क्रीणाति** = બે બે દ્રોણવડે ધાન્ય ખરીદે છે

समो ज्ञोऽस्मृतौ वा ॥ २–२–५१ ॥

સ્મૃતિભિન્ન અર્થમાં વર્તમાન, સમ્પૂર્વક જ્ઞાધાતુનું જે કર્મ, તદ્વાચક ગૌણનામ, તેથી ૫૨ વિકલ્પે '**तृतीया विभक्ति**' થાય છે. **मात्रा, मातरं वा संजानीते** = માતાને જાણે છે.

दामः संप्रदानेऽधर्म्य आत्मने च ॥ २–२–५२ ॥

દામ્ ધાતુના અધર્મ્ય સંપ્રદાન અર્થમાં વર્તમાન જે ગૌણનામ, તેથી ૫૨ '**तृतीया विभक्ति**' થાય છે. અને તેના સન્નિયોગમાં દામ્ ધાતુને '**आत्मनेपद**' થાય છે. **दास्या संप्रयच्छते कामुकः** = કામની ઇચ્છાવાળો થયો છતો દાસીને (ધન) આપે છે.

चतुर्थी ॥ २–२–५३ ॥

સંપ્રદાન અર્થમાં વર્તમાન ગૌણનામથી ૫૨ '**चतुर्थी विभक्ति**' થાય છે. **द्विजाय गां दत्ते** = બ્રાહ્મણને ગાય આપે છે.

तादर्थ्ये ॥ २–२–५४ ॥

કોઈ પણ વસ્તુ બનાવવા પ્રવૃત્ત હોય તે '**तदर्थ**' કહેવાય અને તેનો જે ભાવ તે '**तादर्थ्य**' કહેવાય છે. તાદર્થ્યરૂપ સંબંધ રહેતે છતે, ગૌણનામથી ૫૨ '**चतुर्थी विभक्ति**' થાય છે. **यूपाय दारु** = થાંભલા માટે લાકડું.

रुचि–कृप्यर्थ–धारिभिः प्रेय–विकारोत्तमर्णेषु ॥ २–२–५५ ॥

રુચ્યર્થક-રુચવું અર્થ, કૃપ્યર્થક-ખપવું અર્થ અને ધારિ ધાતુનો યોગ રહેતે છતે, અનુક્રમે પ્રેય, વિકાર અને ઉત્તમર્ણ અર્થમાં વર્તમાન ગૌણનામથી ૫૨ '**चतुर्थी विभक्ति**' થાય છે. **मैत्राय**

रोचते धर्मः = મૈત્રને ધર્મ રૂચે છે. **मूत्राय कल्पते यवागूः** = મૂત્રરૂપ વિકાર માટે રાબ ખપે છે. (પ્રેય = ખુશ થનાર, ઉત્તમર્ણ = લેણદાર.)

प्रत्याङः श्रुवार्थिनि ॥ २–२–५६ ॥

પ્રતિ અને આડ્થી પર રહેલ જે શ્રુધાતુ, તેનાથી યુક્ત એવું અર્થીરૂપ-અભિલાષા કરનાર-યાચક સૂચક અર્થમાં વર્તમાન, ગૌણ નામ, તેથી પર '**चतुर्थी विभक्ति**' થાય છે. **द्विजाय गां प्रतिशृणोति** = બ્રાહ્મણને ગાય આપવા વચન આપે છે.

प्रत्यनोर्गृणाऽऽख्यातरि ॥ २–२–५७ ॥

પ્રતિ અને અનુથી પર રહેલ જે ગૃ ધાતુ, તેની સાથે યોગ રહેતે છતે, અખ્યાતા-વક્તા અર્થમાં વર્તમાન જે ગૌણનામ, તેથી પર '**चतुर्थी विभक्ति**' થાય છે. **गुरवे प्रतिगृणाति** = ગુરુએ કહેલા વચનનો અનુવાદ કરે છે; **અથવા** ગુરૂએ કહેલ વાતને ફરીથી બોલીને તે પ્રમાણે વર્તે છે.

यद्वीक्ष्ये राधीक्षी ॥ २–२–५८ ॥

વિજ્ઞાતિપૂર્વક જે વિચારણા, અર્થાત્ જેના પ્રત્યે ઝીણવટથી જોવાતું હોય તે '**वीक्ष्य**' કહેવાય છે. જેના વીક્ષ્ય અર્થમાં રાધ્ અને ઇક્ષ્ ધાતુ વર્તતા હોય, એવું સંબંધ ધરાવતું જે ગૌણનામ, તેથી પર '**चतुर्थी विभक्ति**' થાય છે. **मैत्राय राध्यति** = મૈત્રના ભાગ્યની પર્યાલોચના કરે છે-અર્થાત્ ઝીણવટથી જુવે છે.

उत्पातेन ज्ञाप्ये ॥ २–२–५९ ॥

આકસ્મિક નિમિત્ત તે '**उत्पात**' કહેવાય છે. ઉત્પાતવડે કરીને

જ્ઞાપ્યવાન્ જે અર્થ, અર્થાત્ આકસ્મિક બનાવથી ભવિષ્યમાં થનાર બનાવને સૂચવતો અર્થ, તેમાં વર્તમાન ગૌણ નામથી પર **'ચતુર્થી વિભક્તિ'** થાય છે. **वाताय कपिला विद्युत्** = વાયરા માટે કપિલ રંગની વિજળી થાય છે. અહિં વિદ્યુત્ એ આકસ્મિક નિમિત્ત છે અને જ્ઞાપ્યવાન્ અર્થવાન્ ભવિષ્યના બનાવને જણાવનાર છે.

श्लाघ-ह्नु-स्था-शपा प्रयोज्ये ॥ २-२-६० ॥

શ્લાઘ, હ્નુ, સ્થા અને શપ્ ધાતુથી યુક્ત, જ્ઞાપ્ય (જણાવવા લાયક) પ્રયોજક (જેને પ્રેરણા કરાય તે) અર્થમાં વર્તમાન જે ગૌણનામ, તેથી પર **'ચતુર્થી વિભક્તિ'** થાય છે. **मैत्राय श्लाघते** = સ્વ અથવા પરને જાણતો એવો જે મૈત્ર, તેને પ્રશંસા-પૂર્વક જણાવવામાં પ્રેરણા કરે છે.

तुमोऽर्थे भाववचनात् ॥ २-२-६१ ॥

એક ક્રિયા માટે બીજી ક્રિયા કરવાનો પ્રસંગ હોય એવા અર્થ ને સૂચવતો તુમ્ પ્રત્યયનું વિધાન આગળ કરાશે, આવા તુમ્ વગેરે પ્રત્યયો, તદન્ત જે ભાવવાચક-માત્ર ક્રિયાસૂચક નામ, તેને **'ચતુર્થી વિભક્તિ'** થાય છે. **पाकाय व्रजति** = રાંધવા માટે જાય છે (અહિં રાંધવુ અને તે માટે જવું એમ બે ક્રિયાઓ છે. પ્રથમક્રિયા-રાંધવા માટે, બીજી ક્રિયા-જવાની કરે છે. આમ બન્ને ક્રિયાઓ એક બીજા માટે થનારી ક્રિયાછે. જેથી વાક્યમાં **तुमर्थं** છે. એટલે **"क्रियायां० [५-३-१३]"** એ સૂત્રથી **णकच् (अक)** પ્રત્યય થયો છે અને પાક ભાવવાચક હોવાથી **'चतुर्थी विभक्ति'** થઈ છે.)

गमस्याऽऽप्ये ॥ २-२-६२ ॥

અર્થ જણાતો હોય અને શબ્દ ન મૂકયો હોય તે **'गम्य'**

કહેવાય છે. ગમ્યમાન એવો જે તુમ્, તેનું જે કર્મ, તેમાં વર્તમાન ગૌણનામથી પર ' **ચતુર્થી વિભક્તિ** ' થાય છે. **फलेभ्यो व्रजति** = ફલ લેવા માટે જાય છે. (અહિં ' **फलानि आहर्तुं व्रजति** ' = એ અર્થમાં **फलेभ्यो** એવો પ્રયોગ થાય છે. તુમ્ પ્રત્યયાન્ત જે ' **आहर्तुम्** ' તેનો પ્રયોગ નથી, છતાં અર્થ જણાય છે, માટે તુમ્ ગમ્યમાન કહેવાય અને કર્મ **'फल'** છે, માટે તેથી પર **'चतुर्थी विभक्ति'** થઈ છે.)

गतेर्नवाऽनाप्ते ॥ २–२–६३ ॥

ગતિ–પગે ચાલવાની ક્રિયાના અનાપ્ત–જ્યાં પહોંચી શકાયું ન હોય, એવા કર્મરૂપ ગૌણનામથી પર ' **चतुर्थी विभक्ति** ' વિકલ્પે થાય છે. **ग्रामम्, ग्रामाय वा याति** = ગામ જાય છે. (અહિંઆં ગામ પહોંચ્યો નથી, પરંતુ ગામ તરફ જઈ રહ્યો છે; માટે અનાપ્ત કર્મ કહેવાય છે.)

मन्यस्याऽनावादिभ्योऽतिकुत्सने ॥ २–२–६४ ॥

ઘણું જેનાથી નિંદાય તે ' **अतिकुत्सन** ' કહેવાય છે. અતિકુત્સન એવા मन् ધાતુના કર્મ અર્થમાં વર્તમાન, નાવાદિ (નૌ–હોડી વગેરે) વર્જિત જે ગૌણનામ, તેનાથી પર ' **चतुर्थी विभक्ति** ' વિકલ્પે થાય છે. **न त्वा तृणाय, तृणं वा मन्ये** = હું તને તૃણ પણ માનતો નથી, અર્થાત્ તૃણથી પર હલકો માનું છું, (અહિં તૃણવડે કરીને અતિનિંદા જણાય છે, માટે તૃણ અતિકુત્સન વ્યાપ્ય–કર્મ કહેવાય)

हित–सुखाभ्याम् ॥ २–२–६५ ॥

હિત અને સુખથી યુક્ત જે ગૌણનામ, તેથી પર ' **चतुर्थी**

વિભક્તિ ' વિકલ્પે થાય છે. **चैत्राय, चैत्रस्य वा हितम्** = ચૈત્રને હિતકારી.

तद्भद्राऽऽयुष्य–क्षेमो–ऽर्था–ऽर्थेनाऽऽशिषि ॥ २–२–६६ ॥

હિત, સુખ, ભદ્ર, આયુષ્ય, ક્ષેમ અને અર્થ નામ, તથા હિતાર્થક, સુખાર્થક, ભદ્રાર્થક, આયુષ્યાર્થક, ક્ષેમાર્થક અને અર્થાર્થક શબ્દોથી યુક્ત જે ગૌણનામ, તેથી પર આશીર્વાદ અર્થ જણાતે છતે '**चतुर्थी विभक्ति**' વિકલ્પે થાય છે. **हितं जीवेभ्यः, जीवानां वा भूयात्** = જીવનું હિત થઓ !

परिक्रयणे ॥ २–२–६७ ॥

જેનાથી નિયતકાલ પર્યંત સ્વીકારાય તે '**परिक्रयण**' કહેવાય છે, એટલે ભાડું વગેરે. પરિક્રયણ અર્થમાં **वर्तमान** જે ગૌણ નામ, તેથી પર '**चतुर्थी विभक्ति**' વિકલ્પે થાય છે. **शताय, शतेन वा परिक्रीतः** = સો રૂપીઆવડે નિયતકાલ પર્યન્ત સ્વીકારેલું.

शक्तार्थ–वषड्–नमः–स्वस्ति–स्वाहा–स्वधाभिः ॥ २–२–६८ ॥

શક્તાર્થ, વષડ્, નમઃ, સ્વસ્તિ, સ્વાહા અને સ્વધા શબ્દથી યુક્ત જે ગૌણનામ, તેનાથી પર '**चतुर्थी विभक्ति**' નિત્ય થાય છે. **शक्तः प्रभुर्वा मल्लो मल्लाय** = મલ્લ મલ્લને માટે સમર્થ છે. અર્થાત્ મલ્લને મલ્લ પહોંચે તેમ છે.

पञ्चम्यपादाने ॥ २–२–६९ ॥

અપાદાન અર્થમાં વર્તમાન ગૌણ નામથી પર '**પંચમી**

વિભક્તિ ' થાય છે. **ગ્રામાદાગચ્છતિ** = ગામથી આવે છે.

आङावर्धौ ॥ २–२–७० ॥

અવધિ = હદ, સીમા, મર્યાદા, અભિવિધિ પણ હદ, સીમા, મર્યાદા સૂચક જ છે; માટે તેનું પણ ગ્રહણ સમજવું. અવધિ અર્થમાં વર્તમાન, એવું આઙ્ (આ) થી યુક્ત જે ગૌણનામ, તેથી પર ' **પંચમી વિભક્તિ** ' થાય છે. **आपाटलिपुत्राद् वृष्टो मेघः** = પાટલિપુત્ર સુધી વર્ષાદ વરસ્યો. (અહિં આ-મર્યાદા એવો અર્થ રાખીયે તો પાટલિપુત્ર સુધી વર્ષાદ વરસ્યો, પરંતુ પાટલિપુત્રમાં વર્ષાદ વરસ્યો એવો અર્થ ન થાય. અને અભિવિધિ એવો અર્થ રાખીયે તો પાટલિપુત્રમાં પણ વર્ષાદ વરસ્યો એવો અર્થ થાય.)

पर्यपाभ्यां वर्ज्ये ॥ २–२–७१ ॥

વર્જ્ય અર્થમાં વર્તમાન પરિ તથા અપ ઉપસર્ગથી યુક્ત જે ગૌણનામ, તેથી પર ' **પંચમી વિભક્તિ** ' થાય છે. **परि पाटलिपुत्राद् वृष्टो मेघः** = પાટલિપુત્ર સિવાય બીજે વર્ષાદ વરસ્યો.

यतः प्रतिनिधि–प्रतिदाने प्रतिना ॥ २–२–७२ ॥

મુખ્યના સરખો હોય તે ' **પ્રતિનિધિ** ' કહેવાય, ગ્રહણ કરેલી વસ્તુના બદલે બીજી વસ્તુ આપવી તે ' **પ્રતિદાન** ' કહેવાય. પ્રતિ ઉપસર્ગની સાથે યોગ રહેતે છતે, પ્રતિનિધિ અને પ્રતિદાન સૂચક ગૌણનામથી પર ' **પંચમી વિભક્તિ** ' થાય છે. **प्रद्युम्नो वासुदेवात् प्रति** = વાસુદેવને બદલે પ્રદ્યુમ્ન પ્રતિનિધિ છે.

आख्यातुर्युपयोगे ॥ २–२–७३ ॥

આખ્યાતા = પ્રતિપાદન કરનાર અથવા શીખવનાર અર્થમાં

વર્તમાન ગૌણનામથી પર '**પંચમી વિભક્તિ**' થાય છે. જો નિયમપૂર્વક વિદ્યાગ્રહણનો વિષય હોય તો. **उपाध्यायादधीते** = ઉપાધ્યાય પાસેથી ધ્યાન પૂર્વક ભણે છે.

गम्यपः कर्माऽऽधारे ॥ २-२-७४ ॥

એક ક્રિયા કર્યા બાદ બીજી ક્રિયા કરવાનો પ્રસંગ હોય ત્યાં પૂર્વની ક્રિયા સૂચક ધાતુને यप् પ્રત્યય લાગે છે. આવા ગમ્યમાન-અધ્યાહૃત ક્રિયા સૂચક જે यप् પ્રત્યયાન્ત નામ; તેના કર્મ અને આધાર અર્થમાં વર્તમાન જે ગૌણનામ, તેથી પર '**પંચમી વિભક્તિ**' થાય છે. **प्रासादाद्, आसनाद् वा प्रेक्षते** = પ્રાસાદ ઉપર ચઢીને અથવા આસન ઉપર બેસીને જોવે છે. (અહિં આ '**प्रसादमारुह्य, आसने चोपविश्य प्रेक्षते**' એ અર્થમાં ઉપરોક્ત પ્રયોગ થાય છે. અહિં ગમ્યમાન यપન્ત જે '**आरूह्य**' તેનું પ્રાસાદ કર્મ છે. અને ગમ્યમાન यપન્ત જે '**उपविश्य**' તેનો આસન આધાર છે.)

प्रभृत्यन्यार्थ-दिक्शब्द-बहिरारादितरैः ॥ २-२-७५ ॥

પ્રભૃતિ, અન્ય, દિશા, શબ્દ તથા પ્રભૃત્યર્થક, અન્યાર્થક, દિક્શબ્દ (દિશાઅર્થમાં વપરાતો શબ્દ, દિશા શબ્દથી દેશ અને કાલ વાચક શબ્દો પણ લેવા) તથા બહિસ્, આરાદ્ અને ઇતર શબ્દોથી યુક્ત જે ગૌણનામ, તેથી પર '**પંચમી વિભક્તિ**' થાય છે. **ततः प्रभृति** = ત્યારથી આરંભિને. **पश्चिमो रामाद् युधिष्ठिरः** = રામથી યુધિષ્ઠિર પાછળ છે.

ऋणाद्धेतोः ॥ २-२-७६ ॥

કારણભૂત જે દેણું, તદ્વાચક ગૌણનામથી પર '**પંચમી**

વિભક્તિ ' થાય છે. **शताद् बद्धः** = સો રૂપીઆના દેણા નિમિત્તે બંધાયેલો.

गुणादस्त्रियां वा ॥ २-२-७७ ॥

સ્ત્રીલિંગમાં નહિ વર્તમાન એવું, હેતુભૂત ગુણવાચક જે ગૌણ નામ, તેથી પર ' **પંચમી વિભક્તિ** ' વિકલ્પે થાય છે. **ज्ञानात् ज्ञानेन वा मुक्तः** = જ્ઞાનને કારણે મુક્ત થયેલ. (આ સૂત્ર વિકલ્પે હોવાથી જ્યારે હેતુત્વની વિવક્ષા રાખીએ ત્યારે ' **हेतु-कर्तृ०** ' [૨-૨-૪૪] એ સૂત્રથી ' **तृतीया विभक्ति** ' થાય છે.)

आराद्दथैः ॥ २-२-७८ ॥

આરાદ્-દૂર અને નજીક અર્થમાં વર્તમાન શબ્દથી યુક્ત જે ગૌણનામ, તેથી પર વિકલ્પે ' **પંચમી વિભક્તિ** ' થાય છે. **दूरमन्तिकं वा ग्रामाद्, ग्रामस्य वा** = ગામથી દૂર અથવા નજીક.

स्तोका-ऽल्प-कृच्छ्र-कतिपयादसत्त्वे करणे ॥ २-२-७९ ॥

અસત્ત્વ – ન દેખાય તેવો ગુણ. અસત્ત્વવાચક કરણ અર્થમાં વર્તમાન સ્તોક, અલ્પ, કૃચ્છ્ર અને કતિપય શબ્દથી યુક્ત જે ગૌણનામ, તેથી પર ' **પંચમી વિભક્તિ** ' વિકલ્પે થાય છે. **स्तोकात्, स्तोकेन वा मुक्तः** = થોડાથી છૂટી ગયેલો (અહિં આ સ્તોકનો અલ્પત્વ એવો અર્થ રાખીએ ત્યારે '**ગુણરૂપ અસત્ત્વ**' છે, અથવા અલ્પવસ્તુ એવો અર્થ રાખીએ ત્યારે ગુણરૂપે કરીને જ કહેવાતું ' દ્રવ્યરૂપ અસત્ત્વ ' છે, કારણ કે દ્રવ્યવાચક બીજો કોઈ શબ્દ નથી.)

अज्ञाने ज्ञः षष्ठी ॥ २-२-८० ॥

અજ્ઞાન અર્થમાં વર્તમાન જે જ્ઞા ધાતુ, તેના કરણ અર્થમાં વર્તમાન ગૌણ નામ, તેથી પર ' **ષષ્ઠી વિભક્તિ** ' થાય છે. **सर्पिषो जानीते** = ઘીવડે પ્રવૃતિ કરે છે. અર્થાત્ ઘી ને તેલ અથવા ઘી જેવી અન્ય વસ્તુને ઘી સમજી કામ ચલાવે છે, (અહિં જ્ઞા ધાતુનો અર્થ પ્રવૃતિ થાય છે.)

शेषे ॥ २-२-८१ ॥

કર્માદિકથી અન્ય, ક્રિયાકારકપૂર્વક, કર્માદિની અવિવક્ષારૂપ જે સ્વસ્વામિભાવાદિ સંબંધવિશેષ, તે ' શેષ ' કહેવાય છે. અર્થાત્ પુત્ર-પિતા, દાસ-સ્વામી, પોતે-પોતાનું વગરે વિવિધ પ્રકારના સંબંધો તે ' શેષ ' કહેવાય છે અથવા જ્યાં કર્મ વગેરે કારકોની અવિવક્ષાને પણ 'શેષ' કહેવાય છે. કર્મ વગેરે કારકો હોવા છતાં તેને તે રીતે ન સમજવાની ઈચ્છા તે અવિવક્ષા કહેવાય છે. શેષ અર્થમાં વર્તમાન ગૌણનામથી પર ' **ષષ્ઠી વિભક્તિ** ' થાય છે. **राज्ञः पुरुषः** = રાજાનો માણસ. (અહિં સ્વસ્વામિભાવ સંબંધ છે, તે કર્માદિકથી અન્ય છે અને રાજા પોષણનો કર્તા છે અને પુરુષ પોષણનું કર્મ છે; માટે ક્રિયા-કારક પૂર્વક આ (સ્વસ્વામિભાવ) સંબંધ છે. તેથી **राजन्** શેષ કહેવાય. **माषाणामश्नीयात्** = અડદને ખાઓ. અહિં ક્રિયાનું કર્મ અડદ છે. તો તેને કર્મરૂપ જણાવવાની ઈચ્છા નથી, માટે **माष** શબ્દ શેષ કહેવાય.

रि-रिष्टात्-स्तादस्तादसतसाता ॥ २-२-८२ ॥

રિ, રિષ્ટાત્, સ્તાત, અસ્તાંત, અસ્, અતસ્ અને આત્ આટલા પ્રત્યયાન્તથી યુક્ત જે ગૌણનામ, તેથી પર ' **ષષ્ઠી વિભક્તિ** ' થાય છે. **उपरि ग्रामस्य** = ગામની ઉપર.

कर्मणि कृतः ॥ २–२–८३ ॥

નામ કૃદન્તના કર્મ અર્થમાં વર્તમાન ગૌણનામથી ૫૨ ' ષષ્ઠી વિભક્તિ ' થાય છે. **अपां स्रष्टा** = પાણીના બનાવનાર (અહિં સ્રષ્ટા નામ કૃદન્ત છે. અને અપ્ નામ કૃદન્તનું કર્મ છે. માટે 'ષષ્ઠી વિભક્તિ ' થઈ.)

द्विषो वाऽतृशः ॥ २–२–८४ ॥

અતૃશ્ પ્રત્યયાન્ત જે દ્વિષ્ ધાતુ, તેના કર્મ અર્થમાં વર્તમાન ગૌણનામથી ૫૨, વિકલ્પે ' ષષ્ઠી વિભક્તિ ' થાય છે. **चौरस्य चोरं वा द्विषन्** = ચોરનો દ્વેષ કરનાર.

वैकत्र द्वयोः ॥ २–२–८५ ॥

કૃદન્ત પ્રત્યયાન્ત દ્વિકર્મવાચક ધાતુઓના દ્વિકર્મમાંના ગમે તે એક કર્મસૂચક ગૌણનામ, તેથી ૫૨, વિકલ્પે ' ષષ્ઠી વિભક્તિ ' થાય છે **अजाम्, अजाया वा नेता स्रुघ्नम्, स्रुघ्नस्य वा** = બકરીને સુઘ્નગામ લઈ જનાર. (અહિં દ્વિકર્મવાળા **नी** ધાતુનું **'नेता'** એ કૃદન્ત છે. તેમ 'અજા' તથા 'સુઘ્ન' એ બે એના કર્મ છે. જેથી વારાફરતી બે માંથી એક ' ષષ્ઠી વિભક્તિ ' થઈ છે.)

कर्तरि ॥ २–२–८६ ॥

કૃદન્તના કર્તા અર્થમાં વર્તમાન ગૌણ નામથી ૫૨ ' ષષ્ઠી 'વિભક્તિ ' થાય છે. **भवत आसिका** = આપનું આસન

द्विहेतोरस्त्यणकम्य वा ॥ २–२–८७ ॥

સ્ત્રી અધિકારમાં વિહિત જે " **ંસિ०** [૫-૩-૧૦૫] " એ સૂત્રનો અ પ્રત્યય અને " **पर्याय०** [૫-૩-૧૨૦] " એ સૂત્રનો णुक् પ્રત્યય, તેથી અન્ય જે એક જ કૃદન્તનો પ્રયોગ કર્તા અને કર્મમાં ષષ્ઠીના હેતુભૂત હોય, તો તે કૃદન્તના કર્તા અર્થમાં વર્તમાન ગૌણ નામથી ૫૨, વિકલ્પે ' **ષષ્ઠી વિભક્તિ** ' થાય છે. **विचित्रा सूत्राणां कृतिराचार्यस्य, आचार्येण वा** = આચાર્યની સૂત્ર રચના આશ્ચર્યકારી છે. (અહિં **कृति** કૃદન્ત છે, એને **सूत्र** રૂપ કર્મને અને **आचार्य** રૂપ કર્તાને ષષ્ઠી વિભક્તિનું નિમિત્ત છે, માટે કર્તા રૂપ **आचार्य**ને ' **ષષ્ઠી વિભક્તિ** ' થઈ)

कृत्यस्य वा ॥ २-२-८८ ॥

કૃત્ય પ્રત્યયાન્ત એવા કૃદન્તના કર્તા અર્થમાં વર્તમાન ગૌણ નામથી ૫૨, વિકલ્પે ' **ષષ્ઠી વિભક્તિ** ' થાય છે. **त्वया, तव वा कृत्यः कटः** = તારે કરવા યોગ્ય સાદડી. (य (ण्यण्), य, य (क्यप्), तव्य અને अनीय એ પાંચ ' કૃત્ય ' છે.)

नोभयोर्हेतोः ॥ २-२-८९ ॥

કર્તા અને કર્મમાં ષષ્ઠીના હેતુભૂત જે કૃત્ય પ્રત્યય, તેના કર્તા અને કર્મમાં ' **ષષ્ઠી વિભક્તિ** ' થતી નથી. **नेतव्या ग्राम-मजा मैत्रेण** = મૈત્રવડે ગામમાં લઈ જવા લાયક બકરી,

तृन्नुदन्ता-ऽव्यय-क्त्वानाऽशृ-तृश-ङि-णकच्-खलर्थस्य ॥ २-२-९० ॥

तृन् પ્રત્યય, ઉકારાન્ત પ્રત્યય, અવ્યય, क्त्वा, आन, अतृश्, शतृ, ङि, णकच् અને ખલર્થક જે કૃત્ પ્રત્યય, તેના કર્તા અને કર્મમાં ' **ષષ્ઠી વિભક્તિ** ' થતી નથી. (**तृन्**) **वदिता जना-**

पवादान् = લોકાપવાદ બોલનાર, **(उदन्त) कन्यामलङ्करिष्णुः** = કન્યાને અલંકૃત કરનાર, **(अव्यय) कटं कृत्वा** = સાદડી કરીને **(क्रसु) ओदनं पेचिवान्** = ચોખાનો પકાવનાર, **(आनश्) ओदनं पचमानः** = ચોખાને રાંધનાર, **(कान) कटं चक्राण** = સાદડી બનાવેલી **(शान) मलयं पवमानः** = મલયને પવિત્ર કરનારો, **(स्यानस्) कटं करिस्यमाणः** = ભવિષ્યમાં સાદડીને કરનાર, **(अतृश्) अधीयंस्तत्त्वार्थम्** = તત્ત્વાર્થને ભણતો, **(शतृ) कटं कुर्वन्** = સાદડીને કરતો, **(स्यातृ) = कटं करिष्यन्**= ભવિષ્યમાં સાદડીને કરનાર, **(ङि) परिषहान् सासहिः**=પરિષહોને સહન કરનાર, **(णकच्) कटं कारको व्रजति** = સાદડી બનાવનર જાય છે, **(खलर्थक-अन) सुज्ञानं तत्वं त्वया** = તારા વડે તત્ત્વ સારી રીતે સમજી શકાય તેમ છે **(खलर्थक-अ) इषत्करः कटो भवता** = તમારા વડે અલ્પ સમયમાં સાદડી કરી શકાય એમ છે.

क्तयोरसदाधारे ॥ २-२-९१ ॥

વર્તમાન અને આધારથી ભિન્ન અર્થમાં વિધાન કરાયેલ જે કત અને કતવતુ પ્રત્યય, તેના કર્તા અને કર્મમાં 'ષષ્ઠી વિભક્તિ' થતી નથી. **कटः कृतो मैत्रेण** = મૈત્રે સાદડી કરી.

वा क्लीबे ॥ २-२-९२ ॥

નપુંસક અર્થમાં "**क्लीबे क्तः** [५-३-१२३]" એ સૂત્રથી વિધાન કરાયેલ જે કત પ્રત્યય, તેના કર્તા અર્થમાં વર્તમાન ગૌણ નામથી પર વિકલ્પે ' ષષ્ઠી વિભક્તિ ' થાય છે. **मयूरस्य, यूमरेण वा नृतम्**-મોરને નાચવું

अकर्मेरुकस्य ॥ २-२-९३ ॥

કર્મ ધાતુ જેની પ્રકૃતિ નથી એવો જે ઉક પ્રત્યય, અર્થાત્ કામુક શબ્દ વર્જિત ઉક પ્રત્યયાન્ત, કૃદન્ત, તેના કર્મ અર્થમાં વર્તમાન ગૌણ નામથી પર 'ષષ્ઠી વિભક્તિ' થતી નથી. **भोगानभिलाषुकः (अभिलष् + उक)** = ભોગની અભિલાષા કરનાર.

एष्यद्दणेनः ॥ २-२-९४ ॥

ભવિષ્ય કાલ અર્થમાં "**वर्त्स्यति०** [५-३-१]" એ સૂત્રથી અને ઋણ અર્થમાં "**णिन्चा०** [५-४-३६]" એ સૂત્રથી વિધાન કરાયેલ જે ઇન્ (ણિન્) પ્રત્યય, તેના કર્મ અર્થમાં વર્તમાન ગૌણ નામથી પર 'ષષ્ઠી વિભક્તિ' થતી નથી. **ग्रामं गमी**-ગામ જનાર, **शतं दायी**-સોનું દેણું દેનાર.

सप्तम्यधिकरणे ॥ २-२-९५ ॥

અધિકરણ-આધાર વાચક અર્થમાં વર્તમાન ગૌણનામથી પર ' **સપ્તમી વિભક્તિ** ' થાય છે. **कटे आस्ते**-સાદડી પર બેસે છે.

नवा सुजर्थैः काले ॥ २-२-९६ ॥

સુચ્ પ્રત્યયનો વાર એવો અર્થ છે. સુજર્થક પ્રત્યયાન્તથી યુક્ત કાલરૂપ અધિકરણ અર્થમાં વર્તમાન ગૌણનામથી પર, વિકલ્પે ' **સપ્તમી વિભક્તિ** ' થાય છે. **द्विरह्नि, द्विरह्नो वा भुङ्क्ते** = દિવસમાં બે વાર ખાય છે.

कुशलाऽऽयुक्तेनाऽऽसेवायाम् ॥ २-२-९७ ॥

કુશલ અને આયુક્ત (પ્રયત્નવાન) શબ્દથી યુક્ત, અધિકરણ

અર્થમાં વર્તમાને ગૌણ નામથી પર, વિકલ્પે ' **સપ્તમી વિભક્તિ** ' થાય છે; જો તત્પરતા જણાતી હોય તો. **કુશલો વિદ્યાયામ્, વિદ્યાયા વા** = વિદ્યામાં કુશલ,

स्वांमीश्वराधिपति–दायाद–साक्षि–प्रतिभू–प्रसूतैः ॥ २–२–९८ ॥

સ્વામી, ઈશ્વર, અધિપતિ, દાયાદ, સાક્ષિ, પ્રતિભૂ અને પ્રસૂત શબ્દથી યુક્ત જે ગૌણ નામ, તેથી પર વિકલ્પે ' **સપ્તમી વિભક્તિ** ' થાય છે. **गोषु, गवां वा स्वामी** = ગાયનો સ્વામી.

व्याप्येन कृतेन ॥ २–२–९९ ॥

કૃત પ્રત્યયાન્તથી વિધાન કરાયેલ જે ઈન્ પ્રત્યય, તદન્તના વ્યાપ્ય–કર્મ અર્થમાં વર્તમાન ગૌણ નામથી પર ' **સપ્તમી વિભક્તિ** ' થાય છે. **अधीतं व्याकरणमनेनेति = अधीती व्याकरणे** = વ્યાકરણ ભણનાર.

तद्युक्ते हेतौ ॥ २–२–१०० ॥

વ્યાપ્યવડે સંયુક્ત (વ્યાપ્ય અને હેતુ જુદા ન હોય) એવા હેતુ અર્થમાં વર્તમાન ગૌણનામથી પર ' **સપ્તમી વિભક્તિ** ' થાય છે. **चर्मणि द्वीपिनं हन्ति** = વાઘના ચામડા માટે વાઘને હણે છે. (અહીં વાઘ એ વ્યાપ્ય છે, તેની સાથે સંયુક્ત ચર્મ–ચામડું છે, તે ચર્મને માટે જ મારવામાં આવે છે. માટે ચર્મ એ હેતુ છે.)

अप्रत्यादावसाधुना ॥ २–२–१०१ ॥

અસાધુ શબ્દથી યુક્ત જે ગૌણનામ, તેથી પર ' **સપ્તમી**

વિભક્તિ ' થાય છે; જો પ્રતિ (પ્રતિ, પરિ, અનુ અને અભિ) વગેરેનો પ્રયોગ ન હોય તો. **असाधुर्मैत्रो मातरि** = મૈત્ર માતા પ્રત્યે સારો નથી

साधुना ॥ २–२–१०२ ॥

સાધુ શબ્દથી યુક્ત જે ગૌણનામ, તેથી પર ' **સપ્તમી વિભક્તિ** ' થાય છે. જો પ્રતિ વિગેરે શબ્દનો પ્રયોગ ન હોય તો. **साधुर्मैत्रो मातरि** = મૈત્ર માતા પ્રત્યે સારો. (સાધુ શબ્દની અનુવૃત્તિ નીચેના સૂત્રમાં લઈ જવા માટે જુદુ સૂત્ર કરેલ છે)

निपुणेन चाऽर्चायाम् ॥ २–२–१०३ ॥

નિપુણ અને સાધુ શબ્દથી યુક્ત ગૌણનામથી પર ' **સપ્તમી વિભક્તિ** ' થાય છે; જો પ્રતિ વગેરે શબ્દનો પ્રયોગ ન હોય અને પૂજા અર્થ જણાતો હોય તો. **मातरि निपुणः, साधुर्वा** = માતા પ્રત્યે ડાહ્યો અથવા સારો.

स्वेशेऽधिना ॥ २–२–१०४ ॥

સ્વ (માલિકીની) અને ઈશ (માલિક) અર્થમાં વર્તમાન, અધિથી યુક્ત ગૌણનામથી પર ' **સપ્તમી વિભક્તિ** ' થાય છે, **अधिमगधेषु श्रेणिकः** = મગધદેશમાં શ્રેણિક માલિક છે. **अधिश्रेणिके मगधाः** = શ્રેણિકમાં મગધદેશની માલિકી છે. (અહિં સ્વસ્વામીભાવ સંબંધને જણાવે છે.)

उपेनाऽधिकिनि ॥ २–२–१०५ ॥

ઉપ શબ્દથી યુક્ત અને અધિકી અર્થમાં વર્તમાન જે ગૌણ નામ, તેથી પર ' **સપ્તમી વિભક્તિ** ' થાય છે. **उपाचार्या द्रोणः**

= ખારી ઉપર એક દ્રોણ. (૩ પસલીનો ૧ કુડવ. ૪ કુડવાનો ૧ પ્રસ્થ, ૪ પ્રસ્થનો ૧ આઢક, ૪. આઢકનો ૧ દ્રોણ, ૧ દ્રોણની ૧ ખારી.)

यद्भावो भावलक्षणम् ॥ २–२–१०६ ॥

જે વાકયમાં એક ક્રિયા બીજી ક્રિયાને જણાવતી હોય, તે વાકયમાં ક્રિયાના સૂચક ગૌણનામથી પર **'सप्तमी विभक्ति'** થાય છે. **गोषु दुह्यमानासु गतः** = ગાયો દોહવાતી હતી ત્યારે ગયો. ગાયો દોહવાતી ત્યારે ગયો એ રીતે દોહવાની ક્રિયાથી જવાની ક્રિયા સૂચવે છે. જેથી **दुह्यमान** નામને **'सप्तमी विभक्ति'** થઇ.

गते गम्येऽध्वनोऽन्तेनैकार्थ्ये वा ॥ २–२–१०७ ॥

કોઇપણ કલ્પિત જગ્યાએથી કોઇપણ કલ્પિત માર્ગનો છેડો તે અધ્વ (માર્ગ નો અંત) કહેવાય. આવો અંત જણાતો હોય અને એની સાથે વાકયમાં એક ક્રિયા દ્વારા બીજી ક્રિયાનું સૂચન જણાતું હોય ત્યાં અધ્વના અંત સૂચક નામને **'सप्तमी विभक्ति'** વિકલ્પે થાય છે. જો વાકયમાં ઐકાર્થ્ય હોય (રસ્તાના અંતનું સૂચક નામ અને રસ્તાના છેડાના સ્થળનું નામ એ બન્ને એક સમાન વિભક્તિમાં હોય) અને ઐકાર્થ્ય સાથે વાકયમાં **गत** શબ્દનો પ્રયોગ ન હોય (અધ્યાહાર હોય) તો. **गवीधुमतः सांकाश्यं चत्वारि योजनानि, चतुर्षु योजनेषु वा** = ગવીધુમત ગામથી ચાર યોજન ગયા પછી સાંકાશ્ય ગામ આવે છે. (અંહિ ચાર યોજન ગયા બાદ સાંકાશ્ય આવે છે ચાર યોજન એ અધ્વનો છેડો છે અને અધ્વને છેડે આવેલું છે, તથા **सांकाश्य** અને **यत्वारि योजनानि** બંનેની સમાન વિભક્તિ (વચન સરખા હોવાની અપેક્ષા નથી) છે અને **गत** (ગયા) અધ્યાહાર છે, માટે અધ્વના અંત સૂચક

चत्वारि योजनानि ને વિકલ્પે '**સપ્તમી વિભક્તિ**' થઈ છે, તથા ગવીધુમતથી ચાર યોજન ચાલવારૂપ ક્રિયા તે સાંકાશ્યની સ્થિતિ જણાવે છે, માટે અધ્વવાચક જે યોજન શબ્દ, તેને અધ્વનાજ જે અન્તવાચક સાંકાશ્ય શબ્દ, તેનું **સામાનાધિકરણ્ય** એટલે તેને '**પ્રથમા વિભક્તિ**' થયેલ છે.)

षष्ठी वाऽनादरे ॥ २-२-१०८ ॥

જ્યાં એક ક્રિયા દ્વારા બીજી ક્રિયાને જણાવતી હોય, એવું ભાવવાચક-ક્રિયાવાચક ગૌણનામથી પર, અનાદર અર્થ જણાતે છતે વિકલ્પે '**ષષ્ઠી વિભક્તિ**' થાય છે. **रुदतो लोकस्य, रुदति लोके वा प्राव्राजीत्** = લોકો રોતા રહ્યા અને દીક્ષા લઇ લીધી. (અંહિ રોવાની ક્રિયા સૂચવે છે અને લોકોનો અનાદર સ્પષ્ટ છે માટે તે ક્રિયા સૂચક શબ્દને વિકલ્પે '**ષષ્ઠી**' થઈ.

सप्तमी चाऽविभागे निर्धारणे ॥ २-२-१०९ ॥

જાતિ, ગુણ અને ક્રિયાદ્વારા, સમુદાયમાંથી બુદ્ધિવડે એક દેશનું જે પૃથક્કરણ-મનથી જુદા પાડવા, તે '**નિર્ધારણ**' કહેવાય છે. નિર્ધારણ જણાતે છતે, ગૌણનામથી પર '**સપ્તમી**' અને '**ષષ્ઠી વિભક્તિ**' થાય છે, જો વિભાગ ન જણાતો હોય તો. **क्षत्रियो नृणाम्, नृषु वा शूरः** = માણસોમાં ક્ષત્રિય શૂરવીર છે. અંહિ જાતિવડે ક્ષત્રિયને જુદા પાડયા છે.

क्रियामध्येऽध्व-काले पञ्चमी च ॥ २-२-११० ॥

બે ક્રિયાની મધ્યમાં રહેલ જે અધ્વ-માર્ગ વાચક અને કાલ વાચક જે ગૌણનામ, તેથી પર '**પંચમી**' અને '**સપ્તમી વિભક્તિ**' થાય છે. **इहस्थोऽयमिष्वासः क्रोशात्, क्रोशे वा लक्ष्यं विध्यति**

= અંહિ રહેલો શિકારી કોશ દૂર રહેલા લક્ષ્યને વિંધે છે. (અંહિ રહેવું અને વિંધવું એ બન્ને ક્રિયા વચ્ચે કોશ એ અધ્વવાચક છે)

अधिकेन भूयसस्ते ॥ २-२-१११ ॥

અલ્પીય વાચી અધિક શબ્દથી યુક્ત અમુક માપ ઉપર અમુક માપ વધારે છે એવા વધારે સૂચકનો સંબંધ હોય તો વધારે (ભૂય) વાચી ગૌણનામથી પર ' **પંચમી** ' અને ' **સપ્તમી વિભક્તિ** ' થાય છે. **अधिको द्रोणः खार्याम्, खार्यां वा** = ખારી ઉપર દ્રોણ છે. આ પ્રયોગમાં ખારી ભૂયોવાચી નામ છે અને દ્રોણ વધારાના માપનું સૂચક છે.

तृतीयाऽल्पीयसः ॥ २-२-११२ ॥

ભૂયો વાચી અધિક શબ્દથી યુક્ત અલ્પીયોવાચી જે ગૌણનામ, તેથી પર ' **તૃતીયા વિભક્તિ** ' થાય છે. **अधिका खारी द्रोणेन** = દ્રોણથી અધિક ખારી. અંહિ ખારી વધારે માપને દ્રોણ અલ્પ માપને સૂચવે છે.

पृथग्-नाना पञ्चमी च ॥ २-२-११३ ॥

પૃથગ્ અને નાના શબ્દથી યુક્ત જે ગૌણનામ, તેથી પર ' **તૃતીયા**, અને ' **પંચમી વિભક્તિ** ' થાય છે. **पृथग् मैत्रात् मैत्रेण वा** = મૈત્રથી જુદો.

ऋते द्वितीया च ॥ २-२-११४ ॥

ઋતે શબ્દથી યુક્ત જે ગૌણનામ, તેથી પર 'દ્વિતીયા' અને ' **પંચમી વિભક્તિ** ' થાય છે. = **ऋते धर्मम्, धर्माद् वा कुतः सुखम्** = ધર્મ વિના સુખ કયાંથી હોય ?

विना ते तृतीयां च ॥ २-२-११५ ॥

વિના શબ્દથી યુક્ત જે ગૌણનામ, તેથી પર 'तृतीया, द्वितीया, અને 'पंचमी विभक्ति' થાય છે. **बिना वातम्, वाताद्, वातेन वा** = પવન સીવાય.

तुल्यार्थैस्तृतीया-षष्ठ्यौ ॥ २-२-११६ ॥

તુલ્યાર્થક શબ્દથી યુક્ત જે ગૌણનામ, તેથી પર 'तृतीया' અને 'षष्ठी विभक्ति' થાય છે. **मात्रा, मातुर्वा तुल्यः समो वा** = માતાની સરખો.

द्वितीया-षष्ठ्यावेनेनाऽनञ्चः ॥ २-२-११७ ॥

ईन् પ્રત્યયાન્તથી યુક્ત જે ગૌણનામ, તેથી પર 'द्वितीया' અને 'षष्ठी विभक्ति' થાય છે; જો તે ईन् પ્રત્યય अञ्च् ધાતુથી પર વિધાન કરાયેલો ન હોય તો. **पूर्वेण ग्रामम्, ग्रामस्य वा** = ગામની પૂર્વમાં.

हेत्वर्थैस्तृतीयाद्याः ॥ २-२-११८ ॥

હેત્વર્થક (હેતુ-કોઈ જાતની ક્રિયાને નહિ કરનાર) નિમિત્ત શબ્દથી યુક્ત અને તેનું સમાનાધિકરણ (એક સરખી વિભક્તિ વાળા) જે ગૌણનામ, તેથી પર 'तृतीया, चतुर्थी, पंचमी, षष्ठी' અને 'सप्तमी विभक्ति' થાય છે. **धनेन हेतुना** = ધનને માટે (રહે છે.) અહિં ધન હેતુ-નિમિત્ત છે અને તે ક્રિયા વિનાનું છે.

सर्वादेः सर्वाः ॥ २-२-११९ ॥

હેત્વર્થક શબ્દથી યુક્ત અને સમાનાધિકરણ એવું જે સર્વ વગેરે શબ્દ રૂપ ગૌણનામ. તેથી પર ' **સર્વ વિભક્તિ** ' થાય છે; અર્થાત્ **સાતે** વિભક્તિ થાય છે **કો હેતુઃ** = કયા કારણથી.

असत्वाराद्यर्थात् टा-ङसि-ङ्यम् ॥ २-२-१२० ॥

અસત્ત્વાચી જે દૂરાર્થક અને અન્તિકાર્થક શબ્દ, તેથી પર ટા, ઙસિ, ઙિ અને અમ્ રૂપ વિભક્તિ થાય છે. **दूरेण, दूरात्, दूरे. दूरं वा ग्रामस्य ग्रामाद् वा** = ગામથી દૂર.

जात्याख्यायां नैवकोऽसंख्यो बहूवत् ॥ २-२-१२१

જાતિનું કથન રહેતે છતે, સંખ્યાવાચક વિશેષણથી રહિત એક સંખ્યાવાળી વસ્તુના સૂચક નામને ' **બહુવચન** ' વિકલ્પે થાય છે. **संपन्ना यवाः, संपन्नो यवः** = જવ ખુબ તૈયાર થયા.

अविशेषणे द्वौ चाऽस्मदः ॥ २-२-१२२ ॥

અસ્મદ્ શબ્દનો એકત્વ સૂચક અને દ્વિત્વ સૂચક જે અસ્મદ્ શબ્દ તે ' **બહુવચન જેવો** ' વિકલ્પે થાય છે; જો તેનું વિશેષણ ન વપરાયુ હોય તો. **आवां ब्रूवः, वयं ब्रूमः** = અમે બે બોલીયે છીયે.

फाल्गुनी-प्रोष्ठपदस्य भे ॥ २-२-१२३ ॥

નક્ષત્ર અર્થમાં વર્તમાન જે ફલ્ગુની અને પ્રોષ્ઠપદ શબ્દ, બે સંખ્યાવાચક હોય તો પણ વિકલ્પે ' **બહુવચન** ' થાય છે. **कदा पूर्वे फल्गुन्यौ, कदा पूर्वाः फल्गुन्यः** = કયારે પૂર્વ દિશામાં બે ફાલ્ગુની નક્ષત્રો છે ?

गुरावैकश्च ॥ २-२-१२४ ॥

ગૌરવને લાયક જે અર્થ, તેમાં વર્તમાન શબ્દનો એકત્વ-વિશિષ્ટ (એકસંખ્યા વાચક) અને દ્વિત્વવિશિષ્ટ (બે સંખ્યાવાચક) જે અર્થ, તે '**બહુવચન જેવો**' વિકલ્પે થાય છે. **त्वं गुरुः, युवां गुरू, यूयं गुरवः** = તમો ગુરૂ છો.

[षट्कारकपूर्ति]

કારક છ છે. ૧. કર્તા, ૨. કર્મ, ૩. કરણ, ૪. સંપ્રદાન, ૫. અપાદાન અને ૬. અધિકરણ.

[प्रथम कर्तारूप कारक]

स्वतन्त्रः कर्ता ॥ २-२-२ ॥

ક્રિયાની સિદ્ધિમાં જે પોતે પ્રધાન-મુખ્ય હોય, તેની કર્તા સંજ્ઞા થાય છે. અર્થાત્ શરૂ કરેલી ગમે તે ક્રિયાની-પ્રવૃત્તિની શરૂઆતથી અંત ભાગ સુધીની ક્રિયાની ઉત્પત્તિમાં જે સાધકરૂપે હોય અને ક્રિયા કરનાર તરીકે પોતે પ્રધાન-મુખ્ય હોય, તેને '**કર્તા**' કારક કહેવાય છે. **मैत्रेण (घटः) कृतम्** = મૈત્રે (ઘડો) કર્યો. અહિં ઘટ કરવામાં મૈત્ર પ્રધાનપણે સ્વતંત્ર છે, એટલે કોઈને આધીન નથી. ક્રિયા કેમ *કરવી, તેમાં કયો ફેરફાર કરવો, તે બધુ કર્તાને (મૈત્રને) આધીન છે.* તેથી તેને સ્વતંત્ર માનવામાં આવે છે. માટે તેને કર્તા કહેવામાં આવે છે અને કર્તામાં "**हेतु-कर्तृ० [२-२-४४]**" એ સૂત્રથી કર્તારૂપ મૈત્રને તૃતીયા વિભક્તિ લાગે છે.

[द्वितीय कर्मरूप कारक]

कर्तुः व्याप्यं कर्म ॥ २-२-३ ॥

કર્તા પોતાની ક્રિયાદ્વારા જે વિશેષરૂપે મેળવવાની ઈચ્છા રાખે,

તેને વ્યાપ્ય–કર્મ સંજ્ઞા થાય છે. અર્થાત્ 'કર્મ' કહેવાય છે. કર્મ ત્રણ પ્રકારના છે. નિર્વર્ત્ય કર્મ, વિકાર્યકર્મ અને પ્રાપ્યકર્મ.

નિર્વર્ત્યકર્મ–ક્રિયાદ્વારા ઉત્પન્ન કરવા યોગ્ય-જેમકે **कटं करोति** = સાદડી કરે છે. અર્થાત્ છૂટી છૂટી પડેલી ઘાસની સળીયોમાંથી સાદડી બનાવે છે. આમાં સળીયોનું રૂપાન્તર થવાથી સાદડીનું ઉત્પન્ન થવું. અથવા જે વસ્તુ પહેલા ન હતી તે વસ્તુ ક્રિયાદ્વારા પછીથી થઇ, અર્થાત્ જે પહેલા માત્ર ઘાસની સળીયો હતી, તે ક્રિયાદ્વારા સાદડી રૂપે ઉત્પન્ન થઈ. તેથી નિર્વર્ત્યકર્મ કહેવાય છે.

વિકાર્યકર્મ–ક્રિયાદ્વારા વિકાર પામવા યોગ્ય. જેમકે **काष्ठं दहति** = લાકડાને બાળે છે. અહિં લાકડું સિદ્ધ છે. અને તેમાં ક્રિયા દ્વારા વિકાર પેદા કરે છે. અર્થાત્ બાળવાની ક્રિયા દ્વારા લાકડાનું રાખરૂપે રૂપાન્તર પામે છે. જે લાકડું હતું તે વસ્તુ રૂપાંતર પામી રાખરૂપ વિકાર પેદા થયો. અથવા લાકડું રાખરૂપ વિકાર પામ્યો. તેથી વિકાર્યકર્મ કહેવાય છે.

પ્રાપ્યકર્મ–ક્રિયાદ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય જેમકે–**ग्रामं गच्छति** = ગામ જાય છે. અહિં ગામ છે તેમાં કોઈ પણ ફેરફાર કર્યા સિવાય ગમનરૂપ ક્રિયાદ્વારા ગામ પહોંચે છે. અર્થાત્ ગામ એ પહોંચવા-પામવા યોગ્ય હોવાથી પ્રાપ્યકર્મ કહેવાય છે.

આ સિવાય કર્મના બીજા ત્રણ પ્રકાર છે. ઇષ્ટકર્મ, અનિષ્ટ કર્મ, ઇષ્ટ પણ નહિ અને અનિષ્ટ પણ નહિ એવું કર્મ. **कट** એ ઇષ્ટ કર્મ છે. **सर्प** એ અનિષ્ટ કર્મ છે અને **ग्राम** ત્યાં ગામ જતાં વૃક્ષની છાયાને આળંગવી ઇષ્ટ પણ નથી અને અનિષ્ટ પણ નથી બીજી રીતે મુખ્યકર્મ અને ગૌણકર્મ એમ બે ભેદો છે. ક્રિયા સાથે જેનો સાક્ષાત્ સંબંધ તે મુખ્યકર્મ કહેવાય અને જેનો ક્રિયા સાથે

સાક્ષાત્ સંબંધ ન હોય તે ગૌણકર્મ કહેવાય. જે નામને કર્મ સંજ્ઞા થઈ હોય, તે નામને "**कर्मणि [२-२-४०]**" એ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ લાગે છે. જેથી **कटम्, काष्ठम्, ग्रामम्,** એવા રૂપો થાય છે.

કર્મની વિકલ્પે કર્મસંજ્ઞા

"**नाथः [२-२-१०]**" એ સૂત્રથી "**न [२-२-१८]**" એ સૂત્ર સુધીના નવ સૂત્રોમાં જ્યારે કર્મની વિવક્ષા કરીયે ત્યારે કર્મસંજ્ઞા થઇ દ્વિતીયા વિભક્તિ થઈ અને જ્યારે કર્મની વિવક્ષા ન કરીયે ત્યારે ષષ્ઠી વિભક્તિ થઇ છે. પરંતુ આ સૂત્રો ન કર્યા હોત તો કર્મની વિવક્ષામાં "**कर्मणि [२-२-४०]**" એ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ થાત અને જ્યારે કર્મની વિવક્ષા ન કરી હોય ત્યારે "**शेषे [२-२-८१]**" એ સૂત્રથી ષષ્ઠી વિભક્તિ થાત, તો પછી આ નવ સૂત્રો કરવાની જરૂર શી ? જવાબમાં "**षष्ठ्य० [३-१ ७६]**" આ સૂત્રથી અયત્ન જ ષષ્ઠીનો સમાસ થાય છે. જ્યારે આ સૂત્રો કરી યત્ન જ ષષ્ઠી નકકી કરી, જેથી આ સૂત્રથી વિકલ્પ પક્ષમાં થયેલી યત્ન જ ષષ્ઠીનો સમાસ ન થાય તે જણાવવા આ સૂત્રો કરેલ છે. **यदुक्तम्**

नियमार्थं तेन एषां धातूनां कर्मैव शेषत्वेन विवक्ष्यते न कारकम्, तेन मात्रा स्मृतम्, मनसा स्मृतम्, इत्यादौ कर्तृ करणयोः शेष विवक्षाऽभावान् षष्ठी न भवति ॥

કરણની કર્મસંજ્ઞા

ધાતુનું કરણ તે કર્મ અને કરણ બંને સાથ થાય છે. જેમકે- **अक्षान् दीव्यति,** = પાસા વડે રમે છે. અહિં કર્મ માનીને દ્વિતીયા વિભક્તિ થઈ **अक्षैर्दीव्यति** = પાસા વડે રમે છે. અહિં કરણ

માનીને તૃતીયા વિભક્તિ થઇ. **चैत्रः अक्षैर्दीव्यति** = ચૈત્ર પાસા વડે રમે છે. અહિં "**गति-बोधा० [२-२-५]**" એ સૂત્રથી નિત્યા· કર્મક લક્ષણ અણિગ્ અવસ્થાનો કર્તા ન બને, અને **देवयते** ત્યાં "**अणिगि० [३-३-१०७]**" એ સૂત્રથી અકર્મક લક્ષણ પરસ્મૈપદ ન થયું. અહિં "**करणं च [२-२-१९]**" એ સૂત્રથી કર્મ અને કરણ સંજ્ઞા થઈ છે.

આધારની કર્મસંજ્ઞા

ग्रामम् अधिशेते, अधितिष्ठति, अध्यास्ते = ગામમાં સૂવે છે, રહે છે, બેસે છે. આ બધાય પ્રયોગોમાં આધારરૂપ કર્મ થવાથી દ્વિતીયા વિભક્તિ થઈ, પરંતુ "**क्रियाऽऽश्रय० [२-२-३०]**" એ સૂત્રથી સપ્તમી ન થાય તે જણાવવા આ સૂત્રનું વિધાન છે. આ રીતે "**उपान्व० [२-२-२१]**" એ સૂત્ર સુધી આધાર અર્થમાં કર્મ અને કરણ રૂપ દ્વિતીયા વિભક્તિ સમજવી.

[तृतीय करणरूप कारक]

साधकतमं करणम् ॥ २-२-२५ ॥

ક્રિયા કરવામાં અત્યન્ત ઉપકારી-સાહાયક હોય, તેને કરણ સંજ્ઞા થાય છે. **दानेन भोगानाप्नुते** = દાન વડે ભોગોને પામે છે. અહિં ભોગોને પામવાની ક્રિયામાં દાન એ અત્યન્ત ઉપકારક છે માટે તે 'કરણ' કહેવાય છે. કરણને **सिद्धौ तृतीया [२ २-४३]**" એ સૂત્રથી તૃતીયા વિભક્તિ થઈ છે.

[चतुर्थ संप्रदान कारक]

कर्माभिप्रेयः संप्रदानम् ॥ २-२-२५ ॥

કર્મ અને ક્રિયાદ્વારા કર્તા જેને વિશેષરૂપે ઇચ્છે અથવા જેની

સાથે ઇષ્ટ સંબંધ કરાય, તે '**સંપ્રદાન**' કહેવાય છે. **देवाय बलिं दत्ते** = દેવને બલિ આપે છે. અહિં કર્તા બલિરૂપ કર્મ વડે દેવોને ઇચ્છે છે. **राज्ञे कार्यम् आचष्टे** = રાજાને કાર્ય કહે છે. અહિં કાર્યને કહેનાર કર્તા ક્રિયારૂપ કર્મ વડે રાજાને વિશેષ ઇચ્છે છે. **पत्ये शेते** = પતિ માટે સુવે છે. અહિં સુવાની ક્રિયાદ્વારા પતિની સાથે ઇષ્ટ સંબંધ કરાય છે. આ ત્રણે પ્રયોગમાં સંપ્રદાનરૂપ કારક હોવાથી. "**चतुर्थी** [૨-૨-૫૩]" એ સૂત્રથી ચતુર્થી વિભક્તિ થઇ છે.

કર્મની સંપ્રદાન

સ્પૃહ્ વગેરે ધાતુના કર્મને વિકલ્પે સંપ્રદાન સંજ્ઞા થાય છે. **पुष्पेभ्यः, पुष्पाणि वा स्पृहयति** = પુષ્પોની સ્પૃહા કરે છે. અહિં સ્પૃહ્ રૂપ ધાતુના પુષ્પરૂપ કર્મને સંપ્રદાન થવાથી ચતુર્થી વિભક્તિ થઇ અને કર્મ પક્ષે દ્વિતીયા વિભક્તિ થઇ.

[પાંચમું અપાદાન કારક]

अपायेऽवधिरपादानम् ॥ ૨-૨-૨૯ ॥

અપાય એટલે વિભાગ અર્થાત્ જુદા પડવું, અથવા એકમાંથી બીજી વસ્તુ નીકળવી, તદ્રુપમાં જે મર્યાદારૂપ હોય, તે '**અપાદાન**' કહેવાય છે. **ग्रामादागच्छति** = ગામમાંથી આવે છે. અહિં જુદા પડીને આવે છે. અર્થાત્ ગામથી જુદા પડવારૂપ મર્યાદા હોવાથી ગામ અપાદાન સંજ્ઞા થઇ, **वृक्षात्पर्णं पतति**= ઝાડ પરથી પાંદડું પડે છે. અહિં પણ વૃક્ષ ઉપરથી પાદડું જુદું પડી જમીન પર પડે છે, જેથી વૃક્ષને અપાદાન સંજ્ઞા થઇ. અપાદાન સંજ્ઞામાં "**पञ्चम्यपादाने** [૨-૨-૬૯]" એ સૂત્રથી પંચમી વિભક્તિ થઈ છે.

[छट्ठुं अधिकरण कारक]

क्रियाऽऽश्रयस्याऽऽधारोऽधिकरणम् ॥ २-२-३० ॥

क्रियाना आश्रयरूप कर्तानो के कर्मनो जे आधार होय, तेने 'अधिकरण' कहेवाय छे. **कटे आस्ते** = सादडी उपर बेसे छे. अहिं कर्तानो बेसवानो आधार कट-सादडी छे, **तथा स्थाल्यां तण्डुलान् पचति** = थाणीमां चोखा रांधे छे. अहिं चोखारूप कर्मनुं आधार थाणी थयुं छे, तेथी कट अने थाणी रूप **अधिकरणने** "**सप्तम्यधिकरणे** [२-२-९५]" ए सूत्रथी सप्तमी विभक्ति थइ छे.

[इति षट्कारक पूर्ति]

[इति कारकप्रकरणम्]

॥ इत्याचार्य श्री हेमचन्द्रविरचिते सिद्धहेमशब्दानुशासने
श्रीविजयमहिमाप्रभसूरिकृत-बालबोधिनीवृत्तेः
द्वितीयाऽध्यायस्य द्वितीयपादः ॥
मूलार्कः श्रूयते शास्त्रे, सर्वकल्याणकारणम् ।
अधुना मूलराजस्तु, चित्रं लोकेषु गीयते ॥ ६ ॥

भावार्थ : मूल नक्षत्रनो सूर्य ज्योतिष शास्त्रमां सर्व मंगलनुं कारण संभळाय छे. परंतु आश्चर्यनी वात छे, के हमणां तो लोकमां मूलराज राजन् शब्दनो चंद्र एवो अर्थ थतो होवाथी, मूलनक्षत्रनो चंद्र कल्याणकारी कहेवाय छे. वस्तुस्थितिए तो मूलराज एटले मूळराज नामना राजानुं वर्णन छे.

[अथ तृतीयपादः]

[षत्वविधानम्]

नमस्पुरसो गतेः क-ख-प-फि रः सः ॥ २-३-१ ॥

गतिसंज्ञक नमस् अने पुरस् शब्दना रकारनो क, ख, प, अने फ पर छतां 'सकार' आदेश थाय छे. **नमस्कृत्य** = नमस्कार करीने. नमस् वगरे शब्दना **सु** नो "**सो रुः** [२-१-७२]" એ सूत्रथी **रु** थयो छे. "**अनञः०** [३-२-१५४]" એ सूत्रथी कत्वा प्रत्ययनो यप् प्रत्यय थयो छे.

तिरसो वा ॥ २-३-२ ॥

गतिसंज्ञक तिरस् शब्दना रकारनो क, ख, प अने फ पर छतां विकल्पे 'सकार' आदेश थाय छे. **तिरस्कृत्य, तिरःकृत्य** = तिरस्कार करीने.

पुंसः ॥ २-३-३ ॥

पुम्स् शब्दना रकारनो क, ख, प अने फ पर छतां 'सकार' आदेश थाय छे. **पुम्स् + कोकिलः=पुंर्+कोकिलः=पुंस्कोकिलः** = नर कोयल

शिरोऽधसः पदे समासैक्ये ॥ २-३-४ ॥

शिरस् अने अधस् शब्दना रकारनो, पद शब्द पर छतां जो शिरस् तथा अधस् अने पद शब्द એકજ समासमां होय तो 'सकार' आदेश थाय छे **शिरसि पदम्** = [**शिरर्** + **पदम्**] = **शिरस्पदम्** = माथा उपर पग.

अतः कृ - कमि - कंस - कुम्भ - कुशा - कर्णी - पात्रेऽन - व्ययस्य ॥ २-३-५ ॥

અવ્યય સિવાયના શબ્દના અકાર થી પર રહેલ રકારનો, કૃ અને કમ્ ધાતુ તથા કંસ, કુંભ, કુશા, કર્ણી અને પાત્ર શબ્દ સંબંધિ ક, ખ, પ અને ફ પર છતાં, જો નિમિત્ત અને નિમિત્તિ એક જ સમાસમાં હોય તો, અર્થાત્ રકારાન્ત શબ્દ અને કૃ, કમ્, કંસ વગેરે શબ્દો એક જ સમાસમાં હોય તો 'सकार' આદેશ થાય છે. **अयः करोतीति** = [**अयर्** + **करोति**] = **अयस्कारः** = લુહાર.

प्रत्यये ॥ २-३-६ ॥

અવ્યય ભિન્ન શબ્દના રકારનો, પ્રત્યયમાં રહેલા ક, ખ, પ અને ફ પર છતાં 'सकार' આદેશ થાય છે. **कुत्सितः पयः** = [**पयर्** + **पाशम्**] **पयस्पाशम्** = ખરાબ દૂધ, **इषदसमाप्तं पयः** = [**पयर्** + **कल्पम्**] **पयस्पाशम्** = દૂધના સરખું, **कुत्सितम् अल्पम्, अज्ञातं वा पयः** = [**पयर्** + **कम**] **पयस्कम्** = ખરાબ દૂધ, થોડું દૂધ, અજાણ્યું દૂધ.

रोः काम्ये ॥ २-३-७ ॥

અવ્યયભિન્ન શબ્દના રકારનો જ, काम्य् પ્રત્યય પર છતાં 'सकार' આદેશ થાય છે. **पय इच्छतीति** = [**पयर्** + **काम्य** + **तिव्**] **पयस्काम्यति** = દૂધને ઇચ્છે છે.

नामिनस्तयोः षः ॥ २-३-८ ॥

નામી સંજ્ઞક-ઇ થી ઔ સુધીના બાર સ્વરોથી પર અવ્યય-

ભિન્ન રકારાન્ત નામમાં રહેલ રકારનો, પૂર્વના બે સૂત્રમાં જણાવેલ પાશપ્, કલ્પપ્, ક અને કામ્ય પ્રત્યય સંબંધિ ક અને પ પર છતાં 'ષકાર' આદેશ થાય છે. **कुत्सितं सर्पिः = सर्पिष्वाशम्** =ખરાબ ઘી ખાનાર "**सो रुः [२-१-७२]**" એ સૂત્રથી થયેલ રુ નો જ ર્ લેવાનો છે.

निर्दुर्बहिराऽविष्प्रादुश्चतुराम् ॥ २-३-९ ॥

નિર્, દુર્, બહિસ્, આવિસ્, પ્રાદુસ્ અને ચતુર્ શબ્દના રકારનો ક, ખ, પ અને ફ પર છતાં 'ષકાર' આદેશ થાય છે. **निष्कृतम्** = ધિક્કારેલ.

सुचो वा ॥ २-३-१० ॥

સુચ્ પ્રત્યયાન્ત શબ્દના રકારનો ક, ખ, પ અને ફ પર છતાં વિકલ્પે 'ષકાર' આદેશ થાય છે. **द्विवारं करोतीति = [द्वि + सुच् + करोति] द्विर्+करोति = द्विष्करोति, द्वि ✕ करोति, द्विःकरोति** = બે વાર કરે છે.

वेसुसोऽपेक्षायाम् ॥ २-३-११ ॥

ઇસ્ અને ઉસ્ પ્રત્યયાન્ત શબ્દના રકારનો ક, ખ, પ અને ફ પર છતાં વિકલ્પે 'ષકાર' આદેશ થાય છે, જો સ્થાનિકપદ ર્ વાળુ નામ અને નિમિત્તપદના ક, ખ, પ, અને ફ વાળુ નામની પરસ્પર અપેક્ષા હોય તો. **सर्पिष्करोति, सर्पिःकरोति, सर्पि ✕ करोति** = (પ્રશ્ન-તું શું કરે છે ? જવાબ-ઘી કરું છું. આ રીતે પરસ્પર આપેક્ષા છે.

नैकार्थेऽक्रिये ॥ २-३-१२ ॥

ઇસ્ અને ઉસ્ પ્રત્યયાન્ત નામ અને ક, ખ, પ અને ફ વાળુ નામ, એક સરખી વિભક્તિમાં હોય અને ક, ખ, પ અને ફ વાળુ નામ ક્રિયાવાચક ન હોય, તો ક, ખ, પ અને ફ પર છતાં, ઇસ્ અને ઉસ્ પ્રત્યાન્ત શબ્દના રકારનો 'ષકાર' થતો નથી. **सर्पि ≍ कालकम्** = કાળુ ઘી (અહિં કાલક શબ્દ ગુણપ્રવૃત્તિનિમિત્તક છે)

समासेऽसमस्तस्य ॥ २–३–१३ ॥

પૂર્વના શબ્દની સાથે સમાસને નહિ પામેલ ઇસ્ અને ઉસ્ પ્રત્યયાન્ત શબ્દના રકારનો ક, ખ, પ અને ફ પર છતાં 'ષકાર' આદેશ થાય છે; જો નિમિત્ત – ઇસ્ અને ઉસ્ પ્રત્યયાન્ત નામ અને નિમિત્તિ ક, ખ, પ અને ફ વાળું નામ એક જ સમાસમાં હોય તો. **सर्पिषः कुम्भः=सर्पिष्कुम्भः** = ઘીનો ઘડો.

भ्रातुष्पुत्र-कस्कादयः ॥ २–३–१४ ॥

ભ્રાતુષ્પુત્ર અને કસ્કાદિ શબ્દો 'निपातन' કરાય છે, **भ्रातुः पुत्रः** = **भ्रातुष्पुत्रः** = ભત્રીજો. **कस्कः** = કોણ! (નિપાતનમાં 'ષ' અને 'સ' કરાય છે.

नाम्यन्तस्था–कवर्गात् पदान्तः कृतस्य सः शिड् नान्तरेपि ॥ २–३–१५ ॥

નામી, અન્તસ્થા અને કવર્ગથી પર રહેલ અને પદની મધ્યમાં વર્તમાન એવા કૃત કોઈ નિયમથી કરેલા અથવા કૃતસ્થ કોઈ નિયમથી કરેલ અક્ષરમાં રહેલા પ્રત્યય સંબંધિ સકારનો 'ષકાર' આદેશ થાય છે. જો શિટ્ અને નકારનુ વ્યવધાન (બન્નેની વચ્ચે) હોય તો પણ. **अनैषीत्** = લઈ ગયો, **नदी + सु = नदीषु** = નદીમાં

आशिष् + टा (आ) = आशिषा = આશિષ વડે, **सर्पिष् + सु = सर्पिषु** = ઘીમાં. અહિં **स** ની વચ્ચે **ष्** નું વ્યવધાન છે.

सभासेऽग्नेः स्तुतः ॥ २-३-१६ ॥

અગ્નિ શબ્દથી પર રહેલ સ્તુત્ શબ્દના સકારનો, સમાસના વિષયમાં (અગ્નિ શબ્દ સાથે સ્તુત્ શબ્દનો સમાસ થયો હોય તો) '**षकार**' આદેશ થાય છે, **अग्निं स्तौतीति = अग्निष्टुतः** = અગ્નિની સ્તુતિ કરનાર,

ज्योतिरायुभ्यां च स्तोमस्य ॥ २-३-१७ ॥

જ્યોતિષ્, આયુષ્, અને અગ્નિ શબ્દથી પર રહેલ સ્તોમ શબ્દના સકારનો, સમાસના વિષયમાં '**षकार**' આદેશ થાય છે. **ज्योतिषि स्तोमो यस्य सः = ज्योतिःष्टोमः** = યજ્ઞવિશેષ.

मातृ-पितुः स्वसुः ॥ २-३-१८ ॥

માતૃ અને પિતૃ શબ્દથી પર રહેલ સ્વસૃ શબ્દના સકારનો, સમાસના વિષયમાં '**षकार**' આદેશ થાય છે. **मातुः स्वसा = मातुष्वसा** = માની બેન, માસી.

अलुपि वा ॥ २-३-१९ ॥

માતૃ અને પિતૃ શબ્દથી પર રહેલ સ્વસૃ શબ્દના સકારનો, અલુપ્ સમાસના વિષયમાં વિકલ્પે '**षकार**' આદેશ થાય છે. **मातुष्स्वसा, मातुःस्वसा** = માસી.

नि-नद्याः स्नातेः कौशले ॥ २-३-२० ॥

નિ ઉપસર્ગ અને નદી શબ્દથી પર રહેલ स्ना ધાતુના સકારનો,

સમાસના વિષયમાં, ' ષકાર ' આદેશ થાય છે, જો નિપુણતા અર્થ જણાતો હોય તો. **नितरां स्नातीति = निष्णः** = નિપુણ, હોંશિયાર

प्रतेः स्नातस्य सूत्रे ॥ २–३–२१ ॥

પ્રતિ ઉપસર્ગથી પર રહેલ સ્નાત્ શબ્દના સકારનો, સમાસના વિષયમાં ' ષકાર ' આદેશ થાય છે; જો સૂત્રરૂપે રૂનું સૂતર ઊનનું સૂતર અથવા શાસ્ત્રરૂપ સૂત્ર અર્થ જણાતો હોય તો. **प्रतिष्णातम्** = દોષ રહિત શાસ્ત્ર, એકમું સૂતર.

स्नानस्य नाम्नि ॥ २–३–२२ ॥

પ્રતિ ઉપસર્ગથી પર રહેલ સ્નાન શબ્દના સકારનો, સમાસના વિષયમાં ' ષકાર ' આદેશ થાય છે. જો વિશેષ નામ જણાતું હોય તો. **प्रतिस्नातीति = प्रतिष्णानम्** = કોઈ વિશેષ નામનું સૂત્ર.

वेः स्त्रः ॥ २–३–२३ ॥

વિ ઉપસર્ગથી પર રહેલ સ્તૃ ધાતુના સકારનો, સમાસના વિષયમાં, જો વિશેષ નામ હોય તો. ' ષકાર ' થાય છે. **विस्तृणातीति = विष्टरः** = વૃક્ષ.

अभिनिष्टानः ॥ २–३–२४ ॥

વિશેષ નામના અર્થમાં ' **अभिष्टान** ' એ પ્રમાણે '**निपातन**' થાય છે. **अभिनिष्टानः** = વિસર્ગ. (અહિં અભિ અને નિસ્ ઉપસર્ગ પૂર્વક તાન શબ્દથી નિપાતન વડે મૂર્ધન્ય 'ષ' અને 'ટ' કરવાથી ઉપરોક્ત શબ્દ થાય છે.)

गवि-युधेः स्थिरस्य ॥ २–३–२५ ॥

ગવિ અને યુધિ શબ્દથી પર રહેલ સ્થિર શબ્દના સકારને, સમાસના, વિષયમાં 'ષકાર' આદેશ થાય છે; જો વિશેષ નામ સંજ્ઞા જણાતી હોય તો. **गवि स्थिरः = गविष्ठिरः** = ઋષિનું નામવિશેષ (સૂત્રમાં નિપાતન કરવાથી સપ્તમીનો લુપ થતો નથી).

एत्यकः ॥ २-३-२६ ॥

નામી, અન્તરથા અને કવર્જિત કવર્ગથી પર રહેલ સકારનો, એકાર પર છતાં સમાસના વિષયમાં 'ષકાર' આદેશ થાય છે; જો વિશેષ નામનો વિષય હોય તો. **हरेरिन्द्रस्येव सेनाऽस्य सः = हरिषेणः** એ નામનો ચક્રવર્તી.

भादितो वा ॥ २-३-२७ ॥

નક્ષત્રવાચી ઈકારાંત શબ્દથી પર રહેલ સકારનો, એકાર પર છતા, સમાસના વિષયમાં, જો વિશેષ નામ જણાતું હોય તો. 'ષકાર' વિકલ્પે થાય છે. **रोहिणिषेणः, रोहिणिसेनः** = રાજાનું નામવિશેષ.

वि-कु-शमि-परेः स्थलस्य ॥ २-३-२८ ॥

વિ, કુ, શમિ અને પરિ શબ્દથી પર રહેલ **स्थल** શબ્દના સકારનો સમાસના વિષયમાં 'ષકાર' આદેશ થાય છે. **विगतम्, वीनां वा स्थलम् = विष्ठलम्** = પક્ષીનું સ્થાન, દૂરનું જંગલ.

कपेर्गोत्रे ॥ २-३-२९ ॥

કપિ શબ્દથી પર રહેલ **स्थल** શબ્દના સકારનો, સમાસના વિષયમાં 'ષકાર' આદેશ થાય છે. **कपिष्ठलः** = ગોત્રના પ્રવર્તક એક ઋષિનું નામ.

गो - ऽम्बा - ऽम्ब - सव्या - ऽप - द्वि - त्रि - भूम्यग्नि - शेकु - शङ्कु - कु - अङ्गु - मञ्जि - पुञ्जि - बर्हिः - परमे - दिवेः स्थस्य ॥ २–३–३० ॥

ગો, અમ્બા, અમ્બ, સવ્યે, અપ, દ્વિ, ત્રિ, ભૂમિ, અગ્નિ, શેકુ, શંકુ, કુ, અંગુ, મંજિ, પુંજિ, બર્હિસ્, પરમે અને દિવિ શબ્દથી પર રહેલ સ્થશબ્દના સકારનો, સમાસના વિષયમાં '**ષકાર**' આદેશ થાય છે. **गावास्तिष्ठन्त्यत्र तत् = गोष्ठम्** = ગાયો જ્યાં બેસે તે સ્થાન, ગાયનો વાડો.

निर्दुस्सोः सेध - सन्धि - साम्नाम् ॥ २–३–३१ ॥

નિર્, દુર્ અને સુ ઉપસર્ગથી પર રહેલ સેધ, સન્ધિ અને સામન્ શબ્દના સકારનો, સમાસના વિષયમાં '**ષકાર**' આદેશ થાય છે. **निर्गतः सेधात् = निःषेधः** = અસિદ્ધ, ન હોય તે.

प्रष्ठोऽग्रगे ॥ २–३–३२ ॥

પ્ર ઉપસર્ગથી પર રહેલ સ્થના સકારનો '**ષકાર**' **નિપાતન** કરાય છે; અગ્રગામી એવો અર્થ જણાતો હોય તો. **प्रतिष्ठिते इति = प्रष्ठः** = નાયક, અથવા પટ્ટો.

भीरुष्ठानादयः ॥ २–३–३३ ॥

સમાસના વિષયમાં કરેલ છે '**ષકાર**' જેને એવા '**ભિરૂષ્ઠાનાદિ**' શબ્દો '**નિપાતન**' કરાય છે. **भिरूणां स्थानमिति = भीरुष्ठानम्** = બીકણનું સ્થાન.

हास्वान्नाम्नस्ति ॥ २–३–३४ ॥

નામથી પર વિધાન કરાયેલ તકારાદિ પ્રત્યયો પર છતાં, હ્રસ્વ નામી સ્વરથી પર રહેલ સકારનો 'ષકાર' આદેશ થાય છે. **सर्पिष् + तल् = सर्पिष्टा** = ઘીપણ (અહિં તકારાદે પ્રત્યયથી तल्, त्व, तस्, तय, तरप्, અને तमप् પ્રત્યયો લેવાના છે.)

निसस्तपेऽनासेवायाम् ॥ २-३-३५ ॥

નિસ્ શબ્દના સકારનો, તકારાદિ तप् ધાતુ પર છતાં 'ષકાર' આદેશ થાય છે; જો વારવાર તપાવવું એવો અર્થ ન જણાતો હોય તો. **निष्टपति सुवर्णम्** = એક વાર સોનાને અગ્નિમાં મૂકે છે.

घस्वसः ॥ २-३-३६ ॥

નામી, અન્તસ્થા અને કવર્ગથી પર રહેલ घस् અને वस् ધાતુના સકારનો 'ષકાર' આદેશ થાય છે. **घस् + स् = जक्ष् + स् + ऊस् = जक्षुः** = તેઓએ ખાધું (પરોક્ષા ત્રીજો પુરૂષ બહુવચન) **वस् + क्तः = उषितः** = રહેલ.

णि-स्तोरेवाऽस्वद-स्विद-सहः षणि ॥ २-३-३७ ॥

નામી, અન્તસ્થા અને કવર્ગથી પર રહેલ स्वद्, स्विद् અને सह् વર્જિત ણ્યન્ત (णि પ્રત્યયાન્ત) ધાતુ અને स्तु (એકલા ણ્યન્ત એવો નહિ) ધાતુના સકારનો ष, षन् (સકારના સ્થાને 'ષકાર' આદેશ થયો છે. તેવા सन्) પ્રત્યય પર છતાં 'ષકાર' આદેશ થાય છે. **सेवते तमन्यः प्रयुङ्क्ते इति = सेवयति, सेवयितुमिच्छतीति = [सिसेवयि + ष + ति] = सिषेवयिषति** = સેવા કરાવવાને ઇચ્છે છે.

सञ्जेर्वा ॥ २-३-३८ ॥

નામી, અન્તસ્થા અને કવર્ગથી પર રહેલ ણ્યન્ત એવા સઞ્જ્ ધાતુના સકારનો ષત્ પ્રત્યય પર છતાં વિકલ્પે 'ષકાર' આદેશ થાય છે. **सञ्जति तमन्यः प्रयुङ्क्ते इति = सञ्जयति, सञ्ज-यितुमिच्छतीति + सिषञ्जयिषति, = सिसञ्जयिषति** = સોબત કરવાને ઇચ્છે છે.

उपसर्गात् सुग - सुव - सो - स्तुभोऽव्यप्यद्वित्वे ॥ २–३–३९ ॥

ઉપસર્ગ સંબંધિ નામી. અન્તસ્થા અને કવર્ગથી પર રહેલ, દ્વિર્ભાવને નહિ પામેલ એવા સુગ્ (ષુંગ્ઽ) સુવ્, સો (સોંઽ્) સ્તુ (ષ્ટુંગ્ઽ) અને સ્તુભ્ (ષ્ટુભુઽ્) ધાતુના સકારનો 'ષકાર' આદેશ થાય છે; જો અડ્ આગમનું વ્યવધાન હોય તો પણ; અર્થાત્ "**अड्धातो० [४–४–२९]**" એ સૂત્રથી 'અડ્' આગમ થયો હોય તો પણ. પરંતુ સુગ્ વિગેરે ધાતુનો દ્વિર્ભાવ ન થયો હોય તો **अभिषुणोति** = પીડા કરે છે. **अभ्यषुणोत्** = પીડાકરી

स्था - सेनि - सेध - सिच - सञ्जां द्वित्वेऽपि ॥ २–३–४० ॥

ઉપસર્ગમાં રહેલ નામી, અતસ્થા અને કવર્ગથી પર રહેલ સ્થા, સેનિ, સેધ્ (ષિધૌ) સિચ્ (સિચીંત્) અને સઞ્જ્ ધાતુના સકારનો 'ષકાર' આદેશ થાય છે; જો અડ્ આગમનું વ્યવધાન હોય તથા દ્વિર્ભાવ થયો હોય તો પણ. **अधिष्ठास्यति** = આધષ્ટાતા-ઉપરી કરશે. (અહિં "**द्विर्धातुः परोक्षा ङे० [४–१–१]**" એ સૂત્રથી દ્વિર્ભાવ થયો હોય તો પણ)

अङ - प्रतिस्तब्ध - निस्तब्धे स्तम्भः ॥ २–३–४१ ॥

ઉપસર્ગમાં રહેલ નામી, અન્તસ્થા અને કવર્ગથી પર રહેલ

સ્તમ્ભ્ ધાતુના સકારનો '**ષકાર**' આદેશ થાય છે. દ્વિર્ભાવ અને અડ્ આગમનું વ્યવધાન હોય તો પણ; પરંતુ જો ઙ પ્રત્યયનો તથા પ્રતિસ્તબ્ધ અને નિસ્તબ્ધનો વિષય ન હોય તો. **विष्टभ्नाति** = વિશેષ સ્તબ્ધ બને છે.

अवाच्चाऽऽश्रयोर्जाऽविदूरे ॥ २-३-४२ ॥

અવ અને ઉપ ઉપસર્ગથી પર રહેલ સ્તમ્ભ્ ધાતુના સકારનો આશ્રય, ઉર્જ (બલ) અને અવિદૂર (નજીક) અર્થ જણાતો હોય તો '**ષકાર**' આદેશ થાય છે; દ્વિર્ભાવ અને અડ્ આગમનું વ્યવધાન હોય તો પણ; પરંતુ ઙ પ્રત્યયનો વિષય ન હોય તો. **अवष्टभ्नाति** = શરણ લે છે. (**अवाच्च** અહિં **च** મૂકવાથી ઉપરના સૂત્રનો **अङ** અને **स्तम्भ** નો આટલો અંશ તથા અવ ઉપરાંત ઉપસર્ગ પણ લેવાનો છે. જેથી **उपष्टब्ध** તથા **उपस्तब्ध** પ્રયોગ થાય)

व्यवात् स्वनोऽशने ॥ २-३-४३ ॥

વિ અને અવ ઉપસર્ગથી પર રહેલ સ્વન્ ધાતુના સકારનો, ખાવું એવો અર્થ જણાતો હોય તો '**ષકાર**' આદેશ થાય છે; દ્વિર્ભાવ અને અડ્ આગમનું વ્યવધાન હોય તો પણ. **विष्वणति** = ખાય છે.

सदोऽप्रतेः परोक्षायां त्वादेः ॥ २-३-४४ ॥

પ્રતિવર્જીત ઉપસર્ગમાં રહેલ નામી, અન્તથા અને કવર્ગથી પર રહેલ सद् (षद्लृ) ધાતુના સકારનો '**ષકાર**' આદેશ થાય છે; દ્વિર્ભાવ અને અડ્ આગમનું વ્યવધાન હોય તો પણ, પરંતુ પરોક્ષમાં તો દ્વિર્ભાવ થયે છતે, આદિના સકારનો જ '**ષકાર**'

આદેશ થાય છે. **निषीदति**–બેસે છે. **निषसाद** = બેઠો.

स्वञ्जश्च ॥ २–३–४५ ॥

ઉપસર્ગમાં રહેલ નામી, અન્તસ્થા અને કવર્ગથી પર રહેલ स्वञ्ज् ધાતુના સકારનો 'ષકાર' આદેશ થાય છે. દ્વિર્ભાવ અને अड् આગમનું વ્યવધાન હોય તો પણ, પરંતુ પરોક્ષામાં તો દ્વિર્ભાવ થયે છતે આદિના સકારનો જ 'ષકાર' આદેશ થાય છે. **अभिष्वजते** = ભેટે છે, સોબત કરે છે. ('**परोक्षायां त्वादेः**' એટલાની અનુવૃતિ આ સૂત્રમાં લેવા માટે અને નીચેના સૂત્રમાં તેની નિવૃત્તિ કરવા માટે સૂત્રમાં '**च**' ગહણ કરેલ છે.)

परि - नि - वेः सेवः ॥ २–३–४६ ॥

પરિ, નિ અને વિ ઉપસર્ગથી પર રહેલ सेव् ધાતુના સકારનો 'ષકાર' આદેશ થાય છે; अड् આગમનું વ્યવધાન તથા દ્વિર્ભાવનો વિષય હોય તો પણ. **परिषेवते** = સેવે છે. **विषिषेवे** = વિશેષ સેવા કરી.

सय - सितस्य ॥ २–३–४७ ॥

પરિ, નિ અને વિ ઉપસર્ગથી પર રહેલ सय અને सित શબ્દના સકારનો 'ષકાર' આદેશ થાય છે. **परिषय** = બંધન, **परिषितः** = બંધાયેલો.

असो - ङ सिवू - सह - स्स्टाम् ॥ २–३–४८ ॥

પરિ, નિ અને વિ ઉપસર્ગથી પર રહેલ सिव् (षिवंच्) અને सह् ધાતુના તથા स्स्ट् આગમના સકારનો 'ષકાર' આદેશ થાય છે; જો ङ અને सोનો (सह् ધાતુના અકારનો " **सहिवहे०**

[૧-૩-૪૬] " એ સૂત્રથી ઓ આદેશ ન થયો હોય તો) વિષય ન હોય તો. **परिषीव्यति** = સંપૂર્ણ સીવે છે. **विष्करः** = પક્ષી.

स्तु - स्वञ्जश्चाऽटि नवा ॥ २-३-४९ ॥

પરિ, નિ અને વિ ઉપસર્ગથી **પર રહેલ स्तु, स्वञ्ज्**, સિવ્ અને સહ્ ધાતુના તથા ઋસટ્ આગમના સકારનો, અડ્ થયે છતે વિકલ્પે ' **षकार** ' આદેશ થાય છે; જો સિવ્ અને સહ્ ધાતુને ડ અને સો નો વિષય ન હોય તો. **पर्यष्टौत्, पर्यस्तौत्** = સ્તુતિ કરી (स्तु ધાતુને " **उपसर्गात्०** [२-३-३९] " એ સૂત્રથી તથા स्वञ्ज् ધાતુને " **स्वञ्जश्च** [२-३-४५] " એ સૂત્રથી નિત્ય ' षकार ' ની પ્રાપ્તિ હતી અને સિવ્ વિગેરેને અટ્ થયે છતે અપ્રાપ્તિ હતી, માટે વિકલ્પે ' षकार ' કરવા આ સૂત્ર પૃથક્ કરેલ છે.)

निरभ्यनोश्च स्यन्दस्याऽप्राणिनि ॥ २-३-५० ॥

નિર્, અભિ, અનુ, પરિ, નિ અને વિ ઉપસર્ગથી પર રહેલ स्यन्द् ધાતુના સકારનો, ' **षकार** ' આદેશ વિકલ્પે થાય છે; જો પ્રાણિરૂપ કર્તા અર્થ ન હોય તો. **निःष्यन्दन्ते, निःस्यन्दन्ते** = ટપકે છે, ઝરે છે.

वेः स्कन्दोऽक्तयोः ॥ २-३-५१ ॥

વિ ઉપસર્ગ પૂર્વક स्कन्द् ધાતુના સકારનો, क्त અને क्तवतुનો વિષય ન હોય તો ' **षकार** ' આદેશ વિકલ્પે થાય છે. **विष्कन्ता, विस्कन्ता** = ગમન કરનાર, જનાર.

परेः ॥ २-३-५२ ॥

પરિ ઉપસર્ગ પૂર્વક स्कन्द् ધાતુના સકારનો ' **षकार** ' આદેશ

વિકલ્પે થાય છે. **परिष्कन्ता, परिस्कन्ता** = બીજે ગમન કરનાર, **परि + स्कन्द् + क्त = परिष्कण्णः, परिस्कन्नः** = બીજે ઉછરેલ, કોયલનું બચ્ચું, (क्त અને क्तवतुના વિષયમાં પણ વિકલ્પે 'षકાર' કરવા જુદું સૂત્ર કર્યું છે.)

निर्नेः स्फुर-स्फुलोः ॥ २–३–५३ ॥

નિર્ અને નિ ઉપસર્ગથી પર રહેલા स्फुर् અને स्फुल् ધાતુના સકારનો, વિકલ્પે 'षકાર' આદેશ થાય છે. **निःष्फुरति, निःस्फुरति** = નિરંતર સ્ફુરે છે.

वेः ॥ २–३–५४ ॥

વિ ઉપસર્ગથી પર રહેલ स्फुर् અને स्फुल् ધાતુના સકારનો, વિકલ્પે 'षકાર' આદેશ થાય છે. **विष्फुरति, विस्फुरति** = ખૂબ ફરકે છે. (**'वि'** એટલાની અનુવૃત્તિ નીચેના સૂત્રમાં લઈ જવા માટે આ સૂત્ર જુદું કરેલ છે.)

स्कभ्नः ॥ २–३–५५ ॥

વિ ઉપસર્ગથી પર રહે स्कभ्न् ધાતુના સકારનો 'षકાર' આદેશ થાય છે. **विष्कभ्नाति** = અટકાવે છે, વિશેષ બાંધે છે. (**'वा'** ની નિવૃત્તિ માટે જુદું સૂત્ર કરેલ છે)

निर्दुः-सु-वेः सम-सूतेः ॥ २–३–५६ ॥

નિર્, દુર્, સુ અને વિ ઉપસર્ગથી પર રહેલ सम અને सूति શબ્દના સકારનો, 'षકાર' આદેશ થાય છે. **निःषमः** = સમતા વગરનું, **निःषूतिः** = પ્રસૂતિ વગરની-વંધ્યા.

अवः स्वपः ॥ २–३–५७ ॥

નિર્, દુર્, સુ અને વિ ઉપસર્ગથી પર રહેલ વકાર રહિત સ્વપ્ (ઞ્ષ્વપંઽ) ધાતુના સકારનો ' **षकार** ' આદેશ થાય છે. **निःषुषुपतुः** = તે બે જણા નિરાંતે સૂતા.

प्रादुरुपसर्गाद् यस्वरेऽस्तेः ॥ २–३–५८ ॥

પ્રાદુસ્ શબ્દ અને ઉપસર્ગમાં રહેલ નામી, અન્તસ્થા અને કવર્ગથી પર રહેલ અસ્ (અસઽ) ધાતુના સકારનો, યકારાદિ અને સ્વરાદિ પ્રત્યય પર છતા ' **षकार** ' આદેશ થાય છે. **प्रादुःष्यात्** = પ્રગટ થાય !

नस्सः ॥ २–३–५९ ॥

દ્વિર્ભાવ થયેલ સકારનો ' **षकार** ' આદેશ થતો નથી. **सु + पिस् + यते = सु + पिस् + स् + यते = सुपिस्स्यते** = સુંદર ચલાય છે.

सिचो यङि ॥ २–३–६० ॥

સિચ્ય્ ધાતુના સકારનો, યઙ્ પ્રત્યય પર છતાં ' **षकार** ' આદેશ થતો નથી. **भृशं पुनः पुनर्वा सिचतीति = [सिच् + य+ ते] = सेसिच्यते** = વારંવાર સિંચે છે.

गतौ सेधः ॥ २–३–६१ ॥

ગતિ અર્થમાં વર્તમાન સિધ્ ધાતુના સકારનો ' **षकार** ' આદેશ થતો નથી. **अभिसेधते** = સામે જાય છે.

सुगः स्य-सनि ॥ २-३-६२ ॥

સુગ્ (ષુંગૂટ) ધાતુના સકારનો. स्य અને सन् પ્રત્યય પર છતાં ' ષકાર ' આદેશ થતો નથી. **अभिसोष्यति** = સ્નાન કરશે.

[णत्वविधानम्]

र-वृवर्णान्नो ण एकपदेऽनन्त्यस्या-ऽल-च-ट-तवर्ग-श-साऽन्तरे ॥ २-३-६३ ॥

ર, ષ્, અને ઋવર્ણથી પર રહેલ તથા પદની અન્તમાં નહિ રહેલ એવા નકારનો ' ણકાર ' આદેશ થાય છે. જો નિમિત્ત અને નિમિત્ત એક પદમાં હોય-ર, ષ્ અને ઋવર્ણ તથા ન્ એકજ પદમાં હોય, અર્થાત્ જે ન નો ણ કરવાનો છે તે એક જ પદમાં હોય તો, તથા લ, ચવર્ગ, ટવર્ગ, તવર્ગ, શ અને સનું વ્યવધાન (એની વચ્ચે) ન હોય તો ' ણકાર ' થાય છે. **तीर्णम्** = તરી ગયેલું, **पुष्णाति** = પુષ્ટ કરે છે, **नृणाम्** = માણસોનું

पूर्वपदस्थ.ऋाम्न्यगः ॥ २-३-६४ ॥

ગકાર વર્જિત પૂર્વપદમાં રહેલ જે ર, ષ્ અને ઋવર્ણ, તેથી પર ઉત્તર પદમાં રહેલા નકારનો ' ણકાર ' આદેશ થાય છે; જો વિશેષ નામનો વિષય હોય તો. **द्रुरिव दीर्घा नासिकाऽस्य सः** = **द्रुणसः** = નામ વિશેષ. (અહિં પૂર્વપદ અને ઉત્તરપદનો સમાસ હોવો જોઈયે)

नसस्य ॥ २-३-६५ ॥

પૂર્વપદમાં રહેલા ર્, ષ્ અને ઋવર્ણથી પર રહેલ નસ શબ્દના નકારનો 'ણુકાર' આદેશ થાય છે. **प्रगता नासिका यस्य सः** = **प्रणसः** = નાક કપાઈ ગયેલો.

निष्प्रा-ऽग्रे-ऽन्तः-खदिर-काश्यर्या-ऽऽम्र-शरेक्षु-पीयुक्षाभ्यो-वनस्य ॥ २-३-६६ ॥

નિર્, પ્ર, અગ્રે, અન્તર્, ખદિર, કાર્શ્ય, આમ્ર, શર, ઇક્ષુ, પ્લક્ષ, અને પીયુક્ષા શબ્દથી પર રહેલ, વન શબ્દના નકારનો 'ણુકાર' આદેશ થાય છે. **निर्वणम्** = વનને ઓળંગી ગયેલ.

द्वि-त्रिस्वरौषधि-वृक्षेभ्यो नवाऽनिरिकादिभ्यः ॥ २-३-६७ ॥

બે અને ત્રણ સ્વરવાળા ઈરિકાદિ વર્જિત ઔષધિવાચક અને વૃક્ષવાચક જે શબ્દ, તેથી પર રહેલ, વન શબ્દના નકારનો વિકલ્પે 'ણુકાર' આદેશ થાય છે **दूर्वायाः वनम्** = **दूर्वाणम्**, **दूर्वावनम्** = ધરોનું વન, **शिग्रुवणम्**, **शिग्रुवनम्** = શરગવાના ઝાડનું વન.

गिरिनद्यादीनाम् ॥ २-३-६८ ॥

ગિરિનદી વિગેરે શબ્દના નકારનો વિકલ્પે 'ણુકાર' આદેશ થાય છે, **गिरेः नदी** = **गिरिणदी**, **गिरिनदी** = પર્વતીય નદી.

पानस्य भावकरणे ॥ २-३-६९ ॥

પૂર્વપદમાં રહેલા ર્, ષ્ અને ઋવર્ણથી પર રહેલા, ભાવ વાચક અને કરણવાચક પાન શબ્દના નકારનો, વિકલ્પે 'ણુકાર' આદેશ થાય છે. ભાવવાચક-**पातिः** = **पानम्**, **क्षीरस्य पानम्** =

क्षीरपाणम्, क्षीरपानम् = દૂધ પીવું, કરણવાચક-**पीयतेऽनेनेति = पानम्, क्षीरस्य पानम् = क्षीरपाणम्, क्षीरपानम्** = દૂધ પીવાનું ભાજન

देशे ॥ २–३–७० ॥

પૂર્વપદમાં રહેલ २, ष् અને ऋવર્ણથી પર રહેલ, पान શબ્દના નકારનો, દેશ અર્થ જણાતો હોય તો 'णुकार' આદેશ થાય છે. **पीयते इति = पानम्, क्षीरं पानं येषां ते = क्षीरपाणा उशीनराः** = ઉંધાર દેશના લોકો. (વાની નિવૃત્તિ માટે જુદું સૂત્ર કરેલ છે.)

ग्रामाऽग्रान्नियः ॥ २–३–७१ ॥

ગ્રામ અને અગ્રશબ્દથી પર રહેલ, नीશબ્દના નકારનો 'णुकार' આદેશ થાય છે. **ग्रामं नयतीति = ग्रामणीः** = ગામનો મુખ્ય-મુખી.

वाह्याद् वाहनस्य ॥ २–३–७२ ॥

२, ष् અને ऋવર્ણવાળું વાહ્યવાચક જે પૂર્વપદ, તેથી પર રહેલ, वाहन શબ્દના નકારનો 'णुकार' આદેશ થાય છે. **उह्यतेऽनेनेति = वहनम्, वहनमेव = वाहनम्, इक्षुर्या वाहनम् = इक्षुवाहणम्** = શેરડીનું ગાડું

अतोऽह्नस्य ॥ २–३–७३ ॥

२, ष् અને ऋવર્ણવાળું અકારાન્ત જે પૂર્વપદ, તેથી પર રહેલ, अह्नशબ્દના નકારનો, 'णुकार' આદેશ થાય છે. **अह्नः पूर्वामिति पूर्वाह्णः** = દિવસનો પ્રથમ ભાગ.

चतुस्त्रेर्हायनस्य वयसि २–३–७४ ॥

ચતુર્ અને ત્રિશબ્દથી પર રહેલ, હાયન શબ્દના નકારનો, વય અર્થ જણાતો હોય તો ' ણકાર ' આદેશ થાય છે. **चत्वारि हायनानि यस्य सः = चतुर्हायणो वत्सः** = ચાર વર્ષનું વાછરડું.

वोत्तरपदान्त–नस्यादेरयुव–पक्काऽह्नः ॥ २–३–७५ ॥

પૂર્વપદમાં રહેલા ર્, ષ્, અને ઋવર્ણ, તેથી પર રહેલ, ઉત્તરપદના અન્તભૂત નકારનો, ન આગમના નકારનો અને સ્યાદિ શબ્દસંબંધિ નકારનો, વિકલ્પે ' ણકાર ' આદેશ થાય છે; જો તે નકાર યુવન્, પક્વ કે અહન્ શબ્દનો ન હોય તો, **व्रोहिवापिनौ व्रोहिवापिनौ** = ચોખાને વાવનાર બે જણ.

कवर्गैकस्वरवति ॥ २–३–७६ ॥

પૂર્વપદમાં રહેલા ર્, ષ્ અને ઋવર્ણ, તેથી પર રહેલ, ઉત્તર પદના અન્તભૂત – છેડાના નકારનો, ન આગમના નકારનો અને સ્યાદિ શબ્દનાં નકારનો, ક વર્ગવાળું અને એકસ્વરવાળું ઉત્તરપદ પર છતાં ' ણકાર ' આદેશ થાય છે. જો તે નકાર યુવન્, પક્વ કે અહન્ શબ્દ સંબંધી ન હોય તો. **स्वर्गं कामयेते इत्येवं शीलौ = स्वर्गकामिणौ** = સ્વર્ગની ઇચ્છાવાળા બે જણ.

अदुरुपसर्गान्तरो–ण–हिनु–मीनाऽऽनेः ॥ २–३–७७ ॥

દુર્ વર્જીત ઉપસર્ગ અને અન્તર્ શબ્દમાં રહેલા, ર્, ષ્ અને ઋવર્ણથી પર રહેલ, ણોપદેશ ધાતુના, હિનુ અને મીના ધાતુનો તથા આનિવ્ પ્રત્યયના નકારનો ' ણકાર ' આદેશ થાય છે. **प्रणमति** = નમે છે, **प्रहिणुतः** = બે જણને મોકલે છે, **प्रमीणीतः** = બે જણ હિંસા કરે છે, **प्रयाणि** = હું પ્રયાણ કરું છું.

नशः शः ॥ २-३-७८ ॥

દુર્ વર્જિત ઉપસર્ગ અને અન્તર્ શબ્દમાં રહેલા, ર્ ષ્ અને ઋવર્ણથી પર રહેલા, શકારાન્ત નશ્ ધાતુના નકારનો 'ણકાર' આદેશ થાય છે. **प्रणश्यति** = વધારે નાશ પામે છે.

नेर्ङमा-दा-पत-पद-नद-गद-वपी-वही-शमू-चिग्-यात्ति-वाति-द्राति-प्साति-स्यति-हन्ति-देग्धौ ॥ २-३-७९ ॥

દુર્ વર્જિત ઉપસર્ગ અને અન્તર્ શબ્દમાં રહેલા ર્, ષ્ અને ઋવર્ણથી પર રહેલ, નિ ઉપસર્ગના નકારનો, મા (માઙ્ફ્, મેંઙ્), દા (દાસંજ્ઞક ધાતુઓ), પત્ (પત્લૃ), પદ્, (પદિંચ્), નદ્, ગદ્, વપ્ (ડુવપીં), વહ્ (વહી), શમ્ (શમૂચ્), ચિ, (ચિંટ્), યા (યાંઙ્), વા (વાંઙ્), દ્રા (દ્રાંઙ્), પ્સાતિ (પ્સાંઙ્), સ્યતિ (ષોંચ્), હન્તિ (હનંઙ્) અને દિહ્ (દિહીંઙ્) ધાતુ પર છતાં 'ણકાર' આદેશ થાય છે. **प्राणमिमीते** = અવાજ કરે છે. જે મા રૂપવાળા અને ઙ્ ના નિશાનવાળા હોય ત ધાતુ અહિં લેવાના છે 'याति' વગરે ધાતુઓમાં જ્યાં **ति** મૂકેલ છે તેવા ધાતુ યઙ્લુબન્ત (યઙ્ પ્રત્યય લાગ્યા બાદ તે યઙ્ નો ધાતુથી લોપ થયો હોય તે) ન લેવા તથા દા એટલે "अदौ [३-३-५]" એ સૂત્રથી થયેલ દા સંજ્ઞક ધાતુ લેવા.

अक-खाद्य-षान्ते पाठे वा ॥ २-३-८० ॥

દુર્ વર્જિત ઉપસર્ગ અને અન્તર્ શબ્દમાં રહેલા, ર્, ષ્ અને ઋવર્ણથી પર રહેલ, નિ ઉપસર્ગના નકારનો ધાતુ પાઠમાં ક અને ખ નથી આદિમાં જેને અને ષકાર નથી અન્તમાં જેને એવા (કૃ ખન્, દ્વિષ્ આદિ) ધાતુ પર છતાં 'ણકાર' આદેશ વિકલ્પે થાય છે. **पणिपचति, पनिपचति** = સારૂં પકાવે છે.

द्वित्वेऽप्यनितेः परेस्तु वा ॥ २-३-८१ ॥

દુર્ વર્જિત ઉપસર્ગ અને અન્તર્ શબ્દમાં રહેલ, ર્, ષ્ અને ઋવર્ણથી પર રહેલ અન્ ધાતુના નકારનો, દ્વિર્ભાવમાં અદ્વિર્ભાવમાં અનન્તમાં અને અન્તમાં 'ણકાર' આદેશ થાય છે, તથા જો પરિ ઉપસર્ગપૂર્વક હોય તો વિકલ્પે 'ણકાર' થાય છે. **पराणिति** = પ્રતિ કૂલ રીતે લે છે. **प्राणिणिषति** = જીવવા ઇચ્છે છે. **हे प्राण** = હે પ્રાણ ! **पर्याणिति, पर्यानिति** = સર્વ રીતે જીવે છે.

हनः ॥ २-३-८२ ॥

દુર્ વર્જિત ઉપસર્ગ અને અન્તર્ શબ્દમાં રહેલા, ર્, ષ્ અને ઋવર્ણથી પર રહેલ, હન્ ધાતુના નકારનો 'ણકાર' આદેશ થાય છે. **प्रहण्यते** = હણાય છે.

वमि वा ॥ २-३-८३ ॥

દુર્ વર્જિત ઉપસર્ગ અને અન્તર્ શબ્દમાં રહેલા ર્, ષ અને ઋવર્ણથી પર રહેલ, હન્ ધાતુંના નકારનો, વકાર અને મકાર પર છતાં વિકલ્પે 'ણકાર' આદેશ થાય છે. **प्रहण्वः, प्रहन्वः** = અમે બે હણીએ છીએ.

निस-निक्ष-निन्दः कति वा ॥ २-३-८४ ॥

દુર્ વર્જિત ઉપસર્ગ અને અન્તર્ શબ્દમાં રહેલા ર્; ષ્ અને ઋવર્ણથી પર રહેલ, નિસ્ (ણિસુક્રિ), નિક્ષ (ણિક્ષ) અને નિદ્ (ણિદુ) ધાતુના નકારનો, કૃદન્તના પ્રત્યય પર છતાં વિકલ્પે 'ણકાર' આદેશ થાય છે. **परिकर्षेण निसनम् = प्रणिसनम् परिनिसनम्** = ચુમ્બન કરવું.

स्वरात् ॥ २-३-८५ ॥

દુર્ વર્જિત ઉપસર્ગ અને અન્તર્ શબ્દમાં રહેલા ર્, ષ્ અને ઋવર્ણથી પર રહેલ એવા, સ્વરવાળા ધાતુને લાગેલ જે કૃદન્ત પ્રત્યયનો નકાર, તેનો 'णुकार' આદેશ થાય છે. **प्रकर्षेण हानः = प्रहाणः** = ત્યજી મૂકેલ. અહિં "**भुजि०** [५-३-१२८]" એ સૂત્રથી અન (અનટ્) પ્રત્યય થયેલ છે.

नाम्यादेरेव ने ॥ २-३-८६ ॥

દુર્ વર્જિત ઉપસર્ગ અને અન્તર્ શબ્દમાં રહેલા ર્,ષ્ અને ઋવર્ણથી પર રહેલ એવા, આદિમાં છે નામી સંજ્ઞાવાળા સ્વરો જેને અને ન આગમ થયો હોય એવા ધાતુના જ સ્વરથી પર રહેલ, કૃદન્ત પ્રત્યયના નકારનો 'णुकार' આદેશ થાય છે. **प्रेङ्खणम्** = હીંચકો ખાવો.

व्यञ्जनादेर्नाम्युपान्त्याद्वा ॥ २-३-८७ ॥

દુર્ વર્જિત ઉપસર્ગ અને અન્તર્ શબ્દમાં રહેલા ર્, ષ્ અને ઋવર્ણથી પર રહેલ વ્યંજન છે આદિમાં જેને અને નામી છે ઉપાન્ત્યમાં જેને એવા ધાતુથી પર રહલ અને સ્વરથી ઉત્તરમાં રહલ કૃદન્ત પ્રત્યયના નકારનો 'णुकार' આદેશ વિકલ્પે થાય છે. **प्रमेहणम् प्रमेहनम्** = સીચવું, મૂત્રણ.

णेर्वा ॥ २-३-८८ ॥

દુર્ વર્જિત ઉપસર્ગ અને અન્તર્ શબ્દમાં રહેલા ર્, ષ્ અને ઋવર્ણથી પર રહલ, ણ્યન્ત ધાતુથી વિધાન કરાયેલ તથા કૃદન્તના આદિમાં સ્વરવાળા પ્રત્યયનો જે નકાર તેનો 'णुकार' આદેશ વિકલ્પે થાય છે. **प्रमङ्गणा, प्रमङ्गना** = માંગણી કરવી.

निर्विण्णः ॥ २-३-८९ ॥

નિર્વિણ્ણ એ પ્રમાણે 'निपातन' કરાય છે. **निर्+विद्+क्त= निर्विण्णः** = વિરક્ત, નિર્વેદ પામેલો.

न ख्या-पूग्-भू-भा-कम-गम-प्याय-वेपो णेश्च ॥ २-३-९० ॥

ર્ વર્જિત ઉપસર્ગ અને અન્તર્ શબ્દમાં રહેલ ર્, ષ અને ઋવર્ણથી પર રહેલ, ણ્યન્ત ધાતુ કે અણ્યન્ત ધાતુ ણિ પ્રત્યયવાળા કે ણિ પ્રત્યય ન લાગેલ હોય એવા, ખ્યા (ખ્યાઙ્), પૂ (પૂગૂંશ્), ભૂ, ભા (ભાંઙ્), કમ્, (કમૂઙ્), ગમ્ (ગમ્લૃં), પ્યાય્ (પ્યાયૈઙ્) અને વેપ્ (વેપૃઙ્) ધાતુથી પર રહેલ, કૃદન્ત પ્રત્યયના નકારનો 'ણકાર' થતો નથી. **प्रख्यापनम्** = પ્રખ્યાતિ કરવી, **प्रख्यानम्** = પ્રખ્યાતિ.

देशेऽन्तरोऽयन-हनः ॥ २-३-९१ ॥

અન્તર્ શબ્દથી પર રહેલ, અયન શબ્દ અને હન્ ધાતુના નકારનો 'ણકાર' થતો નથી. જો દેશ અર્થ જણાતો હોય તો. **अन्तरय्यतेऽस्मिन्निति = अन्तरयनः** = દેશનું નામ.

षात्पदे ॥ २-३-९२ ॥

પદથી પર રહેલ જે ષકાર તેથી પર રહેલા નકારનો 'ણકાર' આદેશ થતો નથી. **सर्पिष्पानम्** = ઘી પીધું.

पदेऽन्तरेऽनाऽऽङ्यतद्धिते ॥ २-३-९३ ॥

જો ર્, ષ્ અને ઋવર્ણ અને નકારની વચ્ચે આઙ્ તથા તદ્ધિતના પ્રત્યયનો કોઇ પ્રયોગ ન હોય તો પદમાં આવેલ નકારનો

'ણકાર' થતો નથી. **प्रावनद्धम्** = મજબૂત બાંધેલું.

हनो धि ॥ २–३–९४ ॥

હન્ ધાતુના હનો, ધ થયા પછી, હન્ ધાતુના નકારનો 'ણકાર' આદેશ થતો નથી. **शत्रुन् हन्तीति** = **शत्रुघ्नः** = શત્રુનો નાશ કરનાર.

नृतेर्यङि ॥ २–३–९५ ॥

નૃત્ ધાતુના નકારનો, યઙ્ના વિષયમાં 'ણકાર' થતો નથી. **भृशं पुनः पुनर्वा नृत्यतीति** = **नरीनृत्यते** = વારંવાર નાચે છે, ખૂબ નાચે છે.

क्षुभ्नादीनाम् ॥ २–३–९६ ॥

ક્ષુભ્નાદિ શબ્દોમાં રહેલ નકારનો 'ણકાર' થતો નથી. **क्षुभ्नाति** = ચલિત થાય છે, ક્ષોભ પામે છે.

पाठे धात्वादेर्णो नः ॥ २–३–९७ ॥

ધાતુપાઠને વિષે ણોપદેશ જે ધાતુ. તેમાં જે ધાતુઓ આદિમાં ણકારવાળા બતાવ્યા છે, તે દરેક ધાતુના આદિ ણકારનો 'નકાર' આદેશ થાય છે. **णी (णींग्)** = **नी** = **नयति** = લઈ જાય છે.

षः सोऽष्ट्यै–ष्ठिव–ष्वष्कः ॥ २–३–९८ ॥

ધાતુ પાઠને વિષે ધાતુઓ આદિમાં ષકારવાળા બતાવ્યા છે. તે દરેક ધાતુના ષકારનો 'સકાર' થાય છે, જો ષ્ટયૈ (ષ્ટયૈઁ), ષ્ઠિવ્ (ષ્ઠિવ, ષ્ઠિવૂચ્) અને ષ્વષ્ક (ષ્વષ્કિ) ધાતુ સંબંધિ ન હોય તો. **षह (षहिं)** = **सह** = **सहते** = સહન કરે છે.

ऋ-र-लृ-लं कृपोऽकृपीटादिषु ॥ २-३-९९ ॥

કૃપ્ ધાતુના ઋકારનો અને રકારનો અનુક્રમે 'लृ' અને 'ल' આદેશ થાય છે, જો તે કૃપીટાદિમાં ન હોય તો कृप्+ते = क्लृप्यते = સમર્થ બનાય છે.

उपसर्गस्याऽऽयौ ॥ २-३-१०० ॥

ઉપસર્ગમાં રહેલા રકારનો, अय् (अयि) ધાતુ પર છતાં 'लकार' આદેશ થાય છે. (प्र+अय) = प्लायते = નાશી જાય છે.

ग्रो यङि ॥ २-३-१०१ ॥

यङ् પર છતાં, गॄ (गॄत्) ધાતુના રકારનો 'लकार' આદેશ થાય છે. गर्हित निगिरतीति = नि + गॄ = नि + जेगिॄ + यङ् + ते = निजेगिल्यते = ખરાબ રીતે ખાય છે, ઘણું ગળી જાય છે.

नवा स्वरे ॥ २-३-१०२ ॥

गॄ ધાતુના રકારનો, સ્વરવાળા પ્રત્યય પર છતાં 'लकार' આદેશ વિકલ્પે થાય છે. गॄ+ शव् + तिव् = गॄ + अ + ति = गिॄ + अति + ति = गिलति, गिरति = ખાય છે.

परेर्घाऽङ्क-योगे ॥ २-३-१०३ ॥

પરિ ઉપસર્ગના રકારનો, ઘ અઙ્ક અને યોગ પર છતાં, વિકલ્પે 'लकार' આદેશ થાય છે. परिहन्यतेऽनेनेति-पलिघः, परिघः-લોઢાની કુંડલી જડેલી લાકડી ભોગળ.

ऋफिडादीनां डश्र ल ॥ २-३-१०४ ॥

ऋफिडादि શબ્દોની વિષે રહેલ ऋ અને र નો અનુક્રમે 'लृ'

अने ' ल ' तथा ऽकारनो ' ल ' आदेश विकल्पे थाय छे **लृफिडः, ऋफिडः, ऋफिलः, लृफिलः** = ऋषितुं नाम

जपादीनां पो वः ॥ २-३-१०५ ॥

जपादि शब्दना पकारनो विकल्पे ' वकार ' आदेश थाय छे. **जवा, जपा**=वृक्षनुं नामविशेष, जयाकुसुम नामनुं तेल, जयाकुसुम.

(इति षत्वणत्वादि विधानम्)

॥ इत्याचार्य श्रीहेमचन्द्रविरचिते सिद्धहेमशब्दानुशासने श्रीविजयमहिमाप्रभसूरिकृत बालावबोधिनीवृत्तेः द्वितीयाध्यायस्य तृतीयापादः ॥

मूलराजासिधारायां, निमग्ना ये महीभूज : ।
उन्मज्जन्तो विलोक्यन्ते, स्वर्गङ्गाजलेषु ते ॥ ७ ॥

मूलराजनी तलवारनी धारमां जे राजाओ निमग्न थया प्रतिबिंबित थया छे, ते स्वर्गगंगाना जलमां निमज्जन करतां जणाय छे; अर्थात् गंगाना जल जेवी देखाती मूलराजनी जे तलवारनी धार, तेनी पासे आवेला राजाओ मरीने स्वर्गमां जाय छे. ७.



[अथ चतुर्थपादः]

(स्त्रीप्रत्ययविधानम्)

स्त्रियां नृतोऽस्वस्रादेर्ङीः ॥ २-४-१ ॥

નકારાન્ત (ન છે અન્તે જેને એવા) નામને, તથા સ્વસૃ વર્જિત ઋકારાન્ત (ઋ છે અન્તે જેને એવા) નામને, સ્ત્રીલિંગી કરવાનું હોય ત્યારે સ્ત્રીલિંગસૂચક ' ङी ' (દીર્ઘ ઈ) પ્રત્યય લાગે છે. **राजन् + ङी = राजन् + ई + सि = राज्ञी** = રાણી. **कृ + ङी = कृ + ई + सि = कर्त्री** = કરનારી. (स्वसृ, दुहितृ, ननान्दृ, यातृ, मातृ, तिसृ અને चतुसृ શબ્દોને આ નિયમ ન લાગે.

अधातूदितः ॥ २-४-२ ॥

ધાતુ વર્જિત ઉદિત (ઉ નિશાનવાળા) અને ઋદિત (ઋ નિશાનવાળા) પ્રત્યય કે અપ્રત્યય, જે નામને અન્તે હોય તેવા નામને, સ્ત્રીલિંગી કરવાનું હોય ત્યારે ' ङी ' પ્રત્યય લાગે છે. **भू + अतु + सि = भवत् + सि = भवती** = આપ, તમે (સ્ત્રી). **पाकं कुर्वतीति = पच् + शतृ + सि = पचत् + ई + सि = पचन्ती** = રાંધનારી સ્ત્રી.

अञ्चः ॥ २-४-३ ॥

અઞ્ચ્ છે અન્તમાં જેને, એવા નામને સ્ત્રીલિંગી કરવાનું હોય ત્યારે ' ङी ' પ્રત્યય લાગે છે. **प्रथममञ्चति सूर्योऽस्यां सा = प्र + अञ्च् + क्विप् + ई + सि = प्राचि** = પૂર્વ દિશા. **उद् + अञ्च् + ई + सि = उदीची** = ઉત્તરદિશા. (અહિં " **उदश्चः० [२-१-१०३]** " એ સૂત્રથી ' ઉદીચ્ ' આદેશ થયો છે.)

ण-स्वराऽघोषाद् वनो रश्च ॥ २-४-४ ॥

ણકારાન્ત, સ્વરાન્ત અને અઘોષાન્ત શબ્દથી પર વિધાન કરાયેલ જે વન્ પ્રત્યય, તદન્ત જે નામ, તેથી પર સ્ત્રીલિંગી કરવાનું હોય તો *'ઙી' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં વન્ના નકારનો 'र्' આદેશ* થાય છે. **ओणति या सा = ओण्+वन्+सि=ओण्+आ=ओ+ओ = अवा + वन् + ई + सि = अवावरी** = હરણ કરનારી. **ध्यायति मत्स्यमिति = ध्या + वन् + ई + सि = धीवरी** = મચ્છી-મારની સ્ત્રી. **मेरुं दृष्टवतीति = मेरु + दृश् + वन् + ई + सि = मेरुदृश्वरी**=મેરૂને જોનારી. (અહિં વન્, ક્વનિપ્ અને ક્વનિપ્ પ્રત્યયો લેવાના છે. અને **अवावरी** ત્યાં "**वनि० [४-२-६५]**" એ સૂત્રથી પંચમ સ્વરનો (ઓણ્ના ણ્ નો) 'आ' થયો છે.)

वा बहुव्रीहिः ॥ २-४-५ ॥

બહુવ્રીહિ સમાસવાળા ણકારાન્ત, સ્વરાન્ત અને અઘોષાન્ત નામથી પર વિધાન કરાયેલ જે વન્ પ્રત્યય, તદન્ત જે નામ તેને સ્ત્રીલિંગી કરવાનું હોય તો વિકલ્પે 'ઙી' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં વન્ પ્રત્યયના નકારનો 'र्' આદેશ થાય છે. **प्रिया अवावा यस्याः सा = प्रियावावरी, प्रियावावा** = પ્રિય છે ચોર જેણીને.

वा पादः ॥ २-४-६ ॥

બહુવ્રીહિ સમાસના કારણે થયેલ જે પાદ શબ્દ; તદન્ત નામને, સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ઙી' પ્રત્યય વિકલ્પે થાય છે. **द्वौ पादौ यस्याः सा = द्वि + पाद् +ई+सि=द्वि + पद् +ई+सि= द्विपदी, द्विपात्**=બે પગવાળી. (અહિ "**सु-संख्यात्०[७-३-१५०]**"

એ સૂત્રથી પાદનો 'પાત્' આદેશ થયા બાદ "**य-स्वरे०** [२-१-१०२]" એ સૂત્રથી 'પદ્' આદેશ થયો છે.)

ऊधसः ॥ २-४-७ ॥

બહુવ્રીહિ સમાસના કારણે થયેલ ઉધસ્ શબ્દ, તેથી પર સકારનો નકાર થયે છતે, સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ઙી' પ્રત્યય થાય છે. **कुण्डे इव उधसी यस्याः सा = कुण्ड + उधस् + ई + सि = कुण्डोध्नी** = કુંડા જેવા આંચળવાળી. (અહિં "**स्त्रियाम्०** [७-३-१६९]" એ સૂત્રથી ઉધસ્ શબ્દના સકારનો 'નકાર' આદેશ થયો છે.)

अशिशोः ॥ २-४-८ ॥

બહુવ્રીહિ સમાસવાળા અશિશુ શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ઙી' પ્રત્યય થાય છે. **अविद्यमानः शिशुरस्याः सा = अशिध्नी** = બાળક વિનાની, વાંઝણી.

संख्यादेर्हायनाद् वयसि ॥ २-४-९ ॥

સંખ્યાવાચક શબ્દ છે આદિમાં જેને, અને હાયન શબ્દ છે અન્તમાં જેને, એવા બહુવ્રીહિ સમાસવાળા નામથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ઙી' પ્રત્યય થાય છે. જો વય-ઉમર અર્થ જણાતો હોય તો. **त्रयो हायना-वर्षाणि यस्याः सा=त्रिहायणी** = ત્રણવર્ષવાળી.

दाम्नः ॥ २-४-१० ॥

સંખ્યાવાચક શબ્દ છે આદિમાં જેને, અને દામન્ શબ્દ છે અન્તમાં જેને, એવા બહુવ્રીહિ સમાસવાળા નામથી પર સ્ત્રીલિંગી

કરવાનું હોય તો 'ઙી' પ્રત્યય થાય છે. **द्वे दामनी यस्याः सा = द्विदामनी** = બે માળાવાળી.

अनो वा ॥ २-४-११ ॥

અન્ છે અન્તમાં જેને, એવા બહુવ્રીહિ સમાસવાળા શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ઙી' પ્રત્યય વિકલ્પે થાય છે. **शोभनो राजा यस्यां सा = सुराज्ञी** = એ નામનું ગામ. (નિત્ય સ્ત્રીલિંગ કરવા માટે આ સૂત્ર અલગ કર્યું છે.)

नाम्नि ॥ २-४-१२ ॥

અન્ છે અન્તમાં જેને, એવા બહુવ્રીહિ સમાસવાળા શબ્દથી પર સ્ત્રીલિંગીમાં 'ઙી' પ્રત્યય થાય છે. જો વિશેષ નામ થતું હોય તો. **अधि + राजन् + ई + सि = अधिराज्ञी ग्रामः** = એ નામનું ગામ.

नोपान्त्यवतः ॥ २-४-१३ ॥

અન્ પ્રત્યયના અન્તના અકારનો લોપ થયો નથી, અર્થાત્ અકાર ઉપાન્ત્યમાં કાયમ રહેલ છે, એવા બહુવ્રીહિ સમાસવાળા શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ઙી' પ્રત્યય થતો નથી **सुष्ठु पर्वा यस्याः = सुपर्वा** = સારા પર્વવાળી.

मनः ॥ २-४-१४ ॥

મન્ છે અન્તમાં જેને, એવા શબ્દને સ્ત્રીલિંગી કરવાનું હોય તો, 'ઙી' પ્રત્યય લાગતો નથી. **सीमन् + औ = सीमानौ** = બે સીમાડા.

ताभ्यां वाऽन् ङित् ॥ २-४-१५ ॥

જેને અન્તમાં અન્ પ્રત્યય છે એવા બહુવ્રીહિસમાસવાળા નામને, તથા જેને અન્તમાં મન્ છે એવા નામને, સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ઙાપ્' (આ) પ્રત્યય વિકલ્પે લાગે છે. **सुपर्वन्** + **औ** =**सुपर्वन्** +**आ**+**औ**=**सुपर्वे, सुपर्वाणौ**=સુપર્વવાળી બે, સરૂદ્ધ બો. **सीमन्** + **औ** =**सीमन्** + **आ** + **औ** = **सीमे, सीमनौ** =બે સરહદ.

अजादेः ॥ २–४–१६ ॥

અજાદિ શબ્દોથી પર સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ઙાપ્' પ્રત્યય લાગે છે. **अजा** = બકરી

ऋचि पादः पात्–पदे ॥ २–४–१७ ॥

પાદ શબ્દનો પાદ્ થયા પછી, ઋચિ (વેદની શાખા) અર્થ જણાતો હોય તો, સ્ત્રીલિંગી કરવાનું હોય તો, **'पात्'** અને **'पद्'** નિપાતન થાય છે. **त्रयोः पादा यस्याः सा** = **त्रिपात्, त्रिपदा** = *વેદની શાખાનું નામ.*

आत् । २–४–१८ ॥

અકારાન્ત નામથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ઙાપ્' પ્રત્યય થાય છે. **खट्वा** = ખાટલો, ખાટ.

गौरादिभ्यो मुख्यान्ङीः ॥ २–४–१९ ॥

મુખ્ય એવા ગૌર શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ઙી' પ્રત્યય થાય છે. **गौरी** = ગોરી.

अणञेयेकण्–नञ्–स्नञ्–टिताम् ॥ २–४–२० ॥

અણ્ઞ્, એયણ્, ઇકણ્, નઞ્ અને સ્નઞ્ પ્રત્યય, તથા ટિત્ (ટ નિશાનવાળા) પ્રત્યયવાળા અકારાન્ત મુખ્ય નામને, સ્ત્રીલિંગી કરવાનું

હોય તો 'ઙી' પ્રત્યય લાગે છે. **उपगुरपत्यं स्त्री = उपगु+अण् + ई + सि = औपगवी** = ઉપગુ ઋષિની પૌત્રી. **विदस्यापत्यं स्त्री = विद + अञ् + ई + सि = वैदी** = વિદઋષિની પૌત્રી. **सुपर्ण्या अपत्यं स्त्री = सुपर्ण्या + एयण् + ई + सि = सौपर्णेयी** = ગરુડની બેન. **अक्षैर्दीव्यतीति = अक्ष + इकण् + ई + सि = आक्षिकी** = પાસા રમનારી. **स्त्रिया अपत्यमिव वा = स्त्री + नञ् + ई + सि = स्त्रैणी** = સ્ત્રીની પુત્રી, નારીજાતિની કોઈ વસ્તુ. **पुंसाऽपत्यमियं वा = पुंस् + स्नञ् + ई + सि = पौंस्नी** = પુરૂષની પુત્રી, પુરૂષની નારી જાતિની કોઈ વસ્તુ. **जानु ऊर्ध्वं प्रमाण मस्याः सा = जानु + दघ्नट् + ई + सि = जानुदघ्नी** = ઢીંચણ પ્રમાણની બાઈ.

वयस्यनन्त्ये ॥ २–४–२१ ।

પ્રૌઢાવસ્થા વર્જિત વય–ઉમર અર્થમાં વર્તમાન અકારાન્ત મુખ્ય નામથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ઙી' પ્રત્યય લાગે છે. **कुमारयति-क्रीडयतीति = कुमार+ई + सि = कुमारी** = કુમારી, કુંવારી, કીશોરી. **वधूटी** = વહુ થવા યોગ્ય વયની.

द्विगोः समाहारात् ॥ २–४–२२ ॥

દ્વિગુ સમાહારવાળા અકારાન્ત મુખ્યનામથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ઙી' પ્રત્યય લાગે છે. **पञ्चानां पूलानां समाहारः = पञ्चपूली** = પાંચ પૂળાનો સમૂહ.

परिमाणात् तद्धितलुक्यबिस्ता–ऽऽचित–कम्बल्यात् ॥ २–४–२३ ॥

બિસ્ત, અચિત અને કમ્બલ્ય વર્જિત પરિમાણવાચક દ્વિગુ સમાહારવાળા જે આકારાન્ત નામ, તેથી પર તદ્ધિત પ્રત્યયનો લુક્ થયે છતે, સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ઙી' પ્રત્યય લાગે છે. **द्वाभ्यां कुडवाभ्यां क्रीता = द्वि + कुडव + इकण् + ई + सि=द्विकुडवी** = બે કુડવથી (ગડીયાથી) ખરીદાયેલી. (અહિં "**मूल्यैः० [६-४-१५०]**" એ સૂત્રથી "ઇકણ્' પ્રત્યય થયા બાદ "**ओनाम्न्य० [६-४-१४१]**" એ સૂત્રથી ઇકણ્ પ્રત્યયનો 'લોપ' થયો છે. પરિમાણ-ચારેબાજુથી માપવું, ઉન્માન-ઉંચુ કે ઉભુ માપવું પ્રમાણ-લંબાઈ માપવી. કુડવ-ગડીયું. એ પસલી -૨ કુડવ)

काण्डात् प्रमाणादक्षेत्रे ॥ २-४-२४ ॥

પ્રમાણવાચક કાંડ શબ્દ છે અન્તમાં જેને, એવા દ્વિગુ સમાહાર-વાળા અકારાન્ત નામથી પર, તદ્ધિત પ્રત્યયનો લુક્ થયે છતે, સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ઙી' પ્રત્યય લાગે છે. **द्वे काण्डे प्रमाणमस्याः सा = द्वि + काण्ड + मात्रट् + ई + सि = द्विकाण्डी** = બે કાંડ પ્રમાણવાળી દોરડી. કાંડ-સોળ હાથ પ્રમાણની લંબાઈ. (અહિં "**प्रमाणात्० [७-१-१४०]**" એ સૂત્રથી 'માત્રટ્' પ્રત્યય થયા બાદ "**द्विगोः० [७-१-१४४]**" એ સૂત્રથી 'માત્રટ્' પ્રત્યયનો લોપ થયો છે.)

पुरूषाद्वा ॥ २-४-२५ ॥

પ્રમાણવાચક પુરુષ શબ્દ છે અન્તમાં જેને, એવા દ્વિગુ સમાહાર વાળા અકારાન્ત નામથી પર, તદ્ધિત પ્રત્યયનો લુક્ થયે છતે, સ્ત્રીલિંગી કરવાનું હોય તો, વિકલ્પે 'ઙી' પ્રત્યય લાગે છે. **द्वौ पुरुषौ प्रमाणमस्याः सा = द्विपुरुषौ, द्विपुरुषा** = બે માથોડા ઉંડી ખાઈ. (અહિં "**हस्ति० [७-१-१४१]**" એ સૂત્રથી 'અણ્'

પ્રત્યય વિકલ્પે થયા બાદ " **द्विगोः [७-१-१४४]** " એ સૂત્રથી 'अण्' પ્રત્યયનો લુક્ થયો છે.)

रेवत-रोहिणाद् भे ॥ २-४-२६ ॥

રેવત અને રોહિણ શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ङी' પ્રત્યય લાગે છે. જો નક્ષત્રનો અર્થ હોય તો. **रेवत्यां जाता = रेवत + ई + सि = रेवती** = રેવતી નક્ષત્રમાં જન્મેલી.

नीलात् प्राण्यौषध्योः ॥ २-४-२७ ॥

પ્રાણિ અને ઔષધિવાચક નીલ શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ङी' પ્રત્યય લાગે છે. **नील + ई + सि = नीली** = લીલી ગાય અથવા ઘણી (ઔષધિ)

क्ताच्च नाम्नि वा ॥ २-४-२८ ॥

ક્ત પ્રત્યયાન્ત નામથી તથા નીલ શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો, વિકલ્પે 'ङी' પ્રત્યય લાગે છે. **प्रवृद्धा चासौ विलूना चेति = प्रवृद्धविलूनी, प्रवृद्धविलूना** = એ નામની ઔષધિ.

केवल-मामक-भागधेय-पापा-ऽपर-समाना-ऽऽर्यकृत-सुमङ्गल-भेषजात् ॥ २-४-२९ ॥

કેવલ, મામક, ભાગધેય, પાપ, અપર, આર્યકૃત, સુમંગલ અને ભેષજ શબ્દથી પર સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ङी' પ્રત્યય લાગે છે. જો નામ સંજ્ઞા હોય તો. **केवली** = જ્યોતિ, કેવલ જ્ઞાની.

भोज-गोण-नाग-स्थल-कुण्ड-काल-कुश-कामुक-कट-कबरात् पङ्का-ऽऽवपन-स्थूला-ऽकृत्रिमा-ऽमत्र-कृष्णा-ऽऽयसी-रिरंसु-श्रेणि-केशपाशे ॥ २-४-३०॥

ભોજ, ગોણ, નાગ સ્થલ, કુંડ, કાલ, કુશ, કામુક, કટ અને કમ્બર શબ્દોને, અનુક્રમે પકવા, આવપન (અનાજ ભરવાનું સાધન), નાગ (જાડા), સ્થલ (સ્વભાવિક ભૂમિ), અમત્ર (પાત્ર), કૃષ્ણ (કાળા), આયસી (લોઢાની કોશ), રિરંસુ (કામી), શ્રોણિ (કેડ), અને કેશપાશ (વેણી-ચોટલો) અર્થમાં વર્તમાન નામથી પર, સ્ત્રીલિંગ કરવાનું હોય તો 'ઙી' પ્રત્યય લાગે છે. જો નામ સંજ્ઞાનો વિષય હોય તો. **भोजी** = પકવેલું શાક.

नद्या शोणादेः । २-४-३१ ॥

શોણાદિ શબ્દથી પર, સ્ત્રીલિંગ કરવાનું હોય તો, વિકલ્પે 'ઙી' થાય છે. **शोणी, शोणा** = લાલ રંગવાળી.

इतोऽत्यर्थात् ॥ २-४-३२ ॥

હ્રસ્વ ઇકારાન્ત નામથી પર, સ્ત્રીલિંગ કરવાનું હોય તો વિકલ્પે 'ઙી' પ્રત્યય લાગે છે. જો તે ઇકાર ક્તિ પ્રત્યય સંબંધિ તથા ક્તિ પ્રત્યયના સમાન અર્થવાળા અન્ય કોઇ પ્રત્યય સંબંધિ ન હોય તો. **भूमी, भूमिः** = પૃથ્વી.

पद्धतेः ॥ २-४-३३ ॥

પદ્ધતિ શબ્દથી પર, સ્ત્રીલિંગ કરવાનું હોય તો, વિકલ્પે 'ઙી' પ્રત્યય લાગે છે. **(पादाभ्यां हन्यते इति = पाद + हन् + क्ति + ई + सि = पद्धती, पद्धतिः** = પગદંડી.

शक्तेः शस्त्रे ॥ २-४-३४ ॥

શસ્ત્ર અર્થમાં વર્તમાન શક્તિ શબ્દથી પર, સ્ત્રીલિંગ કરવાનું

હોય તો, વિકલ્પે 'ङी' પ્રત્યય લાગે છે. **शक्तिः, शक्ती** = બળદી.

स्वरादुतो गुणादस्वरोः ॥ २-४-३५ ॥

જે નામમાં સ્વર પછી માત્ર એક જ વ્યંજન આવેલ હોય, તેવા ખરૂ શબ્દ વર્જિત, ઉકારાન્ત ગુણવાચક નામથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો, વિકલ્પે 'ङी' પ્રત્યય લાગે છે. **पटु + ई = पट्वी, पटुः** = નિપુણ સ્ત્રી.

इयतैत-हरित-भरत-रोहिताद् वर्णात् तोनश्च ॥ २-४-३६ ॥

વર્ણવાચક એવા इयेत्त, એત્ત, ભરત, હરિત અને રોહિત શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો, વિકલ્પે 'ङी' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં તકારનો 'नकार' આદેશ થાય છે. **इयेत्ती, इयेत्ता** = ધોળી.

क्तः पलिता-ऽसिताद् ॥ २-४-३७ ॥

પલિત અને અસિત શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો વિકલ્પે 'ङी' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં તકારનો 'क्न' આદેશ થાય છે. **पलिक्नी, पलिता** = પળીયાવાળી, વૃદ્ધસ્ત્રી.

असह-नञ्-विद्यमानपूर्वपदात् स्वाङ्गादक्रोडादिभ्यः ॥ २-४-३८ ॥

સહ, નઞ્ અને વિદ્યમાન શબ્દ વર્જિત પૂર્વપદ છે જેને, એવું ક્રોડાદિ વર્જિત સ્વાંગવાચક જે અકારાન્ત નામ, તેથી પર સ્ત્રીલિંગી કરવાનું હોય તો વિકલ્પે 'ङी' પ્રત્યય લાગે છે. **केशानतिक्रामतीति**

= **अतिकेशी. अतिकेशा** = વાળ કરતાં લાંબી માળા (અહિં સ્વાંગથી પ્રાણીનું પોતાનું અંગ તે 'સ્વાંગ' સમજવું. પરંતુ તે અંગ સોજ્યા, કફ આદિથી વિકૃત ન હોવું જોઈયે. તથા તે અંગ મૂર્ત અથવા પ્રતિમા સ્વરૂપ હોય તો પણ સ્વાંગ કહેવાય. તથા કોઈ પણ અંગ અંગમાંથી છુટું પડેલ હોય તો પણ સ્વાંગ કહેવાય જેમકે-હાથ મુખ, વાળ વગરે.)

नासिकोदरोष्ठ-जङ्घा-दन्त-कर्ण-शृङ्ग-ऽङ्ग-गात्र-कण्ठात्

॥ २-४-३९ ॥

સહ, નઞ્ અને વિદ્યમાન શબ્દથી વર્જિત પૂર્વપદ છે જેને, એવા સ્વાંગવાચક નાસિકા, ઉદર, ઓષ્ઠ, જંઘા, દંત, કર્ણ; શૃંગ, અંગ અને કંઠ શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો વિકલ્પે 'ઙી' પ્રત્યય લાગે છે. **तुङ्गनासिकी, तुङ्गनासिका** = ઉંચા નાકવાળી

नख-मुखादनाम्नि ॥ २-४-४० ॥

સહ, નઞ્ અને વિદ્યમાન શબ્દ વર્જિત પૂર્વપદ છે જેને, એવા સ્વાંગવાચક મુખ અને નખ શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો વિકલ્પે 'ઙી' પ્રત્યય લાગે છે. જો કોઈની નામ સંજ્ઞા ન હોય તો. **शूर्पनखी, शूर्पनखा**=સુપડા જેવા નખવાળી, **शूर्पणखा**=રાવણની બેન.

पुच्छात् ॥ २-४-४१ ॥

સહ, નઞ્ અને વિદ્યમાન શબ્દ વર્જિત પૂર્વપદ છે જેને, એવા સ્વાંગવાચક પુચ્છ શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો વિકલ્પે 'ઙી' પ્રત્યય લાગે છે. **दीर्घपुच्छी, दीर्घपुच्छा** = લાંબા પુંછડાવાળી.

कबर-मणि-विष-शरादेः ॥ २-४-४२ ॥

કબર, મણિ, વિષ અને શર શબ્દ છે આદિમાં જેને, એવા સ્વાંગવાચક પુચ્છ શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો વિકલ્પે 'ઙી' પ્રત્યય લાગે છે. **कबरपुच्छी, कबरपुच्छा** = કાબર ચિતરા પુંછડાવાળી, કાબરચિતરી.

पक्षाच्चोपमानादेः ॥ २-४-४३ ॥

ઉપમાનવાચક પૂર્વપદ છે જેને, એવા પુચ્છ અને પક્ષ શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ઙી' પ્રત્યય લાગે છે. **उलूकस्येव पक्षावस्याः सा = उलूकपक्षी शाला** = ઘુવડના જેવી પાંખવાળી શાળા.

क्रीतात् करणादेः ॥ २-४-४४ ॥

કરણ-સાધનવાચક નામ છે આદિમાં જેને, એવા ક્રીત શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ઙી' પ્રત્યય લાગે છે. **अश्वेन क्रीयते स्म इति = अश्वक्रीती** = ઘોડાવડે ખરીદેલી.

क्तादऽल्पे ॥ २-४-४५ ॥

કરણવાચક નામ છે આદિમાં જેને એવા ક્ત પ્રત્યાન્ત શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો, 'ઙી' પ્રત્યય લાગે છે જો અલ્પ અર્થનો વિષય હોય તો. **अभ्रेणेषद् विलिप्यते स्म इति = अभ्रविलिप्ती द्यौः** = આછાં વાદળાથી લેવાયેલ આકાશ.

स्वाङ्गादेरकृत-मित-जात-प्रतिपन्नाद् बहुव्रीहिः ॥ २-४-४६ ॥

સ્વાંગવાચક શબ્દ છે આદિમાં જેને, એવા બહુવ્રીહિ સમાસવાળા કૃત, મિત, જાત અને પ્રતિપન્ન શબ્દ વર્જિત ક્ત પ્રત્યયાન્ત

નામથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ઙી' પ્રત્યય લાગે છે. **शखौ भिन्नावस्याः सा = शंखभिन्नी** = ભેદાયેલા છે શંખ જેણીના. શંખ–ગાલ અને કાનની વચ્ચેના હાડકાં.

अनाच्छादजात्यादेर्नञ्वा ॥ २–४–४७ ॥

આચ્છાદ (ઢાંકવાનું સાધન) વર્જિત જાતિવાચક શબ્દ છે આદિમાં જેને, એવા કૃતિ, મિત, જાત અને પ્રતિપન્ન શબ્દ વર્જિત ક્ત પ્રત્યયાન્ત બહુવ્રીહિ સમાસવાળા નામથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો વિકલ્પે 'ઙી' પ્રત્યય લાગે છે **शाङ्गरो जग्घाऽनया सा = शाङ्गरजग्घी, शाङ्गरजग्धा** = સાંગરી ખાનારી.

पत्युर्नः ॥ २–४–४८ ॥

પતિ શબ્દ છે અન્તમાં જેને, એવા બહુવ્રીહિ સમાસવાળા નામથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો વિકલ્પે 'ઙી' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં 'નકાર' અન્તાગમ થાય છે. **दृढः पतिरस्याः सा = दृढपतिः, दृढपत्नी =**

सादेः ॥ २–४–४९ ॥

પૂર્વપદવાળા પતિ શબ્દને, સ્ત્રીલિંગ કરવાનું હોય તો વિકલ્પે 'ઙી' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં 'નકાર' અન્તાગમ થાય છે. **ग्रामस्य पतिः = ग्रामपत्नी, ग्रामपतिः** = ગામની ધણીયાણી.

सपत्न्यादौ ॥ २–४–५० ॥

સપત્ની વગેરે શબ્દોમાં, પતિ શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાના સંબંધમાં 'ઙી' પ્રત્યય તથા 'નકાર' અન્તાગમ થયેલ છે. **समानः पतिरस्याः सा = सपत्नी** = શોક્ય.

ऊढायाम् ॥ २-४-५१ ॥

પરણેલી સ્ત્રી એવા અર્થમા, પતિ શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ङी' પ્રત્યય લાગે છે અને 'नऽार' અન્તાગમ થાય છે. **पति + ई = पत् + न् + ई + सि = पत्नी** = પત્ની. **वृषलस्य पतिः = वृषल + पति + ई = पत् + न् + ई + सि = वृषलपत्नी** = ચંડાલે પરણેલી સ્ત્રી.

पाणिगृहीतीति ॥ २-४-५२ ॥

પરણેલી સ્ત્રીના અર્થમાં ક્યન્ત એવા પણિગૃહીતી વગરે શબ્દો 'निपातन' થાય છે. **पाणिगृहीतोऽस्याः सा = पाणिगृही** = પરણેલી સ્ત્રી.

पतिवत्न्यन्तर्वत्न्यौ भार्या-गर्भिण्योः ॥ २-४-५३ ॥

ભાર્યા અર્થમાં પતિવત્ની, તથા ગર્ભિણી અર્થમાં અન્તર્વત્ની નામો 'निपातन' થાય છે. **पतिरस्या अस्ति सा = पतिवत्नी** = સૌભાગ્યવંતી સ્ત્રી. **अन्तः पतिः यस्याः सा = अन्तर्वत्नी** = જેણીમાં પતિનો પ્રવેશ થયેલો છે તે, અર્થાત્ ગર્ભિણી સ્ત્રી. અહિં **पतिर्वै-पिता वै पुत्रो जायते** = પતિ જ-પિતા જ પુત્ર થાય છે. એવું શ્રુતિ વાક્યના આધારે જેણીમાં પતિનો પ્રવેશ થયેલ છે એમ કહેવાય છે.

जातेरयान्त-नित्यस्त्री-शूद्रात् ॥ २-४-५४ ॥

યકારાન્ત શબ્દો, નિત્યસ્ત્રીલિંગ શબ્દો, તથા શૂદ્રવાચક શબ્દો વર્જિત, જાતિવાચક અકારાન્ત શબ્દોથી પર સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ङी' પ્રત્યય લાગે છે. **कुक्कुटी** = કુકડી. (જાતિ ત્રણ પ્રકારની

છે. જેમકે–એકવાર ઉપદેશ કરે છતે જાણી શકાય અને ત્રણ લિંગમાં વર્તમાન ન હોય તે જેમ–**ब्राह्मणत्वादि जातिः** । ગોત્ર પ્રત્યયાન્ત નામ તે જાતિ કહેવાય છે, જેમ–**नाडायनी** = નડની પુત્રી. ઋતુવાચક નામ તે પણ જાતિ કહેવાય છે. જેમ **कठी** = કઠ ગોત્રની સ્ત્રી.)

पाक - कर्ण - पर्ण - वालान्तात् ॥ २–४–५५ ॥

પાક, કર્ણ, પર્ણ અને વાલ શબ્દો, સમાસના અન્તે આવેલ હોય તેવા જાતિવાચક શબ્દોથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ઙી' પ્રત્યય લાગે છે. **ओदनस्येव पाकोऽस्याः सा = आदनपाकी** = એ નામની વનસ્પતિ, કાંટા શેળીયો.

असत् - काण्ड - ग्रान्त - शतैकाञ्चः पुष्पात् ॥ २–४–५६ ॥

સત્, કાંડ, પ્રાંત, શત, એક અને અગ્ય્ વર્જિત શબ્દથી પર, સમાસના અન્તે પુષ્પ શબ્દ આવેલ હોય તો, જાતિવાચક શબ્દથી પર સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ઙી' પ્રત્યય લાગે છે. **शंखपुष्पी** = એ નામની ઔષધિ.

असम् - भस्त्रा - ऽजिनैक - शण - पिण्डात् फलात् ॥ २–४–५७ ॥

સમ્, ભસ્ત્રા, અજિન, એક શણ અને પિંડ શબ્દ વર્જિત શબ્દથી પર, સમાસના અન્તે જાતિવાચક ફલ શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ઙી પ્રત્યય લાગે છે. **दासीफली** = અ નામની ઔષધિ.

अनञो मूलात् ॥ २–४–५८ ॥

નઞ્ (નિષેધવાચક અ) વર્જિત શબ્દથી પર સમાસના અન્તે

જાતિવાચક મૂલ શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ઙી' પ્રત્યય લાગે છે. **દસમૂલી** = એ નામની ઔષધિ.

ધવાદ્ યોગદપાલકાન્તાત્ ॥ ૨–૪–૫૯ ॥

પાલક શબ્દ વર્જિત ભર્તા (પતિના સંબંધને કારણે બનેલા હોય, અર્થાત્ જે શબ્દ પતિવાચક હોય, તે જ શબ્દ સ્ત્રીવાચક થતો હોય) વાચક અકારાન્ત નામથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ઙી' પ્રત્યય લાગે છે. **પ્રષ્ઠસ્ય ભાર્યા = પ્રષ્ઠી** = પ્રષ્ઠ નામના પતિની સ્ત્રી, આગેવાન સ્ત્રી. **ગણકસ્ય ભાર્યા = ગણકી** = ગણક નામના પતિની સ્ત્રી, ગણનાર સ્ત્રી.

પૂતક્રતુ - વૃષાકપ્યગ્નિ - કુસિત - કુસીદાદૈ ચ ॥ ૨–૪–૬૦ ॥

પતિના સંબંધના કારણે બનેલ હોય તેવા પૂતક્રતુ, વૃષાકપિ, અગ્નિ, કુસિત અને કુસીદ શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ઙી' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં 'ઐ' અન્તાદેશ થાય છે. **પૂતક્રતુર્ભાર્યા = પૂતક્રતાયી** = પૂતક્રતુની સ્ત્રી.

મનોરૌ ચ વા ॥ ૨–૪–૬૧ ॥

પતિના સંબંધવાળા મનુ શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ઙી' પ્રત્યય લાગે તે. અને તેના યોગમાં 'ઔ' અને 'ઐ' અન્તાદેશ થાય છે. **મનોર્ભાર્યા = મનાવી, મનાયી, મનુઃ** = મનુની પત્ની

વરુણેન્દ્ર - રુદ્ર - ભવ - શર્વ - મૃડાદાન્ ચાન્તઃ ॥ ૨–૪–૬૨ ॥

પતિના સંબંધવાળા વરુણ, ઇન્દ્ર, રુદ્ર, ભવ, શર્વ અને મૃડ શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ઙી' પ્રત્યય લાગે છે.

અને તેના યોગમાં '**આન્**' અન્તાગમ થાય છે. **वरुणस्यभार्या** = **वरुणानी** = વરૂણની પત્નિ

मातुला-ऽऽचार्योपाध्यायाद् वा ॥ २-४-६३ ॥

પતિના સંબંધથી સ્ત્રીવાચક થયેલા એવા માતુલ, આચાર્ય અને ઉપાધ્યાય શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો '**ઙી**' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં વિકલ્પે '**आन्**' અન્તાગમ થાય છે. **मातुलस्य भार्या** = **मातुलानी, मातुली** = મામી.

सूर्याद् देवतायां वा ॥ २-४-६४ ॥

પતિના સંબંધથી થયેલ સ્ત્રીવાચક દેવતારૂપ થયેલ હોય, તેવા સૂર્ય શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો '**ઙી**' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં વિકલ્પ '**आन्**' અન્તાગમ થાય છે. **सूर्याणि, सूर्या** = સૂર્યની દેવતારૂપસ્ત્રી.

यव-यवना-ऽरण्य-हिमाद् दोष-लिप्यरु-महत्वे ॥ २-४-६५ ॥

યવ, યવન, અરણ્ય અને હિમ શબ્દથી પર, દોષ, લિપિ, ઉરૂ (વિશાળતા) અને મહત્વરૂપ અર્થ જણાતો હોય તો, સ્ત્રીલિંગી કરવાનું હોય તો '**ઙી**' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં '**आन्**' અન્તાગમ થાય છે. **दुष्टो यवः** = **यवानी** = દુષિત યવ, ખરાબ જવ. **यवनानां लिपि** = **यवनानी** = યવનોની લિપી.

अर्य-क्षत्रियाद् वा ॥ २-४-६६ ॥

અર્ય અને ક્ષત્રિય શબ્દથી પર સ્ત્રીલિંગી કરવાનું હોય તો

વિકલ્પે 'ङी' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં વિકલ્પે 'आन्' અન્તાગમ થાય છે. **अर्या, अर्याणी** = એ નામની સ્ત્રી. (અહિં "**स्वामि० [५-१-३३]**" એ સૂત્રથી 'अर्य' (ऋ થી य પ્રત્યય લાગીને થયો છે. જેથી વૈશ્યની સ્ત્રી એવો પણ અર્થ થાય છે.)

यञो-ऽायन् च वा ॥ २-४-६७ ॥

यञ् પ્રત્યયાન્તવાળા નામથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ङी' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં 'ङायन्' (आयन्) અન્તાગમ થાય છે. **गर्गस्यापत्यम्** = **गर्ग + यञ् + सि = गार्ग्य + आयन् + ई = गार्ग्यायणी, गार्गी** = ગર્ગ ઋષિની પુત્રી. (અહિં "**गर्गादेः० [६-१-४२]**" એ સૂત્રથી 'यञ्' પ્રત્યય થવાથી **गार्ग्यायणी** થયું અને "**तद्धित० [२-४-९२]**" એ સૂત્રથી 'य' નો લોપ થઈ 'गार्गी' થયું)

लोहितादि शकलान्तात् ॥ २-४-६८ ॥

यञ् પ્રત્યયાન્ત એવા લોહિત શબ્દથી શકલાન્ત શબ્દ સુધીના શબ્દોથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ङी' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં 'ङायन्' અન્તાગમ થાય છે. **लौहित्यायनी** = બ્રહ્મપુત્ર નંદની સ્ત્રી.

षा-ऽवटाद् वा ॥ २-४-६९ ॥

यञ् પ્રત્યયાન્ત ષકારાન્ત નામથી તથા અવટ શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો વિકલ્પે 'ङी' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં 'ङायन्' અન્તાગમ થાય છે. **पौतिमाष्यायणी, पौतिमाष्या** = પૂતિમાસની પુત્રી.

कौरव्य-माण्डूका-ऽऽसुरः ॥ २-४-७० ॥

કૌરવ્ય, માંડૂક અને અસુર શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો '**ઙી**' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં '**ડાયન્**' અન્તાગમ થાય છે. **कौरव्यायणी** = કુરૂદેશના રાજાની પુત્રી

इञ ईतः ॥ २-४-७१ ॥

ઈઞ્ પ્રત્યયાન્તવાળા ઈકારાન્ત નામથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો '**ઙી**' પ્રત્યય લાગે છે. **सुतंगमेन निवृतेति = सौतंगमी** એ નામની નગરી.

नुर्जातेः ॥ २-४-७२ ॥

મનુષ્યજાતિવાચક ઈકારાન્ત નામથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો '**ઙી** પ્રત્યય લાગે છે. **कुन्तेरपत्यं स्त्री = कुन्ती** = કુન્તી

उतोऽप्राणिनश्चायु-रज्ञवादिभ्य ऊङ् ॥ २-४-७३ ॥

ઉકારાન્તવાળા શબ્દો, તથા રજ્ઞવાદિ શબ્દો વર્જિત મનુષ્ય જાતિવાચક તથા પ્રાણિભિન્ન જાતિવાળા એવા ઉકારાન્ત નામથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો '**ઊઙ્**' (**ઊ**) પ્રત્યય લાગે છે. **कुरोरपत्यं स्त्री = कुरूः** = કુરૂ રાજાની પુત્રી

बाह्वन्त कद्रु-कमण्डलोर्नाम्नि ॥ २-४-७४ ॥

બાહુ છે અન્તમાં જેને એવા શબ્દો, તથા કદ્રુ અને કમંડલુ શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો '**ઊઙ્**' પ્રત્યય લાગે છે. જો વિશેષ નામસંજ્ઞા હોય તો **मद्रौ बाहू यस्याः सा = मद्रबाहूः** = એ નામની સ્ત્રી.

उपमान - सहित - संहित - सह - शफ - वाम - लक्ष्मणाद्युरोः ॥ २–४–७५ ॥

ઉપમાનવાચક શબ્દો, તથા સહિત, સંહિત, સહ, શફ, વામ અને લક્ષ્મણ શબ્દોથી પર રહેલ સમાસવાળા ઊરૂ શબ્દથી પર સ્ત્રી-લિંગી કરવાનું હોય તો 'ઊઙ્' પ્રત્યય લાગે છે. **करभ इव ऊरू यस्याः सा = करभोरूः** = ઉંટના ઊરૂ જેવા ઊરૂવાળી સ્ત્રી, પાતળા ઊરૂવાળી સ્ત્રી, અર્થાત્ ઉત્તમ સ્ત્રી.

नारी - सखी - पङ्गू - श्वश्रू ॥ २–४–७६ ॥

ઙ્યન્ત (દીર્ઘ ઈકારાન્ત) ઊઙન્ત (દીર્ઘ ઊકારાન્ત) એવા અનુક્રમે નારી, સખી, પંગૂ અને શ્વશ્રૂ **'निपातन'** થાય છે. **नारी** = સ્ત્રી.

युनस्तिः ॥ २–४–७७ ॥

મુખ્ય એવા युवन् શબ્દથી પર, સ્ત્રીલિંગી કરવાનું હોય તો **'ति'** પ્રત્યય લાગે છે **युवतिः** = યુવાન સ્ત્રી.

अनार्षे वृद्धोऽणिञो बहुस्वर - गुरूपान्त्यस्या - ऽन्तस्य ष्यः ॥ २–४–७८ ॥

આર્ષ (ઋષિ) ભિન્ન અર્થમાં વિધાન કરાયેલ अण् અને इञ् પ્રત્યય, તે છે અન્તે જેને, એવા બહુસ્વરવાળા અને ઉપાન્ત્યમાં ગુરૂ સ્વરવાળા જે નામ, તેને અન્તે સ્ત્રીલિંગી કરવાનું હોય તો **'ष्य'** (य) આદેશ થાય છે, **करीषस्येव गन्धोऽस्य = करीष-गन्धिः, तस्यापत्यं पौत्रादिस्त्री = करीषगन्धि + अण् =**

करीषगन्ध्य + ष्य + आप् = कारीषगन्ध्या = ભરવાડની પુત્રી. **बलका + इञ् = बालाकि + ष्य + आप् = बालक्या** = એ નામની સ્ત્રી.

कुलाख्यानम् ॥ २–४–७९ ॥

આર્ષભિન્ન અર્થમાં વિધાન કરાયેલ અણ્ અને ઇઞ્ પ્રત્યય, તદન્ત કુલવાચક જે નામ, તેના અન્તે સ્ત્રીલિંગી કરવાનું હોય તો '**ष्य**' આદેશ થાય છે. **पुणिकस्यापत्यं पौत्रादि स्त्री = पौणिक्या** = પુણિક ઋષિની પુત્રી.

क्रोड्यादिनाम् ॥ २–४–८० ॥

અણ્ અને ઇઞ્ પ્રત્યયવાળા જે ક્રોડ વગેરે નામો, તેના અન્તે સ્ત્રીલિંગી કરવાનું હોય તો '**ष्य**' આદેશ થાય છે. **क्रोडस्यापत्यं स्त्री = क्रोड + इञ् = क्रौडी + ष्य + आप् = क्रोड्या** = ક્રોડની પુત્રી.

भोज-सूतयोः क्षत्रिया-युवत्योः ॥ २–४–८१ ॥

ક્ષત્રિયના અર્થમાં ભોજ શબ્દના તથા યુવતિ અર્થમાં સૂત શબ્દના અન્તે, સ્ત્રીલિંગી કરવાનું હોય તો '**ष्य**' આદેશ થાય છે. **भोज्या** = ભોજવંશની ક્ષત્રિયાણી, **सूत्या** = યુવાન સ્ત્રી.

दैवयज्ञि-शौचवृक्षि-सात्यमुग्रि-काण्ठेविद्धेर्वा ॥ २–४–८२ ॥

ઇઞ્ પ્રત્યયવાળા એવા દૈવયજ્ઞિ, શૌચવૃક્ષિ, સાત્યમુગ્રિ અને કાંઠેવિદ્ધિ શબ્દના અન્તે, સ્ત્રીલિંગી કરવાનું હોય તો વિકલ્પે '**ष्य**' આદેશ થાય છે. **दवयज्ञ्या, दैवयज्ञी** = બ્રહ્મપુત્ર નંદની પુત્રી.

ષ્યા પુત્ર - પત્યોઃ કેવલયોરીચ્ તત્પુરુષે ॥ ૨–૪–૮૩ ॥

મુખ્ય આપન્ત – જેને અન્તે આપ્ પ્રત્યય છે એવા ષ્ય (ષ્યા) પ્રત્યયનો, કેવલ–એકલો જ પુ અને પતિ શબ્દ પર છતાં, તત્પુરુષના વિષયમાં સ્ત્રીલિંગી કરવાના હોય તો 'ઈચ્' (દીર્ઘ ઈ) આદેશ થાય છે. અર્થાત્ ષ્યા ને બદલે ઈચ્ થાય છે. **કારીષગન્ધ્યાયાઃ પુત્રઃ = કારીષગન્ધ્યા + ઈચ્ + પુત્રઃ = કારીષગન્ધીપુત્રઃ** = કારીષગન્ધીનો પુત્ર.

બન્ધૌ બહુવ્રીહૌ ॥ ૨–૪–૮૪ ॥

મુખ્ય આપન્ત જે ષ્ય (ષ્યા) તેનો, કેવલ બન્ધુ શબ્દ પર છતાં, બહુવ્રીહિ સમાસના વિષયમાં સ્ત્રીલિંગી કરવાનું હોય તો 'ઈચ્' આદેશ થાય છે. **કારીષગન્ધ્યા બન્ધુરસ્યાઃ સા = કારીષગન્ધીબન્ધુઃ** = કારીષગન્ધીનો પુત્ર જેનો ભાર્યા છે.

માત–માતૃ–માતૃકે વા ॥ ૨–૪–૮૫ ॥

મુખ્ય આપન્ત એવો ષ્યા પ્રત્યયનો, બહુવ્રીહિ સમાસના વિષયમાં, કેવલ માત, માતૃ અને માતૃક શબ્દ પર છતાં સ્ત્રીલિંગી કરવાનું હોય તો વિકલ્પે 'ઈચ્' આદેશ થાય છે. **કારીષગન્ધ્યા માતા યસ્યઃ સ = કારીષગન્ધીમાતઃ કરીષગન્ધ્યામાતઃ** = જેની માતા કરીષગન્ધી છે એવો.

અસ્ય ડ્યાં લુક્ ॥ ૨–૪–૮૬ ॥

અકારાન્તનામના અકારનો, ડી પ્રત્યય પર છતાં 'લુક્' થાય

છે. **मद्रे चरतीति = मद्रचर् + ई = मद्रचार् + ई + मद्रचरी** = મદ્રદેશમાં રહેનારી.

मत्स्यस्य यः ॥ २-४-८७ ॥

મત્સ્ય શબ્દના યકારનો, ઙી પ્રત્યય પર છતાં 'लुक्' થાય છે. **मत्स्य + ई = मत्स् + ई = मत्सी**=માછલી.

व्यञ्जनात् तद्धितस्य ॥ २-४-८८ ॥

વ્યંજનથી પર રહેલ તદ્ધિત પ્રત્યય સંબંધિ યકારનો, ઙી પ્રત્યય પર છતાં 'लुक्' થાય છે. **मनोरपत्यं स्त्री = मनुष्य + ई = मनुष् + ई = मनुषी** = મનુષ્ય સ્ત્રી.

सूर्या-ऽगस्त्ययोराये च ॥ २-४-८९ ॥

સૂર્ય અને અગસ્ત્ય સંબંધિ યકારનો, ઙી પ્રત્યય પર છતાં 'लुक्' થાય છે. **सूर्यस्य भार्या मानुषी=सूर्य + ई = सूर् + ई = सूरी** = સૂર્યની મનુષ્ય સ્ત્રી, કુન્તા. **सूर्य = सौर्य + ईय = सौर् + ईय = सौरीयः** = સૂર્યનો પ્રકાશ.

तिष्य-पुष्ययोर्भाणि ॥ २-४-९० ॥

તિષ્ય અને પુષ્ય સંબંધિ યકારનો, નક્ષત્ર અર્થમાં વિધાન કરાયેલ અણ્ પ્રત્યય પર છતાં 'लुक्' થાય છે. **तिष्येण चन्द्रयुक्तेन युक्ता = तिष्य + अण् = तैष् + ई = तैषी रात्रिः** = તિષ્યનક્ષત્ર-વાળી રાત્રિ, પોષ પૂર્ણિમા.

अपत्यस्य क्य-क्व्योः ॥ २-४-९१ ॥

અપત્ય અર્થમાં વિધાન કરાયેલ વ્યંજનથી પર રહેલ જે યકાર,

તેનો ક્ય અને ચ્વિ પ્રત્યય પર છતાં 'લુક્' થાય છે. **गर्गस्यापत्यम् = गर्ग + यञ् = गार्ग्य, गार्ग्यमिच्छतीति = गार्ग्य + क्यन्(य) + तिङ् = गार्गीयति** = ગાર્ગ્યને ઈચ્છે છે. **गगस्यापत्यं गार्ग्यः, न गार्ग्यः = अगार्ग्यः, अगार्ग्यः गार्ग्यो भूतः = गार्ग्य + च्वि + भूतः = गार्गीभूतः** = જે પહેલા ગાર્ગ્ય ન હતો પણ પછી ગાર્ગ્ય થયો.

तद्धित - यस्वरेऽनाति ॥ २-४-९२ ॥

વ્યંજનથી પર રહેલ અપત્ય અર્થમાં વિધાન કરાયેલ યકારનો, તદ્ધિત સંબંધિ યકાર અને આકાર વર્જિત સ્વરાદિ પ્રત્યય પર છતાં 'લુક્' થાય છે. **गार्ग्ये साधुः = गार्ग्य + य + सि = गार्ग्यः** = ગર્ગવંશમાં સારો.

बिल्वकीयादेरीयस्य ॥ २-४-९३ ॥

કીય પ્રત્યયાન્ત બિલ્વાદિ (બિલ્વકીયાદિ) શબ્દોના કીય પ્રત્યય સંબંધિ ઈયનો, યકારાદિ અને સ્વરાદિ તદ્ધિત પ્રત્યય પર છતાં 'લુક્' થાય છે. **बिल्वाः सन्त्यस्यामिति - बिल्व + कीय + आप् = बिल्वकीया, तस्यां भवा = बिल्वकीया + अण् + अस्** = **बैल्वकाः** = જેમાં બિલાં છે તે બિલ્વકીયા નામની નદી.

न राजन्य - मनुष्ययोरके ॥ २-४-९४ ॥

રાજન્ય અને મનુષ્ય શબ્દ સંબંધિ યકારનો, અક્ પ્રત્યય પર છતાં 'લુક્' થાય છે. **राजन्यानां समूहः = राजन्यकम्** = રાજકુમારોનો સમૂહ.

ङ्यादेर्गौणस्याऽक्षिप्तस्तद्धितलुक्यगोणी - सूत्र्योः ॥ २-४-९५ ॥

કૃદન્ત સંબંધિ ક્વિપ્ પ્રત્યય વર્જિત ગૌણનામથી સ્ત્રીલિંગમાં વિધાન કરાયેલ ડી પ્રત્યય, આની પ્રત્યય, તિ પ્રત્યય તથા ઉક્રરાન્ત નામને લાગેલ ઊંઙ્ પ્રત્યય વગેરે સર્વ પ્રત્યયનો, જો તદ્ધિત પ્રત્યયનો લોપ થયો હોય તો '**ઙ્યુક્**' થાય છે. પરંતુ તે 'ડી' વગેરે પ્રત્યયો ગુણી અને સૂચી શબ્દ સંબંધિ ન હોય તો **सप्तकुमारी** = **सप्तकुमारः**=સાતકુમારી ૩૫ દેવતા છે જેને, **पञ्चेन्द्राणी** = **पञ्चेन्द्रः** = પાંચ ઈન્દ્રાણી જેનો દેવ છે. **पञ्चयुवति** = **पञ्चयुवा** = પાંચ યુવતિથી ખરીદાયેલ. **द्विषङ्गु** = **द्विपंगुः** = બે પાંગળી સ્ત્રીથી ખરીદાયેલ.

गोश्चान्ते ह्रस्वोऽनशिसमासेयोबहुव्रीहौ ॥ २-४-९६ ॥

સ્ત્રીલિંગમાં વિધાન કરાયેલ ડી, આની, તિ અને ઊંઙ્ વગેરે પ્રત્યયો અન્તે છે જેને, એવા કૃદન્ત સંબંધિ ક્વિપ્ પ્રત્યય વર્જિત ગૌણનામના અન્તનો, તથા બહુવ્રીહિ સમાસવાળા ગૌણનામરૂપ જે ગો શબ્દ તેના અન્તનો '**હ્રસ્વ**' થાય છે. જે નામના અન્ત્ય સ્વર હ્રસ્વ કરવાનો હોય તે નામ અંશિસમાસના અન્તે ન હોવું જોઈએ, તથા ષ્ટચ્ પ્રત્યયાન્ત જે નામ તે બહુવ્રીહિ સમાસના અન્તે આવેલ હોવું ન જોઈએ. **कौशाम्ब्याः निर्गतः निष्कौशाम्बी** = **निष्कौशाम्बिः** = કૌશાંબીથી નીકળેલો. **चित्रा गावो यस्य सः** = **चित्रगुः** = ભાંભરચીતરી ગાયવાળો.

क्लीबे ॥ २-४-९७ ॥

નપુંસકલિંગમાં વર્તમાન સ્વરાન્ત નામના અન્ત્ય સ્વરનો '**હ્રસ્વ**' થાય છે. **कीलालपा** = **कीलालपः** = પાણી પનાર

वेदूतोऽनव्ययस्यदीच् ङीयुवः पदे ॥ २-४-९८ ॥

દીર્ઘ ઈ અને દીર્ઘ ઊ નામના અન્તનો, ઉત્તરપદ પર છતાં વિકલ્પે 'હ્રસ્વ' થાય છે. જો તે ઈકાર અને ઊકાર અવ્યય સંબંધિ, ય્વૃત્ (યના સ્થાને થતા ઈ તથા વના સ્થાને થતો ઉ) સંબંધિ, ઇય્ અને ઉવ્ પ્રત્યય સંબંધિ, તથા જેના સ્થાનમાં ઇય્ થાય કે ઉવ્ થાય એવા દીર્ઘ ઈ અને દીર્ઘ ઊ હોવો ન જોઈયે. **लक्ष्मिपुत्रः, लक्ष्मीपुत्रः**=લક્ષ્મીનો પુત્ર. **खल्पुपुत्रः, खल्पूपुत्रः** = ખળું સાફ કરનારનો પુત્ર.

ङ्यापो बहुलं नाम्नि ॥ २-४-९९ ॥

ઙી પ્રત્યયાન્ત નામનો અને આપ્ પ્રત્યયાન્ત નામના અન્તનો, ઉત્તરપદ પર છતાં બહુલપ્રકારે 'હ્રસ્વ' થાય છે. જો કોઇના નામની સંજ્ઞા ન હોય તો. બહુલપ્રકાર એટલે ક્યાંય થાય, ક્યાંય ન થાય, ક્યાંય વિકલ્પે થાય તથા ક્યાંય જણાવેલ કરતાં જુદુ પણ થાય. અર્થાત્ બહુલપ્રકારે કરેલ વિધાનમાં પૂર્વ પ્રયોગને અનુસરવાનું છે. પણ વક્તાની ઇચ્છા કામ આવતી નથી. **भरणिगुप्तः** = નામ વિશેષ (અહિં નિત્ય હ્રસ્વ થયો) **रेवतिमित्रः, रेवतीमित्रः** = નામ વિશેષ. (અહિં વિકલ્પે હ્રસ્વ થયો)

त्वे ॥ २-४-१०० ॥

ઙી પ્રત્યયાન્ત અને આપ્ પ્રત્યયાન્ત નામના અન્તનો, ત્વરૂપ ઉત્તરપદ પર છતાં બહુલપ્રકારે 'હ્રસ્વ' થાય છે. **रोहिणीत्वम्, रोहिणित्वम्** = રોહિણીપણુ, રોહિણીનો ધર્મ.

भ्रुवोऽच्च कुंस-कुटयोः ॥ २-४-१०१ ॥

ભ્રુશબ્દના અન્તનો, કુંસ અને કુટિ રૂપ ઉત્તરપદ પર છતાં 'હ્રસ્વ' અને 'અકાર' થાય છે. **भ्रुकुंसः, भ्रकुंसः** = સ્ત્રીવેશધારી નટ.

माले पीकेष्टकस्याऽन्तेऽपि मारि - तूल - चिते ॥ २-४-१०२ ॥

એકલા જ હોય અથવા સમાસને અન્તે હોય એવા માલા, ઈષીકા અને ષ્ટકા શબ્દના અન્તનો, અનુક્રમે ભારિન્, તૂલ અને ચિત શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં ' હ્રસ્વ ' થાય છે. **माला + मारिन्** = **मालभारी** = માળાને ધારણ કરનારી.

गोण्यामेये ॥ २-४-१०३ ॥

મેય એટલે માપવા અર્થમાં વર્તમાન ગોણી શબ્દના અન્તનો ' હ્રસ્વ ' થાય છે. **गोण्या मितः** = **गोणिः** = ગોણીથી માપેલું, અર્થાત્ એક ગુણી અનાજ.

ङ्यादीदूतः के ॥ २-४-१०४ ॥

ડી પ્રત્યયનો, આકારનો, તથા દીર્ઘ ઈ અને દીર્ઘ ઊ નો, ક પ્રત્યય પર છતાં ' હ્રસ્વ ' થાય છે. **पट्टी + का** = **पट्टिका** = હોંશિયાર સ્ત્રી.

न कचि ॥ २-४-१०५ ॥

ડી પ્રત્યયનો, આકારાનો, દીર્ઘ ઈ અને દીર્ઘ ઊ નો કચ્ પ્રત્યય પર છતાં ' હ્રસ્વ ' થતો નથી. **बहवः कुमार्य यस्मिन् सः** = **बहुकुमारिकः** = બહુકુમારિકાઓ છે જેને.

नद्याऽऽपः ॥ २-४-१०६ ॥

આપ્ પ્રત્યયાન્તવાળા નામના અન્તનો, વિકલ્પે ' હ્રસ્વ ' થાય

છે. **प्रियखट्वाकः, प्रियखट्वकः** = ઘાટલો પ્રિય છે જેને.

इच्चाऽपुंसोऽनित्क्याप्परे ॥ २-४-१०७ ॥

આપ્ પ્રત્યયની પૂર્વે કોઈ પણ વિભક્તિ આવેલ ન હોય તેવા ઇત્સંજ્ઞક (કપન્, અકન્ વગેરે પ્રત્યયનો ક ઇત્સંજ્ઞક છે) ભિન્ન ક્કાર સાથે સંબંધ રાખતો ન હોય તેવા ક્કાર (ક + આપ્) પર છતાં, અપુંલિંગાર્થક નામથી (અવિશેષણરૂપ નામથી) પર વિધાન કરાયેલ જે આપ્ પ્રત્યય, તેના આકારનો વિકલ્પે 'ઈકાર' અને 'હ્રસ્વ' થાય છે. **अल्पा खट्वा = खट्व + आप् +क+आप् = खट्वका, खट्विका, खट्वाका** = નાની ઘાટલી. **दुर्गा + का = दुर्गका** અહિ આ સૂત્ર નથી લાગતું કારણ ક નો સંબંધ કપન્ (ઇત્સંજ્ઞક છે) પ્રત્યય સાથે છે. જેથી "**ङ्याद्दी० [२-४-१०४]**" એ સૂત્રથી 'હ્રસ્વ' થયો છે. **प्रिया खट्वा यस्य सः** = આ પ્રયોગમાં ક પછી તરત જ આપ્ પ્રત્યય નથી પણ વિભક્તિ છે. તેથી હ્રસ્વ કે ઇકાર ન થયો. તથા **सर्व + आ = सर्वा + अका = सर्विका, सर्वाका**. ત્યાં પણ આ સૂત્ર ન લાગે કારણ સર્વ શબ્દ વિશેષણરૂપ હોવાથી પુલિંગરૂપ પણ થાય છે. પરંતુ "**अस्याऽयत्० [२-४-१११]**" એ સૂત્રથી 'ઈ' થયો છે.

स्व - ज्ञा - ऽज - भस्त्रा - ऽधातु - त्य - य - कात्
॥ २-४-१०८ ॥

આપ્ પ્રત્યય જ પર છે જેને, એવા કપન્-અકન્ વગેરે ઇત્સંજ્ઞક એવા ક પ્રત્યય સાથે સંબંધ ન રાખતા હોય, તેવા ક્કાર (ક + આપ્) પર છતાં, સ્વ, જ્ઞા, અજ અને ભસ્ત્રા શબ્દો, તથા ધાતુ વર્જિત, ત્ય પ્રત્યય વર્જિત જે યકાર અને ક્કાર તેથી પર વિધાન કરાયેલ જે આપ્

પ્રત્યય તેના આકારનો વિકલ્પે '**ઇકાર**' થાય છે. **कुत्सिता स्व ज्ञातिः = स्वा + का = स्विका, स्वका** = ખરાબ જ્ઞાતિ. **इभ्या + का = इभ्यिका, इभ्यका** = અજાણી શ્રીમંત સ્ત્રી, **चटका + का = चटकिका, चटकका** = નાની ચકલી. (અહિં "**ङ्यादी० [२-४-१०४]**" એ સૂત્રથી '**હ્રસ્વ**' થયેલ છે.

द्वि - एष - सूत - पुत्र - वृन्दारकस्य ॥ २-४-१०९ ॥

આપ્ પ્રત્યય જ પર છે જેને, એવા ઇત્સંજ્ઞક ક્કાર સાથે સંબંધ ન રાખતા હોય, તેવા ક્કાર (ક + આપ્) પર છતાં, દ્વિ, એષ, સૂત, પુત્ર અને વૃન્દારક શબ્દના અન્ત્ય સ્વરનો, વિકલ્પે '**ઇકાર**' થાય છે, **द्वा + का = द्विके, द्वके** = બે. (અહિં એતદ્ શબ્દનું સ્ત્રીલિંગમાં પ્રથમાનું એકવચન '**એષા**' લેવાનું છે. તથા **सूती+का सूतिका, सूतका** = સુવાવડી, સારૂં વણનારી. અહિં સૂતી શબ્દ બે રીતે બનેલ છે. એક **सूती** અંખડ શબ્દ છે, બીજો **स + ऊती = सूती** શબ્દ બનેલ છે. જેનો અર્થ સારૂ વણનારી થાય છે.)

वौ वर्तिका ॥ २-४-११० ॥

પક્ષી અર્થમાં વર્તિકા શબ્દ વિકલ્પે '**નિપાતન**' થાય છે. **वर्तिका, वर्तका** = પક્ષી વિશેષ.

अस्या - ऽयत् - तत् - क्षिपकादीनाम् ॥ २-४-१११ ॥

આપ્ પ્રત્યય જ પર છે જેને, એવા ઇત્સંજ્ઞક અકન્, કપન્ વગેરે પ્રત્યય સાથે સંબંધ ન રાખતા હોય તેવા ક્કાર (ક + આપ્) પર છતા, યત્, તત્ અને ક્ષિપકાદિ વર્જિત અન્ય શબ્દના અન્ત્ય સ્વરના અકારનો '**ઇકાર**' થાય છે. **पाच - क + आप् = पाचिका** = પકાવનારી, રાંધનારી.

नरिका - मामिका ॥ २-४-११२ ॥

નરિકા અને મામિકા શબ્દ ' **निपातन** ' કરાય છે. **नरान् कायति - वर्णयतीति = नरिका** = માણસોને બોલાવનારી, માણસના વર્ણન કરનારી. **मामिका** = મારી.

तारका-वर्णका-अष्टका ज्योतिस्-तान्तव-पितृदेवत्ये ॥ २-४-११३ ॥

તારકા, વર્ણકા અને અષ્ટકા શબ્દો, અનુક્રમે જ્યોતિષ (તારા), તાન્તવ (ઓઢવાનું સુતરાઉ વસ્ત્ર) અને પિતૃદેવત્ય (પિતાના શ્રાદ્ધ-રૂપ કર્મ) અર્થમાં ' **निपातन** ' થાય છે. **तारका** = તારા, **वर्णका** = એક પ્રકારનું ઓઢવાનું સુતરાઉ વસ્ત્ર. **अष्टका** = પિતૃ-દેવતા સંબંધિ કર્મકાંડ, પિતાનું શ્રાદ્ધ.

[इति स्त्रीप्रत्ययविधानम्]


॥ इत्याचार्य श्री हेमचन्द्रविरचिते सिद्धहेमशब्दानुशासने श्रीविजयमहिमाप्रभसूरिकृत-बालबोधिनीवृत्तेः द्वितीयाऽध्यायस्य चतुर्थपादः ॥

श्रीमूलराजक्षितिपस्य बाहु -
बिभर्ति पूर्वाचलशृङ्ग शोभाम् ।
संकोचयन् वैरिमुखाम्बुजानि,
यस्मिन्नयं स्फुर्जति चन्द्रहासः ॥ ८ ॥

દુશ્મનના મુખરૂપી કમલોને સંકોચાવનાર એવું, ચંદ્રહાસ નામનું જે ખડ્ગ, તે સ્ફુરી રહ્યું છે જેમાં, એવા **મૂલરાજ** નામના રાજાનો

જે હાથ તે પૂર્વાચલના શિખરને શોભાવનાર છે. સારાંશ એ છે કે હાથનો અર્થ પ્રભા રાખીએ ત્યારે ચંદ્રની પ્રભા છે જેમાં, અર્થાત્ ચન્દ્રોદય પૂર્વાચલના શિખરને શોભાવે છે. તેમ મૂલરાજ નામના રાજાનું ચંદ્રહાસ નામનું ખડ્ગ પૂર્વાચલને શોભાવે છે અને વૈરીના મુખરૂપી કમલોને સંકોચી દે છે, અર્થાત્ વૈરીના મુખોને ઝાંખા પાડી દે છે. ૮

इति कलिकालसर्वज्ञ श्रीहमचन्द्रसूरीभगवत्प्रणीतं शब्दानुशासनस्य लघुवृत्त्यावलम्बिनि शासनसम्राट् श्रीविजयनेमिसूरीश्वर-पट्टधर श्रीविजयमद्दिमाप्रभसूरिकृत गुर्जरभाषायां बालावबोधिनीवृत्तेः



[अथ तृतीयोऽध्यायः]

[अथ प्रथमपादः]

[अथ समास प्रकरणम्]

धातोः पूजार्थस्वति-गतार्थाऽधिपरि-अतिक्रमार्थाऽतिवर्जः प्रादिरुपसर्गः पाक् च ॥ ३-१-१ ॥

ધાતુની સાથે સંબંધ ધરાવનાર, તથા ધાતુના અર્થને પ્રકાશિત કરનાર એવા, પૂજા અર્થવાળા સુ અને અંતિ શબ્દ, ગતિ અર્થવાળા અધિ અને પરિ શબ્દ, તથા અતિક્રમ અર્થવાળા અતિ શબ્દ વર્જિત પ્ર, પરા, અપ, સમ્, અનુ, અવ, નિસ્, નિર્, દુસ્, દુર્, આઙ્, નિ, વિ, પ્રતિ, પરિ, ઉપ, અધિ, અપિ, સુ, ઉદ્, અતિ અને અભિ વગેરે શબ્દો '**ઉપસર્ગ**' સંજ્ઞક થાય છે. અને તે ઉપસર્ગ ધાતુની પહેલા મૂકાય છે. **નયતિ** = લઈ જાય છે, **પ્રણયતિ** = સ્નેહ કરે છે, **પરિણયતિ** = પરણે છે. પ્ર વગેરે ઉપસર્ગ સંજ્ઞક થવાથી "**अदुरुपसर्गान्तरो** [२-३-७७]" એ સૂત્રથી નકારનો ણકાર થાય છે.

ऊर्याद्यनुकरण-च्वि-डाचश्च गतिः ॥ ३-१-२ ॥

ઊરી વગેરે શબ્દો, અનુકરણ-અવાજ વગેરેના નકલરૂપ રૂપ શબ્દો, ચ્વિ પ્રત્યયવાળા શબ્દો, ડાચ્ પ્રત્યયવાળા શબ્દો, તથા પ્ર વગેરે ઉપસર્ગો, એ બધા '**ગતિ**' સંજ્ઞક થાય છે. **ऊरी कृत्वा = ऊरीकृत्य** = સ્વીકાર કરીને, **खाट् कृत्वा = खाट्कृत्य** = ખટ્ એવા અવાજનું અનુકરણ, **अशुक्लं शुक्लं कृत्वा = शुक्लीकृत्य** = સફેદ ન હતું તે સફેદ કરીને, **पटपटा कृत्वा = पटपटाकृत्य** = પટપટ કરીને,

प्रकर्षेण कृत्वा = प्रकृत्वा=प्रकृत्य = વિશેષરૂપે કરીને. અહિં "**गति-कु०** [૩-૧-૪૨]" એ સૂત્રથી સમાસ થયો છે, તથા "**अनञः०** [૩-૨-૧૫૪]" એ સૂત્રથી કત્વા પ્રત્યયનો યપ્ આદેશ થયો છે.

कारिका स्थित्यादौ ॥ ૩-૧-૩ ॥

સ્થિતિ-મર્યાદા રહેવું, આદિ શબ્દથી યત્ન, કરવું અર્થમાં, ધાતુ સંબંધિ કારિકા શબ્દને, ' **गति** ' સંજ્ઞા થાય છે. **कारिका कृत्वा = कारिकाकृत्य** = મર્યાદા કરીને; પ્રયત્ન કર ને,ક્રિયા કરીને.

भूषा-ऽऽदर-क्षेपे अलं-सदसत् ॥ ૩-૧-૪ ॥

ભૂષા-શણગાર, આદર-સત્કાર, તથા ક્ષેપ-તિરસ્કાર અર્થમાં, અનુક્રમે ધાતુ સંબંધિ ને અલમ્, સત્ અને અસત્ શબ્દ, તે ' **गति** ' સંજ્ઞક થાય છે. **अलं कृत्वा = अलंकृत्य,** = શણગારીને; **सत् कृत्वा = सत्कृत्य** = સત્કાર કરીને, **असत् कृत्वा = असत्कृत्य** = તિરસ્કાર કરીને.

अग्रहाऽनुपदेशेऽन्तरदः ॥ ૩-૧-૫ ॥

અગ્રહ-અસ્વીકાર અને અનુપદેશ-ઉપદેશ ન દેવા અર્થમાં, અનુક્રમે ધાતુ સંબંધિ ને અન્તર્ અને અદસ્ શબ્દ, તે ' **गति** ' સંજ્ઞક થાય છે. **अन्तः हत्वा = अन्तर्हत्य** = વચ્ચે હણીને, **अदः कृत्वा = अदःकृत्य** = આ કરીને.

कर्णे-मनस्तृप्तौ ॥ ૩-૧-૬ ॥

તૃપ્તિ અર્થ જણાતે છતે, કર્ણે અને મનસ્ અવ્યયને ' **गति** '

સંજ્ઞક થાય છે. **कर्णे हत्वा = कर्णेहत्य पयः पिबति** = ખુબ ધરાઇને દુધ પીએ છે, **मनो हत्वा = मनोहत्य पयः पिबति** = ખુબ ધરાઈને પાણી પીએ છે.

पुरोऽस्तमव्ययम् ॥ ३–१–७ ॥

ધાતુ સંબંધિ જે पुरस् અને अस्तम् અવ્યય, તે 'गति' સંજ્ઞક થાય છે. **पुरः कृत्वा = पुरस्कृत्य** = આગળ કરીને, **अस्तं गत्वा = अस्तंगत्य** = અસ્ત પામીને, આથમી જઈને.

गत्यर्थ वदोऽच्छः ॥ ३–१–८ ॥

ગતિ અર્થવાળા અને वद् ધાતુ સંબંધિ જે अच्छ અવ્યય, તે 'गति' સંજ્ઞક થાય છે. **अच्छं गत्वा = अच्छगत्य** = સામે જઈને, **अच्छम् वदित्वा = अच्छोद्य** = સામે બોલીને.

तिरोऽन्तर्धौ ॥ ३ १–९ ॥

અન્તર્ધિ–છૂપાઈ જવું અર્થમાં, જે तिरस् શબ્દ, તે **'गति'** સંજ્ઞક થાય છે. **तिरः भूत्वा = तिरोभूय** = અદૃશ્ય થઈને.

कृगो नवा ॥ ३–१–१० ॥

છૂપાઈ જવું અર્થમાં, જે कृग् ધાતુ સંબંધિ જે तिरस् શબ્દ, તે 'गति' સંજ્ઞક વિકલ્પે થાય છે. **तिरस्कृत्य, तिरः कृत्वा** = છૂપું રાખીને, તિરસ્કાર કરીને.

मध्ये–पदे–निवचने मनस्युरस्यनत्याधाने ॥ ३–१–११ ॥

અનત્યાધાન–નજીક ચોંટવું અથવા આશ્ચર્ય અર્થ રહિત અર્થ-

વાળા, જે કૃગ્ ધાતુ સંબંધિ મધ્યે, પદે અને નિવચને, મનસિ અને ઉરસિ અવ્યય, તે ' **ગતિ** ' સંજ્ઞક વિકલ્પે થાય છે. **મધ્યેકૃત્ય, મધ્યે કૃત્વા** = વચમાં કરીને. **પદેકૃત્ય, પદે કૃત્વા** = પગે કરીને, **નિવચનેકૃત્ય, નિવચને કૃત્વા** = વાણીનો સંયમ કરીને, **મનસિકૃત્ય, મનસિ કૃત્વા** = નિશ્ચય કરીને, **ઉરસિકૃત્ય, ઉરસિ કૃત્વા** = હૃદયમાં કરીને.

उपाजेऽन्वाजे ॥ ३–१–१२ ॥

ઉપાજે–દુર્બલને, અન્વાજે–થાકી ગયેલાને બળ આપવાના અર્થમાં, કૃગ્ ધાતુ સંબંધિ જે ઉપાજે અને અન્વાજે અવ્યય, તે ' **ગતિ** ' સંજ્ઞક વિકલ્પે થાય છે. **उपाजेकृत्य, उपाजे कृत्वा** = દુર્બલને અથવા થાકેલાને બળ આપીને, **अन्वाजेकृत्य, अन्वाजे कृत्वा** = દુર્બલને અથવા થાકી ગયેલાને બળ આપીને.

स्वाम्येऽधिः ॥ ३–१–१३ ॥

સ્વામ્ય–સ્વામી પણું અર્થવાળો અધિ અવ્યયને કૃગ્ ધાતુ સાથે સંબંધ હોય તો, ' **ગતિ** ' સંજ્ઞા વિકલ્પે થાય છે. **चैत्रं ग्रामे अधिकृत्य, अधि कृत्वा गतः** = ચૈત્રને ગામનું મુખીપણું સોંપી ગયો,

साक्षादादिश्च्व्यर्थे ॥ ३–१–१४ ॥

ચ્વિ પ્રત્યયના અર્થવાળા સાક્ષાત્ વગેરે **શબ્દો**, કૃગ્ ધાતુના યોગમાં ' **ગતિ** ' સંજ્ઞક વિકલ્પે થાય છે. **असाक्षात्साक्षत् कृत्वेति = साक्षात्कृत्य, साक्षात् कृत्वा** = જે સાક્ષાત્ ન હતું તે સાક્ષાત્ કરીને (ગયો).

नित्यं हस्ते–पाणावुद्वाहे ॥ ३–१–१५ ॥

ઉદ્વાહ–વિવાહ અર્થમાં હસ્તે અને પાણૌ અવ્યયને, કૃગ્ ધાતુના યોગમાં નિત્ય ' ગતિ ' સંજ્ઞા થાય છે. **हस्तेकृत्य, पाणौकृत्य** = વિવાહ કરીને અથવા પાણિગ્રહણ કરીને.

प्राध्वं बन्धे ॥ ३–१–१६ ॥

બન્ધન અર્થવાળા પ્રાધ્વ શબ્દને કૃગ્ ધાતુના યોગમાં ' **ગતિ** ' સંજ્ઞા થાય છે. **प्राध्वंकृत्य** = બન્ધન વડે અનુકૂલતા કરીને.

जीविकोपनिषदौपम्ये ॥ ३–१–१७ ॥

ઉપમ્ય–સરખાપણું અર્થ જણાતે છતે, જીવિકા અને ઉપનિષદ્ અવ્યયને, કૃગ્ ધાતુના યોગમાં ' **ગતિ** ' સંજ્ઞા થાય છે. **जीविका इव कृत्वा इति = जीविकाकृत्य** = જીવિકા જેવું કરીને, **उपनिषदिव कृत्वा इति = उपनिषत्कृत्य** = રહસ્ય જેવું કરીને.

नाम नाम्नैकार्थ्ये समासो बहुलम् ॥ ३–१–१८ ॥

એક નામ બીજા નામની સાથે એકાર્થ્ય–અર્થની અપેક્ષાયે પરસ્પર સંબંધ રહેતે છતે, બહુલ પ્રકારે ' **સમાસ** ' પામે છે. સમાસનું લક્ષણ તથા અધિકાર જણાવનાર આ સૂત્ર છે. **विस्पष्टं पटुः = विस्पटपटुः** = વિશેષ સ્પષ્ટ પણે ચતુર.

[बहुव्रीहि समास]

सुज्वाऽर्थे संख्या संख्येये संख्यया बहुव्रीहिः ॥ ३–१–१९ ॥

સુજ્–વા૨, વા–વિકલ્પ અથવા સંશય અર્થમાં વર્તમાન જે સંખ્યાવાચક નામ, તે સંખ્યેય અર્થમાં વર્તમાન સંખ્યાવાચક નામની

સાથે એકાર્થીભાવ-અર્થની અપેક્ષાએ પરસ્પર સંબંધ જણાતો હોય તો, સમાસ પામે છે અને તે સમાસ ' **બહુવ્રીહિ** ' કહેવાય છે **દ્વૌ વારાવસ્ય=દ્વિ + સુઝ્ + સિ = દ્વિઃ, દ્વિઃ દશ = દ્વિદશાઃ** = બે વખત દશ-વીશ. **દ્વૌ વા ત્રયો વા = દ્વિત્રાઃ**=બે અથવા ત્રણ, અર્થાત્ સંશય છે કે બે અથવા ત્રણ પુરૂષો કહાય (શૂરવીર નીકળે). અહિં સંખ્યાવાચક શબ્દ (દ્વિ) વિકલ્પ કે સંશય સાથે સંબંધ રાખે છે.

आसन्नदूराधिकाध्यर्द्धार्द्धादिपूरणं द्वितीयाद्यन्यार्थे ॥ ३-१-२० ॥

આસન્ન, અદૂર, અધિક, અધ્યર્ધ અને અર્ધ છે પૂર્વપદ જેને એવું પૂરણ પ્રત્યયવાળું નામ, તે સંખ્યાવાચક નામની સાથે એકાર્થીભાવ રહેતે છતે સમાસ પામે છે, અને તે સમાસ જે દ્વિતીયાદિ વિભક્તિ વાળા અન્યપદનો અર્થ મુખ્યપણે સંખ્યેયરૂપ અર્થ સુચવતો જણાતો હોય તો. અને તે સમાસ ' **બહુવ્રીહિ** ' કહેવાય છે. **आसन्ना दश येषां येभ्यो वा = आसन्नदशाः** = નજીક છે દશ જેને અર્થાત્ નવ અથવા અગીયાર. **अर्धपञ्चमा विंशतयः येषु ते = अर्धपञ्चमविंशाः** = જેમાં ચાર વીશી આખી છે અને પાંચમી વિશી અડધી છે તે અર્થાત્ ૨૦ × ૪ = ૮૦ + ૧૦ = ૯૦.

अव्ययम् ॥ ३-१-२१ ॥

અવ્યયરૂપ નામ, સંખ્યાવાચક નામની સાથે એકાર્થીભાવ રહેતે છતે સમાસ પામે છે અને તે જે દ્વિતીયાદિ વિભક્તિવાળા અન્યપદનો અર્થ મુખ્યપણે સંખ્યેયરૂપ અર્થ સૂચવતો જણાતો હોય તો. અને તે સમાસ ' **બહુવ્રીહિ** ' કહેવાય છે. **उप-समीपे दश येषां ते = उपदशाः** = નવ અથવા અગીયાર.

एकार्थं चानेकं च ॥ ३–१–२२ ॥

એકાર્થ–પરસ્પર વિશેષ્ય વિશેષણ સંબંધ નામ, જેમનો પરસ્પર વિશેષ્યવિશેષણરૂપ સંબંધ છે એવું એક અથવા અનેક નામ તથા અવ્યય, બીજા નામની સાથે સમાસને પામે છે. અને જો તે સમાસ દ્વિતીયાદિ વિભક્તિવાળા અન્યપદનો અર્થ મુખ્યપણે જણાતો હોય તો, અને તે સમાસ '**બહુવ્રીહિ**' કહેવાય છે. **आरूढो वानरो यं वृक्षं सः = आरूढवानरो वृक्षः** = જેના ઉપર વાનર ચઢેલ છે તે ઝાડ, **शोभनाः सूक्ष्मजटाः केशाः यस्य सः=सूक्ष्मजटकेशः तपस्वी** = જેના વાળ સુશોભન અને સૂક્ષ્મજટાવાળા છે એવો તપસ્વી, **उच्चैर्मुखं यस्य सः=उच्चैर्मुखः** = જેનું મુખ ઉચું છે તે.

उष्ट्रमुखादयः ॥ ३–१–२३ ॥

ઉષ્ટ્રમુખ વગેરે શબ્દો બહુવ્રીહિ સમાસવાળા '**નિપાતન**' થાય છે. **उष्ट्रस्य मुखं = उष्ट्रमुखमिव मुखं यस्य सः=उष्ट्रमुखः** = ઉંટ જેવા મોઢાવાળો.

सहस्तेन ॥ ३–१–२४ ॥

તુલ્ય અથવા વિદ્યમાન અર્થવાળો સહ શબ્દ, તૃતીયાવિભક્તિવાળા નામની સાથે સમાસ પામે છે, જે સમાસ પામતાં બે નામો કરતાં સમાસ પામેલ નામનો વિશિષ્ટરૂપ જુદો અર્થ મુખ્યપણે જણાતો હોય તો, અને તે સમાસ '**બહુવ્રીહિ**' કહેવાય છે. **पुत्रेण सह आगतः = सपुत्र आगतः पिता** = પુત્રની સાથે આવ્યો, પુત્ર અને પિતાની આવવાની તુલ્ય–સમાન ક્રિયા છે. **कर्मणा सह = सकर्मकः**

आत्माऽस्ति = કર્મ સહિત આત્મા અર્થાત્ આત્મા અને કર્મની વિદ્યમાનતા છે.

दिशो रूढ्याऽन्तराले । ३-१-२५ ॥

રૂઢિથી દિશાવાચક નામ, તે રૂઢિથી દિશાવાચક નામની સાથે સમાસ પામે છે. જો સમાસ પામેલ નામવાળા પ્રયોગમાં અન્તરાલ અર્થ જણાતો હોય તો, અને તે સમાસ 'બહુવ્રીહિ' કહેવાય છે. **दक्षिणस्याश्च पूर्वस्याश्च दिशोः अन्तरालं तद् = दक्षिणपूर्वा दिक्** = દક્ષિણ અને પૂર્વ દિશાની વચલી દિશા અગ્નિદિશા.

[अव्ययीभाव समास]

तत्रादाय मिथस्तेन प्रहृत्येति सरूपेण युद्धेऽव्ययीभावः ॥ ३-१-२६ ॥

'અવ્યયીભાવ' કહેવાય છે. **कशासु च कशासु इमथा गृहीत्वा परस्परं कृतं युद्धमिति = केशाकेशी** = પરસ્પર વાળ ખેંચીને કરેલું યુદ્ધ, **दण्डैश्च दण्डैश्च मिथः प्रहृत्य कृतं युद्धमिति = दण्डादण्डी** = પરસ્પર દંડના પ્રહાર વડે કરીને કરેલું યુદ્ધ.

नदीभिर्नाम्नि ॥ ३-१-२७ ॥

दण्डादण्डी = પરસ્પર દંડના પ્રહાર વડે કરીને કરેલું યુદ્ધ.

नदीभिर्नाम्नि ॥ ३-१-२७ ॥

કોઈપણ નામ, નદીવાચક નામની સાથે સમાસને પામે છે, જો સમાસ પામેલ નામો સમાસ પામ્યા બાદ વિશેષ નામની સંજ્ઞા જણાવતો હોય તો, અને તે સમાસ ' **અવ્યયીભાવ** ' કહેવાય છે. **ઉન્મત્તા ગઙ્ગા યત્ર દેશે સઃ = ઉન્મત્તગઙ્ગં દેશઃ** = ઉન્મત્તગંગા નામનો દેશ.

संख्या समाहारे ॥ ३–१–२८ ॥

સંખ્યાવાચક નામ, નદીવાચક નામની સાથે સમાસ પામે છે. જો સમાહાર–મિલન અર્થ જણાતો હોય તો અને વિશેષ નામની સંજ્ઞા જણાતી હોય તો, અને તે સમાસ ' **અવ્યયી ભાવ** ' કહેવાય છે. **દ્વયોઃ યમુનયોઃ સમાહારઃ = દ્વિયમુનમ્**= જ્યા બે યમુના નદી ભેગી થાય છે તે સ્થાન

वंश्येन पूर्वार्द्धे ॥ ३–१–२९ ॥

સંખ્યાવાચક નામ, વંશ્યવાચક–પ્રાણિની વિદ્યાથી અથવા જન્મથી જે સંતતિ તે વંશ કહેવાય, અને તેમાં ઉત્પન્ન થયેલ તેવા નામની સાથે સમાસને પામે છે. અને સમાસ પામ્યા બાદ પૂર્વપદની અર્થની મુખ્યતા હોવી જોઈયે, તો તે સમાસ ' **અવ્યયીભાવ** ' કહેવાય છે. **પક્કો મુનિર્વંશ્યો વ્યાકરણસ્ય = પક્કમુનિ વ્યાકરણસ્ય** = વ્યાકરણની પરંપરામાં આદ્યપુરૂષ એકજ મુનિ છે.

पारे-मध्ये-ऽग्रे-ऽन्तः षष्ठ्या वा ॥ ३–१–३० ॥

પારે, મધ્યે, અગ્રે અને અન્તર્ શબ્દો, ષષ્ઠિ વિભક્તિવાળા નામની સાથે, જો પૂર્વપદના અર્થની મુખ્યતા રહેતે છતે સમાસને પામે છે, અને તે સમાસ ' **અવ્યયીભાવ** ' કહેવાય છે. **ગઙ્ગાયાઃ પારમ્ = પારેગઙ્ગમ્** = ગંગાની સામે પાર.

यावदियत्त्वे ।। ३-१-३१ ।।

યાવદ્ શબ્દ, બીજા નામની સાથે સમાસ પામે છે. જો પૂર્વપદ ના અર્થની મુખ્યતા હોય અને સમાસ પામ્યા બાદ ઇયત્ત્વ–અમુક માપવાળું કે પ્રમાણવાળું અર્થ જણાતો હોય તો, અને તે સમાસ **'अव्ययीभाव'** કહેવાય છે. **यावन्ति अमत्राणि इति = यावद् अमत्रं भोजय** = જેટલા વાસણ છે તેટલાને જમાડ.

पर्यपाङ् बहिरच् पञ्चम्या ।। ३-१-३२ ।।

પરિ, અપ, આઙ્, બહિર્, અને અચ્ શબ્દો, પંચમી વિભક્તિ વાળા નામની સાથે, જો પૂર્વપદના અર્થની મુખ્યતા જણાતી હોય તો સમાસ પામે છે, અને તે સમાસ **'अव्ययीभाव'** કહેવાય છે. **परि त्रिगर्तेभ्यः = परित्रिगर्तम्** = ત્રણ ખાઈ છોડીને, અથવા ત્રિગર્તદેશની આજુબાજુ. અહિં પરિ વગેરેના સહચર્યથી અચ્ વડે પ્રાચ્ વગેરે અવ્યય લેવાના છે. **प्राग् ग्रामात् = प्राग्ग्रामम्** =ગામની પૂર્વમાં અમુક હદ સુધી.

लक्षणेनाभि-प्रत्याभिमुख्ये ।। ३-१-३३ ।।

અભિમુખ્ય–સામે અર્થવાળા અભિ અને પ્રતિ શબ્દ, લક્ષણ-વાચક નામની સાથે પૂર્વપદના અર્થની મુખ્યતા જણાતી હોય તો સમાસ પામે છે. અને તે સમાસ **'अव्ययीभाव'** કહેવાય છે. **अभि अग्निम् = अभ्यग्नि शलभाः पतन्ति** = અગ્નિની સામે પતંગીયા પડે છે.

दैर्घ्येऽनु ।। ३-१-३४ ।।

અનુ શબ્દ, દીર્ઘ–લંબાઈ અર્થવાળા લક્ષણવાચક નામની સાથે,

પૂર્વપદના અર્થની મુખ્યતા રહેતે છતે સમાસ પામે છે. અને તે સમાસ '**અવ્યયીભાવ**' કહેવાય છે. **गंगायाः अनु इति = अनुगंगं वाराणसी** = ગંગાની લંબાઈ જેટલી વારાણસી છે.

समीपे ॥ ३–१–३५ ॥

અનુ શબ્દ, સમીપ અર્થવાળા નામની **સાથે**, પૂર્વપદના અર્થની મુખ્યતા હોય તો સમાસ પામે છે. અને તે સમાસ '**અવ્યયીભાવ**' કહેવાય છે, **वनस्य अनु = अनुवनमशनिर्गता** = વનની પાસે વીજળી પડી.

तिष्ठद्गुवत्यादयः ॥ ३–१–३६ ॥

તિષ્ઠગુ વગેરે શબ્દો અવ્યયીભાવ સમાસ રૂપે '**નિપાતન**' થાય છે. **तिष्ठन्ति गावो यस्मिन् काले निवासाय सः = तिष्ठगु कालः** = જે સમયે ગાયો બસી રહેતી હોય તે સાલ–સાંજનો સમય.

नित्यं प्रतिनाऽल्पे ॥ ३–१–३७ ॥

કોઈપણ નામ, અલ્પ અર્થવાળા પ્રતિ શબ્દની સાથે સમાસ પામે છે. અને તે સમાસ '**અવ્યયીભાવ**' કહેવાય છે. **शाकस्याऽल्पत्वम् = शाकप्रति** = થોડું શાક.

संख्याऽक्षशलाकं परिणा द्युतेऽन्यथावृत्तौ ॥ ३–१–३८ ॥

સંખ્યાવાચક નામ, તથા અક્ષ અને શલાકા શબ્દ, દ્યુતવિષયક અન્યથાવૃત્તિમાં– જુગાર રમતા ધાર્યું પરિણામ ન આવે એવા અર્થમાં પરિ શબ્દની સાથે સમાસ પામે છે. અને તે '**અવ્યયીભાવ**' કહેવાય છે. **एकनाक्षेण शलकया वा न तथावृत्तं यथा पूर्वजये = एकपरि** = જીતના પાસા (સળી) ધાર્યા કરતા એક પાસો (સળી) ઉલટો પડયો.

विभक्ति - समीप - समृद्धि - व्युद्धि - अर्थाभावा - ऽत्यया - ऽसम्प्रति - पश्चात् - क्रम - ख्याति - युगपत् - सदृक् - सम्पत् - साकल्यान्तेऽव्ययम् ॥ ३-१-३९ ॥

વિભક્તિ-કારકનો અર્થ, સમીપ-નજીક, સમૃદ્ધિ-ઋદ્ધિની ખ્યાતી, વ્યુદ્ધિ-ઋદ્ધિનો અભાવ, અર્થાભાવ-વસ્તુનો અભાવ, અતત્ય-વીતી જવું, ક્રમ-અનુક્રમ, ખ્યાતિ-પ્રસિદ્ધિ, યુગપત્-એકી સાથે, સદૃક્-સરખું, સમ્પત્-સંપત્તિ, સાકલ્ય-સંપૂર્ણ, અને અન્ત-સમાપ્તિ એવા અર્થવાળા જે અવ્યય, તે પૂર્વ પદના અર્થની મુખ્યતા રહેતે છતે સમાસ પામે છે, અને તે સમાસ '**અવ્યયીભાવ**' કહેવાય છે. **स्त्रीषु अधि = अधिस्त्री** = સ્ત્રીઓમાં, **कुम्भस्य समीपे = उपकुम्भम्** = ઘડાની પાસે, **मद्राणां समृद्धिः = सुमद्रम्** = ભદ્રદેશની સમૃદ્ધિ, **यवनानां विगताः ऋद्धिः = दुर्यवनम्** = યવનોની ઋદ્ધિ ચાલી ગઈ, **मक्षिकाणामभावः = निर्मक्षिकम्** = માખીઓનો અભાવ, **वर्षाणामतत्य = अतिवर्षम्** = વર્ષાકાલ વીતી ગયો, **कम्बलस्योपभोगं नायं कालः = अतिकम्बलम्** = કામળ ઓઢવાનો સમય નથી, **रथस्य पश्चात् = अनुरथम्** = રથની પાછળ, **ज्येष्ठस्य क्रमेण = अनुज्येष्ठम्** = નાના મોટાના ક્રમ પ્રમાણે, **भद्रबाहोः ख्यातिः = इतिभद्रबाहु** = ભદ્રબાહૂની પ્રસિદ્ધિ, **चक्रेण सहैककालम् = सचक्रम्** = એક ચક્રની સાથે બીજુ ચક્ર, **व्रतेन सदृक् = सव्रतम्** = આચરણની સરખું વ્રત, **ब्रह्मणः सम्यत् = सब्रह्मः** = બ્રહ્મચર્યની સિદ્ધિ, **तृणमप्यपरित्यज्य = सतृणम्** - ઘાસને પણ છોડ્યા સિવાય, **पिंडैषणायाः पर्यन्तम् = सपिंडैषणमधीते** = આચારાંગ સૂત્રમાં આવેલ પિંડૈષણા નામના અધ્યયન સુધી ભણે છે.

योग्यता-वीप्सा-ऽर्थानतिवृत्ति-सादृश्ये ॥ ३-१-४० ॥

યોગ્યતા, વીપ્સા–વારંવાર પ્રવૃત્તિ કરવી, અર્થાનતિવૃત્તિ = શક્તિ ગોપવ્યા વિના, સદૃશ્ય–સરખાપણું અર્થવાળા અવ્યય, બીજા નામની સાથે, પૂર્વપદના અર્થની મુખ્યતા હોય તો સમાસ પામે છે. અને તે સમાસ **'અવ્યયીભાવ'** કહેવાય છે. **રૂપસ્ય યોગ્યમ્ = અનુરૂપમ્** = રૂપને યોગ્ય, **અર્થમર્થં પ્રતિ = પ્રત્યર્થમ્** = દરેકે દરેક અર્થ પ્રત્યે, **શક્તિમતિક્રમ્ય = યથાશક્તિઃ** = શક્તિપ્રમાણે, **શીલસ્ય સદૃશમ્ = સશીલમનયોઃ** = આ બન્નેનું–સદાચારનું સરખાપણું છે.

યથાઽથા ॥ ૩–૧–૪૧ ॥

થા પ્રત્યયાન્ત વર્જિત જે યથા અવ્યય, તે બીજા નામની સાથે પૂર્વપદના અર્થની મુખ્યતા હોય તો સમાસ પામે છે. અને તે સમાસ **'અવ્યયીભાવ'** કહેવાય છે. **રૂપાણામનુકૂલમ્ = યથારૂપં ચેષ્ટતે** = રૂપને અનુકૂલ ચેષ્ટા કરે છે.

[તત્પુરુષ સમાસ]

ગતિ–કુન્યસ્તત્પુરુષઃ ॥ ૩–૧–૪૨ ॥

ગતિસંજ્ઞક નામો તથા કુ નામ, બીજા નામ સાથે નિત્ય સમાસ પામે છે. અને બહુવ્રીહિ વગેરે સમાસના લક્ષણથી રહિત એવો **' તત્પુરુષ '** સમાસ કહેવાય છે. **ઊરી કૃત્વા = ઊરીકૃત્ય** = અંગીકાર કરીને. **કુત્સિતો બ્રાહ્મણઃ = કુબ્રાહ્મણઃ** = ખરાબ બ્રાહ્મણ. **અન્યઃ**–અન્ય જેવો અર્થાત્ બહુવ્રીહિ સમાસ વગેરે સમાસથી રહિત એવો અર્થ નીચેના સૂત્રોમાં પણ સમજવાનો છે.

દુર્નિન્દા–કૃચ્છ્રે ॥ ૩–૧–૪૩ ॥

નિંદા અને કૃચ્છ્ર–દુષ્ટ અર્થવાળા અવ્યય, બીજા નામની સાથે

નિત્ય સમાસ પામે છે. અને તે સમાસ ' **તત્પુરૂષ** ' કહેવાય છે.

सुः पूजायाम् ॥ ३–१–४४ ॥

પૂજ્ય અર્થવાળો સુ અવ્યય, બીજા નામની સાથે નિત્ય સમાસ પામે છે. અને તે સમાસ ' **તત્પુરૂષ** ' કહેવાય છે. **शोभनो राजा = सुराजा** = પૂજવા લાયક રાજા

अतिरतिक्रमे च ॥ ३–१–४५ ॥

અતિક્રમ–હદથી વધારે અને પૂજ્ય અર્થવાળો અતિ અવ્યય, બીજા નામની સાથે સમાસ પામે છે. અને તે ' **તત્પુરૂષ** ' કહેવાય છે. **अतिक्रमेण स्तुतिं कृत्वा = अतिस्तुत्य** = અતિ સ્તુતિ કરીને.

आङल्पे ॥ ३–१–४६ ॥

અલ્પ અર્થવાળા આङ્ અવ્યય, બીજા નામની સાથે નિત્ય સમાસ પામે છે. અને તે સમાસ ' **તત્પુરૂષ** ' કહેવાય છે. **इषत्कडारः = आकडारः** = થોડો પીળો–વાંદરાના શરીર જેવો રંગ.

प्रात्यव-परि-निरादयो गति-क्रान्त-कुष्ट-ग्लान-क्रान्ताद्यर्थाः प्रथमाद्यन्तैः ॥ ३–१–४७ ॥

ગતિ અર્થવાળા પ્ર વગેરે શબ્દો, પ્રથમાન્ત વિભક્તિની સાથે, ક્રાન્ત વગેરે અર્થવાળા અતિ વગેરે શબ્દો, દ્વિતીયાન્ત વિભક્તિ સાથે, કુષ્ટ વગેરે અર્થવાળા અવ વગેરે શબ્દો, તૃતીયાન્ત વિભક્તિવાળા સાથે, ગ્લાન વગેરે અર્થવાળા પરિ વગેરે શબ્દો, ચતુર્થાન્ત વિભક્તિ સાથે, ગ્લાન વગેરે અર્થવાળા નિર્ વગેરે શબ્દો, પંચમ્યન્ત વિભક્તિવાળા નામો સાથે, નિત્ય સમાસ પામે છે. અને તે સમાસ

' **તત્પુરૂષ** ' કહેવાય છે. **પ્રકૃષ્ટઃ આચાર્યઃ = પ્રાચાર્યઃ** = ઉત્તમ આચાર્ય, **અતિક્રાન્તઃ ખટ્વાન્ = અતિખટ્વઃ** = ખાટલાને ઓળંગી ગયેલ, **અવકૃષ્ટઃ કોકિલેન = અવકોકિલઃ** = કોયલવડે બોલાવેલ, **પરિગ્લાનોઽધ્યયનાય = પર્યધ્યયનઃ** = ભણવા માટે થાકેલો, **નિર્ગતઃ કૌશામ્ર્યાઃ = નિષ્કાશામ્બિઃ** = કૌશામ્બીથી નિકળેલો.

अव्ययं प्रवृद्धादिभिः ॥ ३-१-४८ ॥

કોઈ પણ અવ્યય, પ્રવૃદ્ધ વગેરે શબ્દ સાથે નિત્ય સમાસ પામે છે. અને તે સમાસ ' **તત્પુરૂષ** ' કહેવાય છે. **અતિશયેન પ્રવૃદ્ધમ્ = પુનઃપ્રવૃદ્ધમ્** = ફરીથી વધારે વધેલું.

ङस्युक्तं कृता ३-१-४९ ॥

કૃદન્ત પ્રત્યયોના વિધાન કરાયેલ સૂત્રોમાં પંચમી વિભક્તિ વડે કહેવાયેલ જે નામો, તે કૃદન્ત પ્રત્યયવાળા નામની સાથે નિત્ય સમાસ પામે છે, અને તે સમાસ ' **તત્પુરૂષ** ' કહેવાય છે. **કુમ્ભં કરાતીતિ = કુમ્ભકારઃ** = કુંભાર. અહિં " **કર્મણોઽણ્૦ [૫-૧-૭૨]** " એ સૂત્રથી કુંભ શબ્દ કર્મકારક છે, અને તેને **કર્મણઃ** એમ પંચમ્યન્ત પદથી વિધાન કરેલ છે. તેથી પંચમ્યન્ત પદથી વિધાન કરાયેલ કુંભ શબ્દને અન્તે, કૃત્ પ્રત્યયવાળા એવા કૃદન્તરૂપ અણ્ પ્રત્યયવાળા કાર શબ્દ સાથે સમાસ થયો.

तृतीयोक्तं वा ॥ ३-१-५० ॥

કૃદન્ત પ્રત્યયોના વિધાન કરાયેલ સૂત્રમાં તૃતીયાવિભક્તિ વડે કહેવાયેલ જે નામો, તે કૃદન્ત પ્રત્યયવાળા નામની સાથે વિકલ્પે સમાસ પામે છે. અને તે સમાસ ' **તત્પુરૂષ** ' કહેવાય છે. **મૂલકેન ઉપદંશં ભુઙ્ક્તે = મૂલકોપદંશં ભુઙ્ક્તે** = મૂળા સાથે કાપીને ખાય છે.

અહિં **'' दंशे तृतीयायाः० [५-४-७३]''** એ સૂત્રથી તૃતીયા વિભક્તિથી સૂચવેલ ઉપ સાથે दंश् ધાતુને, વિકલ્પે કૃદન્ત પ્રત્યય રૂપ णम् થવાથી સમાસ થયો છે. પક્ષે-**मूलकेन उपदशय भुङ्क्ते ।**

नञ् ॥ ३-१-५१ ॥

નિષેધવાચક ન અવ્યય, બીજા નામની સાથે નિત્ય સમાસ પામે છે. અને તે સમાસ **' तत्पुरुष '** કહેવાય છે. **न गौः = अगौः** = ગાય નથી, અર્થાત્ ગાય સિવાય બીજુ કોઈ પ્રાણિ છે.

पूर्वा-ऽपरा-ऽधरोत्तरमभिन्नेनांऽशिना ॥ ३-१-५२ ॥

અંશવાચક-અવયવવાચક પૂર્વ, અપર, અધર અને ઉત્તર શબ્દો, અંશીવાચક-અવયવીવાચક નામની સાથે, જો અભિન્ન-અંશ અને અંશી જુદા ન પડતાં હોય તો, સમાસ પામે છે. અને તે સમાસ **'तत्पुरुष'** કહેવાય છે. **कायस्य पूर्वः = पूर्वकायः** = શરીરનો પૂર્વ ભાગ. અહિં કાય એ અંશી છે, અને પૂર્વભાગ એ કાયનો અંશ છે. જે જુદા પડતાં નથી, તેથી સમાસ થયો. અને **' अंशी तत्पुरुष '** પણ કહેવાય છે.

सायाह्नादयः ॥ ३-१-५३ ॥

સાયાહ્ન વગેરે શબ્દો **' तत्पुरुष '** રૂપે નિપાતન થાય છે. અંશીતત્પુરુષ પણ કહેવાય છે. **सायम् अह्नः = सायाह्नः** = સંધ્યા કાલ.

समेंऽशेऽर्द्ध नवा ॥ ३-१-५४ ॥

સમ્-બરાબર સરખા અંશ-ભાગ અર્થાત્ સમાનભાગસૂચક અર્ધ શબ્દ, અભિન્ન-અંશ અને અંશી જુદા ન પડી શકે તેવા હોય તો, વિકલ્પે

સમાસ પામે છે. અને તે સમાસ ' **તત્પુરૂષ** ' અંશી તત્પુરૂષ કહેવાય છે. **અર્ધં પિપ્પલ્યાઃ = અર્દ્ધપિપ્પલી, પિપ્પલ્યર્દ્ધમ્** = પીપરામૂલ-ગંઠોડાનો બરાબર અર્ધ ભાગ.

जरत्यादिभिः ॥ ३–१–५५ ॥

અર્ધ શબ્દ, તેના અભિન્ન એવા અંશીવાચક જરતી વગેરે શબ્દો સાથે વિકલ્પે સમાસ પામે છે. અને તે સમાસ ' **તત્પુરૂષ** ' કહેવાય છે. **અર્દ્ધઃ જરત્યાઃ = અર્દ્ધજરતી, જરત્યર્દ્ધઃ** = વૃદ્ધાનો અર્ધભાગ.

द्वि - त्रि - चतुष्पूरणाऽग्रादयः ॥ ३–१–५६ ॥

અંશવાચક એવા પૂરણ પ્રત્યયવાળા દ્વિ–દ્વિતીય, ત્રિ–તૃતીય અને ચતુર્–તુર્ય, તુરીય, તથા અગ્ર વગેરે શબ્દો, અભિન્ન એવા અંશી-વાચક નામની સાથે સમાસ વિકલ્પે પામે છે. અને તે સમાસ ' **તત્પુરૂષ** ' અંશીતત્પુરૂષ કહેવાય છે. **ભિક્ષાયાઃ દ્વિતીયમ્ = દ્વિતીયભિક્ષા, ભિક્ષાદ્વિતીયમ્** = ભિક્ષાનો બીજા ભાગ.

कालो द्विगौ च मेयैः ॥ ३–१–५७ ॥

કાલવાચક જે એકવચનવાળું નામ, મેયવાચક–માપવાનું એવા અર્થવાળા નામની સાથે સમાસ પામે છે, તથા દ્વિગુ સમાસના વિષયમાં પણ કાલવાચક નામ, મેયવાચક નામની સાથે સમાસ પામે છે, અને તે સમાસ ' **તત્પુરૂષ** ' કહેવાય છે.. **માસો જાતસ્ય = માસજાતઃ** = જન્મેલાને મહિનો થયો. અહિં જાત શબ્દ મેયવાચી છે. **દ્વે અહની સુતસ્ય = દ્વ્યહ્નસુતઃ** = બે દિવસથી સુતેલો. અહિં દ્વિ અને અહન્ નામને " **સંખ્યા સમાહારે० [૩–૧–૯૯]** " એ સૂત્રથી દ્વિગુ સમાસનો પ્રસંગ હોવાથી આ સમાસ થયો.

स्वयं - सामी क्तेन ॥ ३-१-५८ ॥

સ્વયં અને સામી અવ્યય છે તે, ક્ત પ્રત્યયવાળા નામની સાથે સમાસ પામે છે, અને તે ' **तत्पुरुष** ' કહેવાય છે. **स्वयं धौतम्** = **स्वयंधौतम्** = પોતાની મેળે ધોવાયેલું.

द्वितीया खट्वा क्षेपे ॥ ३-१-५९ ॥

નિંદા અર્થ જણાતે છતે દ્વિતીયા વિભક્તિવાળો ખટ્વા શબ્દ, તે ક્ત પ્રત્યયવાળા શબ્દની સાથે સમાસ પામે છે. અને તે ' **द्वितीया तत्पुरुष** ' કહેવાય છે. **खट्वामारूढः** = **खट्वारूढः जाल्मः** = ખાટલાના ખાટલે ચઢેલો હલકો માણસ, ઉન્માર્ગગામી.

कालः ॥ ३-१-६० ॥

દ્વિતીયા વિભક્તિવાળુ કાલવાચક નામ, ક્ત પ્રત્યયવાળા નામની સાથે સમાસ પામે છે. અને તે સમાસ ' **द्वितीया तत्पुरुष** ' કહેવાય છે. **रात्रिमारूढाः** = **रात्र्यारूढाः** = રાત્રિમાં આરૂઢ થયેલો.

व्याप्तौ ॥ ३-१-६१ ॥

વ્યાપ્તિ અર્થમાં વિધાન કરાયેલ દ્વિતીયા વિભક્તિવાળું જે કાલ વાચક નામ, તે વ્યાપકવાચક નામની સાથે સમાસ પામે છે. અને તે ' **द्वितीया तत्पुरुष** ' કહેવાય છે. **मुहूर्तं सुखम्** = **मुहूर्तसुखम्** = મુહૂર્ત માત્ર નિરંતર સુખ. અહિં " **कालाः** [૨-૨-૪૨] " એ સૂત્રથી થયેલ દ્વિતીયા વિભક્તિ લેવાની છે. ગુણ, ક્રિયા અને દ્રવ્યની સાથે અત્યન્ત-નિરંતર સંયોગ તે વ્યાપ્તિ કહેવાય. આવો કાલવાચક અને વ્યાપકવાચક નામનો નિરંતર સંયોગ આ સૂત્રમાં સમજવાનો છે.

श्रितादिभिः ॥ ३–१–६२ ॥

દ્વિતીયાવિભક્તિવાળું નામ, શ્રિત વગેરે નામની સાથે સમાસ પામે છે. અને તે સમાસ ' **द्वितीया तत्पुरुष** ' કહેવાય છે. **धर्मं श्रितः = धर्मश्रितः** = ધર્મને આશ્રયે રહેતો.

पापाऽऽपन्नौ तयाऽऽच्च ॥ ३–१–६३ ॥

પ્રથમા વિભક્તિવાળા પ્રાપ્ત અને આપન્ન શબ્દ, દ્વિતીયાવિભક્તિ વાળા નામની સાથે સમાસ પામે છે. અને તે ' **द्वितीया तत्पुरुष** ' કહેવાય છે. **जीविकां प्राप्ता = प्राप्तजीविका** = જીવિકાને પામેલી.

ईषदूनवचनैः ॥ ३–१–६४ ॥

ઈષદ્ અવ્યય, ગુણવાચક-ગુણ અને ગુણી બંનેને બતાવતો હોય એવા નામની સાથે સમાસ પામે છે. અને તે ' **द्वितीया तत्पुरुष** ' કહેવાય છે. **ईषदल्पं रक्तं = ईषद्रक्तः** = થોડો લાલ રંગ.

तृतीया तत्कृतैः ॥ ३–१–६५ ॥

તૃતીયાવિભક્તિવાળા નામ, તૃતીયાવિભક્તિવાળા નામદ્વારા કહેલ જે પદાર્થ તેથી બનેલ એવું જે ગુણવાચક-ગુણ અને ગુણી વચ્ચે એકાર્થતા હોય તેવા નામ સાથે સમાસ પામે છે. અને તે સમાસ ' **तृतीया तत्पुरुष** ' કહેવાય છે. **शङ्कुलया खण्डः = शङ्कुलाखण्डः चैत्रः**=ગેડી વડે લંગડો થયેલ ચૈત્ર. અહિં શંકુ તૃતીયાવિભક્તિ દ્વારા કહેલ પદાર્થ છે. અને શંકુ દ્વારા ચૈત્ર લંગડો બનેલ છે. આથી શંકુ અને લંગડો શબ્દ એકાર્થતા વાળા છે.

चतस्रार्द्धम् ॥ ३–१–६६ ॥

તૃતીયા વિભક્તિવાળો જે અર્ધ શબ્દ, તે સ્ત્રીલિંગ સૂચક ચતસ્ર શબ્દ સાથે સમાસ પામે છે. અને તે ' **તૃતીયા તત્પુરૂષ** ' કહેવાય છે. અહિં ચતસ્ર શબ્દ એટલે અર્ધ ઉમેરવાથી ચાર થાય એવી સંખ્યા લેવાની છે. **અર્ધેન કૃતઃ ચતસ્રઃ = અર્ધચતસ્રઃ** = અર્ધ ઉમેરવાથી ચાર થાય, અર્થાત્ સાડા ત્રણ.

ऊनार्थ-पूर्वाद्यैः ॥ ३-१-६७ ॥

તૃતીયા વિભક્તિવાળું નામ, ઊનાર્થ-ઓછું એવા અર્થવાળા નામ, તથા પૂર્વ વગેરે શબ્દ સાથે સમાસ પામે છે. અને તે સમાસ '**તૃતીયા તત્પુરૂષ** ' કહેવાય છે. **માષેણ ઊનમ્ = માષોનમ્** = એક માસથી ઓછું. **માષેન પૂર્વાઃ = માસપૂર્વઃ** = એક મહિને મોટો છે.

कारकं कृता ॥ ३-१-६८ ॥

કારકવાચક જે તૃતીયા વિભક્તિવાળું નામ, તે કર્તા અને કરણ રૂપ કૃદન્ત પ્રત્યયાન્ત નામ સાથે સમાસ પામે છે. અને તે સમાસ ' **તૃતીયા તત્પુરૂષ** ' કહેવાય છે. **આત્મના કૃતમ્-આત્મકૃતમ્** = જાતે કરેલું. **કાકેન પેયા = કાકપેયા** = કાગડાથી પાણી પી શકાય એવી નદી, અર્થાત્ બહુઉંડી નહિ એવી નદી, ગંદી નદી.

नविंशत्यादिनैकोऽचान्तः ॥ ३-१-६९ ॥

તૃતીયા વિભક્તિવાળા એક શબ્દ, નવિંશતિ વગેરે શબ્દો સાથે સમાસ પામે છે. અને તે સમાસ ' **તૃતીયા તત્પુરૂષ** ' કહેવાય છે. અને તેના યોગમાં એક શબ્દને ' **અત્** ' અન્તાગમ થાય છે. અર્થાત્ એક ને સ્થાને ' **એકાત્** ' થાય છે. **એકેન નવિંશતિઃ = એકાન્નવિંશતિઃ** = ઓગણીશ.

चतुर्थी प्रकृत्या ॥ ३–१–७० ॥

વિકૃતિવાચક એવું **ચતુર્થી** વિભક્તિવાળું નામ, પ્રકૃતિવાચક નામ સાથે સમાસ પામે છે. અને તે '**चतुर्थी तत्पुरुष**' કહેવાય છે. જો બન્ને નામો સાથે એકયતા જણાય તો. વિકૃતિ – વિકારરૂપ પરિણામ પામેલ પદાર્થ. પ્રકૃતિ–જે વસ્તુ પોતે જ કાર્યરૂપ બને તે. **यूपाय दारु = यूपदारु** = થાંભલા માટે લાકડું. દારૂ શબ્દ પ્રકૃતિ વાચક છે, યુપ એ વિકૃતિરૂપ પરિણામ પામેલ છે, અર્થાત્ દારૂ રૂપ મૂલપ્રકૃતિને યુપ રૂપ વિકાર આપે છે. જેથી વિકૃતિવાચક યુપ શબ્દનો પ્રકૃતિવાચક દારૂ સાથે એકયતા હોવાથી સમાસ થયો.

हितादिभिः ॥ ३–१–७१ ॥

ચતુર્થી વિભક્તિવાળું નામ, હિત વગેરે શબ્દો સાથે સમાસ પામે છે. અને તે સમાસ '**चतुर्थी तत्पुरुष**' કહેવાય છે. **गोभ्यो हितम् = गोहितम्** = ગાયને હિતકારી.

तदर्थार्थेन ॥ ३–१–७२ ॥

ચતુર્થી વિભક્તિવાળું નામ, અર્થ શબ્દની સાથે સમાસ પામે છે. જો તે અર્થ શબ્દનો અર્થ માટે થતો હોય તો, અને તે સમાસ '**चतुर्थी तत्पुरुष**' કહેવાય છે. **पित्रे इदम् = पित्र्यर्थम्** = પિતા માટે.

पञ्चमी भयाद्यैः ॥ ३–१–७३ ॥

પંચમી વિભક્તિવાળું નામ, ભય વગેરે શબ્દો સાથે સમાસ પામે છે. અને તે સમાસ '**पंचमी तत्पुरुष**' કહેવાય છે. **वृकाद् भयम् = वृकभयम्** = વરૂથી બીક.

क्तेनाऽसत्त्वे ॥ ३–१–७४ ॥

અસત્ત્વ અર્થમાં વિધાન કરાયેલ પંચમીવિભક્તિવાળું નામ, તે કૃત પ્રત્યયાન્ત નામની સાથે સમાસ પામે છે. અને તે સમાસ '**પંચમી તત્પુરૂષ**' કહેવાય છે. **स्तोकात् मुक्तः = स्तोकान्मुक्तः** = થોડાથી મુક્ત થયેલ. અહિં "**स्तोकाऽल्प० [२–२–७९]**" એ સૂત્રથી થયેલ પંચમી વિભક્તિ લેવાની છે, તથા "**असत्त्वे ङसि० [३–२–१०]**" એ સૂત્રથી પંચમી વિભક્તિનો લોપ થતો નથી.

परःशतादि ॥ ३–१–७५ ॥

પરઃશત વગેરે શબ્દો '**પંચમી તત્પુરૂષ**' સમાસ રૂપે નિપાતન કરાય છે. **शतात् परे = परःशताः** = સોથી (શતકથી) આગળ.

षष्ठ्यऽयत्नाऽशेषे ॥ ३–१–७६ ॥

શેષ અર્થમાં વિધાન કરાયેલ ષષ્ઠી વિભક્તિવાળું નામ, બીજા નામ સાથે સમાસ પામે છે, જો બન્ને નામ વચ્ચે પરસ્પર અર્થની સંગતતા હોય તો. અને તે સમાસ '**ષષ્ઠી તત્પુરૂષ**' કહેવાય છે. "**शेषे [२–१–८१]**" એ સૂત્રથી થયેલ ષષ્ઠી વિભક્તિ લેવાની છે પરંતુ "**नाथ० [२–२–१०]**" એ સૂત્રથી લઈને "**उपसर्गाद्० [२–२–१७]**" એ સૂત્ર સુધીના સૂત્રોથી થયેલ ષષ્ઠી વિભક્તિ લેવાની નથી. **राज्ञः पुरुषः = राजपुरुषः** = રાજાનો માણસ.

कृति ॥ ३–१–७७ ॥

કૃદન્ત નિમિત્તે થયેલ જે ષષ્ઠી વિભક્તિ તદન્ત જે નામ, તે બીજા નામની સાથે સમાસ પામે છે. અને તે સમાસ '**ષષ્ઠી**

तत्पुरुष ' કહેવાય છે. અહિં " **कर्मणि कृतः** [२-२-८३] " એ સૂત્રથી તથા "**कर्तरि०** [२-२-८६]" એ સૂત્રથી થયેલ ષષ્ઠી વિભક્તિ લેવાની છે. **गणधरस्योक्तिः = गणधरोक्तिः** = ગણધર ભગવંતનું વચન.

याजकादिभिः ॥ ३-१-७८ ॥

ષષ્ઠી વિભક્તિવાળું નામ, યાજક વગેરે શબ્દો સાથે સમાસ પામે છે, અને તે સમાસ ' **षष्ठी तत्पुरुष** ' કહેવાય છે. **ब्राह्मणानां याजकः = ब्राह्मणयाजकः** = બ્રાહ્મણનો પૂજ્ય.

पत्ति-रथौ गणकेन ॥ ३-१-७९ ॥

ષષ્ઠી વિભક્તિવાળા પત્તિ અને રથ શબ્દો, ગણક શબ્દની સાથે સમાસ પામે છે, અને તે સમાસ ' **षष्ठी तत्पुरुष** ' કહેવાય છે. **पत्तीनां गणकः = पत्तिगणकः** = પાયદળને ગણનારો.

सर्वपश्चादादयः ॥ ३-१-८० ॥

સર્વપશ્ચાત્ વગેરે શબ્દો ' **षष्ठी तत्पुरुष** ' સમાસ રૂપે નિપાતન કરાય છે. **सर्वेषां पश्चात् = सर्वपश्चात्** = બધાની પાછળ.

अकेन क्रीडा-ऽऽजीवे ॥ ३-१-८१ ॥

ષષ્ઠી વિભક્તિવાળું નામ, અક પ્રત્યયવાળા નામની સાથે સમાસ પામે છે. જો ક્રીડા અને આજીવિકા અર્થ જણાતો હોય તો. અને તે સમાસ ' **षष्ठी तत्पुरुष** ' કહેવાય છે. **उद्दालकपुष्पाणां भञ्जिका = उद्दालकपुष्पभञ्जिका** = જે ક્રીડામાં ગુંદીના ફુલોને મસળી નાંખવામાં આવે તે ક્રીડાનું નામ.

न कर्त्तरि ॥ ३-१-८२ ॥

કર્તા અર્થમાં વિધાન કરાયેલ ષષ્ઠી વિભક્તિવાળું નામ, અક પ્રત્યયવાળા નામની સાથે '**સમાસ**' પામતું નથી. **तव शयितुं पर्यायः = तव शयिका** = તારો સુવાનો વારો, તારું શયન.

कर्मजा तृचा च ॥ ३-१-८३ ॥

કર્મ અર્થમાં વિધાન કરાયેલ ષષ્ઠી વિભક્તિવાળું જે નામ, તે કર્તા અર્થમાં વિધાન કરાયેલ અક પ્રત્યયવાળા તથા તૃચ્ પ્રત્યયવાળા નામની સાથે '**સમાસ**' પામતું નથી. **भक्तस्य भोजकः** = ભાતનો ખાનાર, **अपां स्रष्टा** = પાણીને સર્જનાર.

तृतीयायाम् ॥ ३-१-८४ ॥

કર્મ અર્થમાં વિધાન કરાયેલ ષષ્ઠી વિભક્તિવાળું જે નામ, તે કર્તા અર્થમાં વિધાન કરાયેલ તૃતીયા વિભક્તિવાળા નામની સાથે '**સમાસ**' પામતું નથી. **आश्चर्यो गवां दोहोऽगोपेन** = ગોવાળ વિના ગાયનું દોહવું આશ્ચર્ય જનક છે.

तृप्त्यर्थ-पूरणा-ऽव्यया-ऽतृश्-शत्रानशा ॥ ३-१-८५ ॥

ષષ્ઠી વિભક્તિવાળું નામ, તૃપ્ત અર્થવાળા, પૂરણ પ્રત્યયવાળા– પંચમ, ષષ્ઠ, સપ્તમ, પાડેશ વગેરે નામો, અવ્યય, અતૃશ્ પ્રત્યયવાળા, શતૃ પ્રત્યયવાળા, તથા અનશ્ પ્રત્યયવાળા નામોની સાથે '**સમાસ**' પામતું નથી. **फलानां तृप्तः** = ફળોથી ધરાઈ ગયેલો, **तीर्थकृतां षोडशः शान्तिः** = તીર્થંકરમાં સોળમાં શાંતિનાથ ભગવંત, **राज्ञः साक्षात्** = રાજાની સામે, **रामस्य द्विषन्** = રામનો શત્રુ, **चैत्रस्य पचन्** = ચૈત્રનો રસોઈયો, **मैत्रस्य पचमानः** = મૈત્રનો રસોઈયો.

ज्ञानेच्छा - ऽचार्थाधारक्तेन ॥ ३-१-८६ ॥

જ્ઞાન અર્થવાળા ધાતુ, ઇચ્છા અર્થવાળા ધાતુ, પૂજા અર્થવાળા ધાતુ, તેથી પર વિધાન કરાયેલ જે ક્ત પ્રત્યયવાળા નામો, તથા આધાર અર્થમાં વિધાન કરાયેલ જે ક્ત પ્રત્યયવાળા નામો, તે ષષ્ઠી વિભક્તિવાળા નામની સાથે '**સમાસ**' પામતું નથી. **राज्ञां ज्ञातः** = રાજાને જાણનાર, **राज्ञामिष्टः** = રાજાને ઇચ્છનાર-ઇષ્ટ, **राज्ञां पूजितः** = રાજાનો પૂજેલો, **इदमेवास्तितम्** = આનું આ આસન.

अस्वस्थगुणैः ॥ ३-१-८७ ॥

ષષ્ઠી વિભક્તિવાળું નામ, અસ્વસ્થગુણવાચક નામની સાથે '**સમાસ**' પામતું નથી. જે શબ્દો માત્ર ગુણવાચક હોય પણ ગુણી વાચક ન હોય તે સ્વસ્થ ગુણવાચક કહેવાય, અને જે ગુણ અને ગુણી બંનેનો વાચક હોય એ અસ્વસ્થગુણવાચક કહેવાય છે. **पटस्य शुक्लः** = પટનો ધોળો રંગ, **गुडस्य मधुरः** = ગોળનું ગળપણ; અહિં બંને પ્રયોગમાં શુક્લતા અને મધુરતા વાચક શુક્લ અને મધુર એ બંને શબ્દો ગુણવાચક છે અને ગુણીવાચક પણ છે. તેથી બંને શબ્દો અસ્વસ્થગુણવાચક હોવાથી સમાસ ન થયો.

सप्तमी शौण्डाद्यैः ॥ ३-१-८८ ॥

સપ્તમી વિભક્તિવાળું નામ, શૌણ્ડ વગેરે શબ્દો સાથે સમાસ પામે છે. અને તે '**सप्तमी तत्पुरुष**' કહેવાય છે. **पाने प्रसक्तः शौण्डः = पानशौण्डः** = દારૂડીયો

सिद्धाद्यैः पूजायाम् ॥ ३-१-८९ ॥

પૂજા-આદર અર્થ જણાવતું સપ્તમી વિભક્તિવાળું નામ, સિંહ વગેરે શબ્દો સાથે સમાસ પામે છે, અને તે સમાસ ' **સપ્તમી તત્પુરૂષ** ' કહેવાય છે. **समरे सिंह इव = समरसिंहः** = યુદ્ધમાં સિંહ જેવો.

काकाद्यैः क्षेपे ॥ ३–१–९० ॥

નિંદા અર્થ જણાતો હોય તો, સપ્તમી વિભક્તિવાળું નામ, કાક વગેરે શબ્દો સાથે સમાસ પામે છે, અને તે '**સપ્તમી તત્પુરૂષ**' કહેવાય છે. **तीर्थे काक इव = तीर्थकाकः** = તીર્થમાં કાગડા જેવો, લાલચું.

पात्रेसमितेत्यादयः ॥ ३–१–९१ ॥

નિંદાના અર્થમાં પાત્રસમિતા વગેરે શબ્દો '**સપ્તમી તત્પુરૂષ**' સમાસ રૂપે નિપાતન કરાય છે. **पात्रे इव समिताः = पात्रेसमिताः** = જમવાના સમયે આવીને બેસી જનાર, પેટભર્યા લોકો.

क्तेन ॥ ३–१–९२ ॥

નિંદા અર્થ જણાતો હોય તો સપ્તમી વિભક્તિવાળું નામ, ક્ત પ્રત્યયવાળા નામની સાથે સમાસ પામે છે, અને તે સમાસ ' **સપ્તમી તત્પુરૂષ** ' કહેવાય છે. **भस्मनि हुतमिव = भस्मनिहुतम्** = રાખમાં હોમ્યા જેવું.

तत्राहोरात्रैऽशम् ॥ ३–१–९३ ॥

તત્ર અવ્યય, તથા દિવસના અંશવાચક અને રાત્રિના અંશવાચક એવું સપ્તમી વિભક્તિવાળું નામ, તે ક્ત પ્રત્યયવાળા નામની સાથે સમાસ પામે છે, અને તે સમાસ ' **સપ્તમી તત્પુરૂષ** ' કહેવાય છે.

तत्र कृतम = **तत्कृतम्** = ત્યાં કરેલું, **पूर्वाह्णे कृतम्** = **पूर्वाह्ण-कृतम्** = દિવસના પૂર્વ ભાગમાં કરેલું.

नाम्नि ॥ ३-१-९४ ॥

સપ્તમી વિભક્તિવાળું નામ, બીજા નામની સાથે જો સંજ્ઞાનો વિષય હોય તો સમાસ પામે છે. અને તે સમાસ **'सप्तमी तत्पुरुष'** કહેવાય છે. **अरण्ये तिलकाः** = **अरण्यतिलकाः** = વનનું નામ.

कृद्येनाऽऽवश्यके ॥ ३-१-९५ ॥

સપ્તમી વિભક્તિવાળું નામ, કૃદન્ત સંબંધિ ય પ્રત્યયવાળા નામની સાથે, અવશ્ય કરવા યોગ્ય અર્થ જણાતો હોય તો સમાસ પામે છે, અને તે સમાસ **'सप्तमी तत्पुरुष'** કહેવાય છે. **मासे अवश्यं देयम्** = **मासदेयम्** = મહિનામાં અવશ્ય દેવા યોગ્ય. અહિં **''य पच्चातः० [५-१-२८]''** એ સૂત્રથી થયેલ ય પ્રત્યય લેવાનો છે.

[तत्पुरुष-कर्मधारय समास]

विशेषण विशेष्येणैकार्थे कर्मधारयश्च ॥ ३-१-९६ ॥

એકાર્થક-એક સરખી વિભક્તિવાળા અને અર્થથી પરસ્પર સંબંધવાળા વિશેષણવાચક નામ, વિશેષ્યવાચક નામની સાથે સમાસ પામે છે; અને તે સમાસ **' तत्पुरुष कर्मधारय '** કહેવાય છે. **नीलं च तदुत्पलं च** = **निलोत्पलं** = લીલું કમળ.

पूर्वकालैक-सर्व-जरत्-पुराण-नव-केवलम् ॥ ३-१-९७ ॥

એકાર્થક-એક સરખી વિભક્તિવાળા અને અર્થથી પરસ્પર સંબંધવાળા એવા જે પૂર્વકાલવાચી નામ તથા-એક, સર્વ, જરત્,

પુરાણ, નવ અને કેવલ શબ્દ, બીજા નામની સાથે સમાસ પામે છે, અને તે સમાસ ' **તત્પુરૂષ કર્મધારય** ' કહેવાય છે. **પૂર્વં સ્નાતઃ પશ્ચાદનુલિપ્તઃ = સ્નાતાનુલિપ્તઃ** = પ્રથમ સ્નાન કર્યું પછી લેપ કર્યો. અહિં સ્નાન પૂર્વકાલની ક્રિયા સૂચવે છે. **એકા ચાસૌ શાટી ચ = એકાશાટી** = એક સાડી.

दिगधिकं संज्ञा-तद्धितोत्तरपदे ॥ ३-१-९८ ॥

અકાર્થક એવું દિશાવાચક નામ અને અધિક શબ્દ, બીજા નામતી સાથે, જે સંજ્ઞાનો વિષય હોય, તદ્ધિત પ્રત્યય લાગવાનો પ્રસંગ હોય, તથા એ બે (દિશાવાચક તથા અધિક) નામો પછી ત્રીજુ ઉત્તરપદ હોય તો સમાસ પામે છે. અને તે ' **તત્પુરૂષ કર્મધારય** ' કહેવાય છે. **દક્ષિણાશ્ચ તે કોશલાશ્ચ** = દક્ષિણ કોશલ દેશનું નામ, **અધિકયા ષષ્ટ્યાં ક્રીતઃ = અધિકષાષ્ટિકઃ** = સાંઠથી વધારે રકમ વડે ખરીદાયેલ, **ઉત્તરા ગાવો ધનમસ્ય = ઉત્તરગવધનઃ** = ઉત્તર તરફની ગાયો જેનું ધન છે.

सङ्ख्या समाहारे च द्विगुश्चानाम्ययम् ॥ ३-१-९९ ॥

અકાર્થ એવા સંખ્યાવાચક નામ, બીજા નામની સાથે, જે સંજ્ઞાનો વિષય હોય, તદ્ધિત પ્રત્યય લાગવાનો હોય, તથા ઉત્તરપદ હોય તો સમાસ પામે છે, અને તે સમાસ ' **તત્પુરૂષ કર્મધારય** ' કહેવાય છે. આ જ સમાસ સમાહાર-અનેક પદાર્થનું કોઈ અપેક્ષાયે એકત્વ જણાવતું હોય અને સંજ્ઞાનો વિષય ન હોય તો, તેને ' **દ્વિગુ** ' સમાસ કહેવાય છે. **પઞ્ચ ચ તે આમ્રાશ્ચ=પઞ્ચામ્રાઃ** = પાંચ આંબાઓ, **દ્વયો માત્રોરપત્યમ્ = દ્વૈમાતુરઃ** = બે માતાનો પુત્ર, **પઞ્ચ ગાવો ધનમસ્ય = પઞ્ચગવધનઃ** = પાંચ ગાયો જેનું ધન છે. **દ્વિગુ સમાહાર—પઞ્ચાનાં પૂલાનાં સમાહારઃ = પઞ્ચપૂલી** = પાંચ પૂળા.

निन्द्यं कुत्सनैरपापाद्यैः ॥ ३–१–१०० ॥

પાપ વગેરે શબ્દો છોડીને નિંદનીય નામો, નિંદાવાચક નામની સાથે પરસ્પર અર્થની સંગતતા જણાતી હોય તો સમાસ પામે છે, અને તે સમાસ **'तत्पुरुष कर्मधारय'** કહેવાય છે. **वैयाकरणश्चासौ खसूची च वैयाकरणखसूची** = વ્યાકરણને જાણનારો પ્રશ્નના જવાબ આપવાને બદલે આકાશ સામે જોઈ રહેવું.

उपमानं सामान्यैः ॥ ३–१–१०१ ॥

એકાર્થક એવું ઉપમાનવાચક નામ, સામાન્ય–ઉપમાન અને ઉપમેયના જે સાધારણ ગુણધર્મ બંનેમાં રહેતા હોય એવા સામાન્યવાચક નામની સાથે સમાસ પામે છે, અને તે સમાસ **'तत्पुरुष कर्मधारय'** કહેવાય છે. **शस्त्रीव = शस्त्री, शस्त्री चासौ श्यामा च = शस्त्री-श्यामा** = છરીના જેવી કાળી. અહિં શસ્ત્રી એ ઉપમાનવાચક નામ છે. તથા શ્યામતા રૂપ ગુણ ઉપમાન અને ઉપમેયમાં સામાન્ય રૂપે રહેલ છે.

उपमेयं व्याघ्राद्यैः साम्यानुक्तौ ॥ ३–१–१०२ ॥

ઉપમેયવાચક નામ, ઉપમાનવાચક વ્યાઘ્ર વગેરે શબ્દો સાથે એકાર્થ–પરસ્પર અર્થની સમાનતા તથા બંનેની વિલક્ષિતનું સરખાપણું હોય તો સમાસ પામે છે, અને તે સમાસ **'तत्पुरुष कर्मधारय'** કહેવાય છે. જો ઉપમાન અને ઉપમેયનો સાધારણ ધર્મ તે પ્રયોગમાં શબ્દ દ્વારા સૂચન ન થયું હોય તો. **व्याघ्र इव = व्याघ्रः, व्याघ्र-चासौ पुरुषश्च = व्याघ्रपुरुषः** = વ્યાઘ્ર જેવો પુરૂષ.

पूर्वाऽपर–प्रथम–चरम–जघन्य–समान–मध्य–मध्यम–वीरम् ॥ ३–१–१०३ ॥

પૂર્વ, અપર, ચરમ, જઘન્ય, મધ્ય, મધ્યમ અને વીર, બીજા નામની સાથે સમાસ પામે છે. જો પરસ્પર અર્થની સમાનતા હોય અને બંનેની વિભક્તિ સરખી હોય તો, અને તે સમાસ '**તત્પુરૂષ કર્મધારય**' કહેવાય છે. **પૂર્વશ્ચાસૌ પુરુષશ્ચ = પૂર્વપુરુષઃ** = પહેલાનો પુરૂષ.

શ્રેણ્યાદિ કૃતાદ્યૈરન્યર્થે ॥ ૩–૧–૧૦૪ ॥

શ્રેણિ વગેરે શબ્દો, કૃત વગેરે શબ્દો સાથે, એકાર્થતા રહેતે છતે, ત્રિનો અર્થ જણાતો હોય તો, સમાસ પામે છે. અને તે સમાસ '**તત્પુરૂષ કર્મધારય**' કહેવાય છે. **અશ્રેણ્યઃ શ્રેણ્યઃ કૃતાઃ = શ્રેણિકૃતાઃ** = જે પંક્તિ બદ્ધ ન હતા તે પંક્તિ બદ્ધ કર્યા.

ક્તં નઞાદિભિન્નૈઃ ॥ ૩–૧–૧૦૫ ॥

કત પ્રત્યયવાળું નામ, નઞાદિભિન્ન–નિષેધ અર્થવાળો નઞ્ પ્રત્યય લાગવાથી તથા નઞ્ પ્રત્યય સમાન અર્થવાળા બીજા શબ્દો લાગવાથી જે ભેદ પડે તે જ ભેદ હોય તો, કત પ્રત્યયવાળા નામની સાથે સમાસ પામે છે, અને તે સમાસ '**તત્પુરૂષ કર્મધારય**' કહેવાય છે. **કૃતં ચ તદકૃતં ચ = કૃતાકૃતમ્** = કરેલું અને નહિં કરેલું.

સેડ્નાનિટા ॥ ૩–૧–૧૦૬ ॥

ઈટ્ સહિત એવું કત પ્રત્યયવાળું નામ, ઈટ્ રહિત એવા કત પ્રત્યયવાળા નામની સાથે '**સમાસ**' પામતું નથી. જો નઞાદિભિન્ન–સમાસ નિષેધ કરવાનો તે આ રીતે, જો તે નામના વચ્ચે ઈ હોવા પુરતો, તથા ન હોવા પૂરતો કે ન ના સમાન અર્થવાળો કોઈ શબ્દ હોવા પૂરતો જ ભેદ હોય તો, અન્ય કોઈ ભેદ ન હોવો જોઈયે. **ક્લિશિતમક્લિશતમ્** = કલેશવાળું અને કલેશ વિનાનું.

सत्–महत्–परमोत्तमोत्कृष्टं पूजायाम् ॥ ३–१–१०७ ॥

સત્, મહત્, પરમ, ઉત્તમ અને ઉત્કૃષ્ટ શબ્દો, એકાર્થક એવા પૂજ્યવાચક નામની સાથે સમાસ પામે છે, અને તે સમાસ **'તત્પુરૂષ કર્મધારય'** કહેવાય છે. **सच्चासौ पुरुषश्च = सत्पुरुषः** = સત્પુરૂષ.

वृन्दारक–नाग–कुञ्जरैः ॥ ३–१–१०८ ॥

પૂજ્યવાચક નામ, પૂજ્ય અર્થ જણાતે છતે વૃન્દારક, નાગ અને કુંજર શબ્દ સાથે એકાર્થના જણાતી હોય તો સમાસ પામે છે, અને તે સમાસ **'तत्पुरुष कर्मधारय'** કહેવાય છે. **वृन्दारक इव = वृन्दारकः, गौश्चासौ वृन्दारकश्च = गोवृन्दारकः** = ઉત્તમ બળદ અથવા ગાય.

कतर–कतमौ जातिप्रश्ने ॥ ३–१–१०९ ॥

કતર અને કતમ શબ્દ, જાતિનો પ્રશ્ન જણાતે છતે, જાતિવાચક નામની સાથે, એકાર્થતા હોય તો સમાસ પામે છે, અને તે સમાસ **'तत्पुरुष कर्मधारय'** કહેવાય છે. **कतरश्चासौ कठश्च = कतरकठः** = કોણ કઠ ગોત્રીય છે. કઠે કહેલી વેદશાખાને ભણનાર વિપ્ર કઠ કહેવાય.

किं क्षेपे ॥ ३–१–११० ॥

એકાર્થક રહેતે છતે, કિમ્ શબ્દ, નિંદાવાચક નામની સાથે, નિંદા જણાતી હોય તો સમાસ પામે છે. અને તે સમાસ **'तत्पुरुष कर्मधारय'** કહેવાય છે. **को राजा = किंराजा** = ખરાબ રાજા.

पोटा–युवति–स्तोक–कतिपय–गृष्टि–धेनु–वशा–वेहद्–बष्कयणी–प्रवक्तृ–श्रोत्रिया–ऽध्यायक–धूर्त–प्रशंसारूढैर्जातिः ॥ ३–१–१११ ॥

એકાર્થક એવું જાતિવાચક નામ, પોટા, યુવતિ, સ્તોક, કતિપય, ગૃષ્ટિ, ધેનુ, વશા, વેહદ્, બષ્કયણી, પ્રવક્તા, શ્રોત્રિય, અધ્યાયક, ધૂર્ત અને પ્રશંસામાં રૂઢ શબ્દો સાથે સમાસ પામે છે. અને તે સમાસ **'तत्पुरुष कर्मधारय'** કહેવાય છે. **इभ्यां च सा पोटा च = इभ्यपोटा** = ધનાઢ્ય પાવૈયો, નપુંસક.

चतुष्पाद गर्भिण्या ॥ ३–१–११२ ॥

ચારપગવાળું પશુજાતિવાચક નામ, એકાર્થક રહેતે છતે, ગર્ભિણી શબ્દ સાથે સમાસ પામે છે. અને તે સમાસ **'तत्पुरुष कर्मधारय'** કહેવાય છે. **गौश्चासौ गर्भिणी च = गोगर्भिणी** = ગર્ભવાળી ગાય

युवा–खलति–पलित–जरद्–बलिनैः ॥ ३–१–११३ ॥

યુવન્ શબ્દ, ખલિત, પલિત, જરદ્ અને બલિન શબ્દ સાથે, એકાર્થક હોય તો સમાસ પામે છે. અને તે સમાસ **'तत्पुरुष कर्मधारय'** કહેવાય છે. **युवाश्चासौ खलतिश्च = युवखलतिः** = ટાલિયો.

कृत्य–तुल्याऽऽख्यमजात्या ॥ ३–१–११४ ॥

કૃત્ય પ્રત્યયવાળા નામ, અને તુલ્ય અર્થવાળા નામની સાથે, એકાર્થક હોય તો સમાસ પામે છે, અને તે સમાસ **'तत्पुरुष कर्मधारय'** કહેવાય છે. **भोज्यं च तदुष्णं च = भोज्योष्णम्** = ગરમાગરમ ખાવાનું.

कुमारः श्रमणादिना ॥ ३–१–११५ ॥

કુમાર શબ્દ, શ્રમણ વગેરે નામની સાથે, એકાર્થક હોય તો સમાસ પામે છે. અને તે સમાસ ' **तत्पुरुष कर्मधारय** ' કહેવાય છે. **कुमारी चासौ श्रमणी च = कुमारश्रमणी** = બ્રહ્મચારિણી સાધ્વી.

मयूरव्यंसके यादयः ॥ ३–१–११६ ॥

મયૂરવ્યસક વગેરે શબ્દો ' **तत्पुरुष कर्मधारय** ' સમાસ રૂપે ' નિપાતન ' થાય છે. **व्यंसयति, छलयति वा = व्यंसकः, व्यंसकश्चासौ मयूरश्च = मयूरव्यंसकः** = લુચ્ચો મોર, ઠગારો માણસ.

[द्वन्द्व समास]

चार्थे द्वन्द्वः सहोक्तौ ॥ ३–१–११७ ॥

ચાર્થ–ચ અવ્યયના પ્રયોગ સાથે, સહોકિત–જડ અને ચેતન પદાર્થનું સામાન્યરૂપે અને વિશેષરૂપ સાથે સાથે જે કથન કરવા અર્થમાં એક નામનો, બીજા નામની, તથા અનેક નામોની સાથે સમાસ પામે છે. અને તે સમાસ ' **द्वन्द्व** ' કહેવાય છે. **प्लक्षश्च न्यग्रोधश्च = प्लक्षन्यग्रोधौ** = પીપળો અને વડ, **धवश्च खदिरश्च पलाशश्च = धवखदिरपलाशाः** = ધવનું, ખેરનું અને ખાખરાનું ઝાડ.

[एक शेष समास]

समानामर्थेनैकः शेषः ॥ ३–१–११८ ॥

જે શબ્દો સમાન અર્થવાળા હોય, એવા શબ્દોની સહોકિત

રહેતે છતે, સમાસ થયા બાદ એક જ બાકી રહે છે, અને તે સમાસ ' **એકશેષ** ' કહેવાય છે. **सितश्च शुक्लश्च श्वेतश्च = सिताः, शुक्लाः, श्वेताः वा** = સફેદ.

स्यादावासङ्ख्येयः ॥ ३-१-११९ ॥

વિભક્તિના રૂપો સરખા હોય, અક્ષરોની અપેક્ષાયે શબ્દો એક સરખા હોય, અને સહોક્તિ જણાતી હોય તો સમાસ થયા બાદ એકજ બાકી રહે છે. અને તે સમાસ ' **એકશેષ** ' કહેવાય છે. **अक्षश्च (शकटाक्षः), अक्षश्च (देवनाक्षः), अक्षश्च (बिभीतकाक्षः) = अक्षः** = ગાડાનું ધોસરૂં, રમવાના પાસા, અને બહેડાનુ ઝાડ.

त्यदादिः ॥ ३-१-१२० ॥

ત્યદ્ વગેરે શબ્દો, તથા અન્ય શબ્દોની સહોક્તિ રહેતે છતે, ત્યદ્ વગેરે શબ્દો સંબંધિ સમાસ થયા બાદ એક જ બાકી રહે છે. અને તે સમાસ ' **એકશેષ** ' કહેવાય છે. **अहं च स च त्वं च = वयम्** = હું, તું અને તે, **स च यश्च = यौ** = તે અને જે, **स च चैत्रश्च = तौ** = તે અને ચૈત્ર. ત્યદ્ વગેરે શબ્દો " **सर्वादिः [१-४-७]** " એ સૂત્રમાં જણાવેલ છે. તથા સર્વાદિ સૂત્રમાં ત્યદ્ વગેરે શબ્દોનો જે ક્રમ જણાવેલ છે, તે જ ક્રમ પ્રમાણે આવા પ્રયોગમાં પાછળનો શબ્દ એકશેષ રહે છે. જેમકે- **अहं च त्वं च भवान् च कश्चच = के** આપ્રયોગમાં ત્યદાદિમાં किम् પાછળ જણાવેલ હોવાથી એક શેષ **क (किम्)** રહે છે. આવો નિયમ સર્વસાધારણ નથી, પરંતુ બહુલ પ્રકારે સમજવાનો છે.

मातृ-पुत्राः स्वसृ-दुहितृभिः ॥ ३-१-१२१ ॥

સ્વસૃ – બહેન અર્થવાળા શબ્દોની, ભ્રાતૃ–ભાઈ અર્થવાળા શબ્દોની સાથે સહોકિત રહેતે છતે, ભ્રાતૃ અર્થવાળા શબ્દ સાથે સહોકિત રહેતે છતે, સમાસ પામ્યા બાદ એકશેષ રહે છે. તથા દુહિતૃ–દિકરી અર્થવાળા શબ્દોની, પુત્ર–દિકરા અર્થવાળા શબ્દોની સાથે સહોકિત રહેતે છતે, સમાસ પામ્યા બાદ પુત્ર અર્થવાળા એક શેષ રહે છે. અને તે ' એકશેષ ' સમાસ કહેવાય છે. **भ्राता च स्वसा च** =**भ्रातरौ** = ભાઈ અને બહેન, **पुत्र च दुहिता च**= **पुत्रौ** = પુત્ર અને પુત્રી, **बन्धु च भगिनी च** = **बन्धौ** = ભાઈ અને બહેન, **सुतश्च पुत्री च** = **सुतौ** = પુત્ર અને પુત્રી.

पिता मात्रा वा ॥ ३–१–१२२ ॥

માતૃ–માતા શબ્દની, પિતૃ–પિતા શબ્દની સહોકિત જણાતે છતે સમાસ પામ્યા બાદ વિકલ્પે એક બાકી રહે છે. અને તે સમાસ ' એકશેષ ' કહેવાય છે. **पिता च माता च = पितरौ, माता· पितरौ** = માતા પિતા.

श्वशूरः श्वश्रूभ्यां वा ॥ ३–१–१२३ ॥

શ્વશ્રૂ શબ્દની, શ્વશૂર શબ્દની સાથે સહોકિત રહેતે છતે, સમાસ પામ્યા બાદ વિકલ્પે એક બાકી રહે છે, અને તે સમાસ ' એકશેષ ' કહેવાય છે. **श्वशूरश्च श्वश्रूश्च = श्वशूरौ, श्वश्रूश्वशूरौ** = સાસુ સસરા.

वृद्धो युना तन्मात्रभेदे ॥ ३–१–१२४ ॥

યુવા અર્થમાં વિધાન કરાયેલ તદ્ધિત પ્રત્યયન્ત નામ સાથે, વૃદ્ધ અર્થમાં વિધાન કરાયેલ તદ્ધિત પ્રત્યયાન્ત નામ. સહોકિત જણાતે છતે સમાસ પામ્યા બાદ એક બાકી રહે છે. અને તે સમાસ

' એકશેષ ' કહેવાય છે. જો તન્માત્રભેદ–બે નામો વચ્ચે વૃદ્ધ સંજ્ઞા અને યુવાસંજ્ઞા સિવાય અર્થ ભેદ, પ્રાકૃતિ ભેદ કે અન્ય કોઈ ભેદ ન હોય તો. **गर्गस्यापत्ययं पौत्रादिः = गार्ग्यः, गर्गस्यापत्यं वृद्धम् = गार्ग्यः, गार्ग्यास्यापत्यं युवा = गार्ग्यायणः, गार्ग्यश्च गार्ग्यायणश्च = गार्ग्यौ** = ગર્ગના પૌત્રાદિ અને ગર્ગના પ્રપૌત્રાદિ. પિતા અથવા મોટા ભાઈ જીવતા હોય તે વખતની જે પ્રપૌત્રાદિ સંતતિ તે યુવા કહેવાય, અને પૌત્ર વગેરે વૃદ્ધ કહેવાય.

स्त्री पुंवच्च ॥ ३–१–१२५ ॥

વૃદ્ધ અપત્યરૂપ સ્ત્રીવાચક નામ, યુવા અપત્યરૂપ સ્ત્રીવાચક નામની સાથે સહોકિત જણાતે છતે સમાસ પામે છે, અને તે **' એકશેષ '** સમાસ કહેવાય છે. અને સમાસ થયા બાદ એક બાકી રહે છે. અને જે એક બાકી રહે તે, જો બન્ન નામો વચ્ચે વૃદ્ધ અને યુવા સંજ્ઞા સિવાય બીજો કોઈ ભેદ ન હોય તો **' પુલ્લિંગ '** જેવો થાય છે. **गार्गी च गार्ग्यायणश्च = गार्ग्यौ** = ગર્ગની પૌત્રી અને ગર્ગના પ્રપૌત્રાદિ.

पुरुषः स्त्रियाः ॥ ३–१–१२६ ॥

પ્રાણિવાસક પુરૂષજાતિનું નામ, પ્રાણિવાચક સ્ત્રી જાતિના નામની સાથે સહોકિત જણાતે છતે સમાસ પામે છે, અને તે સમાસ **' એકશેષ '** કહેવાય છે. અને જો વૃદ્ધ અને યુવાસંજ્ઞા સિવાય અન્ય કોઈ ભેદ ન હોય તો **' પુલ્લિંગ '** જેવો થાય છે. **मयूरश्च मयूरी च = मयूरौ** = મોર અને ઢેલ. **ब्राह्मणश्च ब्राह्मणी च = ब्राह्मणौ** = બ્રાહ્મણ અને બ્રાહ્મણી.

ग्राम्याशिशु–द्विसकसंघे स्त्री प्रायः ॥ ३–१–१२७ ॥

ગામડામાં રહેનાર, તથા અશિશુ–નાની ઉમરના નહિ એવા બે

ખરીવાળા પશુઓના સંબંધમાં સ્ત્રી જાતિ અને પુરૂષજાતિની સહોકિત રહેતે છતે સમાસ પામે છે, અને તે '**એકશેષ**' સમાસ કહેવાય છે. અને જો તે સ્ત્રીજાતિ અને પુરૂષજાતિના ભેદ સિવાય અન્ય કોઈ ભેદ ન હોય તો, અને સમાસ પામ્યા બાદ પ્રાયઃ '**સ્ત્રીલિંગ**' જેવો થાય છે. **गावश्च स्त्रियः गावश्च पुरुषः = इमा गावः** = આ ગાય અને બળદનો સમુદાય. **गौश्चायं गौश्चेयम् = इमौ गावौ** = આ ગાય અને આ બળદ. અહિં સમુદાય ન હોવાથી "**पुरुषः० [३-१-१२६]**" એ સૂત્રથી એકશેષ સમાસ થયો છે.

क्लबमन्येनैकं च बा ॥ ३-१-१२८ ॥

નપુંસકજાતિવાચક નામ, અન્ય-સ્ત્રીજાતિવાચક કે પુરૂષજાતિવાચક નામની સાથે સહોકિત રહેતે છતે સમાસ પામે છે, અને તે સમાસ '**એકશેષ**' કહેવાય છે, અને નપુંસકવાચક નામ બાકી રહે છે, તથા નપુંસક અને અનપુંસક સિવાય બીજો કોઈ ભેદ ન હોય તો '**એકાર્થ**' એકવચનવાળો વિકલ્પે થાય છે. **शुक्लं च वस्त्रं शुक्लश्च कम्बलः = तदिदं शुक्लं, ते इमे शुक्लानि** = તે આ ધોળું વસ્ત્ર અને તે આ ધોળી કામળ, **शुक्लं च शुक्लश्च शुक्ला च = शुक्लं, शुक्लानि बा** = ત્રણ જાતના ધોળા.

पुष्यार्थाद्वे पुनर्वसुः ॥ ३-३-१२९ ॥

નક્ષત્રવાચક પુષ્ય અર્થવાળા શબ્દો, નક્ષત્રવાચક પુનર્વસુ શબ્દની સાથે સહોકિત રહેતે છતે સમાસ પામે છે, અને તે સમાસ '**એકશેષ**' કહેવાય છે. અને દ્વિવચન સૂચક પુનવસુ નક્ષત્રશબ્દનો '**એકાર્થ**' થાય છે. **पुष्यश्च पुनर्वसू च = पुष्यपुनर्वसू** = પુષ્ય અને બે પુનર્વસુ નક્ષત્રો. દ્વિવચન સૂચક પુનર્વસુ શબ્દ એકવચનમાં જણાવવાથી પુનર્વસૂ એવું દ્વિવચનરૂપ સધાયું. જો આમ ન કર્યું

હોત તો પુનર્વસવઃ એવું અશુદ્ધરૂપ થઈ જાત. એકાર્થ એટલે એકવચન થાય છે. એમ દરેક સૂત્રમાં સમજવું.

विरोधिनामद्रव्याणां नवा द्वन्द्वः स्वैः ॥ ३–१–१३० ॥

અદ્રવ્ય-ગુણવાચક અને ક્રિયાવાચક એવા પરસ્પર વિરોધિ અર્થવાળા શબ્દોની સાથે થયેલ જે દ્વન્દ્વ સમાસ તે વિકલ્પે '**એકાર્થ**' થાય છે. **सुखं च दुःखं च = सुखदुःखम्, सुखदुःखे** = સુખ અને દુઃખ. સુખ અને દુઃખ વિરાધિ સજાતીય શબ્દો છે.

अश्ववडव–पूर्वापरा–ऽधरोत्तराः ॥ ३–१–१३१ ॥

અશ્વવડવ, પૂર્વાપર અને અધરોત્તર એ દ્વન્દ્વ સમાસવાળા સજાતીય ત્રણ શબ્દો વિકલ્પે '**એકાર્થ**' થાય છે. **अश्वश्च वडवा च = अश्ववडवौ, अश्ववडवम्**–ઘોડો અને ઘોડી.

पशु–व्यञ्जनानाम् ॥ ३–१–१३२ ॥

પશુવાચક અને વ્યંજન-ખાવાની વસ્તુવાચક શબ્દોનો થયેલ સજાતીય દ્વન્દ્વ સમાસ વિકલ્પે '**એકાર્થ**' થાય છે. **गौश्च महिषश्च = गोमहिषम्, गोमहिषौ** = ગાય અને પાડો, **शाकं च सूपश्च = शाकसूपम्, शाकसूपौ** = શાક અને દાળ. એવી રીતે **दधिघृतम्, दधिघृतौ** = દહીં અને ઘી.

तरु–तृण–धान्य–मृग–पक्षिणां बहुत्वे ॥ ३–१–१३३ ॥

બહુવચનવાળા એવા તરૂ, તૃણ, ધાન્ય, મૃગ અને પક્ષી વાચક નામોનો, સજાતીય નામો સાથે થયેલ જે દ્વન્દ્વ સમાસ, તે વિકલ્પે '**એકાર્થ**' થાય છે. **प्लक्षाश्च न्यग्रोधाश्च = प्लक्षन्यग्रोधम्, प्लक्षन्यग्रोधाः** = પીપળાના અને વડના ઝાડો.

सेनाङ्ग-क्षुद्रजन्तूनाम् ॥ ३-१-१३४ ॥

બહુવચનવાળા સેનાના અંગવાચક નામોનો તથા ક્ષુદ્રજન્તુવાચક નામોનો, સજાતીય નામોની સાથે થયેલ દ્વન્દ્વ સમાસ, તે નિત્ય '**એકાર્થ**' થાય છે. **अश्वाश्च रथाश्च = अश्वरथम्** = ઘોડા અને રથો. **यूकाश्च लक्षाश्च = युकलक्षम्** = જુંઓ અને લિંખો.

फलस्य जातौ ॥ ३-१-१३५ ॥

બહુવચનવાળા ફલવાચક નામોનો, જાતિની વિવક્ષા રહેતે છતે, સજાતીય નામોની સાથેનો થયેલ જે દ્વન્દ્વ સમાસ, તે '**એકાર્થ**' થાય છે. **बदराश्च आमलकानि च = बदरामलकम्** = બોર અને આંબળા.

अप्राणि-पश्वादेः ॥ ३-१-१३६ ॥

પ્રાણિ અને પશુ વગેરે સૂત્રોક્ત ભિન્ન, જે દ્રવ્યવાચક અને જાતિવાચક શબ્દોનો, સજાતીય નામોની સાથે થયેલ જે દ્વન્દ્વ સમાસ, તે '**એકાર્થ**' થાય છે. **आरा च शस्त्री च = आराशस्त्री** = કરવત અને છરી. **सूत्रोक्त- "पशु० [३-१-१३२]"** એ સૂત્રથી **"फलस्य० [३-१-१३५]"** એ સુત્રોથી વિધાન કરાયેલ શબ્દો ન લેવા.

प्राणि-तूयङ्गाणाम् ॥ ३-१-१३७ ॥

પ્રાણિના અંગવાચક નામોનો તથા વર્દ્યિત્રના અંગવાચક નામોનો સજાતીય નામોની સાથે થયેલ જે દ્વન્દ્વ સમાસ, તે '**એકાર્થ**' થાય છે. **कर्णौ च नासिका च = कर्णनासिका** = કાન અને નાક,

मार्दङ्गिका च पाणविकम् च = मार्दङ्गिकपाणविकम् = મૃદંગ વગાડનાર અને ઢોલ વગાડનાર.

चरणस्य स्थेणाऽद्यतन्यामनुवादे ॥ ३-१-१३८ ॥

અદ્યતની વિભક્તિ સંબંધિ સ્થા અને ધ્રુણ્ ધાતુના કર્તા૩૫ જે ચરણ-કઠાદિ વાચક નામોનો, સજાતીય નામો સાથે થયેલ દ્વન્દ્વ સમાસ, તે '**એકાર્થ**' થાય છે. અનુવાદ-પ્રસિદ્ધ શબ્દોનું બીજા શબ્દ દ્વારા કહેવું એવા અર્થનો વિષય હોય તો '**એકાર્થ**' થાય છે. **प्रत्यष्ठात् कडाश्च कलापाश्च = प्रत्यष्ठात् कठकलापम्** = કઠ અને કલાપ પ્રતિષ્ઠિત થયા.

अक्वीवेऽध्वर्युक्रतोः ॥ ३-१-१३९ ॥

અધ્વર્યુ ક્રતુ-યજુર્વેદમાં વિધાન કરાયેલ જે અશ્વમેધાદિ યજ્ઞવાચક નામોનો, સજાતીય અધ્વર્યુવાચક નામોનો થયેલ જે દ્વન્દ્વ સમાસ, તો '**એકાર્થ**' થાય છે. જો અધ્વર્યુ વાચક નામ નપુંસકલિંગી ન હોય તો. **अर्कश्च अश्वमेधश्च = अर्काश्वमेधम्** = અર્ક નામનો યજ્ઞ તથા અશ્વમેધ નામનો યજ્ઞ.

निकटपाठस्य ॥ ३-१-१४० ॥

નજીકના પાઠવાળા વિદ્યાર્થીવાચક નામોનો, સજાતીય નામોની સાથે થયેલ જે દ્વન્દ્વ સમાસ, તે '**એકાર્થ**' થાય છે. **पदमधीते = पदकः, क्रममधीते = क्रमकः, पदकश्च क्रमकश्च = पदकक्रमकः** = પદ અને ક્રમને ભણનાર.

नित्यवैरस्य ॥ ३-१-१४१ ॥

નિત્યવૈરવાળા નામનો, સજાતીય નામોની સાથે થયેલ જે દ્વન્દ્વ

સમાસ, તે '**એકાર્થ**' થાય છે. **અહિશ્ચ નકુલશ્ચ = અહિનકુલમ્** = સર્પ અને નોળીયો.

नदी–देश–पुरां विलिङ्गानाम् ॥ ३–१–१४२ ॥

જુદા જુદા લિંગવાળા દેશ, નદી અને જનપદવાચક નામોનો, સજાતીય નામોની સાથે થયેલ જે દ્વન્દ્વ સમાસ, તે '**એકાર્થ**' થાય છે. **गङ्गा च शोणश्च = गङ्गाशोणम्** = ગંગા અને સોન નદી. **पुराम्** – શબ્દથી ગામવાચક કે પર્વતવાચક નામો લેવાના નથી. પરંતુ જનપદ વાચક નામ જ લેવાના છે. જેમકે = **मथुरा च पाटलिपुत्रश्च = मथुरापाटलिपुत्रम्** = મથરા અને પટણા

पात्यशूद्रस्य ॥ ३–१–१४३ ॥

પાત્યશૂદ્ર–જે વાસણ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યએ શૂદ્રને જમવા કે પાણી પીવા આપેલ હોય તેને માંજીને કે વીંછળીને શુદ્ધ કરાય તે. પાત્યશૂદ્ર નામોનો, સજાતીય નામની સાથે થયેલ દ્વન્દ્વ સમાસ તે '**એકાર્થ**' થાય છે. **तक्षाणश्च अयस्काराश्च = तक्षायस्कारम्** = લુહાર અને સુથાર.

गवाश्वादि ॥ ३–१–१४४ ॥

ગવાશ્વ વગેરે શબ્દો, દ્વન્દ્વ સમાસમાં '**એકાર્થ**' થાય છે. **गौश्च अश्वश्च = गवाश्वः** ગાય અને ઘોડો.

न दधिपयादिः ॥ ३–१–१४५ ॥

દધિપયસ્ વગેરે શબ્દો દ્વન્દ્વ સમાસમાં '**એકાર્થ**' થતાં નથી. **दधि च पयश्च = दधिपयसी** = દહીં અને દુધ.

संख्याने ॥ ३-१-१४६ ॥

पूर्वपद अने उत्तरपदमां रहेल नामो, जे संख्या गणाती होय तो, द्वन्द्व समासमां 'एकार्थ' थतां नथी. **दश च गावश्च महिषाश्च = दशगामहिषाः** = दश बळद अने दश पाडा.

वाऽन्तिके ॥ ३-१-१४७ ॥

पूर्वपद के उत्तरपदमां रहेला नामोने, संख्यानी अणुतरीनी नजीक-दशनी आसपास वगेरे संख्यानी नजीक जणाते छते, द्वन्द्व समासमां 'एकार्थ' विकल्पे थाय छे. **उपगता दश येषां यस्य वा = उपदशं गोमहिषम्, = उपदशाः गोमहिषाः** = नव अथवा अगियार बळद अने पाडाओ.

प्रथमोक्त प्राक् ॥ ३-१-१४८ ॥

समास प्रकरणमां ज्यां ज्यां प्रथमाविभक्ति वडे जणावेल नाम, 'पूर्वे' मूकवामां आवे छे. **आसन्ना दश येषां ते = आसन्नदशाः** = नव अथवा अगीयार, **सप्तानां गङ्गानां समाहारः = सप्तगङ्गम्** =सात गंगाओ. **आसन्नदशाः** आ वाक्यमां "**आसन्नाद्य [३-१-२०]**" ओ सूत्रमां आसन्न शब्द प्रथमा विभक्तिथी जणावेल होवाथी, तथा **सप्तगङ्गम्** आ वाक्यमां "**संख्याद्य [३-१-२८]**" ओ सूत्रमां सप्त शब्द प्रथमा विभक्तिमां जणावेल होवाथी 'आसन्न' अने "सप्त" शब्द पूर्वे-पहेला मूकवामां आवेल छे.

राजदन्तादिषु ॥ ३-१-१४९ ॥

राजदन्त वगेरे समासवाळा शब्दोना निपातनमां, जे पहेला

આવ્યા યોગ્ય નથી, તેને પણ 'પૂર્વે' મૂકવામાં આવેલ છે. **दन्तानां राजा = राजदन्तः** = દાંતનો રાજા.

विशेषण सर्वादि-संख्यं बहुव्रीहौ ॥ ३-१-१५० ॥

વિશેષણવાચક શબ્દો, સર્વાદિ શબ્દો અને સંખ્યાવાચક શબ્દો બહુવ્રીહિ સમાસમાં 'પૂર્વે' મૂકવામાં આવે છે. **चित्रा गावो यस्य सः = चित्रगुः** = કાબરચીતરી ગાયો વાળો.

क्तः ॥ ३-१-१५१ ॥

ક્ત પ્રત્યયવાળા નામો, બહુવ્રીહિ સમાસમાં 'પૂર્વે' મૂકવામાં આવે છે. **कृतः कटो येन सः = कृतकटः** = જેને સાદડી બનાવેલ છે તે.

जाति-काल-सुखादेर्नञा ॥ ३-१-१५२ ॥

બહુવ્રીહિ સમાસમાં આવેલ ક્ત પ્રત્યયવાળું નામ, જાતિવાચક, કાલવાચક અને સુખાદિવાચક નામથી વિકલ્પે 'પૂર્વે' મૂકવામાં આવે છે. **शाङ्गरो जग्धोऽनयेति = शाङ्गरजग्धी, जग्धशाङ्गरा** = જેને સાંગરીની શીંગ ખાધેલી છે તે સ્ત્રી.

अहिताग्न्यादिषु ॥ ३-१-१५३ ॥

અહિતાગ્નિ વગેરે બહુવ્રીહિ સમાસવાળા શબ્દોમાં, ક્ત પ્રત્યયાન્ત વાળા નામો વિકલ્પે 'પૂર્વે' મુકવામા આવે છે. **आहितोऽग्निर्येन सः = आहिताग्निः, अग्न्याहितः** = જેને અગ્નિનું સ્થાપન કરેલ છે.

प्रहरणात् ॥ ३-१-१५४ ॥

બહુવ્રીહિ સમાસમા ક્ત પ્રત્યયવાળા નામ, પ્રહરણવાચક નામથી વિકલ્પે 'પૂર્વે' મૂકવામાં આવે છે. **उद्यतोऽसिर्येन सः = उद्यतासिः,**

अस्युद्यतः = જેણે તલવાર ઉગામી છે તે.

न सप्तमीन्द्वादिभ्यश्च ॥ ३-१-१५५ ॥

બહુવ્રીહિ સમાસમાં ઈન્દુ વગેરે નામોથી, તથા પ્રહરણવાચક નામોથી, સપ્તમીવિભક્તિવાળા નામો '**पूर्वे**' મૂકવામાં આવતું નથી. **इन्दुर्मौलौ यस्य सः = इन्दुमौलिः** = શંકર, **चक्रं पाणौ यस्य सः = चक्रपाणिः** = વિષ્ણુ.

गड्वादिभ्यः ॥ ३-१-१५६ ॥

બહુવ્રીહિ સમાસમાં ગડુ વગેરે શબ્દોથી, સપ્તમી વિભક્તિવાળું નામ વિકલ્પે '**पूर्वे**' મૂકવામાં આવે છે. **कण्ठे गडुर्यस्य सः = कण्ठेगडुः, गडुकण्ठः** = જેના ગળામાં ગાંઠ છે તે.

प्रियः ॥ ३-१-१५७ ॥

બહુવ્રીહિ સમાસમાં પ્રિય શબ્દ વિકલ્પે '**पूर्वे**' મૂકવામાં આવે છે. **प्रियः गुडः यस्य सः = प्रियगुडः, गुडप्रियः** = જેને ગોળ પ્રિય છે તે.

कडारादयः कर्मधारये ॥ ३-१-१५८ ॥

કર્મધારય સમાસમાં કડાર વગેરે શબ્દો વિકલ્પે '**पूर्वे**' મૂકવામાં આથે છે. **कडारश्चासौ जैमिनिश्च = कडारजैमिनिः, जैमिनिकडारः** = વાંદરા જેવા રંગવાળા જૈમિનિ ઋષિ.

धर्मार्थादिषु द्वन्द्वे ॥ ३-१-१५९ ॥

દ્વન્દ્વ સમાસવાળા ધર્માર્થ વગેરે નામોમાં, જે નામ પ્રથમ મૂકવા યોગ્ય હોય, તેને વિકલ્પે '**पूर्वे**' મૂકવામાં આવે છે. **धर्मश्च**

अर्थश्च = ધર્માર્થો, **अर्थधर्मौ** = ધર્મ અને અર્થ.

लघ्वक्षरा–ऽसखोदुत्–स्वरद्यदल्पस्वरा–ऽर्च्यमेकम् ॥ ३–१–१६० ॥

દ્વન્દ્વસમાસમાં લઘુઅક્ષરવાળા નામો, સખિ શબ્દ વર્જિત હ્રસ્વ ઈકારાન્ત અને હ્રસ્વ ઉકારાન્ત નામો, સ્વરાદિ અકારાન્ત નામો, અલ્પ સ્વરવાળા નામો, અને પૂજ્યવાચક નામો '**પૂર્વે**' મૂકવામાં આવે છે, તથા જ્યાં અનેક નામોનો સંભવ હોય ત્યાં સૂત્રમાં જણાવ્યાનુસાર ક્રમ પ્રમાણે '**પૂર્વે**' મૂકવામાં આવે છે. **करश्च शीर्षश्च** = **करशीर्षम्** = હાથ અને માથું, **अग्निश्च सोमश्च** = **अग्निषोमौ** = અગ્નિ અને સોમ, **वायुश्च तोयं च** = **वायुतोयम्** = પવન અને પાણી, **अस्त्रं च शस्त्रं च** = **अस्त्रशस्त्रम्** = અસ્ત્ર અને શસ્ત્ર, **प्लक्षश्च न्यग्रोधश्च** = **प्लक्षन्यग्रोधौ** = પીપળો અને વડ, **श्रद्धा च मेधा च** = **श्रद्धामेधे** = શ્રદ્ધા અને બુદ્ધિ. **शंखश्च दुन्दुभिश्च वीणा च, वीणा च शंखश्च दुन्दुभिश्च, शंखश्च वीणा च दुन्दुभिश्च** = **शंखदुन्दुभिवीणाः, वीणाशंखदुन्दभयः, शंखवीणादुन्दभयः** = શંખ વીણા અને દુન્દુભિ. ઈકારાન્ત નામની પછી અલ્પસ્વરવાળાનો સૂત્રમાં નિર્દેશ છે. એથી જે પછી તે પહેલો એ નિયમાનુસાર સ્વરવાળા અકારાન્ત નામનો જ પૂર્વ '**નિપાત**' થાય પણ ઈકારાન્ત નામનો નહિ.

मास–वर्ण–भात्रनुपूर्वम् ॥ ३–१–१६२ ॥

દ્વન્દ્વ સમાસમાં માસવાચક નામો, વર્ણવાચક નામો તથા ભ્રાતૃ વાચક નામો, લૌકિકગણના પ્રમાણે અનુક્રમમાં જે પૂર્વે હોય તે જ '**પૂર્વે**' મૂકાય છે. **फाल्गुनश्च चैत्रश्च** = **फाल्गुनचैत्रौ** = ફાગણ અને ચૈત્ર, **ब्राह्मणश्च क्षत्रियश्च** = **ब्राह्मणक्षत्रियौ** = બ્રાહ્મણ અને

ક્ષત્રિય, **बलदेवश्च वासुदेवश्च = बलदेववासुदेवौ** = બલદેવ અને વાસુદેવ,

भर्तुतुल्यस्वरम् ॥ ३-१-१६२ ॥

દ્વન્દ્વ સમાસમાં જે સંખ્યાની દૃષ્ટિએ સમાનસ્વરવાળા એવા નક્ષત્રવાચક નામો તથા ઋતુ વાચક નામો, અનુક્રમે-જે નામ ક્રમમાં પૂર્વમાં જ હોય, તે જ નામ '**पूर्वे**' મૂકાય છે. **अश्विनी च भरणी च कृतिका च = अश्विनीभरणीकृतिकाः** = અશ્વિની, ભરણી અને કૃત્તિકા નક્ષત્રો, **हेमन्तश्च शिशिरश्च वसन्तश्च = हेमन्तशिशिरवसन्ताः** = હેમન્ત, શિશિર અને વસન્ત ઋતુઓ.

सङ्ख्या समासे ॥ ३-५-१६३ ॥

સમાસ માત્રમાં સંખ્યાવાચક નામ, અનુક્રમ પ્રમાણે '**पूर्वे**' મૂકાય છે. બહુવ્રીહિ—**द्वौ वा त्रयो वा = द्वित्राः** = બે અથવા ત્રણ, દ્વિગુ—**द्वे शते समाहृते = द्विशती** = બસો, દ્વન્દ્વ—**एकश्च दश च = एकादश** = અગીયાર.

॥ इत्याचार्य श्रीहेमचन्द्रविरचिते सिद्धहेमशब्दानुशासने श्रीविजयमहिमाप्रभसूरिकृत बालावबोधिनीवृत्तेः तृतीयाध्यायस्य प्रथमपादः ॥

असंरब्धा अपि चिरं, दुःसहा वैरिभूभृताम् ।
चण्डाश्चामुण्डराजस्य, प्रतापशिखिनः कणाः ॥ ९ ॥

ચામુંડરાજના પ્રતાપરૂપ અગ્નિના પ્રચંડ કિરણે નહિ સ્પર્શાયા છતાં, વૈરિરાજાઓને ચિરકાલ સુધી દુઃખ સહન કરવું પડે છે. ૯

[अथ द्वितीयापादः]

परस्परा–ऽन्यान्येतरेतरस्याम् स्यादेर्वाऽपुंसि ॥ ३–२–१ ॥

પુંલિંગમાં નહિ વર્તતા એવા પરસ્પર, અન્યોન્ય, અને ઇતરેતર શબ્દોને, લાગેલ સર્વ સ્યાદિ વિભક્તિને સ્થાને '**અમ્**' આદેશ વિકલ્પે થાય છે. **इमे सख्यौ कुले वा परस्पराम्, परस्परम् भोजयतः** = આ બે સખી અથવા આ બે કુલો પરસ્પર જમાડે છે. અહિં **इतरेतरस्य + आम्, इतरेतरस्य + अम्** આ રીતે પદની સંધિ કરાય તો આમ્ અને અમ્ નું વિધાન સમજવું. એ જ રીતે **वाऽपुंसि** માં પણ **वा अपुंसि** અને **वा पुंसि** આ રીતે બે પદ જુદા કરીયે તો **वा अपुंसि** એટલે પુંલિંગ સિવાયમાં એવો અર્થ થાય, તથા **वा पुंसि** એટલે પુંલિંગમાં એવો અર્થ પણ કરાય, અર્થાત્ **वा अपुंसि** એવું પદ રાખીયે તો પુંલિંગ સિવાય સર્વ સ્યાદિ વિભક્તિના સ્થાને વિકલ્પે '**आम्**' થાય. અને **वा पुंसि** એવું પદ રાખીયે તો પુંલિંગમાં સર્વ સ્યાદિ વિભક્તિના સ્થાને વિકલ્પે, '**अम**' થાય. આ રીતે વિચારતા **परस्पराम्, परस्परम्** અને **परस्परः** એ રીતે ત્રણ રૂપો કરી શકાય છે.

अमव्ययी भावस्यातोऽपञ्चम्याः ॥ ३–२–२ ॥

અવ્યયીભાવ સમાસવાળા અકારાન્ત નામને, લાગેલી પંચમી વિભક્તિ સિવાય સર્વવિભક્તિ ને સ્થાને '**अम्**' આદેશ થાય છે. **कुम्भस्य समीपे = उपकुम्भम्** = ઘડાની પાસે.

वा तृतीयायाः ॥ ३–२–३ ॥

અવ્યયીભાવ સમાસવાળા અકારાન્ત નામને, લાગેલી તૃતીયા

વિભક્તિને સ્થાને વિકલ્પે '**अम्**' આદેશ થાય છે. **उपकुम्भेन, उपकुम्भम् कृतम्** = ઘડાની નજીક વડે કરીને સર્યું.

सप्तम्या वा ॥ ३-२-४ ॥

અવ્યયીભાવ સમાસવાળા અકારાન્ત નામને, લાગેલી સપ્તમી વિભક્તિને સ્થાને વિકલ્પે '**अम्**' આદેશ થાય છે. **उपकुम्भे, उपकुम्भम् निधेहि** = ઘડાની પાસે મૂક !

ऋद्ध-नदी-वंश्यस्य ॥ ३ २-५ ॥

ઋદ્ધવાચક, નદીવાચક અને વંશ્યવાચક અવ્યયીભાવ સમાસવાળા અકારાન્ત નામને, લાગેલ સપ્તમી વિભક્તિના સ્થાને '**अम्**' આદેશ થાય છે. **मगधानां समृद्धिः = सुमगधम्** = મગધવાસીની સમૃદ્ધિ, **उन्मत्ता गङ्गा यस्मिन् = उन्मत्तगङ्गम् देशम्** = જ્યાં ગંગા ઉન્મત્ત છે તે સ્થાન. **एकविंशतिः भारद्वाजाः वंश्याः = एकविंशतिभारद्वाजं वसति** = વંશ્ય એવા એકવીશ ભારદ્વાજો રહે છે.

अनतो लुप् ॥ ३-२-६ ॥

અવ્યયીભાવ સમાસવાળા અકારાન્ત વર્જિત નામને, લાગેલી સર્વ સ્યાદિ વિભક્તિનો '**लोप**' થાય છે. લોપ થયા બાદ વિભક્તિનો અર્થ તો કાયમ જ રહે છે. **वध्वाः समीपम् = उपवधु** = વહુની નજીક, વહુની નજીકથી, વહુની નજીકમાં.

अव्ययस्य ॥ ३-२-७ ॥

અવ્યયને લાગેલી સર્વ વિભક્તિઓનો '**लोप**' થાય છે. **स्वर् + सि = स्वः** = સ્વર્ગ.

एकार्थे ॥ ३-२-८ ॥

એકાર્થ-જુદા જુદા નામ હોવા છતાં એકપદપણું હોય તો, સમાસ, નામધાતુ, તથા તદ્ધિતના એક નામ કે જુદા જુદા નામોને લાગેલી સર્વ વિભક્તિઓનો ' **लो।प** ' થાય છે, **चित्रा गावो यस्य सः** = **चित्रगुः** = કાબરચીતરી ગાય, **पुत्रमिच्छतीति** = **पुत्रीयति** = પુત્રને ઇચ્છે છે. **उपगोरपत्यम्** = **औपगवः** = ઉપગુ ઋષિનો પુત્ર.

न नाम्येकस्वरात् खित्युत्तरपदेऽमः ॥ ३-२-९ ॥

નામી સ્વર છે અન્તે જેને, એવું એકસ્વરવાળું પૂર્વપદને લાગેલ સર્વ સ્યાદિવિભક્તિને સ્થાને, થયેલ ' **अम्** ' આદેશનો, ખિત્ પ્રત્યયવાળું ઉત્તરપદ પર છતાં ' **लो।प** ' થતો નથી, અને તે ' **अलो।पसमास** ' કહેવાય છે. **आत्मानं स्त्रियं मन्यते** = **स्त्रियंमन्यः** = પોતાને સ્ત્રી માને છે.

असत्त्वे ङसेः ॥ ३-२-१० ॥

અસત્ત્વ અર્થમાં વિધાન કરાયેલ પંચમી વિભક્તિના ઙસિ પ્રત્યયનો, ઉત્તરપદ પર છતાં ' **लो।प** ' થતો નથી. **स्तोकात् मुक्तः** = **स्तोकान्मुक्त** = થોડાથી મૂકાયેલ. "**स्तोकाल्पः०** [२-२-७८]" એ સૂત્રથી વિધાન કરાયેલ પંચમીવિભક્તિ લેવાની છે. તથા "**केनाऽसत्त्वे०** [३-१-७४] " એ સૂત્રથી તત્પુરૂષ સમાસ થાય છે. જ્યારે આ સૂત્રથી અલોપ સમાસ થાય છે.

ब्राह्मणाच्छंसी ॥ ३-२-११ ॥

ઋત્વિજ્ અર્થવાળા બ્રાહ્મણાચ્છંસી એવા સમાસવાળા શબ્દોને લાગેલો પ્રાથમાવિભક્તિનો સિ પ્રત્યય, તેનો ' **लो।प** ' થતો નથી.

बाह्मणाद् ग्रन्थाद् आदाय शंसतीति = बाह्मणाच्छंसी=બ્રાહ્મણ નામના ગ્રન્થમાંથી લઈને પ્રશંસા કરનારો એક પ્રકારનો ઋત્વિજ્ **बाह्मणात् + शंसिनौ = ब्राह्मणाच्छंसिनौ** = એવા બે ઋત્વિજ્ને.

ओजोऽङ्गःसहो-ऽम्भस्-तमस्-तपसष्टः ॥ ३-२-१२ ॥

ઓજસ્, અંગસ્, સહસ્, અંભસ્, તમસ્ અને તપસ્ શબ્દોને લાગેલા તૃતીયાવિભક્તિના ટા પ્રત્યયનો ઉત્તરપદ પર છતાં **'લો.પ'** થતો નથી. **ओजसा कृतम् = ओजसाकृतम** = બળ વડે કરેલું.

पुंजनुषाऽनुजा-ऽन्धे ॥ ३-२-१३ ॥

પુંજ અને જનુષ્ શબ્દથી પર રહેલ તૃતીયાવિભક્તિના ટા પ્રત્યયનો, અનુક્રમે અનુજ અને અંધ શબ્દ પર છતાં **'લો.પ'** થતો નથી. **पुंसा करणेन अनुजाः = पुंसानुजः** = પુરૂષ કરતાં, **जनुषा अन्धः = जनुषान्धः** = જન્માંધ.

आत्मनः पूरणे ॥ ३-२-१४ ॥

આત્મન્ શબ્દથી પર રહેલ તૃતીયાવિભક્તિના ટા પ્રત્યયનો પૂરણપ્રત્યયાન્તરૂપ ઉત્તરપદ પર છતાં **'લો.પ'** થતો નથી. **आत्मना द्वितीयः = आत्मनाद्वितीयः** = પોતાનાથી બીજો, પોતાના સહિત બીજો.

मनसश्चाऽऽज्ञायिनि ॥ ३-२-१५ ॥

મનસ્ અને આત્મન્ શબ્દથી પર રહેલ તૃતીયાવિભક્તિના ટા પ્રત્યયને, અજ્ઞાયિન્ રૂપ ઉત્તરપદ પર છતા, **'લો.પ'** થતો નથી. **मनसा ज्ञातम् शीलमस्य = मनसाज्ञायी** = મનથી આજ્ઞા કરવાના સ્વભાવવાળો.

नाम्नि ॥ ३-२-१६ ॥

મનસ્ શબ્દથી પર રહેલ, તૃતીયાવિભક્તિના ટા પ્રત્યયનો, ઉત્તરપદ પર છતાં સંજ્ઞાના વિષયમાં ' **લો.પ** ' થતો નથી. **मनसा देवी = मनसादेवी** = એ નામની દેવી.

परा-ऽऽत्मभ्यां ङेः ॥ ३-२-१७ ॥

પર અને આત્મશબ્દથી પર રહેલ, ચતુર્થીવિભક્તના ઙે પ્રત્યયનો, ઉત્તરપદ પર છતાં ' **લો.પ** ' થતો નથી. **परस्मै पदम् = परस्मैपदम्** = પરસ્મૈપદ.

अद्-व्यञ्जनात् सप्तम्याः बहुलम् ॥ ३-२-१८ ॥

અકારાન્ત નામ અને વ્યંજનાંત નામથી પર રહેલ, સપ્તમી-વિભક્તિનો બહુલ પ્રકારે ' **લો.પ** ' થતો નથી. **अरण्ये तिलकाः = अरण्येतिलकाः** = વનનું નામ છે. **युधि स्थिरः = युधिस्थिरः** = યુધિસ્થિર.

पाक्कारस्य व्यंजने ॥ ३-२-१९ ॥

પૂર્વદેશની પ્રજ્ઞની રખેવાળી કરવા લેવાતા કર સંબંધિ અકારાન્ત તથા વ્યંજનાન્ત નામથી પર રહેલ સપ્તમીવિભક્તિનો, વ્યંજનાદિ ઉત્તરપદ પર હોય અને સંજ્ઞાનો વિષય હોય તો ' **લો.પ** ' થતો નથી. **मुकुटे मुकुटे कार्षापणो दातव्यः = मुकुटेकार्षापणः** = મુકુટ દીઠ એક કાર્ષાપણ-સિક્કાનો કર દેવાનો, અર્થાત્ મુગુટધારીનો વેરો.

तत्पुरुष कृति ॥ ३-२-२० ॥

અકારાન્ત અને વ્યંજનાન્ત નામથી પર આવેલી તત્પુરૂષ સમાસ

સંબધિ સપ્તમીવિભક્તિનો, કૃદન્તરૂપ ઉત્તરપદ પર હોય તો '**લો.પ**' થતો નથી. **स्तम्भे रमते = स्तम्भेरमः** = હાથી, **भस्मनि हुतम् = भस्मनिहुतम्** = નકામું.

मध्याऽन्ताद् गुरौ ॥ ३-२-२१ ॥

મધ્ય અને અન્ત શબ્દથી પર રહેલ સપ્તમીવિભક્તિનો, ગુરૂ શબ્દ રૂપ ઉત્તરપદ પર છતાં '**લો.પ**' થતો નથી. **मध्ये गुरुः = मध्येगुरुः** = મધ્યમાં ગુરૂ.

अमूर्ध-मस्तकात् स्वाङ्गादकामे ॥ ३-२-२२ ॥

મૂર્ધન્ અને મસ્તક વર્જિત અકારાન્ત અને વ્યંજનાન્ત એવા સ્વાંગવાચક નામથી પર રહેલ, સપ્તમી વિભક્તિનો, કામ શબ્દ વર્જિત ઉત્તરપદ પર છતાં '**લો.પ**' થતો નથી. **कण्ठे कालोऽस्य सः = कण्ठेकालः** = મહાદેવ.

बन्धे घञि नञा ॥ ३-२-२३ ॥

અકારાન્ત અને વ્યંજનાન્ત નામથી પર રહેલ, સપ્તમીવિભક્તિનો, ઘઞ્ પ્રત્યયવાળું બંધ શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં, વિકલ્પે '**લો.પ**' થતો નથી. **हस्ते बन्धः, हस्ते बन्धोऽस्य सः = हस्तेबन्धः, हस्तबन्धः** = હાથમાં બંધન, અથવા હાથમાં છે બંધન જેને.

कालात् तन-तर-तम-काले ॥ ३-२-२४ ॥

કાલવાચક એવા અકારાન્ત અને વ્યંજનાન્ત નામથી પર રહેલ સપ્તમીવિભક્તિનો, તન, તર, તમ અને કાલ શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં વિકલ્પે '**લો.પ**' થાય છે. **पूर्वाह्णे जातो भवो वा = पूर्वाह्णेतनः, पूर्वाह्णतनः**=દિવસના પૂર્વભાગમાં જન્મેલો-ઉત્પન્ન થયેલો.

शय-वासि-वासेष्वकालात् ॥ ३-२-२५ ॥

કાલ શબ્દ વર્જિત અકારાન્ત અને વ્યંજનાન્ત નામથી પર રહેલ, સપ્તમીવિભક્તિનો, शय, वासिन् અન વાસ શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં વિકલ્પે ' **लो।प** ' થતો નથી. **बिलेशयः, बिलशयः** = બિલમાં રહેનાર.

वर्ष-क्षर-वरा-ऽप्-सरः-शरोरो-मनसो जे ॥ ३-२-२६ ॥

વર્ષ, ક્ષર, વર, અપ્, સરસ્, શર, ઉરસ્ અને મનસ્ શબ્દથી પર રહેલ, સપ્તમીવિભક્તિનો, ज શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં વિકલ્પે ' **लो।प** ' થતો નથી. **वर्षे जातः = वर्षजातः, वर्षेजातः** = વર્ષમાં ઉત્પન્ન થનારો.

द्यु-प्रावृड-वर्षा-शरत्-कालात् ॥ ३-२-२७ ॥

દ્યુ, પ્રાવૃડ્, વર્ષા, શરત્ અને કાલ શબ્દથી પર રહેલ, સપ્તમી-વિભક્તિનો, ज શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં ' **लो।प** ' થતો નથી, **दिवि जातः = दिविजः** = સ્વર્ગમાં થનાર, દેવ.

अपो य-योनि-मति-चरे ॥ ३-२-२८ ॥

અપ્ શબ્દથી પર રહેલ, સપ્તમીવિભક્તિનો, य, યોનિ, મતિ અને ચર શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં ' **लो।प** ' થતો નથી. **अप्सु भवः = अप्सद्यः** = પાણીમાં ઉત્પન્ન થયેલ.

नेन्-सिद्ध-स्थे ॥ ३-२-२९ ॥

ઇન્ પ્રત્યયવાળા તથા સિદ્ધ અને સ્થ શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં, સપ્તમીવિભક્તિનો, અલોપ થતો નથી અર્થાત્ ' **लो।प** ' જ થાય

છે. **स्थण्ठिले वर्ती = स्थण्ठिलवर्ती** = શુદ્ધ જગ્યાએ રહેનાર.

षष्ठ्याः क्षेपे ॥ ३-२-३० ॥

ષષ્ઠીવિભક્તિનો, નિંદા અર્થ જણાતો હોય તો, ઉત્તરપદ પર છતાં ' **લો.૫** ' થતો નથી **चौरस्य कुलम् = चौरस्यकुलम्** = ચોરનું કુલ.

पुत्रे वा ॥ ३-२-३१ ॥

ષષ્ઠીવિભક્તિનો નિંદા અર્થ જણાતો હોય તો, પુત્ર શબ્દરૂપ ઉત્તરપદપર છતાં ' **લો.૫** ' વિકલ્પે થતો નથી. **दास्याः पुत्रः = दास्याःपुत्रः, दासीपुत्रः** = દાસીનો પુત્ર.

पश्यद्-वाग्-दिशो हर-युक्ति-दण्डे ॥ ३-२-३२ ॥

પશ્યદ્, વાક્, અને દિશ્ શબ્દથી પર રહેલ ષષ્ઠીવિભક્તિનો, અનુક્રમે હર, યુક્તિ અને દંડ શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં ' **લો.૫** ' થતો નથી. **पश्यतो हरः = पश्यतोहरः** = ચોની.

अदसोऽकञनणोः ३-२-३३ ॥

અદસ્ શબ્દથી પર રહેલ ષષ્ઠી વિભક્તિનો, અકઞ્ પ્રત્યયવાળું ઉત્તરપદ પર હોય અથવા અદસ્ શબ્દને આયનણ્ પ્રત્યય લાગેલ ન હોય તો, ઉત્તરપદ પર છતાં ' **લો.૫** ' થતો નથી. **अमुष्य पुत्रस्य भावः = अमुष्यपुत्रः + अक = अमुष्यपुत्रकः + इ + आ + सि= आमुष्यपुत्रिका** = આના પુત્રનો સ્વભાવ. **अमुष्य अपत्यम् = अमुष्य + आयनण् = अमुष्यायणः** = આનો છોકરો.

देवानंप्रियः ॥ ३-१-३४ ॥

દેવાનાંપ્રિય એ નામમાં ષષ્ઠીવિભક્તિનો '**લોપ**' થતો નથી. **देवानां प्रियः = देवानांप्रियः** = દેવાને પ્રિય.

शेष-पुच्छ-लाङ्गुलेषु नाम्नि शुनः ॥ ३-२-३५ ॥

શ્વન્ શબ્દથી પર રહેલ ષષ્ઠીવિભક્તિનો, શેષ, પુચ્છ અને લાંગુલ શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં, સંજ્ઞાના વિષયમાં '**લોપ**' થતો નથી. **शुनः शेषमिव शेषमस्य = शुनः शेषः = शुनःशेषः** = વિશેષ નામ છે.

वाचस्पति-वास्तोस्पति-दिवस्पति-दिवोदासम् ॥ ३-२-३६ ॥

વાચસ્પતિ વગેરે શબ્દો, ષષ્ઠીવિભક્તિના લોપરૂપ '**નિપાતન**' થાય છે. **वाचस्पतिः**=બૃહસ્પતિ, **वास्तोष्पतिः**=ઇન્દ્ર, **दिवस्पतिः** = સૂર્ય, **दिवोदासः** = દેવનું નામ.

ऋतां विद्या-योनि-सम्बन्धे ॥ ३-२-३७ ॥

વિદ્યાકૃત-ચાલી આવતી વિદ્યાથી ગુરૂ પરંપરાનો સંબંધ, અને યોનિકૃત – પિતા પુત્ર વચ્ચેનો પેઢીગત લોહીનો સંબંધ, તદ્રુપ હેતૂ રહેતે છતે, ઋકારાન્ત નામથી તથા ષષ્ઠી વિભક્તિવાળા નામથી પર રહેલ ષષ્ઠી વિભક્તિનો, ઉત્તરપદ પર છતાં '**લોપ**' થતો નથી. જો ઋકારાન્ત નામનો, અને ઉત્તરપદરૂપ નામનો પરસ્પર વિદ્યાકૃત અને યોનિકૃત સંબંધ જણાતો હોય તો **होतुः पुत्रः = होतुःपुत्रः** = હોમ કરનારનો પુત્ર, **पितुः पुत्रः = पितुःपुत्र** = પિતાનો પુત્ર.

स्वसृ – पत्यावर्वा ॥ ३-२-३८ ॥

વિદ્યાકૃત અને યોનિકૃત સંબંધરૂપ હેતૂ હોય તો, ઋકારાન્ત નામથી પર રહેલ ષષ્ઠી વિભક્તિનો, ઉત્તરપદ પર છતાં વિકલ્પે '**લોપ**' થતો નથી. જો ઋકારાન્ત નામનો તથા ઉત્તરપદરૂપ નામનો યોનિકૃત અને વિદ્યાકૃત પરસ્પર સંબંધ હોય તો. **होतुः स्वसाः** = **होतुःस्वसा, होतृस्वसा** = હોમ કરનારની બેન, **स्वसुः पतिः** = **स्वसुःपतिः, स्वसृपतिः** = બેનનો પતિ – બનેવી.

आ द्वन्द्वे ॥ ३-२-३९ ॥

વિદ્યાકૃત અને યોનિકૃત સંબંધરૂપ હેતૂ વાળા ઋકારાન્ત નામનો જે દ્વન્દ્વસમાસ, તેના પૂર્વપદના અન્તના ઋકારનો '**आ**' આદેશ થાય છે. જો વિદ્યાકૃત અને યોનિકૃત હેતૂવાળા ઋકારાન્ત નામરૂપ ઉત્તરપદ પર હોય તો. **होता च पोता च** = **होतापोतारौ** = એક જાતનો યજ્ઞ કરનારા. **माता च पिता च** = **मातापितरौ** = માતા પિતા.

पुत्रे ॥ ३-२-४० ॥

વિદ્યાકૃત અને યોનિકૃત સંબંધરૂપ હેતૂવાળા ઋકારાન્ત નામનો દ્વંદ્વસમાસ, તેના પૂર્વપદના અન્તના ઋકારનો, પુત્રરૂપ ઉત્તરપદ પર છતાં, '**आ**' આદેશ થાય છે. જો વિદ્યાકૃત કે યોનિકૃત હેતૂવાળો પુત્ર શબ્દરૂપ ઉત્તરપદ પર હોય તો. **माता च पुत्रश्च** = **मातापुत्रौ** = માતાપુત્ર.

वेदमहश्रुताऽवायुदेवतानाम् ॥ ३-२-४१ ॥

વેદમાં એક સાથે સાંભળેલા એવા વાયુવર્જિત દેવતાવાચક નામોના દ્વન્દ્વસમાસમાં, પૂર્વપદના શબ્દના અન્તનો ઉત્તરપદ પર છતા '**आ**' આદેશ થાય છે. **इन्द्रश्च सोमश्च** = **इन्द्रासोमौ** = ઇન્દ્ર

અને સોમ – ચંદ્ર.

ईः षोम–वरुणेऽग्नेः ॥ ३–२–४२ ॥

વેદમાં એક સાથે સાંભળેલ એવા વાયુ વર્જિત દેવતાવાચક નામનો દ્વન્દ્વ સમાસમાં, પૂર્વપદના અગ્નિશબ્દના અંતનો દીર્ઘ ' ઇ ' આદેશ થાય છે. જો ષોમ (સામ નહિ) અને વરુણ શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં. **अग्निश्च सामश्च = अग्नीषोमौ** = અગ્નિ અને ચંદ્ર.

इर्वृद्धिमत्यविष्णौ ॥ ३–२–४३ ॥

દેવતાવાચક દ્વન્દ્વસમાસમાં, વિષ્ણુ વર્જિત વૃદ્ધિવાળું ઉત્તરપદ પર છતાં, પૂર્વપદના અગ્નિ શબ્દના અંતનો હ્રસ્વ ' ઇ ' આદેશ થાય છે. **अग्निश्च वरुणश्च, अग्निवरुणौ देवता यस्य = अग्नि + वरुण + अण् + ई = आग्निवारुणीम् अनड्वाहीम्** = અગ્નિ અને વરુણ માટે ગાયનું આલંભન કરે. " **वृद्धै० [३–१–१]** " એ સૂત્રથી વરુણ શબ્દની વૃદ્ધિ થઈ વારુણ થયું છે. જેથી વૃદ્ધિવાળું ઉત્તરપદ છે.

दिवा द्यावा ॥ ३–२–४४ ॥

દેવતાવાચક નામનો જે દ્વન્દ્વસમાસમાં દિવ્ શબ્દનો, ઉત્તરપદ પર છતાં ' **द्यावा** ' આદેશ થાય છે. **द्यौश्च भूमिश्च = द्यावाभूमी** = સ્વર્ગ અને પૃથ્વી.

दिवस्दिवः पृथिव्यां वा ॥ ३–२–४५ ॥

દેવતાવાચક નામનો જે દ્વન્દ્વસમાસમાં દિવ્ શબ્દનો, પૃથિવી શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં **' दिवस् '** અને ' **दिव्** ' આદેશ વિકલ્પે

थाय छे. **द्यौश्च पृथिवी च = दिवस्पृथिव्यौ, दिवःपृथिव्यौ, द्यावापृथिव्यौ** = स्वर्ग अने पृथ्वी. सूत्रमां दिवः शब्दनुं विधान करेल होवाथी दिवः शब्दना विसर्गमां कोई फेरफार थतो नथी.

उषसोषसः ॥ ३-२-४६ ॥

देवतावाचक नामना द्वन्द्वसमासमां उषस् शब्दनो, उत्तरपद पर छतां '**उषासा**' आदेश थाय छे **उषश्च सूर्यश्च = उषासासूर्यम्** = उषा अने सूर्य.

मातरपितरं वा ॥ ३-२-४७ ॥

माता अने पिताना द्वन्द्वसमासमां '**मातःपितरम्**' विकल्पे निपातन थाय छे. **माता च पिता च = मातरपितरम्, मातापितरौ** = माता अने पिता.

वर्चस्कादिष्ववस्कारादयः ॥ ३-२-४८ ॥

वर्चस्क वगेरे अर्थमा '**अवस्कर**' वगेरे शब्दो निपातन थाय छे. **अवस्करः** = विष्टा.

परतः स्त्री पुम्वत् स्त्र्येकार्थेऽनूङ् ॥ ३-२-४९ ॥

विशेषना वराथकी थयेल जे स्त्रीलिंगी नाम, ते स्त्रीलिंगमां वर्तमान एवुं सामानाधिकरणरूप – पूर्वपद अने उत्तरपद समानविभक्तिवाळुं होय एवुं उत्तरपद पर छतां '**पुंलिंगजेवुं**' थाय छे. जे पूर्वपद ऊंङ् प्रत्ययवाळुं न होय तो. **दर्शनीया भार्या यस्य सः = दर्शनीयभार्यः** = जेनी पत्नि दर्शनीय छे.

क्यङ्-मानि-पित् तद्धिते ॥ ३-२-५० ॥

વિશેષના વશથકી થયેલ જે સ્ત્રીલિંગી નામ, તે ક્યહ્, માનિન્ અને પિત્ એવા તદ્ધિત પ્રત્યય પર છતાં **'પુંલિંગ જેવું'** થાય છે. **इयेनी इवाचरतीति = इयेतायते** = ગૌરવર્ણવાણી સ્ત્રીની જેવું આચરણ કરનાર. **"इयेतैत० [૨-૪-૩૬]"** એ સૂત્રથી શ્યેત શબ્દનું સ્ત્રીલિંગમા શ્યેની થયું છે. પરંતુ આ સૂત્રથી શ્યેત શબ્દ કાયમ રહે છે.

जातिश्च णि-तद्धितय-स्वरे ॥ ૩-૨-૫૧ ॥

વિશેષના વશથકી થયેલ જે સ્ત્રીજાતિવાચક સ્ત્રીલિંગી નામ, તે ણિ પ્રત્યય, તથા ચકારાદિ અને સ્વરાદિ તદ્ધિત પ્રત્યય પર છતાં **'પુંલિંગ જેવું'** થાય છે. જો ઊંઙ્ પ્રત્યય અન્તમાં ન હોય તો. **पट्वीमाचष्टे = पटयति** = ડાહીની જેમ આચરણ કરે છે. **एन्यां साधुः = एत्यः** = કામરચીતરાં રંગવાળીમાં સારો, **भवत्याः इदम् = भवतीं + अण् = भावकम्** = આપ મહાશયનું.

एयेऽग्नायी ॥ ૩-૨-૫૨ ॥

વિશેષના વશથકી થયેલી સ્ત્રીલિંગી અગ્નયી નામ, તે તદ્ધિત સંબંધિ એય્ પ્રત્યય પર છતાં **'પુંલિંગ જેવુ'** થાય છે. **अग्नाय्याः अपत्यम् = आग्नेयः** = અગ્નાયીનો પુત્ર.

नाऽप्-प्रियादौ ॥ ૩-૨-૫૩ ॥

વિશેષના વશથકી થયેલ જે સ્ત્રીલિંગી નામ, તે પૂરણાર્થસૂચક અપ્ પ્રત્યયાન્ત તથા પ્રિયા વગેરે સ્ત્રીલિંગી એવા સમાનાધિકરણ-પૂર્વપદ અને ઉત્તરપદ બંને સમાન વિભક્તિવાળા ઉત્તરપદ પર છતાં **'પુંલિંગ જેવું'** થતું નથી. **कल्याणी पञ्चमी यासां ताः = कल्याणीपञ्चम + आप् = कल्याणीपञ्चमा रात्रयः** = કલ્યાણકારી

પાંચમી રાત્રી, પુલિંગ જેવું ન થવાથી કલ્યાણીને સ્થાને કલ્યાણ ન થયું.

तद्धिता–ऽक–कोपान्त्य–पूरण्याख्याः ॥ ३–२–५४ ॥

વિશેષના વશથકી થયેલ જે સ્ત્રીલિંગી નામ, તદ્ધિત સંબંધિ અક પ્રત્યયવાળું નામ, જે નામને ઉપાન્ત્યમાં ક પ્રત્યય લાગેલ છે એવા નામો, તથા પૂરણ પ્રત્યયવાળા નામો, જો સંજ્ઞાવાચક નામો ઉત્તરપદમાં હોય તો 'પુંલિંગ જેવુ' ન થાય. **मद्रेषु भवा = मद्र + अक = मद्रिका, मद्रिका भार्या यस्य सः = मद्रिकाभार्यः** જેની સ્ત્રી – પત્ની મદ્રિકા છે.

तद्धितः स्वरवृद्धिहेतुररक्तविकारे ॥ ३–२–५५ ॥

રકત અને વિકારના અર્થમાં વિધાન કરાયેલ અને સ્વરના વૃદ્ધિ ના કારણભૂત જે તદ્ધિતપ્રત્યયવાળા વિશેષના વશથકી થયેલ જે સ્ત્રીલિંગી નામો, તે ઉત્તરપદ પર છતાં 'પુલિંગ જેવું' થતું નથી. **मथुरायां भवा माथुरी, माथुरी भार्या यस्य सः = माथुरीभार्यः** = જેની સ્ત્રી મથુરામાં જન્મેલી છે.

स्वाङ्गान्ङीजातिश्चाऽमानिनि ॥ ३–२–५६ ॥

સ્વાંગવાચક નામથી પર વિધાન કરાયેલ જે ડી પ્રત્યયવાળું નામ, અને વિશેષના વશથકી થયેલ જે સ્ત્રીલિંગી નામ, જો માનિન્ પ્રત્યય પર ન હોય તો 'પુલિંગ જેવું' થતું નથી. **दीर्घाः केशा यस्याः सा = दीर्घकेशी, दीर्घकेशी भार्या यस्य सः = दीर्घकेशीभार्यः** = જેની પત્ની લાંબાવાળ વાળી છે.

पुम्वत् कर्मधारये ॥ ३–२–५७ ॥

વિશેષના વશથકી થયેલ ઊંડ્ પ્રત્યયાન્ત વર્જિત જે સ્ત્રીલિંગી નામ, તે કર્મધારય સમાસમાં અને સ્ત્રીલિંગમાં વર્તમાન સમાન વિભક્તિવાળું ઉત્તરપદ પર છતાં, ' **પુલિંગ જેવું** ' થાય છે. **कल्याणी चासौ प्रिया च = कल्याणप्रिया** = કલ્યાણી પ્રિયા.

रिति ॥ ३–२–५८ ॥

વિશેષના વશથકી થયેલ ઊંડ્ પ્રત્યયાન્ત વર્જિત જે સ્ત્રીલિંગી નામ, તે રિત્ પ્રત્યય પર છતાં ' **પુલિંગ જેવું** ' થાય છે. **पट्वी प्रकारो–ऽस्याः सा = पटुजातीया** = ડહાપણરૂપ પ્રકારવાળી સ્ત્રી **इषदपरिसमाप्ता पट्वी = पटुदेशीया** = ડાહી સરખી " **प्रकारे० [७-२-७९]** " એ સૂત્રથી જાતિયર્ પ્રત્યય થયો, તથા " **अत· मवादेः० [७–३–११]** " એ સૂત્રથી દેશીયર્ પ્રત્યય થયો છે જેમાં ર્ ઇત્સંજ્ઞક છે.

त्व–ते गुणः ॥ ३–२–५९ ॥

વિશેષના વશથકી થયેલ ઊંડ્ પ્રત્યયાન્ત વર્જિત જે સ્ત્રીલિંગી નામ, તે ત્વ અને તા પ્રત્યય પર છતાં ' **પુલિંગ જેવું** ' થાય છે. **पटव्याः भावः = पटुत्वम्, पटुता** = ચતુર સ્ત્રીનું ચાતુર્ય.

च्वौ क्वचित् ॥ ३–२–६० ॥

વિશેષના વશથકી થયેલ ઊંડ્ પ્રત્યયાન્ત જે સ્ત્રીલિંગી નામ, તે ચ્વિ પ્રત્યય પર છતાં ક્વચિત્ – કોઈ સ્થાને ' **પુલિંગ જેવું** ' થાય છે. **अमहती महती भूता = महद्भूता कन्या** = જે મોટી ન હતી તે મોટી થયેલી કન્યા.

सर्वादयोऽस्यादौ ॥ ३–२–६१ ॥

વિશેષના વશથકી થયેલ સર્વ વગેરે જે સ્ત્રીલિંગી નામ, તે સ્વાદિ પ્રત્યય પર ન હોય તો '**પુલિંગ જેવું**' થાય છે. **सर्वाश्च ताः स्त्रियश्च = सर्वस्त्रियः** = બધી સ્ત્રીઓ,

मृगक्षीरा-ऽऽदिषु वा ३-२-६२ ॥

મૃગક્ષીર વગેરે શબ્દના સમાસમાં વિશેષના વશથકી થયેલ જે સ્ત્રીલિંગી નામ, તે ઉત્તરપદ પર છતાં વિકલ્પે '**પુલિંગ જેવું**' થાય છે. **मृग्याः क्षीरम् = मृगक्षीरम्, मृगीक्षीरम्** = હરણીનુ દુધ.

ऋदुदित् तर-तम-रूप-कल्प-बुव-चेलट्-गोत्र-मत-हते वा ह्रस्वश्च ॥ ३-२-६३ ॥

વિશેષના વશથકી થયેલ જે ઋદિત્ અને ઉદિત્ પ્રત્યયવાળા સ્ત્રીલિંગી નામ, તે તર, તમ, રૂપ અને કલ્પ પ્રત્યયવાળા નામ અને સમાનવિભક્તિવાળા એવા સ્ત્રીલિંગી ધ્રુવા, ચેલી, ગોત્રા, મતા અને હતા શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં વિકલ્પે '**પુલિંગ જેવું**' થાય છે. અને જ્યાં દીર્ઘ સ્વર હોય ત્યાં '**હ્રસ્વ**' સ્વર થાય છે. **इयं पचन्ती, इयं पचन्तो, इयमनयोः प्रकृष्टा पचन्ती इति = पचन्तितरा** = આ રાંધે છે અને આ પણ રાંધે છે, એ બન્નેમાં સારૂં રાંધણારી. **श्रेयसु - श्रेयसी + तरा=श्रेयस्तरा, श्रेयसीतरा, श्रेयसितरा** = અધિક શ્રેયવાળી.

ङ्यः ॥ ३-२-६४ ॥

વિશેષના વશથકી થયેલ અનેક સ્વરવાળા ङी પ્રત્યયાન્ત જે સ્ત્રીલિંગી નામ, તેના અન્ત્ય દીર્ઘ સ્વરનો તર, તમ, રૂપ અને કલ્પ પ્રત્યયવાળા નામ અને સમાન વિભક્તિવાળા ધ્રુવા વગેરે સ્ત્રીલિંગી

નામરૂપ ઉત્તરપદ પર છતાં ' હ્રસ્વ ' થાય છે. **गौरी + तरा = गौरितरा** = અતિશય ગૌરવર્ણ વાળી. આ સૂત્રમાં અનેકસ્વરવાળા એવો કશોય નિર્દેશ ન હોવા છતાં અનેક સ્વરવાળું એવું વિશેષણ શી રીતે સંભવે ? જવાબમાં આગળ " **नवैक० [३-२-६६]** " એ સૂત્રમાં એક સ્વરવાળા એવું વિધાન કરેલ હોવાથી, આ સૂત્રમાં આપોઆપ અનેક સ્વરવાળું એવું વિધાન કરવાનું સમજાય એવું છે.

भोगवद्-गौरिमतोर्नाम्नि ॥ ३-२-६५ ॥

સંજ્ઞાના વિષયમાં ડી પ્રત્યયાન્ત એવા ભોગવતી અને ગૌરીમતી જે નામો, તેના અન્ત્ય દીર્ઘ સ્વરનો, તર વગેરે પ્રત્યયો તથા સમાન વિભક્તિવાળા ધ્રુવા વગેરે શબ્દો રૂપ ઉત્તરપદ પર છતાં ' હ્રસ્વ ' થાય છે. **भोगवती + तरा = भोगवतितरा** = અતિશય ભોગવાળી નદી.

नवैकस्वराणाम् ॥ ३-२-६६ ॥

વિશેષના વશથકી થયેલ ડી પ્રત્યયાન્ત એક સ્વરવાળા જે નામ, તેના અન્ત્ય દીર્ઘ સ્વરનો, તર વિગેરે પ્રત્યયો તથા સમાનવિભક્તિવાળા ધ્રુવા વગેરે શબ્દો રૂપ ઉત્તરપદ પર છતાં વિકલ્પ ' હ્રસ્વ ' થાય છે. **स्त्रीतरा, स्त्रितरा** = વધુ સારી સ્ત્રી, **ज्ञीबुवा, ज्ञिबुवा** = પોતાને પંડિત કહેનારી.

ऊङः ॥ ३-२-६७ ॥

ઊંઙ્ પ્રત્યયવાળા નામના અન્ત્ય દીર્ઘ સ્વરનો, તર વગેરે પ્રત્યયો તથા ધ્રુવા વગેરે સમાન વિભક્તિવાળા શબ્દોરૂપ ઉત્તરપદ પર છતાં ' હ્રસ્વ ' વિકલ્પે થાય છે. **ब्रह्मबन्धुतरा, ब्रह्मबन्धूतरा** = સારા બ્રહ્મબંધુવાળી.

महतः कर-घास-विशिष्टे डाः ॥ ३-२-६८ ॥

મહત્ શબ્દને, કર, ઘાસ અને વિશિષ્ટ શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં ' ડા ' અન્તાદેશ (મહત્ નું મહા) વિકલ્પે થાય છે. **सहतां करः = महाकरः** = મોટાનો – રાજાનો કર – હાથ, અથવા રાજાનો દંડ.

स्त्रियाम् ॥ ३-२-६९॥

સ્ત્રીલિંગી એવું મહત્ શબ્દને, કર, ઘાસ અને વિશિષ્ટ શબ્દ-રૂપ ઉત્તરપદ પર છતાં ' ડા ' અન્તાદેશ (મહતી – મહા) થાય છે. **महती + करः = महाकरः** = રાણીનો હાથ, અથવા રાણીનો દંડ.

जातीयैकाध्यैंऽन्वेः ॥ ३-२-७० ॥

ક્વિ પ્રત્યયાન્ત મહત્ શબ્દને, જાતીયર્ પ્રત્યય અને સમાન-વિભક્તિવાળું ઉત્તરપદ પર છતાં ' ડા ' અન્તાદેશ થાય છે. **महान् प्रकारोऽस्याः सा - महाजातीयः**=મોટો પ્રકાર, **महांश्चासौ वीरश्च = महावीरः** = મોટા વીર, મહાવીરસ્વામી.

न पुंवन्निषेधे ॥ ३-२-७१ ॥

મહત્ શબ્દને પુંલિંગ જેવું ન થાય એવું નિષેધનું વિધાન હોય, તેને ઉત્તરપદ પર છતાં ' ડા ' અન્તાદેશ થતો નથી. **महती प्रिया यस्य = महातीप्रियः** = જેની પ્રિયા મોટી છે. " **नाऽपू०** [३-२-५३] " એ સૂત્રથી મહત્ શબ્દને પુંલિંગ જેવું થવાનો નિષેધ થયો છે.

इय्यस्वरे दीर्घ आच्च ॥ ३-२-७२ ॥

સ્વરાદિભિન્ન-આદિમાં વ્યંજનવાળું એવું ઈય્ પ્રત્યયાન્તરૂપ

ઉત્તરપદ પર છતાં, પૂર્વપદના અન્ત્ય સ્વરનો ' **દીર્ઘ** ' અને '**આ**' આદેશ થાય છે. **मुष्टिभिश्च मुष्टिभिश्च प्रहृत्य कृतं युद्धम् = मुष्टीमुष्टि, मुष्टामुष्टि** = મુઠીયે મુઠીયે કરેલું યુદ્ધ-મુક્કાબાજી.

हविष्यष्टनः कपाले ॥ ३-२-७३ ॥

અષ્ટન્ શબ્દના અન્ત્ય સ્વરનો, કપાલ શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં ' **દીર્ઘ** ' આદેશ થાય છે, જો હવિષ્ અર્થ જણાતો હોય તો **अष्टसु कपालेषु संस्कृतम् = अष्टाकपालं हविः** = આઠ ઠીબમાં પકાવેલ હવિષ્ – હોમની વસ્તુ.

गवि युक्ते ॥ ३-२-७४ ॥

અષ્ટન્ શબ્દના અન્ત્ય સ્વરનો, યુક્તાર્થ – ગાડા વગેરેમાં જોડાયેલ ગોરૂપ ઉત્તરપદ પર છતાં ' **દીર્ઘ** ' થાય છે. **अष्टौ गावो युक्ता यस्मिन् शकटे = अष्टागवं शकटम्** = આઠ બળદવાળું ગાડું

नाम्नि ॥ ३-२-७५ ॥

અષ્ટન્ શબ્ ના અન્ત્ય સ્વરનો, ઉત્તરપદ પર છતાં ' **દીર્ઘ** ' થાય છે. જો સંજ્ઞાનો વિષય હોય તો. **अष्ट पदानि यस्य सः = अष्टापदः** = અષ્ટાપદ પર્વત.

कोटर-मिश्रक-सिध्रक-पुरग-सारिकस्य वणे ॥ ३-२-७६ ॥

કોટર, મિશ્રક, સિધ્રક, પુરગ અને સારિક શબ્દના અન્ત્ય સ્વરનો, નકારના સ્થાને ણકાર થયેલ છે એવા વણ શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં ' **દીર્ઘ** ' થાય છે. જો સંજ્ઞાનો વિષય હોય તો. **कोटराणां**

वनम् = कोटरावणम = વનનું નામ.

अञ्जनादिनां गिरौ ॥ ३-२-७७ ॥

અંજન વિગેરે શબ્દના અન્ત્ય સ્વરનો, ગિરિ શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં 'દીર્ઘ' થાય છે. જો સંજ્ઞાનો વિષય હોય તો. **अञ्जनानां गिरिः = अञ्जनागिरिः** = અંજનગિરિ પર્વત.

अनजिरादि-बहुस्वर-शरादीनां मतौ ॥ ३-२-७८ ॥

અજિર વગેરે શબ્દો વર્જિત બહુસ્વરવાળા શબ્દો અને શર વગેરે શબ્દો, તેના અન્ત્ય સ્વરનો મતુ પ્રત્યય પર છતાં 'દીર્ઘ' થાય છે. જો સંજ્ઞાનો વિષય હોય તો. **उदुम्बराः सन्ति यस्यामिति = उदुम्बरावती** = ઉંબરાવતી નદી.

ऋषौ विश्वस्य मित्रे ॥ ३-२-७९ ॥

વિશ્વ શબ્દના અન્ત્ય સ્વરનો, ઋષિ સૂચક મિત્ર શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં 'દીર્ઘ' થાય છે. જો સંજ્ઞાનો વિષય હોય તો. **विश्वस्य मित्रं, विश्वं मित्रं यस्य वा = विश्वामित्रः** = વિશ્વામિત્ર ઋષિ.

नरे ॥ ३-२-८० ॥

વિશ્વ શબ્દના અન્ત્ય સ્વરનો, નર શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં 'દીર્ઘ' થાય છે. જો સંજ્ઞાનો વિષય હોય તો. **विश्वे नराः यस्य सः = विश्वानरः** = કોઈનું નામ.

वसु राटोः ॥ ३-२-८१ ॥

વિશ્વ શબ્દના અન્ત્ય સ્વરનો, વસુ અને રાટ્ શબ્દરૂપ ઉત્તરપદ

પર છતાં, ' **દીર્ઘ** ' થાય છે. જો સંજ્ઞાનો વિષય હોય તો. **विश्वं वसु यस्य सः = विश्ववसुः** = દેવનું નામ, **विश्वस्मिन् राजते = विश्वाराट्** = નામ છે.

वलञ्यपित्रादिः ॥ ३-२-८२ ॥

પિતૃ વગેરે શબ્દો વર્જિત સ્વરાન્ત શબ્દના અન્ત્ય સ્વરનો, વલચ્ પ્રત્યય પર છતાં, ' **દીર્ઘ** ' થાય છે. **आसुतिः - सुराः साऽस्यास्तीति = असुतीवलः** = દારૂવાળો. " **कृष्यादिभ्यः०** [૭-૨-૨૭] " એ સૂત્રથી વલચ્ પ્રત્યય થયો છે.

चितेः कचि ॥ ३-२-८३ ॥

ચિતિ શબ્દના અન્ત્ય સ્વરનો, કચ્ પ્રત્યય પર છતાં ' **દીર્ઘ** ' થાય છે. **एका चितिरस्मिन्निति = एकचितीकः** = જેની એક ચિતિ - ચિંતા છે. ઘણી વખત પતિ - પત્નીની એક જ ચિંતા હોય છે.

स्वामिचिह्नस्या-ऽविष्टा-ऽष्ट-पञ्च-भिन्न-छिन्न-छिद्र-स्रुव-स्वस्तिकस्य कर्णे ॥ ३-२-८४ ॥

વિષ્ટ, અષ્ટ, પંચ, ભિન્ન, છિન્ન, છિદ્ર, સ્રુવ અને સ્વસ્તિક શબ્દ વર્જિત સ્વામિચિહ્ન - જેના વડે માલિક ઓળખાતો હોય તદ્વાચક નામના અન્ત્ય સ્વરનો, કર્ણ શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં ' **દીર્ઘ** ' થાય છે. **दात्रमिव कर्णौ यस्य सः = दात्राकर्णः पशुः** = જેના કાન દાતરડાં જેવા છે. **दात्रमिव = दात्रम्, दात्रं चिह्नं कर्णौ यस्य सः = दात्राकर्णः** = જેના કાન ઉપર દાતરડાનું ચિહ્ન છે.

गति-कारकस्य नहि-वृत्ति-वृषि-व्यधि-रुचि-सहि-तनौ क्वौ ॥ ३-२-८५ ॥

ગતિસંજ્ઞાવાળા તથા કારકસંજ્ઞાવાળા નામના અન્ત્ય સ્વરનો, ક્વિપ્ પ્રત્યયવાળા એવા નહ્, વૃત્, વૃષ્, વ્યધ્, રુચ્, સહ્ અને તન્ ધાતુરૂપ ઉત્તરપદ પર છતાં ' દીર્ઘ ' થાય છે. =**उपनह्यते, उपनह्यति वा = उपानत्** = જોડાં.

घञ्युपसर्गस्य बहुलम् ॥ ३–२–८६ ॥

ઉપસર્ગના અન્યસ્વરનો, ઘઞ્ પ્રત્યયવાળું ઉત્તરપદ પર છતાં બહુલપ્રકારે ' દીર્ઘ ' થાય છે. **नितरां क्लेदः = नीक्लेदः** = અત્યન્ત ભીનું, પરસેવો.

नामिनः कांशे ॥ ३–२–८७ ॥

નામીસંજ્ઞક સ્વર છે અન્તે જેને એવા ઉપસર્ગના અન્ત્ય સ્વરનો, કાંશ શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં ' દીર્ઘ ' થાય છે. **नितरां कांशः = नीकांशः** = સરખું.

दस्ति ॥ ३–२–८८ ॥

નામીસંજ્ઞક સ્વર છે અન્તે જેને એવા ઉપસર્ગના અન્ત્ય સ્વરનો, દા ધાતુ દ્વારા બનેલ આદેશવાળા નામરૂપ ઉત્તરપદ પર છતાં ' દીર્ઘ ' થાય છે. **नि + त्तम् = नीत्तम्** = અતિશય આપેલું.

अपील्वादेर्वहे ॥ ३–२–८९ ॥

પીલુ વગેરે શબ્દ વર્જિત નામી સ્વરાન્ત નામના અન્ત્ય સ્વરનો, અચ્ પ્રત્યયાન્ત વહ્ ધાતુરૂપ ઉત્તરપદ પર છતાં ' દીર્ઘ ' થાય છે. **ऋषीणां वहम् = ऋषीवहम्** = ઋષિઓનું વાહન.

शुनः ॥ ३–२–९० ॥

શ્વન્ શબ્દના અન્ત્ય સ્વરનો, ઉત્તરપદ પર છતાં ' દીર્ઘ ' થાય છે. **शुनो दन्तः = श्वन् + दन्तः = श्वादन्तः** = કુતરાના દાંત.

एकादश-षोडश-षोडन्-षोढा-षड्ढा ॥ ३-२-९१ ॥

એકાદશ, ષોડશ, ષોડન્ , ષોઢા અને ષાડ્ઢા શબ્દરૂપે **'निपातन'** થાય છે. **एकोत्तरा दश = एकादश** = અગીયાર, **एकं च दश च = एकादश** = અગીયાર.

द्वि-त्र्यष्टाना द्वा-त्रयो-ऽष्टाः प्राक् शतादनशीति बहुव्रोहौ ॥ ३-२-९२ ॥

બહુવ્રીહી સમાસમાં દ્વિ, ત્રિ, અને અષ્ટન્ શબ્દના સ્થાને, શતાદ્ પ્રાક્ – સો પહેલાની એટલે દશથી નવાણુ સુધીના સંખ્યા સૂચક શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં, અનુક્રમે ' **द्वा, त्रयस्** ' અને ' **अष्टा** ' આદેશ થાય છે. જો અશીતિ શબ્દરૂપ ઉત્તરપદ ન હોય તો. **द्वाभ्यामधिका दश, द्वौ च दश च वा = द्वादश** = બાર.

चत्वारिंशदादौ वा ॥ ३-२-९३ ॥

બહુવ્રીહી સમાસમાં દ્વિ, ત્રિ અને અષ્ટન્ શબ્દના સ્થાને, ચત્વારિંશત્ વગેરે સંખ્યાસૂચક શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં, અનુક્રમે ' **द्वा, त्रयस्** ' અને ' **अष्टा** ' આદેશ વિકલ્પે થાય છે. જો અશીતિ શબ્દરૂપ ઉત્તરપદ ન હોય તો. **द्वाभ्यामधिका चत्वारिंशत्, द्वौ च चत्वारिंशच्चेति वा = द्वाचत्वारिंशत्, द्विचत्वारिंशत्** = બેતાલીશ.

हृदस्य हृल्लास-लेखा-ऽण्-ये ॥ ३-२-९४ ॥

હૃદય શબ્દને સ્થાને, લાસ તથા ક્રૃદન્તનો કર્તાસૂચક અણ્

પ્રત્યયવાળો લેખ શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં અને અણ્ તથા ય પ્રત્યય પર છતાં 'હૃદ્' આદેશ થાય છે. **हृदयस्य लासः = हृल्लासः** = હૃદય નો ઉલ્લાસ, **हृदयमिदम् = हृद् + अण् = हार्दम्** = હૃદયનો અભિપ્રાય.

पदः पादस्याऽऽज्याति-गोपहते ॥ ३-२-९५ ॥

પાદ શબ્દને સ્થાને, અજિ, અતિ, ગ અને ઉપહત શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં, 'પદ્' આદેશ થાય છે. **पादाभ्यामर्जति = पदाजिः** = પગી.

हिम-हति-काषि-ये पद् ॥ ३-२-९६ ॥

પાદ શબ્દને સ્થાને, હિમ, હતિ, કાષિ શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં અને પાદ શબ્દ સંબંધિ ય પ્રત્યય પર છતાં 'પદ્' આદેશ થાય છે. **पादयोः हिमम् = पद्धिमम्** = પગ વચ્ચે આવેલો બરફ, **पादौ विध्यतीति = पाद + य = पद् + य + आ = पद्याः शर्कराः** = પગને વિંધી નાંખનારી કાંકરી.

ऋचः शसि ॥ ३-२-९७ ॥

શકારાદિ શસ્ પ્રત્યય પર છતાં, વેદની ઋચા સંબંધિ પાદ શબ્દ નો, 'પદ્' આદેશ થાય છે. **पादं पादमिति = पाद + शस् = पत् + शः = पच्छो गायत्रीं शंसति** = પગલે પગલે ગાયત્રીની પ્રશંસા કરે છે. "**संख्यैकार्थात्०** [७-२-१५१]" એ સૂત્રથી શસ્ પ્રત્યય થયેલ છે.

शब्द-निष्क-घोष-मिश्रे वा ॥ ३-२-९८ ॥

પાદ શબ્દને સ્થાને શબ્દ, નિષ્ક, ઘોષ અને મિશ્ર શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં, વિકલ્પે 'પદ્' આદેશ થાય છે. **पादयोः**

शब्दः = **पच्छब्दः**, **पादशब्दः** = એ પગનો અવાજ.

नस् नासिकायास्तः क्षुद्रे ॥ ३-२-९९ ॥

નાસિકા શબ્દને, તસ્ પ્રત્યય અને ક્ષુદ્ર શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં 'नस्' આદેશ થાય છે. **नासिकायाः भवमिति** = **नस्तः** = નાકથી.

येऽवर्णे ॥ ३-२-१०० ॥

નાસિકા શબ્દને સ્થાને, य પ્રત્યય પર છતાં '**नस्**' આદેશ થાય છે. જો વર્ણ અર્થ ન હોય તો. **नासिकायै हितम्** =**नासिका + यम्** = **नस् + यम्** = **नस्यम्** = નાક માટે હિતકારી એવું સુંઘવાનું.

शिरसः शीर्षन् ॥ ३-२-१०१ ॥

शिरस् શબ્દના સ્થાને, य પ્રત્યય પર છતાં '**शीर्षन्**' આદેશ થાય છે. **शिरसि भवः** = **शीर्षन् + य** = **शीर्षण्यः स्वरः** = મસ્તકમાંથી નીકળતો અવાજ. અથવા **शीर्षण्यः** = તાજા – પાઘડી.

केशे वा ॥ ३-२-१०२ ॥

शिरस् શબ્દના સ્થાને, य પ્રત્યય પર છતાં, કેશના અર્થમાં વિકલ્પે '**शीर्षन्**' આદેશ થાય છે. **शिरसि भवाः** = **शिरस् + याः** = **शीर्षन् + याः** = **शीर्षण्याः**, **शिरस्याः** = વાળ.

शीर्षः स्वरे तद्धिते ॥ ३-२-१०३ ॥

शिरस् શબ્દને સ્થાને, આદિમાં સ્વરવાળા તદ્ધિત પ્રત્યય પર છતાં '**शीर्ष**' આદેશ થાય છે. **शिरसा तरतीति** = **शिरस् +**

इकण् + सि=शीर्ष + इकः = शार्षकः = માથાથી તરે છે.

उदकस्योदः पेषं-धि-वास-वाहने ॥ ३-२-१०४ ॥

ઉદક શબ્દના સ્થાને, પેષમ્, ધિ, વાસ અને વાહન શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં ' ઉદ્ ' આદેશ થાય છે. **उदकेन पेषम् = उदपेषं पिनष्टि** = પાણીથી પીસે છે

वैकव्यंजने पूर्ये ॥ ३-२-१०५ ॥

ઉદક શબ્દને સ્થાને, પૂર્ય-ભરવાની વસ્તુરૂપ અર્થ જણાતે છતે આદિમાં એક જ વ્યંજન છે એવું ઉત્તરપદ પર છતાં, વિકલ્પે 'ઉદ્' આદેશ થાય છે. **उदकस्य कुम्भः = उदकुम्भः, उदककुम्भः** = પાણીનો ઘડો.

मन्थौदन-सक्तु-बिन्दु-वज्र-भार-हार-वीवध-गाहे वा ॥ ३-२-१०६ ॥

ઉદક શબ્દના સ્થાને મન્થ, ઓદન, સક્તુ, બિંદુ, વજ્ર, ભાર હાર, વીવિધ અને ગાહ શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં વિકલ્પે 'ઉદ્' આદેશ થાય છે. **उदकेन मथ्यते इति = उदमन्थः, उदकमन्थः** = પાણીથી વલોવવું.

नाम्न्युत्तरपदस्य च ॥ ३-२-१०७ ॥

પૂર્વપદમાં કે ઉત્તરપદમાં આવેલ ઉદક શબ્દના સ્થાને, સંજ્ઞા ના વિષયમાં ' ઉદ્ ' આદેશ થાય છે. **उदकस्य मेघः = उदमेघः** = કોઈકનું નામ, **लवणमुदकं यस्य सः = लवणोदः** = લવણસમુદ્ર.

ते लुग्वा ॥ ३-२-१०८ ॥

જે શબ્દ સમાસમાં બે પદવાળા હોય તેના પૂર્વપદનો કે ઉત્તરપદનો અર્થાત્ બે પદમાંથી એક પદનો ' **लुक्** ' વિકલ્પે થાય છે. **देव + दत्तः = देवदत्तः = देवः, दत्तः** = દેવદત્ત.

द्वयन्तरनवर्णोपसर्गादिप ईप् ॥ ३-२-१०९ ॥

દ્વિ, અન્તર, અવર્ણાન્ત ભિન્ન-અંતમાં અ કે આ વર્ણ ન હોય તેવા ઉપસર્ગ, તેથી પર રહેલ ઉત્તરપદ રૂપ અપ્ શબ્દનો 'ઇપ્' આદેશ થાય છે. **द्विधा गता आपोऽस्मिन्निति = द्वि + अप् = द्वीपम्** = દ્વીપ

अनोर्देशे उप् ॥ ३-२-११० ॥

અનુ ઉપસર્ગથી પર રહેલ અપ્ શબ્દનો ' **उप्** ' આદેશ થાય છે. જો દેશરૂપ નામ સંજ્ઞાનો વિષય હોય તો **अनुगता आपोऽस्मिन्निति =अनु + अप् = अनूपं देशं** = અનૂપ નામનો દેશ.

खित्यनव्ययाऽरुषो मोऽन्तो ह्रस्वश्च ॥ ३-२-१११ ॥

અવ્યયભિન્ન સ્વરાંત નામને અને અરૂષ્ શબ્દને, ખિત્ પ્રત્યયાન્તરૂપ ઉત્તરપદ પર છતાં ' **म्** ' અન્તાગમ થાય છે, અને સંભવ પ્રમાણે ' **ह्रस्व** ' થાય છે. **आत्मनं ङं मन्यते = ङंमन्यः** = પોતાને પંડિત માનનારો. **अरुः तुदतीति = अरूष् + तुदः=अरुम् + तुदः = अरुंतुदः** = ઘા ઉપર પીડા કરનારો.

सत्या-ऽगदा-ऽस्तोः कारे ॥ ३-२-११२ ॥

સત્ય, અગદ અને અસ્તુ શબ્દથી પર, કાર શબ્દરૂપ ઉત્તરપદ

પર છતાં, પૂર્વપદને ‘ भ् ’ અન્તાગમ થાય છે. **सत्यं करोतीति = सत्यंकारः** = સાચું કરનાર.

लोकम्पृण-मध्यन्दिना-अनभ्याशमित्यम् ॥ ३-२-११३ ॥

લોકમ્પૃણ, મધ્યન્દિના, અને અનભ્યાશમિત્યમ્ એ ત્રણે શબ્દો ‘ **निपातन** ’ થાય છે. **लोकं पृणतीति = लोकम्पृणम्** = લોકોને ખુશ કરનાર, **दिनस्य मध्यम् = मध्यन्दिनम्** = ખરો બપોર, **अनभ्याशम् इत्यः = अनभ्याशमित्यः** = દૂરથી તજવા લાયક

भ्राष्टा-ऽग्नेरिन्धेः ॥ ३-२-११४ ॥

ભ્રાષ્ટ્ર અને અગ્નિ શબ્દથી પર, ઇન્ધ શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં, પૂર્વપદને ‘ भ् ’ અન્તાગમ થાય છે. **भ्राष्ट्रस्येन्धः = भ्राष्ट्रमिन्धः** = ભાઠાનો પ્રકાશ, ભાઠાનું સળગવું.

अगिलाद् गिल-गिलगिलयोः ॥ ३-२-११५ ॥

ગિલ શબ્દાન્ત વર્જિત જે પૂર્વપદ, તેથી પર રહેલ ગિલ અને ગિલગિલ શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં, પૂર્વપદને ‘ भ् ’ અન્તાગમ થાય છે. **तिमिंगिलतीति = तिमिंगिलः** = તિમિ જાતની માછલીને ગળી જનાર

भद्रोष्णात्करणे ॥ ३-२-११६ ॥

ભદ્ર અને ઉષ્ણ શબ્દથી પર, કરણ શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં, પૂર્વપદને ‘ भ् ’ અન્તાગમ થાય છે. **भद्रस्य करणम् = भद्रंकरणम्** = હજામત કરવી, કલ્યાણ કરવું.

नवाऽखित्कृदन्ते रात्रेः ॥ ३-२-११७ ॥

રાત્રી શબ્દથી પર, ખિત્ પ્રત્યયવાળા શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં, પૂર્વપદને વિકલ્પે ' મ્ ' અન્તાગમ થાય છે. **रात्रौ चरतीति = रात्रिञ्चरः** = રાત્રે ફરનાર, ચોર.

धेनोर्भव्ययाम् ॥ ३-२-११८ ॥

ધેનુ શબ્દથી પર, ભવ્યા શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં, પૂર્વપદને વિકલ્પે ' મ્ ' અન્તાગમ થાય છે. **धेनुश्चासौ भव्या च = धेनुंभव्या, धेनुभव्या** = સારી ગાય.

अषष्ठीतृतीयादन्याद् दोऽर्थे ॥ ३-२-११९ ॥

ષષ્ઠી અને તૃતીયાવિભક્તિવાળા નામથી વર્જિત અન્ય શબ્દથી પર, અર્થ શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં, પૂર્વપદને વિકલ્પે ' દ્ ' અન્તાગમ થાય છે. **अन्यश्चासौ अर्थश्च=अन्यदर्थः, अन्यार्थः** = બીજો અર્થ

आशीराशा - ऽऽस्थिता - ऽऽस्थोत्सुकोति-रागे ॥ ३-२-१२० ॥

ષષ્ઠી અને તૃતીયાવિભક્તિવાળા નામથી વર્જિત અન્ય શબ્દથી પર, આશિષ, આશા અસ્થિત, આસ્થા ઉત્સુક, ઊતિ અને રાગ શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં, પૂર્વપદને ' દ્ ' અન્તાગમ થાય છે. **अन्या आशीः = अन्यदाशीः** = બીજી આશિષ્

ईय - कारके ॥ ३-२-१२१ ॥

અન્ય શબ્દથી પર, ઈય અને કારક શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં પૂર્વપદને ' દ્ ' અન્તાગમ થાય છે. **अन्यस्याऽयमिति = अन्यदीयः** = બીજાનું આ.

सर्वादि-विष्वग्-देवाड्डद्रिः वन्यञ्चौ ॥ ३-२-१२२ ॥

સર્વાદિ શબ્દ તથા વિષ્વગ્ અને દેવ શબ્દથી પર, ક્વિપ્ પ્રત્યય વાળા અઞ્ચ્ ધાતુરૂપ ઉત્તરપદ પર છતાં, પૂર્વપદને 'ડદ્રિ' અન્તાગમ થાય છે. **सर्वमञ्चतीति = सर्व + अञ्च + क्विप् = सर्व + अद्रि + अञ्च् + क्विप् = सर्वद्र्यङ्, तान् = सर्वदीचः** = સર્વ પ્રત્યે ગમન કરનારને.

सह-समः सध्रि-समि ॥ ३-२-१२३ ॥

સહ અને સમ શબ્દનો, ક્વિપ્ પ્રત્યયવાળો અઞ્ચ્ ધાતુરૂપ ઉત્તરપદ પર છતાં, અનુક્રમે '**सध्रि**' અને '**समि**' આદેશ થાય છે. **सह अञ्चतीति = सह + अञ्च् + क्विप् = सध्रि + अञ्च = सध्र्यङ्** = સાથે જનાર. **सम् अञ्चतीति = सम् + अञ्च् + क्विप् = समि + अञ्च् = सम्यङ्** = સમ્યક્

तिरसस्तिर्यति ॥ ३-२-१२४ ॥

અકારાદિ ક્વિપ્ પ્રત્યયવાળા અઞ્ચ્ ધાતુરૂપ ઉત્તરપદ પર છતાં તિરસ્ શબ્દનો '**तिरि**' આદેશ થાય છે. **तिरिः अञ्चतीति = तिरस् + अञ्च् + क्विप् = तिर्यङ्** = તિર્યંચ પ્રાણી.

नञत् ॥ ३-२-१२५ ॥

ઉત્તરપદ પર છતાં, નઞ્ શબ્દનો '**अ**' આદેશ થાય છે. **न चौरः = अचौरः** = ચોર જેવો.

त्यादौ क्षेपे ॥ ३-२-१२६ ॥

ત્યાદ્યન્ત – કોઈપણ વિભક્તિવાળું ઉત્તરપદ પર છતાં, નિંદા

અર્થ જણાતો હોય તો, નઞ્ શબ્દનો ' अ ' આદેશ થાય છે. **न पचसि = अपचसि त्वं जाल्मः** = અરે ! લુચ્ચા તું રાંધતો નથી.

नगोऽप्राणिनि वा ॥ ३-२-१२७ ॥

પ્રાણિભિન્ન અર્થમાં નઞ્ શબ્દનો ' नग ' એ પ્રમાણે ' નિપાતન ' વિકલ્પે થાય છે. **न गच्छतीति = नगः, अगः** = પર્વત.

नञ्वादयः ॥ ३-२-१२८ ॥

અકાર આદેશ નથી કર્યો એવો **'नख'** વગેરે શબ્દો **'નિપાતન'** થાય છે. **नास्ति खमस्य = नखः** = નખ.

अन्स्वरे ॥ ३-२-१२९ ॥

સ્વરાદિ રૂપ ઉત્તરપદ પર છતાં, નઞ્ શબ્દનો ' अन् ' આદેશ થાય છે. **न विद्यतेऽन्येति = अनन्तः** = જેને છેડો નથી તે.

कोः कत्तत्पुरुषे ॥ ३-२-१३० ॥

સ્વરાદિ રૂપ ઉત્તરપદ પર છતાં, કુ શબ્દનો ' कत् ' આદેશ થાય છે. જો તત્પુરૂષ સમાસનો વિષય હોય તો. **कुत्सितो अश्वः = कदश्वः** = ખરાબ ઘોડો.

रथ-वदे ॥ ३-२-१३१ ॥

રથ અને વદ શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં, કુ શબ્દનો ' कत् ' આદેશ થાય છે. જો બહુવ્રીહિ કે તત્પુરૂષ સમાસનો વિષય હોય તો. **कुत्सितो रथः = कद्रथः** = ખરાબ રથ.

कत्त्रिः ॥ ३-२-१३२ ॥

ત્રિશબ્દરૂપ ઉત્તરપદ પર છતાં, કુ શબ્દનો તથા કિમ્ શબ્દનો ' **કત્** ' આદેશ થાય છે. **कुत्सिताः त्रयः के त्रयः वा = कत्त्रयः** = નિંદનીય ત્રણ, અથવા કોણ ત્રણ ! **के त्रयः अस्य = कत्त्रिः** = જેના ત્રણ કોણ છે ?

काऽक्ष-पथोः ॥ ३-२-१३३ ॥

અક્ષ અને પથિન્ શબ્દ પર છતાં, કુ શબ્દનો ' **કા** ' આદેશ થાય છે. **कुत्सितमक्षम् = कु + अक्षम् = काक्षम्** = ખરાબ ઇન્દ્રિય

पुरुषे वा ॥ ३-२-१३५ ॥

પુરૂષ શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં, કુ શબ્દનો વિકલ્પે ' **કા** ' આદેશ થાય છે. **कुत्सितः पुरुषः = कापुरुषः** = ખરાબ પુરૂષ-બાયલો.

अल्पे ॥ ३-२-१३६ ॥

અલ્પ અર્થમાં વર્તમાન ઉત્તરપદ પર છતાં કુ શબ્દનો ' **કા** ' આદેશ થાય છે. **अल्पं मधुरम् = कामधुरम् = कु + मधुरम्** = થોડું મધુર.

का-कवौ वोष्णे ॥ ३-२-१३७ ॥

અલ્પ અર્થમાં વર્તમાન, ઉષ્ણ શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં, કુ શબ્દનો ' **કા** ' અને ' **કવ** ' આદેશ વિકલ્પે થાય છે. **इषदुष्णम् = कु + उष्णम्=कोष्णम्, कवोष्णम्, कदुष्णम्** = થોડું ગરમ.

कृत्येऽवश्यमो लुक् ॥ ३-२-१३८ ॥

કૃત્ય પ્રત્યયવાળા નામરૂપ ઉત્તરપદ પર છતાં અવશ્યમ્ શબ્દના અન્તનો ' **લુક્** ' થાય છે. **अवश्यं कार्यम् = अवश्यकार्यम्** = અવશ્ય કરવા લાયક. " **ते कृत्याः** [५-१-४७] " એ સૂત્રથી

ધ્યણ, તવ્ય, અનીય, ય અને કયપ્ એ પાંચ કૃત્ય સંજ્ઞક પ્રત્યય કહેવાય છે.

समस्तत–हिते वा ॥ ३–२–१३९ ॥

તત અને હિત શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં, સમ્ શબ્દના મકારનો 'लुक्' વિકલ્પે થાય છે. **सततम्, सन्ततम** = હંમેશા, **सहितम्, संहितम्** = જોડાયેલું.

तुमश्च मनः कामे ॥ ३–२–१४० ॥

મનસ્ અને કામ શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં, તુમ્ પ્રત્યયના તથા સમ્ શબ્દના અન્તનો 'लुक्' થાય છે. **भोक्तुं मनाः = भोक्तुमनाः** = જમવાની ઇચ્છાવાળો, **सम् + मनाः = समनाः** = સારા મનવાળો.

मांसस्याऽनड्-घञि-पचि नवा ॥ ३–२–१४१ ॥

અનટ્ અને ઘઞ્ પ્રત્યયાન્ત એવા પાક શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં, માંસ શબ્દના અન્તનો વિકલ્પે 'लुक्' થાય છે. **मांसस्य पचनम् = मांस्पचनम् मांसपचनम्** = માંસને રાંધવું, **मांसस्य पाकः = मांस्पाकः मांसपाकः** = માંસને રાંધવું.

दिक्शब्दात् तीरस्य तारः ॥ ३–२–१४२ ॥

દિશાવાચક શબ્દથી પર રહેલ, તીર શબ્દના સ્થાને, વિકલ્પે 'तार' આદેશ થયા છે. **दक्षिणस्य दिशो दक्षिणस्य देशो वा तीरम् = दक्षिणतारम्, दक्षिणतीरम्** = દક્ષિણ દીશાનો અથવા દક્ષિણ દેશનો છેડો.

सहस्य सोऽन्यार्थे ॥ ३-२-१४३ ॥

બહુવ્રીહિ સમાસમાં રહેલ સહ શબ્દનો, ઉત્તરપદ પર છતાં, વિકલ્પે '**स**' આદેશ થાય છે. **पुत्रेण सह = सपुत्रः, सहपुत्रः** = પુત્રની સાથે.

नाम्नि ॥ ३-२-१४४ ॥

બહુવ્રીહિ સમાસમાં રહેલ સહ શબ્દનો, ઉત્તરપદ પર છતાં, સંજ્ઞાનો વિષય હોય તો '**स**' આદેશ થાય છે. **अश्वत्थेन सहितं वनम् = साश्वत्थं वनम्** = વનનું નામ છે.

अदृश्याऽधिके ॥ ३-२-१४५ ॥

બહુવ્રીહિ સમાસમાં રહેલ સહ શબ્દનો, અદૃશ્ય અને અધિક-વાચક શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં '**स**' આદેશ થાય છે. **अग्निना सहितं कपोतम् = अग्निकपोतम्** = અગ્નિવાળો કબુતર કબુતરના જઠરમાં અદૃશ્ય - ન દેખાતી અગ્નિ રહેલ છે.

अकालेऽव्ययीभावे ॥ ३-२-१४६ ॥

અવ્યયીભાવ સમાસમાં રહેલ સહ શબ્દનો, કાલવાચક ભિન્ન શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં '**स**' આદેશ થાય છે. **ब्रह्मणः संपत् सह = सब्रह्मः साधूनाम्** = સાધુઓની મુડી બ્રહ્મચર્ય છે.

ग्रन्थान्ते ॥ ३-२-१४७ ॥

અવ્યયીભાવ સમાસમાં રહેલ સહ શબ્દનો, ગ્રન્થનો અન્ત એવો અર્થસૂચક શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં '**स**' આદેશ થાય છે. **कलामन्तं कृत्वा सह = सकलं ज्योतिषमधीते** = સંપૂર્ણ

જ્યોતિષ્ ભણે છે. " **संपत्०** [३ - १ - १३९] " એ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયેલ છે. તથા ઉપરના સૂત્રમાં પણ આ જ સૂત્ર થી અવ્યયીભાવ સમાસ થયેલ છે.

नाऽऽशिष्य-गो-वत्स-हले ॥ ३-२-१४८ ॥

સહ શબ્દનો, ગો, વત્સ અને હલ શબ્દવર્જિત ઉત્તરપદ પર છતાં, જે આશીર્વાદ અર્થ જણાતો હોય તો ' **स** ' આદેશ થતો નથી. **स्वस्ति गुरवे सह शिष्याय** = શિષ્ય સહિત ગુરૂનું કલ્યાણ થાઓ.

समानस्य धर्मादिषु ॥ ३-२-१४९ ॥

સમાન શબ્દનો, ધર્મ વગેરે શબ્દોરૂપ ઉત્તરપદ પર છતાં ' **स** ' આદેશ થાય છે. **समानो धर्मः यस्य सः=सधर्मा** = સરખા ધર્મવાળો.

सब्रह्मचारी ॥ ३-२-१५० ॥

સબ્રહ્મચારી એવું પદ ' **निपातन** ' થાય છે. **समानो ब्रह्मचारी = सब्रह्मचारी, समान ब्रह्मणि आगमे गुरुकुले वा व्रतं चरतीत = सब्रह्मचारी** = સહાધ્યાયી.

दृक्-दृश-दृक्षे ॥ ३-२-१५१ ॥

સમાન શબ્દનો દૃક્, દૃશ અને દૃક્ષ શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં, ' **स** ' આદેશ થાય છે. **समान इव दृश्यते = सदृक्, सदृशः, सदृक्षः** = જે સમાન જેવું દેખાય તે,

अन्य-त्यदादेः रा: ॥ ३-२-१५२ ॥

અન્ય અને ત્યદ્ વગેરે શબ્દોના અન્ત્યનો, દૃક્, દૃશ અને દૃક્ષ શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં, ' **आ** ' આદેશ થાય છે. **अन्य इव**

दृश्यते = अन्यादृक्, अन्यादृशः, अन्यादृक्षः = જે બીજા જેવો દેખાય તે.

इदम्-किम् इत्-की ॥ ३-२-१५३ ॥

ઈદમ્ અને કિમ્ શબ્દના સ્થાને, દૃક્, દૃશ અને દૃક્ષ શબ્દરૂપ ઉત્તરપદ પર છતાં, અનુક્રમે '**ઇત્**' અને '**કી**' આદેશ થાય છે. **अयमेव दृश्यते = इदृक्, इदृशः, इदृक्षः** = જે આના જેવો દેખાય તે **क इव दृश्यते = कीदृक्, कीदृशः कीदृक्षः** = કોના જેવો દેખાય

अनञः क्त्वो यप् ॥ ३-२-१५४ ॥

નઞ્ વર્જિત બીજા અવ્યય રૂપ પૂર્વપદ, તેથી પર રહેલ ઉત્તરપદ સંબંધિ ક્ત્વા પ્રત્યય, તેનો '**યપ્**' આદેશ થાય છે. **प्रकर्षेण कृत्वा = प्रकृत्य** = સારૂં કરીને.

पृषोदरादयः ॥ ३-२-१५५ ॥

પૃષોદર વગેરે શબ્દો '**નિપાતન**' થાય છે. **पृषदुदरम् यस्य सः = पृषोदरम्** = મોટા પેટવાળો.

वाऽवाऽप्योस्तनि-क्री-धाग्रहोर्वपी ॥ ३-२-१५६ ॥

અવ ઉપસર્ગનો, તન્ અને ક્રી ધાતુ પર છતાં, તથા અપિ ઉત્સર્ગનો ધાગ્ અને ગ્રહ્ ધાતુ પર છતાં, અનુક્રમે '**વ**' અને '**પી**' આદેશ વિકલ્પે થાય છે. **अवतनोति शोभामिति = वतंसः, अवतंसः** = મુગુટ, **बक्रयः, अवक्रयः** = વેચાણ, **अपिहितम्, पिहितम्** = ઢાંકેલુ, **अपिनद्धम्, पिनद्धम्** = પહેરેલું.

[इति समासप्रकरणम्]

॥ इत्याचार्य श्रीहेमचन्द्रविरचिते सिद्धहेमशब्दानुशासने
श्रीविजयमहिमाप्रभसूरिकृत बालावबोधिनीवृत्तेः
तृतीयाध्यायस्य द्वितीयपादः ॥

श्रीमद्वल्लभराजस्य, प्रतापः कोऽपि दुःसहः ।
प्रसरन् वैरिभूपेषु, दीर्घनिद्रामकल्पयत् ॥ १० ॥

શ્રીમદ્ વલ્લભરાજા પોતાના દુઃખે કરીને સહન કરી શકાય એવો પ્રતાપ, તેને દુશ્મન રાજાઓની ઉપર પ્રસારતો છતો, તેઓને દીર્ઘકાલની નિદ્રાને આપતો હતો. અર્થાત્ વલ્લભરાજ પોતાના પ્રતાપથી દુશ્મન રાજાઓને મરણને શરણે કરતો હતો ૧૦.

[अथ तृतीयपादः]

[अथ आख्यातप्रकरणम्]

वृद्धिराऽऽरदैत् ॥ ३-३-१ ॥

આ, અર્, ઐ અને અને ઔ આ ચાર 'वृद्धि' સંજ્ઞક કહેવાય છે. **१०९७ मृजौक्** = मृज् + ति = मृष् + ति = मर्+ष्टि=मार्ष्टि = સાફ કરે છે. ८८८ **डुकृंग्** = कृ + यम् = **कार्यम्** = કાર્ય. ८८४ **णींग्** = नी + अकः = नै +अक+सि = **नायकः**=નાયક. **उपगुरपत्यम्** = उपगु + अण् + सि = **औपगवः** ઉપગુનો પુત્ર.

गुणोऽरेदोत् ॥ ३-३-२ ॥

એ, અર્ અને ઓ એ ત્રણ 'गुण' સંજ્ઞક કહેવાય છે. कृ + उ + ति = कर् + ओ + ति = **करोति** = તે કરે છે. १२९० **चिंगूट्** = चि + तृच् = चे + ता = **चेता** = સંગ્રહ કરનારો. ११२४ **ष्टुंगक्** = स्तु + तृच् = स्तो + ता = **स्तोता** = સ્તુતિ કરનારો. અહિં **णक-तृचौ** [५-१-४८] એ સૂત્રથી **तृच्** પ્રત્યય થયો છે. **करोति** ત્યાં "कृग्० [३-४-८३]" એ સૂત્રથી ઉકાર થયો છે

क्रियार्थो धातुः ॥ ३-३-३ ॥

સાધ્યત્વ વિશિષ્ટનો વાચક-સાધાતી અને પૂર્ણતાને પામેલ એવી ક્રિયાને કહેનાર જે શબ્દ, તે 'धातु' સંજ્ઞક કહેવાય છે. ધાતુઓ ક્રિયા-પ્રવૃત્તિ ને સૂચવે છે. અર્થાત્ ક્રિયામાં પ્રથમ આ કરવું, પછી આ કરવું, એવો ક્રમ બતાવે છે. १ भू-भू + शव् (अ) + ति = **भवति**= તે થાય છે.

न प्रादिरप्रत्ययः ॥ ३-३-४ ॥

અપ્રત્યય-જેમને કોઈપણ પ્રત્યય લાગ્યો નથી, એવા પ્ર વગેરે ઉપસર્ગો તે ' **धातु** ' સંજ્ઞક થતા નથી. અર્થાત્ ધાતુનો ભાગ ન કહેવાય, અર્થાત્ જે કાર્ય ધાતુને થાય તે કાર્ય પ્ર વગેરે ઉપસર્ગને થતું નથી. પ્ર વગેરે ઉપસર્ગો " **धातोः** ० [३-१-१]" એ સૂત્રમાં જણાવેલ છે. **अभि + अमनायत = अभि + अ + मनस् + क्यङ् (य) + त = अभ्यमनायत** = અભિમુખ મનવાળાની જેમ વર્તન કર્યું. અહિં " **क्यङ्** [३-४-२६] એ સૂત્રથી ક્યઙ્ પ્રત્યય થઈ " **सो वा** [३-४-२७] એ સૂત્રથી સકારનો લોપ થઈ, આત્મનેપદ થયેલ છે.

अवौ दा-धौ दा ॥ ३-३-५ ॥

વ્ અનુબંધ વગરના જે દા રૂપ અને ધા રૂપ થતાં તમામ ધાતુ ઓ ' **दा** ' સંજ્ઞક થાય છે. **७ दां - प्रणिदाता** = દેનારો, **६०४ देङ् प्रदयति** = તે પાળે છે. **११३८ डुदांगृक् - प्रणिददाति** = તે આપે છે, **११४८ दांच् - प्रणिद्यति** = તે છેદે છે, **२८ टुधेंट् - प्रणिधयति** = તે પીએ છે, **११३९ डुधांगृक् - प्रणिदधाति** = તે ધારણ કરે છે. દા સંજ્ઞા થવાથી " **ने-ङ्मा** ० [२-३-७९] એ સૂત્રથી નકારનો ણકાર થયો.

वर्तमाना - तिव् तस् अन्ति, सिव् थस् थ, मिव् वस् मस्। ते आते अन्ते, से आथे ध्वे, ए वहे महे ॥ ३-३-६ ॥

તિવ પ્રત્યયથી મહે સુધીના પ્રત્યયો ' **वर्तमाना** ' સંજ્ઞક થાય છે. અર્થાત વર્તમાન કાલના પ્રયોગમાં વપરાય છે. **८९२ डुपचींष् -**

पच् + शव् + तिव् = पचति = તે રાંધે છે.

सप्तमी – यात् याताम् युस्, यास् यातम् यात, याम् याव याम । ईत ईयाताम् ईरन्, ईथास्, ईयाथाम् ईध्वम्, ईय ईवहि ईमहि ॥ ३–३–७ ॥

यात् પ્રત્યયથી ईमहि સુધીના પ્રત્યયો **'सप्तमी'** સંજ્ઞક થાય છે. આ બધા પ્રત્યયો વિધ્યર્થમાં વપરાય છે. વિધ્યર્થ–વિધિ, આમંત્રણ, સંભાવના, પ્રાર્થના વગેરે અર્થો લેવાય છે. પ્રસ્તુત ક્રિયામાં પ્રેરણા કરાય તે વિધ્યર્થ કહેવાય છે. **चैत्रः पचेत्** = ચૈત્ર રાંધે. અહિં રાંધવાની ક્રિયામાં ચૈત્રને પ્રેરણા કરાય છે.

पञ्चमी–तुव् ताम् अन्तु, हि तम् त, आनिव् आवव् आमव् । ताम् आताम् अन्ताम्, स्व आथाम् ध्वम्, ऐव् आवहैव् आमहैव् ॥ ३–३–८ ॥

तुव् પ્રત્યયથી आमहैव् સુધીના પ્રત્યયો **'पंचमी'** સંજ્ઞક થાય છે. આ બધા પ્રત્યયો આજ્ઞાર્થ–અનુજ્ઞા, વિધિ, નિમંત્રણ, પ્રેષ–તિરસ્કાર યુકત પ્રેરણા કરવી વગેરે અર્થમાં વપરાય છે. **पचतु** = તે રાંધે. અહિં રાંધવાની ક્રિયામાં અનુજ્ઞા આપે છે.

ह्यस्तनी–दिव् ताम् अन्, सिव् तम् त, अम्व् व म । त आताम् अन्त थास् आथाम् ध्वम्, इ वहि महि ॥ ३–३–९ ॥

दिव् પ્રત્યયથી महि સુધીના પ્રત્યયો **'ह्यस्तनी'** સંજ્ઞક થાય છે. अनद्यतन–अद्यतनकાળભિન્ન ભૂતકાળના અર્થમાંહ્યસ્તનીના પ્રત્યયો

વપરાય છે. આજનો દિવસ અને આગલી રાત, અર્થાત્ રાતના બાર વાગ્યા પછીની રાત અને આજના દિવસની બાર વાગ્યા સુધીની અર્ધી રાત. આટલા કાળનું નામ અદ્યતનકાળ છે. આવો અદ્યતનકાળ ન હોય તે કાળ હ્યસ્તનકાળ કહેવાય છે, અર્થાત્ અનદ્યતનકાળ કહેવાય છે. આવા અનદ્યતનકાળમાં થયેલી ક્રિયાને જણાવવા હ્યસ્તનીના પ્રત્યયો લાગે છે. **अपचत्** = તેણે રાંધ્યું. તેણે પ્રભાત પહેલા અથવા આજની રાતના અર્ધાભાગ પહેલા રાંધ્યું.

एताः शितः ॥ ३-३-१० ॥

તિવ્ પ્રત્યયથી મહિ સુધીના પ્રત્યયો અર્થાત્ વર્તમાના, સપ્તમી, પંચમી અને હ્યસ્તનીના પ્રત્યયો '**शित्**' સંજ્ઞક થાય છે. **१ भू-भवति** = થાય છે, **भवेत्** = થાય, **भवतु** = થાઓ, **अभवत्** = થયો.

अद्यतनी-दि ताम् अन, सि तम् त, अम् व म ।
त आताम् अन्त, थास् आथाम् ध्वम्, इ वहि महि ॥ ३-३-११ ॥

દિ પ્રત્યયથી મહિ સુધીના પ્રત્યયો '**अद्यतनी**' સંજ્ઞક થાય છે. અદ્યતન કાલનો અર્થ ઉપરના સૂત્રમાં જણાવેલ છે. **अपाक्षीत्** = તેણે રાંધ્યુ.

परोक्षा - णव् अतुस् उस्, थव् अथुस् अ, णव् व म ।
ए आते इरे, से आथे ध्वे, ए वहे महे
॥ ३-३-१२ ॥

ણુવ્ પ્રત્યયથી મહે સુધીના પ્રત્યયો ' **પરોક્ષા** ' સંજ્ઞક થાય છે. પરોક્ષા–નજરે નહિ દેખાતાં કાલમાં થનારી ક્રિયા. **પપાચ** = તેણે રાંધ્યું.

આશીઃ—क्यात् क्यास्ताम् क्यासुस्, क्यास्स् क्यास्तम् क्यास्त, क्यासम् क्यास्व क्यास्म । सीष्ट सीयास्ताम् सीरीन्, सीष्ठास्स् सीयास्थाम् सीध्वम् सीय सीवहि सीमहि ॥ ३–३–१३ ॥

ક્યાત્ પ્રત્યયથી સીમહિ સુધીના પ્રત્યયો '**આશીષ્**' સંજ્ઞક થાય છે. આ પ્રત્યયો આશીર્વાદ અર્થમાં વપરાય છે. **પક્ષ્યાત્** = તે રાંધે

શ્વસ્તની—ता तारौ तारस्, तासि तास्थस् तास्थ, तास्मि तास्वस् तास्मस् । ता तारौ तारस्, तासे तासाथे ताध्वे, ताहे तास्वहे तास्महे ॥ ३–३–१४ ॥

તા પ્રત્યયથી તાસ્મહે સુધીના પ્રત્યયો '**શ્વસ્તની**' સંજ્ઞક થાય છે. અનદ્યતની ભવિષ્યકાલ એટલે શ્વસ્તની. આજના બાર વાગ્યા પછીના ભવિષ્યકાલમાં શ્વસ્તનીના પ્રત્યયો વપરાય છે. **પક્તા** = તે કાલે રાંધશે.

ભવિષ્યન્તી—स्यति स्यतस् स्यन्ति, स्यसि स्यथस् स्यथ, स्यामि स्यावस् स्यामस् । स्यते स्येते स्यन्ते, स्यसे स्येथे स्यध्वे, स्ये स्यावहे स्यामहे ॥ ३–३–१५ ॥

સ્યતિ પ્રત્યયથી સ્યામહે સુધીના પ્રત્યયો ' **ભવિષ્યન્તી** '

સંજ્ઞક થાય છે. ભવિષ્યકાલમાં ભવિષ્યન્તીના પ્રત્યયો વપરાય છે. **પક્ષ્યતિ** = તે રાંધશે.

ક્રિયાતિપત્તિઃ–સ્યત્ સ્યાતામ્ સ્યન્, સ્યસ્ સ્યેતમ્ સ્યત, સ્યમ્ સ્યાવ સ્યામ્ । સ્યત સ્યેતામ્ સ્યન્ત, સ્યથાસ્ સ્યેથામ્ સ્યધ્વમ્. સ્યે સ્યાવહિ સ્યામહિ ॥ ૩–૩–૧૬ ॥

સ્યત્ પ્રત્યયથી સ્યામહિ સુધીના પ્રત્યયો '**ક્રિયાતિપત્તિ**' સંજ્ઞક થાય છે. **ક્રિયા + અતિપત્તિઃ = ક્રિયાતિપત્તિઃ** = ક્રિયાનો વિનાશ. જ્યાં એક બીજાના ઉપર આધાર રાખનારી બે ક્રિયાઓ હોય, ત્યાં કોઈ પણ કારણથી એ બન્ને ક્રિયાઓ ન બને, ત્યાં ભૂતકાલ કે ભવિષ્યકાલમાં આ ક્રિયાતિપત્તિના પ્રત્યયો લાગે છે. **અપક્ષ્યત્** = જો તેણે રાંધ્યુ હોત અથવા જો તે રાંધશે.

ત્રિણિ ત્રિણિ અન્યયુસ્મદસ્મદિ ॥ ૩–૩–૧૭ ॥

વર્તમાના વગેરે વિભક્તિના જે આદિ આ દિના ત્રણ ત્રણ પ્રત્યયો છે, તે અનુક્રમે–(તે, તેઓ બે અને તેઓ) '**ત્રીજા પુરૂષ**' ના અર્થમાં, અને બીજા ત્રણ ત્રણ પ્રત્યયો છે, તે યુષ્મદ્–(તું, તમે બે અને તમે) '**બીજા પુરૂષ**' ના અર્થમાં અને ત્રીજા ત્રણ ત્રણ પ્રત્યયો છે, તે અસ્મદ્– (હું, અમે બે અને અમે) '**પહેલા પુરૂષ**' ના અર્થમાં વપરાય છે.

એક–દ્વિ–બહુષુ ॥ ૩–૩–૧૮ ॥

ઉપર જણાવેલ વિભક્તિઓમાં જે ત્રણ ત્રણ પ્રત્યયોનો સમૂહ બતાવેલ છે, તે અનુક્રમે પહેલો પ્રત્યય '**એકવચન**' માં, બીજો પ્રત્યય '**દ્વિવચન**' માં અને ત્રીજો પ્રત્યય '**બહુવચન**' માં વપરાય છે.

૮૯૨ डुपचींष् (पच्) पाके. (परस्मैपदम्)

[वर्तमाना]

पचति-તે રાંધે છે.	**पचतः**-તે બે રાંધે છે.	**पचन्ति**-તેઓ રાંધે છે.
पचसि-તું રાંધે છે.	**पचथः**-તમે બે રાંધો છો.	**पचथ**-તમે રાંધો છો
पचामि-હું રાંધું છું.	**पचावः**-અમે બે રાંધીએ છીએ.	**पचामः**-અમે રાંધીએ છીએ.

[सप्तमी]

पचेत्-તે રાંધે.	**पचेताम्**-તે બે રાંધે	**पचेयुः**-તેઓ રાંધે
पचेः-તું રાંધે.	**पचेतम्**-તમે બે રાંધો	**पचेत**-તમે રાંધો.
पचेयम्-હું રાંધું.	**पचेव**-અમે બે રાંધીએ.	**पचेम**-અમે રાંધીએ.

[पञ्चमी]

पचतु, पचतात्-તે રાંધે.	**पचताम्**-તે બે રાંધે.	**पचन्तु**-તેઓ રાંધે.
पच, पचतात्-તું રાંધે.	**पचतम्**-તમે બે રાંધો.	**पचत**-તમે રાંધો.
पचानि-હું રાંધું.	**पचाव**-અમે બે રાંધીએ	**पचाम**-અમે રાંધીએ.

[ह्यस्तनी]

अपचत्-તેણે રાંધ્યું.	**अपचताम्**-તે બેએ રાંધ્યું	**अपचन्**-તેઓએ રાંધ્યું.
अपचः-તેં રાંધ્યું.	**अपचतम्**-તમે બેએ રાંધ્યું.	**अपचत**-તમે રાંધ્યું
अपचम्-મેં રાંધ્યું.	**अपचाव**-અમે બેએ રાંધ્યું.	**अपचाम**-અમેરાંધ્યું.

[अद्यतनी]

अपाक्षीत्-તેણે રાંધ્યું.	**अपाक्ताम्**-તે બેએ રાંધ્યું.	**अपाक्षुः**-તેઓએ રાંધ્યું.
अपाक्षीः-તેં રાંધ્યું.	**अपाक्तम्**-તમે બેએ રાંધ્યું.	**अपाक्त**-તમે રાંધ્યું.
अपाक्षम्-મેં રાંધ્યું.	**अपाक्ष्व**-અમે બેએ રાંધ્યું.	**अपाक्ष्म**-અમે રાંધ્યું.

[परोक्षा]

पपाच-તેણે રાંધ્યું.	**पेचतुः**-તે બેએ રાંધ્યું.	**पेचुः**-તેઓએ રાંધ્યું.
पेचिथ, पपक्थ-તેં રાંધ્યું.	**पेचथुः**-તમે બેએ રાંધ્યું.	**पेच**-તમે રાંધ્યું.
पपाच, पपच-મેં રાંધ્યું.	**पेचिव**-અમે બેએ રાંધ્યું.	**पेचिम**-અમે રાંધ્યું.

[आशीः]

पच्यात्-તે રાંધે	**पच्यास्ताम्**-તે બે રાંધે	**पच्यासुः**-તેઓ રાંધે.
पच्याः-તું રાંધે	**पच्यास्तम्**-તમે બે રાંધો	**पच्यास्त**-તમે રાંધો.
पच्यासम्-હું રાંધું.	**पच्यास्व**-અમે બે રાંધીએ.	**पच्यास्म**-અમે રાંધીએ.

[अद्यतनी]

पक्का-તે કાલે રાંધશે.
पक्कासि-તું કાલે રાંધશે.
पक्कास्मि-હું, કાલે રાંધીશ.

पक्कारौ-તે બે કાલે રાંધશે.
पक्कास्थः-તમે બે કાલે રાંધશો.
पक्कास्वः-અમે બે કાલે રાંધીશું.

पक्कारः-તેઓ કાલે રાંધશે.
पक्कास्थ-તમે કાલે રાંધશો.
पक्कास्मः-અમે કાલે રાંધીશું.

[भविष्यन्ती]

पक्ष्यति-તે રાંધશે.
पक्ष्यसि-તું રાંધશે.
पक्ष्यामि-હું રાંધીશ.

पक्ष्यतः-તે બે રાંધશે.
पक्ष्यथः-તમે બે રાંધશો.
पक्ष्यावः-અમે બે રાંધીશું.

पक्ष्यन्ति-તેઓ રાંધશે.
पक्ष्यथ-તમે રાંધશો.
पक्ष्यामः-અમે રાંધીશું.

[क्रियातिपत्तिः]

अपक्ष्यत्-જો તે રાંધશે.
अपक्ष्यः-જો તું રાંધશે.
अपक्ष्यम्-જો હું રાંધીશ.

अपक्ष्यताम्-જો તે બે રાંધશે.
अपक्ष्यतम्-જો તમે રાંધશો.
अपक्ष्याव-જો અમે બે રાંધીશું.

अपक्ष्यन्-જો તેઓ રાંધશે.
अपक्ष्यत-જો તમે રાંધશો.
अपक्ष्याम જો અમે રાંધીશું.

૭૪૧ एधि (एध्) वृद्धौ. (आत्मनेपदम्)

[वर्तमाना]

एधते-તે વધે છે.	**एधेते**-તે બે વધે છે.	**एधन्ते**-તેઓ વધે છે.
एधसे-તું વધે છે.	**एधेथे**-તમે બે વધો છો.	**एधध्वे**-તમે વધો છે.
एधे-હું વધુ છું.	**एधावहे**-અમે બે વધીએ છીએ.	**एधामहे**-અમે વધીએ છીએ.

[सप्तमी]

एधेत-તે વધે.	**एधेयाताम्** તે બે વધે	**एधेरन्** તેઓ વધે.
एधेथाः તું વધ.	**एधेयाथाम्**-તમે બે વધો.	**एधेध्वम्** તમે વધો.
एधेय-હું વધુ	**एधेवहि**-અમે બે વધીએ.	**एधेमहि**-અમે વધીએ.

[पञ्चमी]

एधताम्-તે વધે.	**एधेताम्**-તે બે વધે.	**एधन्ताम्**-તેઓ વધે.
एधस्व-તું વધ.	**एधेथाम्**-તમે બે વધો.	**एधध्वम्**-તમે વધો.
एधै-હું વધું.	**एधावहै**-અમે બે વધીએ.	**एधामहै**-અમે વધીએ.

[ह्यस्तनी]

ऐध-તે વધ્યો.	ऐधेताम्-તે બે વધ્યા.	ऐधन्त તેઓ વધ્યા.
ऐधथाः-તું વધ્યો.	ऐधेथाम्-તમે બે વધ્યા.	ऐधध्वम्-તમે વધ્યા.
ऐधे-હું વધ્યો.	ऐधावहि-અમે બે વધ્યા.	ऐधामहि-અમે વધ્યા.

[अद्यतनी]

ऐधिष्ट-તે વધ્યો.	ऐधिषाताम्-તે બે વધ્યા.	ऐधिषत-તેઓ વધ્યો.
ऐधिष्ठाः-તું વધ્યો.	ऐधिषाथाम्-તમે બે વધ્યા.	ऐधिड्ढ्वम्, ध्वम्-તમે વધ્યા.
ऐधिषि હું વધ્યો.	ऐधिष्वहि અમે બે વધ્યા.	ऐधिष्महि-અમે વધ્યા.

[परोक्षा]

एधाञ्चक्रे-તે વધ્યો.	एधाञ्चक्राते-તે બે વધ્યા.	एधाञ्चक्रिरे-તેઓ વધ્યા.
एधाञ्चकृषे-તું વધ્યો.	एधाञ्चकाथे-તમે બે વધ્યા.	एधाञ्चकृढ्वे તમે વધ્યા.
एधाञ्चक्रे-હું વધ્યો.	एधाञ्चकृवहे-અમે બે વધ્યા.	एधाञ्चकृमहे-અમે વધ્યા.

[आशीः]

एधिषीष्ट-તે વધે.	एधिषीयास्ताम्-તેઓ બે વધો.	एधिषीरन् તેઓ વધો.
एधिषीष्ठाः-તું વધે.	एधिषीयास्थाम्-તમે બે વધો.	एधिषीध्वम-તમે વધો.
एधिषीय-હું વધું.	एधिषीवहि-અમો બે વધીએ.	एधिषीमहि-અમે વધીએ.

[श्वस्तनी]

एधिता-તે કાલે વધશે.	**एधितारौ**-તે બે કાલે વધશે.	**एधितारः**-તેઓ કાલે વધશે.
एधितासे-તું કાલે વધશે.	**एधितासाथे**-તમે બે કાલે વધશો.	**एधिताध्वे**-તમે કાલે વધશો.
एधिताहे-હું કાલે વધીશ.	**एधितास्वहे**-અમે બે કાલે વધીશું	**एधितास्महे**-અમે કાલે વધીશું.

[भविष्यन्ती]

एधिष्यते-તે વધશે.	**एधिष्येते**-તે બે વધશે.	**एधिष्यन्ते** તેઓ વધશે.
एधिष्यसे-તું વધશે.	**एधिष्येथे**-તમે બે વધશો.	**एधिष्यध्वे** તમે વધશો.
एधिष्ये-હું વધીશ.	**एधिष्यावहे** અમે બે વધીશું	**एधिष्यामहे**-અમે વધીશું

[क्रियातिपत्ति]

ऐधिष्यत-જો તું વધશે.	**ऐधिष्येताम्** જો તમે બે વધશો.	**ऐधिष्यन्त**-જો તમે વધશો.
ऐधिष्यथाः-જો તું વધશે	**ऐधिष्येथाम्** જો તમે બે વધશો.	**ऐधिष्यध्वम्**-જો તમે વધશો.
ऐधिष्ये-જો હું વધીશ.	**ऐधिष्यावहि**-જો અમે બે વધીશું.	**ऐधिष्यामहि**-જો અમે વધીશું.

नवाऽऽद्यानि शतृ-क्वसू परस्मैपदम् ॥ ३-३-१९ ॥

વર્તમાના વગેરે દશ વિભક્તિઓના શરૂઆતના નવ નવ પ્રત્યયો તથા શતૃ (અત્) અને ક્વસુ (વસ્) ' **પરસ્મૈપદ** ' સંજ્ઞક થાય છે.

पराणि कानाऽऽनशौ चात्मनेपदम् ॥ ३-३-२० ॥

વર્તમાના વગેરે દશેય વિભક્તિના બાકી રહેલા નવ નવ પ્રત્યયો તથા કાન (આન) અને આનશ્ (આન) પ્રત્યયો ' **આત્મનેપદ** ' સંજ્ઞક થાય છે.

तत् साप्याऽनाप्यात् कर्म-भावे कृत्य-क्त-खलर्थाश्च ॥ ३-३-२१ ॥

ઉપર જણાવેલ આત્મનેપદના પ્રત્યયો, કૃત્ય, (કત) પ્રત્યય અને ખલ્ પ્રત્યય, તથા ખલ્ના સમાન અર્થવાળા (અન) પ્રત્યય એ બધા પ્રત્યયો ' **સકર્મક** ' ધાતુને ' **કર્મ** ' અર્થમાં અને અકર્મક ધાતુને ' **ભાવ** ' અર્થમાં લાગે છે.

સકર્મક ધાતુ ને। કર્મણિપ્રયેાગ ' ૮૮૮ **डुकृंग्** = **क्रियते कटः चैत्रेण** = ચૈત્ર વડે સાદડી કરાય છે. **कृ + आनः (कान)** = **कृकृ+ आनः = चकृ+आनः = चक्राणः** = કરવામાં આવેલો, **कृ+ आनः (आनश्)** = **क्रिय+म्+आनः=क्रियमाणः** = કરવામાં આવતો, **कृ + यः (ण्यण्)** = **कार् + यः = कार्यः** = કરવા લાયક, **कृ + तव्यः = कर् + तव्यः = कर्तव्यः** = કરવા લાયક, **कृ + अनीयः = कर् + अनीयः = करणीयः** = કરવા લાયક, **कृ + यः (क्यप्)** = **कृ + त् + यः = कृत्यः** = કરવા લાયક, **७ दां = दा + यः(य)** = **दे + यः = देयः** = દેવા યેાગ્ય, **कृ + त (क्त)** = **कृतः कटस्त्वया**

= તારા વડે સાદડી કરાઇ, **सुकटं + कृ + अ (खल्) = सुकटंकर + इ = सुकटंकर + आनि = सुकटंकराणि वीरणानि** = વીરણ નામના ઘાસ સારી રીતે સાદડી કરી શકાય એવાં છે. **कृ + अः (खल्) = सुकृ + अः = सुकरः कटस्त्वया** = તારાથી સાદડી સહજ રીતે કરી શકાય એમ છે. **१५४० ज्ञांश्** = **सु + ज्ञा + अनम् (खलर्थ) = सुज्ञानं तत्त्वं मुनिना** = મુનિવડે સુગમ રીતે તત્ત્વને જાણી શકાય એમ છે.

' नित्य अकर्मक धातुओनो भाव प्रयोग ' चैत्रेण भूयते = ચૈત્ર વડે થવાય છે. **१ भू** = **भू + आन (कान) = बभूव + आनम् = बभूवानम्** = થયેલું, **भू + आनम् (आनश्) = भू + य + आनम् = भूय + म् + आनम् = भूयमानम्** = થતું, **११०५ शीङ्क्**, **शी + तव्यम् (तव्य) = शी + इ + तव्यम् = शे + इ + तव्यम् = शयितव्यम्** = સુવાનું, **शी + अनीयम् (अनीय) = शे + अनीयम् = शयनीयम्** = સુવાનું, **शी + यम् (य) = शे + यम् = शेयम्** = સુવાનું, **शी + तम् (क्त) = शे + इ + तम् = शयितम्** = સુવાયેલ, **भू + य + ते = भूयते त्वया** = તારા વડે થવાય છે. **इषदाढ्यभवं = (भू + अम् खल्) = भो + अम् = भवम्)=भवता** = આપના વડે કંઈક સમૃદ્ધ થવાયું, **सु + शी + अम् (खल्) = सुशे + अम् = सुशयम्** = સુખે સુવાયું **३१ ग्लैं–सु + ग्लै + अनम् (खलर्थ)=सु+ग्ला+अनम्=सुग्लानम् दीनेन** = ગરીબ વડે સહજ રીતે હર્ષહીન થવાય છે.

' अविवक्षितकर्मक (સકર્મક છતાં અકર્મક જેવા) **'प्रयोग' क्रियते त्वया** = તારા વડે કરાય છે, **द्यण् - कार्यं त्वया**=તારાવડે કરાય એવું, **तव्य – कर्तव्यं त्वया** = તારા વડે કરાય એવું, **अनीय - करणीयं त्वया** = તારા વડે કરાય એવું, **क्यप् – कृत्यं त्वया** =

તારા વડે કરાય એવું, **य-देयं त्वया** = તારા વડે દેવાય એવું **क्त-कृतं त्वया** = તારાવડે કરાયું, **खल्- सुकरं त्वया** = તારા વડે સહજ રીતે કરાય છે.

इङितः कर्तरि ॥ ३-३-२२ ॥

ધાતુ પાઠમાં ઈત્ (ઈ નિશાનવાળા) અને ङित् (ङ् નિશાનવાળા) ધાતુને, કર્તરિ પ્રયોગમાં ' **आत्मनेपद** ' થાય છે. **७४१ एधि** = **एधते** = વધે છે, **११०५ शीङ् - शेते** = સુએ છે.

क्रियाव्यतिहारेऽगति-हिंसा-शब्दार्थ-हसो हृ-वहश्चाऽनन्योऽन्यार्थे ॥ ३-३-२३ ॥

ક્રિયાવ્યતિહાર - બીજાએ કરવાને ઇચ્છેલી ક્રિયાનું બીજાએ કરવું તે, અર્થાત્ પરસ્પર ક્રિયાની અદલા બદલીના અર્થમાં વર્તમાન એવા, ગતિ અર્થવાળા, હિંસા અર્થવાળા, શબ્દ અર્થવાળા અને હસ્ વર્જિત ધાતુઓને તથા હૃ અને વહ્ ધાતુને, કર્તરિ પ્રયોગમાં ' **आत्मनेपद** ' થાય છે. જો ક્રિયાવ્યતિહારસૂચક-વાક્યમાં અન્યોન્ય ના અર્થવાળા બીજા શબ્દોનો પ્રયોગ ન હોય તો. **१५१९ लूगृश् - व्यतिलुनते** = બીજાને બદલે બીજો લણે છે, **८८५ हृंग् - व्यतिहरन्ते भारम्** = બીજાને બદલે બીજો ભારને લઈ જાય છે, **९९६ वहीं - व्यतिवहन्ते भारम्** = બીજાને બદલે બીજો ભારને વહન કરે છે.

निविशः ॥ ३-३-२४ ॥

નિ ઉપસર્ગ સહિત વિશ્ ધાતુને, કર્તા અર્થમાં ' **आत्मनेपद** ' થાય છે. **१४१५ विशंत्-निविशति** = તે રહે છે.

उपसर्गादस्योहो वा ॥ ३-३-२५ ॥

ઉપસર્ગથી પર રહેલ अस् અને ઊહ્ ધાતુને, કર્તા અર્થમાં વિકલ્પે ' **आत्मनेपद** ' થાય છે. **१२२१. असूच्-वि + परि + अस् + श्य + ते = विपर्यस्यते, विपर्यस्यति** = ઉલટું કરે છે. **८७० ऊहि-समूहते, समूहति** = સારી રીતે તર્ક કરે છે.

उत्-स्वराद् युजरयज्ञतत्पात्रे ॥ ३-३-२६ ॥

ઉત્ ઉપસર્ગ અને સ્વરાંત ઉપસર્ગથી પર રહેલ युज् ધાતુને કર્તા અર્થમાં વિકલ્પે ' **आत्मनेपद** ' થાય છે. જો યજ્ઞના પાત્રની સાથે જોડવાના અર્થમાં ન હોય તો, **१४७६. युजुंपी - उपयुङ्क्ते** = ઉપયોગ કરે છે.

परि-व्यवात् क्रियः ॥ ३-३-२७ ॥

પરિ, વિ અને અવ ઉપસર્ગથી પર રહેલ ક્રી ધાતુને, કર્તા અર્થમાં ' **आत्मनेपद** ' થાય છે. **१५०८. डुक्रींग्श् - परि + क्री + श्ना (ना) = परिक्रीणीते** = ખરીદ કરે છે.

परा वेर्जेः ॥ ३-३-२८ ॥

પરા અને વિ ઉપસર્ગથી પર રહેલ જિ ધાતુને, કર્તા અર્થમાં ' **आत्मनेपद** ' થાય છે. ९ **जि - पराजयते** = હરાવે છે.

समः क्ष्णोः ॥ ३-३-२९ ॥

સમ્ ઉપસર્ગથી પર રહેલ क्ष्णु ધાતુને, કર્તા અર્થમાં ' **आत्मनेपद** ' થાય છે. **१०८२. क्ष्णुक् - संक्ष्णुते शस्त्रम्** = શસ્ત્રને ધારવાળું બનાવે છે.

अपस्किरः ॥ ३-३-३० ॥

अप उपसर्गथी पर रहेल स (स्सट्) सहित कृ धातुने, कर्ता अर्थमां 'आत्मनेपद' थाय छे. १३३४. कृत्, १५२२. कृग्श् - **अपस्किरते वृषभो हृष्टः** = हर्षना आवेशथी छकेलो सांढ (भेंखडने) उखाडे छे. अहिं "अपात्० [४-४-९५]" ए सूत्रथी स्सट् प्रत्यय थयेल छे.

उदश्वरः साप्यात् ॥ ३-३-३१ ॥

उद् उपसर्ग पर रहेल सकर्मक (चर् धातु साथे कर्मनो प्रयोग थयो होय तो) चर् धातुने, कर्ता अर्थमां 'आत्मनेपद' थाय छे. ४१० चर - **मार्गमुच्चरते** = रस्ताने ओळंगीने जाय छे,

समस्तृतीयया ॥ ३-३-३२ ॥

सम् उपसर्गथी पर रहेल चर् धातुने, तृतीया विभक्ति साथे योग रहेते छते, कर्ता अर्थमां 'आत्मनेपद' थाय छे. **अश्वेन सञ्चरते** - अश्व वडे जाय छे.

क्रीडोऽनुजने ॥ ३-३-३३ ॥

सम् उपसर्गथी पर रहेल क्रीड् धातुने, जो नुजन अव्यक्त शब्दनो विषय न होय तो, कर्ता अर्थमां 'आत्मनेपद' थाय छे. २४३. क्रीड् - **संक्रीडते** = सारी रीते रमे छे.

अन्वाङ्-परे ॥ ३-३-३४ ॥

अनु, आङ् अने परि उपसर्गथी पर रहेल धातुने, कर्ता अर्थमां 'आत्मनेपद' थाय छे. **अनुक्रीडते** = पाछळ रमे छे.

शप उपलम्भने ॥ ३-३-३५ ॥

ઉપલંભન-જણાવવું અથવા સોગન ખાવાના અર્થમાં શપ્ ધાતુને કર્તા અર્થમાં ' **आत्मनेपद** ' થાય છે. **९१६ शपौं - मैत्राय शपते** = મૈત્રને સોગન સાથે જણાવે છે.

आशिषि नाथः ॥ ३-३-३६ ॥

આશીર્વાદ અર્થ જણાતો હોય તો, નાથ્ ધાતુને, કર્તા અર્થમાં ' **आत्मनेपद** ' થાય છે. **७१६. नाथृङ् - सर्पिषो नाथते** = મારે ત્યાં ઘી વધે એવી આશીષ્ આપે છે.

भुनजोऽत्राणे ॥ ३-३-३७ ॥

અત્રાણે-રક્ષણ કરવું એવો અર્થ ન હોય તો, ભુજ્ ધાતુને કર્તા અર્થમાં ' **आत्मनेपद** ' થાય છે. **१४८७. भुंजंप् - ओदनं भुङ्क्ते** = ભાત ખાય છે. અહિંઆ (ભુનજે) ભુજ્ ધાતુને ન સહિત જણાવેલ હોવાથી **१३५१ भुजोंत्** ધાતુ લેવાનો નથી.

हृगो गततान्छील्ये ॥ ३-३-३८ ॥

ગતતાચ્છીલ્ય - ગુણ કે ક્રિયાનું કાયમી અનુકરણ અર્થમાં, અનુ ઉપસર્ગ યુકત હૃગ્ ધાતુને, કર્તા અર્થમાં ' **आत्मनेपद** ' થાય છે. **८८५ हृगं् - पैतृकमश्वा अनुहरन्ते** = અશ્વો પોતાના પિતાનું અનુકરણ કરે છે. અર્થાત્ પિતાની ચાલે અશ્વો ચાલે છે.

पूजा-ऽऽचार्यक-मृत्युत्क्षेप-ज्ञान-विगणन-व्यये नियः

॥ ३-३-३९ ॥

પૂજા-આદર, આચાર્યક-આચાર્ય પાસે જવું, ભૃતિ-પગાર

માટે જવું, ઉત્ક્ષેપ—ઉછાળવું, જ્ઞાન-તત્ત્વનો નિશ્ચય, વિગણન—કર વેરો કે દેવું આપવું અને વ્યય-ધર્મ માર્ગમા ખર્ચ કરવો, એવા અર્થમાં વર્તમાન ની ધાતુને, કર્તા અર્થમાં '**આત્મનેપદ**' થાય છે. ૮૮૪. **ણીંગ્ - नयते विद्वान् स्वाद्वादे** = સ્યાદ્વાદને જાણનાર વિદ્વાન્ માણસો સમાજમાં આદર-સન્માન પામે છે.

कर्तृस्थामूर्ताऽऽप्यात् ॥ ३-३-४० ॥

જો ધાતુનું કર્મ અમૂર્ત નજરે ન દેખાતું હોય તો અને એ કર્મ કર્તા અર્થમાં હોય તો, સકર્મક એવા ની ધાતુને કર્તા અર્થમાં '**આત્મનેપદ**' થાય છે. **श्रमं विनयते** = થાક ઉતારે છે.

शदेः शितिं ॥ ३-३-४१ ॥

શિત્ (વર્તમાના, સપ્તમી, પંચમી અને હ્યસ્તનીના) પ્રત્યયો પર છતાં, शद् ધાતુને કર્તા અર્થમાં '**આત્મનેપદ**' થાય છે. ૧૬૬૭ **शद्लं - शीयते** = દુઃખી થાય છે.

म्रियतेरद्यतन्याशिषि च ॥ ३-३-४२ ॥

અદ્યતની, આશિષ્ અને શિત્ પ્રત્યયના વિષયમા मृ ધાતુને, કર્તા અર્થમાં '**આત્મનેપદ**' થાય છે, ૧૩૩૩. **मृंत् - म्रियते** = મરે છે. **म्रियेत** = મરે, **म्रियताम्** = મરો, **अम्रियत** = કાલે મરી ગયો, **अमृत** = આજે મરી ગયો., **मृषीष्ट** = મરી જાઓ.

क्यङ्षो नवा ॥ ३-३-४३ ॥

क्यङ्ष् પ્રત્યયવાળા ધાતુને કર્તા અર્થમાં વિકલ્પે '**આત્મનેપદ**' થાય છે. **निद्रायते, निद्रायति** = ઉંઘે છે. અનિદ્રામાથી નિદ્રામાં

જાય છે. અહિં "**डाच्० [३-४-३०]**" એ સૂત્રથી ક્યહ્ પ્ પ્રત્યય થયો છે.

द्युद्भ्योऽद्यतन्याम् ॥ ३-३-४४ ॥

દ્યુત આદિ (દ્યુતાદિ ગણુના) ધાતુને, અદ્યતનીમાં કર્તા અર્થમાં વિકલ્પે '**आत्मनेपद**' થાય છે. ૯૩૭ **द्युति** = **व्यद्युतत्**, **व्यद्योतिष्ट** = આજે વિશેષ પ્રકાશ થયો.

वृद्भ्यः स्य - सनोः ॥ ३-३-४५ ॥

દ્યુતાદિગણુ સંબંધિ વૃત્ વગેરે ધાતુને, ભવિષ્યન્તી અને ક્રિયાતિપત્તિના સ્ય આદિવાળા પ્રત્યયો અને સન્ પ્રત્યય લાગ્યો હોય, ત્યારે કર્તા અર્થમાં વિકલ્પે '**आत्मनेपद**' થાય છે. ૯૫૬ **वृतूङ् - वर्त्स्यति, वर्त्स्यते** = વર્તશે, **व्यवर्त्स्यन्**, **वर्तिष्यमाणः** = વર્તવાનો **अवर्त्स्यत्**, **अवर्तिष्यत** = વર્ત્યો હોત. **विवृत्सति, विवृत्सते** = વર્તવાને ઇચ્છે છે.

कृपः श्वस्तन्याम् ॥ ३-३-४६ ॥

કૃપ્ ધાતુને, શ્વસ્તની વિભક્તિના પ્રત્યય લાગે ત્યારે કર્તા અર્થમાં વિકલ્પે '**आत्मनेपद**' થાય છે. ૯૫૯. **कृपौङ् - कल्पतासि, कल्पतासे** = તું ચાલે સમર્થ થઇશ.

क्रमोऽनुपसर्गात् ॥ ३-३-४७ ॥

ઉપસર્ગ રહિત ક્રમ્ ધાતુને, કર્તા અર્થમાં વિકલ્પે '**आत्मनेपद**' થાય છે. ૯૮૬. **क्रमूं - क्रमते, क्रामते** = તે ચાલે છે.

वृत्ति-सर्ग-तायिने ॥ ३-३-४८ ॥

વૃત્તિ – અપ્રતિબંધ, સર્ગ – ઉત્સાહ અને તાયિન – વૃદ્ધિ અર્થમાં ક્રમ્ ધાતુને, કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે. **शास्त्रेऽस्य क्रमते बुद्धिः** = શાસ્ત્રમાં આની બુદ્ધિ કયાંય અટકતી નથી.

परोपात् ॥ ३-३-४९ ॥

પરા અને ઉપ ઉપસર્ગ સહિત ક્રમ્ ધાતુને, અપ્રતિબંધ, ઉત્સાહ અને વૃદ્ધિ અર્થ જણાતે છતે, કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે. **पराक्रमते** = રોકાયા વિના પરાક્રમ કરે છે.

वेः स्वार्थे ॥ ३-३-५० ॥

વિ ઉપસર્ગ સહિત સ્વાર્થ – કર્તા પોતાના પગે ચાલતો હોય એવો અર્થ જણાતે છતે, ક્રમ્ ધાતુને, કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે. **साधु विक्रमते गजः** = હાથી સુંદર ચાલે છે.

प्रोपादारम्भे ॥ ३-३-५१ ॥

પ્ર અને ઉપ ઉપસર્ગ સહિત ક્રમ્ ધાતુને, આરંભ અર્થ હોય તો, કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે. **प्रक्रमते भोक्तुम्** = ખાવાની શરૂઆત કરે છે.

आङो ज्योतिरुद्गमे ॥ ३-३-५२ ॥

આઙ્ ઉપસર્ગ સહિત ક્રમ્ ધાતુને, ચંદ્ર – સૂર્ય આદિના વિષયમાં કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે. **आक्रमते चन्द्रः, सूर्यो वा**= ચંદ્ર અથવા સૂર્ય ઉગે છે.

दाणोऽस्वाऽऽस्यप्रसा॰र-विकासे ॥ ३-३-५३ ॥

આઙ્ ઉપસર્ગ સહિત દાણ્ ધાતુને, કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે. જે કર્તા પોતાનું મુખ પહોળું કરવું કે કર્તાને પોતાનો વિકાસ કરવો એવો અર્થ જણાતો ન હોય તો. **११३८. डुदाञ्क्-विद्यामादत्ते** = વિદ્યા ગ્રહણ કરે છે.

नु-प्रच्छः ॥ ३-३-५४ ॥

આઙ્ ઉપસર્ગ સહિત નુ તથા પ્રચ્છ્ ધાતુને. કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે. **१०८१. णुक् - आनुते शृगालः** = શિયાળ બોલે છે. **१३४७. प्रछंत् - आपृच्छते गुरुन्** = ગુરુઓને પૂછે છે.

गमेः क्षान्तौ ॥ ३-३-५५ ॥

આઙ્ ઉપસર્ગ સહિત ણિ પૂર્વકનો ગમ્ ધાતુને, ક્ષાન્તિ - રાહ જોવી અર્થમાં કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે. **३९६. गम्लृं - आगमयते गुरून्** = ગુરુની રાહ જુએ છે.

ह्वः स्पर्द्धे ॥ ३-३-५६ ॥

સ્પર્ધા અર્થમાં વર્તતો આઙ્ પૂર્વકનો હ્વે ધાતુને કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે. **९९४. ह्वेंग् - मल्लोमल्लमाह्वयते** = મલ્લ બીજા મલ્લની સામે સ્પર્ધા કરે છે.

नि-वेः ॥ ३-३-५७ ॥

સમ્, નિ અને વિ ઉપસર્ગોમાંથી કોઇ એક ઉપસર્ગ સહિત હ્વે ધાતુને, કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે. **संह्वयते** = સારી રીતે બોલાવે છે.

उपात् ॥ ३-३-५८ ॥

ઉપ ઉપસર્ગ સહિત હૂવે ધાતુને, કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે. **उपह्वयते** = બોલાવે છે.

यमः स्वीकारे ॥ ३-३-५९ ॥

સ્વીકાર – પોતાનું ન હોય તેને પોતાનું કરવું, એવા અર્થમાં ઉપ ઉપસર્ગ સહિત યમ્ ધાતુને, કર્તાના અર્થમાં '**आत्मनेपद**' થાય છે. **कन्यामुपयच्छते** = કન્યાનો સ્વીકાર કરે છે.

देवार्चा-मैत्री-सङ्गम-पथिकर्तृक-मन्त्रकरणे स्थः ॥ ३-३-६० ॥

દેવાર્ચા – દેવનીપૂજા, મૈત્રી – મિત્રતા કરવી, સંગમ – મળવું પથિકર્તૃક – રસ્તા રૂપ કર્તા, તથા મન્ત્રકરણ – મંત્રરૂપ સાધના અર્થમાં, ઉપ ઉપસર્ગ સહિત સ્થા ધાતુને, કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે. ૫. ષ્ઠાં – **जिनेन्द्रमुपतिष्ठते** = જિનેન્દ્રદેવની પૂજા કરે છે.

वा लिप्सायाम् ॥ ३-३-६१ ॥

લિપ્સા – લાભની ઇચ્છા અર્થમાં ઉપ ઉપસર્ગ સહિત સ્થા ધાતુને, કર્તા અર્થમાં '**आत्मनेपद**' વિકલ્પે થાય છે. **भिक्षुः दातृकुलमुपतिष्ठते** = ભિખારી દાતારના કુલ પાસેથી મેળવવાની ઇચ્છાથી ઉભો છે.

उदोऽनूर्ध्वैहे ॥ ३-३-६२ ॥

ઉભા થવાની ચેષ્ટા કરવી એવો અર્થ ન હોય ત્યારે, અર્થાત્

मात्र उद्यम करवो, चेष्टा करवी एवा अर्थमां उद् उपसर्ग सहित स्था धातुने. कर्ता अर्थमां '**आत्मनेपद**' थाय छे. **मुक्तौ उत्तिष्ठते** = मुक्ति माटे उद्यम करे छे. **आसनादुत्तिष्ठते** = आसनथी ऊभो थाय छे.

सं–नि–प्रा–ऽवात् ॥ ३–३–६३ ॥

सम्, नि, प्र अने अव उपसर्ग सहित स्था धातुने, कर्ता अर्थमां '**आत्मनेपद**' थाय छे. **संतिष्ठते** = सारी रीते रहे छे, स्थिर रहे छे.

ज्ञीप्सा–स्थेये ॥ ३–३–६४ ॥

ज्ञीप्सा – पोतानो अभिप्राय जणावो, पोतानी जातने उघाडी करवी, तथा स्थेय - फैंसलो आपवो एवा अर्थमां स्था धातुने '**आत्मनेपद**' थाय छे. **तिष्ठते कन्या छात्रेभ्यः** = विद्यार्थी ने पोतानो अभिप्राय जणावता कन्या ऊभी रहे छे.

प्रतिज्ञायाम् ॥ ३–३–६५ ॥

प्रतिज्ञाना अर्थमां वर्तता स्था धातुने, कर्ताना अर्थमां '**आत्मनेपद**' थाय छे. **नित्यं शब्दम् आतिष्ठते** = शब्द नित्य छे एम माने छे.

समो गिरः ॥ ३–३–६६ ॥

प्रतिज्ञा – अमुक प्रकारनी मान्यतानो स्वीकार, एवा अर्थमां वर्तता सम् उपसर्ग सहित गृ धातुने कर्ता अर्थमां '**आत्मनेपद**' थाय छे. १३३५. **गृत् – स्याद्वादं सङ्गिरते** = स्याद्वादने स्वीकारे छे.

अवात् ॥ ३-३-६७ ॥

અવ ઉપસર્ગ સહિત गृ ધાતુને કર્તા અર્થમાં ' **आत्मनेपद** ' થાય છે. **अवगिरते** = તે ગળે છે-ખાય છે.

निह्नवे ज्ञः ॥ ३-३-६८ ॥

નિહ્નવ - અપલાપ કરવો, ખોટું બોલવું અથવા કર્યું હોય છતાં ના પાડવી એવા અર્થમાં ज्ञा ધાતુને, કર્તા અર્થમાં ' **आत्मनेपद** ' થાય છે. **१५४० ज्ञांश् - शतमुपजानीते**=સો લીધા છતાં ના પાડે છે.

सं-प्रतेरस्मृतौ ॥ ३-३-६९ ॥

સ્મૃતિ ભિન્ન અર્થવાળા, सम् અને प्रति ઉપસર્ગ સહિત ज्ञा ધાતુને, કર્તા અર્થમાં ' **आत्मनेपद** ' થાય છે. **शतं संजानीते** = સોને - સેંકડાને જુએ છે.

अननोः सनः ॥ ३-३-७० ॥

અનુ ઉપસર્ગ રહિત, सन् પ્રત્યયવાળા ज्ञा ધાતુને, કર્તા અર્થમાં ' **आत्मनेपद** ' થાય છે. **धर्मं जिज्ञासते** = ધર્મ જાણવાની જીજ્ઞાસા રાખે છે.

श्रुवोऽनाङ्प्रतेः ॥ ३-३-७१ ॥

આङ્ અને પ્રતિ ઉપસર્ગ રહિત, सन् પ્રત્યયવાળા श्रु ધાતુને કર્તા અર્થમાં ' **आत्मनेपद** ' થાય છે. **१२९६ श्रुंट् - शुश्रूषते गुरुन्** = ગુરૂને સાંભળવા ઇચ્છે છે.

स्मृ-दृशः ॥ ३-३-७२ ॥

सन् प्रत्ययवाणा स्मृ अने दृश् धातुने, कर्ता अर्थमां '**आत्मनेपद**' थाय छे. १८. **स्मृ - सुस्मूर्षते** = स्मरण करवाने इच्छे छे. ९९०. **दृश् दिदृक्षते** = दर्शन करवाने इच्छे छे.

शको जिज्ञासायाम् ॥ ३-३-७३ ॥

सन् प्रत्ययान्त जिज्ञासा अर्थमां वर्तमान एवा **शक्** धातुने, कर्ता अर्थमां '**आत्मनेपद**' थाय छे. **१३००. शक्लृट् - विद्याः शिक्षते** = विद्या जाणवाने इच्छे छे.

प्राग्वत् ॥ ३-३-७४ ॥

सन् प्रत्यय लागतां पहेला जे धातु आत्मनेपदीनो होय, तो पण सन् प्रत्यय लाग्या पछी धातुने, कर्ता अर्थमां '**आत्मनेपद**' थाय छे. ११०९. **शीङ्कृ - शिशयिषते** = सुवाने इच्छे छे.

आमः कृगः ॥ ३-३-७५ ॥

परोक्षा विभक्तिना प्रत्ययने स्थाने लागेल आम् प्रत्यय पहेला जे धातु आत्मनेपदीनो होय तो, कृ धातुने पण कर्ता अर्थमां '**आत्मनेपद**' थाय छे. अने आम् प्रत्यय लागतां पहेला जे धातु परस्मैपदीनो होय तो, आम् प्रत्यय लागतां पहेलां पण कृ धातु ने कर्ता अर्थमां '**परस्मैपद**' थाय छे. अर्थात् आम् प्रत्यय लागतां पहेलां धातु जे पदनो होय ते ज पदना प्रत्ययो आम् प्रत्यय लागतां पहेला लागे छे. ८८८. **डुकृंग्**, ८५७. **ईहि = ईह + कृ = ईह + आम् + कृ + प = ईहाम् + चक्र + प = ईहाञ्चक्रे** = चेष्टा करी. ११३२. **जिभींकृ - भी + कृ = भी + णव् + कृ = भी + आम + कृ + णव् = बिभी + आम् + चकृ + अ = बिभयाञ्चकार =**

ભય પામ્યો. અહિં "**धातो० [३-४-४६]**" એ સૂત્રથી **आम्** પ્રત્યય થાય છે.

गन्धना-ऽवक्षेप-सेवा-साहस-प्रतियत्न-प्रकथनोपयोगे ॥ ३-३-७६ ॥

ગન્ધન - દ્વેષથી બીજાના દોષને ઉઘાડા પાડવા, અવક્ષેપ - નિંદા કરવી, સેવા - બીજાને સહાય કરવી, સાહસ - સારા નરસાનો વિચાર વિના પ્રવૃત્તિ કરવી, પ્રતિયત્ન - વસ્તુમાં ગુણ સ્થાપન કરવા વારંવાર પ્રયત્ન કરવો, પ્રકથન - પ્રકૃષ્ટ કથન કરવું, ઉપયોગ - ધર્મ વગેરે કાર્યોમાં ખર્ચ કરવો અર્થમાં કૃ ધાતુને કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે. **उत्कुरुते** = દોષ ખુલ્લા કરે છે.

अधेः प्रसहने ॥ ३-३-७७ ॥

અધિ ઉપસર્ગ સહિત કૃ ધાતુને, પ્રસહન - બીજાને હરાવવો, ક્ષમા રાખવી અર્થ જણાતે છતે, કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે. **तं हा ! अधिचक्रे** = હાય ! તેને હરાવ્યો, હાય ! તેને જવા દીધો, હાય ! તેની તરફ ક્ષમા રાખી, હાય ! તેને વધારે સહન કર્યું.

दीप्ति-ज्ञान-यत्न-विमत्युपसंभाषोपमन्त्रणे वदः ॥ ३-३-७८ ॥

દીપ્તિ - પ્રકાશિત થવું, જ્ઞાન - અવબોધ, યત્ન - ઉત્સાહ, વિમતિ - વિવાદ, ઉપસંભાષ - ઠપકો દેવો, ઉપમન્ત્રણ - ગુપ્ત ચર્ચા કરવી. આ અર્થમાં વદ્ ધાતુને, કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે. ૯૯૮. **वद् - वदते विद्वान् स्याद्वादे** = સ્યાદ્વાદના વિષે બોલતો વિદ્વાન દીપે - શોભે છે.

व्यक्तवाचां सहोक्तौ ॥ ३-३-७९ ॥

સહોક્તિ - સ્પષ્ટ ભાષાવાળા માણસો સમૂહ સાથે બોલે, એવા અર્થવાળા વદ્ ધાતુને, કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે. **संप्रवदन्ते, ग्राम्याः** = ગ્રામ્યજનો ભેગા થઈ એક સાથે બોલે છે.

विवादे वा ॥ ३-३-८० ॥

વિવાદ - ઘણા લોકો ભેગા થઈ એક બીજાની વિરૂદ્ધ બોલવું, એવા અર્થવાળા વદ્ ધાતુને, કર્તા અર્થમાં વિકલ્પે '**आत्मनेपद**' થાય છે. **विप्रवदन्ते, विप्रवदन्ति वा मौहूर्ताः** = ભેગા થયેલ જ્યોતિષિઓ ખુબ વિવાદ કરે છે.

अनोः कर्मण्यसति ॥ ३-३-८१ ॥

સ્પષ્ટ ભાષા બોલવી એવા અર્થવાળા વદ્ ધાતુને, જો તેનું કર્મ, પ્રયોગમાં જણાવ્યું ન હોય તો, કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે. **अनुवदते चैत्रो मैत्रस्य** = ચૈત્ર મૈત્રનો અનુવાદ કરે છે. અર્થાત્ મૈત્ર જેમ બોલે તેમ ચૈત્ર બોલે છે.

ज्ञः ॥ ३-३-८२ ॥

જ્ઞા ધાતુને, જો તેનું કર્મ પ્રયોગમાં ન જણાયેલ હોય તો કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે. **१५४०. ज्ञांश् - सर्पिषो जानीते** = ઘીના વિષે જાણે છે. અર્થાત્ ઘી વડે જમવાની શરૂઆત કરે છે.

उपात्स्थः ॥ ३-३-८३ ॥

ઉપ ઉપસર્ગ સહિત સ્થા ધાતુને, જો તેનું કર્મ પ્રયોગમાં

જણાવેલ ન હોય તો, કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે. ૯. **ष्ठां - योगे योगे उपतिष्ठते** = દરેક યોગમાં ઉભો રહે છે.

समो गमृच्छि-प्रच्छि-श्रु-वित्-स्वरत्यर्ति-हृशः ॥ ३-३-८४ ॥

સમ્ ઉપસર્ગ સહિત ગમ્, ઋચ્છ્, પ્રચ્છ્, શ્રુ, વિત્, સ્વર્, અર્તિ (ઋ), અને દૃશ્ ધાતુને, જો કર્મ પ્રયોગ જણાવેલ ન હોય તો. કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે. **३९६. गम्लृ - संगच्छते** તે મળે છે, **१३४२. ऋछत् - समृच्छिष्यते** = તે સમાગમ કરશે, **१३४७. प्रछत् - संपृच्छते** = તે સારી રીતે પૂછે છે, **१२९६. श्रुंट् - संश्रृणुते** = તે સારી રીતે સાંભળે છે, **१०९९. विदक् - संवित्ते** = તે સારી જાણે છે. **२१. औस्वृ - संस्वरते** = તે સારી રીતે અવાજ કરે છે, **२६. ऋं - समृच्छते** = તે સમાગમ કરે છે. **११३५. ऋंक् - समियृते** = તે સમાગમ કરે છે, **४९५. दृश्रृं - संपश्यते** = તે સારી રીતે જુએ છે.

वेः कृगः शब्दे चाऽनाशे ॥ ३-३-८५ ॥

નાશ ભિન્ન અર્થમાં વિ ઉપસર્ગ સહિત કૃ ધાતુને, કર્મ પ્રયોગ જણાવેલ ન હોય, તથા શબ્દરૂપ કર્મ પ્રયોગ જણાવેલ હોય તો, કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે. **विकुर्वते सैन्धवाः**=સિંધ દેશના ઘોડા સુંદર ચાલથી ચાલે છે. **क्राष्ट्रा विकुरुते स्वरान्** = શિયાળ જુદા જુદા અવાજ કરે છે.

आङो यम-हनः स्वेऽङ्गे च ॥ ३-३-८६ ॥

આઙ્ ઉપસર્ગ સહિત યમ્ અને હન્ ધાતુને, જો કર્મ પ્રયોગ જણાવેલ ન હોય તો, તથા પોતાના – કર્તાના અંગરૂપ કર્મ હોય

તો, કર્તા અર્થમાં ' **आत्मनेपद** ' થાય છે. **३८६ यमूं – आयच्छते** = લાંબુ કરે છે. ૧૧૦૦. **हनंक् = आहते** = આઘાત કરે છે. **आयच्छते, आहते वा पादम्** = પગને લાંબા કરે છે અથવા પગને આઘાત કરે છે.

व्युदस्तपः ॥ ३–३–८७ ॥

વિ અને ઉદ્ ઉપસર્ગ સહિત તપ ધાતુને, કર્મ પ્રયોગ જણાવેલ ન હોય તો, તથા પોતાના અંગરૂપ કર્મ પ્રયોગ હોય તો, કર્તા અર્થમાં ' **आत्मनेपद** ' થાય છે. **३३३.तपं – वितपते, उत्तपते रविः** = સૂર્ય તપે છે, સૂર્ય ખૂબ તપે છે. **वितपते, उत्तपते पाणिम्** = કર્તા પોતાના હાથને તપાવે છે, ખુબ તપાવે છે.

अणिक्कर्म णिक्कर्तृकाण्णिगोऽस्मृतौ ॥ ३–३–८८ ॥

જો સ્મરણ સૂચક અર્થવાળા ધાતુ ન હોય તો, અણિક્કર્મ – અપ્રેરક અવસ્થાનું જે કર્મ હોય તે, ણિક્ + કર્તૃક – પ્રેરક અવસ્થામાં કર્તા હોય તો, પ્રેરક સૂચક ણિગ્ પ્રત્યયાંત ધાતુને ' **आत्मनेपद** ' થાય છે. ૯૮૮. **रुहं = हस्तिपकाः हस्तिनमारोहन्ति** = મહાવતો હાથી ઉપર ચડે છે, **तान् हस्तिपकान् हस्ति आरोहयते** = હાથી ઉપર ચડનારા મહાવતોને હાથી પોતાની ઉપર ચડાવે છે. (ઉપરના પ્રથમ વાક્યમાં અપ્રેરક અવસ્થાનો કર્મ હાથી છે. જ્યારે બીજા વાક્યમાં પ્રેરક અવસ્થાનો કર્મ રૂપ હાથી કર્તા છે, માટે આત્મને પદ થયું.) આ સૂત્રમાં જણાવેલ ણિગ્ અને ણિક્ પ્રત્યય છે. તે ણિગ્ પ્રત્યય દ્વારા પ્રેરણા અર્થમાં " **प्रयोक्तृ० [३–४–२०]** " એ સૂત્રથી જણાવેલ ણિગ્ પ્રત્યય જ લેવાનો છે. પરંતુ **चुरादि०** " **[३–४–१७]** " એ સૂત્રમાં જણાવેલ ણિચ્ પ્રત્યય, તથા **णिज् बहुलं०** " **[३-४-४२]** " એ સૂત્રમાં જણાવેલ ણિચ્ પ્રત્યય

લેવાનો નથી. એ જણાવવા માટે આ સૂત્રમાં ણિગ્માં ગકારનો નિર્દેશ કર્યો છે.

प्रगल्भे गृधि-वञ्चेः ॥ ३-३-८९ ॥

પ્રગલ્ભ – ઠગવું અર્થવાળા, પ્રેરક અવસ્થામાં નિર્દેશ કરાયેલ જે ણિગ્ પ્રત્યયવાળા ગૃધ્ અને વઞ્ચ્ ધાતુને, કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે. **११८७. गृधूच् – बटुं गर्धयते** = બટુકને ઠગે છે **१०६ वञ्चू – बटुं वञ्चयते** = બટુકને ઠગે છે.

लीङ्-लिनोऽर्चाऽभिभवे चाऽऽच्चाऽकर्तर्यपि ॥ ३-३-९० ॥

અર્ચા – પૂજા, અભિભવ – પરાજય અને પ્રગલ્ભ – ઠગવું અર્થમાં વર્તમાન, તથા પ્રેરક અર્થમાં વપરાયેલ જે લી અને લી ધાતુને, કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે, અને બન્ને ધાતુના અન્તનો '**आ**' આદેશ થાય છે. અર્થાત્ **ली** ના સ્થાને **ला** થાય છે. અને કર્તરિ પ્રયોગ ન હોય ત્યાં, અર્થાત્ કર્મણિ અને ભાવ પ્રયોગમાં બન્ને ધાતુના અન્તનો '**आ**' થાય છે, અર્થાત્ બન્ને **ली** ના સ્થાને '**ला**' થાય છે. **१२४८. लीङ्च्, १५२६. लींश् – जटाभिरालाप्यते जटिलेन** = જટિલ – જટાવડે પૂજાય છે.

स्मिङः प्रयोक्तुः स्वार्थे ॥ ३-३-९१ ॥

પ્રેરક દ્વારા – પ્રેરણા કરનાર દ્વારા જ સ્વાર્થ જણાતો હોય તો, પ્રેરક અવસ્થામાં વપરાયેલ સ્મિત-અલ્પ હસવું અર્થવાળા સ્મિ ધાતુના અન્તનો '**आ**' આદેશ (સ્મા) થાય છે. **५८७. ष्मिंङ् – जटिलो विस्मापयते** = જટાવાળા લોકોને વિસ્મય પમાડે છે.

बिभेतेर्भीषू च ॥ ३-३-९२ ॥

પ્રેરણા કરનાર દ્વારા જ સ્વાર્થ જણાતો હોય તો પ્રેરક અવસ્થામાં વપરાયેલ भी ધાતુને કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે, તથા भी ના સ્થાને '**भीष्**' અને '**भा**' આદેશો વારા ફરતી થાય છે. **११३२. ञिभींक्** – **मुण्डो भीषयते, भाषयते वा** = મુંડન વાળો માણસ બીવરાવે છે.

मिथ्याकृगोऽभ्यासे ॥ ३-३-९३ ॥

અભ્યાસ અર્થમાં વર્તમાન પ્રેરણા દ્વારા જ પ્રેરક અવસ્થામાં નિર્દેશ કરાયલે એવો मिथ्या શબ્દ યુકત कृ ધાતુને '**आत्मनेपद**' થાય છે. **पदं मिथ्या कारयते** = પદને વારંવાર ખોટું કરાવે છે.

परिमुहायमायसपाट्धेवदवसदमादरुचनृतः फलवति ॥ ३-३-९४ ॥

પરિ સાથે मुह्, આ સાથે यम् અને यस् , તેમજ पा, ट्धे , वह्, वस्, दम् , अह्, इच् અને नृत् એવા પ્રેરણા કરનાર દ્વારા જ પ્રેરક અવસ્થામાં વપરાયેલ ણિગન્ત ધાતુઓને, જો ક્રિયાનું મુખ્ય ફળ કર્તાને મળતું હોય તો, કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે. **१२३८ मुहोच्** – **परिमोहयते चैत्रम्** = ચૈત્રને મોહ પમાડે છે. **३८६ यमूं आयामयते सर्पम्** = સર્પને લાંબો કરે છે, **१२२२. यसूच्** – **आयासयते मैत्रम्** = મૈત્ર પાસે પ્રયત્ન કરાવે છે, **२. पां** – **पाययते बटुम्** = બાળકને પીવડાવે છે, **२८. ट्धें** – **धापयते शिशुम्** = નાના બાળકને ધવરાવે છે, **९९८. वद** – **वादयते बटुम्** = બાળકને બોલાવે છે, **९९९. वसं** – **वासयते पान्थम्** = મુસાફરને વસાવે છે, **१२३१. दमूच्** = **दमयते अश्वम्** = ઘોડાને પલોટે છે. **१०५९. अदं** – **आदयते चैत्रेण** = ચૈત્ર વડે ખવરાવે છે. **९३८. रुचि-रोच-**

यते मैत्रम् = મૈત્રને રૂચિ પેદા કરે છે, **११५२. नृतैच्** = **नृत्यते नटम्** = નટને નચાવે છે.

ई-गितः ॥ ३-३-९५ ॥

ધાતુપાઠમાં જે ધાતુ ઇત્ અનુબંધ – નિશાનવાળ હોય, તેવા ધાતુના ક્રિયાપદનો કર્તા ફલવાન્ – જે ક્રિયા કરવામાં આવે તેનું મુખ્ય ફળ કર્તાને મળતું હોય તો, તે ધાતુઓને કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે. ૯૯૧. **यजीं** – **यजते** = યજ્ઞ કરે છે. ૮૮૮. **डुकृंग्** – **करोति** = કરે છે.

ज्ञोऽनुपसर्गात् ॥ ३-३-९६ ॥

ઉપસર્ગ રહિત જ્ઞા ધાતુને, કર્તા ફળવાન્ હોય તો, કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે. **१५४०. ज्ञांशू – गां जानीते** = ગાયને ઓળખે છે. અહિ "**ज्ञः** [३-३-८२]" એ સૂત્રથી અકર્મક ધાતુને આત્મનેપદ સિદ્ધ હતું, પરંતુ આ સૂત્ર સકર્મક જ્ઞા ધાતુ માટે છે.

वदोऽपात् ॥ ३-३-९७ ॥

અપ ઉપસર્ગ સહિત વદ્ ધાતુને, જો કર્તા ફળવાન્ હોય તો, કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે. ૯૯૮. **वद – एकान्तम् अपवदते** = એકાન્તવાદની નિંદા કરે છે.

समुदाङो यमेरग्रन्थे ॥ ३-३-९८ ॥

સમ્, ઉદ્ અને આઙ્ ઉપસર્ગ સહિત યમ્ ધાતુને, ગ્રન્થ સાથે સંબંધ ન હોય તેવા કર્તા ફળવાન્ હોય તો, કર્તા અર્થમાં '**आत्मनेपद**' થાય છે. ૩૮૬. **यमूं – संयच्छते व्रीहीन्** = ચોખાને પહોળા કરે છે.

पदान्तरे गम्ये वा ॥ ३-३-९९ ॥

સૂત્ર ૩-૩-૯૪ થી સૂત્ર ૩-૩-૯૮ સુધીના પાંચ સૂત્રોમાં જણાવેલ ધાતુઓને જો કર્તા ફળવાન્ હોય તો જ આત્મનેપદનું વિધાન કરેલ છે, તે વિધાન જો ફળવાન્ કર્તાનો ભાવ બીજા શબ્દથી જણાતો હોય તો, કર્તા અર્થમાં વિકલ્પે '**आत्मनेपद**' થાય છે. ૧૨૩૮. **मुहोच्** - **स्वं शत्रुं परिमोहयति, परिमोहयते वा** = પોતાના શત્રુને મોહ પમાડે છે.

शेषात्परस्मै ॥ ३-३-१०० ॥

શેષાત્ - અમુક અનુબંધ, અમુક ઉપસર્ગ, અમુક પ્રત્યય, અમુક પદ તથા અમુક અર્થ, તેના સંબંધના સંયોગોમાં આત્મનેપદ ન બતાવ્યું હોય, તે સિવાયના ધાતુઓને, કર્તા અર્થમાં '**परस्मैपद**' થાય છે. ૧. **भू** - **भवति** - થાય છે, ૧૦૫૯. **अदं** - **अत्ति** = ખાય છે.

परानोः कृगः ॥ ३-३-१०१ ॥

પરા અને અનુ ઉપસર્ગ સહિત કૃ ધાતુને, કર્તા અર્થમાં '**परस्मैपद**' થાય છે. ૮૮૮. **डुकृंग्** - **पराकरोति** = દૂર કરે છે, ઉલટું કરે છે.

प्रत्यभ्यतेः क्षिपः ॥ ३-३-१०२ ॥

પ્રતિ, અભિ અને અતિ ઉપસર્ગમાંથી કોઈ પણ ઉપસર્ગ સહિત ક્ષિપ્ ધાતુને, કર્તા અર્થમાં '**परस्मैपद**' થાય છે. ૧૩૧૭. **क्षिपँत्** - **प्रतिक्षिपति** - સામે ફેંકે છે.

पादूवहः ॥ ३-३-१०३ ॥

પ્ર ઉપસર્ગ સહિત વહ્ ધાતુને, કર્તા અર્થમાં ' **પરસ્મૈપદ** ' થાય છે, ૯૧૬. **वहीं - प्रवहति** = વહે છે.

परेर्मृषश्च ॥ ३-३-१०४ ॥

પરિ ઉપસર્ગ સહિત મૃષ્ અને વહ્ ધાતુને, કર્તા અર્થમાં ' **પરસ્મૈપદ** ' થાય છે. ૧૨૮૪. **मृषीच् - परिमृष्यति** = અધિક સહન કરે છે.

व्याङ्परे रमः ॥ ३-३-१०५ ॥

વિ, આઙ્ અને પરિ ઉપસર્ગમાંથી ગમે તે એક ઉપસર્ગ સહિત રમ્ ધાતુને, કર્તા અર્થમાં ' **પરસ્મૈપદ** ' થાય છે. ૯૮૯. **रमिं - विरमति**=વિરામ પામે છે.

वोपात् ॥ ३-३-१०६ ॥

ઉપ ઉપસર્ગ સહિત રમ્ ધાતુને, કર્તા અર્થમાં વિકલ્પે ' **પરસ્મૈપદ** ' થાય છે. **उपरमति** = સ્ત્રીને રમાડે છે. અર્થાત્ સ્ત્રી સાથે રતિક્રિયાથી રમે છે.

अणिगि प्रणिकर्तृकानाप्याण्णिगः ॥ ३-३-१०७ ॥

અપ્રેરક અવસ્થામાં – કર્તરિ પ્રયોગમાં જે ધાતુ અકર્મક હોય તથા જેનો પ્રાણિરૂપ કર્તા હોય તો, તે ધાતુ જ્યારે પ્રેરક અવસ્થાનો અને, ત્યારે તે ધાતુ ' **પરસ્મૈપદ** ' થાય છે. ૧૧૧૯. **आसिक् - आसयति चैत्रम्** = ચૈત્રને બેસાડે છે. આ હિઆ અપ્રેરક અવસ્થામાં - કર્તરિ પ્રયોગમાં **चैत्रः आस्ते** = ચૈત્ર બેસે છે. આ હિ આસ્ ધાતુ અકર્મક છે, ચૈત્ર એ પ્રાણિરૂપ કર્તા છે, જેથી પ્રેરક પ્રયોગમાં **आसयति** એવો પરસ્મૈપદ થાય છે પરંતુ " **ईगितः** [૩-૩-૯૫] " એ સૂત્રથી આત્મનેપદ થઈ **आसयते** એવું રૂપ ન થાય.

चल्याहारार्थेड्–बुध–युध–प्रु–द्रु–स्रु- नश–जनः

॥ ३-३-१०८ ॥

પ્રેરક અવસ્થામાં ચાલવું તથા ખાવું અર્થવાળા ધાતુઓ, તથા ઇડ્, બુધ, યુધ, પ્રુ, દ્રુ, સ્રુ, નશ્ અને જન્ ધાતુઓને, કર્તા અર્થમાં ' **પરસ્મૈપદ** ' થાય છે. ૯૭૨, **चल**, ૧૦૫૬. **चल – चलयति** = કંપાવે છે. ૧૪૮૭. **भुजंप्–भोजयति चैत्रमन्नम्** , = ખવડાવે છે, ૧૧૦૪. **इङ्क्–सूत्रमध्यापयति शिष्यम्**=શિષ્યને સૂત્ર ભણાવે છે. ૯૬૮ **बुध**, ૧૨૬૨ **बुधिच् – बोधयति पद्मं रविः** = સૂર્ય પદ્મને વિકસાવે છે. ૧૨૬૦. **युधिच् – योधयति काष्ठानि** = લાકડાને લડાવે છે, ૯૯૭. **प्रुंड् – प्रावयति राज्यम्** = રાજ્યને પમાડે છે. ૧૩. **द्रुं–द्रावयति अयः** = લોઢાને ગળાવે છે, ૧૫. **स्रुं – स्रावयति तैलम्** = તેલને ટપકાવે છે, ૧૨૦૨ **नशौच् - नाशयति पापम्** = પાપને નાશ પમાડે છે, ૧૨૬૫. **जनैचि** = **जनयति पुण्यम्** = પુણ્યને પેદા કરે છે.

॥ इत्याचार्य श्रीहेमचन्द्रविरचिते सिद्धहेमशब्दानुशासने श्रीविजयमहिमाप्रभसूरिकृत बालावबोधिनीवृत्तेः तृतीयाध्यायस्य तृतीयपादः ॥

श्रीदुलभेशद्युमणेः, पादास्तुष्टुविरे न कैः ।
लुलुक्षिर्मेदिनीपालै, – र्वालिखिल्यैरिवाग्रतः ॥ १ ॥

જેમ પહેલા વાલિખિલ્ય ઋષિઓએ સૂર્યની સ્તુતિ કરી હતી, તેમ દુર્લભરાજ રૂપી સૂર્યના ચરણોની ચરણોમાં આળોટતાં કયા રાજાએ સ્તુતિ નથી કરી, અર્થાત્ બધા રાજાઓએ દુર્લભરાજની સ્તુતિ કરી છે.

[अथ चतुर्थपादः]

गुपौ-धूप-विच्छि-पणि-पनेरायः ॥ ३-४-१ ॥

गुप्, धूप, विच्छ्, पण्, अने पन् धातुने विभक्तिना तिव् वगेरे प्रत्ययो लागतां पहेलां क्रियापद बनाववा माटे '**आय्**' प्रत्यय लगाडवो. ३३२. **गुपौ-गुप्+आय्=गोप्+आय्=गोपाय्+शव्+तिव्** = **गोपायति** = रक्षा करे छे, ३३४. **धूप - धूपायति** = संतापे छे, १३४३. **विछत् - विच्छायति** = जाय छे, ७१०. **पणि - पणायति** = स्तुति करे छे. ७४८. **पनि - पनायति** = स्तुति करे छे. अंहि सूत्रमां गुपौ ए रीते विधान करेल होवाथी. ७६३ **गुपि** अने ११९२. **गुपच्** आ बे धातुओ लेवाना नथी.

कमेर्णिङ् ॥ ३-४-२ ॥

कम् धातुने क्रियापद बनावता '**णिङ्**' प्रत्यय लागे छे. अने त्यारपछी तिव् वगेरे प्रत्ययो लागे छे. ७८९ **कमूङ् - कामयते** = ते इच्छे छे. णिङ् प्रत्यय णि वृद्धि माटे छे अने ङ आत्मनेपद करवा माटे छे.

ऋतेर्डीयः ॥ ३-४-३ ॥

ऋत् धातुने क्रियापद करवा माटे '**डीय्**' प्रत्यय लागे छे. अने त्यारपछी तिव् वगेरे प्रत्ययो लागे छे. २८७ **ऋत - ऋतीयते** = घृणा करे छे. स्पर्धा करे छे अथवा जाय छे.

अशवि ते वा ॥ ३-४-४ ॥

ઉપરના ત્રણે સૂત્રોમાં જણાવેલ ગુપ્ વગેરે ધાતુને, शव् રહિત પ્રત્યયો – વર્તમાના, સપ્તમી, અને હ્યસ્તની સિવાયની વિભક્તિમાં વિકલ્પે 'आय्, णिङ्' અને 'क्यि' પ્રત્યયો લગાડાય છે. **गुप्+आय्=गोपाय् + इ + ता = गोपायिता, गुप् + ता = गोप् + ता = गोप्ता** = રક્ષણ કરશે. **कम् + णिङ् + ता = कामि + ता = कामि + इ + ता = कामय् + इ + ता = कामयिता, कम् + ता = कम् + इ + ता = कमिता** = ઇચ્છશે. **ऋत् + ता = ऋत् + ङीय् = ऋतीय् + इ + ता = ऋतीयिता, ऋत् + ता = ऋत् + इ + ता = अर्तिता** = ઘૃણા કરશે, સ્પર્ધા કરશે, અથવા જશે.

गुप्-तिजो गर्हा-क्षान्तौ सन् ॥ ३-४-५ ॥

ગુપ્ અને તિજ્ ધાતુને, અનુક્રમે ગર્હા – તિરસ્કાર અને ક્ષાન્તિ - ક્ષમા અર્થમાં ક્રિયાપદ બનાવવા માટે ' सन् ' પ્રત્યય લગાડાય છે. અને ત્યારબાદ તિવ્ વગેરે પ્રત્યયો લાગે છે. ૬૬૩, **गुपि – गुप् + सन् = जुगुप् + सन् + ते = जुगुप्सते** = નિંદા કરે છે, તિરસ્કાર કરે છે. ૬૬૭ **तिजि – तिज् + सन् = तितिज् + स + ते = तितिक्षते** = સહન કરે છે, ક્ષમા કરે છે. અહિંઆ " **सन् – यङश्च [४ १-३]** " એ સૂત્રથી દ્વિર્ભાવ થાય છે, અર્થાત્ બેવડાય છે.

कितः संशय-प्रतीकारे ॥ ३-४-६ ॥

સંશય અને પ્રતીકાર અર્થમાં कित् ધાતુને, ક્રિયાપદ બનાવવા માટે ' **सन्** ' પ્રત્યય લગાડાય છે. અને ત્યારબાદ તિવ્ વગેરે પ્રત્યયો લાગે છે. ૨૮૬. **कित् – वि + कित् + सन् + ति = विचिकित्**

+ स + ते = **विचिकित्सते मे मनः** = મારૂં મન સંશયવાળું છે. **चिकित्सते व्याधिम्** = વ્યાધિનો પ્રતીકાર - ઉપાય કરે છે.

शान्-दान्-मान्-बधान् निशाना-ऽऽर्जव-विचार-वैरूप्ये दीर्घश्चेतः ॥ ३-४-७ ॥

નિશાન, આર્જવ, વિચાર અને વિરૂપ - પ્રતિકૂલ અર્થમાં, અનુક્રમે શાન, દાન્, માન્, અને બધાન્ ધાતુને, ક્રિયાપદ કરવા માટે '**सन्**' પ્રત્યય લગાડાય છે, અને તેના યોગમાં દ્વિર્ભાવ થયે છતે પૂર્વના ધનો દીર્ઘ '**ઈ**' થાય છે. ૯૧૫. **शानि. - शान् + अन् + ते, ति = शीशांसते, शीशांसति** = શસ્ત્રને ધારવાળું કરે છે. ૯૧૪. **दानि = दीदांसते, दीदांसति** = સરળ કરે છે. ૭૪૯. **मानि - मीमांसते** = મીમાંસા વિચાર કરે છે, ૭૪૬. **बधि - बीभत्सते** = પ્રતિકૂલ કરે છે.

धातोः कण्डवादेर्यक् ॥ ३-४-८ ॥

કંડૂ વગેરે ધાતુને, ક્રિયાપદ બનાવવા માટે '**यक्**' પ્રત્યય લગાડાય છે. **कण्डूयति, कण्डूयते** = તે ખજવાળે છે. કંડૂ વગેરે સૌત્ર ધાતુઓ છે.

व्यञ्जनादेरेकस्वराद् भृशाऽऽभीक्ष्ण्ये यङ् वा ॥ ३-४-९ ॥

આદિમાં વ્યંજનવાળા અને એક સ્વરવાળા ધાતુને, ભૃશ-અત્યન્ત અને આભીક્ષ્ણ્ય વારંવાર અર્થમાં, ક્રિયાપદ કરવા માટે વિકલ્પે '**यङ्**' થાય છે. ૮૯૨. **डुपचीष् - भृशं पुनः पुनर्वा पचति = पच् +यङ् + ते = पापच् + य + ते = पापच्यते = भृशं पचति, आभीक्ष्ण्य पचति वा** = ઘણું રાંધે છે.

अट्यर्ति-सूत्रि-मूत्रि-सूच्यशूर्णोः ॥ ३-४-१० ॥

ભૃશ અને આભીક્ષ્ણ્ય અર્થમાં, અટ્, ઋ, સૂત્ર્, મૂત્ર, સૂચ્ અશ્ અને ઉર્ણુ ધાતુને 'યઙ્' પ્રત્યય લાગે છે. ૧૯૪. **અટ-અટ્+યઙ્+તે=અટાટ્યતે**=ખુબ રખડે છે. ૨૬, **ઋ, ૧૨૩૧ ર્ઋક્-અરાર્યતે** = ખુબ રખડે છે. ૧૮૯૯. **સૂત્રણ્-સોસૂત્ર્યતે**= ખુબ સંક્ષેપ કરે છે. ૧૯૦૦. **મૂત્રણ્ - મોમુત્ર્યતે** = ખુબ જાણુ કરે છે, ૧૮૫૪. **સૂચણ્ - સોસૂચ્યતે** = ખુબ સૂચન કરે છે, ૧૩૧૪. **અશૌટિ, ૧૫૧૮. અશશ્ - અશાશ્યતે** = ખુબ જ ખાય છે, ૧૧૨૩. **ઊર્ણુગ્ક્ - પ્રોર્ણોનૂયતે** = વધારે અંકે છે. આભીક્ષ્ણ્ય અર્થમાં વારંવાર રખડે વગેરે

गत्यर्थात्कुटिले ॥ ३-४-११ ॥

આદિમાં વ્યંજનવાળા અને એક સ્વરવાળા એવા કુટિલ-વક્રગતિ અર્થમાં વર્તમાન ધાતુને, **'યઙ્'** પ્રત્યય લાગે છે. ૩૮૫. **ક્રમૂ-કુટિલં ક્રામતીતિ = ચંક્રમ્યતે** = વક્રગતિ ચાલે છે.

गृ-लुप-सद-चर-जप-जभ-दश-दहो गर्ह्ये ॥ ३-४-१२ ॥

ગૃ, લુપ્, સદ્, ચર્, જપ્, જભ્, દશ્, અને દહ્ ધાતુને, નિંદા અર્થમાં 'યઙ્' પ્રત્યય લાગે છે. ૧૩૩૫. **ગૃત્ - નિ + ગૃ + યઙ્ + તે = નિજેગિલ્યતે** = નિંદિત રીતે ખાય છે, ૧૩૨૩. **લિપ્લંતી = લોલુપ્યતે** = નિંદિત રીતે નાશ કરે, ૯૬૬. **પદ્લૃ - સાસદ્યતે** = નિંદિત રીતે પીડા પામે છે, ૪૧૦. **ચર - ચઞ્ચૂર્યતે** = ગર્હિત રીતે ચાલે છે, ૩૩૮. **જપ - જઞ્જપ્યતે** = નિંદિત રીતે જપ કરે છે, ૩૭૯. **જભ - જઞ્જભ્યતે** = અનાચાર કરે છે, = ૪૯૬. **દંશ્ - દંદશ્યતે** = ખરાબ રીતે ડંખે છે. ૫૫૨. **દહ્ - દંદહ્યતે** = ખરાબ

રીતે બળે છે, અહિ " **ग्रो यङि [२-३-१०१]** " એ સૂત્રથી ગિરના રકારનો લ આદેશ થયેલ છે.

न गृणा-शुभ-रुचः ॥ ३-४-१३ ॥

ગૃ, શુભ્ અને રુચ્ ધાતુને, ક્રોધપિણ અર્થમાં ' **यङ्** ' પ્રત્યય નથી લાગતો. ૧૫૩૮. **गृश - निन्द्य गृणाति** = ખરાબ આવાજ કરે છે. ૯૪૭. **शुभि - भृशं शोभते** = અત્યન્ત શોભે છે. ૯૩૮. **रुचि - भृशं रोचते** = અત્યંત રૂચે છે.

बहुल लुप् ॥ ३-४-१४ ॥

યઙ્ પ્રત્યયનો બહુપ્રકારે ' **लोप** ' થાય છે. ૧. **भू - बोभूयते, बोभवीति** = અત્યન્ત થાય છે.

अचि ॥ ३-४-१५ ॥

અચ્ પ્રત્યય પર છતો યઙ્નો **लोप** થાય છે. ૧૨૯૦. **चिंग्ट्** - **भृशं चेचियते इति = चि + य = चेची + य + अच् = चेची+अ = चेच्य + सु = चेच्यः** = વારંવાર ચયન કરનારો, ચણનારો.

नोतः ॥ ३-४-१६ ॥

ઉકારાન્ત ધાતુથી પર વિધાન કરાયેલ યઙ્ નો, અચ્ પ્રત્યય પર છતાં ' **लोप** ' થતો નથી ૧૦૮૫. **रुक् - रु + यङ् = रोरूय + अच् + सि = रारूयः** = વારંવાર અવાજ કરનારો. અહિ **अच् [५-१-४९]** " એ સૂત્રથી અચ્ પ્રત્યય થયો છે.

चुरादिभ्यो णिच् ॥ ३-४-१७ ॥

ચુરાદિ ગણુ સંબધિ ચુર વગેરે ધાતુને, ' णिच् ' પ્રત્યય લાગે છે અને પછી ૭ ક્રિયાપદના તિવ્ પ્રત્યયો લાગે છે. ૧૫૬૮. **चुरण् - चुर् + णिच् (इ) + शव् (अ) + ति = चोरयति** = ચોરે છે.

युजादेर्नवा ॥ ३-४-१८ ॥

યુરાદિગણુમાં આવેલ યુન્દિગણુ સંબધી યુજ્ વગેરે ધાતુને, વિકલ્પે ' णिच् ' પ્રત્યય લાગે છે અને પછી ૭ ક્રિયાપદના તિવ્ વગેરે પ્રત્યયો લાગે છે. ૧૯૪૧ **युजण् - युज् + इ + अ + ति = योजयति** = જોડે છે.

भूडः प्राप्तौ णिङ् ॥ ३-४-१९ ॥

પ્રાપ્ત થયું અર્થમાં ભૂ ધાતુને, વિકલ્પે ' णिङ् ' પ્રત્યય લાગે છે અને ત્યારબાદ તિવ્ વગેરે ક્રિયાપદના પ્રત્યય લાગે છે. ૧. **भू - भू + णिङ् + शव् + ते = भावि + अ + ते = भावयते** = પામે છે. **भू + अ + ते = भवते** પામે છે. " **ञ्णिति [४-३-५०]** " એ સૂત્રથી વૃધ્ધિ થઈ છે.

प्रयोक्तृव्यापारे णिग् ॥ ३-४-२० ॥

મૂળ ક્રિયા સાથે પ્રયોકતા-કર્તા પ્રેરણા કરતો હોય, ત્યાં ધાતુને વિકલ્પે ' णिग् ' પ્રત્યય લાગે છે. **कुर्वन्तं प्रयुङ्क्ते = कृ + णिग् = कारि + अ + ति = कारयति** = કરાવે છે. અહિ ગ્ અનુબંધ નિશાનને લઈ ' **ईगितः** [३-३-९५] એ સૂત્રથી આત્મનેપદ, તથા " **नामिनो०** [४-३-५१] " એ સૂત્રથી વૃધ્ધિ થઈ છે.

तुमर्हादिच्छायां सन्नतत्सनः ॥ ३-४-२१ ॥

તુમર્હ- તુમ્ પ્રત્યયને યોગ્ય, અર્થાત્ જે ધાતુને 'માટે' એ અર્થમાં

વિકલ્પે '**सन्**' પ્રત્યય લાગે છે. જો ક્રિયા કરનાર અને ઇચ્છનાર એ બન્ને એક જ હોય તો, **૧૪૧૯ इषत् - कर्तुरिच्छतीति** = **कृ** + **सन्** = **कर्** + **स** + **ति** = **चकर्** + **स** + **ति** = **चिकीर्** + **स** + **ति** = **चिकीर्षति** = કરવા ઇચ્છે છે. અંહિ " **शक - धृष० [५-४-९०]** " એ સૂત્રથી માટે એ અર્થમાં તુમ્ પ્રત્યયનું વિધાન કરેલ છે, તે તુમ્ પ્રત્યય અને ઇચ્છા અર્થમાં વિધાન કરેલ આ સન્ પ્રત્યય બન્ને સરખા છે. અર્થાત્ જ્યાં ઇચ્છા અર્થમાં તુમ્ પ્રત્યય લાગે, ત્યાં ઇચ્છા અર્થમાં સન્ પ્રત્યય પણ લાગે.

द्वितीयायाः काम्यः ॥ ३-४-२२ ॥

દ્વિતીયા વિભક્તિવાળા નામને, ઇચ્છા જણાવવા માટે '**काम्य**' પ્રત્યય વિકલ્પે લાગે છે. **इममिच्छतीति** = **इदम्** + **काम्य** + **अ** + **ति** = **इदंकाम्यति** = આને ઇચ્છે છે.

अमन्यात् क्यन् च ॥ ३-४-२३ ॥

મકારાન્ત અને અવ્યય વર્જિત્ દ્વિતીયા વિભક્તિવાળા નામને ઇચ્છા અર્થમાં વિકલ્પે '**काम्य**' અને '**क्यन्**' પ્રત્યય વારાફરતી લાગે છે. **पुत्रमिच्छतीति - पुत्र** + **काम्य** + **अ** + **ति** = **पुत्रकाम्यति** = પુત્રને ઇચ્છે છે. **पुत्र** + **ई** + **क्यन्** + **ति** = **पुत्रीयति** = પુત્રને ઇચ્છે છે. અંહિ " **क्यनि [८-३-११२]** " એ સૂત્રથી દીર્ઘ ઈ થયો છે.

आधाराच्चोपमानादाऽऽचारे ॥ ३-४-२४ ॥

મકારાન્ત અને અવ્યય વર્જિત ઉપમાનવાચક દ્વિતીયાવિભક્તિ વાળા નામને, આચાર અર્થમાં વિકલ્પે '**क्यन्**' પ્રત્યય લાગે છે.

पुत्रमिवाचरतीति =**पुत्र** + **ई** + **य** + **ति** = **पुत्रीयति छात्रम्** = વિદ્યાર્થીની સાથે પુત્રની જેમ આચરણ કરે છે. **प्रासादे इवाचरतीति** = **प्रासादयति कुट्याम्** = કોટડીમાં મહેલ સમજીને રહેછે.

कर्तुः क्विप् गल्भ-क्लीब-होडात् तु ङित् ॥ ३-४-२५ ॥

ઉપમાનવાચક કર્તા બોધક નામને, આચાર અર્થમાં વિકલ્પે '**क्विप्**' પ્રત્યય લાગે છે, પરંતુ ગલ્ભ, ક્લીબ અને હોડ શબ્દને લાગેલ ક્વિપ્ પ્રત્યય ડિત્ જેવો બને છે. '**क्विप्ङ्**' લાગે છે. **अश्व इवाचरतीति** = **अश्व** + **क्विप्** + **ति** = **अश्व** + **अ** + **ति** = **अश्वति** = ઘોડાની જેમ આચરણ કરે છે. **गल्भ इवाचरतीति** = **गल्भ** + **क्विप्ङ्** + **ते** = **गल्भ** + **अ** + **ते** = **गल्भते** = બહાદુર જેવું આચરણ કરે છે. અહિં "**ङितः** [३-३-२२]" એ સૂત્રથી ડિત્ કરવાથી આત્મનેપદ થયેલ છે.

क्यङ् ॥ ३-४-२६ ॥

ઉપમાનવાચક કર્તા બોધક નામને, આચાર અર્થમાં વિકલ્પે '**क्यङ्**' પ્રત્યય લાગે છે. **हंस इवाचरतीति** = **हंस** + **क्यङ्** + **ते**=**हंसायते** = હંસ જેવું આચરણ કરે છે.

सो वा लुक् च ॥ ३-४-२७ ॥

ઉપમાનવાચક કર્તા બોધક નામને આચાર અર્થમાં વિકલ્પે '**क्यङ्**' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં અન્ત્ય સકારનો '**લોપ**' વિકલ્પે થાય છે. થાય છે. **पय इवाचरतीति** = **पयस्** + **क्यङ्** + **पया** + **यते** = **पायते**, = **पयस्यते** = દુધ જેવું લાગે છે.

ओजोऽप्सरसः ॥ ३-४-२८ ॥

ઉપમાનવાચક કર્તા બોધક ઓજસ્ અને અપ્સરસ્ નામને, આચાર અર્થમાં વિકલ્પે ' क्यङ् ' પ્રત્યય થાય છે. અને તેના યોગમાં અન્ત્ય સાકારનો ' लोप ' થાય છે. **ओजस्वी इवाचरतीति = ओजायते** = ઓજસ્વાળા જેવું વર્તન કરે છે.

क्व्यर्थे भृशादेः स्तोः ॥ ३-४-२९ ॥

કર્તા વાચક ભૃશ વગેરે શબ્દને, ક્વિ પ્રત્યયના અર્થમાં 'क्यङ्' પ્રત્યય વિકલ્પે થાય છે. અને તેના યોગમાં સકારાન્ત નામના સકારનો, અને તકારાન્ત નામના તકારનો 'लोप' થાય છે. **अभृशं भृशं भवतीति = भृशायते, भृशीभवति** = થોડું હતું તે ઘણું થાય છે. **अनुन्मनाः उन्मनाः भवतीति = उन्मनम् + क्यङ् + ते = उन्मनायते, उन्मनीभवति** = ઉંચા મનવાળો ન હતો તે ઉંચા મનવાળો થયો છે. **अवेहत् वेहत् भवतीति = वेहत् + क्यङ् + ते = वेहायते, वेहीभवति** = ગર્ભહણનારી ગાય કે ભેંસ જે પહેલા ન હતી તે ગર્ભહણનારી થાય છે. અહિં " कृ-भ्वस्ति० [७-२-१२६] " એ સૂત્રથી ક્વિ પ્રત્યય થયો છે. જે વસ્તુ જે રૂપમાં પહેલા ન હોય, તે વસ્તુ તે રૂપમાં પાછી આવી જાય, તેવા અર્થમાં ક્વિ પ્રત્યય લગાડાય છે.

डाच् लोहितादिभ्यः षित् ॥ ३-४-३० ॥

કર્તા વાચક ડાચ્ પ્રત્યયવાળા શબ્દને, તથા લોહિત વગેરે શબ્દને, ક્વિ પ્રત્યયના વિષયમાં ' क्यङ्ष् ' પ્રત્યય વિકલ્પે લાગે છે. **अपटत् पटत् भवतीति = अपटपटा पटपटा भवति इति = पटपट + डाच् = पटपटा + क्यङ्ष् + ते = पटपटायते, पटपटायति** = પહેલાં પટપટ થતું ન હતું, તે હવે પટપટ થાય

છે. આંહિ " **अव्यक्तानु०** [૭-૨-૧૪૫] " એ સૂત્રથી ડાચ્ પ્રત્યય થયો છે.

कष्ट-कक्ष-कृच्छ्र-सत्र-गहनाय पापे क्रमणे ॥ ३-४-३१ ॥

પાપસૂચક ચતુર્થી વિભક્તિવાળા કષ્ટ, કક્ષ, કૃચ્છ્ર, સત્ર અને ગહન શબ્દને, ક્રમણ-પ્રવૃત્તિરૂપ પ્રયત્ન કરવા અર્થમાં ' **કયઙ્** ' પ્રત્યય લાગે છે. **कष्टाय कर्मणे क्रामतीति** = **कष्टायते** = પાપરૂપ કષ્ટ માટે પ્રવૃત્તિ કરે છે.

रोमन्थाद् व्याप्यादुच्चर्वणे ॥ ३-४-३२ ॥

કર્મવાચક બીજીવિભક્તિવાળા રોમન્થ-ખાધેલ ઘાસ વગેરે પદાર્થ રૂપ શબ્દને ઉચ્ચર્વણ-વાગોળવું એવા અર્થમાં વિકલ્પે ' **કયઙ્** ' પ્રત્યય લાગે છે. **रोमन्थमुच्चर्वयतीति** = **रोमन्थायते** = ગાય ખાધેલા પદાર્થને વાગોળે છે.

फेनोष्म-बाष्प-धुमादुद्गमने ॥ ३-४-३३ ॥

કર્મરૂપ દ્વિતીય વિભક્તિવાળા ફેન, ઉષ્મ, બાષ્પ અને ધૂમ શબ્દને, ઉદ્ગમન-વમવું અર્થમાં વિકલ્પે ' **કયઙ્** ' પ્રત્યય લાગે છે. **फेनमुद्गमतीति** = **फेनायते** = ફીણને વમે છે.

सुखादेरनुभवे ॥ ३-४-३४ ॥

કર્મરૂપ દ્વિતીયા વિભક્તિવાળા સુખ વિગેરે શબ્દોને, અનુભવ અર્થમાં ' **કયઙ્** ' પ્રત્યય વિકલ્પે લાગે છે. **सुखमनुभवतीति** = **सुखायते** = સુખને અનુભવે છે.

शब्दादेः कृतौ वा ॥ ३-४-३५ ॥

દ્વિતીયવિભક્તિવાળા શબ્દ વગેરે નામને, કૃતિ – કરવા અર્થમાં વિકલ્પે ' **કયઙ્** ' પ્રત્યય લાગે છે. **શબ્દં કરોતિ ઇતિ = શબ્દાયતે** = અવાજ કરે છે. સાદ પાડે છે. અહિં **ચુરાદિભ્યોઽ [૩-૪-૧૭]**'' એ સૂત્રથી ણિચ્ થાય ત્યારે **શબ્દયતિ** રૂપ બને છે.

तपसः क्यन् ॥ ३-४-३६ ॥

દ્વિતીયા વિભક્તિવાળા તપસ્ શબ્દને, કૃતિ અર્થમાં વિકલ્પે ' **ક્યન્** ' પ્રત્યય થાય છે. **तपः करोतीति = तपस्+क्यन् + + ति = तपस्यति** = તપસ્યા કરે છે.

नमो वरिवश्चित्रङो-ऽर्चा-सेवा-ऽऽश्चर्ये ॥ ३-४-३७ ॥

કર્મરૂપ નમસ્, વરિવસ્, ચિત્ર શબ્દને અનુક્રમે અર્ચા-પૂજા, સેવા અને આશ્ચર્ય અર્થમાં, વિકલ્પે ' **ક્યન્** ' પ્રત્યય લાગે છે. **नमस् करोतीति - नमस्यति** = નમસ્કાર કરે છે. **वरिवस्यति** = સેવા કરે છે. આ સૂત્રમાં ઙિત્ એવો ચિત્રઙ્નું વિધાન કરેલ હોવાથી આત્મનેપદ જ થાય છે. અર્થાત્ **चित्रीयते**=આશ્ચર્ય કરે છે.

अङ्गान्निरसने णिङ् ॥ ३-४-३८ ॥

કર્મવાચક અંગ સૂચક નામને, નિરસન-ઉછાળવું એવા અર્થમાં વિકલ્પે ' **ણિઙ્** ' પ્રત્યય લાગે છે. **हस्तौ निरस्यतीति = हस्त + णिङ् = हस्त + इ + अ + ते = हस्तयते** = બે હાથને ઉછાળે છે.

पुच्छादुत्-परि-व्यसने ॥ ३-४-३९ ॥

કર્મરૂપ પુચ્છ શબ્દને, ઉદ્ઃસન ઉંચે ઉછાળવું, પર્યસન-ચારે બાજુ

ઉછાળવું, વ્યસન–વિશેષ ઉછાળવું. અને અસન–ઉછાળવું એવા અર્થ માં વિકલ્પે ' ણિઙ્ ' પ્રત્યય લાગે છે. **पुच्छमुदस्यतीति = उत्पुच्छयते** = પુંછડીને ઉંચે ઉછળે છે.

भाण्डात्समाचितौ ॥ ३–४–४० ॥

કર્મરૂપ ભાણ્ડ શબ્દને, સમાચિત – સંચય કરવુ એવા અર્થમાં વિકલ્પે ' ણિઙ્ ' પ્રત્યય લાગે છે. **भाण्डानि समाचिनोति = सम्भाण्डयते** = વાસણ એકઠાં કરે છે.

चिवरात् परिधाना–ऽर्जने ३–४–४१ ॥

કર્મરૂપ ચીવર શબ્દને, પરિધાન – પહેરવું અને અર્જન – ઉપાર્જન અર્થમાં વિકલ્પે ' ણિઙ્ ' પ્રત્યય લાગે છે. **चीवरं परिदधातीति = परिचीवरयते** = કપડાં પહેરે છે.

णिच् बहुलं नाम्नः कृगादिषु ॥ ३–४–४२ ॥

કોઈપણ નામને, કૃ વગેરે ધાતુનો અર્થ જણાવવા માટે, બહુલ પ્રકારે ' णिच् ' પ્રત્યય લાગે છે. **मुण्डं करोतीति = मुण्ड + णिच् + अ + ति = मुण्डयति** = મુંડન કરે છે. **वृक्षं रोपयति = वृक्षम् + णिच् + अ + ति = वृक्षयति** = ઝાડને રોપે છે.

व्रताद् भुजि–तान्निवृत्त्योः ॥ ३–४–४३ ॥

વ્રત – શાસ્ત્રવિહિત નિયમ, નામને, ભુજિ ભોજન અને ભોજનની નિવૃત્તિના વિષયમાં, અર્થાત્ ખાવાના અર્થ સાથે સંબંધ ધરાવતા અને ખાવાનું છોડી દેવું એવા અર્થમાં, કૃ વગેરે ધાતુનો અર્થ જણાવવા માટે, બહુલ પ્રકારે ' णिच् ' પ્રત્યય થાય છે. **पय पव भोक्तव्यमिति व्रतं करोति=पयो व्रतयति**=દુધ જ પીવાનો નિયમ છે.

सत्या–ऽर्थ–वदस्याः ॥ ३–४–४४ ॥

સત્ય, અર્થ અને વેદ શબ્દને, ' **ણિચ્** ' પ્રત્યય લાગે છે. અને તેના યોગમાં સત્ય તેગેરે શબ્દના અન્તનો ' **આ** ' થાય છે. **सत्यमाचष्टे करोति वेति = सत्य = आ + प् + णिच् + अ + ति = सत्यापयति** = સત્યને કહે છે, સત્યને કરે છે.

श्वेताश्वा–ऽश्वतर–गालोडिता–ऽऽह्वरकस्या–ऽश्व–तरेतकलुक् ॥ ३–४–४५ ॥

શ્વેતાશ્વ, અશ્વતર, ગાલોડિત અને આહ્વરક શબ્દને ' **ણિચ્** ' પ્રત્યય લાગે છે, અને તેના યોગમાં અનુક્રમે **અશ્વ, તર, ઇત અને ક** નો ' **લુક્** ' થાય છે. **श्वेतामाचष्टे करोति वेति = श्वेतयति** = ધોળા ઘોડા વડે શબ્દને કહે છે, ધોળા ઘોડા વડે શબ્દને કરે છે.

धातारेनेकस्वरादाम् परोक्षायाः कृञ्वस्ति चानुतदन्तम् ॥ ३–४–४६ ॥

અનેક સ્વરવાળા ધાતુને લાગેલી પરોક્ષાવિભક્તિના સ્થાને ' **આમ્** ' પ્રત્યેય લાગે છે. અને ધાતુને આમ્ લાગ્યા બાદ તરત જ કૃ, ભૂ અને અસ્ ધાતુના પરોક્ષા વિભક્તિવાળા રૂપો લાગે છે. **૧૦૯૪. चकासृक् – चकास् + णव् = चकास् + आम् + कृ + णव् = चकासाम् + चक्रु + णव् = चकासाञ्चकार चकासम्बभूव** = દીપતું હતું **चकासामास** = દીપતું હતું.

दया–ऽया–ऽऽस्–कासः ॥ ३–४–४७ ॥

દય્, અય્, આસ્ અને કાસ્ ધાતુને લાગેલ પરોક્ષા વિભક્તિને સ્થાને ' **આમ્** ' પ્રત્યય લાગે છે. અને ધાતુને આમ્ લાગ્યા બાદ તરત જ કૃ, ભૂ અને આસ્ ધાતુના પરોક્ષા વિભક્તિના રૂપો લાગે છે.

૭૯૯. **दयि-दय् +ए=दय्+आम=दयाम्+कृ+ए=दयाम्+चक्र+ए = दयाञ्चक्रे दयाम्बभूव, दयामास**=દાન દીધું, ૭૯૦. **अयि-परा + अय् + ए = पराय् + आम् + ए = पलाय् + आम् + कृ + ए = पलायञ्चक्रे** = નાસી ગયો. ૧૧૧૯. **आसिकृ - आस् + ए = आस् + आम् + कृ + ए = आसाञ्चक्रे** = બેઠો, ૮૪૫. **कासृङ्- कास् + ए = कास् + आम् + कृ + ए = कासाञ्चक्रे** = ખાંસી આધી.

गुरूनाम्यादेरनृच्छूर्णो ॥ ३-४-४८ ॥

દીર્ઘ આદિ સ્વરવાળા એવા ઋચ્છ્ અને ઊર્ણુ વર્જિત ધાતુને લાગેલ પરોક્ષા વિભક્તિના પ્રત્યયના સ્થાને '**आम्**' પ્રત્યય લગાડાય છે. અને ત્યારબાદ કૃ, ભૂ અને અસ્ ધાતુના પરોક્ષા વિભક્તિના રૂપો લાગે છે. ૮૫૭. **ईहि - ईह् + ए = ईह् + आम् + कृ + ए = ईहाञ्चक्रे** = ચેષ્ટા કરી.

जागृष-समिन्धेर्नवा ॥ ३-४-४९ ॥

જાગૃ, ઉપ્ અને સમ્ પૂર્વક ઇન્ધ્ ધાતુને, લાગેલ પરોક્ષા વિભક્તિના સ્થાને '**आम्**' પ્રત્યય લગાડાય છે. અને ત્યારબાદ કૃ, ભૂ અને અસ્ ધાતુના પરોક્ષા વિભક્તિના રૂપો લાગે છે. ૧૦૯૩. **जागृक् - जागृ + णव् = जागराम् + चकार = जागराञ्चकार** - જાગ્યા, ૫૨૯. **उषू - ओषाञ्चकार** = દાઝી ગયું, ૧૪૯૮. **समिन्धौपि = सम् + इन्ध् = समिन्धाञ्चक्रे** = દીપ્યું.

भी-ह्री-भृ-होस्तिव् वत् ॥ ३-४-५० ॥

ભી, હ્રી, ભૃ અને હુ ધાતુને લાગેલ પરોક્ષા વિભક્તિને સ્થાને '**आम्**' પ્રત્યય લગાડાય છે. અને ત્યારબાદ કૃ. ભૂ અને અસ્ ધાતુના પરોક્ષા વિભક્તિના રૂપો લાગે છે. ૧૧૩૨. **जिभींक् - भी**

+ आम् + कृ + णव् = बिभयाञ्चकार = ભય પામ્યો. ૧૧૩૩. ह्रींक् - ह्री + णव् = जिह्रय् + आम् + कृ + णव् = जिह्रयाञ्चकार = શરમાયો, ૧૧૪૦. टुडुमृंग्क् = भृ + णव् = बिभराम् + कृ + णव् = बिभयाञ्चकार = ધારણ કર્યું, પોષણ કર્યું, ૧૧૩૦. हुंक हु + णव् - जुह्वाम् + कृ + णव् = जुह्वाञ्चकार = આધું, દાન દીધું.

वेत्तेः कित् ॥ ३-४-५१ ॥

વિદ્ ધાતુને લાગેલ પરોક્ષા વિભક્તિને સ્થાને, ' **आम्** ' પ્રત્યય લગાડાય છે. અને ત્યારબાદ તરત જ પરોક્ષા વિભક્તિવાળા કૃ, ભૂ અને અસ્ ધાતુના રૂપ લગાડાય છે. તથા જે आम् છે તે ' **कित्** ' થાય છે. ૧૦૯૯. विदक् - विद् + आम् + कृ+णव् = विदाञ्चकार = જાણ્યું.

पञ्चम्याः कृग् ॥ ३-४-५२ ॥

વિદ્ ધાતુને ક્રિયાપદ સૂચક પંચમી વિભક્તિના પ્રત્યય લાગેલ તેના સ્થાને ' **आम्** ' પ્રત્યય વિકલ્પે લગાડાય છે. અને તે आम् ' **कित्** ' સમજવો, તથા आम् લગાડયા બાદ તરત જ પંચમી વિભક્તિવાળા કૃ ધાતુના રૂપો લાગે છે. विद् + तु = विद् + आम् + कृ + तु = विदाङ्करोतु, वेत्तु = જાણો.

सिजद्यतन्याम् ॥ ३-४-५३ ॥

ધાતુઓને અદ્યતની વિભક્તિના પ્રત્યયો લાગતાં પહેલાં ' **सिच्** ' પ્રત્યય લાગે છે. ત્યારબાદ અદ્યતની વિભક્તિના પ્રત્યયો લાગે છે.૮૮૪. णींग् - अ + नी + सिच् + ई + त् = अनैषीत् = લઈ ગયો.

स्पृश-मृश-कष तृप-दृपो वा ॥ ३-४-५४ ॥

સ્પૃશ્ , મૃશ્ , કૃષ્ , તૃપ્ અને દૃપ્ ધાતુને, અદ્યતની વિભક્તિના પ્રત્યયો લાગતા પહેલાં ' **सिच्** ' પ્રત્યય વિકલ્પે લાગે છે. ૧૪૧૨. **स्पृशंत्** - अ + **स्पृश्** + **सि** + **ई** + **त्** = **अस्पृक्** + **ष्** + **ई** + **त्** = **अस्प्राक्षीत्** , **अस्पार्क्षीत्**, **अस्पृक्षत्** = અડક્યો, ૧૪૧૬. **मृशंत्** - **अम्राक्षीत्** , **अमार्क्षीत्** , **अमृक्षत्** = સ્પર્શ કર્યો, ૫૦૬ **कृषं**, ૧૩૧૯. **कृषींत्** - **अकाक्षीत्** , **अकार्क्षीत्**, **अकृक्षत्** = ખેંચ્યું. ૧૧૮૯. **तृपौच्** - **अत्राप्सीत्** , **अतार्प्सीत्**, **अतृप्त्** = પ્રીતિ કરી. ૧૧૯૦. **दृपौच्** - **अद्राप्सीत्**, **अदार्प्सीत्**, **अदृपत्** = હર્ષ કર્યો.

ह-शटो नाम्युपान्त्यादद्दशोऽनिटः सक् ॥ ३-४-५५ ॥

હ અને શિટ્ -શ, ષ અને સ અક્ષરો ધાતુને અન્તે છે અને નામી સ્વરો ઉપાન્ત્યમાં છે એવા, દૃશ્ ધાતુ વર્જિત અનિટ્ ધાતુઓને, અદ્યતની વિભક્તિ લાગતાં પહેલા ' **सक्** ' પ્રત્યય લાગે છે. ૧૧૨૭. **दुहींक्** - अ + **दुह्** + **सक्** + **दि** = **अधुक्** +**ष्** + **त्** = **अधुक्षत्** = તેણે દોહ્યું. ૧૪૧૫. **विशंत्** - **अविक्षत्** = તેણે પ્રવેશ કર્યો. અહિં " **भ्वादेः०** [२-१-८३] " એ સૂત્રથી હ નો ધ થયો. " **गडदबादेः०** [२-१-७७] " એ સૂત્રથી દ નો ધ થયો. " **अघोषे०** [१-३-५०] " એ સૂત્રથી ધ નો ક થયો. અને " **धुट्०** [४-३-७०] " એ સૂત્રથી સિચ્ ના સ નો લોપ થયો છે.

श्लिषः ३-४-५६ ॥

અદ્યતની વિભક્તિના પ્રત્યય લાગતાં પહેલા અનિટ્ એવા શ્લિષ્

ધાતુને ' सक् ' પ્રત્યય લાગે છે. ૫૩૧. श्लिषू – आ + अ + श्लिष् + सक + त् = आश्लिक्षत् कन्यां मैत्रः = મૈત્ર કન્યાને ભેટયો.

ना–ऽसक्त्वाऽऽश्लेषे । ३–४–५७ ॥

અસક્ત્વ – પ્રાણિ ભિન્નનું ભેટવું એવા અર્થવાળા શ્લિષ્ ધાતુને ઉપરના સૂત્રથી વિધાન કરેલ ' सक् ' પ્રત્યય થતો નથી. उपाश्लिषत् जतु च काष्ठं च = લાકડું અને લાખ પરસ્પર ચોટયા.

णि–श्रु–द्रु–स्रु–कमः कर्तरि ङः ॥ ३–४–५८ ॥

પ્રેરક અર્થમાં વિધાન કરાયેલ णिच् પ્રત્યયવાળા ધાતુને, તથા श्रु, द्रु, स्रु, અને कम् ધાતુને, અદ્યતની વિભક્તિ ના પ્રત્યય લાગતાં પહેલા કર્તા અર્થમાં ' ङ् ' પ્રત્યય લાગે છે. कृ+णिच्=अ+कृ+इ=अकारि + ङ + त् = अचीकरत् + अ + त् = अचीकरत् = કરાવ્યું ૧૫૬૮. चूरण् – चूर् + णिच् = अचूचुरत् = ચોરી કરી. ૮૮૩. श्रिण् – अशिश्रियत् = સેવા કરી, ૧૩. द्रुं – अदुद्रुवत् = ઓગળી ગયું, ૧૫. स्रुं – असुस्रुवत् = ઝરી ગયું. ૭૮૯. कमूङ् – अचकमत = ઇચ્છા કરી.

ट्वे–श्वेर्वा ॥ ३–४–५९ ॥

ट्वे અને श्वि ધાતુને, અદ્યતની વિભક્તિના પ્રત્યય લાગતાં પહેલા ધાતુને, કર્તા અર્થમાં ' ङ् ' પ્રત્યય વિકલ્પે લાગે છે. ૨૮. ट्वेंट् – अदधत्, अधात् = ધાવ્યો, દુધ પીધું, ૯૯૭. ट्वोश्वि – अशिश्वियत्, अश्वत् = સોજો આવ્યો.

शास्त्यसू–वक्ति–ख्यातेरङ् ॥ ३–४–६० ॥

શાસ્, અસ્, વચ્ અને ખ્યા ધાતુને, અદ્યતની વિભક્તિના પ્રત્યય લાગતાં પહેલા, કર્તરિ પ્રયોગમાં ' **અહ્** ' પ્રત્યય લાગે છે. અહિં શાસ્ ને યહ્ પ્રત્યયનો લોપ થાય ત્યારે આ નિયમ ન લાગે તે જણાવવા સૂત્રમાં શાસ્તિ પ્રયોગ જણાવેલ છે. તથા ધ્રુ ધાતુને બદલે વપરાતો વચ્ ધાતુ તથા ચક્ષને બદલે વપરાતો ખ્યા ધાતુ પણ લેવાનો છે. ૧૦૯૫. **शासूक् - अ + शास् + अङ् + त् = अशिषत्** = શિખામણ આપી, ૧૨૨૧. **असूच् - अप + अस्+इय = अपास्यत** = દૂર કર્યો. ૧૦૯૬. **वचंक् - (११२५ ब्रूगक्) = अवोचत्** = બોલ્યો, ૧૦૭૧. **ख्यांक् (११२२. चक्षिक्) - आख्यात्** = કહ્યું.

सर्त्यर्तेर्वा ॥ ३-४-६१ ॥

સૃ અને ઋ ધાતુને, અદ્યતની વિભક્તિના પ્રત્યયો લાગતાં પહેલા કર્તા અર્થમાં વિકલ્પે ' **અહ્** ' પ્રત્યય લાગે છે. ૨૫. **सृं - असरत्, असार्षीत्** સરી ગયો, ૨૬. **ऋं, ११३५. ऋंक् = आरत्, आर्षीत्** = ગયો.

ह्वा-लिप्-सिचः ॥ ३-४-६२ ॥

હ્વા, લિપ્ અને સિચ્ ધાતુને, અદ્યતની વિભક્તિના પ્રત્યયો લાગતાં પહેલા, કર્તરિ પ્રયોગમાં ' **અહ્** ' પ્રત્યય લાગે છે. ૯૯૪. **ह्वेंग् - आह्वत्** = આહ્વાન કર્યું, ૧૩૨૪. **लिपींत्-अलिपत्**=લેપ્યું ૧૩૨૧. **षिचींत् - असिचत्** = છાંટ્યું.

वाऽऽत्मने ॥ ३-४-६३ ॥

હ્વા, લિપ્ અને સિચ્ ધાતુને, અદ્યતની વિભક્તિના આત્મનેપદના પ્રત્યયો લાગતાં પહેલા કર્તરિ પ્રયોગમાં વિકલ્પે ' **અહ્** ' પ્રત્યય

લાગે છે. **आह्वत, आह्वास्त** = આહ્વાન કર્યું, **अलिपत, अलिप्त** = લેપ્યું, **असिचत, असिक्त** = છાંટયું. પ્રથમ પ્રયોગમાં અડ્ છે, અને બીજામાં નથી.

लृदिद्–द्युतादि–पुष्यादेः परस्मै ॥ ३–४–६४ ॥

लृ અનુબંધવાળા, દ્યુતાદિગણના - દ્યુત વગેરે તથા પુષ્ વગેરે ધાતુઓને, અદ્યતની વિભક્તિના પરસ્મૈપદના પ્રત્યય લાગતાં પહેલા, કર્તા અર્થમાં '**अङ्**' પ્રત્યય લાગે છે. ૬૯૬. **गम्लृं – अगमत्** = ગયો, ૯૩૭. **द्युति – अद्युतत्** = પ્રકાશ કર્યો, ૧૧૭૯. **पुषंच् – अपुषत्** = પુષ્ટ થયો. પુષ્ વગેરે ધાતુઓ દિવાદિગણના પેટાગણના અને દ્યુત્ વગેરે ધાતુઓ ભ્વાદિગણના પેટાગણના ધાતુઓ લેવાના છે.

ऋदित्–श्वि–स्तम्भू–म्रुच्–म्लुच्–ग्रुच्–ग्लुच्–ग्लुञ्च् त्रो वा ॥ ३–४–६५ ॥

દીર્ઘ ऋ અનુબંધવાળા ધાતુઓને, श्वि, स्तम्भू, म्रुच्, म्लुच्, ग्रुच्, ग्लुच्, ग्लुञ्च् અને ज्रि ધાતુઓને, અદ્યતની વિભક્તિ સંબંધિ પરસ્મૈપદના પ્રત્યયો લાગતાં પહેલા, કર્તરિ પ્રયોગમાં વિકલ્પે '**अङ्**' પ્રત્યય લાગે છે. ૧૪૭૩. **रुधंगी – अरुधत्, अरौत्सीत्** = રોકયું, ૯૯૭ **ट्वोश्वि – अश्वत्, अश्वयीत्**=ફુલી ગયું, ૧. **स्तम्भू (सौत्र) = अस्तम्भत्, अस्तम्भीत्** = થંભી ગયું, ૧૧૩. **म्रूचू अम्रुचत्, अम्रोचीत्** = ગયો, ૧૧૪ **म्लुचू – अम्लुचत्, अम्लोचीत्** = ગયો, ૧૧૭ **ग्रुचू – अग्रुचत् अग्रोचित** = ચોરી ગયો. ૧૧૮. **ग्लुचू – अग्लुचत्, अग्लोचीत्** = ચોરી ગયો, ૧૧૫ **ग्लुञ्चू – अग्लुचत्, अग्लुञ्चीत्** = ગયો, ૧૧૪૫. **जृष्च्, १५३६. जृश्, १९४७. जृण् – अजरत्, अजारित्** = ઘરડો થયો, જીર્ણ થયું.

ञिच् ते पदस्तलुक् च ॥ ३-४-६६ ॥

પદ્ ધાતુને, અદ્યતની વિભક્તિ સંબંધિ આત્મનેપદનો ત્રીજા પુરૂષના એકવચનનો પ્રત્યય લાગતાં પહેલા, કર્તા અર્થમાં 'ञिच्' પ્રત્યય લાગે છે. અને ञिच् પ્રત્યય લાગે ત્યારે त નો 'लोप' થાય છે. **१२५७. पदिच् - उद्+पद् + त=उद् + अ + पद् + (ञिच्) इ = उदपादि** = ઉત્પન્ન થયું.

दीप-जन्-बुधि-पूरि-ताय-प्यायो वा ॥ ३-१-६७ ॥

दीप्, जन्, बुध्, पूर्, ताय् અને प्याय् ધાતુને, અદ્યતની વિભક્તિ સંબંધિ ત્રીજા પુરૂષના એકવચનનો પ્રત્યય લાગતાં પહેલા કર્તા અર્થમાં 'ञिच्' પ્રત્યય વિકલ્પે લાગે છે. અને ञिच् પ્રત્યય લાગે ત્યારે त નો 'लोप' થાય છે. **१२६६. दीपैचि - अ + दीप् + ञिच् + त = अदीपि, अदीपिष्ट** = દીપ્યું, **१२६५. जनैचि - अजनि, अजनिष्ट** = ઉત્પન્ન થયો, **१२६२. बुधिच् - अबोधि, अबुद्ध** = બોધ્યું, **१२६८. पुरैचि - अपूरि, अपूरिष्ट** = પૂર્યું, **८०६. तायङ् - अतायि, अतायिष्ट**=પાળ્યું, **८०५. ओप्यायैङ् - अपायि, अपायिष्ट** = વધ્યું.

भाव-कर्मणोः ॥ ३-४-६८ ॥

ભાવ પ્રયોગમાં અને કર્મણિ પ્રયોગમાં વિધાન કરાયેલ અદ્યતની વિભક્તિ સંબંધિ ત્રીજા પુરૂષના એકવચનનો પ્રત્યય લાગતાં પહેલા, સર્વ ધાતુઓને 'ञिच्' પ્રત્યય લાગે છે. અને ञिच् પ્રત્યય લાગે ત્યારે त નો 'लोप' થાય છે. **१११९. आसिङ् - आस् + त = अ + आस् + इ = आसि त्वया** = તારાથી બેસાયું, **८८८ डुकृंग् - कृ + त = अ + कृ + इ = अकारि कटः** = સાદડી બનાવાઈ.

स्वर-ग्रह-दृश-हन्भ्यः स्य-सिजाशीः श्वस्तन्यां जिट् वा ॥ ३-४-६९ ॥

સ્વરાંત ધાતુઓને તથા ગ્રહ્, દૃશ્ અને હન્ ધાતુને, ભાવ પ્રયોગમાં વિધાન કરાયેલ, ભવિષ્યન્તી તથા ક્રિયાતિપત્તિ વિભક્તિ સંબંધિ સ્ય આદિવાળા પ્રત્યયો, સિચ્ પ્રત્યય, આશિષ્ વિભક્તિના તથા શ્વસ્તની વિભાક્તના પ્રત્યયો લાગતાં પહેલા વિકલ્પે ' જિટ્ ' પ્રત્યય લાગે છે. ' **ભવિષ્યન્તી** '-७ दा-दा+स्यते=दा+इ(जिट्) + स्यते = **दायिस्यते, दास्यते** = તે વડે અપાશે. ૧૫૧૭. **ग्रहीश् - ग्राहिस्यते, ग्रहीस्यते** = તે વડે ગ્રહણ કરશે. ४९५ **दृशूं - दर्शिष्यते, द्रक्ष्यते** = તે વડે દેખાશે, ११००. **हनंक् - घानिष्यते, हानिष्यते** = તે વડે હણાશે. ' **ક્રિયાતિપત્તિ** ' - **दा + स्यत** = अ + दा + इ + स्यत = अ + दै + इ + स्यत = **अदायिष्यत, अदास्यत** = તે વડે અપાત, **अग्राहिष्यत, अग्रहीस्यत** = તે વડે ગ્રહણ કરાત, **अदर्शिष्यत, अद्रक्ष्यत** = તે વડે દેખાત, **अघानिष्यत, अहनिष्यत** = તે વડે હણાત ' **सिच्** ' - **दा + आताम्** = अ + दै + इ + स् + आताम्=**अदायिषाताम्, अदिषाताम्** = તે બે વડે અપાયું **अग्राहिषाताम्, अग्रहीषाताम्** = તે બે વડે ગ્રહણ કરાયું, **अदर्शिषाताम्, अदक्षाताम्** = તે બે વડે જોવાયું, **अघानिषाताम्, अवधिषाताम्** = તે બે વડે હણાયું. ' **आशीः** ' **दा + सीष्ट** = दै + इ + **सीष्ट** = **दायिषीष्ट, दासीष्ट** = તે વડે દાન અપાઓ એવી આશીષ્ છે, **ग्राहिषीष्ट, ग्रहीषीष्ट** = તે વડે ગ્રહણ કરાઓ એવી આશીષ્ છે, **दर्शिषीष्ट, दक्षीष्ट** = તે વડે જોવાઓ એવો આશીર્વાદ છે, **घानिषीष्ट, वधिषीष्ट** = તે વડે હણાઓ એવો આશીર્વાદ છે, ' **श्वस्तनी** ' **दा + ता** = दै + इ + ता = **दायिता दाता** = તે વડે અપાશે, **ग्राहिता, ग्रहीता** = તે વડે ગ્રહણ કરાશે,

दर्शिता, द्रष्टा = તે વડે જોવાશે, **घनिता, हन्ता** = તે વડે હણાશે.

क्यः शिति ॥ ३-४-७० ॥

ભાવ પ્રયોગ અને કર્મણિ પ્રયોગમાં વિધાન કરાયેલ શિત્ - વર્તમાન, સપ્તમી, પંચમી અને હ્યસ્તનીના પ્રત્યયો લાગતાં પહેલા સર્વ ધાતુને '**क्य**' પ્રત્યય લાગે છે. ૧૧૦૬. **शीङ्क्** - **शी** + **य** + **ते** = **शय्** + **य** + **ते** = **शय्यते त्वया** = તારા વડે સુવાય છે. ૮૮૮. **डुकृंग्** - **कृ** + **य** + **ते** = **क्रियते कटः** = તેના વડે સાદડી કરાય છે.

कर्तर्यनद्भ्यः शव् ॥ ३-४-७१ ॥

અદ્ધાદિ ગણના - અદ્ વગેરે ધાતુ વર્જિત સર્વ ધાતુઓને, કર્તા અર્થમાં વિધાન કરાયેલ શિત્ પ્રત્યય લાગતાં પહેલા વિકરણ પ્રત્યય રૂપે '**शव्**' પ્રત્યય લાગે છે. ૧. **भू** - **भू** + **तिव्** = **भू** + **शव्** + **तिव्** =**भवति** = તે થાય છે.

दिवादेः श्यः ॥ ३-४-७२ ॥

દિવાદિ ગણના-દિવ્ વગેરે ધાતુને, કર્તા અર્થમાં શિત્ પ્રત્યય લાગતાં પહેલા, વિકરણ પ્રત્યય રૂપે '**श्य**' પ્રત્યય લાગે છે. ૧૧૪૪ **दिवूच्** - **दिव्** + **तिव्** = **दिव्** + **श्य** + **तिव्** = **दीव्यति** = શોભે છે.

भ्रास - भ्लास - भ्रम - क्रम - क्लम - त्रसि - त्रुटि - लषि - यसि - संयसेर्वा ॥ ३-४-७३ ॥

ભ્રાસ્, ભ્લાસ્, ભ્રમ્, ક્રમ્, ક્લમ્, ત્રસ્, ત્રુટ્, લષ્, યસ્ અને સમ્ પૂર્વક યસ્ ધાતુને, કર્તા અર્થમાં વિધાન કરાયેલ શિત્ પ્રત્યય

લાગતાં પહેલા, વિકરણ પ્રત્યય રૂપે વિકલ્પે ' **श्य** ' પ્રત્યય લાગે છે. ૮૪૭ **दुभ्रासि-भ्रास्यते भ्रासते** = દીપે છે, ૮૪૮ **दुम्लासृङ् - म्लास्यते, म्लासते** = દીપે છે, ૧૨૩૪ **भ्रमूच्**, ૯૭૦. **भ्रमू - भ्राम्यति, भ्रमति** = ચાલે છે, ભમે છે, ૩૮૫. **क्रमू क्राम्यति, क्रामति** = પગે ચાલે છે, ૧૨૩૭ **क्रमूच् - क्राम्यति, क्रामति** = કરમાય છે, ૧૧૭૧. **त्रसैच् - त्रस्यति, त्रसति** = ડરે છે, ૧૪૩૭. **त्रुटत् - त्रुटयति, त्रुटति** = તૂટે છે, ૯૨૭. **लषी - लष्यति, लषति** = અભિલાષા કરે છે, ૧૨૨૨. **यसूच् - यस्यति, यसति** = પ્રયત્ન કરે છે, **संयस्यति, संयसति** = સારી રીતે પ્રયત્ન કરે છે,

कुषि-रञ्जेर्व्याप्ये वा परस्मै च ॥ ३-४-७४ ॥

કુષ્ અને રઞ્જ્ ધાતુને, કર્મરૂપ કર્તા અર્થમાં અર્થાત્ કર્મ જ્યારે કર્તા થાય ત્યારે, શિત્ પ્રત્યય લાગતાં પહેલા ' **श्य** ' પ્રત્યય લાગે છે. અને વિકલ્પે ' **परस्मैपद** ' થાય છે. ૧૫૬૫. **कुषश् - कुष्यते, कुष्यति वा पादः स्वयमेव** = પગ એની મેળે બહાર ખેંચાય છે-નીકળે છે. ૧૨૮૨. **रञ्जींच् - रज्यते, रज्यति वा वस्त्रं स्वयमेव** = કપડું એની મેળે રંગાય છે.

स्वादेः श्नुः ॥ ३-४-७५ ॥

સ્વાદિગણના-સુ વગેરે ધાતુને, કર્તા અર્થમાં વિધાન કરાયેલ શિત્ પ્રત્યય લાગતાં પહેલા, વિકરણ પ્રત્યયરૂપે ' **श्नु** ' પ્રત્યય લાગે છે. ૧૨૮૬ **षुंगट् - सु + श्नु + तिव् = सुनोति**=ભક્તિરૂપ બનાવવાના દ્રવ્યોને ભીંજવે છે.

वाऽक्षः ॥ ३-४-७६ ॥

અક્ષૂ ધાતુને, કર્તા અર્થમાં વિધાન કરાયેલ शित् પ્રત્યય લાગતાં પહેલા વિકલ્પે 'श्नु' પ્રત્યય લાગે છે. ૫૭૦. **अक्षौ - आक्ष्णोति, अक्षति** = વ્યાપે છે.

तक्षः स्वार्थे वा ॥ ३-४-७७ ॥

તક્ષૂ ધાતુને, છોલવું, તીક્ષ્ણ કરવું અથવા પાતળું કરવું એવા અર્થમાં, કર્તરિ પ્રયોગમાં વિધાન કરાયેલ शित् પ્રત્યય લાગતાં પહેલા, વિકલ્પે 'श्नु' પ્રત્યય લાગે છે. ૫૭૧. **तक्षौ - तक्ष्णोति, तक्षति** = છોલે છે, પાતળું કરે છે અથવા તીક્ષ્ણ બનાવે છે.

स्तम्भू-स्तुम्भू-स्कम्भू-स्कुम्भू-स्कोः श्ना च ॥ ३-४-७८ ॥

स्तम्भू, स्तुम्भू, स्कम्भू, स्कुम्भू અને स्कु ધાતુને, કર્તા અર્થમાં વિધાન કરાયેલ शित् પ્રત્યય લાગતા પહેલા, 'श्नु' અને 'श्ना' પ્રત્યય વારા ફરતી લાગે છે. **स्तम्भू - स्तभ्नाति, स्तम्भ्नोति** = સ્તમ્ભ કરે છે, રોકી રાખે છે અથવા થંભાવે છે, ૧૫૧૪. **स्कुगश् - स्कुनाति, स्कुनोति** = ઉધ્ધાર કરે છે, ઉડાડે છે, અથવા વજનદાર વજન ઉપાડે છે.

क्र्यादेः ॥ ३-४-७९ ॥

ક્રયાદિગણના-ક્રી વગેરે ધાતુને, કર્તા અર્થમાં વિધાન કરાયેલ शित् પ્રત્યય લાગતાં પહેલા, વિકરણ પ્રત્યય રૂપે 'श्ना' પ્રત્યય લાગે છે. ૧૫૦૮. **डुक्रींगश् - क्री + श्ना + तिव्=क्रीणाति** = ખરીદે છે.

व्यञ्जनाच्छना-हेरानः ॥ ३-४-८० ॥

ક્યાદિગણના વ્યંજનાન્ત ધાતુને, કર્તા અર્થમાં વિધાન કરાયેલ પંચમી વિભક્તિના બીજાપુરૂષના એકવચનનો હિ પ્રત્યય લાગતાં પહેલા શ્ના પ્રત્યય લાગે ત્યારે હિ અને શ્ના એ બન્નેને સ્થાને 'आन' પ્રત્યય લાગે છે. ૧૫૬૪. **पुषश्** - **पुष्** + **श्ना** + **हि** = **पुष्** + **आन** = **पुषाण** = પુષ્ટ કર.

तुदादेः शः । ३-४-८१ ॥

તુદાદિગણના-તુદ્ વગેરે ધાતુને, કર્તા અર્થમાં વિધાન કરાયેલ શિત્ પ્રત્યય લાગતા પહેલા, વિકરણ પ્રત્યય 'श' લાગે છે. ૧૩૧૫. **तुदीत्** - **तुद्** + **श** + **ते** = **तुदते**, **तुदति** = પીડા કરે છે.

रुधां स्वराच्छनो नलुक् च ॥ ३-४-८२ ॥

રુધ્ વગેરે ધાતુને, કર્તા અર્થમાં વિધાન કરાયેલ શિત્ પ્રત્યય લાગતા પહેલા, વિકરણ પ્રત્યય રૂપ 'श्ना' પ્રત્યય લાગે છે. જો ધાતુમાં સ્વર હોય તો શ્ના સ્વર પછીજ મૂકાય છે, અને જો ધાતુમાં ધાતુના અંગભૂત નકાર હોય તો 'न' નો લોપ થાય છે. ૧૪૭૩. **रुधूंपी** - **रुध्** + **तिव्** = **रु** + **न**+**ध** + **ति**= **रुणद्धि** = આવરણ કરે છે, ૧૪૯૮ **हिसुप्** - **हिन्स्** + **श्न** + **तिव्** = **हिं** + **न** + **स्** + **ति** = **हिनस्ति** = હિંસા કરે છે.

कृग्-तनादेरुः ॥ ३-४-८३ ॥

કૃ ધાતુ તથા તનાદિગણના - तन् વગેરે ધાતુને, કર્તરિ પ્રયોગમાં શિત્ પ્રત્યય લાગતાં પહેલા, વિકરણ પ્રત્યયરૂપ 'उ' પ્રત્યય લાગે છે. ૮૮૮. **डुकृंग्** - **कृ** + **तिव्** = **कृ** + **उ** + **ति**= **करोति**= કરે છે. અહિં " **नाभिनो०** [૪-૩-૧] " એ સુત્રથી કૃ ના ઋનો ગુણ થયો છે. ૧૪૯૯. **तनूयीं** - **तन्** + **तिव्**=**तन्** + **उ**

+ **ति** = **तनोति** = તાણે છે, વિસ્તારે છે. અહિં " **उ-श्नोः०** [૪-૩-૨] " એ સૂત્રથી श्नु ના उ નો ગુણ થયો છે.

सृजः श्राद्धे ञि-क्याऽऽत्मने तथा ॥ ३-४-८४ ॥

सृज् ધાતુને, શ્રદ્ધાવાન્ કર્તા અર્થમાં, કર્તરિ પ્રયોગમાં વિધાન કરાયેલ शित् પ્રત્યય લાગતાં પહેલા, ' **क्य** ' પ્રત્યય લાગે છે. અને પરસ્મૈપદનો ધાતુ હોવા છતાં ' **आत्मनेपद** ' ના પ્રત્યયો લાગે છે. તથા અદ્યતની વિભક્તિના ત્રીજા પુરૂષના એકવચનનો આત્મનેપદ સંબંધિ त પ્રત્યય લાગતા પહેલા ' **ञिच्** ' પ્રત્યય લાગે છે અને 'त' નો '**लोप**' થાય છે. અને शित् પ્રત્યય લાગે છે. **૧૩૪૯. सृजंत्** – **सृज्** + **त** = **अ** + **सृज्** + **ञिच्** + **त** = **असर्ज्** + **इ** = **असर्जि मालां धार्मिकः** = ધાર્મિક માણસે માલા બનાવી, **सृज्** + **क्य** + **ते** = **सृज्यते मालां धार्मिक** = ધાર્મિક પુરૂષ માલા બનાવે છે. અહિં "ञिच् ते० [३-४-६६] " એ સૂત્રથી ञिच् પ્રત્યય અને "क्यः शिति [३-४-७०] " એ સૂત્રથી क्य પ્રત્યય થયો.

तपस्तपः कर्मकात् ॥ ३-४-८५ ॥

તપ ધાતુ તપસ્યા કરવા અર્થમાં હોય ત્યારે, કર્તરિ પ્રયોગમાં વિધાન કરાયેલ અદ્યતની વિભક્તિના ત્રિજા પુરૂષના એકવચનનો त પ્રત્યય લાગતાં પહેલા, ' ञिच् ' પ્રત્યય લાગે છે. અને ञिच् પ્રત્યય લાગે ત્યારે त નો ' **लोप** ' થાય છે, તથા કર્તા અર્થમાં વિધાન કરાયેલ शित् પ્રત્યય લાગતાં પહેલાં, ' क्य ' પ્રત્યય લાગે છે, તથા પરસ્મૈપદનો ધાતુ હોવા છતાં ' **आत्मनेपद** ' ના પ્રત્યય લાગે છે. **૩૩૩. तपं तप्** + **क्य** + **ते** = **तप्यते तपः साधुः** = સાધુ તપસ્યા કરે છે, **तप्** + **प** = **तेपे तपः साधुः** = સાધુએ તપ કર્યું. આગળના " **तपः०** [३-४-९१] " એ સૂત્રથી ञिच् પ્રત્યયનો નિષેધ થતો

હોવાથી ગિચ્ પ્રત્યયનું દૃષ્ટાન્ત નથી આપ્યું. પરંતુ કય પ્રત્યયનું અને આત્મનેપદ થતો હોવાથી આત્મનેપદનું દૃષ્ટાંત જણાવેલ છે.

एकधातौ कर्मक्रिययैकाकर्मक्रिये ॥ ३-४-८६ ॥

જે ધાતુનું કર્મ પોતેજ કર્તા થઈ ગયું હોય તો, તે જ ધાતુને, કર્તરિ પ્રયોગમાં '**ગિચ્, કય**' પ્રત્યય અને '**આત્મનેપદ**' થાય છે. જે કર્તરિ પ્રયોગનો ધાતુ અને કર્મકર્તરિ પ્રયોગનો ધાતુ અક્ષરોની અપેક્ષાએ એકજ હોય તો. અને જે ક્રિયા આપણે કર્તરિ પ્રયોગમા જોયેલી હોય તે જ ક્રિયા કર્મને કર્તા બનાવતા સમયે પણ પ્રયોગમાં હોવી જોઇએ, જુદી જુદી હોવી ન જોઈએ, અર્થાત્ કર્મ-કર્તરી પ્રયોગમાં કર્મ બીજુ કોઈ કરતું ન હોવું જોઈયે, એટલે જે ક્રિયા કર્તરિપ્રયોગમાં હોય તે જ ક્રિયા કર્મકર્તરિ પ્રયોગમાં હોવી જોઈએ, તથા કર્તરિ પ્રયોગમાં ધાતુ સકર્મક હોય તે જ ધાતુ કર્મ કર્તરિ પ્રયોગમાં કર્મ કર્તા થઈ જવાથી અકર્મક બને છે. **चैत्रः कटमकार्षीत् - कटः स्वयमेवाकारि** = ચૈત્રે સાદડી બનાવી, પરંતુ એ સાદડી એટલી જલ્દી અને સરલતાથી બનાવાઈ છે, કે કર્તાને શ્રમ પડતો નથી. એટલે સાદડી એની મેળે બની ગઇ, એમ કહેવાય. **चैत्रः कट करोति - कटः स्वयमेव क्रियते** = સાદડી એની મેળે બને છે. **चैत्रः कटं करिष्यति- कटः स्वयमेव करिष्यते** = સાદડી એને મેળે બનશે. આ દૃષ્ટાંતમાં કૃ ધાતુનું કર્મ કટ તે જ કૃ ધાતુનો કટ કર્તા બને છે, કર્તરિ પ્રયોગનો કૃ ધાતુ અને કર્મ-કર્તરિ પ્રયોગનો કૃ ધાતુ અક્ષરની અપેક્ષાએ એકજ સરખો છે, ક્રિયા કરવાની પણ એકજ છે, જે ક્રિયા કરનાર કર્તરિ પ્રયોગમાં છે તે જ ક્રિયા કર્મકર્તરિ પ્રયોગમાં છે, અર્થાત્ ક્રિયા જુદી જુદી નથી, તથા જે ક્રિયા કરતો દેખાય છે તે જ ક્રિયા કર્મકર્તરિ પ્રયોગમાં જણાય છે.

पचि-दुहे ॥ ३-४-८७ ॥

પચ્ અને દુહ્ ધાતુનું કર્મ જ્યારે કર્તા બન્યું હોય, ત્યારે તેને કર્મકર્તા અર્થમાં ' ञिच्, कय ' પ્રત્યય અને ' आत्मनेपद ' થાય છે. જે કર્તા અર્થમાં અને કર્મરૂપ કર્તા અર્થમાં અને કર્મકર્તા અર્થમાં ક્રિયા સકર્મક હોય કે અકર્મક હોય તો ચાલે. ૮૯૨. **डुपचींष् - चैत्रः ओदनंमप्राक्षीत्** = ચૈત્રે ચોખા રાંધ્યાં, **ओदनः स्वयमेवापाक्षि** = ચોખા એની મેળે રંધાઇ ગયા, **चैत्रः ओदनं पचति** = ચૈત્ર ચોખા રાંધે છે, **ओदनः स्वयमेव पच्यते** = ચોખા એની મેળે રંધાય છે, **चैत्रः ओदनं पक्ष्यति** = ચૈત્ર ચોખા રાંધશે, **ओदनः स्वयमेव पक्ष्यते** = ચોખા એની મેળે રંધાશે. ૧૧૨૭ **दुहींष् - चैत्रः गामदुग्ध** = ચૈત્રે ગાયને દોહી, **गौः स्वयमेवादोहि** = ગાય એની મેળે દોહવાઈ, **चैत्रः गां दोग्धि** = ચૈત્ર ગાયને દોવે છે, **गौः स्वयमेव दुह्यते** = ગાય પોતાની મેળે દોહવાય છે, **चैत्रः गां धोक्ष्यति** = ચૈત્ર ગાયને દોશે, **गौः स्वयमेव धोक्ष्यते** – ગાય એની મેળે દોહવાશે.

न कर्मणा ञिच् ॥ ३-४-८८ ॥

પચ્ અને દુહ્ ધાતુનો જ્યારે સકર્મક પ્રયોગ હોય ત્યારે કર્મ કર્તરિમાં કહેલ ' ञिच् ' પ્રત્યય ન થાય. **अपक्कोदुम्बरं फलं स्वयमेव** = ઉમરાના ફળ પોતાની મેળે જ પક્વ્યુ., **अदुग्ध गौः पयः स्वयमेव** = ગાય પોતાની મેળે જ દુધ દોહ્યું.

रुधः ॥ ३-४-८९ ॥

રુધ્ ધાતુને કર્મકર્તરિ પ્રયોગમાં ' ञिच् ' પ્રત્યય ન થાય.

अरुद्ध गौः स्वयमेव = ગાય પોતાની મેળે જ અટકી પડી.

स्वर-दुहो वा ॥ ३-४-९० ॥

સ્વરવાળા ધાતુ અને દુહ્ ધાતુને, કર્મકર્તરિ પ્રયોગમાં વિકલ્પે 'ગિચ્' પ્રત્યય થાય છે. **अकृत, अकारि वा कटः स्वयमेव** = સાદડી પોતાની મેળે જ કરાઈ, **अदुग्ध अदोहि वा गौ स्वयमेव** = થાય પોતાની મેળે જ દોહવાઇ.

तपः कर्त्रनुतापे च ॥ ३-४-९१ ॥

તપ્ ધાતુને, કર્મ રૂપ કર્તા અર્થમાં અને અનુતાપ-પસ્તાવો અર્થમાં 'ગિચ્' પ્રત્યય થતો નથી. **अन्ववातप्त क्तितवः स्वयमेव** = લુચ્ચો માણસ પોતાની જાતે જ પસ્તાવામાં પડ્યો. **अतप्त तपांसि साधुः**=સાધુએ તપ તપ્યા, **अन्वतप्त चैत्रेण**=ચૈત્ર વડે પસ્તાવો થયો. અહિં **अतप्त** ને સ્થાને **अतापि** પ્રયોગ ના થયો.

णि-स्नु श्र्यास्मनेपदाऽकर्मकात् ॥ ३-४-९२ ॥

ણિ પ્રત્યયવાળા એટલે પ્રેરક અર્થવાળા ણિગ્ સ્વાર્થક અર્થવાળા, ણિચ્ પ્રત્યયવાળા તથા ણિઙ્ પ્રત્યયવાળા ધાતુઓ તેમજ સ્નુ, અને શ્રિ ધાતુ તથા અકર્મક કારણને લીધે થયેલ આત્મનેપદી ધાતુઓને 'ગિચ્' થતો નથી. **अपीपचद् ओदनं चैत्रेण मैत्रः** = મૈત્રે ચૈત્ર વડે ચોખા રંધાવ્યા, **अपापच्यत आदनः स्वयमेव** = ચોખા પોતાની મેળે જ રંધાવાઇ ગયા, ૧૦૮૩. **स्नुक्-प्रास्नोष्ट गौः स्वयमेव** = ગાયે પોતાની મેળે જ પાનો મૂક્યો, ૮૮૩. **श्रिग् = उदशिश्रियत दण्डः स्वयमेंव** = દંડ એની મેળે જ ઉંચો થયો, ૮૮૮. **ङुकृंग्-व्यकृत सैन्धवः स्वयमेव** = ઘોડા પોતાની મેળે જ હણહણ્યો.

भूषार्थ-सन्-किरादिभ्यश्च ञि-क्यौ ॥ ३-४-९३ ॥

ભૂષા-શણગાર અર્થવાળા, સન્ પ્રત્યયવાળા, કિર્ વગેરે ધાતુઓ તથા ઉપરોક્ત ણિ પ્રત્યયવાળા ધાતુઓ, અને સ્નુ અને શ્રિ ધાતુને, તથા અકર્મકપણું જરૂરી હોય એવા આત્મનેપદી ધાતુઓને, કર્મકર્તરિ પ્રયોગમાં 'ञिच्' અને 'क्य' પ્રત્યય થતાં નથી. **अलमकृत कन्या स्वयमेव**=કન્યા પોતાની મેળે શણગારાઇ, **अचिकीर्षिष्ट कटः स्वयमेव** =સાદડી પોતાની મેળે જ કરવાને ઇચ્છાઈ, **चिकीर्षते कटः स्वयमेव** = સાદડી પોતાની મેળે જ કરવાને ઇચ્છાય છે. **१३३४. कृत्-किरते पांसुः स्वयमेव** = ધૂળ પોતાની મેળે જ ઉડે છે.

करणक्रियया क्वचित् ॥ ३-४-९४ ॥

કોઇક પ્રયોગોમાં જ્યારે કરણ કર્તા થયો હોય, કરણની તથા કર્તા અર્થની ક્રિયા સરખી હોય, તો ધાતુને, 'ञिच्, क्य' પ્રત્યય અને '**आत्मनेपद**' થાય છે. કરણ કર્તૃ-**परिवारयते कण्टकैः वृक्षः** = ઝાડ કાંટા વડે વીંટાય છે **परिवारयन्ते कण्टकाः वृक्षः स्वयमेव** = કાંટાઓ પોતાની મેળે જ ઝાડને વીંટી લે છે, **साधु असिना छिनत्ति** = તરવાર વડે સારૂં છેદે છે, **साधु असिः छिनत्ति** = તરવાર પોતે સારૂં કાપે છે. ક્વચિત્ જણાવવાથી આ વાક્યમાં આત્મનેપદ આદિ ન થયું.

इत्याचार्य श्रीहेमचन्द्रविरचिते सिद्धहेमशब्दानुशासने श्रीविजयमहिमाप्रभसूरिकृत-बालबबोधिनीवृत्तेः तृतीयाऽध्यायस्य चतुर्थपादः ॥

प्रतापतपनः कोऽपि, मौलराजेर्नवोऽभवत् ।
रिपुस्त्रीमुखपद्मानां, न सेहे यः किल श्रियम् ॥ १२ ॥

મૂલરાજના પ્રપૌત્ર દુર્લભરાજનો પ્રતાપરૂપી સૂર્ય કોઈ નવો જ થયો, જેણે શત્રુરાજાઓની સ્ત્રીઓના મુખ રૂપી કમલની શોભાને સહન કરી. અર્થાત્ સૂર્યાસ્ત થતાં કમલ વિકસ્વર પામે તેને બદલે કરમાયા. અર્થાત્ શત્રુઓના મરવાથી કે હારવાથી તેમની સ્ત્રીઓના મુખ કરમાયા. ૧૨.

इति कलिकालसर्वज्ञ श्रीहेमचन्द्रसूरिभगवत्प्रणितं
शब्दानुशासनस्य लघुवृत्त्यावलम्बिनि शासनसम्राट्
श्रीविजयनेमिसूरीश्वर पट्टधर श्रीविजयमहिमाप्रभसूरिकृत
गुर्जरभाषायां बालावबोधिनीवृत्तेः



[अथ चतुर्थोऽध्यायः]

[प्रथमपादः]

द्विर्धातुः परोक्षा-ङे प्राक्तु स्वरे स्वरविधेः ॥ ४-१-१ ॥

પરોક્ષા વિભક્તિના પ્રત્યય તથા ङ પ્રત્યય પર છતાં, ધાતુ **'દ્વિર્ભાવ'** પામે છે, અર્થાત્ એવડાય છે. દ્વિર્ભાવ પામવાને યોગ્ય એવા સ્વરાદિ પ્રત્યય પર છતાં, સ્વરનું કાર્ય કર્યા પહેલાં દ્વિર્ભાવ થાય છે. ૮૯૨. **ડુપચીંष् - पच् + णव् = पपच् + अ = पपाच** = તેણે રાંધ્યુ, ૭૮૯. **कमूङ् - कम् + ङ् + त = अ + चकम् + अ(ङ)+ त = अचकमत** = તેણે ઈચ્છ્યું, **"णि-श्रु-द्रु० [३-४-'५८]"** એ સૂત્રથી ङ પ્રત્યય થયો છે.

आद्योंऽशः एकस्वरः ॥ ४-१-२ ॥

અનેક સ્વરવાળા ધાતુનો જે એક સ્વરવાળો આદિ અવયવ - અંશ, તેનો પરોક્ષા વિભક્તિના પ્રત્યય તથા ङ પ્રત્યય પર છતાં **'દ્વિર્ભાવ'** પામે છે. ૧૦૯૩. **जागृक् - जागृ + णव् = जजागृ + अ = जजागार** = તે જાગ્યો. ૨૭૦. **कण - कण् + त् = कण् + इ + ङ + त् = काणि + अ + त् = चकाण् + अ + त् = अ + चीकाण् + अ + त् = अचीकाणत्**, **अचकाणत्** = અવાજ કરાવ્યો.

सन्-यङश्च ॥ ४-१-३ ॥

सन् પ્રત્યયાન્તવાળા અને यङ् પ્રત્યયાન્તવાળા ધાતુનો, એક સ્વરવાળો જે આદિ અવયવ તેનો **'દ્વિર્ભાવ'** થાય છે. ૬૬૭. **तिजि**

– तिज् + सन् + ते = तितिज् + स + ते = तितिक् + ष + ते = तितिक्षते=સહન કરે છે. ૮૯૨. **डुपचाँष् = पच् + यङ् + ते = पापच् + य + ते = पापच्यते** = તે ઘણું રાંધે છે.

स्वरादेर्द्वितीयः ॥ ४–१–४ ॥

દ્વિર્ભાવ પામવાને યોગ્ય એવો જે સ્વરાદિ ધાતુ, તેનો એક સ્વરવાળો જે દ્વિતીય અવયવ તેનો '**દ્વિર્ભાવ**' થાય છે. ૧૯૪. **अट – अट् + सन् + ति = अटि + स + ति = अटिटि + ष + ति = अटिटिषति**=આથડવાને ઇચ્છે છે. ૧૫૫૮. **अशश् – अश् + यङ् + ते = आशश् + य + ते = अशाश्यते** = વધારે ખાય છે.

न ब-द-नं संयोगादिः ॥ ४–१–५ ॥

સ્વરાદિ ધાતુનો એક સ્વરવાળો જે દ્વિતીય સંયુક્ત અવયવ, તેના સંયોગની આદિમાં રહેલ જે બ્, દ્ અને ન્ તેનો '**દ્વિર્ભાવ**' થતો નથી. ૧૩૪૮. **उज्जत् – उज्ज् + सन् + ति = उज्जिजि + ष + ति = उज्जिजिषति** = સરલ થવા ઇચ્છે છે. ૨૫૭. **अड्ड् – अड्ड् + सन् + ते = अड्डिडि + ष + ते = अड्डिडिषते** = હરલો કરવાને ઇચ્છે છે. ૧૪૯૧. **उन्दैप् – उन्द् + सन् + ति = उन्दि + स + ति = उन्दिदि + ष+ति = उन्दिदिषति** = ભીનું થવાને ઇચ્છે છે.

अयि रः । ४–१–६ ॥

સ્વરાદિ ધાતુનો એક સ્વરવાળો જે દ્વિતીય સંયુક્ત અવયવ, તેના સંયોગની આદિમાં રહેલ જે રકાર, તેનો '**દ્વિર્ભાવ**' થતો નથી, જો રકારથી પર યકાર ન હોય તો. ૧૦૪. **अर्च् – अर्च् + इ + सन् + ति=अर्चिचि+स+ति = अर्चिचिषति**=પૂજા કરવાને ઇચ્છે છે.

नाम्नो द्वितीयाद् यथेष्टम् ॥ ४–१–७ ॥

સ્વરાદિ જે નામધાતુ, તેના દ્વિર્ભાવ પામવાને યોગ્ય એવા દ્વિતીય અને તૃતીય વગેરે એકસ્વરવાળા અવયવ, તેનો ઇચ્છા પ્રમાણે ' **દ્વિર્ભાવ** ' થાય છે. **अश्वमिच्छतीति = अश्वीयति, अश्वींय् + इ + सन् + ति = अशिश्वीय् + इ + स + ति, = अशिश्वीयिषति, अश्वीयियिषति, अश्वोयिषिषति** = અશ્વને ઇચ્છનારને ઇચ્છે છે.

अन्यस्य ॥ ४–१–८ ॥

વ્યંજનાદિ જે નામધાતુ, તેના દ્વિર્ભાવ પામવાને યોગ્ય એવા પ્રથમ વગેરે એકસ્વરવાળા જે અવયવ, તેનો ઇચ્છા પ્રમાણે ' **દ્વિર્ભાવ** ' થાય છે. **पुत्रमिच्छतीति, पुत्रीयति, पुत्रीय् + सन्+ति = पुपुत्रीय् + इ + स + ति=पुपुत्रीयिषति, पुतित्रीयिषति, पुत्रीयियिषति, पुत्रीयिषिषति** = પુત્રને ઇચ્છનારને ઇચ્છે છે.

कण्डवादेस्तृतीयः ॥ ४–१–९ ॥

દ્વિર્ભાવ પામવાને યોગ્ય એવા કણ્ડૂ વગેરે ધાતુઓનો જે એક સ્વરવાળો તૃતીય અવયવ, તેનો ' **દ્વિર્ભાવ** ' થાય છે. **कण्डू + य + ते = कण्डू + य + इ + स + ति=कण्डूयियिषति** = ખંજવાળવાને ઇચ્છે છે.

पुनरेकेषाम् ॥ ४–१–१० ॥

કેટલાક વૈયાકરણોના મતે દ્વિર્ભાવ થયા બાદ દ્વિર્ભાવનું નિમિત્ત મળતાં ફરીથી '**દ્વિર્ભાવ**' થાય છે. ૧૦૮૮. **ञिष्वपंक् – भृशं पुनः पुनर्वा स्वपितीति=स्वप् + यङ् + ते = सोसुप्+य+ते = सोसुप्यते** = ઘણું અથવા વારંવાર સુવે છે. **सोसुपितुमिच्छतीति =**

सोसुप्य + इ + स + ते=सुसोसुप् + इ + स + ते=सुसोषुपिषते = ઘણું અથવા વારંવાર સુવા માટે ઇચ્છે છે. આચાર્યશ્રી હેમચન્દ્ર-સૂરિજીના મતે **सोसुप्य + इ + स + ते = सोषुपि + स + ते = *सोषुपिषते*** થાય છે. તેઓશ્રીજી દ્વિર્ભાવ થયા બાદ દ્વિર્ભાવને કરતાં નથી.

यिः सन् वेर्ष्यः ॥ ४-१-११ ॥

દ્વિર્ભાવ પામવાને યોગ્ય જે ઈર્ષ્યૂ ધાતુને, सन् પ્રત્યય લાગ્યા બાદ ય્ ના સ્થાને यि થયે છતે, यि અને सन् નો વિકલ્પે ' **द्विर्भाव** ' થાય છે. ૪૦૨. **ईर्ष्य -ईर्ष्य् + इ + सन् + ति = ईर्ष्यि + यि + ष + ति = ईर्ष्ययिषति, ईर्ष्य् + सन् + ति = ईर्ष् + यि + स् + इ + स + ति = इर्ष्यिषति** = ઈર્ષ્યા કરવાને ઇચ્છે છે.

हवः शिति ॥ ४-१-१२ ॥

જુહોતિ – અદાદિ ગણના બેટા ગણના હુ વગેરે ધાતુઓને, शित् – વર્તમાનાના, સપ્તમીના, પંચમીના અને લૃસ્તનીના પ્રત્યયો લાગે ત્યારે ' **द्विर्भाव** ' થાય છે. ૧૨૩૦. **हुंक् – हु + ति = जुहु + ति = जुहोति** = હોમ કરે છે, ખાય છે, દાન કરે છે.

चराचर - चलाचल - पतापत - वदावद - घनाघन - पाटूपटं वा ॥ ४-१-१३ ॥

अच् પ્રત્યય પર છતાં કરેલ છે દ્વિર્ભાવ જેને એવા ચરાચર વગેરે શબ્દો ' **निपातन** ' વિકલ્પે થાય છે. ૪૧૦. **चर – चर-तीति = चर् + अच् + ति = चराचरः, चरः** = ચાલનારો. ૯૭૨. **चल – चलाचलः, चलः** = ચાલનારો, ૯૬૨. **पत्ल् – पतापतः,**

पतः = પડનારો, ૯૯૮. **वद – वदावदः, वदः** = બોલનારો, ૧૧૦૦. **हनंक् – घनाघनः , हनः** = હણનારો અર્થાત્ દુષ્કાળને હણનારો મેઘ, ૧૧૫. **पट – पाटूपटः, पटः** = તોડનારો, આથડનારો.

चिक्किद-चक्रसम् ॥ ४–१–१४ ॥

क અને अच् પ્રત્યય પર છતાં થયેલ છે દ્વિર્ભાવ જેનો, એવા ચિક્કિલદ અને ચક્રસ શબ્દો ' **निपातन** ' થાય છે. ૧૧૭૯. **क्किदोच् – क्किद्यतीति = क्किद् + क + सि = चिक्किदः** = ભીનું, ૧૧૭૦. **क्रसूच् – क्रस्यतीति = क्रस् + अच् + सि = चक्रसः** = વાંકો, ચળકાટ વાળું.

दाश्वत्-साह्वत्-मीढ्वत् ॥ ४–१–१५ ॥

क्वसु પ્રત્યય પર છતાં થયેલ છે દ્વિર્ભાવ જેનો એવા દાશ્વત્, સાહ્વત્ અને મીઢ્વત્ શબ્દો ' **निपातन** ' થાય છે. ૯૨૨. **दाशृग् – ददाश इति = दाश् + क्वसु + सि = दाश्वन्, तौ = दाश्वांसौ** = દાન દેનાર બે જણ, ૯૯૦. **षहिं – सेहे इति = सह् + क्वसु + सि = साह्वान् , तौ साह्वांसौ** = સહન કરનાર બે જણ, ૫૫૧. **मिहं – मिमेह इति = मिह् + क्वसु + सि = मिढ्वान्, तौ मीढ्वांसौ** = છાંટનારા બે જણ.

ज्ञप्यापो ज्ञीपीप् न च द्विः सि सनि ॥ ४–१–१६ ॥

સકારાદિ सन् પ્રત્યય પર છતાં ज्ञा ધાતુના પ્રેરકરૂપ ज्ञप् ધાતુનો અને आप् ધાતુનો, અનુક્રમે ' **ज्ञीप्** ' અને ' **ईप्** ' આદેશો થાય છે. અને તેના યોગમાં દ્વિર્ભાવ થતો નથી. ૧૫૪૦. **ज्ञांश्–जानन्तं प्रयुङ्क्ते इति = ज्ञा + णिग् + ति = ज्ञा + पु + णिग् + शव् + तिव् = ज्ञपि + अ + ति = ज्ञपयति, ज्ञपयतुमिच्छतीति =**

ज्ञपि + सन् + ति = ज्ञीप्सति = જણાવવાને ઇચ્છે છે. ૧૩૦૭. **आप्लृंट् – आप्तुमिच्छतीति = आप् + सन् + ति = इप्सति** = વ્યાપીને રહેવા ઇચ્છે છે.

ऋध ईत् ॥ ४–१–१७ ॥

સકારાદિ સન્ પ્રત્યય પર છતાં, ऋध् ધાતુનો ' ईर्त् ' આદેશ થાય છે. અને તેના યોગમાં દ્વિર્ભાવ થતો નથી. ૧૩૦૬. **ऋधूट् - अर्धितुमिच्छतीति = ऋध् + सन् + ति=ईर्त्सति**=વધવાને ઇચ્છે છે.

दम्भो धिप्-धीप् ॥ ४–१–१८ ॥

સકારાદિ સન્ પ્રત્યય પર છતાં, दम्भ् ધાતુનો ' **धिप्** ' અને ' **धीप्** ' આદેશ થાય છે. અને તેના યોગમાં દ્વિર્ભાવ થતો નથી. ૧૩૦૯. **दम्भूट् –दम्भितुमिच्छतीति = दम्भ् + सन् + ति = धिप्सति, धीप्सति** = દંભ કરવાને ઇચ્છે છે.

अव्याप्यस्य मुचेर्मोगू वा ॥ ४–१–१९ ॥

સકારાદિ સન્ પ્રત્યય પર છતાં, અકર્મક એવા मुच् ધાતુનો ' **मोक्** ' આદેશ વિકલ્પે થાય છે. અને તેના યોગમાં દ્વિર્ભાવ થતો નથી. ૧૩૨૦. **मुच्लृंती – मोक्तुमिच्छतीति = मुच् + सन् + ति = मोक्षति, मुमुक्षति चैत्रः** = ચૈત્ર મુકત થવાને ઇચ્છે છે.

मि - मी - मा - दामित् स्वरस्य ॥ ४–१–२० ॥

સકારાદિ સન્ પ્રત્યય પર છતાં, મિ, મી, મા અને દા સંજ્ઞક ધાતુનો સ્વરનો ' इत् ' આદેશ થાય છે. અને તેના યોગમાં કોઇ ધાતુનો દ્વિર્ભાવ થતો નથી. ૧૨૮૯. **डुमिंगृट् – मि + सन् + ति = मित् + स + ति = मित्सति** = ફેંકવાને ઇચ્છે છે. ૧૨૪૬.

मींगच्, ૧૫૧૨. **मींगश्** - **मी + सन् + ते = मित् + स + ते = मित्सते** = હણવાને ઇચ્છે છે. ૬૦૩. **मेंङ्**, ૧૦૭૩. **मांङ्**, ૧૧૩૭. **मांङ्क् - मा + सन्+ति=मित्+स + ति = मित्सति मित्सते** = માપવાને ઇચ્છે છે, બદલે આપવાને ઇચ્છે છે. ૧૧૩૮. **दुदांगक्** - **दा + सन् + ति = दित् + स + ति = दित्सति** = દેવાને ઇચ્છે છે. ૧૧૩૯. **डुधांगक्** - **धा + सन् + ति = धित् + स + ति = धित्सति** = ધારણ કરવાને ઇચ્છે છે.

रभ - लभ - शक - पत - पदामिः ॥ ४-१-२१ ॥

સકરાદિ સન્ પ્રત્યય પર છતાં રભ્, લભ્, શક્, પત્, અને પદ્ ધાતુના સ્વરનો 'ઇ' આદેશ થાય છે. અને તેના યોગમાં દ્વિર્ભાવ થતો નથી, ૭૮૫. **रभि - रभ् + सन् + ते = आरिप् + स + ते=आरिप्सते**=આરંભ કરવાને ઇચ્છે છે, ૭૮૬ **डुलभिष्-लभ् + सन् + ते = लिप् + स + ते = लिप्सते** = લાભ મેળવવા ઇચ્છે છે, ૧૨૮૦. **शकींच्**, ૧૩૦૦. **शक्लृंट् - शक् +सन् + ति = शिक् + स + ति = शिक्षति** = સહન કરવાને ઇચ્છે છે, સમર્થ થવાને ઇચ્છે છે, ૯૬૨ **पत्लृ - पत् + सन् + ति = पित् + स + ति + पित्सति** = પડવાને ઇચ્છે છે, ૧૨૫૭ **पदिंच् - पद् + सन् + ते = पित् + स + ते =पित्सते** = ચાલવાને ઇચ્છે છે.

राधेर्वधे ॥ ४-१-२२ ॥

સકરાદિ સન્ પ્રત્યય પર છતાં, વધ અર્થવાળા રાધ્ ધાતુના સ્વરનો 'ઇ' થાય છે. અને તેના યોગમાં દ્વિર્ભાવ થતો નથી. ૧૩૦૪. **राधंट् - प्रति + राध् + सन् + ति = प्रति + रित् + स + ति = प्रतिरित्सति** = હણવાને ઇચ્છે છે.

अवित्परोक्षा – सेट्थवोरेः ॥ ४–१–२३ ॥

अवित् – વ્ અનુબંધવગરના પરોક્ષા વિભક્તિના પ્રત્યયો પર છતાં, તથા વ્ અનુબંધવાળા એવા સેટ્ – ઇટ્ અનુબંધવાળો થવ્ (ઇથિવ્) પ્રત્યય પર છતાં, વધ અર્થવાળા રાધ્ ધાતુના સ્વરનો 'એ' થાય છે. અને તેના યોગમાં દ્વિર્ભાવ થતો નથી. **राध् + उस् = रेध् + उस् = रेधुः** = તેઓએ વધ કર્યો – હિંસા કરી.

अनादेशादेरेकव्यञ्जनमध्येऽतः ॥ ४–१–२४ ॥

વ્ અનુબંધ વગરના પરોક્ષા વિભક્તિના પ્રત્યયો તથા ઇટ્ અનુબંધવાળા થવ્ પ્રત્યય પર છતાં, જે ધાતુના આદિમાં કોઇ આદેશ ન થતો હોય એવા અસંયુકત વ્યંજનની મધ્યમાં રહેલ અકારનો 'એ' આદેશ થાય છે, ૮૯૨. **डुपचींष् – पच् +उस् + पेचुः** = તેઓએ રાંધ્યું. ૩૮૮. **णमं – नम् + थव् = नम + इ + थ =नेमिथ** = તું નમ્યો,

तृ – तप – फल – भजाम् ॥ ४–१–२५ ॥

જેને અન્તે દીર્ઘ ૠ અથવા હ્રસ્વ ઋ છે એવા ધાતુથી પર વિધાન કરાયેલ આત્મનેપદ સંબંધિ અનિટ્ એવો સિચ્ પ્રત્યય અને અનિટ્ એવા આશિષ્ વિભક્તિના પ્રત્યયો ' **कित् જેવા** ' થાય છે. **૮૮૮. डुकृंग्** – **अ + कृ + सिच् + त = अकृत** = તેણે કર્યું. **कृ**

+ **सीष्ट** = **कृषीष्ट** = તે કરો. ૨૭. **तॄ** - **अ** + **तॄ** + **सिच्** + **त** = **अतीर्ष्ट** = તે તર્યા. **तॄ** + **सीष्ट** = **तीर्षीष्ट** = તે તરો.

गमो वा ॥ ४-३-३७ ॥

ગમ્ ધાતુથી પર વિધાન કરાયેલ આત્મનેપદ સંબંધિ સિચ્ પ્રત્યય અને આશિષ્ વિભાક્તના પ્રત્યયો વિકલ્પે '**कित् જેવા**' થાય છે. ૩૯૬. **गम्लृं** – **सम्** + **अ** + **गम्** + **सिच्** + **त** = **समगत**, **समगंस्त** = તેણે સંગત કરી. **सम्** + **गम्** + **सीष्ट** = **संगसीष्ट**, **संगंसीष्ट** = તે સંગત – સંગમ કરો. કિત્ જેવા થવાથી ગમ્ ના મકારનો "**यमि०** [૪-૨-૫૫]" એ સૂત્રથી લોપ થયો છે.

हनः सिच् ॥ ४-३-३८ ॥

હન્ ધાતુને વિધાન કરાયેલ આત્મનેપદ સંબંધિ સિચ્ પ્રત્યય '**कित् જેવા**' થાય છે. ૧૧૦૦. **हनंक्** – **आ** + **अ** + **हन्** + **सिच्** + **त** = **आहत** = તેણે ઘાત કર્યો. **आ** · **अ** + **हन्** + **सिच्** + **अन्त** = **आहसत** = તેઓએ ઘાત કર્યો. કિત્ જેવો થવાથી હન્ ધાતુના નકારનો "**यमि०** [૪-૨-૫૫]" એ સૂત્રથી લોપ થયો છે.

यमः सूचने ॥ ४-३-३९ ॥

સૂચન – ચાડી ખાવી એવા અર્થવાળા યમ્ ધાતુને લાગેલ આત્મનેપદ સંબંધિ સિચ્ પ્રત્યય '**कित् જેવા**' થાય છે. ૩૮૬. **यमूं** – **उत्** + **आ** + **अ** + **यम्** + **सिच्** + **त** = **उदायत** = તેણે ચાડી ખાધી કિત્ જેવો થવાથી યમ્ ધાતુના મકારનો "**यमि०** [૪-૨-૫૫]" એ સૂત્રથી લોપ થયો છે.

वा स्वीकृतौ ॥ ४-३-४० ॥

સ્વીકાર અર્થવાળા यम् ધાતુને લાગેલ આત્મનેપદ સંબંધિ सिच् પ્રત્યય ' **કિત્ જેવો** ' વિકલ્પે થાય છે. **उप + आ + अ + यम् + सिच् + त = उपायत, उपायंस्त महास्त्राणि** = તેણે મોટા શસ્ત્રોનો સ્વીકાર કર્યો.

इश्च स्था-दः ॥ ४-३-४१ ॥

સ્થા ધાતુને તથા દા સંજ્ઞક ધાતુને લાગેલ આત્મનેપદ સંબંધિ सिच् પ્રત્યય ' **કિત્ જેવો** ' થાય છે. અને તેના યોગમાં આ નો ઈ થાય છે. ૫. **ष्ठां-उप + अ + स्था + सिच् + त = उपस्थित** તે ઉપસ્થિત થયો. ૧૧૩૮. **डुदांग्क् - आ + अ + दा + सिच् + त = आदित** = તેણે ગ્રહણ કર્યું. ૧૧૩૮ **डुधांग्क् - वि +अ + धा + सिच् + त = व्यधित** = તેણે ગ્રહણ કર્યું.

मृजोऽस्य वृद्धिः ॥ ४-३-४२ ॥

મૃજ્ ધાતુના સ્વરનો ગુણ થયે છતે, અકારની ' **વૃદ્ધિ** ' થાય છે. ૧૦૯૭. **मृजौक् - मृज् + ति = मर्ज् + ति = मार्ज् + ति= मार्ष्टि** = સાફ કરે છે. " **यज - सृज०** [૨-૧-૮૭] એ સૂત્રથી જકારનો ષ આદેશ થાય છે.

ऋतः स्वरे वा ॥ ४-३-४३ ॥

મૃજ્ ધાતુના ઋકારનો સ્વરાદિ પ્રત્યય પર છતાં, વિકલ્પે ' **વૃદ્ધિ** ' થાય છે. **परि + मृज् + अन्ति = परिमार्जन्ति, परिमृजन्ति** = ચારે બાજુ સાફ કરે છે.

सिचि परस्मै समानस्याऽडिति ॥ ४-३-४४ ॥

સમાન સંજ્ઞક – અકારથી લૃકાર સુધીના સ્વરો છે અન્તે જેને

એવા ધાતુને, પરસ્મૈપદ સંબંધિ ડિત્ ભિન્ન સિચ્ પ્રત્યય પર છતાં, તે સ્વરને મળતી ' **વૃદ્ધિ** ' થાય છે. અર્થાત્ અ ની આ, ઇ નો ઐ, ઉ નો ઔ, ઋ નો આર્ અને ઌ નો આલ્ થાય છે. **૧૨૯૦ चिगट् – अ + चि + सिच् + त् (दि) = अचैषीत्** = તેણે સંગ્રહ કર્યો.

व्यञ्जनानामनिटि ॥ ૪–૩–૪૫ ॥

વ્યંજનાન્ત ધાતુને પરસ્મૈપદ સંબંધિ અનિટ્ એવો સિચ્ પ્રત્યય પર છતાં, સમાન સ્વરને મળતી એવી ' **વૃદ્ધિ** ' થાય છે. **૧૨૮૨. रञ्जींच्, ૮૯૬. रञ्जीं – अ + रञ्ज् + सिच् + ई + त् = अ + रङ्क् + ष् + ई + त् = अराङ्क्षीत्** = તેણે રંગ્યું. " **सः सिच्०** [૪–૩–૬૫] એ સૂત્રથી દીર્ઘ ષ ઉમેરાય છે.

वोर्णुगः सेटि ॥ ૪–૩–૪૬ ॥

ઊર્ણુ ધાતુને પરસ્મૈપદ સંબંધિ સેટ્ એવો સિચ્ પ્રત્યય પર છતાં વિકલ્પે ' **વૃદ્ધિ** ' થાય છે. **૧૧૨૩. ऊर्णुग्क् – प्र + अ + उर्ण्णु + इ + सिच् + ई + त् = प्र + ओर्ण्णु + इ + ई + त् = प्रौर्ण्णावीत्, प्रौर्ण्णवीत्** =ઢાંક્યું. આ પ્રયોગમાં "**सिज० [३–४–५३]**" એ સૂત્રથી સિચ્ પ્રત્યય થયો. " **स्ताद्य० [४ ४–३२]** " એ સૂત્રથી ર્ઉટ્ થયો. " **सः सिच्०** [૪–૩–૬૫] " એ સૂત્રથી દીર્ઘ ઈ ઉમેરાયો, તથા " **इट ईति** " [૪–૩–૭૧] " એ સૂત્રથી સિચ્ પ્રત્યયનો લોપ થયો.

व्यञ्जनादेर्बोपान्त्यस्याऽतः ॥ ૪–૩–૪૭ ॥

વ્યંજનાદિ ધાતુના ઉપાન્ત્ય અકારની, પરસ્મૈપદ સંબંધિ સેટ્

એવો સિચ્ પ્રત્યય પર છતાં, વિકલ્પે ' વૃદ્ધિ ' થાય છે. ૨૭૦. **कण** –अ + इ + **सिच्** + **त्** =**अकणीत्, अकाणीत्**=તેણે અવાજ કર્યો.

वद–व्रज–लूः ॥ ४–३–४८ ॥

વદ્, વ્રજ, લકારાન્ત અને રકારાન્ત ધાતુના ઉપાન્ત્ય અકારની પરસ્મૈપદ સંબંધિ સેટ્ સિચ્ પ્રત્યય પર છતાં ' વૃદ્ધિ ' થાય છે. ૯૬૮. **वद** – अ + **वद्** + इ + **सिच्** + ई + **त्** = **अवादीत्** = તે બોલ્યો ૧૩૭. **व्रज** - **अव्राजीत्** = તે ગયો. ૯૬૦. **ज्वल, १०१८. ज्वल** = **अज्वालीत्** = તે દીપ્યો. ૯૭૧. **क्षर–अक्षारीत्** = તે ખરી ગયો.

न श्वि–जागृ–शस–क्षण–हृ–मृ–येदितः ॥ ४–३–४९ ॥

શ્વિ વગેરે ધાતુ, હકારાન્ત, મકારાન્ત, યકારાન્ત અને એદિત્ – એ અનુબંધવાળા ધાતુના સ્વરનો, પરસ્મૈપદ સંબંધિ સેટ્ સિચ્ પ્રત્યય પદ છતાં, ' વૃદ્ધિ ' થતી નથી ૯૬૭. **ट्वोश्वि** – **कृ** + **श्वि** + इ + **सिच्** + ई + **त्** = **अश्वयीत्** =તે મુંઝાઈ ગયો. ૧૦૯૩. **जागृक्** – **अजागरीत्** = તે જાગ્યો. ૫૪૯. **शसू** – **अशसीत्** = તેણે હિંસા કરી. ૧૫૦૧. **क्षणुयी** – **अक्षणीत्** = તેણે હિંસા કરી. ૧૫૧૭. **ग्रहीश्** – **अग्रहीत्** - તેણે ગ્રહણ કર્યું. ૯૬૯. **टुवमू** – **अवमीत्** = તેણે વમન કર્યું. ૩૯૭. **हय** – **अहयीत्** = તે ગયો. **सोंत्र–कगे** – **अकगीत्** – તેણે ગમે ને પ્રવૃત્તિ કરી.

ञ्णिति ॥ ४–३–५० ॥

ञित् – ञ् અનુબંધવાળા, તથા णित् – ण् અનુબંધવાળા પ્રત્યયો પર છતાં, ધાતુના ઉપાન્ત્ય અકારની ' વૃદ્ધિ ' થતી નથી. ૮૯૨. **डुपचीष्** – **पच्** + **घञ्** + **सि** = **पाकः** = રાંધવું. **पच्** + **णव्** = **पपाच**=તેણે રાંધ્યુ. **पाक** ત્યાં " **क्रेऽनिट०** [४–१–१११] "

એ સૂત્રથી ચકારનો ક થયો છે.

नामिनोऽकलि-हलेः ॥ ४-३-५१ ॥

કલિ અને હલિ વર્જિત નામ્યન્ત ધાતુથી, તથા નામધાતુથી ઞિત્ અને ણિત્ પ્રત્યય પર છતાં, ધાતુના કે નામધાતુના નામી સ્વરની 'વૃદ્ધિ' થાય છે. ૧૨૯૦. **चिगट्** – अ + **चि** + **ञिच्** + **त्** = **अचायि** = તેણે સંગ્રહ કર્યો. ૮૮૮. **डुकृंग्** – **कृ** + **णक्** + **सि** = **कारकः** = કરનારો. **पटु** + **णित्** + अ + **पाट्** + इ + **अत्** = **अपा** + **पटत्** = **अपीपटत्** = તે પટુ શબ્દને બોલતો હતો.

जागुर्ञि-णवि ॥ ४-३-५२ ॥

જાગૃ ધાતુને ભૂતકાલિન ઞિચ્ પ્રત્યય અને પરોક્ષા વિભક્તિ સંબંધિ ણવ્ પ્રત્યય પર છતાં જ 'વૃદ્ધિ' થાય છે. ૧૦૯૩. **जागृक्** – अ + **जागृ** + **ञिच्** + **त** = **अजागारि** = તે જાગ્યો. **जागृ** + **णव्** = **जजागृ** + **णव्** = **जजागार** = તે જાગ્યો. ઉપરના સૂત્રથી જાગૃ ધાતુને વૃદ્ધિ સિદ્ધ હતી. છતાં જુદુ સૂત્ર કરવાથી એમ જણાવે છે કે, જાગૃ ધાતુને વૃદ્ધિ થાય તો ઞિચ્ અને પરોક્ષા વિભક્તિના ત્રીજા પુરૂષના એકવચનના ણવ્ પ્રત્યય પર છતાં જ થાય. "**भाव०** [३ ४-६८]" સૂત્રથી ઞિચ્ પ્રત્યય લાગતાં ત નો (અદ્યતની વિભક્તિનો) લોપ થયો છે.

आत ऐ. कृञ्-औ ॥ ४-३-५३ ॥

આકારાન્ત ધાતુથી પર વિધાન કરાયેલ ભૂતકાલિન ઞિચ્ પ્રત્યય તથા કૃદન્ત સંબંધિ ઞ્ અનુબંધવાળા તથા ણ્ અનુબંધવાળા પ્રત્યયો પર છતાં ધાતુના આકારનો 'ઐ' આદેશ થાય છે. ७. **दां** – अ + **दा** + **ञिच्** = **अदै** + इ = **अदायि** = તેણે દીધું. **दा**+**घञ्** = **दै**

+ अ + सि = दायः = ભાગ. दा + णक + सि = दायकः=દેનારો

न जन-वधः ॥ ४-३-५४ ॥

ભૂતકાલિન ઞિચ્ પ્રત્યય તથા કૃદન્ત સંબંધિ ઞિત્ અને ણિત્ પ્રત્યય પર છતાં, જન્ અને વધ્ ધાતુના સ્વરની 'वृद्धि' થતી નથી. ૧૨૬૫. **जनैच्चि - प्र + जन् + घञ् + सि = प्रजनः**=જન્મ **जन् + घ्यण् + सि = जन्यः** =જન્મ થવા યોગ્ય. **अ + जन् + ञिच् + अजनि** = તે જન્મ્યો. ૭૪૬ **बधि - बध् + घञ् + सि= बधः** = બંધન. **बध् + घ्यण् + सि = बध्यः** = બંધન યોગ્ય. **अ + बध् + ञिच् = अबधि** = તેણે બાંધ્યો.

मोऽकमि-यमि-रमि-नमि-गमि-वमा-ऽऽचमः ॥ ४-३-५५ ॥

કમ્, યમ્, રમ્, નમ્, ગમ્, વમ્ અને આ પૂર્વકના યમ્ ધાતુ વર્જિત મકારાન્ત ધાતુથી પર રહેલ ભૂત કાલિન ઞિચ્ પ્રત્યય તથા કૃદન્ત સંબંધિ ઞિત્ અને ણિત્ પ્રત્યય પર છતાં, ધાતુના સ્વરની 'वृद्धि' થતી નથી. ૧૨૩૦ **शमूच् शम् + घञ् = शमः** = શાન્તિ, **शम् + णक+सि=शमकः** =શાંતિવાળો. **अ + शम् + ञिच् = अशमि** = તે શાન્ત થયો.

विश्रमेर्वा ॥ ४-३-५६ ॥

ભૂતકાલિન ઞિચ્ પ્રત્યય અને કૃદન્ત સંબંધિ ઞિત્ અને ણિત્ પ્રત્યય પર છતાં, વિ ઉપસર્ગ સહિત શ્રમ્ ધાતુના સ્વરની 'वृद्धि' વિકલ્પે થાય છે. ૧૨૩૩ **श्रमूच् - वि + श्रम् + घञ् = विश्रमः, विश्रामः** = વિસામો. **वि + श्रम्+णक+सि=विश्रमकः, विश्रामकः**

= વિસામો કરનાર. **वि + अ + श्रम् + ञिच्** = **व्यश्रमि, व्यश्रामि** = વિસામો કર્યો.

उद्यमोपरमौ ॥ ४–३–५७ ॥

ઉદ્ ઉપસર્ગ સહિત यम् ધાતુનો અને ઉપ ઉપસર્ગ સહિત रम् ધાતુનો घञ् પ્રત્યયાન્ત ઉદ્યમ અને ઉપરમ રૂપે '**निपातन**' થાય છે. ૩૮૬. **यमूं - उद् + यम् + घञ्** = **उद्यमः** = ઉદ્યમ. **उप + रम् + घञ्** = **उपरमः** = ક્રીડા.

णिद्वाऽन्त्यो णव् ॥ ४–३–५८ ॥

પરોક્ષા વિભક્તિનો અન્ત્ય णव् – પ્રથમ પુરૂષના એકવચનનો णव् વિકલ્પે '**णित्**' થાય છે. અર્થાત્ णव् પ્રત્યય લાગતા ધાતુના સ્વરની વિકલ્પે '**वृद्धि**' થાય છે. ૧૨૯૦. **चिंगट्** = **चि + णव्** = **चि + णित्** = **चियाय, चिचय** = સંગ્રહ કર્યો.

उत और्विति व्यञ्जनेऽद्वेः ॥ ४–३–५९ ॥

વ્યંજનાદિ वित् પ્રત્યય પર છતાં, દ્વિર્ભાવને નહિ પામેલ એવા ઉકારાન્ત ધાતુને, '**औ**' અન્તાદેશ થાય છે. ૧૦૮૦. **युक्** - **यु + तिव्** = **यौ + ति** = **यौति** = તે મિશ્ર થાય છે.

वोर्णोः ॥ ४–३–६० ॥

વ્યંજનાદિ वित् પ્રત્યય પર છતાં, દ્વિર્ભાવને નહિ પામેલ એવો ઊર્ણુ ધાતુના સ્વરનો વિકલ્પે '**औ**' અન્તાદેશ થાય છે. ૧૧૨૩. **ऊर्णुग्क्** = **प्र + ऊर्णु + तिव्** = **प्रोण्णौति, प्रोण्णोति** = તે ઢાંકે છે.

न दि–स्योः ॥ ४–३–६१ ॥

ઘ્રસ્તની વિભક્તિના દિવ્ અને સિવ્ પ્રત્યય પર છતાં, ઊર્ણુ ધાતુને ' **ઔ** ' અન્તાદેશ થતો નથી. **પ્ર + અ + ઊર્ણુ + ત્ (દિવ્)** = **પ્ર + ઔર્ણ્વો + ત્ = પ્રૌર્ણ્વોત્** = તેણે ઢાંકયું. **પ્ર + અ + ઊર્ણ્વુ + સિવ્** = **પ્રૌર્ણ્વો + સ્** = **પ્રૌર્ણ્વોઃ** = તે ઢાંકયું.

तृहः श्नादीत् ॥ ४-३-६२ ॥

તૃહ્ ધાતુને શ્ના વિકરણ પ્રત્યય લાગ્યા બાદ, વ્યંજનાદિ વિત્ પ્રત્યય પર છતાં શ્ના પ્રત્યય પછી તુરત ' **ઈત્** ' દીર્ઘ ઈ ઉમેરાય છે. ૧૪૯૫. **તૃહપ્** - **તૃહ્ + શ્ના + તિવ્ = તૃ + ન્ + ઈ + હ્ + તિ = તૃણેઢિ** = તે હિંસા કરે છે.

ब्रूतः परादिः ॥ ४-३-६३ ॥

વ્યંજનાદિ વિત્ પ્રત્યય પર છતાં, બ્રૂ ધાતુના ઉકાર પછી ' **ઈત્** ' દીર્ઘ ઈ ઉમેરાય છે અને તે તિવ્ વગેરે પ્રત્યયોના આદિ ૩૫ અવયવ મનાય છે. ૧૧૨૫ **બ્રૂંગક્** - **બ્રૂ + તિવ્ = બ્રૂ + ઈ + તિ = બ્રવ્ + ઈ + તિ = બ્રવીતિ** = તે બોલે છે.

यङ्-तु-रु-स्तोर्बहुलम् ॥ ४-३-६४ ॥

યઙ્ પ્રત્યય લાગ્યા બાદ તે યઙ્ નો લોપ થયો હોય એવા ધાતુને, તથા તુ, રુ અને સ્તુ ધાતુને, વ્યંજનાદિ વિત્ પ્રત્યય પર છતાં, તે પ્રત્યની પહેલા બહુલપ્રકારે ' **ઈત્** ' દીર્ઘ ઈ ઉમેરાય છે. ૧. **ભૂ** - **ભૂ + યઙ્ + તિ = બોભૂ + ઈ + તિ = બોભવ્ + ઈ + તિ = બોભવીતિ, બોભોતિ** = તે ઘણું હોય છે. ૧૦૭૯. **તુક** - **તુ + તિ = તુ + ઈ + તિ = તો + ઈ + તિ = તવીતિ, તૌતિ** = તે પૂરે છે. ૧૦૮૫. **રુક** - **રુ + તિ = રુ + ઈ + તિ = રવીતિ, રૌતિ** = તે રડે છે. ૧૧૨૪. **ષ્ટુઙ્ક** - **સ્તુ + તિ=સ્તુ + ઈ + તિ =સ્તવીતિ,**

स्तौति = તે સ્તુતિ કરે છે. " **बहुलं० [३-४-१४]** " એ સૂત્રથી यङ् નો લોપ થયો.

सः सिजस्तेर्दिस्योः ॥ ४-३-६५ ॥

સિચ્ પ્રત્યયાન્ત ધાતુના, તથા અસ્ ધાતુના સકારથી પર વિધાન કરાયેલ સ્તની વિભક્તિના દિવ્ અને સિવ્ પ્રત્યય પહેલા ' ઈત્ ' દીર્ઘ ઈ ઉમેરાય છે. અને તે પ્રત્યયના અવયવ ૩૫ ગણાય છે. **अ + कृ + सिच् + दिव् = अकार्ष् + ई + त् = अकार्षीत्** = તેણે કર્યું. **अ + कृ + सिच् + सिव् = अकार्ष् + ई + स् = अकार्षीः** = તે કર્યું. ૧૧૦૨. **असक्** = **अ + अस् + सिच् + दिव् = असि + ई + त = आसीत्** = તે હતો. **अ + अस् + सिच् + ई + स्** = **आसीः** = તું હતો.

पिबैति-दा-धू स्थः सिचो लुप् परस्मै न चेट् ॥ ४-३-६६ ॥

पिब् આદેશ થાય છે એવો પા ધાતુ, ઈ ધાતુ, દા સંજ્ઞક ધાતુ તથા ધૂ અને સ્થા ધાતુને, પરસ્મૈપદ સંબંધિ લાગેલ સિચ્ પ્રત્યયનો લોપ થાય છે અને લોપ થયે છતે, સકારાન્ત ધાતુ માનીને ' ઈટ્ ' થતો નથી. ૨ **पां - अ + पा + सिच् + त् =अपात्** =તેણે પીધું. ૧૦૭૫. **इंण्क् - अ + इ + सिच् + त् = अ + गा + त् = अगात्** = તે ગયો. ૧૦૭૪ **इंक् - अधि + अ + इ + सिच् + त् =अधि + अ +गा + त् =अध्यगात्** =તેણે સ્મરણ કર્યું. ૧૧૩૮ **डुदांग्क् - अ + दा + सिच् + त् =अदात्** =તેણે દીધું. ૧૧૩૯. **डुधांग्क् - अ + धा + सिच् + त् = अधात्** = તેણે ધારણ કર્યું. ૧. **धू**

– अ + भू + सिच् + त् = अभूत = તે થયો. ૫. ष्ठां – अ+स्था + सिच्+त्=अस्थात्=તે ઉભો રહ્યો. અહિં "इणि० [૪–૪–૨૩]" એ સૂત્રથી ઇઙ્ ઇ ધાતુના સ્થાને ગા આદેશ થયો અને "श्नाति० [૪–૨–૭૮]" એ સૂત્રથી પા ધાતુને સ્થાને પિબ્ આદેશ થયો છે.

ट्वे–घा–शा–छा–सो–वा ॥ ૪–૩–૬૭ ॥

ટ્વે વગેરે ધાતુથી પર વિધાન કરાયેલ સિચ્ પ્રત્યયનો, પરસ્મૈપદના વિષયમાં વિકલ્પે લોપ થાય છે અને લોપ થયે છતે 'ધટ્' થતો નથી. ૨૮. ट्वें - आ + धा + सिच् + त् = अधात् = તે ધાવ્યો. अ + धा + सिच् + ई + त् = अधासीत् = તે ધાવ્યો. ૩. घां –अघात्, अघासीत् =તેણે સુંઘ્યું. ૧૧૪૭. शोंच् – अशात्, अशासीत् =તેણે પાતળું કર્યું. ૧૧૪૯. छोंच् – अच्छात्, अच्छासीत् = તેણે છેદ્યુ. ૧૧૫૦. षोंच् – असात्, असासीत् = તેણે અંત કર્યો.

तन्भ्यो वा त–थासि न्–णोश्च ॥ ૪–૩–૬૮ ॥

તનાદિગણના ધાતુથી પર વિધાન કરાયેલ સિચ્ પ્રત્યયનો, આત્મનેપદ સંબંધિ અદ્યતની વિભક્તિના ત અને થાસ્ પ્રત્યય પર છતાં, 'લોપ' થાય છે. અને તેના યોગમાં ધાતુના નકાર અને ણકારનો 'લોપ' થાય છે. અને લોપ થયે છતે 'ધટ્' થતો નથી. ૧૪૯૯. तनूयी - अ + तन् + सिच्+त = अतत = તેણે તાણ્યું. अ + तन् +इ + सिच् + त=अतनिष्ट=તેણે તાણ્યું. अ+तन्+सिच्+थास्= अतथाः = તેં તાણ્યું. अ + तन् + इ + सिच् + थास् = अतनिष्ठाः = તેં તાણ્યું.

सनस्तत्राऽऽत्वा ॥ ४-३-६९ ॥

તનાદિગણ સંબંધિ सन् ધાતુને, ઉપર જણાવેલ सिच् પ્રત્યયનો અને નકારનો લોપ થયે છતે, વિકલ્પે 'आ' થાય છે. ૧૫૦૦ ષણૂયી - अ + सन् + सिच् + त = असात, असत = તેણે દીધું. अ + सन् + सिच् +थास् = असाथा , असथाः = તેં દીધું.

धुड-ह्रस्वाल्लुगनिटस्त-थोः ॥ ४-३-७० ॥

ધુટ્ વ્યંજનવાળા અને હ્રસ્વ સ્વરવાળા ધાતુને લાગેલ ઇટ્ વિનાનો सिच् પ્રત્યયનો, તકારાદિ અને થકારાદિ પ્રત્યય પર છતાં 'लुक्' થાય છે. ૧૪૭૭. भिदंपी - अ + भिद् + सिच् + त = अभित्त = તેણે ભેદ્યું. अ + भिद् + सिच् + थास् = अभित्थाः = તેં ભેદ્યું. अ + कृ + सिच् + त = अकृत = તેણે કર્યું. अ +कृ + सिच्+थास् = अकृथाः = તેં કર્યું.

इट ईति ॥ ४-३-७१ ॥

ઇટ્ થી પર રહેલ सिच् પ્રત્યયનો, ઈત્ પર છતાં 'लुक्' થાય છે. ૧૫૧૯. लूगश् - अ + लू + इ + सिच् + ई + त् = अलावि + सिच् + ई + त् = अलावीत् = તેણે લણ્યું.

सो धि वा ॥ ४-३-७२ ॥

ધકારાદિ પ્રત્યય પર છતાં, ધાતુ સંબંધિ કે પ્રત્યય સંબંધિ સકારનો વિકલ્પે 'लुक्' થાય છે. ૧૦૯૪. चकासृक् - चकास् + हि = चकास् + धि = चका + धि = चकाधि, चकाद्धि = તું શોભે, ૧૫૧૯. लूगश् - अ + लू + ध्वम् = अलू + इ + सिच् + ध्वम् = अलविध्वम्, अलविड्ढवम् = તમે લણ્યું.

अस्तेः सि हस्त्वेति ॥ ४-३-७३ ॥

અસ્ ધાતુના સકારનો, સકારાદિ પ્રત્યય લાગેલ હોય તો '**લુક્**' થાય છે, અને એ પ્રત્યય લાગેલ હોય તો સકારનો '**ત્**' આદેશ થાય છે. ૧૧૦૨. **असक् - अस् + सि = असि** = તું છે. **व्यति + अस् + से = व्यतिसे** = તેને બદલે તું છે. **वि + अति + अस् + ए = व्यति + ह् + ए = व्यतिहे** = તેને સ્થાને હું છું. **भावयाम् + अस् + ए=भावयाम् + आह् + ए=भावयामहे**=મેં ભાવના કરી.

दुह-दिह-लिह-गुहो दन्त्यात्मने वा सकः ॥ ४-३-७४ ॥

આદિમાં દન્ત્ય અક્ષરવાળા આત્મનેપદના પ્રત્યયો લાગેલ હોય તો દુહ્ વગેરે ધાતુને લાગેલ સક્ પ્રત્યયનો વિકલ્પે '**લુક્**' થાય છે. ૧૧૨૭. **दुहींक् - अ + दुह् + सक् + त = अदुग् + त=अदुग्ध, अदुह् + सक् + त + अदुक् + ष + त = अधुक्षत** = તેણે દોહ્યું; ૧૧૨૮. **दिहींक् - अदिग्ध, अधिक्षत** = તેણે લીંપ્યું. ૧૧૨૯. **लिहींक् - अ + लिह् + सक् + थास् = अलीढाः, अलिक्षथाः** = તે ઓટ્યું. ૯૩૫. **गुहौग् - नि + अ + गुह् + सक् + वहि = न्यगुह्वहि, न्यधुक्षावहि** = અમે બેએ ગુપ્ત રાખ્યું.

स्वरेऽतः ॥ ४-३-७५ ॥

સ્વરાદિ પ્રત્યય પર છતાં, સક્ના અકારનો '**લુક્**' થાય છે. **अ + दुह् + सक् + आताम् = अधुक् + स्+आताम्=अधुक्षाताम्** = તે બંનેએ દોહ્યું.

दरिद्रोऽद्यतन्यां वा ॥ ४-३-७६ ॥

અદ્યતની વિભક્તિના પ્રત્યયો લાગતાં, દરિદ્રા ધાતુના અન્ત્ય

સ્વરનો વિકલ્પે '**लुक्**' થાય છે. ૧૦૯૨. **दरिद्रात्क् - दरिद्रा + इ + त् = अदरिद्र + ई + त् = अदरिद्रीत्, अदरिद्रामीत्** = તે દરિદ્ર થયો.

अशित्यम्मन्–णकञ्–णका–ऽनिटि ॥ ४–३–७७ ॥

સકારવાળો સન્, ણુક્ય્, ણુક અને અનટ્ પ્રત્યય વર્જિત્ અશિત્ પ્રત્યય લાગતાં દરિદ્રા ધાતુના અન્ત્ય સ્વરનો '**लुक्**' થાય છે **दुर् + दरिद्रा + अम् (खल्)=दरिद्रा + अम् = दुर्दरिद्रम्** = દુઃખ.

व्यञ्जनाद् देः सश्च दः ॥ ४–३–७८ ॥

વ્યંજનાન્ત ધાતુને લાગેલ દિ પ્રત્યયનો '**लुक्**' થાય છે. અને ધાતુ સંબંધિ સકારનો '**त्**' આદેશ થાય છે. ૧૦૯૪. **चकासृक् - अचकास् + दि (त्) = अचकात्** = તે દીપ્યો. ૧૦૯૩ **जागृक् - अजागर् + त् = अजागः** = તે જાગ્યો. ૧૧૪૦. **टुडुभृंग्क् – अबिभर् + त् = अबिभः** = તેણે ધારણ કર્યું. ૧૦૯૫. **शासूक् – अनु + अशास् + त् = अन्वशात्** = તેણે અનુશાસન કર્યું.

सेः स्–द्–धाञ्च रुर्वा ॥ ४–३–७९ ॥

વ્યંજનાન્ત ધાતુથી લાગેલ સિ પ્રત્યયનો '**लुक्**' વિકલ્પે થાય છે અને ધાતુના અન્તે રહેલ સ્, દ્, અને ધ્ નો '**रु**' વિકલ્પે આદેશ થાય છે. ૧૦૯૪. **चकासृक् - अ + चकास् + सि=अचकाः, अचकात् त्वम्** = તું દીપ્યો, ૧૪૭૭. **भिदृपी - अ + भिद् + सि = अ + भि + न् + द् + स् = अभिनः, अभिनत् त्वम्** = તેં ભેદ્યું. ૧૪૭૩. **रुधृपी - अ + रुध् + सि = अ + रु + न् + ध् + सि = अरुणः, अरुणत् त्वम्** = તેં રોક્યું.

योऽशिति ॥ ४-३-८० ॥

વ્યંજનાન્ત ધાતુથી પર રહેલ યકારનો, શિત્ ભિન્ન પ્રત્યય પર છતાં ' लुक् ' થાય છે. ૩૯૬. **गम्ल्रं** – **गम्** + **यङ्** + **ता** = **जङ्गम्** + **य** + **इ** + **ता** = **जङ्गमिता** = વાંકો ચાલનારો.

क्यो वा ॥ ४-३-८१ ॥

વ્યંજનાન્ત ધાતુથી લાગેલ ક્યન્ તથા ક્યષ્ પ્રત્યય સંબંધિ ક્ય નો શિત્ ભિન્ન પ્રત્યય પર છતાં વિકલ્પે ' लुक् ' થાય છે. **समिध्** + **क्यन्** + **इ** + **स्यति** = **समिध्** +**इष्यति**=**समिधिष्यति**, **समिध्यिष्यति** = તે સમિધને ઇચ્છશે, **दृषद्** + **क्यङ्ष्** + **इ** + **स्यते** **दृषद्** + **इष्यते** = **दृषदिष्यते**, **दृषद्यिष्यते** = તે પત્થર જેવું આચરણ કરશે.

अतः ॥ ४-३-८२ ॥

અકારાન્ત ધાતુથી પર વિધાન કરાયેલ શિત્ ભિન્ન પ્રત્યય પર છતાં, તે જ ધાતુના અન્તના અકારનો ' लुक् ' થાય છે. ૧૮૮૦. **कथण्** – **कथ्** + **णिच्** + **शव्** + **ति** = **कथ्** + **प** + **अर्ति**=**कथयति** = કહે છે.

णेरनिटि ॥ ४-३-८३ ॥

અનિટ્ એવા શિત્ ભિન્ન પ્રત્યય પર છતાં, ણિ નો ' लुक् ' થાય છે. ૫૭૧. **तक्षौ** – **अ** + **तक्ष्** + **णिच्** + **अङ्**+**त्**= **अततक्ष्** + **अ** + **त्** = **अततक्षत्** = તેણે છોલાવ્યું. ૨૭૮. **चितै** – **चेत्** + + **अनः** = **चेतनः** = ચેતન.

सेट्कयोः ॥ ४-३-८४ ॥

સેટ્ એવા ક્ત અને ક્તવતુ પ્રત્યય પર છતાં ણિ નો ' **लुक्** ' થાય છે. **कारि + इ + क्त = कारितः** = કરાવેલો, ૧૮૭૪. **गणण् – गणि + इ + क्तवतु = गणितवान्** = ગણનારો.

आमन्ताऽऽल्वाऽऽय्येत्नावयू ॥ ४-३-८५ ॥

આમ્, અન્ત, આલુ, આય્ય અને ઈત્નુ પ્રત્યય પર છતાં, ણિ નો ' **अय्** ' આદેશ થાય છે. **कृ + णिच् + आम् + चकार=कारि + आम् + चकार = कारय् + आम् + चकार = कारयाञ्चकार** = તેણે કરાવ્યું, **गण्ड + णि + अन्तः = गण्डय् + अन्तः=गण्डयन्तः** = ઘેટો, ૧૯૨૮ **स्पृहण् – स्पृह् + णि + आलुः = स्पृह् + अय् + आलुः = स्पृहयालुः**=સ્પૃહાવાળો. **मह्+णि=मह्+आय्य = मह् + अय्+आय्यः=महयाय्यः**=અશ્વમેધ યજ્ઞ, **स्तन्+णि=स्तनि + इत्नुः = स्तन् + अय्+इत्नुः = स्तनयित्नुः** = મેઘ. સૂત્ર ૨૨૧ – અન્ત, સૂત્ર ૪૭૩ – અય્ય અને સૂત્ર ૭૬૭ – ઈત્નુ એ ઉણાદિ સૂત્રના છે. **स्पृहालुः** " **शीङ्० [५-२-३७]** " એ સૂત્રથી આલુ પ્રત્યય લાગેલ છે.

लघोर्यषि ॥ ४-३-८६ ॥

લઘુ અક્ષરથી પર રહેલ ક્ત્વા પ્રત્યયના સ્થાને થયેલ યપ્ પ્રત્યય પર છતાં, ણિ ના સ્થાને ' **अय्** ' આદેશ થાય છે. ૧૨૩૦. **शमूच् –प्रशम् + णि + यप् = प्रशम् + अय् + य = प्रशमय्य** = શાંત કરીને.

वाऽऽप्नोः ॥ ४-३-८७ ॥

કત્વા પ્રત્યયના સ્થાને થયેલ યપ્ પ્રત્યય પર છતાં, આપ્ ધાતુને લાગેલ ણિ ના સ્થાને '**અય્**' આદેશ વિકલ્પે થાય છે. ૧૩૦૭. **આપ્લંટ્** - **પ્ર** + **આપ્** + **ણિ** + **યપ્** = **પ્ર** + **આપ્** + **ય** = **પ્રાપય્ય**, **પ્રાપ્ય** = પ્રાપ્ત કરાવીને.

मेङो वा मित् ॥ ४-३-८८ ॥

કત્વા પ્રત્યયના સ્થાને થયેલ યપ્ પ્રત્યય પર છતાં, મેઙ્ ધાતુનો વિકલ્પે '**મિત્**' આદેશ થાય છે. ૬૦૩. **મેંઙ્** - **અપ** + **મે** + **યપ્** = **અપ** + **મિત્** + **ય** = **અપમિત્ય**, **અપમાય** = બદલે આપીને.

क्षेः क्षीः ॥ ४-३-८९ ॥

કત્વા પ્રત્યયના સ્થાને થયેલ યપ્ પ્રત્યય પર છતાં, ક્ષિ ધાતુના સ્થાને '**ક્ષી**' આદેશ થાય છે. ૧૦. **ક્ષિ** - **પ્ર** + **ક્ષિ** + **યપ્** = **પ્રક્ષીય** = ક્ષીણ થઈને.

क्षय्य-जय्यौ शक्तौ ॥ ४-३-९० ॥

કત્વા પ્રત્યયના સ્થાને થયેલ યપ્ પ્રત્યય પર છતાં, ક્ષિ ધાતુને તથા જિ ધાતુને સ્થાને ક્ષીણ થઇ શકે અને જિતી શકે એવા અર્થમાં અનુક્રમે '**ક્ષય્ય**' અને '**જય્ય**' આદેશ થાય છે. **ક્ષિ** + **યપ્** = **ક્ષય્યઃ વ્યાધિઃ** = ક્ષીણ થવા યોગ્ય વ્યાધિ, **જિ** + **યપ્** = **જય્યઃ શત્રુઃ** = જિતવા યોગ્ય શત્રુ.

क्रय्यः क्रयार्थे ॥ ४-३-९१ ॥

કત્વા પ્રત્યયના સ્થાને થયેલ યપ્ પ્રત્યય પર છતાં, ક્રી ધાતુને સ્થાને જે ક્રયાર્થ-વેચવા માટે મૂકેલ વસ્તુ અર્થમાં '**ક્રય્ય**' આદેશ થાય

છે. ૧૫૦૮. ડુક્રીંગ્શ્ – क्री + यप् = क्रय्यः गौः = વેચવા માટે મૂકેલ ગાય અથવા બળદ.

सस्तः सि ॥ ૪–૩–૯૨ ॥

શિત્ ભિન્ન સકારાદિ પ્રત્યય પર છતાં, ધાતુના અન્તના સકારનો 'त्' આદેશ થાય છે. ૯૯૯. **वसं – वस् + स्यति=वत्स्यति**=રહેશે.

दीय् दीङः क्ङिति स्वरे ॥ ૪–૩–૯૩ ॥

શિત્ ભિન્ન સ્વરાદિ એવા ક્ઙિત્ અને ઙિત્ પ્રત્યય પર છતાં, દીઙ્ ધાતુનો 'दीय्' આદેશ થાય છે. ૧૨૪૪. **दींङ्च् – उप+दी + इ + आते = उपदिदी + आते = उपदिदीय् + आते = उपदिदीयाते** = તે બે ક્ષીણ થયા.

इडेत्–पुसि चाऽऽतो लुक् ॥ ૪–૩–૯૪ ॥

અશિત્ એવા સ્વરાદિ ક્ઙિત્ અને ઙિત્ પ્રત્યય, ઇટ્ પ્રત્યય, એ પ્રત્યય અને પુસ્ પ્રત્યય લાગેલ હોય ત્યારે આકારાન્ત ધાતુના આકારનો 'लुक्' થાય છે. સ્વરાદિ અશિત્ ક્ઙિત્ – ૨. **पां – पा + उस् = पपा + उस् = पप् + उस् = पपुः** = તેઓએ પીધું, સ્વરાદિ અશિત્ ઙિત્ – ૨૮. **ट्धें – अ + धे + ङ + त् = अदधा + अ + त् = अदध् + अ + त् = अदधत्** = તે ધાવ્યો. **पा + इट् + थव् = पपा + इ + थ = पप् + इ + थ = पपिथ**=તેં પીધું, ૧૦૬૯. **रांक् – वि + अति + रा + प = व्यति + र् + प = व्यतिरे** = અન્યને બદલે મારા વડે અપાય છે, ૭. **दां – अ + दा + अन् = अ + दा + पुस् = अ + द् + उस् = अदुः**=તેઓએ આપ્યું. ' **ट्धे० [૩–૪–૫૯]**'' એ સૂત્રથી અદ્યતનીમાં ઙ પ્રત્યય તથા ''**वा द्विषातो० [૪–૨–૯૧]**'' એ સૂત્રથી હ્યસ્તનીના **अन्** પ્રત્યયનો પુસ્

આદેશ થયો છે.

संयोगादेर्वाऽऽशिष्येः ॥ ४-३-९५ ॥

આશિષ્ વિભક્તિના કિત્ અને ડિત્ પ્રત્યયો પર છતાં, આદિમાં સંયોગવાળા એવા આકારાન્ત ધાતુનો વિકલ્પે , **એ** ' અન્તાદેશ થાય છે. ૩૧. **ग्लैं - ग्ला + यात् = ग्लेयात्** , **ग्लायात्** = ગ્લાન પામો.

गा-पा-स्था-सा-दा-मा-हाकः ॥ ४-३-९६ ॥

આશિષ્ વિભક્તિના કિત્ ડિત્ અને પ્રત્યય પર છતાં, ગા વગેરે ધાતુના આકારનો ' **એ** ' અન્તાદેશ થાય છે. ૩૭. **गैं - गा + यात् = गेयात्** = તે ગાઓ, ૨. **पां - पेयात्** = તે પીઓ, ૫. **ष्ठां - स्थेयात्** = તે ઉભો રહે, ૪૪. **सैं ११५०. षौच्-अव+सोयात्** = તે ક્ષય કરો, ૧૧૩૮. **डुदांगूक् - देयात्** = તે આપો ૧૧૩૯. **डुधांगूक् - धेयात्** = તે ધારણ કરો, **१०७३. मांक् - मेयात** = તે માપો, ૧૧૩૧. **ओहांक् - हेयात्** = તે ત્યાગ કરો.

ईर्ग्यञ्जनेऽयपि ॥ ४-३-९७ ॥

યપ્ પ્રત્યય વર્જિત્ શિત્ ભિન્ન વ્યંજનાદિ એવા કિત્ અને ડિત્ પ્રત્યય પર છતાં, ઉપરના સૂત્રમાં જણાવેલ ગા વગેરે ધાતુના અન્તનો દીર્ઘ ' **ઈ** ' અન્તાદેશ થાય છે. **गा + क्य +ते=गीयते** = ગવાય છે. **गा + यङ् = गी + य + त = जे + गी+य+ते=जेगीयते** = ઘણું ગાય છે. **पीयते** = પીવાય છે. **स्थीयते** = સ્થીર રહેવાય છે, **अवसीयते** = ક્ષય કરાય છે. **दीयते** = દેવાય છે. **धीयते** = ધારણ કરાય છે, **मीयते** = માપ કરાય છે. **हा + क्तः = हीनः** = હીણો,

घ्रा-धमोर्यङि ॥ ४-३-९८ ॥

યઙ્ પ્રત્યય પર છતાં, ઘ્રા અને ધ્મા ધાતુના અન્તનો દીર્ઘ 'ઇ' આદેશ થાય છે. ૩. **ઘ્રાં - ઘ્રા + યઙ્ + તે = જેઘ્રીયતે** = તે ઘણુ. સુંઘે છે, ૪. **ધ્માં - ધ્મા + યઙ્ + તે=દેધ્મીયતે** = તે ખુબ ધમે છે.

હનો ઘ્નીર્વધે ॥ ૪-૩-૯૯ ॥

યઙ્ પ્રત્યય પર છતાં, વધ અર્થવાળા હન્ ધાતુનો 'ઘ્ની' આદેશ થાય છે. યઙ્ નો લુક્ થાય તો પણ 'ઘ્ની' થાય છે. ૧૧૦૦. **હનંક્- હન્ + ય + તે = જિઘ્નીયતે, જેઘ્નીતે** = તે વારંવાર હણે છે.

ઙ્ણિતિ ઘાત્ ॥ ૪-૩-૧૦૦ ॥

ઞિત્ અને ણિત્ પ્રત્યય પર છતાં, હન્ ધાતુનો 'ઘાત્' આદેશ થાય છે. **હન્ + ઘઞ્ = ઘાત્ + અ + સ્ (સિ) = ઘાતઃ** = વધ. **હન્ + ણિ = ઘાત્ + ઇ + અ + તિ = ઘાતયતિ** = તે હણાવે છે.

ઙ્ણિવિ ઘન્ ॥ ૪-૩-૧૦૧ ॥

ભૂતકાલ સંબંધિ ઞિચ્ અને પરોક્ષા વિભક્તિ સંબંધિ ણવ્ પ્રત્યય પર છતાં હન્ ધાતુનો 'ઘન્' આદેશ થાય છે. **અ + હન્ + ઞિચ્ + ત = અ + ઘન્ + ઇ + ત = અઘાન્ + ઇ + ત = અઘાનિ** = તેણે હણ્યું, **હન્ + ણવ્ = ઘન્ + ણવ્ = જઘન્ + અ = જઘાન** = તેણે હણ્યું, "**અડે હિ હનો૦ [૪-૧-૩૪]**" એ સૂત્રથી પૂર્વના હ નો ધ આદેશ થવાથી ઉપરના રૂપો સિદ્ધ થઇ જાત, તો આ સૂત્ર કરવાની જરૂર શી ? જવાબમાં "**ઙ્ણિતિ૦ [૪-૩-૧૦૦]**" એ સૂત્રથી ઞિત્ અને ણિત્ માનીને ઘાત્ આદેશ ન થાય તે માટે આ સૂત્ર કરેલ છે.

નશેર્નશ્ વાઽઙ્ ॥ ૪-૩-૧૦૨ ॥

અડ્ પ્રત્યય પર છતાં, નશ્ ધાતુનો ‘ **નેશ્** ’ આદેશ થાય છે. **૧૨૦૨. નશૌચ્** – **અ + નશ્ + અડ્ + ત્ = અ + નેશ્ + અ + ત્ = અનેશત્, અનશત્** = તે નાશ પામ્યો.

श्वयत्यसू-वच-पतः श्वाऽऽस्थ-वोच-पप्तम्

॥ ૪-૩-૧૦૩ ॥

અડ્ પ્રત્યય પર છતાં, શ્વિ, અસ્, વચ્, અને પત્ ધાતુના સ્થાને અનુક્રમે ‘ **શ્વ , અસ્થ્ , વોચ્** ’ અને ‘ **પપ્ત્** ’ આદેશ થાય છે. **૯૯૭. ટ્વોશ્વિ** – **અ + શ્વિ + અડ્ + ત્ = અ + શ્વ્ + અ + ત્ = અશ્વત્** = તે સુઝી ગયો, **૧૨૨૧. અસૂચ્** – **અ + અસ્ + અડ્ + ત્ = આસ્થત્** = તેણે ફેંક્યું, **૧૦૯૬. વચંક્**–**અ + વચ્ + અડ્ + ત્ = અવોચત્** = તે બોલ્યો, **૯૬૨. પત્લ્** – **અપ +પત્ + અડ્ + ત્ - અપપ્તત્** = તે પડ્યો.

शीङ एः शिति ॥ ૪-૩-૧૦૪ ॥

શિત્ પ્રત્યય પર છતાં, શીઙ્ ધાતુના અન્તના ઈ નો ‘ **એ** ’ અન્તાદેશ થાય છે. **૧૧૦૫. શીઙ્ક્** – **શી + તે = શે + તે = શેતે** = તે સુએ છે.

ङिति यि-शय् ॥ ૪-૩-૧૦૫ ॥

ઙિત્ અને ઙિત્ એવા યકારાદિ પ્રત્યય પર છતાં, શીઙ્ ધાતુના સ્થાને ‘ **શય્** ’ આદેશ થાય છે. **શી + કય + તે = શય્ + યતે = શય્યતે** = સુવાય છે. **શી +યઙ્ + તે=શય્ + ય +તે=શય્ શય્ + ય + તે = શાશય્ + ય + તે = શાશય્યતે** = તે વારંવાર સુએ છે.

उपसर्गादूहो ह्रस्वः ॥ ૪-૩-૧૦૬ ॥

કિત્ અને ડિત્ એવા યકારાદિ પ્રત્યય પર છતાં, ઉપસર્ગથી પર રહેલ ઊહ્ ધાતુના ઊકારનો 'હ્રસ્વ' થાય છે. ૮૭૦. **ઊહિ – सम् + ऊह् + क्य + ते = समुह्यते** = સારો તર્ક કરાય છે.

आशिषीणः ॥ ४–३–१०७ ॥

આશિષ્ વિભક્તિ સંબંધિ કિત્ અને ડિત્ એવા યકારાદિ પ્રત્યય પર છતાં, ઉપસર્ગથી પર રહેલ ઈણ્ ધાતુના દીર્ઘ ઈકારનો 'હ્રસ્વ' થાય છે. ૧૦૭૫. **इंण्क्–उद् + ई + यात् = उदियात्** = તેનો ઉદય થયો. અહિં ઈણ્ ધાતુનો ४ હ્રસ્વ છે, તો પછી હ્રસ્વ કરવાની જરૂર શી ? જવાબમાં "**दीर्घश्चिव०** [४–३–१०८]" એ સૂત્રથી ક્ય વગેરે પ્રત્યય પર છતાં દીર્ઘ થાય છે માટે આ સૂત્ર કરેલ છે.

दीर्घश्चिव–यङ्–यक्–क्येषु च ॥ ४–३–१०८ ॥

ચ્વિ, યઙ્, યક્, ક્ય (ક્યન્, ક્યઙ્ અને ક્યક્ષ્) અને આશિષ્ વિભક્તિ સંબંધિ યકારાદિ પ્રત્યય પર છતાં ધાતુના અન્તનો 'હ્રસ્વ' થાય છે. **च्वि–अशुचिः शुचिः करोति=शुचीकरोति** = અપવિત્રને પવિત્ર કરે છે. ૧૧૨૪ **ष्टुगुंक् – स्तु + यङ् + ते = तोष्टूयते** = તે વારંવાર સ્તુતિ કરે છે, **मन्तु – मन्तु + यक् + ति = मन्तूयति** = તે શેષ કરે છે. **दधि + क्यन् + ति=दधीयति** = તે દહીંને ઇચ્છે છે, **अभृशं भृशं भवतीति = भृश + क्यङ् + ते = भृशायते** = જે ઘણું નથી તે ઘણું થાય છે, **अलोहितं लोहितं भवति = लोहित + क्यङ्ष् + ते = लोहितायते** = જે લાલ નથી તે લાલ થાય છે, **स्तु + क्य + ते = स्तूयते** = સ્તુતિ કરવામાં આવે છે, ૧૦૭૪. **इंण्क् – इ+यात्=ई +यात् =ईयात्**+તે જાઓ.

ऋतोरीः ॥ ४-३-१०९ ॥

च्वि, यङ्, यङ्, क्यन् અને क्यङ् પ્રત્યય પર છતાં, હ્રસ્વ ઋકારન્ત નામના તથા ધાતુના ઋકારનો 'री' આદેશ થાય છે. **पितृ + च्वि + स्यात् = पित्रीस्यात्** = પિતા ન હોય તે પિતા થાય. **कृ + यङ् + ते = क्रीक्री + यते = चीक्री + यते = चेक्रीयते** = તે ઘણું કરે છે, **मातृ + क्यन् + ते = मात्रीयते** = તે માતાને ઇચ્છે છે, **पितृ + क्यङ् + ते = पित्रीयते** =પિતાની જેમ આચરણ કરે છે.

रिः श-क्या-ऽऽशीर्ये ॥ ४-३-११० ॥

શ-તુદાદિગણનો વિકરણ પ્રત્યય, તથા क्य અને આશિષ્ વિભક્તિના યકારાદિ પ્રત્યય પર છતાં હ્રસ્વ ઋકારાન્ત ધાતુના ઋકારનો 'रि' આદેશ થાય છે. ૧૪૬૫ **पुंङ्त् - वि + आ + पृ + य + ते = व्याप्रियते** = તે વાપરે છે, **कृ + क्य + ते + क्रियते** = તે કરાય છે, ૮૮૫. **हृंग् - हृ + यात् = ह्रियात्** = હરણ કરો.

ईश्च्वाववर्णस्याऽनव्ययस्य ॥ ४-३-१११ ॥

च्वि પ્રત્યય પર છતો, અવ્યય વર્જિત અવર્ણાન્ત શબ્દના અકાર અથવા આકારનો દીર્ઘ 'ઇ' અન્તાદેશ થાય છે. **प्राक् - अशुक्लं शुक्लं स्यात्-शुक्ल + च्वि + स्यात् = शुक्लीस्यात्** = સફેદ ન હતું તે સફેદ થાય છે, **माला + च्वि + स्यात् = मालीस्यात्** = માળા ન હોય તે માળા થાય છે.

क्यनि ॥ ४-४-११२ ॥

क्यन् પ્રત્યય લાગતાં અવર્ણાન્ત નામના અકાર અથવા આકારનો, દીર્ઘ 'ઇ' આદેશ થાય છે. **पुत्रमिच्छति = पुत्र + क्यन्**

+ ति = **पुत्रीयति** = પુત્રને ઇચ્છે છે, **मालामिच्छति** = **माला** + **क्यन्** + **ति** = **मालीयति** = માળાને ઇચ્છે છે.

क्षुत्–तृड्–गर्द्धेऽशनायोदन्यधनायाम् । ४–३–११३ ॥

ક્ષુધા – ભુખ, તૃષ્ – તૃષા અને ગૃદ્ધ – લાલચ અર્થમાં અનુક્રમે અશનાય, ઉદન્ય અને ધનાય શબ્દો ક્યન્નન્ત **'निपातन'** થાય છે. **अशन** + **क्यन्** + **ति** = **अशनायति** = ભુખને કારણે ભોજનને ઇચ્છે છે, **उदन्** + **क्यन्** + **ति** = **उदन्यति** = તૃષાને લીધે પાણીને ઇચ્છે છે, **धना** + **क्यन्** + **ति** = **धनायति** = લાલચને કારણે ધનને ઇચ્છે છે.

वृषाऽश्वान्मैथुने स्सोऽन्तः ॥ ४–३–११४ ॥

મૈથુન અર્થ જણાતે છતે વૃષ અને અશ્વ શબ્દથી પર ક્યન્ પ્રત્યય પર છતાં, **'स्'** અન્તાવયવ થાય છે. **गौः मैथुनाय वृषमिच्छति** = **वृष** + **क्यन्** + **ति** = **वृषस्यति** **गौः** = ગાય મૈથુન માટે બળદને ઇચ્છે છે, **वडवा मैथुनाय अश्वमिच्छति** = **अश्व** + **क्यन्** + **ति** = **अश्वस्यति वडवा** = ઘોડી મૈથુન માટે ઘોડાને ઇચ્છે છે. સ્સ આદેશ ષકારના નિષેધ માટે છે.

अश्व लौल्ये ॥ ४–३–११५ ॥

લૌલ્ય – લોલુપતા – ભોગો ભોગવવાની અધિક ઇચ્છા જણાતે છતે, નામને ક્યન્ પ્રત્યય લાગતાં, નામના અન્તે **'स्'** અને **'अस्'** ઉમેરાય છે. સ્સના સ નો ષ થતો નથી. એ જણાવવા સ્સ કહેલ છે. **दधि** + **क्यन्** + **ति** = **दधि** + **स्** + **यति** = **दधिस्यति**, **दधि** + **अस्** + **य** + **ति** = **दध्यस्यति** = ભોજ માણવા લોલુપતાથી દહીં વધારે ખાવાની ઇચ્છા કરે છે.

॥ इत्याचार्य श्रीहेमचन्द्रविरचिते सिद्धहेमशब्दानुशासने श्रीविजयमहिमाप्रभसूरिकृत बालावबोधिनीवृत्तेः चतुर्थाऽध्यायस्य तृतीयपादः ॥

कर्णं च सिन्धुराजं च निर्जित्य युधि दुर्जयम् ।
श्रीभीमेनाधुना चक्रे, महाभारतमन्यथा ॥ १५ ॥

યુદ્ધમાં દુર્જય એવા કર્ણ અને સિન્ધુરાજને જીતીને, શ્રીભીમરાજે હાલ મહાભારતને અન્યથા કરી. અર્થાત્ પાંડવોમાંના ભીમે મહાભારત યુદ્ધ કર્યું તેને પણ ભુલાવી દેનાર આ ભીમરાજ થયો. ૧૫.

[अथ चतुर्थपादः]

अस्ति-ब्रुवोर्भू-वचावशिति ॥ ४-४-१ ॥

अशित् - शित् वर्जित प्रत्यय પર છતાં, अस् અને ब्रू ધાતુના સ્થાને અનુક્રમે 'भू' અને 'वच्' આદેશ થાય છે. ૧૧૦૨. **असक्** - अ + अस् + त् = अ + भू + त् = **अभूत्** = તે થયો, अस् + णव् = **बभूव** = તે થયો, अस् + यम् = भू + यम् = भो + यम् = भव् + यम् + भव्यम् = થવા યોગ્ય, ૧૧૨૫. **ब्रूंगक्** - ब्रू + त् = अ + वच् + अ + त् + **अवोचत्** = તે બોલ્યો.

अघञ्-क्यपल्युजेर्वी ॥ ४-४-२ ॥

घञ्, क्यप्, अल्, અને अच् વર્જિત अशित् પ્રત્યય પર છતાં अञ् ધાતુના સ્થાને 'वी' આદેશ થાય છે. ૧૩૯. **अज** - प्र + अज् + यम् = प्र + वी + यम् = **प्रवेयम्** = પ્રેરણા કરવા યોગ્ય, वी ઉપરનો અનુસ્વાર अनिट् જણાવવા માટે છે.

त्रने वा ॥ ४-४-३ ॥

तृ અને अन પ્રત્યય પર છતાં, अञ् ધાતુના સ્થાને વિકલ્પે 'वी' આદેશ થાય છે. **प्र**+ अज् + तृ = प्र + वी + ता = **प्रवेता प्राजिता** = હાંકનારો, प्र + अज् + अन + स् = प्र + वी + अन + स्=प्र + वे + अन + स् =**प्रवय्** + अणः=**प्रवयण**, **प्राजनो दण्डः** = બળદ વગેરેને હાંકવાની લાકડી.

चक्षो वाचि क्शांग्-ख्यांग् ॥४-४-४ ॥

अशित् प्रत्यय पर छतां, वाणी अर्थमां चक्ष् धातुना स्थाने '**कशांग्**' अने '**ख्यांग्**' आदेश थाय छे **११३२. चक्षिक् – आ + चक्ष् + स्यते=आ + कशा + स्यते=आकशास्यते, आकशा· स्यति, आख्यास्यते, आख्यास्यति** = ते कहेशे, **आ + चक्ष+यम् = आकशेयम्, आख्येयम्** = कहेवा लायक.

नवा परोक्षायाम् ॥ ४–४–५ ॥

परोक्षा विभक्तिना प्रत्ययो पर छतां, वाणी अर्थमां चक्ष् धातुना स्थाने विकल्पे '**कशांग्**' अने '**ख्यांग्**' आदेश थाय छे. **आ + चक्ष् + णव्=आचकशा + औ=आचकश् +औ=आचकशौ, आचख्यौ** = तेणे कह्युं, **पक्षे – आ + चक्ष् + ण = आचचक्षे** = तेणे कह्युं, कशांग् अने ख्यांग् प्रत्ययमां अनुस्वार अनिट् सूचववा माटे छे. अने ग् उभयपदी सूचववा माटे छे.

भृजो भर्ज् ॥ ४–४–६ ॥

अशित् प्रत्यय पर छतां, भृज्ज् धातुनो '**भर्ज्**' आदेश विकल्पे थाय छे. **१३१६. भ्रस्जींत् – भृज्ज् + ता = भर्ज् + ता= भर्ष्टा, भ्रष्टा** = भुंजनारो, "**यज – सृज**· [२–१–८७]" ओ सूत्रथी जकारनो षकार थयो छे.

प्राद् दागस्त्त आरम्भे क्त ॥ ४–४–७ ॥

क्त प्रत्यय पर छतां, आरंभ अर्थमां प्र उपसर्ग पूर्वकना दा धातुने स्थाने विकल्पे '**त्त**' (क्त) आदेश थाय छे. **११३८. डुदांग्क् – प्र + दा + तः=प्र + त्तः = प्रत्तः, प्रदत्तः**=आपवाने आरंभ करेलो.

नि–वि स्वन्वव त्॥ ४–४–८ ॥

કત પ્રત્યય પર છતાં, નિ, વિ, સુ, અનુ અને અવ ઉપસર્ગ પૂર્વકના દા ધાતુના સ્થાને ' **त्त** ' આદેશ વિકલ્પે થાય છે. **नि+दा + तः = नी + त्तः=नीत्तम् , निदत्तम्** =નિરંતર આપેલું, **वीत्तम्, विदत्तम्** = વિશેષ આપેલું, **सूत्तम् , सुदत्तम्** =સારી રીતે આપેલું, **अनूत्तम् , अनुदत्तम्** = પછી આપેલું, **अवत्तम् , अवदत्तम्** = આપેલું. " **दस्ति० [३–२–८८]** " એ સૂત્રથી દીર્ઘ થાય છે.

स्वरादुपसगाद् दस्ति कित्यधः॥ ४–४–९ ॥

તકારાદિ કિત્ પ્રત્યય પર છતાં, સ્વરાંત ઉપસર્ગથી પર રહેલ ધા વર્જિત દા સંજ્ઞક ધાતુના સ્થાને ' **त्त** ' આદેશ થાય છે. **प्र + दा + त(क्त) + सि = प्रत्तः**=આપનાર, **परि + दा + त्रिमक्=परित्रिमम्** = દાનથી થયેલું. " **ड्वित० [५–३–८४]** " એ સૂત્રથી ત્રિમક્ પ્રત્યય થાય છે.

दत् ॥ ४–४–१० ॥

તકારાદિ કિત્ પ્રત્યય પર છતાં, ધા વર્જિત દા સંજ્ઞક ધાતુના સ્થાને ' **दत्** ' આદેશ થાય છે. **दा + तः = दत् + तः = दत्तः**= આપેલ, **दा + तिः = दत् + तिः = दत्तिः** = આપવું.

दो–सो–मा–स्थः इः ॥ ४–४–११ ॥

તકારાદિ કિત્ પ્રત્યય પર છતાં, દો, સો, મા અને સ્થા ધાતુના અન્ત્ય સ્વરનો ' **ई** ' આદેશ થાય છે. ૧૧૪૮ **दोंच् - निर् + दो + तः = निर्दितः** = છેદી નાંખેલ, ૧૧૫૦. **षोंच् – सो + त्वा = सि + त्वा = सित्वा** = વિનાશ કરીને, ૧૦૭૩. **मांक्, ११३७.**

मांङ्क्, ६०३. **मेंङ्** – **मा + क्ति = मि + तिः = मितिः** = भाप, **स्था + क्तवतु = स्थि + तवान् = स्थितवान्** = ઉભો રહેલો.

छा–शोर्वा ॥ ४–४–१२ ॥

तकारादि कित् प्रत्यय पर छतां. छा – छो. अने शा–शो धातुना अन्त्य स्वरनो विकल्पे 'ई' थाय छे. ११४९. **छोंच्** – **अव + छा + क्त+सि=अव+च्छ+तः=अवच्छितः, अवच्छातः** = छेदी नांखेलो, ११४७. **शोंच्** – **नि + शा + क्त = नि + शि + तः = निशितः, निशातः** = तीक्ष्ण करेल,

शो व्रते ॥ ४–४–१३ ॥

तकारादि कित् प्रत्यय पर छतां, व्रत अर्थमां शा धातुना अन्त्य स्वरनो नित्य 'ई' आदेश थाय छे. **सम् + शो + क्त = सम् + शा + तः=संशितम् व्रतम्** =तलवारनी धार सभा व्रत. **संशितव्रतः साधुः** = आकरा व्रतवाळो साधु.

हाको हिः क्त्वि ॥ ४–४–१४ ॥

तकारादि कित् એવો क्त्वा प्रत्यय पर छतां, हा धातुना स्थाने 'हि' आदेश थाय छे. ११३१. **ओहांक्** – **हा + क्त्वा = हि+ त्वा = हित्वा** = त्यागीने.

धागः ॥ ४–४–१५ ॥

तकारादि कित् प्रत्यय पर छतां, धाग् – धा धातुना स्थाने 'हि' आदेश थाय छे. ११३९. **डुधांगक्** – **वि + धा + क्त = वि + हि + तः = विहितः** = विधान करेल.

यपि चाऽदो जग्ध् ॥ ४-४-१६ ॥

तकारादि कित् प्रत्यय अने यप् प्रत्यय पर छतां, अद् धातुना स्थाने 'जग्ध्' आदेश थाय छे. १०५९. अदंक् - अद् + क्ति= जग्ध् + तिः = जग्धिः = खावुं, प्र + अद् + यप् = प्र + जग्ध् + य = प्रजग्ध्य = खाईने.

घस्लृ सनद्यतनी-घञचलि ॥ ४-४-१७ ॥

सन् प्रत्यय, अद्यतनी विभक्तिना प्रत्यय, तथा घञ्, अच् अने अल् प्रत्यय पर छतां, अद् धातुना स्थाने 'घस्लृ' आदेश थाय छे. अद् + सन + ति = घस् + स + ति = जिघस् + स + ति = जिघत्सति = खावाने इच्छे छे, अद् + त् = अ + घस् + अङ् + त् = अघसत् = तेणे खाधुं, अद् + घञ् = घस् + अः = घासः = खावुं, खावानी वस्तु, प्राति इति = प्र + अद् + अच् = प्र + घस् + अ + सि = प्रघसः = खानारो, प्रदानम् = प्र + अद् + अल् = प्र + घस् + अ + सि = प्रघसः = खावानुं, खावानुं साधन. "लृदिद्० [३-४-६४]" એ सूत्रथी अङ् प्रत्यय थयो छे.

परोक्षायां नवा ॥ ४-४-१८ ॥

परोक्षा विभक्तिना प्रत्ययो पर छतां, अद् धातुना स्थाने विकल्पे 'घस्लृ' आदेश थाय छे अद् + उस् = घस् + उस् = जघस् + उस् = जक्ष् + उस् = जक्षुः, आदुः = तेओओए खाधुं.

वेर्वय् ॥ ४-४-१९ ॥

परोक्षा विभक्तिना प्रत्ययो पर छतां, वे धातुना स्थाने विकल्पे 'वय्' आदेश थाय छे. ९९२. वेंग् - वे + उस् = वय् + उस्

= **ववय्** + **उस्** = **उउय्** + **उस्** = **ऊयुः**, **ववुः** = તેઓએ વણ્યું.

ऋः शृ-दृ-प्रः ॥ ४-४-२० ॥

પરોક્ષા વિભક્તિના પ્રત્યય પર છતાં, શૃ, દૃ અને પૃ ધાતુના અન્ત્ય દીર્ઘ ઋ નો હ્રસ્વ '**ऋ**' વિકલ્પે થાય છે. ૧૫૩૧. **शृश्** - **वि** + **शृ** + **अतुस्** = **वि** + **शशृ** + **अतुः** = **विशश्रतुः**, **विशशरतुः** = તેઓ બે તૂટી ગયા, ૧૫૩૫. **दृश्** - **विददृतुः**, **विददरतुः** = તેઓ બે ફાટી ગયા, ૧૫૩૨. **पृश्** - **निपप्रतुः**, **निपपरतुः** = તેઓ બેએ ભર્યું.

हनो वध आशिष्यञौ ॥ ४-४-२१ ॥

આશિષ્ વિભક્તિ પ્રત્યય પર છતાં, હન્ ધાતુના સ્થાને '**वध्**' આદેશ થાય છે. જો સિટ્ પ્રત્યય પર ન હોય તો, ૧૧૦૦. **हनंक्-हम्** + **क्यात** = **वध्** + **यात्** = **वध्यात** = હણો.

अद्यतन्यां वा त्वात्मने ॥ ४-४-२२ ॥

અદ્યતની વિભક્તિના પ્રત્યય પર છતાં, હન્ ધાતુના સ્થાને '**वध्**' આદેશ થાય છે, પરંતુ અદ્યતની વિભક્તિના આત્મનેપદના પ્રત્યય પર હોય તો વિકલ્પે '**वध्**' આદેશ થાય છે. **अ** + **हन्** + **त्** = **अ** + **वध्** + **इ** + **त्** = **अवधीत्** = તેણે હણ્યો, **आ** + **अ** + **हन्** + **त**= **आ** + **अ**+**बध्** + **इ** + **स्** + **त** = **आवधिष्ट**, અથવા **आ** + **अहत** = **आहत** = તેણે આઘાત કર્યો.

इणिकोर्गा ॥ ४-४-२३ ॥

અદ્યતની વિભક્તિના પ્રત્યયો પર છતાં, ઇણ્ અને ઈકૃ ધાતુના

સ્થાને ' ગા ' આદેશ થાય છે. ૧૦૭૫, **इंण्क् – अ + इण् + त् = अ + गा + त् = अगात्** = ગયો, ૧૦૭૪. **इंक्–अधि + अ + इक् + त = अध्य + गा + त् = अध्यगात्** = પામ્યો.

णावज्ञाने गमुः ॥ ४-४-२४ ॥

પ્રેરકનો ણિ પ્રત્યય પર છતાં, અજ્ઞાન અર્થમાં ઇણ્ અને ઇક્ ધાતુના સ્થાને ' ગમુ ' આદેશ થાય છે. **इण् + णि + ति = गम्+ णि+ति=गमि+शव्+ति = गमयति**=પઢાંચાડે છે, **अधि+इक् +णि + ति=अधि + गम् + इ +शव्+ ति=अधिगमयति**=યાદ કરાવે છે.

सनीङश्च ॥ ४-४-२५ ॥

સન્ પ્રત્યય પર છતાં, અજ્ઞાન અર્થમાં ઇઙ્, ઇણ્, અને ઇક્ ધાતુને સ્થાને ' ગમુ ' આદેશ થાય છે. ૧૧૦૪. **इङ्क् – अधि+ इङ् + सन्+ते = अधि + गम् + स + ते = अधि + जिगम् + सते = अधिजिगाम् + सते = अधिजिगांसते** = વિદ્યા ભણવાને ઇચ્છે છે, **इण्–इ+स+ ति = जिगम् + इ + स + ति=जिगमिषति ग्रामम्** = તે ગામ જવાને ઇચ્છે છે, **इक्-अधि+इक्+स+ति = अधि + गम् + स + ति = अधिजिगम + इ + सति = अधिजिगमिषति मातुः** = માતાને યાદ કરવાને ઇચ્છે છે.

गाः परोक्षायाम् ॥ ४-४-२६ ॥

પરોક્ષા વિભક્તિના પ્રત્યયો પર છતાં ઇઙ્ ધાતુના સ્થાને 'ગા' આદેશ થાય છે. **अधि + इङ् + ए = अधि + गा + ए = अधि+ + जगा + ए = अधिजग् + ए=अधिजगे** = તે ભણ્યો.

णौ सन्-ङे वा ॥ ४-४-२७ ॥

પ્રેરકનો ણિ પ્રત્યય લાગ્યા બાદ જો સન્ અને ઙ પ્રત્યય લાગેલ હોય તો, ઇઙ્ ધાતુને સ્થાને વિકલ્પે ' गा ' આદેશ થાય છે. अधि इङ् + णि + सन् + ति = अधि + गा + प् + णि + सन् + ति = अधिजिगा + प् + इ + इ + स + ति = अधिजिगापि + इषति = अधिजिगापे + इषति = अधिजिगापयिषति = તે ભણવવાને ઇચ્છે છે, अधि + इङ् + णि + सन् + ति = अधि + आ + प् = अध्याप् + इ + स + ति = अध्यापिपि + इषति = अध्यापिपे + इषति = अध्यापिपयिषति = તે ભણાવવાને ઇચ્છે છે, अधि + अ + इङ् + इ + ङ + त्=अधि + अ + गा + प् + इ + ङ + त्=अध्यजिगाप् + अ+इ+त् = अध्यजिगपत् = ભણાવ્યું, " अर्ति० [४-२-२१] એ સૂત્રથી પુ આગમ થયો છે.

वाऽद्यतनी-क्रियातिपत्त्योर्गीङ् ॥ ४-३-२८ ॥

અદ્યતની વિભક્તિના તથા ક્રિયાતિપત્તિ વિભક્તિના પ્રત્યયો પર છતાં ઇઙ્ ધાતુના સ્થાને ' गीङ् ' આદેશ વિકલ્પે થાય છે. ઙકાર આત્મનેપદ માટે જણાવેલ છે. अधि + अ + इङ् + सिच् + त=अध्य + गी + स् + त = अध्यगीष्ट = તે ભણ્યો, अधि + अ + इङ् + स् + त्=अध्य + इ + स्त = अध्यैष्ट = તે ભણ્યો, अधि + अ + इङ् + स्यत = अध्य + गी + स्यत = अध्यगीष्यत = તે ભણત, अधि + इङ् + स्यत = अधि + ऐ + स्यत = अध्यैष्यत= તે ભણત.

अड् धातोरादिर्ह्यस्तन्यां चाऽमाङा ॥ ४-४-२९ ॥

હ્યસ્તની, અદ્યતની અને ક્રિયાતિપત્તિ વિભક્તિના પ્રત્યયો લાગેલ હોય તો ધાતુની આદિમાં ' अड् ' આગમ થાય છે. અર્થાત્ આદિ અ અવયવ ઉમેરાય છે. જો माङ् નો યોગ ન હોય તો. १०६२. यांत् - या + त् = अ + यात् = अयात् = તે ગયો, या + सिच् +

त = अयासीत् = તે ગયો, या + स्यात् = आयास्यात् = તે જાત.

एत्यस्तेर्वृद्धिः ॥ ४-४-३० ॥

હ્યસ્તની વિભક્તિના પ્રત્યય પર છતાં, ઇણ્, ઇકૃ, અને અસ્ ધાતુના આદિ સ્વરની 'વૃદ્ધિ' થાય છે. જો માહ્ નો યોગ ન હોય તો इण् - अ + इ + अन् = ऐ + अन् = आयन् = તેઓ ગયા, अधि + इक् + अन् = अधि + ऐ + अन् + अध्यायन् = તેઓ યાદ કરતા હતા, अस् + ताम् = अ + आस् + ताम् = आस्ताम् = તે બે હતા,

स्वरादेस्तासु ॥ ४-४-३१ ॥

હ્યસ્તની, અદ્યતની અને ક્રિયાતિપત્તિ વિભક્તિના પ્રત્યયો પર છતાં, સ્વરાદિ ધાતુના આદિ સ્વરની 'વૃદ્ધિ' થાય છે, જો માહ્નો યોગ ન હોય તો. ૧૯૪. अट - अट् + इ + सिच् + त् = आटीत् = તે ગયો, ૧૪૧૯. इषत् - इष् + इ + स्यत् = ऐष् + इ + स्यत् = ऐषिष्यत् = તે ઇચ્છત, ૧૩૫૫. उद्झत - अ+उज्झ्+अ + त् = औज्झत् = તેણે ત્યાગ કર્યું.

स्ताद्यशितोऽत्रोर्णादेरिट् ॥ ४-४-३२ ॥

ધતુને લાગેલાં અશિત્ એવા સકારાદિ અને તકારાદિ પ્રત્યયની આદિમાં 'ઇટ્' ઉમેરાય છે. જો તે ત્ર પ્રત્યય તથા ઉણાદિગણ સંબંધિ સકારાદિ અને તકારાદિ પ્રત્યય ન હોય તો, ૧૫૧૯. लूगृश् - लू + स्यति = लू + इ + स्यति = लो + इष्यति = लविष्यति = તે કાપશે, लू + ता = लू + इ + ता = लविता = તે કાપશે, કાપનારો.

तेर्गहादिभ्यः ॥ ४-४-३३ ॥

ગ્રહ વગેરે ધાતુને લાગેલ અશિત્ એવા ति - कित् અથવા तिक्

પ્રત્યયની આદિમાં 'ઇટ્' ઉમેરાય છે. ૧૫૧૭. **ग्रहीश् - नि + ग्रह् + क्ति = नि + ग्रह्+इ+ति+सि= निग्रहीतिः**=નિગ્રહ કરવો, ૧૨૪૧. **ष्णिहौच् - अप + स्निह् + इ + तिक् = अपस्निहितिः** = અપસ્નેહ, ચીકાશ.

गृह्णोऽपरोक्षायां दीर्घः ॥ ४-४-३४ ॥

પરોક્ષા વિભક્તિના પ્રત્યયો પર છતાં ગ્રહ્ ધાતુથી પર અને પ્રત્યયની આદિમાં 'ઇટ્' ઉમેરાય છે અને તે 'દીર્ઘ' થાય છે. **गृह् + त = ग्रह + ता = ग्रह् + ई + ता = ग्रहीता** = તે ગ્રહણ કરશે.

वृतो नवाऽनाशोः सिचपरस्मै च ॥ ४-४-३५ ॥

પરોક્ષા અને આશિષ્ વિભક્તિના પ્રત્યયો અને પરસ્મૈપદ સંબંધિ સિચ્ પ્રત્યય ન હોય તો, વૃગ્ અને વૃહ્ ધાતુ તથા દીર્ઘ ઋકારાન્ત ધાતુથી પર અને પ્રત્યયની આદિમાં લાગેલા ઇટ્નો દીર્ઘ 'ઇ' વિકલ્પે થાય છે. ૧૨૯૪. **वृगट् - प्र + आ + वृ +इ +ता =प्रा+वर्+ई+ता =प्रावरीता, प्रावरिता** = ઓઢનારો, ૧૫૬૭. **वृङ्श् - वृ + ता = वृ + इ + ता = वर् + ई + ता =वरीता, वरिता**=વરશે, વરનારો, ૨૭. **तॄ तॄ + सन् = तॄ + इ + स + ति =तितॄ + ई + ष+ति = तितरीषति तितरिषति** = તે તરવાને ઇચ્છે છે.

इट् सिजाशिषोरात्मने ॥ ४-४-३६ ॥

વૃગ્ અને વૃહ્ ધાતુ તથા દીર્ઘ ઋકારાન્ત ધાતુથી પર રહેલ આત્મનેપદ સંબંધિ સિચ્ પ્રત્યય અને આશિષ્ વિભક્તિના પ્રત્યયની આદિમાં વિકલ્પે 'ઇટ્' ઉમેરાય છે. **वृग् - प्र + वृ = प्र+अ+वृ+ इ + सिच् + त् = प्रावरिष्ट, प्रावृत** = તેણે ઓઢ્યું, **वृङ् - आ**

वृ + इ + सिच् + त् = अवर् + ई + ष्ट = अवरीष्ट, अवृत = તેણે સ્વીકાર કર્યો. ૧૫૨૧. **स्तृग्श् - आ + स्तृ + त = अ + आस्तृ + इ + सिच् + त = आस्तरिष्ट. आस्तीर्ष्ट** = તેણે ઢાંકયુ. **प्र + अ + वृ + सीष्ट = प्रा + वर् + इ + सीष्ट = प्रावरिषीष्ट, प्रावृषीष्ट** = તે ઓઢો, **वृ + सीष्ट = वर् + इ + सिष्ट = वरिषीष्ट, वृषीष्ट** = તે સ્વીકારો, **आ + स्तृ + सीष्ट = आस्तर् + ई + सीष्ट = आस्तरीषीष्ट, आस्तीर्षीष्ट** = તે ઢાંકે.

संयोगाद् ऋतः ॥ ४-४-३७ ॥

સંયોગથી પર રહેલ હ્રસ્વ ઋકારાન્ત ધાતુને લાગેલ આત્મનેપદ સંબંધિ सिच् પ્રત્યય અને आशिष् વિભક્તિ ના પ્રત્યયોની આદિમાં વિકલ્પે 'ઇટ્' થાય છે. ૧૮. **स्मृं, १०१४. स्मृ - अ + स्मृ + सिच् + आताम् = अ + स्मृ + इ + स् + आताम् = अस्मरिषाताम्, अस्मृषाताम्**=તેઓ બેએ સ્મરણ કર્યું, **स्मृ + इ + सीष्ट = स्मरिषीष्ट, स्मृषीष्ट** = તે સ્મરણ કરો.

धूगौदितः ॥ ४-४-३८ ॥

ધૂગ્ અને ઔ અનુબંધવાળા ધાતુને લાગેલ शित् વર્જિત સકારાદિ અને તકારાદિ પ્રત્યયની આદિમાં વિકલ્પે 'ઇટ્' ઉમેરાય છે. ૧૫૨૦. **धूग्श् - धू + ता = धू + इ + ता = धव् + इ + ता = धाविता, धोता** = કંપનારો, ૧૧૮૮. **रधौच् - रध् + ता = रध् + इ + ता = रधिता, रद्धा** = હિંસા કરનારો.

निष्कुषः ॥ ४-४-३९ ॥

નિર્ અને નિસ્ ઉપસર્ગથી પર રહેલ कुष् ધાતુને લાગેલ शित्

વર્જિત સકારાદિ અને તકારાદિ પ્રત્યયની આદિમાં વિકલ્પે ' ઇટ્ ' ઉમેરાય છે. ૧૫૬૫. **कुषश् - निस् + कुष् + ता = निष्कोषिता, निष्कोष्टा** = બહાર કાઢનારો.

क्तयोः ॥ ४-४-४० ॥

નિર્ અને નિસ્ ઉપસર્ગથી પર રહેલ કુષ્ ધાતુને લાગેલ ક્ત અને ક્તવતુ પ્રત્યની આદિમાં નિત્ય ' ઇટ્ ' ઉમેરાય છે. **निस् + कुष् + इ + क्त = निष्कुष् + इ + तः = निष्कुषितः** = બહાર કાઢેલો, **निस् + कुष् + इ + क्तवतु = निष्कुषितवान्** = બહાર કાઢેલો.

जॄ-व्रश्चः क्त्वः ॥ ४-४-४१ ॥

જૃ અને વ્રશ્ચ્ ધાતુને લાગેલ ક્ત્વા પ્રત્યયની આદિમાં ' ઇટ્ ' ઉમેરાય છે. ૧૫૩૬. **जॄश् -जॄ + इ + त्वा = जर् + ई + त्वा - जरीत्वा, जरित्वा** = વૃદ્ધ થઈને, ૧૩૪૧ **ओवश्चौत् = व्रश्च् + इ + त्वा = व्रश्चित्वा** = કાપીને.

ऊदितो वा ॥ ४-४-४२ ॥

દીર્ઘ ઊકાર અનુબંધવાળા ધાતુને લાગેલ ક્ત્વા પ્રત્યયની આદિમાં વિકલ્પે ' ઇટ્ ' થાય છે. ૧૨૩૧. **दमूच् - दम् + क्त्वा = दम् + इ + त्वा = दमित्वा, दान्त्वा** = દમન કરીને.

क्षुध-वसस्तेषाम् ॥ ४-४-४३ ॥

ક્ષુધ્ અને વસ્ ધાતુને લાગેલ ક્ત, ક્ત્વા અને ક્તવતુ પ્રત્યયની આદિમાં ' ઇટ્ ' લાગે છે. ૧૧૮૨. **क्षुधंच् - क्षुधित्वा** = ભુખ્યો થઇને, **क्षुध् + तः = क्षुधितः** = ભુખ્યો થયેલો, **क्षुधित्वान्**=ભુખ્યો

થનાર, ૯૯૯. **वसं - उषित्वा** = રહીને, **वस + तः = उषितः = उषितवान्** = રહેનાર.

लुभ्यञ्घेर्विमोहार्चे ॥ ४-४-४४ ॥

વિમોહન અર્થવાળા લભ્ ધાતુને અને પૂજા અર્થવાળા અચ્ય્ ધાતુને લાગેલ કત, કતવતુ અને ક્ત્વા પ્રત્યયની આદિમાં ' ઇટ્ ' લાગે છે. ૧૩૯૦. **लुभत = वि + लुभ् + इ + तः = विलुभितः** = વિમોહ પામેલ, **विलुभितवान्** - વિમોહ પામનાર, **लुभित्वा** = વિમોહ પામીને, ૧૦૫. **अञ्चू - अञ्च् + इ + तः = अञ्चितः** - પૂજાયેલો, **अञ्चितवान्** = પૂજનારો, **अञ्चित्वा** = પૂજીને.

पूङ्क्लिशिभ्यो नवा ॥ ४-४-४५ ॥

પૂઙ્ અને ક્લિશ્ ધાતુને લાગેલ કત, કતવતુ અને ક્ત્વા પ્રત્યયની આદિમાં વિકલ્પે ' ઇટ્ ' લાગે છે. ૬૦૦ **पूङ् - पू + तः = पो + इ + तः = पवितः, पूतः** = પવિત્ર થયેલો, **पवितवान्, पूतवान्** = પવિત્ર થનાર, **पवित्वा, पूत्वा** = પવિત્ર કરીને, ૧૨૭૬. **क्लिशिच् - क्लिश् + इ + तः=क्लिशितः, क्लिष्टः**=કલેશ પામેલો, **क्लिशितवान् क्लिष्टवान्** = કલેશ પામનારો, **क्लिशित्वा, क्लिष्ट्वा**=કલેશ પામીને.

सह-लुभेच्छ-रुष-रिषस्तादेः ॥ ४-४-४६ ॥

સહ્ વગેરે ધાતુથી પર લાગેલ અશિત્ એવા તકારાદિ પ્રત્યયની આદિમાં વિકલ્પે ' ઇટ્ ' થાય છે. ૯૯૦. **षहि - सह् + इ + ता = सहिता, सोढा** = સહન કરનાર, ૧૧૯૮. **लुभच् = लुभिता, लोब्धा** = લોભ કરનાર, ૧૪૧૯. **इषत - षषित्वा, षष्टा**=ઇચ્છનાર, ૧૨૧૫. **रुषच् - रोषिता. रोष्टा** = રોષ કરનાર, ૫૧૫. **रिष - रिष् + तुम् =रेष् + इ+तुम् =रेषितुम्, रेष्टुम्**=હિંસા કરવા માટે.

इवृध - भ्रस्ज - दम्भ - श्रि - यूर्णु - भर - ज्ञपि - सनि - तनि - पति - वृद् - दरिद्रः सनः ॥ ४-४-४७ ॥

જેને અંતે ઈવ્ છે એવા ધાતુ તથા ઋધ્ વગેરે ધાતુથી લાગેલ सन् પ્રત્યય પહેલા 'ઇટ્' વિકલ્પે લાગે છે. ११४४. **दिवूच् - दिव् + सन् + ति = दिदिव् + इ + स + ति = दिदेविषति, दिद्यूषति** = તે ક્રીડા કરવાને ઇચ્છે છે, ११८६. **ऋधूच्**, १३०६. **ऋधूट् -अर्दिधिषति, ईर्त्सति** =તે વૃદ્ધિ કરવાને ઇચ્છે છે, १३१६. **भ्रस्जींत् - बिभर्जिषति, बिभर्क्षति** = તે પકાવવાને ઇચ્છે છે, १३०९. **दम्भूट् - दिदम्भिषति, धिप्सति, धीप्सति,** = તે દંભ કરવાને ઇચ્છે છે, ८८३. **श्रिग् -शिश्रयिषति, शिश्रीषति** = સેવા કરવાને ઇચ્છે છે, १०८०. **युक् - यियविषति, युयूषति** = ભેગું કરવાને ઇચ્છે છે, ११२३. **ऊर्ण्णुगूक् - प्रोर्ण्णुनविषति, प्रोर्ण्णुनूषति** = ઢાંકવાને ઇચ્છે છે, ८८६. **भृंग - बिभरिषति, बुभूर्षति** = ભરવાને ઇચ્છે છે, १५४०. **ज्ञांश् - ज्ञपि (प्रेरक) + स + ति = जिज्ञपय् + इ + सति = जिज्ञपयिषति, जीप्सति** = સંતોષવાને ઇચ્છે છે, १५००. **षणूथी - सिसनिषति, सिषांसति** = દેવાને ઇચ્છે છે, १४९९. **तनूयी - तितनिषति, तितंसति, तितांसति**=તાણવાને ઇચ્છે છે, ९६२ **पत्लृ-पिपतिषति, पित्सति** = પડવાને ઇ-છે છે, १२९४. **वृगट् - प्रा + वृ = प्राविवरिषति प्राविवरीषति, प्रावुवूर्षति** = ઓઢવાને ઇચ્છે છે, १५६७. **वृङ्श् - विवरिषते, विवरीषते, वुवूर्षते** = સેવા કરવાને ઇચ્છે છે, २७. **तॄ - तितरीषति, तितीर्षति** =તરવાને ઇચ્છે છે, १०९२ **दरिद्राक् - दिदरिद्रिषति, दिदरिद्रासति** = દુઃખી થવાને ઇચ્છે છે.

ऋ - स्मि पूङञ्जशौ - कॄ - गॄ - दॄ - घॄ प्रच्छ. ॥ ४-४-४८ ॥

ઋ વગેરે ધાતુથી પર લાગેલ સન્ પ્રત્યયની આદિમાં 'ઈટ્' પ્રત્યય લાગે છે. ૨૪. **ऋं, ११३५. ऋंक्** – **ऋ + सन् + ति = अरिर् + स + ति = अरिरि + सति = अरिरिषति** = તે જવાને ઇચ્છે છે, ૫૮૭ **ष्मिङ् – सिस्मय् + इ + सते = सिस्मयिषते**= સ્મિત કરવાને ઇચ્છે છે, ૧૫૧૮. **पूग्श्, ६०० –पूङ् – पिपविषते** = પવિત્ર થવાને ઇચ્છે છે, ૧૪૮૮. **अञ्जौप्** - **अञ्जिजिषति** = આંજવાને ઇચ્છે છે, ૧૩૧૪ **अशौटि** - **अशिशिषति** = વ્યાપવાને ઇચ્છે છે, ૧૩૩૪. **कृत् = चिकरिषति, चिकरीषति** = વિક્ષેપ કરવાને ઇચ્છે છે, ૧૩૩૫. **गृत् - जिगरिषति, जिगरीषति** = ગણી જવાને ઇચ્છે છે, ૧૪૬૬. **हंङ्त् – आ + इ=आदिदरिषते** = આદર કરવાને ઇચ્છે છે, ૧૪૬૭. **धृंङ्त् – आ + धृ = आदिधरिषते** = સ્થિર રહેવાને ઇચ્છે છે, ૧૩૪૭. **प्रछंत् – पिपृच्छिषति** = પૂછવાને ઇચ્છે છે.

हनृतः स्यस्य ॥ ४–४–४९ ॥

હન્ અને હ્રસ્વ ઋકારાન્ત ધાતુથી પર રહેલ ભવિષ્યકાલ વિભક્તિના અને ક્રિયાતિપત્તિ વિભક્તિના સ્ય આદિવાળા પ્રત્યયની આદિમાં 'ઈટ્' થાય છે. ૧૧૦૦. **हनंक् – हन्+स्यति = हन + इ + स्यति = हनिष्यति** – તે હણશે, ૮૮૮. **डुकृंग् - कृ + स्यति = कर् + इ + स्यति = करिष्यति** = તે કરશે.

कृत-चृत-नृत-च्छृद-तृदोऽसिचः सादेर्वा ॥ ४–४–५० ॥

કૃત્ વગેરે ધાતુથી પર લાગેલ સિચ્ પ્રત્યય વર્જિત સકારાદિ – ઉપર જણાવેલ સ્ય અને સન્ પ્રત્યયની આદિમાં વિકલ્પે 'ઈટ્' થાય છે. ૧૩૨૫. **कृतैत्, १४९०. कृतैप् -कृत् +स्यति = कर्तिष्यति, कर्त्स्यति** = તે કાપશે, ૧૩૬૯. **चृतैत् – चृत् + सन् + इ + ति**

= **चचर्तिषति, चिचृत्सति** = તે ગુંથવાને ઇચ્છે છે, ૧૧૫૨, **नृतैच् - नृत + स्यति = नर्तिष्यति, नर्त्स्यति** = તે નાચશે, ૧૪૮૦. **ऊछृदृपी - छृद् + स्यत् - अच्छर्दिस्यत्, अच्छर्त्स्यत्** = તે ક્રિડા કરત, ૧૪૮૧ **ऊतृदृपी - तृद् + सन् + ति = तितर्दिषति, तितृत्सति**= તે અનાદર કરવા ઇચ્છે છે.

गमोऽनात्मने ॥ ४-४-५१ ॥

ગમ્ ધાતુને લાગેલ આત્મનેપદ વર્જિત શિત્ ભિન્ન સકારાદિ-સ્ય અને સન્ પ્રત્યયની આદિમાં 'ઇટ્' પ્રત્યય લાગે છે. ૩૯૬. **गम्लृं - गम् + स्यति = गमिष्यति** = તે જશે, **अधि + गम् + इ + सन् + ता = अधिजिगमिषिता शास्त्रस्य** = શાસ્ત્રનું જ્ઞાન મેળવવાની ઇચ્છાવાળો છે.

स्नोः ॥ ४-४-५२ ॥

સ્નુ ધાતુને લાગેલ આત્મનેપદ વર્જિત શિત ભિન્ન સકારાદિ અને તકારાદિ પ્રત્યયની આદિમાં 'ઇટ્' પ્રત્યય લાગે છે. ૧૦૮૩. **स्नुक्- प्र + स्नु + स्यति = प्रस्नव् + इ + स्यति = प्रस्नविष्यति** = વિશેષ પ્રકારે ઝરે છે.

क्रमः ॥ ४-४-५३ ॥

ક્રમ્ ધાતુને લાગેલ આત્મનેપદ વર્જિત અશિત્ સકારાદિ અને તકારાદિ પ્રત્યયની આદિમાં 'ઇટ્' લાગે છે. ૩૮૫. **क्रमू - क्रम् + स्यति = क्रमिष्यति** = તે ચાલશે, **प्रक्रमितुम्** = ચાલવા માટે.

तुः ॥ ४-४-५४ ॥

क्रम ધાતુને લાગેલ આત્મનેપદ વર્જિત પ્રત્યયથી પર રહેલ तृच् પ્રત્યયની આદિમાં ' ઇટ્ ' થાય છે. **क्रम् + इ + ता = क्रमिता** = ચાલનારો. " **इङितः०** [૩-૩-૨૨] " એ સૂત્રથી આત્મનેપદ થાય ત્યારે **प्रक्रन्ता** રૂપ થાય છે.

न वृद्भ्यः ॥ ४-४-५५ ॥

વૃદ્, સ્યન્દ, વૃધ્, શૃધ્ અને કૃપ્ ધાતુને આત્મનેપદ વર્જિત પ્રત્યયથી પર રહેલ સકાર દિ અને તકારાદિ પ્રત્યયની આદિમાં ' ઇટ્ ' થતો નથી. ૯૫૫. **वृतूङ् - वृत् + स्यति = वृत्स्यति** = વર્તશે, **वृत् + सन्+ ति=विवृत्सति** = વર્તવાને ઇચ્છે છે. ૯૫૬. **स्यन्दौङ् - स्यन्त्स्यति** = ઝરશે, **सिस्यन्त्सति** = ઝરવાને ઇચ્છે છે. " **वृद्भ्यः०** [૩-૩-૪૫] " એ સૂત્રથી વૃદાદિ પાંચ ધાતુને વિકલ્પે આત્મનેપદ થાય છે. જેથી જ્યારે આત્મનેપદી ન હોય ત્યારે આ સૂત્ર લાગે છે.

एकस्वरादनुस्वारेत ॥ ४-४-५६ ॥

અનુસ્વાર અનુબંધવાળા - અનુસ્વાર ઇત્સંજ્ઞક એવા એકસ્વર વાળા ધાતુને લાગેલ શિત્ ભિન્ન સકારાદિ અને તકારાદિ પ્રત્યયની આદિમાં ' ઇટ્ ' લાગતો નથી. ૨. **पां**, ૧૦૬૭. **पांक् - पा+ता = पाता** = પીનાર, રક્ષણ કરનાર.

ऋवर्ण - श्र्यूर्णुगः कितः ॥ ४-४-५७ ॥

એક સ્વરવાળા ઋવર્ણાન્ત ધાતુ અને શ્રિ, ઊર્ણુ ધાતુથી વિધાન કરાયેલ કિત્ પ્રત્યયની આદિમાં ' ઇટ્ ' થતો નથી. ૧૨૯૪. **वृगट्** ;

૧૫૨૩. **वृगृश्** – **वृतः** = વરેલો, સ્વીકારેલો, ૨૭. **तॄ** – **तीर्त्वा** = તરીને ૮૮૩. **श्रिग्** – **श्रितः** = સેવા કરેલો, ૧૧૨૩. **ऊर्णुगृक्**, **ऊर्णुत्वा** = ઢાંકીને.

उवर्णात् ॥ ४–४–५८ ॥

એક સ્વરવાળા ઉ અને ઊ વર્ણાન્ત ધાતુથી પર વિધાન કરાયેલ કિત્ પ્રત્યયની આદિમાં ' ઇટ્ ' થતો નથી. ૧૦૮૦. **युक्** – **युतः** = મિશ્રણ થયેલો, ૧૫૧૯. **लूगृश्** = **लूनः** = કાપી નાંખેલો.

ग्रह-गुहश्च सनः ॥ ४–४–५९ ॥

ઉવર્ણાન્ત ધાતુ, ग्रह् અને गुह् ધાતુથી પર લાગેલ सन् પ્રત્યયની આદિમાં ' ઇટ્ ' થતો નથી. ૧૦૮૫. **रुक्** – **रुरूषति** = રોવાને ઇચ્છે છે, ૧૫૧૭. **ग्रहीश्** – **जिघृक्षति** = ગ્રહણ કરવાને ઇચ્છે છે, ૯૩૫. **गुहौग्** – **जुघुक्षति** = ગુપ્ત રાખવાને ઇચ્છે છે.

स्वार्थे ॥ ४–४–६० ॥

સ્વાર્થમાં વિધાન કરાયેલ सन् પ્રત્યયની આદિમાં ' ઇટ્ ' થતો નથી. ૧૧૯૨. **गुपच्** – **गुप्** + **स्** +**ते**=**जुगुप्सते**=જુગુપ્સા કરે છે.

डीय-श्व्यैदितः क्तयोः ॥ ४–४–६१ ॥

ડી, શ્વિ અને ઐ અનુબંધવાળા ધાતુથી પર લાગેલ ક્ત અને ક્તવતુ પ્રત્યયની આદિમાં ' ઇટ્ ' ઉમેરાતો નથી. ૧૨૪૯ **डीङच्** – **डीनः**, **डीनवान्** = આકાશમાં ઉડેલો, ૯૯૭ **ट्वोश्वि** – **शूनः** **शूनवान्** = સોજવાળો, ૧૧૭૧. **त्रसैच्** – **त्रस्तः**, **त्रस्तवान्** = ત્રાસ પામેલો.

वेटोऽपतः ॥ ४-४-६२ ॥

જે ધાતુને વિકલ્પે ઇટ્ લાગે છે એવા પત્ ધાતુ વર્જિત એકસ્વરવાળા ધાતુથી પર વિધાન કરાયેલ ક્ત અને ક્તવતુ પ્રત્યયની આદિમાં ' ઇટ્ ' લાગતો નથી. ૧૧૮૮. **रधौच्** - **रुद्धः** = સિદ્ધિ પામેલ, **रुद्धवान्** = સિદ્ધિ પામેલ, " **धूगौदितः** [૪-૪-૩૮] " એ સૂત્રથી વિકલ્પે ઇટ્ લાગે છે.

स-नि-वेरर्दः ॥ ४-४-६३ ॥

સમ્, નિ, અને વિ ઉપસર્ગથી પર રહેલ અર્દ્ ધાતુને લાગેલ ક્ત અને ક્તવતુ પ્રત્યયની આદિમાં ' ઇટ્ ' લાગતો નથી. ૩૦૧. **अर्द** - **समर्णः, न्यर्णः, व्यर्णः, समर्णवान्, न्यर्णवान्, व्यर्णवान्** = પીડા પામેલો, ગયેલો.

अविदूरेऽभेः ॥ ४-४-६४ ॥

અદૂર - નજીક એવા અર્થવાળા અભિ ઉપસર્ગથી પર રહેલ અર્દ્ ધાતુને લાગેલ ક્ત અને ક્તવતુ પ્રત્યયની આદિમાં ' ઇટ્ ' લાગતો નથી. **अभि + अर्द् + त + सि = अभ्यर्णः, अभ्यर्द् + तवात् = अभ्यर्णवान्** = પાસેનો.

वृतेर्वृत्तं ग्रन्थे ॥ ४-४-६५ ॥

ણિ પ્રત્યયાન્ત એવા ગ્રન્થ અર્થવાળા વૃત્ ધાતુથી ક્ત પ્રત્યય લાગતા ' **वृत्त** ' એ પ્રમાણે નિપાતન થાય છે. ૯૫૯. **वृतूङ्** - **वृत् + णि + तः = वृतः गुणः छात्रेण** = વિદ્યાર્થીએ ગુણ પ્રકરણનું અધ્યયન કર્યું.

धृष-शसः प्रगल्भे ॥ ४-४-६६ ॥

प्रगल्भ – निर्भय अर्थमां धृष् अने शस्थी पर रहेल कृत अने कृतवतु प्रत्ययनी आदिमां 'इट्' लागतो नथी. १९७८. **धृषण्-धृष्टः** = निर्भय, ५४९. **शस्-विशस्तः** = धीठ.

कषः कृच्छ्र-गहने ॥ ४-४-६७ ॥

कृच्छ्र – कष्ट अने गहन अर्थमां कष् धातुने लागेल कृत अने कृतवतु प्रत्ययनी आदिमां 'इट्' लागतो नथी. ५०७ **कष-कष्टोऽग्नि** = दुःख रूप अग्नि, **कष्टम्** – **दुःखम्** = दुःख, **कष्टं वनं** – **दुःखगाहम्** = गहन એવું वन.

घुषेरविशब्दे ॥ ४-४-६८ ॥

विशब्द – विविध शब्द अर्थ वर्जित घुष् धातुथी विधान करायेल कृत अने कृतवतु प्रत्ययनी आदिमां 'इट्' थतो नथी. ४९७. **घुष्-घुष्टा रज्जु** – सभान अवयववाणी दोरडी, **घुष्टवान्** = બधा सभान अवयववाळो.

बलि-स्थूले दृढः ॥ ४-४-६९ ॥

બलि अने स्थूलमां कृत प्रत्ययान्त दृह् अथवा दृंह् धातुनो 'दृढ' એવું निपातन थाय छे. **दृढं, दृंह-दृढः** = स्थूल, બलवान्

क्षुब्ध-विरिब्ध-स्वान्त-ध्वान्त-लग्न-म्लिष्ट-फाण्ट-बाढ-परिवृढं मन्थ-स्वर-मनस्-तमस्-सक्ता-ऽस्पष्टा-ऽनायास-भृश-प्रभौ ॥ ४-४-७० ॥

જે ક્ષુબ્ધ વગેરે શબ્દો તે મન્થ વગેરે અર્થમાં કત પ્રત્યયાન્ત '**નિપાતન**' થાય છે. ૧૧૯૯. **ક્ષુભચ્ – ક્ષુબ્ધં – વલ્લુવૈઃ**, = ગોવાળોએ વલોવેલું, **ક્ષુબ્ધઃ સમુદ્રઃ** = ખળ ભળેલો સમુદ્ર **રિભ – વિરિબ્ધઃ – સ્વરઃ** = અવાજ, ૩૨૭. **સ્વન**, ૧૦૫૨. **સ્વન = સ્વાન્તઃ – મનઃ** = મન, ૩૨૫. **ધ્વન**, ૧૦૫૧. **ધ્વન**, ૧૮૮૬. **ધ્વનણ્ – ધ્વાન્તઃ – તમઃ** = અંધકાર, ૧૪૭૦. **ઓલસ્જૈતિ – લગ્નં-સક્તમ્** = આસક્ત, ૧૫૮૧. **મ્લેછણ્ – મ્લિટમ્ –અસ્પષ્ટમ્** = અસ્પષ્ટ. ૧૦૩૭. **ફણ – ફાન્ટમ્ = અનાયાસસાધ્યમ્** = પ્રયત્ન વિના સાધ્ય, **બાહ – બાઢમ્ – મૃશમ્** = ઘણું, ૧૫૮. **વૃહ**, ૧૪૨૧ **વૃહૌત્ – પરિવૃઢઃ – પ્રભુઃ** = ધણું.

आदितः ॥ ૪–૪–૭૧ ॥

આકાર અનુબંધવાળા ધાતુને લાગેલ કત અને કતવતુ પ્રત્યયની આદિમાં '**ઇટ્**' થતો નથી. ૯૪૪. **ઝિમિદાઙ્**, ૧૧૮૦. **ઝિમિદાચ્-ભિન્નઃ, ભિન્નવાન્** = ચીકાશવાળો.

नवा भावा-ऽऽरम्भे ॥ ૪–૪–૭૨ ॥

ભાવ અને આરંભ અર્થ જણાવનાર આકાર અનુબંધવાળા ધાતુને લાગેલ કત અને કતવતુ પ્રત્યયની આદિમાં વિકલ્પે '**ઇટ્**' લાગે છે. **ભિન્નમ્, ભેદિતમ્** = ચિકાશવાળું થયેલ, **ભિન્નવાન્, ભેદિતવાન્** = ચિકાશવાળો.

शकः कर्मणि ॥ ૪–૪–૭૩ ॥

કર્મ અર્થમાં શક્ ધાતુથી વિધાન કરાયેલ કત અને કતવતુ પ્રત્યયની આદિમાં '**ઇટ્**' વિકલ્પે લાગે છે. ૧૨૦૦. **શક્લૃટ્–શક્તઃ**

शकितो वा घटः कर्तुम् = ઘડો કરી શકાય એમ છે.

णौ दान्त - शान्त - पूर्ण - दस्त - स्पष्ट - छन्न - ज्ञप्तम्

॥ ४-४-७४ ॥

ણિ પ્રત્યય પર છતાં કત પ્રત્યયાન્ત દાન્ત વગેરે શબ્દો **'નિપાતન'** વિકલ્પે થાય છે. **१२३१. दमूच् – दान्तः, दमितः** = શાન્ત થયેલો, **१२३०. शमूच् – शान्तः, शमितः** = શાંત થયેલો, **१५३२. पॄश् – पूर्णः, पूरितः** = પૂર્ણ થયેલો, **९३३. दासॄग् – दस्तः, दासितः** = અપાયેલો, **१८४२. स्पशिण् – स्पष्टः, स्पशितः** = ગ્રહણ કરેલ, **१६५५. छदण् – छन्नः, छादितः** = ઢાંકેલો, **१५४०. ज्ञांश् – ज्ञप्तः, ज्ञापितः** = જણાવેલો.

श्वस - जप - वम - रुष - त्वर - संघुषा - ऽऽस्वाना - ऽमः

॥ ४-४-७५ ॥

શ્વસ્ વગેરે ધાતુથી પર રહેલ કત અને કતવતુ પ્રત્યયની આદિમાં વિકલ્પે **' ઇટ્ '** લાગે છે. **१०९०. श्वसक् - श्वसितः, श्वस्तः, विश्वसितवान्, विश्वस्तवान्**=શ્વાસવાળો. **३३८. जप–जपितः, जप्तः, जपितवान्, जप्तवान्** = જપ કરેલો. **९६९. टुवमू – वमितः, वान्तः, वमितवान्, वान्तवान्** = વમેલો. **१७०६. रुषण् – रुषितः, रुष्टः, रुषितवान्, रुष्टवान्** = રોષવાળો. **१०१०. ञित्वरिष् – त्वरितः, तूर्णः, त्वरितवान्, तूर्णवान्**= ત્વરિત. **४९७. घुष् – संघुषितौ, संघुष्टौ दम्यौ** = સારી રીતે આવાજ કરનારો બે વાછડા, **संघुषितवान्, संघुष्टवान्** = જેણે ઘોષણા કરેલ છે. **३२७. स्वन - आस्वनितः, आस्वन्तः, आस्वनितवान्, आस्वान्तवान्** = અવાજવાળો. **३९२. अम - अभ्य-**

मितः, अभ्यान्तः, अभ्यमितवान्, अभ्यान्तवान् = સામે ગયેલો.

हृषेः केश - लोम - विस्मय - प्रतिघाते ॥ ४–४–७६ ॥

કેશ, લોમ, વિસ્મય અને પ્રતિઘાત અર્થ હોય તો હૃષ્ ધાતુથી વિધાન કરાયેલ ક્ત અને ક્તવતુ પ્રત્યયની આદિમાં ' ઇટ્ ' વિકલ્પે લાગે છે. **१२१४. हृषूच् - हृष्ठाः, हर्षिताः केशाः** = ચમકતા વાળ, **हृष्टम्, हर्षितम् लोमभिः** = લોમ – રૂંવાડા ઉંચા થયા, **हृष्टः, हर्षितश्चैत्रः**=ચૈત્ર વિસ્મય પામ્યો, **हृष्टाः, हर्षिताः दन्ताः** = આંબી ગયેલા દાંત, આઘાત પામેલા દાન્ત.

अपचितः ॥ ४–४–७७ ॥

અપ ઉપસર્ગ સહિત ચિ ધાતુને લાગેલ ક્ત પ્રત્યયની આદિમાં વિકલ્પે ' ઇટ્ ' લાગે છે અને તેના યોગમાં ચાનો ' चि ' વિકલ્પે થાય છે. **९१७. चायृग् – अप + चाय् + इ + तः=अपचायितः अपचितः** = પૂજેલો.

सृजि - दृशि - स्कृ - स्वरा - ऽत्वतस्तृज्नित्याऽनिटः थवः ॥ ४–४–७८ ॥

તૃચ્ પ્રત્યય લાગતાં નિત્ય અનિટ્ એવા સૃજ્, દૃશ્, સ્કૃ, સ્વરાન્ત અને અકારવાળા ધાતુથી પર વિધાન કરાયેલ પરોક્ષા વિભક્તિનો થવ્ પ્રત્યયની આદિમાં વિકલ્પે ' ઇટ્ ' લાગે છે. **१३४९. सृजंत् – सृज् + थव् = ससृज् + इ + थव् = ससर्जिथ, सस्रष्ठ** = તેં બનાવ્યું, **४९५. दृशं – ददर्शिथ ददृष्ठ** = તેં જોયું, **८८८. डुकृंग् –सम् + स्सट् + इ + थव् = संचस्करिथ, संचसकर्थ** = તેં સુધાર્યું, **१०६२. यांकृ - ययिथ, ययाथ** = તે ગયો **८९२. डुपचींष् –**

पपञ्चिथ, पपक्थ = તેં પકાવ્યું.

ऋतः ॥ ४-४-७९ ॥

तृच् પ્રત્યય લાગતાં અનિટ્ એવા ઋકારાન્ત ધાતુને લાગેલ પરોક્ષા વિભક્તિના थव् પ્રત્યયની આદિમાં ' ઇટ્ ' ન લાગે. ૮૮૫. **हृग् - हृ + थव् = जहर्तृ + थ = जहर्थ** = તું હરી ગયો.

ऋ वृ-व्ये-ऽद इट् ॥ ४-४-८० ॥

ऋ, वृ, व्ये એને अद् ધાતુને પરોક્ષા વિભક્તિનો थव् પ્રત્યય લાગતા તેની આદિમાં ' ઇટ્ ' લાગે છે. ૨૬. **ऋं, ११३५. ऋंक् - ऋ + थव् = ऋऋ = अऋ = अआर्तृ = आर् + इ + थ = आरिथ** = તું ગયો, ૧૨૯૪ **वृगट् - वृ + थव् = वृवृ = ववृ = ववर् + इ + थ = ववरिथ** = તેં સ્વીકાર્યું, ૯૯૩. **व्यैंग् - सम् + व्ये + थव् = सम् + व्येव्ये = विव्ये + इ + थ = संविव्ययिथ** = તેં ઢાંકયું, ૧૦૫૯. **अदंक् - अद् + थव् = आदिथ** = તેં ખાધું.

स्कृ असृ-वृ-भृ-स्तु-द्रु-श्रु-स्त्रोः व्यञ्जनादेः परोक्षायाः ॥ ४-४-८१ ॥

स्कृ, वृ, भृ, स्तु, द्रु, श्रु, અને स्रु ધાતુ વર્જિત સર્વ ધાતુઓને તથા स्सट् પ્રત્યય સહિત कृ ધાતુને લાગેલ આદિમાં વ્યંજનવાળા પરોક્ષા વિભક્તિના પ્રત્યયની આદિમાં ' ઇટ્ ' લાગે છે. **सम् + कृ + व = संचस्कृ + व = संचस्कर् + इ + व = संचस्करिव** = અમે બેએ સંસ્કાર કર્યો, ૭. **दां - ददिव** = અમે બેએ આપ્યું, ૧૨૯૦. **चिगट् - चि + वहे = चिचि + इ + वहे = चिच्य् + इ + वहे = चिच्यिवहे** = અમે બેએ સંગ્રહ કર્યો.

घसेकस्वराऽऽतः क्वसोः ॥ ४-४-८२ ॥

ઘસ્ ધાતુ એક સ્વરવાળા ધાતુ અને આકારાન્ત ધાતુથી વિધાન કરાયેલ ક્વસુ પ્રત્યયની આદિમાં 'ઇટ્' ઉમેરાય છે. ૫૪૪. **घस्लृं** - **घस्** + **क्वसु** = **जघ्सू** + **इ** + **वस्** = **जक्ष्** + **इ** + **वस्** = **जक्षिवान्** = જમેલો, ભોજન કરેલો, ૧૦૫૯. **अदंक्** - **अद्**+**वस्** = **आद्** + **इ** + **वस्** = **आदिवान्** = ભોજન કરેલો, ૧૦૬૨. **यांक्** - **या** + **वस्** = **यया** + **इ** + **वस्** = **यायिवान्** = ગયેલો,

गम-हन-विद्लृ-विश-दृशो वा ॥ ४-४-८३ ॥

ગમ્ હગેરે ધાતુને લાગેલ ક્વસુ પ્રત્યયની આદિમાં 'ઇટ્' વિકલ્પે લાગે છે. ૩૯૬. **गम्लृं** - **गम्** + **वस्** = **जगम्** + **इ** + **वस्** = **जग्म्** + **इवस्** = **जग्मिवान्**, **जगन्वान्** = ગયેલો, ૧૧૦૦. **हनंक्** - **हन्** + **वस्** = **जघन्** + **इ** + **वस्** = **जघ्न्** + **इवस्** = **जघ्निवान्**, **जघन्वान्**, = હણનારો, ૧૩૨૨. **विद्लृंती** - **विद्** + **वस्** = **विबिद्** + **इ** + **वस्** = **विविदिवान्**, **विविद्वान्** = લાભ પામનાર, ૧૪૧૫. **विशंत्** - **विश्** + **वस्** = **विविशिवान्**, **विविश्वान्** = પ્રવેશ કરનારો, ૪૯૫. **दृशंृ** - **दृश्** + **वस्** = **ददृशिवान्**, **ददृश्वान्** = જોનારો.

सिचोऽञ्जेः ॥ ४-४-८४ ॥

અઞ્જ્ ધાતુને લાગેલ સિચ્ પ્રત્યયની આદિમાં 'ઇટ્' લાગે છે. ૧૪૮૮. **अञ्जौप्** - **अञ्ज्** + **त्** = **अ**+**अञ्ज्** + **इ** + **स्** + **त्** = **आञ्ज्** + **ई** + **स्** + **इ** + **त्** = **आञ्जीत्** = તેણે આંજ્યું,

धृग्-सु-स्तोः परस्मै ॥ ४-४-८५ ॥

ધૂગ્, સુ અને સ્તુ ધાતુથી વિધાન કરાયેલ પરસ્મૈપદ સંબંધિ સિચ્ પ્રત્યયની આદિમાં 'ઈટ્' લાગે છે. **૧૨૯૧. धूगट् - धू + त् = अ + धू + ई + स् + इ + त् = अधो + ई + इ + त् = अधावीत्** = તે કંપ્યો, **૧૦૭૮. षुंक् - सु + त् = असु + ई + स् + इ + त् = असांवीत्** = પ્રસવ થયો, **૧૨૪. ष्टुंग्क् - स्तु + ई + स् + इ + त् = अस्तावीत्** = તેણે સ્તુતિ કરી.

यमि-रमि-नम्यातः सोऽन्तश्च ॥ ४-४-८६ ॥

યમ્, રમ્, નમ્ અને આકારાન્ત ધાતુથી પર લાગેલ પરસ્મૈપદ સંબંધિ સિચ્ પ્રત્યયની આદિમાં 'ઈટ્' થાય છે. અને તેના યોગમાં 'સ્' અન્તાવયવ થાય છે. **૩૮૬. यमूं - अ + यम् + स् + ई + स् + इ + त् = अयंसीत्** = તે અટક્યો, **૯૮૯. रमिं - वि + अ + रम् + स् + ई + स् + इ + त् = व्यरंसीत्** = તે અટકી ગયો, **૩૮૮. णमं - अ + नम् + स् + ई + स् + इ + त् = अनंसीत्** = તે નમ્યો, **૧૦૬૨. यांक् - अ + या + स् + इ + स् + ताम् = अयास् + स् + इ + स् + ताम् = अयासिष्टाम्** = તે બે ગયા.

ईशीडः से-ध्वे-स्व-ध्वमोः ॥ ४-४-८७ ॥

ઇશ્ અને ઇડ્ ધાતુથી લાગેલ વર્તમાન વિભક્તિના સે અને ધ્વે પ્રત્યયની તથા પંચમી વિભક્તિના સ્વ અને ધ્વમ્ પ્રત્યયની આદિમાં 'ઈટ્' થાય છે. **૧૧૧૬. ईशिक् - ईश् + इ + से = ईशिषे** = તું સમર્થ છે, **ईशिध्वे** = તમે સમર્થ છો, **ईशिष्व** = તું સમર્થ થા **ईशिध्वम्** = તમે સમર્થ થાઓ, **૧૧૧૪. ईडिक् - ईडिषे** = તું સ્તુતિ કરે છે, **ईडिध्वे** = તમે સ્તુતિ કરો છો, **ईडिष्व** = તું સ્તુતિ કર, **ईडिध्वम्** = તમે સ્તુતિ કરો.

रुत्पञ्चकात् शिदयः ॥ ४-४-८८ ॥

રુદાદિ પાંચ ધાતુથી પર લાગેલ યકારાદિ ભિન્ન વ્યંજનાદિ શિત્ પ્રત્યયની આદિમાં 'ઈટ્' લાગે છે. ૧૦૮૭. **रुदक्** - **रुद्** + **इ** + **ति** + **रोदिति** = તે રોવે છે, ૧૦૮૮. **ञिष्वपंक्** - **स्वपिति** = તું સુવે છે, ૧૦૮૯. **अनक्** - **प्र** + **अन** + **इ** + **ति** = **प्राणिति** = તે જીવે છે, ૧૦૯૦. **श्वसक्-श्वसिति** = તે શ્વાસ લે છે, ૧૦૯૧. **जक्षक्** - **जक्षिति** = તે ખાય છે.

दि-स्योरीट् ॥ ४-४-८९ ॥

રુદાદિ પાંચ ધાતુથી પર રહેલ ઙ્તની વિભક્તિના દિ અને સિ પ્રત્યયની આદિમાં 'ઈટ્' દીર્ઘ ઈ લાગે છે. **अ** + **रुद्** + **ई** + **त्** = **अरोदीत्** = તે રડ્યો, **अ** + **रुद्** + **ई** + **स्** = **अरोदीः**=તું રડ્યો.

अदश्चट् ॥ ४-४-९० ॥

અદ્ ધાતુ તથા રુદાદિ પાંચ ધાતુથી પર લાગેલ ઙ્તની વિભક્તિના દિ અને સિ પ્રત્યયની આદિમાં '**अट्**' લાગે છે. ૧૦૫૯. **अदंक्** - **अ** + **अद्** = **अ** + **अद्** + **अ** + **त्** = **आदत्** = તે જમ્યો, **अ** + **अद्** + **अ** + **स्** = **आदः** = તું જમ્યો, **अ** + **रुद्** + **अ** + **त्** = **अरोदत्** = તે રડ્યો, **अ** + **रुद** + **अ** + **स्** = **अरोदः**=તું રડ્યો.

संपरेः कृगः स्सट् ॥ ४-४-९१ ॥

સમ્ અને પરિ ઉપસર્ગથી પર રહેલ કૃગ્ ધાતુની આદિમાં '**स्सट्**' પ્રત્યય ઉમેરાય છે. ૮૮૮. **डुकृंग्** - **सम्** + **कृ** + **ति** = **सम्** + **स्सट्** + **कृ** + **ति** = **संस्करोति कन्याम्** = કન્યાને સંસ્કારે

– શણગારે છે, **परि + कृग् = परि + सू + कृ + ति = परिस्करोति कन्याम्** = કન્યાને શણગારે છે.

उपाद् भूषा–समवाय–प्रतियत्न–विकार–वाक्याहारे ॥ ४–४–९२ ॥

શોભા, સમૂહ, વારંવાર, વિકાર અને વાક્યના અધ્યાહાર અર્થમાં ઉપ ઉપસર્ગ સહિત કૃગ્ ધાતુની આદિમાં '**સ્સટ્**' પ્રત્યય લાગે છે. **उप + सू + कृ + ति = उपस्करोति कन्याम्** = કન્યાને શણગારે છે. **तत्र नः उपस्कृतम्** = ત્યાં અમારૂં સામૂહિક કાર્ય છે' **एषोदकम् उपस्कुरुते** = લાકડાને વારંવાર પાણીમાં રાખવાનો પ્રયત્ન કરે છે, **उपस्कृतं भुङ्क्ते** = વધારેલું ખાય છે, **सोपस्कारं सूत्रम्** = સૂત્ર વાકયતા અધ્યાહારવાળું છે.

किरो लवने ॥ ४–४–९३ ॥

લવન – કાપવું અર્થમાં ઉપ ઉપસર્ગ સહિત કૃ ધાતુની આદિમાં '**સ્સટ્**' લાગે છે. ૧૩૩૪. **कृत् – उप + सू + क+य=उपस्कीर्य मद्रकाः लुनन्ति** = મદ્ર દેશના લોકો ફેંકતા જાય છે અને કાપતા જાય છે.

प्रतेश्च वधे ॥ ४–४–९४ ॥

વધ–હિંસાના અર્થમાં અથવા હિંસાનો સંબંધ જણાતો હોય તો ઉપ અને પ્રતિ ઉપસર્ગ સહિત કૃ ધાતુની આદિમાં '**સ્સટ્**' ઉમેરાય છે. ૧૫૨૯. **कृश् १५२२. कृग्श् – प्रति + सू + कृ + त = प्रतिस्कीर्णम्, उपस्कीर्णम् वा ह ते वृषल ! भूयात्** = હે શૂદ્ર ! તને હિંસા સંબંધમાં વિક્ષેપ થાઓ' **प्रतिचस्करे नखैः**= તેણે નખ વડે ચીરી નાંખ્યો.

अपात् चतुष्पात्–पक्षि–शुनि हृष्टा–ऽन्नाऽऽश्रयार्थे ॥ ४–४–९५ ॥

ચાર પગવાળા મદવાળા પશુ, અન્ન – ભક્ષ્યનો અર્થી પક્ષી અને આશ્રયનો અર્થી કુતરો કર્તા રૂપ હોય તો, અપ ઉપસર્ગ સહિત કૃ ધાતુની આદિમાં 'स्सट्' લાગે છે. **अपस्किरते गौः हृष्टः** – હર્ષના આવેગમાં છકેલ સાંઢ શીંગડાવડે બેખડ પાડે છે, **अपस्किरते कुक्कुटो भक्ष्यार्थी** = ખાવાનું મેળવવાનો અર્થી એવો કુકડો ઉકરડાને ઉખેડે છે, **अपस्किरते श्वा**=આશ્રય સ્થાનનો અર્થી એવો કુતરો ધૂળના ઢગલા આદિને ઉખેળે છે.

वौ विष्किरो वा ॥ ४–४–९६ ॥

વિ ઉપસર્ગ સહિત કૃ ધાતુનો પક્ષી અર્થમાં 'विष्किर' નિપાતન થાય છે **वि + स्‌ + कृ = विष्किरः, विकिरः पक्षी** = પક્ષી – પંખી.

प्रात् तुम्पतेर्गवि ॥ ४–४–९७ ॥

પ્ર ઉપસર્ગ સહિત તુમ્પ્ ધાતુની આદિમાં ગાય અથવા બળદ રૂપ કર્તા હોય તો 'स्सट्' લાગે છે. ૩૪૪. **तुम्प – प्र + स्‌ + तुम्प्‌ + ति = प्रस्तुम्पति गौः** = ગાય શિંગડુ મારે છે.

उदितः स्वरान्नोऽन्तः ॥ ४–४–९८ ॥

ઉકાર અનુબંધવાળા ધાતુના સ્વરની પછી 'न्' અન્તાગમ થાય છે. ૩૧૨. **टुनदु–नद् + ति = न+न्+द्+शव्+ति=नन्दति** તે સમૃદ્ધ થાય છે, ૬૯૦. **कुडङ् – कुन्ड् + आ=कुन्डा** = વનસ્પતિ વિશેષ.

मुचादि-तृफ-दफ-गुफ-शुभोभः शे ॥ ४-४-९९ ॥

મુચ્યાદિ ધાતુ તથા तृफ्, दफ्, शुभ्, અને ઉંભ્ ધાતુના સ્વર પછી વિકરણ પ્રત્યય श લાગતાં ' न् ' અન્તાગમ લાગે છે. **१३२०. मुच्लंती - मुच् + ति = मु + न् + च् + श + ति= मुञ्चति** = તે મૂકે છે, **१३२७. पिशत् - पिश्+ति = पि + न् + श् + अ + ति = पिशन्ति** = તે પીશે છે, **१३७७. तृफत् - तृम्फति** = તે તૃપ્ત થાય છે, **१३८४. गुफत् - गुम्फति** = તે ગૂંથે છે, **१३८१. दफत् - दम्फति** = તે કલેશ કરે છે, **१३८७. शुभत् - शुम्भति** = તે શોભે છે, **१३८५. उभत् - उम्भति** = તે ભરે છે.

जभः स्वरे ॥ ४-४-१०० ॥

સ્વરાદિ પ્રત્યય પર છતાં, जभ् ધાતુના સ્વર પછી ' न् ' અન્તાગમ થાય છે. **३७९. जभ - जभ् + घञ् = ज + म् + भ् + अ + स् = जम्भः** = મૈથુન.

रध इटि तु परोक्षायामेव ॥ ४-४-१०१ ॥

સ્વરાદિ પ્રત્યય પર છતાં, रध् ધાતુના સ્વર પછી ' न् ' અન્તાગમ થાય છે. પરંતુ જો इट् પ્રત્યય લાગેલ હોય તો પરોક્ષા વિભક્તિના પ્રત્યયમાં જ ' न् ' અન્તાગમ થાય છે. **११८८. रधौच् - रध् + घञ् = र + न् + ध् + अ + स् = रन्धः** = સિદ્ધિ, **रध् + व = रन्ध् + इ + व = रन्धिव** = અમે બેએ સિદ્ધિ મેળવી.

रभोऽपरोक्षा-शवि ॥ ४-४-१०२ ॥

પરોક્ષા વિભક્તિના પ્રત્યયો અને शव् પ્રત્યય વર્જિત સ્વરાદિ

પ્રત્યય પર છતાં, રભ્ ધાતુના સ્વર પછી ' न् ' અન્તાગમ થાય છે. ૭૮૫. **रभिं – आ + रभ् + घञ् = आ + रन्भ् + अ + स् = आरम्भः** = આરંભ.

लभः ॥ ४–४–१०३ ॥

પરોક્ષાવિભક્તિના પ્રત્યયો અને शव् પ્રત્યય વર્જિત સ્વરાદિ પ્રત્યય પર છતાં, લભ્ ધાતુના સ્વર પછી ' न् ' અન્તાગમ થાય છે. ૭૮૬. **डुलभिंष् – लभ + णक = लम्भ् + अक + स् = लम्भकः** = લાભ મેળવનાર.

आङो यि ॥ ४–४–१०४ ॥

યકારાદિ પ્રત્યય પર છતાં, આङ્ પૂર્વકના લભ્ ધાતુના સ્વર પછી ' न् ' અન્તાગમ થાય છે. **आलभ् + या = आलन्भ + या = आलम्भ्या गौः** = યજ્ઞમાં વધ લાયક ગાય.

उपात्स्तुतौ ॥ ४–४–१०५ ॥

યકારાદિ પ્રત્યય પર છતાં, ઉપ સહિત લભ્ ધાતુના સ્વર પછી ' न् ' અન્તાગમ થાય છે. જો સ્તુતિ અર્થ જણાતો હોય તો, **उप +लभ् + या=उपलम्भ्या विद्या**=વિદ્યા મેળવવી એ પ્રશંસનીય છે.

ञि–ण्णमोर्वा ॥ ४–४–१०६ ॥

ञि અને ण्णम् પ્રત્યય પર છતાં લભ્ ધાતુના સ્વર પછી વિકલ્પે ' न् ' અન્તાગમ થાય છે. **अ + लभ् + ञि = अलन्भ् + इ + त = अलम्भि, अलाभि** = મેળવ્યું. **लभ् + ण्णम् = लम्भंलम्भम् = लाभंलाभम्** = મેળવી મેળવીને.

उपसर्गात्खल-घञोश्च ॥ ४-४-१०७ ॥

ખત્, ઘઞ્, ઞિ. અને ખ્યુઞ્ પ્રત્યય લાગતા, ઉપસર્ગ સહિતના લભ્ ધાતુના સ્વર પછી ' न् ' અન્તાગમ થાય છે. **दुस् + प्र + लभ् + खल् = दुष्प्रलम्भम्** = દુઃખે મેળવી શકાય એવું, **प्र + लभ् + घञ् = प्रलम्भः** = લાભ. **प्र + लभ् + ञि = प्रालम्भि** = તેણે મેળવ્યું, **प्र + लभ् + खणम् = प्रलम्भंप्रलम्भम्** = મેળવી મેળવીને.

सु-दुर्यः ॥ ४-४-१०८ ॥

ખલ્ અને ઘઞ્ પ્રત્યય પર છતાં, કોઇપણ ઉપસર્ગ પછી અથવા એકલા सु, दुर् અને सुदुर् ઉપસર્ગ યુકત લભ્ ધાતુના સ્વર પછી ' न् ' અન્તાગમ થાય છે. **अति + सु+लभ्+ खल् = अतिसुलम्भम्** = અત્યન્ત સુલભ, **अतिदुर्लम्भम्** = અત્યન્ત દુર્લભ, **अति + सु + लभ् + घञ् = अतिसुलम्भः** = અતિસુલભ, **अतिदुर्लभः** = અતિ દુર્લભ, **अति + सु + दुर् + लभ् + खल् = अतिसुदुर्लम्भम्** = અત્યન્ત સુદુર્લભ, **अति +सुदुर् + लभ् + घञ् = अतिसुदुर्लम्भः** = અત્યન્ત સુદુર્લભ.

नशो धुटि ॥ ४-४-१०९ ॥

ધુડાદિ પ્રત્યય પર છતાં, નશ્ ધાતુના સ્વર પછી ' न् ' અન્તાગમ થાય છે. ૧૨૦૨. **नशौच् = नश् + ता = नंष्टा** = નાશી જનાર, નાશ પામનાર.

मस्जेः सः ॥ ४-४-११० ॥

ધુડાદિ પ્રત્યય પર છતાં, मस्ज् ધાતુના સકારનો ' न् ' આદેશ

થાય છે. ૧૩૫૨. **દુમસ્જોંત્** – **મસ્જ્** + **તા** = **મન્જ્** + **તા** = **મક્ક્તા** = માંજનારો.

अः सृजि–दृशोऽकिति ॥ ४–४–१११ ॥

જો કિત્ સંજ્ઞક પ્રત્યય પર ન હોય તો ધુડાદિ પ્રત્યય પર છતાં સૃજ્ અને દૃશ્ ધાતુના સ્વરની પછી 'અ' અન્તાગમ થાય છે. ૧૩૪૯. **સૃજંત્** – **સૃજ્** + **તા** = **સૃ** + **અ** + **જ્** + **તા** = **સ્રષ્ટા** = સર્જનહાર, ૪૯૬. **દ્રષ્ટું** – **દૃશ્** + **તુમ્** = **દ** + **અ** + **શ્** + **તુમ્** = **દ્રષ્ટુમ્** = જોવા માટે.

स्पृशादि–सृपो वा ॥ ४–४–११२ ॥

જો કિત્ સંજ્ઞક પ્રત્યય વર્જિત ધુડાદિ પ્રત્યય પર છતાં, સ્પૃશ્ વગેરે ધાતુ, તથા સૃપ ધાતુને સ્વરની પછી 'અ' અન્તાગમ વિકલ્પે થાય છે. ૧૪૧૨. **સ્પૃશંત્** – **સ્પૃશ્** + **તા** = **સ્પૃ** + **અ** + **શ્** + **તા** = **સ્પ્રષ્ટા** **સ્પષ્ટા** = સ્પર્શ કરનાર, ૧૪૧૬. **સૃશંત્** = **સ્રષ્ટા**, **મષ્ટા** = સ્પર્શ કરનાર, ૫૭૬. **કૃષં** – **ક્રષ્ટા**, **કષ્ટા** = ખેડનાર, ૧૧૮૯. **તૃપોચ્** – **ત્રપ્તા**, **તપ્તા** = તૃપ્ત થનાર, ૧૧૯૦. **દૃપોચ્** – **દ્રપ્તા**, **દપ્તા** = ગર્વ કરનાર, હર્ષ કરનાર, ૩૪૧. **સૃપ્લૃં** – **સ્રપ્તા**, **સપ્તા** = સર્પની જેમ ચાલનાર.

ह्रस्वस्य तः पित्कृति ॥ ४–४–११३ ॥

પ નિશાનવાળા કૃદન્ત ધાતુ પર છતાં, હ્રસ્વાન્ત ધાતુને 'ત્' અન્તાગમ થાય છે. ૩૯૬. **ગમ્લૃં** – **જગમ્** + **ક્વિપ્** = **જગ** + **ક્વિપ્** = **જગ** + **ત્** = **જગત્** = "**યમિ** – **રમિ૦** [૪–૨–૫૬]" એ સૂત્રથી જગમના મકારનો લોપ થયો છે.

अतो म आने ॥ ४-४-११४ ॥

ધાતુને છેડે અકાર હોયતો, એવા ધાતુથી વિધાન કરાયેલ આન પ્રત્યયના અકારનો 'म' આદેશ થાય છે. અર્થાત્ આન પ્રત્યયને સ્થાને 'मान' આદેશ થાય છે ૮૯૨. **डुपचींष् - पच् + अ + आन = पचमानः** = રાંધતો.

आसीनः ॥ ४-४-११५ ॥

આસ્ ધાતુને આન પ્રત્યય લાગતા 'आसीन' એવું નિપાતન થાય છે. ૧૧૧૯. **आसिक् - आस् + आनः = आसीनः** = બેસતો, **उद् + आस् + आनः = उदासीनः** = ઉદાસીન.

ऋतां क्ङितिर् ॥ ४-४-११६ ॥

ક્ઙિત્ સંજ્ઞક અને ઙિત્ સંજ્ઞક તથા ક્ અનુબંધવાળા અને ઙ્ અનુબંધવાળા પ્રત્યય પર છતાં દીર્ઘ ઋકારાન્ત ધાતુના દીર્ઘ ઋ ને સ્થાને 'ઈર્' આદેશ થાય છે. ૨૭. **तॄ - तॄ + क्तम् = तीर्णम्** = તરેલું, ૧૩૩૪. **कृत् - कृ + शव् + ति = कीर्रति** = કેંકે છે.

ओष्ठ्यादुर् ॥ ४-४-११७ ॥

ક્ઙિત્ અને ઙિત્ અથવા ક્કાર અને ઙ્કાર નિશાનવાળા પ્રત્યય પર છતાં ધાતુના ઓષ્ઠ-પવર્ગથી તથા વકારથી પર, દીર્ઘ ઋકાર આવેલ હોય તો, તે દીર્ઘ ઋકારને સ્થાને 'ઉર્' આદેશ થાય છે. **१५३२. पॄश् - पॄ + क्विप् = पूर् + क्विप् = पूः** = નગરી, **१५३४. भॄश - भॄ + सन् + ति = बुभुर् + सति = बुभूर्षति** = ભરણ પોષણ કરવાને **१५२३. वॄग्श् - वॄ + सन् + ते = वुवूर् + स + ते = वुवूर्षते** = વરવાને ઇચ્છે છે.

इसासः शासोऽङ्-ङ्यञ्जने ॥ ४-४-११८ ॥

અઙ્ પ્રત્યય તથા કિત્ અને ઙિત્ સંજ્ઞક તથા ઙકાર અને ઞકાર નિશાનવાળા એવા વ્યંજનાદિ પ્રત્યય પર છતાં, शास् ધાતુના આસના સ્થાને 'ઇસ્' આદેશ થાય છે. ૨૦૯૨. **शासूक् - अ + शास् +अङ् + त्** = **अ + शिष् + अ + त्** = **अशिषत्** = તેણે અનુશાસન કર્યું, **शास् + क्त** = **शिष् + त + स्** = **शिष्टः** = અનુશાસન પામેલો.

क्वौ ॥ ४-४-११९ ॥

ક્વિપ્ પ્રત્યય પર છતાં, शास् ધાતુના આસનો 'ઇસ્' આદેશ થાય છે. **मित्र + शास् + क्विप्** = **मित्र + शिष् + क्विप्** = **मित्रशीः** = મિત્રને સમજાવનાર.

आङः ॥ ४-४-१२० ॥

આઙ્ ઉપસર્ગ સાથે આવેલ शास् ધાતુના આસનો ક્વિપ્ પ્રત્યય પર છતાં, 'ઇષ્' આદેશ થાય છે. **आ + शास् + क्विप्** = **आ + शिष् + क्विप्** = **आशीः** = આશીર્વાદ.

ग्वोः प्वयूव्यञ्जने लुक् ॥ ४-४-१२१ ॥

પુ આગમ અને યકાર વર્જિત વ્યંજનાદિ પ્રત્યય પર છતાં, यू નો અને व् નો 'લોપ' થાય છે. ૮૦૨. **क्नूयैङ्-क्नूय्+पु+ णि + शव् + तिप्** = **क्नोपयति** = અવાજ કરાવે છે. ૮૦૩. **क्ष्मायैङ् - क्ष्माय् + तम्** = **क्ष्मातम्** = વધારે કંપ્યું, ૧૧૪૪. **दिवूच् - दिव् + य + क्विप् +सि=दिदिव्य + क्विप्** = **दिदिवः** = ક્રિડા કરનાર, **सौत्र-कण्डुग् - कण्डुय् +क्विप्** = **कण्डुः** = ખંજવાળ

क्रोपयति त्यां " **अर्तिo** [४-२-२१] " એ सूत्रथी पु (प्) आगम थयेल छे.

कृतः कीर्तिः ॥ ४-४-१२२ ॥

कृत् धातुनुं ' कीर्ति ' એ प्रमाणे રૂપ थाय छे. १६४९. **कृतण्** - **कृत्** + **णिच्** + **शव्** + **तिव्** = **कीर्त्** + **इ** + **अ** + **ति** = **कीर्तयति** = कीर्ति करे छे. कीर्ति त्यां ईकारने परंपरागत अन्त्य मंगल-રૂપ समजवानो छे अर्थात् कृत् ने स्थाने कीर्त् आदेश थाय छे.

[इति आख्यातप्रकरणम्]

इत्याचार्य श्रीहेमचन्द्रविरचिते सिद्धहेमशब्दानुशासने श्रीविजयमहिमाप्रभसूरिकृत-बालबोधिनीवृत्तेः चतुर्थाऽध्यायस्य चतुर्थपादः ॥

दुर्योधनोर्वीपतिजैत्रबाहु - र्गृहीतचेदीशकरोऽवतीर्णः ।
अनुग्रहीतुं पुनरिन्दुवंशं, श्रीभीमदेवः किल भीम एव ॥ १६ ॥

दुर्योधनराजाने જીतवावाणा બाहुओथी જेणे चेदी देशना राजानो पण हर लीधो छे, એवो भीम જ જाणे भीमदेव રૂપे ફरीथी चंद्रवंशनो अनुग्रह करवा माटे अवतर्यो होय એम लागे छे. १६.

इति कलिकालसर्वज्ञ श्रीहेमचन्द्रसूरिभगवत्प्रणीतं शब्दानुशासनस्य लघुवृत्त्यावचूर्णिनी शासनसम्राट् श्रीविजयनेमिसूरीश्वर-पट्टधर श्रीविजयमहिमाप्रभसूरिकृत गुर्जरभाषायां बालावबोधिनीवृत्तेः

चतुर्थोऽध्यायः समाप्तः ॥

[अथ प्रथमं परिशिष्टम्]

[सेट् - अनिट् अने वेट् धातुनी व्याख्या]

धातुना बे प्रकार छे. १ स्वरान्त - जेने छेडे स्वर होय ते. २ व्यंजनान्त - जेने छेडे व्यंजन होय ते. आ बन्ने प्रकारना धातुना त्रण त्रण भेद छे. १. **सेट्**, २. **अनिट्** अने ३. **वेट्** । जे धातुने नित्य **इट्** प्रत्यय लागतो होय ते **सेट्** धातु कहेवाय छे. जे धातुने **इट्** प्रत्यय न लागतो होय ते **अनिट्** धातु कहेवाय छे. अने जे धातुने विकल्पे **इट्** लागतो होय ते **वेट्** धातु कहेवाय छे.

[सेट् - अनिट् अने वेट् ने जणावनार सूत्रो]

" **स्ताद्यशितो०** [४-४-३२] " धातुथी पर विधान करायेल शित्, त्र अने ऊणादि प्रत्यय वर्जित सकारादि अने तकारादि प्रत्ययनी आदिमां **इट्** प्रत्यय लागे छे. अने ते **सेट्** धातु कहेवाय छे. जेमके - **१५१९. लूग्श्-** छदने । **लू + स्यति = लू + इट् + स्यति = लविष्यति** = कापशे, **लू + तृच् = लू + इ +ता=लविता** = कापनारो.

"**एकस्वराद०** [४-४-५६]" एकस्वरवाळा अने अनुस्वरेत्- अनुस्वार अनुबंधवाळा धातुथी पर विधान करायेल शित् प्रत्यय वर्जित सकारादि अने तकारादि प्रत्ययनी आदिमां '**इट्**' लागतो नथी. अने ते **अनिट्** धातु कहेवाय छे. जेमके - २ **पां - पाने** । **१०६७. पांक् - रक्षणे** । **पा + तृच् = पाता** = पीनारो तथा रक्षण करनारो.

" **धूगौदितः** [४-४-३८] " धूग् धातु अने औदित् धातुथी पर विधान करायेल शित् वर्जित सकारादि - अने तकारादि

પ્રત્યયની આદિમાં વિકલ્પે ઇટ્ લાગે છે. અને તો **વેટ્** ધાતુ કહેવાય છે જેમકે – **૧૫૨૦. ધૂગ્શ્ – કમ્પને** ધૂ + **તૃચ્** = **ધોતા, ધયિતા**= કંપનારો. **૧૧૮૮. રધોચ્ – હિંસા – સંરાદ્ધયોઃ** । **રધ્** = **તૃચ્** = **રધિતા, રદ્ધા** = હિંસા કરનારો, પકાવનારો.

[સેટ્ કારિકા]

શ્વિ-શ્રિ-ડી-શી-યુ રુ-ક્ષ્નુ-ક્ષ્ણુ, ણુ-સ્નુભ્યશ્ચ વૃગો-વૃઙઃ ।
ઉદૃદન્ત – યુજાદિભ્યઃ સ્વરાન્તા ધાતવઃ ઘરે ॥ ૨ ॥
પાઠ પકસ્વરાઃ સ્યુર્યેઽનુસ્વારેત ઇમે સ્મૃતાઃ ।

આ બેઢ કારિકામાં જણાવેલ તમામ સ્વરાન્ત ધાતુ **સેટ્** સમજવાના છે. તે સિવાયના એકસ્વરવાળા અનુસ્વારેત્ સ્વરાન્ત જે જે ધાતુઓ હોય તે તમામ ધાતુઓ **અનિટ્** સમજવા.

સેટ્ ધાતવઃ-શ્વિ = ૯૯૭ **ટ્વોશ્વિ [શ્વિ] ગતિ-વૃદ્ધયોઃ** । **શ્રિ** = ૮૮૩ **શ્રિગ્ [શ્રિ] સેવાયામ્** । **ડી** = ૫૮૮ **ડીઙ્ [ડી] વિહાયસાંગતૌ**। ૧૨૪૯. **ડીઙ્ચ્ [ડી] ગતૌ**। **શી**=૧૦૫ **શીઙ્ક્ [શી] સ્વપ્ને**। ૧૦૮૦ **યુ**=**યુક્ [યુ] મિશ્રણે**। અહિં ૧૫૧૩. **યુગ્શ્–બન્ધને** । આ ધાતુ લેવાનો નથી, તથા ૧૮૦૪ **યુણિ-જુગુપ્સાયામ્** । એ ધાતુ યુરાદિગણનો હોવાથી અનેકસ્વરવાળા હોવાથી સ્વયં સેટ્ છે. **રુ** = ૧૦૮૫ **રુક્ [રુ] શબ્દે** । અહિં ૫૯૯ **રુઙ્ – રેષણે ચ** । એ ધાતુ નથી લેવાનો. **ક્ષ્નુ** = ૧૦૮૪ **ટુક્ષ્નુક્ [ક્ષ્નુ] શબ્દે** । **ક્ષ્ણુ** = ૧૦૮૨ **ક્ષ્ણુક્ [ક્ષ્ણુ] તેજને** । **ણુ** = ૧૦૮૧ **ણુક્ [ણુ] સ્તુતૌ**। **સ્નુ** = ૧૦૮૩ **સ્નુક્ [સ્નુ] પ્રસ્નવને**। **વૃગો** = ૧૨૯૪ **વૃગ્ટ્ [વૃ] વરણે** । **વૃઙઃ** = ૧૫૬૭ **વૃઙ્શ્ [વૃ] સમ્ભક્તૌ** । **ઊદૃદન્તઃ** = ૧ **ભૂ [ભૂ] સત્તાયામ્** । વગેરે સર્વ દીર્ઘ ઊકારાન્ત ધાતુઓ ગ્રહણ

કરવા, તથા **૧૫૩૭ नृश् [नृ] नये** । વગેરે સર્વ દીર્ઘ ઋકારાન્ત ધાતુઓ ગ્રહણ કરવા.

युजादिभ्यः = યુજાદિગણમાં કહેલા ધાતુ જેવા કે - **૧૯૪૩ लीण् [ली] द्रवीकरणे । ૧૯૪૪ मीण् [मी] मतौ । ૧૯૪૫ प्रीणृण् [प्री] तर्पणे । ૧૯૪૬ धूगृण् [धू] कम्पने । ૧૯૪૭ वृगृण् [वृ] आवरणे । ૧૯૪૮ जृष् [जृ] वयोहानौ ॥ इति सेट् धातवः ॥ ૧ ॥** આ સિવાયના એકસ્વરવાળા અનુસ્વરેત્ સ્વરાન્ત તમામ ધાતુઓ **अनिट्** સમજવા. ॥ ૧ ॥

[अनिट् कारिका]

द्विविधोऽपि शकिश्चैव वचिर्विचिरिची पचिः ॥ २ ॥
सिञ्चतिर्मुचिरतोऽपि पृच्छतिभ्रस्जिमस्जिभूजयो युजिर्यजिः ॥
ष्वञ्जिरञ्जिरुजयो णिजिविजृषञ्जिभञ्जिभजयः सृजित्यजी ॥३॥
स्कन्दिविद्यविद्लविन्तयो नुदिः स्विद्यतिः शदिसदी भिदिच्छिदी ।
तुद्यदी पदिहदी खिदिक्षुदी राधिसाधिशुधयो युधिव्यधी ॥४॥
बन्धिबुध्यरुधयः क्रुधिक्षुधि सिध्यतिस्तदनु हन्तिमन्थती ।
आपिना तपिशपिक्षिपिच्छुपी लुम्पतिः सृषिलिपी वपिस्वयीः॥५॥
यभिरभिलभियमिरमिनमिगमयः कुशिलिशिरुशिरिशिदिशति दृशयः ।
स्पृशिमृशतिविशतिदृशिशिष्लृशुषयस्त्विषिपिषिविष्लृकृषितुषि दुषिपुषयः ॥ ६ ॥
श्लिष्यतिद्विषिरतो घसिवसती रोहतिर्लुहिरिही अनिड्गदितौ ।
दग्धिदोग्धिलिहयो मिहिवहती नह्यतिर्दहिरिति स्फुटमनिटः ॥७॥

આ સાડાચાર કરિકાંમાં જણાવેલ તમામ વ્યંજનાન્ત ધાતુઓ **अनिट्** સમજવાના છે. આ સિવાય તમામ વ્યંજનાન્ત ધાતુઓ **सेट्**

સમજવાના છે.

अनिट् धातवः - द्विविधोऽपि शकिः = १२८० शकिंच् [शक्] मर्षणे । १३०० शक्लृंट् [शक्] शक्तौ । वचिः = १०९६ वचंक् [वच्] भाषणे । ११२५ बूंगक् [बू] व्यक्तायां वाचि । वचि શબ્દથી **वच्** આદેશવાળા **बू** ધાતુનું પણ ગ્રહણ કરવું. **' १९५४ वचण् [वच्] भाषणे** । આ ધાતુ ચુરાદિગણના યજ્ઞાદિગણમાં પાઠ હોવાથી **सेट्** સમજવો. **विचि = १४७५ विचृंपीं [विच्] पृथग्भावे । रिची=१४७४. रिचृंपीं [रिच्] विरेचने । ' १९५३ रिचण् [रिच्] वियोजने च** । આ ધાતુ ચુરાદિગણના યજ્ઞાદિગણમાં કહેલ હોવાથી **सेट्** છે. **पचिः = ८९२ डुपचींष् [पच्] पाके ॥ २ ॥**

सिञ्चतिः = १३२१ षिचीत् [सिच्] क्षरणे । मुचिः = १३२० मुच्लृंती [मुच्] मोक्षणे । ' १७३१ मुचण् [मुच्] प्रमोचने । આ ધાતુ ચુરાદિગણનો હોવાથી અનેકસ્વરવાળો હોઈ **सेट्** છે. **पृच्छतिः = १३४७ प्रछंत् [प्रच्छ्] ज्ञीप्सायाम् । भ्रस्जि = १३१६ भ्रस्जींत् [भ्रस्ज्] पाके । मस्जि = १३५२ टुमस्जींत् [मस्ज्, मज्ज्] शुद्धौ । भुजयः = १३५१ भुजींत् [भुज्] कौटिल्ये । १४८७ भुजंप् [भुज्] पालनाभ्यवहारयोः । युजिः = १२५४ युजिंच् [युज्] समाधौ । १४७६ युजृंपी [युज्] योगे । ' १९४२ युजण् [युज्] सम्पर्चने ।** આ ધાતુ ચુરાદિગણના યજ્ઞાદિગણમાં પાઠ હોવાથી **सेट्** છે. **यजिः = ९९१ यजीं [यज्] देवपूजा संगति – करण – दानेषु ।**

ष्वञ्जि = १४७१ ष्वञ्जिंत् [स्वञ्ज्] सङ्गे । रञ्जि = ८९६ रञ्जीं [रञ्ज्] रागे । १२८२ रञ्जींच् [रञ्ज] रागे । रुजयः = १३५० रुजींत् [रुज्] भङ्गे । ' १५१२ रुजण् [रुज्] हिंसायाम् ।

આ ધાતુ ચુરાદિગણનો હોવાથી અનેકસ્વરવાળો હોઈ **સેટ્** છે. **णिजि** = ૧૧૪૧ **णिजृंकी** [**निज्**] **शौचे च** । **विजृ**=૧૧૪૨ **विजृंकी** [**विज्**] **पृथग्भावे** । ' ૧૪૬૮ **ओविजैति** [**विज्**] **भय – चलनयोः** । ૧૪૮૯ **ओविजैप्** [**विज्**] **भय – चलनयः** ॥ કારિકામાં દીર્ઘ ઋકારાન્ત પાઠ હોવાથી છેલ્લા બે ધાતુ લેવાના નથી. **पञ्जि** = ૧૭૩ **पञ्जं** [**सञ्ज्**] **सङ्गे** । **भञ्जि** = ૧૪૮૬ **भञ्जोंप्** [**भञ्ज्**] **आमर्दने** । **भजयः** = ૮૯૫ **भजों** [**भज्**] **सेवायाम्** । '૧૭૩૩ **भजण्** [**भज्**] **विश्राणने** । આ ધાતુ ચુરાદિગણનો હોઈ અનેક સ્વરવાળો થવાથી **सेट्** મનાય છે. **सृजि** = ૧૨૫૫ **सृजिंच्** [**सृज्**] **विसर्गे** । ૧૩૪૯ **सृजंत्** [**सृज्**] **विसर्गे** । **त्यजी** = ૧૭૨ **त्यजं** [**त्यज्**] **हानौ** ॥ ૩ ॥

स्कन्दि = ૩૧૯ **स्कन्दृं** [**स्कन्द्**] **गति – शोषणयोः** । **विद्य** = ૧૨૫૮ **विदिंच्** [**विद्**] **सत्तायाम्** । અહિં દિવાદિગણનો વિકરણ પ્રત્યય **श्य** સહિત **विद्** ધાતુનો નિર્દેશ કરેલ હોવાથી **विद्** ધાતુ દિવાદિગણનો જ લેવો અન્ય નહિ. **विद्ल्** = ૧૩૨૨ **विद्लृती** [**विद्**] **लाभे** **विन्तयः** = ૧૪૯૭ **घिदिंप्** [**विद्**] **विचारणे** । અહિં રુધાદિગણનો **श्न** વિકરણપ્રત્યય સહિત **विद्** ધાતુનો નિર્દેશ કરેલ હોવાથી **विद्** ધાતુ રુધાદિગણનો જ લેવો. ઉપરોક્ત ત્રણ **विद्** ધાતુનું ગ્રહણ કરેલ હોવાથી ૧૦૯૯ *विदक् [विद्] ज्ञाने* । આ ધાતુનો નિષેધ સમજવો. તથા ૧૮૦૯ **विदिण्** [**विद्**] **चेतना·ख्यान – निवासेषु** । આ ધાતુ તો ચુરાદિગણનો હોઈ અનેકસ્વરવાળો હોવાથી **सेट्** છે. આ પાંચ **विद्** ધાતુ પૈકી **दिवादि, तनादि** અને **रुधादि** એ ત્રણ ગણનો **विद्** ધાતુ ' **अनिट्** છે. જ્યારે ' **अदादि** અને **चुरादि** આ બે ગણનો **विद्** ધાતુ **सेट्** છે. **नुदिः** = ૧૩૭૦ **णुदंत्** [**नुद्**] **प्रेरणे** । **स्विद्यति** = ૧૧૭૮ **ष्विदांच्**

[स्विद्] गात्रप्रक्षरणे । અહિં દિવાદિગણનો **इय** વિકરણપ્રત્યય સહિત નિર્દેશ હોવાથી **स्विद्** ધાતુ દિવાદિગણનો લેવાનો છે, પરંતુ ૯૪૬ **ञिष्विदाङ् [स्विद्] मोचने च** । એ ધાતુ લેવાનો નથી. **शदि** = ૯૬૭ **अदॢङ् [शद्] शातने** । **सदी** = ૯૬૬ **षदॢङ् [सद्] विशरण गत्यवसादनेषु** । ૧૩૭૧. **षदॢङ् [सद्] अवसादने भिदि** = ૧૪૭૭ **भिदंपी [भिद्] विदारणे** । **छिदी** = ૧૪૭૮ **छिदंपी [छिद्] द्वैधीकरणे** ।

तुद्यदौ=૧૩૧૫ **तुदींत् [तुद्] व्यथने** । ૧૦૫૯ **अदंक् [अद्] भक्षणे** । ० **पदि** = ૧૨૫૭ **पदिंच् [पद्] गतौ** । '૧૯૩૩ **पदणि [पद्] गतौ** । આ ધાતુ ચુરાદિગણનો હોવાથી અનેકસ્વરવાળો હોઈ **सेट्** છે. **हदी** = ૭૨૮ **हदिं [हद्] पुरीषोत्सर्गे** । **खिदि** = ૧૩૨૬ **खिदंत् [खिद्] परिघाते** । ૧૨૫૯ **खिदिंच्** = [**खिद्**] **परिघाते** । ૧૪૯૬ **खिदिंप् [खिद्] दैन्ये** । **क्षुदी** = ૧૪૭૯ **क्षुदंपी [क्षुद्] संपेषे** । **राधि** = ૧૧૫૬ **राधंच् [राध्] वृद्धौ** । ૧૩૦૪ **राधंट् [राध्] संसिद्धौ** । **सधि** = ૧૩૦૫ **साधंट् [साध्] संसिद्धौ** । **शुधयः** = ૧૧૮૩ **शुधंच् [शुध्] शौचे** । **युधि** = ૧૨૬૦ **युधिच् [युध्] सम्प्रहारे** । **व्यधी** = ૧૧૫૭ **व्यधंच् [व्यध्] ताडने** ॥ ૪ ॥

बन्धि = ૧૫૫૨ **बन्धश् [बन्ध्] बन्धने** । '૧૬૬૩ **बन्धण् [बन्ध्] संयमने** । આ ધાતુ ચુરાદિ ગણનો હોઈ અનેકસ્વરનો થવાથી **सेट्** છે. **बुध्य** = ૧૨૬૨ **बधिंच् [बुध्] ज्ञाने** । અહિં દિવાદિગણનો **इय** વિકરણપ્રત્યયનો નિર્દેશ હોવાથી દિવાદિગણનો ૫ **बुध्** ધાતુ લેવો, પરંતુ ૯૧૨ **बुधृग् [बुध्] बोधने** । ૯૬૮ **बुध [बुध्] अवगमने** । આ બે ધાતુન લેવા. ।૦

रुधयः = ૧૪૭૩ **रुधूंपी** (रुध्) आवरणे । ૧૨૬૧ **अनो रुधिच्** (अनुरुध्) कामे । **क्रुधि** = ૧૧૮૪ **क्रुधंच्** (क्रुध्) क्रोपे । **क्षुधी** = ૧૧૮૨ **क्षुधंच्** (क्षुध्) बुभुक्षायाम् । **सिध्यतिः** = ૧૧૮૫ **षिधृंच्** (सिध्) संराद्धौ । અહિં **इय** વિકરણ પ્રત્યય સહિત નિર્દેશ હોવાથી દ્વિવાદિગણનો ધાતુ લેવો. પરંતુ ૩૨૦ **षिधू** (सिध्) गत्याम् । ૩૨૧ **षिधौ** (सिध्) शास्त्रमांगल्योः । એ બે ધાતુ ન લેવા **हन्ति** = ૧૧૦૦ **हनंक्** (हन्) हिंसा – गत्योः । **मन्यती** = ૧૨૬૩ **मनिंच्** (मन्) ज्ञाने । અહિં **इय** વિકરણ પ્રત્યયનો નિર્દેશ હોવાથી દિવાદિગણનો ધાતુ લેવો, પરંતુ ૧૫૦૭ **मनूयि** (मन्) बोधने । આ ધાતુ ન લેવો. તથા ૧૮૧૦ **मनिण्** (मन्) स्तम्भे । આ ધાતુ ચુરાદિગણનો હોઈ અનેકસ્વરવાળો થવાથી **सेट्** છે.

आपिना = ૧૩૦૭ **आप्लृंट्** (आप्) व्याप्तौ । ‘૧૯૭૩ **आप्लृण्** (आप्) लम्भने । આ ધાતુ યુન્નદિમાં પઠિત હોવાથી **सेट्** છે. **तपि** = ૩૩૩ **तपं** (तप्) संतापे । ૧૨૬૭ **तपिंच्** (तप्) ऐश्वर्ये वा । ‘૧૯૭૧ **तपिण** (तष्) दाहे । આ ધાતુ યુન્નદિ પઠિત હોવાથી **सेट्** છે. **शपि** = ૯૧૬ **शपीं** (शप्) आक्रोशे । ૧૨૮૩ **शपींच्** शप्) आक्रोशे । **क्षिपि** = ૧૧૫૮ **क्षिपंच्** (क्षिप्) प्रेरणे । ૧૩૧૭ **क्षिपंत्** (क्षिप्) प्रेरणे । **लुपः** = ૧૩૭૫ **लुपंत्** (लुप्) स्पर्शे । **लुम्पतिः** = ૧૩૨૩ **लुप्लृंती** (लुप्) छेदने । અહિ મ્ આગમ સહિત નિર્દેશ હોવાથી ‘૧૧૯૫ **लुपच्** (लुप्) विमोहने । આ ધાતુ ન લેવો **सृपि** = ૩૪૧ **सृप्लृं** (सृप्) गतौ । ૧૩૨૪ **लिपी** = **लिपीत्** (लिप्) उपदेहे । **वपि** = ૯૯૫ **टुवपीं** (वप्) बीजसन्ताने । **स्वपीः** = ૧૦૮૮ **ञिस्वपंक्** (स्वप्) शये ॥ ૫ ॥

यभि = ३७८ यभं (यभ्) मैथुने । रभि = ७८५ रभि (रभ्) राभस्ये । लभि = ७८६ डुलभिष् (लभ्) प्राप्तौ । ३८६ यमूं (यम्) उपरमे । रमि = ९८९ रमिं (रम्) क्रिडायाम् । नमि = ३८८ णमं (नम्) प्रह्वत्वे । गमयः = ३९६ गम्लृं (गम्) गतौ । क्रुशि = ९८६ क्रुशं (क्रुश्) आह्वान – रोदनयोः । लिशि = १२७७ लिशिच् (लिश्) अल्पत्वे । १४१७ लिशंत् (लिश्) गतौ । रुशि = १४१३ रुशंत् (रुश्) हिंसायाम् । रिशि = १४१४ रिशंत् (रिश्) हिंसायाम् । दिशति = १३१८ दिशींत् (दिश्) अतिसर्जने । दशयः = ४९६ दंशं (दंश्) दशने ।

स्पृशि=१४१२ स्पृशंत् (स्पृश्) संस्पर्शे । मृशति=१४१६ मृशंत् (मृश्) आमर्शने । विशति = १४१५ विशंति (विश्) प्रवेशने । दृशि = ४९५ दृशं (दृश्) प्रेक्षणे । शिष्लृं = १४९२ शिष्लृंप् (शिष्) विशेषणे । शिष् त्यां लृ सहित निर्देश करेल होवाथी ५०८ शिष (शिष्) हिंसायाम् । એ ધાતુ न लेवो. तथा १९७७ शिषण् (शिष्) अमर्वोपयोगे । આ ધાતુ युन्नदि पठित होवाथी सेट् छे. शुषयः = १२०८ शुषंच् (शुष्) शोषणे । त्विषि = ९३० त्विषीं (त्विष्) दीप्तौ । पिषि = १४९३ पिष्लृंप् (पिष्) संचूर्णने । विष्लृ = ११४३ विष्लृंकी (विषू) व्याप्तो । અહિં लृ सहित निर्देश करेल होवाथी ५२३ विषू (विष्) सेचने । १५६० विषश् (विष्) विप्रयोगे । એ બે ધાતુ નથી લેવાના. कृषि = ५०६ कृषं (कृष्) विलेखने । १३१९ कृषींत् (कृष) विलेखने । तुषि = १२१३ तुषंच् (तुष्) तुष्टौ । दुषि = १२०९ डुषंच् (दुष्) वैकृत्ये । पुषयः = ११७५ पुषंच् (पुष्) पुष्टौ । ५३६ पुष (पुष्)

पुष्टौ । ૧૫૬૪ **पुंषश्** (**पुष्**) **पुष्टौ** । આ બે ધાતુ નથી લેવાના. વળી ૧૭૫૫ **पुषण्** (**पुष्**) **धारणे** । આ ધાતુ ચુરાદિ-ગણનો હોઈ અનેકસ્વરવાળો હોવાથી **सेट्** છે. ॥૬॥

श्लिष्यति = ૧૨૧૦ **श्लिषंच्** (**श्लिष्**) **आलिङ्गने** । અહિં **श्य** વિકરણ પ્રત્યયનો નિર્દેશ હોવાથી દિવાદિગણનો જ ધાતુ લેવો. પરંતુ ૫૩૧ **श्लिषू** (**श्लष्**) **श्लेषणो** । આ ધાતુ ચુરાદિગણનો હોવાથી **सेट्** છે. **द्विषिः** = ૧૧૨૬ **द्विषींक्** (**द्विष्**) **अप्रीतौ** । **घसि** = ૫૪૪ **घस्लृं** (**घस्**) **अदने** । **वसती** = ૯૯૯ **वसं** (**वस्**) **निवासे** । અહિં **शव्** વિકરણ પ્રત્યયનો નિર્દેશ હોવાથી ૧૧૧૭ **वसिक्** (**वस्**) **आच्छादने** । ૧૨૨૬ **वसूच्** (**वस्**) **स्तम्भे** । આ બે ધાતુ ન લેવા. વળી ૧૭૬૧ **वसण्** (**वस्**) **स्नेह – च्छेदावहरणेषु** । આ ધાતુ ચુરાદિગણનો હોઈ અનેકસ્વર-વાળો હોવાથી **सेट्** છે **रोहतिः** = ૯૮૮ **रुहं** (**रुह्**) **जन्मनि** । **लुहि – रिहि अनिड्गदितौ** = **लुह्** અને **रिह्** આ બે ધાતુ **अनिट्** કહેલ છે, ઉક્ત બે ધાતુ કારિકામાં કહેલ છે પણ ધાતુપાઠમાં જણાતા નથી. તેથી છાન્દસ્ અથવા મતાન્તરીય સંભવે છે.

देग्धि=૧૧૨૮ **दिहींक् (दिह्) लेपे**। **दोग्धि**=૧૧૨૭ **दुहींक्** (**दुह्**) **क्षरणे** । **लिहयः** = ૧૧૨૯ **लिहींक्** (**लिह्**) **आस्वादने** । **मिहि** = ૫૫૧ **मिहं** (**मिह्**) **सेचने** । **वहता** = ૯૯૬ **वहीं** (**वह्**) **प्रापणे** । **नह्यतिः** = ૧૨૮૫ **णहींच्** (**नह्**) **बन्धने**। **दहिः** – ૫૫૨ **दहं** (**दह्**) **भस्मीकरणे** । **इति स्फुटमनिटः** = આ રીતે ઉપરોક્ત વ્યંજનાન્ત ધાતુઓ **अनिट्** છે. ॥ **इति अनिट् धातवः** ॥ ઉપરોક્ત વ્યંજનાન્ત ધાતુ સિવાયના તમામ ધાતુઓ **सेट्** સમજવા. ॥ ૭ ॥

इति सेट्-अनिट्कारिकानिरूपणम् ॥

वेट् धातवः = धूगौदितः = १५२० धूग्श् (धूग्) कम्पने । २१ ओस्वृ (स्वृ) शब्दापतापयोः । ११०७ षुङौक् (सु) प्राणिप्रसवे । १३४१ ओव्रश्चौत् (व्रश्च्) छेदने । १०९७ मृजौक् (मृज्) शुद्धौ । १९५६ मृजौण् (मृज्) शौचाऽलंकारयोः । १४८६ भञ्जौप् (भञ्ज्) आमर्दने । १४८८ अञ्जौप् (अञ्ज्) व्यक्ति - लक्षण - कान्ति - गतिषु । १४८५ तञ्जौप् (तञ्ज्) संकोचने । ९५६ स्यन्दौङ् (स्यन्द्) स्रवणे । ११७९ क्लीदौच् (क्लीद्) आर्द्रभावे । ११८८ रधौच् (रध्) हिंसा - संराद्धयोः । ३२१ षिधौ (सिध्) शास्त्र मांगल्योः । ११८९ तृषौच् तृप्) प्रीतौ । ११९० दृपौच् (दृप्) हर्ष - मोहनयोः । ७६२ त्रपौषि (त्रप्) लज्जायाम् । ९५९ कृपाङ् (कृप्) सामर्थ्ये । ३३२ गुपौ (गुप्) रक्षणे ७८८ क्षमौषि (क्षम्) सहने । १२३५ क्षमौच् (क्षम्) सहने । १२०२ नशौच् (नश्) अदर्शने । १३१४ अशौटि अश्) व्याप्तौ । १५५७ क्लिशौश् (क्लिश्) विबाधने । ५७० अक्षौ (अक्ष्) व्याप्तौ च । ५७१ तक्षौ (तक्ष्) ५७२ त्वक्षौ (त्वक्ष्) तनूकरणे । १२३८ मुहौच् (मुह्) वैचित्त्ये १२३९ द्रुहौच् (द्रुह्) जिघांसायाम् । १२४० ष्णुहौच् (स्नुह्) उद्गिरणे । १२४१ ष्णिहौच् (स्निह्) प्रीतौ । ९३५ गुहौग् (गुह्) संवरणे । ८७१ गाहौङ् (गाह्) विलाडने । ८७२ ग्लहौङ् (ग्लह्) ग्रहणे । १४२१ वृहौत् (वृह्) उद्यमे । १४२२ तृहौत् (तृह्) १४२३ तृंहौत् (तृंह्) १४२४ स्तृहौत् (स्तृह्) १४२५ स्तृंहौत् (स्तृंह्) हिंसायाम् ॥ इति वेट् धातवः ॥

[अथ द्वितीयं परिशिष्टम्]

[अथ धात्वर्थविशेष निरूपणम्]

प्रपरापसमन्ववनिदुरभि, - व्यधिसूदतिनिप्रतिपर्यपयः ।
उप आङिति विंशतिरेष सखे ! उपसर्गगणः कथितः कविभिः ॥१॥
उपसर्गेण धात्वर्थो, बलादन्यत्र नीयते ।
विहाराहारसंहार, - प्रहारप्रतिहारवत् ॥ २ ॥
धात्वर्थं बाधते कश्चित् कश्चित् तमनुवर्तते ।
तमेव विशिनष्ट्यन्योऽनर्थकोऽन्यः प्रयुज्यते ॥ ३ ॥

પ્ર, પરા. અપ્, સમ્, અનુ, અવ, નિર્, દુર્, અભિ, વિ, અધિ. સુ, ઉદ્, અતિ, નિ, પ્રતિ, પરિ, અપિ, ઉપ અને આઙ્ આ વીશ 'उपसर्ग' કહેવાય છે.

ધાતુપાઠમાં ધાતુનો જે અર્થ કહેલ છે તે, આ ઉપસર્ગના સંબંધથી ધાતુ અનુભવના સામર્થ્યથી બીજા અર્થમાં લઈ જવાય છે. જેમકે - ૮૮૬. हृंग् - हरणे - આ ધાતુનો હરણ કરવો એવો અર્થ છે. છતાં પણ ઉપસર्गના સંબંધથી અન્ય અર્થમાં વર્તે છે. જેમ. **विहारः** = ક્રીડા અથવા સારૂ ગમન. **आहारः** = ભોજન. **संहारः** = નાશ. **प्रहारः** = પ્રહાર. **प्रतिहारः** = દ્વારપાલ.

કોઈ ઉપસર્ગ ધાતુના અર્થનો બાધ કરે છે. જેમકે - ૩૨૦. **षिधू - गत्याम्** - ગતિ = જવું એવો અર્થનો બાધ કરી. **प्रतिषेधति** = આ પ્રયોગમાં 'નિષેધ કરે છે' એવો અર્થ થાય છે.

કોઈ ઉપસર્ગ ધાતુના મૂલ અર્થને જ અનુસરે છે. જેમકે -

૧૧૦૪. **इङ्क्** - **अध्ययने** = અધ્યયન કરે છે. **अधीते** = આ પ્રયોગમાં અધિ ઉપસર્ગ સહિત ઈ ધાતુના અર્થની કોઈ વિશેષતા નથી અર્થાત્ 'અધ્યયન કરે છે' એવો મૂલ અર્થ જ થાય છે.

કોઈ ઉપસર્ગ ધાતુના મૂલ અર્થની વિશેષતા બતાવે છે. જેમકે– ૮૯૨. **डुपचींष् – पाके** = પકાવે છે. **प्रपचति** = આ પ્રયોગમાં 'સારૂ પકાવે છે.' અહિં પ્ર ઉપસર્ગ પાકની વિશેષતા જણાવે છે.

કોઈ ઉપસર્ગ નકામા પ્રયોગમાં વપરાય છે. જેમકે – ૩૯૬ **गम्लृं – गतौ** = જાય છે. **अधिगच्छति** = આ પ્રયોગમાં નથી ધાતુના અર્થ બાધ કે નથી ધાતુના અર્થમાં કોઈ વિશેષતા 'જાય છે, એવો જ અર્થ રહે છે. **अधि** ઉપસર્ગનો કશો જ અર્થ નથી.

इति धात्वर्थविशेषनिरूपणम् ॥

(अथ तृतीयं परिशिष्टम्)

[अथ धातु-प्रत्ययाऽनुबन्धफलप्रतिपादिकाः कारिकाः]

उच्चारणेऽस्त्यवर्णाद्य, आः क्तयोरिण्निषेधने ।
इकारादात्मनेपद, - मीकाराद्योभयं भवेत् ॥ १ ॥
उदितः स्वरान्नोऽन्तद्धोः, क्त्वादाविटो विकल्पनम् ।
रूपान्त्ये ङे परेऽह्रस्व, ऋकारादङ्विकल्पकः ॥ २ ॥
लृकारादङ् समायात्येः, सिचि वृद्धिनिषेधकः ।
ऐः क्तयोरिण्निषेधः स्या, - दोः क्तयोस्तस्य नो भवेत् ॥ ३ ॥
औकार इड्विकल्पार्थे, - ऽनुस्वारोऽनिङ्विशेषणे ।
लृकारश्च विसर्गश्चा, - ऽनुबन्धो भवतो नहि ॥ ४ ॥
कोऽदादिर्न गुणी प्रोक्तः, खे पूर्वस्य मुमागमः ।
गेनोभयपदी प्रोक्तो, घश्च च - जोः क-गौ कृतौ ॥ ५ ॥
आत्मने गुणरोधे ङ-, श्नो दिवादिगणो भलेत् ।
श्नो वृद्धौ वर्तमाने क्तः, टः स्वादिष्ठयु [रथु] कारकः ॥६॥
त्रिमगर्थो डकारः स्या,ण्, णश्चुरादिश्च वृद्धिकृत् ।
तस्तुदादौ नकारश्चे, - च्चाऽपुंसीति विशेषणे ॥ ७ ॥
रुधादौ नागमे पो हि, मो दामः सम्प्रदानके ।
यस्तनादौ रकारः स्यात्, पुंवद्भावार्थसूचकः ॥ ८ ॥
स्त्रीलिंगार्थे लकारो हि, उत औवित वो भवेत् ।
शः क्र्यादिः क्यः शिति प्रोक्तः, पः षितोऽङ्विशेषणे ॥९॥
पदत्वार्थे सकारो हि, नोक्ता अत्र न सन्ति च ।
धातूनां प्रत्ययानाञ्चा, - ऽनुबन्धः कथितो मया ॥ १० ॥

ધાતુ અને પ્રત્યયના અનુબંધના ફળને પ્રતિપાદન કરનારી કારિકાઓનો અર્થ.

अनुबध्यते कार्यार्थं संबध्यते इत्यनुबन्धः – અમુક કાર્ય જણાવવા માટે જે યોજાય – જોડાય તે ' અનુબંધ ' કહેવાય છે. અર્થાત્ ઉપદેશ અવસ્થામાં આપેલ હોય પરંતુ પ્રયોગ અવસ્થામાં ન દેખાય તે ' **અનુબંધ** ' કહેવાય છે.

अकार – અવર્ણ બંધાવે જે અકાર તે ઉચ્ચારણ માટે છે. અર્થાત્ અકાર અનુબંધ સુખપૂર્વક ઉચ્ચારણ થઈ શકે તે માટે છે. જેમકે – **५१ तक (तक्) हसने ।**

आकार – આકાર અનુબંધ છે તે क्त અને क्तवतु પ્રત્યયની આદિમાં **इट्** પ્રત્યયનો નિષેધ જણાવવા માટે છે. જેમકે – **१२५ हुर्छा (हुर्छ्) कौटिल्ये ।** આ ધાતુથી **"आदितः० [४-४-७१]"** એ સૂત્રથી **क्त** અને **क्तवतु** પ્રત્યયની આદિમાં ' **इट्** ' પ્રત્યય નો નિષેધ થવાથી, **हूर्णः, हूर्णवान्** । વગેરે પ્રયોગ થાય છે.

इकार – ઇકાર અનુબંધ છે તે આત્મનેપદના પ્રત્યયો લેવા માટે છે. – જેમકે **६१८ ककि (कक्) लौल्ये ।** આ ધાતુથી **"इ-ङितः० [३-३-२२]"** એ સૂત્રથી આત્મનેપદ થવાથી, **ककते** । વગેરે રૂપો બને છે.

ईकार – દીર્ઘ ઈકાર અનુબંધ છે તે ઉભયપદના પ્રત્યય લેવા માટે છે. જેમકે **८९५ भजीं (भज्) सेवायाम् ।** આ ધાતુથી **"शेषात् [३-३-१००]"** એ સૂત્રથી પરસ્મૈપદના તથા **"ई - गितः० [३-३-९५]"** એ સૂત્રથી આત્મનેપદના પ્રત્યયો લાગવાથી **भजति, भजते** । એવા રૂપો બને છે. ॥૬॥

उकार – ઉકાર અનુબંધ ધાતુના સ્વરથી પર ન્ આગમ કરવા માટે છે. જેમકે – ૫૨ **तकु (तक्) कृच्छ्रजीवने** । આ ધાતુમાં ઉકાર હોવાથી " **उदितः०** [૪-૪-૯૮] " એ સૂત્રથી ન્ આગમ થવાથી **तक् = तन्क् + ति = तङ्कति** । વગેરે પ્રયોગો થાય છે.

ऊकार – દીર્ઘ ઊકાર અનુબંધ કરવા પ્રત્યયની આદિમાં વિકલ્પે **'इट्'** પ્રત્યય કરવા માટે છે. જેમકે **१०६ वञ्चू (वञ्च्) गतौ** । આ ધાતુમાં ઊકાર હોવાથી " **ऊदितो वा** [૪-૪-૪૨] " એ સૂત્રથી વિકલ્પે ઇટ્ પ્રત્યય થવાથી **वञ्च् + क्त्वा = वञ्चित्वा** । **इट्** – " **ऋत् – तृष०** [૪-૩-૨૪] " એ સૂત્રથી **क्त्वा** વિકલ્પે **कित्** થતો હોવાથી, **वञ्चित्वा. वञ्चित्वा** । વિગેરે રૂપો થાય છે.

ऋकार – ઋકાર અનુબંધ છે તે ङ् [ङ ૫૨૬ ણિ પ્રત્યય] પ્રત્યય પર છતાં ધાતુના ઉપાન્ત્ય સ્વરનો, હ્રસ્વ સ્વરના આદેશનો નિષેધ કરવા માટે છે. જેમકે – ૫૫ **ओखृ (ओख्) शोषणाऽलमर्थयोः** । આ ધાતુ ઋદિત હોવાથી **मा भवान् ओच्चिखत्** । આ સ્થાને ङ् [૫૨૬ ણિ પ્રત્યય પર છતાં] **"उपान्त्य०** [૪-૨-૩૫]" એ સૂત્રથી ધાતુના ઉપાન્ત્ય સ્વરનો હ્રસ્વ સ્વર આદેશ ન થયો. એવી રીતે ૫૬ **रा खृ (राख्) शोषणाऽलमर्थयोः। अरराखत्** । વગેરે રૂપો થાય છે.

ॠकार – દીર્ઘ ઋકાર અનુબંધ **अङ्** પ્રત્યય કરવા માટે છે. જેમકે – ૨૮૦ **च्युतॄ (च्युत्) आसेचने** । આ ધાતુ ઋદિત્ હોવાથી **"ऋदिच्छिव०** [૩-૪-૬૫]" એ સૂત્રથી વિકલ્પે **अङ्** પ્રત્યય થવાથી **अ + च्युत् + अङ् + त् = अच्युतत्** , **अ + च्युत् + सिच् + ई + त् = अच्योतीत्** । અહિં અદ્યતની વિભક્તિના વિષયમાં પહેલાં **अङ्** પ્રત્યય થયો છે. જ્યારે બીજામાં **अङ्** પ્રત્યય નથી થયો. ॥૨॥

ऌकार – ૠકાર અનુબંધવાળા ધાતુથી **अङ्** પ્રત્યય લાગે છે.

જેમકે - ३९६ **गम्लृं (गम्) गतौ** । આ ધાતુ લૃદિત્ હોવાથી "**लृदित्०** [३-४-६४] " એ સૂત્રથી **अङ्** પ્રત્યય થવાથી अ + **गम्** + अ + **त्** = **अगमत्** । વગેરે પ્રયોગ થાય છે.

ऐकार – ઐકાર અનુબંધ છે તે ચિણ્ પ્રત્યય પર છતાં વૃદ્ધિના નિષેધ માટે છે. જેમકે - १७४ **कटे (कट्) वर्षा - ऽवरणयोः** । અહિં ઐદિત્ હોવાથી "**व्यञ्जनादेः०** [४-३-४७] " એ સૂત્રથી પ્રાપ્ત થતી વૃદ્ધિનો "**न – श्वि०** [४-३-४९] " એ સૂત્રથી વૃદ્ધિનો નિષેધ થવાથી अ + **कट्** + **सिच्** + ई + **त्** = **अकटीत्** । રૂપ બનેલ છે.

ऐकार – ઔકાર અનુબંધ क्त અને क्तवतु પ્રત્યયની આદિમાં થતા **इट्** પ્રત્યયનો નિષેધ કરે છે. જેમકે – २०० **कटे (कट्) गतौ** । અહિં ઐદિત્ હોવાથી "**डीय – इव्यै०** [४-४-६१] " એ સૂત્રથી **क्त** અને **क्तवतु** પ્રત્યયની આદિમાં **इट्** પ્રત્યયનો નિષેધ થવાથી **कट्** + **क्त** + **सि** = **कट्टः**, **कट्** + **क्तवतु** = **कट्टवान्** । આદિ પ્રયોગો બને છે.

ओकार – ઓકાર અનુબંધ **क्त** અને **क्तवतु** ના તકારનો નકાર કરવા માટે છે. જેમકે – ४८ **औवैं (वै) शोषणे** । અહિં ઔદિત્ હોવાથી "**सूयत्यादि०** [४-२-७०] " એ સૂત્રથી **क्त** અને **क्तवतु** પ્રત્યયના તકારનો નકાર થવાથી **वै** + **क्त** = **वानः**, **वै** + **क्तवतु** = **वानवान्** । વગેરે રૂપો થાય છે. ॥३॥

औदितः – ઔકાર અનુબંધવાળા ધાતુ **वेट्** - [વિકલ્પે ઇટ્] કહેવાય છે. જેમકે २१ **औस्वृ (स्वृ) शब्दोपतापयोः** । અહિં ઔદિત્ હોવાથી "**घूगौदितः** [४-४-३८] " એ સૂત્રથી વિકલ્પે **इट्** થવાથી **स्वृ+तृच्+सि=स्वरिता, स्वर्ता । सुस्वूर्षति, सिस्वरिषति** । વગેરે પ્રયોગ થાય છે.

अनुस्वार – અનુસ્વાર (બિન્દુ) અનુબંધ **अनिट्** પણાને જણાવે છે. જેમકે – २ **पां (पा) पाने** । અહિં અનુસ્વાર અનુબંધ હોવાથી " **स्ताद्यशितः०** [४-४-३२] " એ સૂત્રથી પ્રાપ્ત થતા **इट्** પ્રત્યયનો " **एकस्वरादः०** [४-४-५६] " એ સૂત્રથી નિષેધ થવાથી, **पा+तृच् + सि = पाता, पा+स्यति = पास्यति** । વગેરે રૂપો થાય છે.

દીર્ઘ ૠકાર અને વિસર્ગ [:] અનુબંધ હોતા નથી. ॥૪॥

ककार – કકાર અનુબંધવાળા ધાતુ **अदादिगण** ના સમજવા, તથા કકારાદિ પ્રત્યય પર છતાં ધાતુના સ્વરનો **गुण** થતો નથી. જેમકે–**११०० हनंक् (हन्) हिंसा-गत्योः** । આ ધાતુથી ક્ અન્તમાં ઇત્ હોવાથી અર્થાત્ કિત્ ગણવાથી **अदादिगण** પણું આવ્યું, જેથી " **कर्त्तर्यनद्भ्यः०**[३-४-७१] " એ સૂત્રમાં અદાદિગણ વર્જિત હોવાથી **शव्** પ્રત્યય થતો નથી જેથી **हन् + तिव् = हन्ति** । એવો પ્રયોગ થાય છે, આ ધાતુ સંબંધિ કકારનું ફળ બતાવ્યું. હવે પ્રત્યય સંબંધિ કકારનું ફળ બતાવે છે. જેમકે–१ **भू-सत्तायाम्** । આ ધાતુને આશિષ્ વિભક્તિનો **क्यात** પ્રત્યય લાગ્યો જે કિત્ હોવાથી " **नामिनो० [४-३-१]** " એ સૂત્રમાં કિત્નું વર્જન હોવાથી ગુણ ન થવાથી, **भू + क्यात् = भूयात्** । એવું રૂપ થયું.

खकार – ખકાર અનુબંધ પૂર્વને **मुमागम** કરે છે. **मुम्** એ **म्** ની પ્રાચીન સંજ્ઞા છે. જેથી **मुमागम** એટલે **म्** આગમ સમજવો જેમકે – १२६३ **मनिंच् (मन्) ज्ञाने** । આ ધાતુથી "**कतुः खश्-**[५-१-११७] " એ સૂત્રથી **खश्** પ્રત્યય થયે છતે " **खित्यव्-**[३-२-१११] " એ સૂત્રથી **म्** આગમ થવાથી, **पटुमात्मानं मन्यते इति = पटु + मन्य + खश् = पटु + म् + मन्यः = पटुंमन्यः** । વગેરે પ્રયોગો બને છે.

गकार–गकार अनुबंधवाळा धातु उभयपदी कहेवाय छे. जेमके– ८८३ **श्रिग् (श्रि) सेवायाम्** । अहिं गकार अनुबंध होवाथी इणवान् कर्ता अर्थमां " **इङ्ङितः० [३–३–२२]** " ओ सूत्रथी आत्मनेपद थाय छे. अने " **शेषात् [३–३–१००]** " ओ सूत्रथी परस्मैपद थाय छे. जेथी **श्रि + तिव् = श्रि + शव् + तिव् = श्रयति, श्रि + शव् + ते = श्रयते** । आ प्रमाणे प्रयोगो बने छे.

घकार – घकार अनुबंधवाळा धातुना चकार अने जकारना अनुक्रमे **ककार** अने **गकार** आदेश थाय छे. जेमके– ८९२ **डुपचींष् (पच्) पाके** । आ धातुथी भाव अर्थमां " **भावा – ऽकर्त्रोः० [५–३–१८]** " ओ सूत्रथी **घञ्** प्रत्यय थवाथी **पचनम् – पच्+ घञ् = पाकः** । अहिं **घञ्** प्रत्यय **घित्** होवाथी **च्** नो **क्** आदेश थयो छे. ९९१ **यजीं (यज्) देवपूजा – संगति–करण–दानेषु । यजनम् – यज् + घञ् = यागः** । अहिं पण घञ् प्रत्यय घित् होवाथी **ज्** नो **ग्** आदेश थयो आ बन्ने सूत्रमां " **क्तेऽनिटश्च – जौ०· [४–१–१११]** " ओ सूत्रथी **च्** नो **क्** अने **ज्** नो **ग्** आदेश थयेः छे. ॥५॥

ङकार – ङकार अनुबंध आत्मनेपद करवा माटे छे, तेमज गुणनो निषेध करवा माटे छे. जेमके – ५८६ **गांङ् (गा) गतौ** । अहिं ङित् होवाथी " **इङ्ङितः [३–३–२२]** " ओ सूत्रथी धातुने आत्मनेपदना प्रत्ययो लागे छे. **गा + ते = गाते** । तथा ९३७ **द्युति (द्युत्) दीप्तौ** । आ धातुमां अद्यतनी विभक्तिमां **अ + द्युत् + अङ् + त् = अद्युतत्** । अहिं **अङ्** प्रत्यय **ङित्** होवाथी " **नामिनो० [४–३–१]** " ओ सूत्रथी गुण थतो नथी.

चकार – चकार अनुबंध **दिवादिगण** ना धातु जणाववा माटे छे. जेमके – ११५३ **कुथच् = (कुथ्) पूतिभावे** । आ धातुमां

च् અનુબંધ હોવાથી દિવાદિગણને લીધે **"दिवादेःश्यः (३-४-७२)"** એ સૂત્રથી **श्य** વિકરણ પ્રત્યય લાગવાથી **कुथ् + श्य + ति=कुथ्यति।** આદિ પ્રયોગો થાય છે,

ञकार – ઞકાર અનુબંધ વૃદ્ધિ કરવા માટે તથા ધાતુને **क्त** પ્રાપ્યના વિધાન માટે છે. જેમને – १ **भू – सत्तायाम्** । **अनु + भू = अनु + अ + भू + ञिच् =अन्यभावि।** અહિં **"भाव-कर्मणोः० [३ ४-६८]"** એ સૂત્રથી **ञिच्** પ્રત્યય થયો છે. આ પ્રયોગમાં **"ञ्णिति [४-३-५०]"** એ સૂત્રથી વૃદ્ધિ થઇ છે. તથા ३०० **ञिक्ष्विदा (क्ष्विद्) अव्यक्ते शब्दे।** આ ધાતુમાં ઞકારથી ઉપલક્ષિત ઞિ હોવાથી **" ज्ञानेच्छा० [५-२-९२]"** એ સૂત્રથી વર્તમાન કાલના અર્થમાં **क्त** પ્રત્યય થવાથી **क्ष्विद्यते इति = क्ष्विद् + क्त= क्ष्विण्णः।** વગેરે પ્રયોગો થાય છે.

टकार – ટકાર અનુબંધ **स्वादिगण** જણાવવા માટે છે. જેમકે – १२८७ **षिंगट् (सि)अभिषवे** । આ ધાતુ ટિત્ હોવાથી સ્વાદિગણનો થયો, તેથી **"स्वादेः श्नुः [३-४-७५]"** એ સૂત્રથી **श्नु** વિકરણ પ્રત્યય થઇ. **सि + श्नु + ते = सिनुते** । એવા રૂપો બને છે. અહિં કોઇ સ્થાને **ठकार** અનુબંધ જણાતો ન હોવાથી **टःस्वादिष्ठ्युकारकः।** એ પાઠ અશુદ્ધ જણાય છે. એક તો ઠ અનુબંધ કથાય નથી. તથા **युकारकः** થી **यु** રૂપ કાર્યની પણ કોઇ સ્થાને પ્રાપ્તિ નથી. તેથી **टः स्वादिङ्यथुकारकः।** એ પાઠ સુસંગત જણાય છે. એનો અર્થ એ છે કે જો ટકાર એકલો હોય તો **स्वादिगण** જણાવે છે. અને ઉકાર સહિત ટકાર હોય તો, **अथु** પ્રત્યય લાગે છે. જેમકે – ८८५ **टुवपीं (वप्) बीजसन्ताने** । આ ધાતુને **ट्वित्** પણ હોવાથી **" ट्वितोऽथुः [५-३-८३]"** એ સૂત્રથી **अथु** પ્રત્યય થઇ **वप्+अथुः=वपथुः** । વગેરે રૂપો થાય છે. તથા २८. **ट्वेंञ् (धे) पाने** ।

આ ધાતુથી "**शुनी – स्तन०** [૫–૧–૧૧૯]" એ સૂત્રથી **खश्** પ્રત્યય થઈ **टित्** પણ હોવાથી "**अणञे०** [૨–૪–૨૦]" એ સૂત્રથી સ્ત્રિલિંગમાં **ङी** પ્રત્યય થઈ **शुनिन्धयी** એ પ્રમાણે રૂપ થાય છે, તથા **जानु प्रमाणमस्या इति = जानुदघ्नी वेदिका** । આ પ્રયોગમાં "**वोर्ध्वं दघ्नट्०** [૭–૧–૧૪૨]" એ સૂત્રથી **दघ्नट्** પ્રત્યય થઈ **टित्** પણ હોવાથી ङ પ્રત્યય થયો છે. ॥ ૬ ॥

ડકાર – ડ કારથી ઉપલક્ષિ ડકાર અથવા ડુ છે તે **त्रिमक्** પ્રત્યય માટે છે. જેમકે – ૮૯૨ **डुपचींच (पच्) पाके** । અહિં ડિત્ પણું હોવાથી "**ड्वितः०** [૫–૩–૮૪]" એ સૂત્રથી **त्रिमक्** પ્રત્યય થઈ. **पाचेन निर्वृत्तम्** – **पच्** + **त्रिमक्** + **सि** = **पाक्त्रमम्** । એવા રૂપો બને છે.

ણકાર – ણકાર અનુબંધથી **चुरादिगण** ગણાય છે. તથા વૃદ્ધિ કરવા માટે છે. જેમકે – ૧૫૭૨ **वल्कण् [वल्क्] भाषणे** । આ ધાતુ ણિત્ હોવાથી ચુરાદિગણનો થયો, તેથી "**चुरादिभ्यो०** [૩–૪–૧૭]" એ સૂત્રથી **णिच्** પ્રત્યય થઈ. **वल्क्** + **णिच्** + **अ** + **ति=वल्कयति** । એ રીતે પ્રયોગ થાય છે. "૧૨ **दुं (दु)गतौ** ।" ધાતુને પરોક્ષા વિભક્તિનો **णय्** પ્રત્યય થવાથી "**नामिनो०** [૪–૩–૫૧]" એ સૂત્રથી વૃદ્ધિ થઈ **दुद्राव** । એ રીતે પ્રયોગ થાય છે.

તકાર–તકાર **तुदादिगण** જણાવવા માટે છે. જેમકે – ૧૩૧૭ **क्षिपींत् (क्षिप्) प्रेरणे** । આ ધાતુ તિત્ હોવાથી "**तुदादेः शः** [૩–૪–૮૧]" એ સૂત્રથી **श** પ્રત્યય થઈ. **क्षिप्** + **श** + **ति** = **क्षिपति** । એ રીતે રૂપો બને છે.

નકાર–નકાર અનુબંધ છે તે "**इच्चाऽपुंसो** [૨–૪–૧૦૭]"

એ સૂત્રના વિષયમાં ઉપયોગી છે. જેમકે **खट्वा + का = खट्विका, खट्वाका। अनिदिति कीम् - दुर्गका** ॥७॥

पकार – પકાર અનુબંધવાળા ધાતુ **रुधादिगण** ના ગણાય છે. તથા **न्** આગમ કરવા માટે છે જેમકે – **१४७३ रिधृपी (रुध्) आवरणे**। આ ધાતુથી "**रुधास्वरा० [३-४-८२]**" એ સૂત્રથી **श्न** વિકરણ પ્રત્યય થવાથી **रुध् + न + ध् + ति = रुणद्धि**। કારિકામાં **रुधादौ नागमे** ને બદલે **रुधादौ तागमे** પાઠ કરવામાં આવે તો યોગ્ય ગણાય તેમ છે. જેમકે એનો અર્થ આ રીતે-પકાર અનુબંધ **रुधादिगण** ને જણાવે છે. અને પ્રત્યય સંબંધિ પકાર **त** આગમનો પ્રયોજક છે. જેમકે – **१४६६ दङ्त् (द) आदरे**। આ **१२९४ वृगूट् [वृ] वरणे**। આ ધાતુથી "**द – वृग्० [५-१-४०]**" એ સૂત્રથી **क्यप्** પ્રત્યય થઇ "**ह्रस्वस्य० [४-४-११३]**" એ સૂત્રથી **त** આગમ થઇ. **आ + द + क्यप् + आदृत्यः, प्रावृत्यः**। પ્રયોગો બને છે.

मकार–મકાર અનુબંધ છે તે "**दामः सम्प्रदाने० [२-२-५२]**" એ સૂત્રમાં વિશેષણ માટે છે જેમકે – **७ दां (दा) दाने**। આ ધાતુથી અધમર્ણ અર્થમાં વર્તમાન ઉપરોક્ત સૂત્રથી તૃતીયા વિભક્તિ થઇ અને તેના સન્નિયોગમાં આત્મનેપદ થઈ. **दास्या सप्रच्छते कामुकः**।

यकार – યકાર અનુબંધ છે તે **तनादिगण** નો સૂચક છે. જેમકે – **१५०१ क्षणूयी (क्षण्) हिंसायाम्**। એ ધાતુથી "**कृग्-तनादेरुः [३-४-८३]**" એ સૂત્રથી **उ** થઈ **क्षण् + उ + ति = क्षणोति, क्षणुते**। વગેરે રૂપો બને છે.

रकार – રકાર અનુબંધ **पुंवद्भाव** રૂપ અર્થનો સૂચક છે. જેમકે – **पटु** શબ્દથી **पट्वा प्रकारोऽस्या**। એ અર્થમાં "**प्रकारे-**

जातीयर् [૭–૨–૭૫] " એ સૂત્રથી **जातीयर्** પ્રત્યય થઇ. " **रिति** [૩–૨–૫૮] " એ સૂત્રથી **पुंवद्भाव** થઈ **पटुजातीया** । વગેરે રૂપો બને છે. ॥ ૮ ॥

लकार – લકાર અનુબંધ **स्त्रीलिंग** સૂચક માટે છે. જેમકે – **जनानां समूहः** અહિં " **भावे त्व – तल्** [૭–૧–૫૫] " એ સૂત્રથી **तल्** પ્રત્યયમાં **ल्** અનુબંધ હોવાથી, **जनानां समूहः** = **जनता** । એ પ્રમાણે પ્રયોગ બને છે.

वकार – વકાર અનુબંધ " **उत औबिति** [૪–૩–૫૯] " એ સૂત્રમાં વિશેષણ માટે છે. અર્થાત્ એ સૂત્રના વિષયમાં ઉપયોગી છે. જેમકે – ૧૦૭૭ **द्युंक् (द्यु) अभिगमने** । એ ધાતુથી ઉપરોક્ત સૂત્રથી ધાતુના **उकार** નો **वित्**–વ અનુબંધવાળા ચ્યંજનાદિ એવા **तिव्** પ્રત્યય પર છતાં **औ** આદેશ થવાથી **द्यु + तिव्** = **द्यौति** । એવા રૂપો બને છે.

शकार – શકાર અનુબંધ **क्र्यादिगण** સૂચક છે, તથા " **क्र्यः शिति** [૩–૪–૭૦] " એ સૂત્રમાં ઉપયોગી છે. જેમકે – ૧૫૦૯ **षिग्श् (सि) बन्धने** । આ ધાતુથી **शित्** – શકાર અનુબંધ હોવાથી **क्र्यादिगण** ગણાય અને તેથી " **क्र्यादेः** [૩–૪–૭૯] " એ સૂત્રથી **श्ना** વિકરણ પ્રત્યય થઈ **सि + श्ना + ति सिनाति** । આદિ રૂપો થાય છે. તથા ૧ **भू–सत्तायाम्** । આ ધાતુથી " **क्र्यः शिति** [૩–૪–૭૦] " એ સૂત્રથી **शित्** પર છતાં **क्र्य** પ્રત્યય થઇ. **भू + क्र्य + ते** = **भूयते** । પ્રયોગ થયો.

षकार – ષકાર અનુબંધ " **षितोऽङ्** [૫–૩–૧૦૭] " એ સૂત્રમાં ઉપયોગી છે. જેમકે – ૮૯૨ **डुपचींष् (पच्) पाके** । આ ધાતુમાં **ष** અનુબંધ હોવાથી ઉપરોક્ત સૂત્રથી **अङ्** પ્રત્યય થઇ.

पच्यतेऽसाविति = पच् + आ + पचा । એ રીતે પ્રયોગ થયો. ॥૯॥

सकार – સકાર અનુબંધ **पदत्व** નો પ્રયોજક છે. અર્થાત્ **स** અનુબંધ પરંપરાએ પદ સંજ્ઞાનું કારણ બને છે. જેમકે – **भवदीयः** । અહિં **भवत्** શબ્દથી " **भवतारि० [६-३-३०]** " એ સૂત્રથી **इयस्** પ્રત્યય થઈ, **इयस्** માં **स** અનુબંધવાળો હોવાથી " **नाम-सिदय्० [१-१-२१]** " એ સૂત્રથી પદ સંજ્ઞા થઇ જેથી " **घुटस्तृतीयः [२-१-७६]** " એ સૂત્રથી **त्** નો **द्** આદેશ થઇ **भवदीयः** । રૂપ સિદ્ધ થયું.

नोक्ता० – આ કારિકામાં જે અક્ષરો અનુબંધ રૂપે જણાવ્યા નથી, તે અક્ષરો અનુબંધ રૂપે થતાં નથી. અર્થાત્ કારિકામાં ગ્રહણ કરેલ અક્ષરો જ અનુબંધ રૂપ ગણવા, બીજા અક્ષરો ન ગણવા. અહિં અનુબંધનું જે જે ફળ કહેલ છે, તેથી અન્ય ફળ પણ ઉપલક્ષિતથી થાય છે. અર્થાત્ જણાવેલ ફળથી અન્ય ફળ ઉપલક્ષણથી બને છે. જેમકે – **टकार** અનુબંધનુ ફળ **स्वादिगण** પણું જ કહેલ છે. છતાં **२८ टुधें (धे) पाने** । આ ધાતુમાં રહેલ અનુબંધરૂપ **ट्** હોવાથી " **शुनी – स्तन० [५-१-११९]** " એ સૂત્રથી **खश्** પ્રત્યય થઇ **टित्** પણ હોવાથી "**अणञे० [२-४-२०]**" એ સૂત્રથી **ङी** પ્રત્યય થઇ, **शुनिन्धयी** વગેરે પ્રયોગો બને છે. એવી રીતે **टकार** અનુબંધ **ङी** પ્રત્યક જનક બને છે. એવી રીતે **डकार** અનુબંધનું ફળ "**डित्य० [२-१-११४]** " એ સૂત્રથી અન્ત્ય સ્વરાદિનો લોપ થયોતથા " **ङ्वितः० [५-३-८३]** " એ સૂત્રથી **त्रिमक्** પ્રત્યય થવો વગેરે પ્રયોજનો સ્વબુદ્ધિથી વિચારી જવા. ॥૧૦॥

इति धातु – प्रत्ययानुबन्धफलदर्शितकारिकार्थः ॥

[अथ चतुर्थं परिशिष्टम्]

[अथ धातुगणज्ञापकानुबन्धकारिकाः]

अदादयः कानुबन्धा, - श्चानुबन्धा दिवादयः ।
स्वादयष्टानुबन्धा, - स्तानुबन्धास्तुदादयः ॥ १ ॥
रुधादयः पानुबन्धा, यानुबन्धास्तनादयः ।
क्र्यादयः शानुबन्धा, णानुबन्धाश्चुरादयः ॥ २ ॥

क् અનુબંધવાળા ધાતુ **અદાદિગણ** ના કહેવાય છે, **च्** અનુબંધવાળા ધાતુ **દિવાદિગણ** ના કહેવાય છે, **ट्** અનુબંધવાળા ધાતુ **સ્વાદિગણ** ના કહેવાય છે, **त्** અનુબંધવાળા ધાતુ **તુદાદિગણ** ના કહેવાય છે, **प्** અનુબંધવાળા ધાતુ **રુધાદિગણ** ના કહેવાય છે, **य्** અનુબંધવાળા ધાતુ **તનાદિગણ** ના કહેવાય છે. **श्** અનુબંધવાળા ધાતુ **ક્ર્યાદિગણ** ના કહેવાય છે, તથા **ण्** અનુબંધવાળા ધાતુ **ચુરાદિગણ** ના કહેવાય છે.

ધાતુની વ્યાખ્યા – સાધ્યત્વ વિશિષ્ટ ક્રિયાનો વાચક તે ધાતુ કહેવાય છે, અર્થાત્ સધાતી યાને પરિપૂર્ણતાને નહિ પામેલી એવી ક્રિયાને કહેનાર જે શબ્દ તે ધાતુ કહેવાય છે. ધાતુ પારાયણમાં ધાતુઓના મુખ્ય નવ ભેદો પાડેલ છે. તે એક એક વિભાગ એક એક **ગણ** કહેવાય છે તેથી ધાતુઓના સમૂહને નવ ગણના ધાતુઓ તરીકે ઓળખાવવામાં આવે છે. તથા ગણ તરીકે ધાતુના વિભાગ પાડવાનું ફળ જુદી જુદી જાતના વિકરણ પ્રત્યયો લેવાનું છે જેમકે –

૧ ભ્વાદિગણનું ફળ – "**कर्त्तर्य०** [३-४-७१]" એ સૂત્રથી '**शव्**' પ્રત્યય લેવાનું છે.

૨ અદાદિગણનું ફળ – "कर्त्तर्य० [३ ४-७१]" એ સૂત્રથી 'शव्' પ્રત્યયનો નિષેધ કરવાનું છે.

૩ દિવાદિગણનું ફળ – "दिवादेः० [३-४-७२]" એ સૂત્રથી 'श्य' પ્રત્યય લેવાનું છે.

૪ સ્વાદિગણનું ફળ – "स्वादेः० [३-४-७५]" એ સૂત્ર થી 'श्नु' પ્રત્યય લેવાનું છે.

૫ તુદાદિગણનું ફળ – "तुदादेः० [३-४-८१]" એ સૂત્રથી 'श' પ્રત્યય લેવાનું છે.

૬ રુધાદિગણનું ફળ – "रुधां० [३-४-८२]" એ સૂત્રથી 'श्न' પ્રત્યય લેવાનું છે.

૭ તનાદિગણનું ફળ - "कृग्० [३-४-८३]" એ સૂત્રથી 'उ' પ્રત્યય લેવાનું છે.

૮ ક્રયાદિગણનું ફળ – "क्रयादेः [३-४-७९]" એ સૂત્રથી 'श्ना' પ્રત્યય લેવાનું છે.

૯ ચુરાદિગણનું વળ–"चुरादिभ्यो०[३-४-१७]"એ સૂત્રથી 'णिच्' પ્રત્યય લાગેનું છે.

इति धातुगणज्ञापकानुबन्धः कारिकार्थः ॥

[अथ वृत्तगणफलनिरूपणम्]

द्युतादेरद्यतन्यां चाऽऽत्मनेपदमिष्यते ।
वृत्तादिपञ्चकेभ्यो वा, स्य-सनोरात्मनेपदम् ॥ १ ॥
ज्वालादेर्णौविकल्पेन, यजादेः सम्प्रसारणम् ।
घटादीनां भवेद् ह्रस्वो, णौ परेऽजीघटत्सदा ॥ २ ॥
अद्यतन्यां पुष्पादित्वा–, द्दङ् परस्मैपदे भवेत् ।
स्वादित्वाच्च क्तयोस्तस्य, नकारः प्रकटो भवेत् ॥३॥

प्वादीनं तु भवेद् ह्रस्वो, ल्वादेः क्त्वोश्च नो भवेत् ।
युजादिभ्यो विकल्पेन, ज्ञेयाश्चुरादिके गणे ॥ ४ ॥
मुचादेर्नागमः शे च, कुटादित्वात् सिचि परे ।
गणवृद्धेरभावश्च, कथितो हेमसूरिणा ॥ ५ ॥
अदन्तानां गुणो वृद्धिर्यङ् चुरादेश्च नो भवेत् ।
संक्षेपेण फलं चैतज्ज्ञेयं सूत्रानुसारतः ॥ ६ ॥

પ્રથમ **भ्वादिगण** ના પાંચ અન્તર્ગણ – પેટાગણ છે. **૧. द्युतादिगण, ૨. वृत्तादिगण, ૩ ज्वालादिगण. ૪ यजादिगण, ૫ घटादिगण** । આ પાંચ પેટાગણનું ફળ ક્રમશઃ આ રીતે,

(૧) द्युतादिगण નું ફળ અદ્યતની વિભક્તિના પ્રત્યય પર છતાં આત્મનેપદ થવો, તથા **अङ्** પ્રત્યય થવો તે છે. જેમકે – ૧૩૭ **द्युति (द्युत्) दीप्तौ** । આ ધાતુથી **" द्युद्भ्यो० [૩-૩-૪૪]"** એ સૂત્રથી અદ્યતની વિભક્તિમાં વિકલ્પે આત્મનેપદ થાય છે અને **" शेषात्० [૩ ૩-૧૦૦]"** એ સૂત્રથી પરસ્મૈપદ થવાથી **" ल्वादिद्० [૩-૪-૬૪]"** એ સૂત્રથી પરસ્મૈપદના વિષયમાં **अङ्** પ્રત્યય થાય છે. તેથી **अद्युतत्, अद्योतिष्ट** । વગેરે રૂપો થાય છે.

(૨) वृत्तादिगण આ ગણ **द्युतादिगण** નો અન્તર્ગણ હોવાથી ઉપરોક્ત ફળ ઉપરાન્ત સ્યાદિ અને સન્ પ્રત્યયના વિષયમાં આત્મનેપદ થાય છે. જેમકે – ૯૫૯ **वृतूङ् (वृत्) वर्तने** । આ ધાતુથી **" वृद्भ्यः० [૩-૩-૪૫]"** એ સૂત્રથી સ્ય અને સન્ પ્રત્યયના વિષયમાં આત્મનેપદ થવાથી **अवृतत्, अवर्तिष्ट** । રૂપ બને છે, તથા આત્મનેપદના અભાવમાં **" न वृद्भ्यः [૪-૪-૫૯]"** આ સૂત્રથી **इट्** પ્રત્યયનો નિષેધ થવાથી **वर्त्स्यते, वर्त्स्यति, अवर्तिष्यत, अवर्त्स्यत्** । **विवृत्सति, विवर्तिषते** । વગેરે પ્રયોગો બને છે. ॥૧॥

(૩) **ज्वालादिगण** નું ફળ વિકલ્પે **ण्** કરવો તે છે. જેમકે- ૯૬૦ **ज्वल (ज्वल्) दीप्तौ** । આ ધાતુથી " **वा ज्वालादि०** [૫-૧-૬૨] " એ સૂત્રથી વિકલ્પે **ण्** થવાથી **ज्वालः, ज्वलः** । વગેરે રૂપો સમજવા.

(૪) **यजादिगण** નું ફળ સંપ્રસારણ **यङ्वृत् = इ - उ ऋ** થાય છે. જેમકે - ૯૯૧ **यजीं (यज्) देवपूजा - सगति - करण - दानेषु** । આ ધાતુથી " **यजादि०** [૪-૧-૭૨] " એ સૂત્રથી **यङ्वृत्** થયે છતે **इयाज** । તથા **यजादि-वचेः०** [૪-૧ ૭૯] " એ સૂત્રથી **यङ्वृत्** થયે છતે **ईजे** । વગેરે પ્રયોગ કરાય છે.

(૫) **घटादिगण** નું ફળ **णि** પર છતાં હ્રસ્વ થવો તે છે. જેમકે-૧૦૦૦ **घटिष् (घट्) चेष्टायाम्** । આ ધાતુને "**घटादेः०** [૪-૨-૨૪] " આ સૂત્રથી વિકલ્પે હ્રસ્વ થવાથી **घटयति** । તથા અહિં કારિકામાં **सदा** શબ્દનો ઉલ્લેખ હોવાથી " **उपान्त्यस्य०** [૪-૨-૩૫] " એ સૂત્રથી હ્રસ્વ થતો નથી જેથી **अजीघटत्** । પ્રયોગ બને છે.

બીજા **अदादिगण** નો અન્તર્ગણ **ह्वादिगण - जुहोत्यादिगण** તેનું ફળ શિત્ પ્રત્યય પર દ્વિર્ભાવ થવો તે છે. જેમકે - ૧૧૩૦ **हुंक् (हु) दाना - ऽदनयोः** । આ ધાતુને "**हवः शिति** [૪-૧-૧૨]" એ સૂત્રથી દ્વિર્ભાવ થઈ **जुहोति** । આદિ રૂપો થાય છે. ॥ ૨ ॥

ત્રીજા **दिवादिगण** ના અન્તર્ગણ બે છે. ૧ **पुष्पादिगण,** ૨ **स्वादिगण** ।

(૧) **पुष्पादिगण** નું ફળ અદ્યતની વિભક્તિના પરસ્મૈપદના વિષયમાં **अङ्** પ્રત્યય થવો તે છે. જેમકે - ૧૧૭૫ **पुषंच् (पुष्) पुष्टौ** । આ ધાતુથી " **लुदित्०** [૩-૪-૬૪] " એ સૂત્રથી

અઙ્ પ્રત્યય થઈ **अपुषत्** । વગેરે રૂપો બને છે.

(૨) **स्वादिगण** નું ફળ **क्त** અને **क्तवतु** ના **त** નો **न** આદેશ થવો તે છે. જેમકે-**૧૨૪૨ षूङोच् (सू) प्राणिप्रसवे** । આ ધાતુથી " **सूयत्या० [४-२-७०]** " એ સૂત્રથી **क्त** અને **क्तवतु** પ્રત્યયના **त** નો **न** થવાથી **सूनः, सूनवान्** । આદિ રૂપો થાય છે. ॥૩॥

આઠમાં **क्र्यादिगण** ના બે અન્તર્ગણ છે. **१ प्वादि, २ ल्वादि** ।

(૧) **प्वादिगण** નું ફળ હ્રસ્વ છે. જેમકે – **૧૫૧૮ पूगश् (पू) पवने** । આ ધાતુથી " **प्वादेः० [४-२-१०५]** " એ સૂત્રથી હ્રસ્વ થઈ **पुनाति, पुनीते** । વગેરે રૂપો બને છે.

(૨) **ल्वादिगण** આ ગણ **प्वादिगण** નો અન્તર્ગણ હોવાથી તેનું ફળ હ્રસ્વ તો છે જ, તદુપરાંત **क्त, क्तवतु** અને **क्ति** પ્રત્યય પર છતાં **त** નો **न** થાય છે. કારિકામાં **क्ति** પ્રત્યય નથી પણ ઉપલક્ષણથી લેવાનો છે. **तुदादिगण** ક્રમમાં પ્રથમ આવતો હોવા છતાં પૂર્વના સૂત્રની **त** ના **न** થાય એ અનુવૃત્તિ લેવા માટે **क्र्यादिगण** પહેલા લીધો છે. જેમકે-**૧૫૧૯ लूगश् (लू) छेदने** । આ ધાતુથી " **ऋ – ल्वादेः० [४-२-६८]** " એ સૂત્રથી **क्त, क्तवतु** અને **क्ति** પ્રત્યયના **त** નો **न** થવાથી. **लूनः, लूनवान्, लूनिः, लुनाति, लुनीते** । વગેરે રૂપો બને છે.

નવમા **चुरादिगण** નો એક જ અન્તર્ગણ છે **युजादिगण** ।

(૧) **युजादिगण** નું ફળ **चुरादिगण** માં **युजादिगण** ને વિકલ્પે ગણેલ હોવાથી વિકલ્પે **णिच्** પ્રત્યય થવો એ છે. જેમકે – **૧૯૪૧ युजण् (युज्) संपर्चने** । એ ધાતુથી " **युजादेर्नवा० [३-४-१८]** " એ સૂત્રથી **णिच्** વિકલ્પે થવાથી **योजयति, योजति** । રૂપો બને છે. ॥૪॥

પાંચમાં **तुदादिगण** ના બે અન્તર્ગણ છે. **१ मुचादिगण, २ कुटादिगण ।**

(१) मुचादिगण નું કૃણ **न्** આગમ થયું તે છે. જેમકે – **१३२० मुच्लृंति (मुच्) मोक्षणे ।** આ ધાતુને **" मुचादि०· [४-४-९९]"** એ સૂત્રથી ધાતુના સ્વરથી પર **न्** અન્તાગમ થવાથી **मुञ्चति, मुञ्चते।** વગેરે પ્રયોગ સિદ્ધ થાય છે.

(२) कुटादिगण નું કૃણ **सिच्** પ્રત્યય પર છતાં ગુણ અને વૃદ્ધિનો અભાવ જણાવે છે. જેમકે – **१४२६ कुटत् (कुट्) कौटिल्ये ।** એ ધાતુથી **" कुटादे० [४-३-१७]"** એ સૂત્રથી ङि પણ છતાં, **सिच्** પ્રત્યય પર છતાં ગુણ થતો નથી. તેથી **अकुटीत् ।** વગેરે રૂપ થાય છે. તથા **१४२९ णूत [नूत्] स्तवने ।** આ ધાતુથી **" कुटादे० [४-३-१७]"** એ સૂત્રથી ङि પણાને લઈ **सिच्** પ્રત્યય પર છતાં **" सिचि परस्मै० [४-३-४४]"** એ સૂત્રથી વૃદ્ધિનો અભાવ થવાથી **अनुवीत् ।** વગેરે રૂપો થાય છે. ॥ ૯ ॥

નવમા **चुरादिगण** માં જે **अदन्त** વિભાગ જુદો પાડેલ છે, તેનું કૃણ ગુણ, વૃદ્ધિ અને **यङ्** નો અભાવ બતાવે છે. જેમકે – **१८४९ सुखण् (सुख्) तत्क्रियायाम् ।** તથા **१८५३ रचण् (रच्) प्रतियत्ने ।** આ ધાતુ **" अतः० [४-३-८२]"** એ સૂત્રથી **अ** સ્વરનો **लुक्** થવાથી સ્થાનીવદ્ભાવને લઈ ગુણ અને વૃદ્ધિનો અભાવ થવાથી **सुखयति । रचयति ।** એવી રીતે **' भृशं पुनः पुनर्वा सुखयति ' रचयति वा इति = असुसुखत्, अररचत् ।** આ રૂપોમાં **असमानलोपे० [४-२-६३]"** એ સૂત્રથી પૂર્વને સન્વદ્ભાવ થવાથી **"लघोर्दीर्घ· [४-२-६४]"**

એ સૂત્રથી થતા દીર્ઘનો અભાવ થયેલ છે. **१८५४ सूचण् [सूच्] पैशुन्ये** । આ ધાતુમાં સમાનલોપ પણ હોવાથી " **उपान्त्य०** [४-२-३५] " આ સૂત્રથી હ્રસ્વનો નિષેધ થવાથી **असुसूचत्** । પ્રયોગ થયો. આ રીતે ઉપલક્ષણથી ક્રમને સમજવા. ॥૬॥

इतिवृत्तगणफलनिरूपणम् ॥

शासनसम्राट् आबालब्रह्मचारि-तपागच्छाधिपति प. पू.
आचार्यभगवंत श्रीमद्विजयनेमिसूरीश्वरपट्टालङ्कार
व्याकरणवाचस्पति - शास्त्रविशारद - साहित्य-
सम्राट् मम विद्यादातृ प. पू. आचार्य
भगवंत श्रिमद्विजयलावण्यसूरीश्वर विरचित
धातुरत्नाकरान्तर्गतवृत्त्यनुसारेण
गूर्जरभाषानुवादसहितेन
परिशिष्टानि
समाप्तानि ॥



[अथपञ्चमं परिशिष्टम्]

कलिकालसर्वज्ञश्रीहेमचन्द्रसूरिभगवत्स्विरचितम्-हैमधातुपाठः ॥

[अथ भ्वादिगणः]

१ भू = सत्तायाम् ।	થવું, હોવું.
२ पां = पाने ।	પીવું.
३ घां = गन्धोपादाने ।	સુંઘવું.
४ ध्मां = शब्दा - ऽग्निसंयोगयोः ।	શંખ વગેરે વગાડવો, ફુંકવું, અગ્નિ સળગાવવો, ધમવું.
५ ष्ठां = गतिनिवृत्तौ ।	ઉભા રહેવું.
६ म्नां = अभ्यासे ।	આમ્નામાં રહેવું.
७ दां = दाने ।	દેવું, દાન દેવું.
८ जि ९ जि = अभिभवे ।	જીતવું.
१० क्षि = क्षये ।	ક્ષય પામવું.
११ इं १२ डुं १३ द्रुं	
१४ शुं १५ स्कुं = गतौ ।	જવું, દોડવું, દ્રવવું, સ્રવવું, ટપકવું, ઝરવું.
१६ ध्रुं = स्थैर्ये च ।	સ્થિર થવું, જવું.
१७ सुं = प्रसवैश्वर्ययोः ।	જન્મ થવો, ઠકુરાઇ ભોગવવી.
१८ स्मृं = चिन्तायाम् ।	યાદ કરવું, ચિન્તા કરવી, સ્મરણ કરવું.
१९ गृं २० घृं = सेचने ।	છાંટવું.
२१ औस्वृ = शब्दोपतापयोः ।	શબ્દ કરવો, દુઃખ લાવવું.

૨૨ दृवृं = वरणे ।	ઢાંકવું, વરવું, સ્વીકારવું.
૨૩ ध्वृं ૨૪ हृवृं = कौटिल्ये ।	આડાઈ કરવી, વક્રપણું કરવું.
૨૫ सृं = गतौ ।	જવું, સરકવું.
૨૬ ऋं = प्रापणे च ।	લઈ જવું, જવું, પ્રાપ્ત કરવું.
૨૭ तॄं = प्लवन – तरणयोः ।	તરવું, નહાવું, કૂદવું.
૨૮ टूधैं = पाने ।	પીવું, ધાવવું.
૨૯ दैंव् = शोधने ।	શુદ્ધ કરવું, સાફ કરવું.
૩૦ ध्यैं = चिन्तायाम् ।	ધ્યાન કરવું, ચિન્તન કરવું.
૩૧ ग्लैं = हर्षक्षये ।	ગ્લાન થવું, ક્ષીણ થવું, શરીરનું દુર્બળ થવું.
૩૨ म्लैं = गात्रविनामे ।	મ્લાન થવું, દેહની કાન્તિ ક્ષીણ થવી,
૩૩ म्यैं = न्यङ्क्करणे ।	અંગને ખરાબ કરવું, મરડીને વાંકું કરવું
૩૪ द्रैं = स्वप्ने ।	સુવું, ઊંઘવું.
૩૫ ध्रैं – तृप्तौ ।	તૃપ્ત થવું, ધરાઈ જવું.
૩૬ कैं ૩૭ गैं ૩૮ रैं=शब्दे ।	શબ્દ કરવો, ગીત ગાવું.
૩૯ ष्टयैं ૪૦ स्त्यैं=सङ्घाते च।	ભેગા થવું, જમી જવું, શબ્દ કરવો.
૪૧ ख्यैं = खदने ।	હિંસા કરવી, સ્થિર થવું.
૪૨ क्षैं ૪૩ जैं ૪૪ षैं = क्षये ।	ક્ષીણ થવું, ક્ષય થવો, ફાડવું.
૪૫ स्त्रैं ૪૬ ध्रैं = पाके ।	પકાવવું, રાંધવું.
૪૭ पैं ૪૮ ओवैं = शोषणे ।	સુકાવવું, શોષણ કરવું.
૪૯ ष्णैं = वेष्टने ।	વીંટવું.
૫૦ फक्क = नीचैर्गतौ ।	ધીમે ચાલવું, ઓછો વ્યવહાર કરવો, નીચે જવું.

૫૧ तक=हसने । હસવું.
૫૨ तकु = कृच्छ्रजीवने । કષ્ટથી જીવવું, તંગ થવું.
૫૩ शुक = गतौ । જવું.
૫૪ बुक्क = भाषणे । કહેવું, બકબક કરવું, ભસવું.
૫૫ ओखृ ૫૬ राखृ-૫૭ लाखृ
૫૮ द्राखृ ૫૯ ध्राखृ =
शोषणालमर्थयोः । સુકાવું, સમર્થ થવું.
૬૦ शाखृ ૬૧ ऋाखृ=व्याप्तौ । વ્યાપીને રહેવું, ફેલાવવું.
૬૨ कक्ख = हसने । હસવું, ખી ખી કરવું.
૬૩ उख ૬૪ नख ૬૫ णख
૬૬ वख ૬૭ मख ૬૮ रख
૬૯ लख ૭૦ मखु ૭૧ रखु
૭૨ लखु ૭૩ रिखु ૭૪ इख
૭૫ इखु ૭૬ ईखु ૭૭ वल्ग
૭૮ रगु ૭૯ लगु ૮૦ तगु
૮૧ भगु ૮૨ ऋगु ૮૩ अगु
૮૪ वगु ૮૫ मगु ૮૬ खगु
૮૭ रगु ૮૮ उगु ૮૯ रिगु
૯૦ लिगु = गतौ । જવું.
૯૧ त्वगु = कम्पने च । કંપવું, જવું.
૯૨ युगु ૯૩ जुगु
૯૪ बुगु = वर्जने । વર્જવું, છોડી દેવું.
૯૫ गन्ध = हसने । હસવું.
૯૬ दधु = पालने । પાલન કરવું.
૯૭ शिधु = आघ्राणे । સુંઘવું.

૯૮ लघु = शोषणे । ચુકાવું, લાંઘણ કરવી.
૯૯ शुच = शोके । શોક કરવો, શોચવું.
૧૦૦ कुच = शब्दे तारे । ઉચ્ચેથી બોલવું.
૧૦૧ कुञ्च = गतौ । જવું, કુટિલતા કરવી, નાનાથવું, લઘુતા રાખવી
૧૦૨ कुञ्च च = कौटिल्याल्पीभावयोः । કુટિલતા કરવી, લઘુતા ગ્રંથી રાખવી, અલ્પ થવું.
૧૦૩ लुञ्च = अपनयने । લોચ કરવો, ઉખેડીને ફેંકી દેવું, નકામું દૂર કરવું.
૧૦૪ अर्च = पूजायाम् । પૂજવું, આદર કરવો.
૧૦૫ अञ्चु = गतौ च । જવું, પૂજવું.
૧૦૬ वञ्चू ૧૦૭ चञ्चू
૧૦૮ तञ्चू ૧૦૯ त्वञ्चू
૧૧૦ मञ्चू ૧૧૧ मुञ्चू
૧૧૨ घ्रुञ्चू ૧૧૩ घ्रुचू
૧૧૪ म्लुचू ૧૧૫ म्लुञ्चू
૧૧૬ घस्च – गतौ । જવું, છેતરવું, છોડી દેવું.
૧૧૭ ग्रुचू ૧૧૮ ग्लुचू=स्तेये । ચોરી કરવી,
૧૧૯ म्लेछ = अव्यक्तायां वाचि । ન સમજાય તેવું બોલવું.
૧૨૦ लछ ૧૨૧ लाछु = लक्षणे । નિશાન કરવું, લાંછન કરવું.
૧૨૨ वाछु = इच्छायाम् । ઇચ્છવું, વાંછવું.
૧૨૩ आछु = आयामे । લાંબા થવું, ખેંચવું.
૧૨૪ ह्रीछ = लज्जायाम् । શરમાવું, લાજવું.

૧૨૫ **हुर्छा = कौटिल्ये ।**	વક્રતા કરવી, કુટિલતા કરવી.
૧૨૬ **मुर्छा = मोह – समुच्छ्रायय़ोः ।**	મૂર્છા પામવી, બેશુદ્ધ થવું, ઉંચા વધવું.
૧૨૭ **स्फुर्छा** ૧૨૮ **स्मुर्छा = विस्मृतौ ।**	ભુલી જવું, વિસરી જવું.
૧૨૯ **गुछ = प्रमादे ।**	આળસ કરવી.
૧૩૦ **धृज** ૧૩૧ **धृजु**	
૧૩૨ **ध्वज** ૧૩૩ **ध्वजु**	
૧૩૪ **भ्रज** ૧૩૫ **भ्रजु**	
૧૩૬ **वज** ૧૩૭ **व्रज**	
૧૩૮ **षज्ज = गतौ ।**	જવું, ધ્રુજવું, ધ્વજ કંપવી.
૧૩૯ **अज = क्षेपणे च ।**	જવું, ફેંકવું.
૧૪૦ **कुजू** ૧૪૧ **खुजू = स्तेये ।**	ચોરી કરવી, ખુંચવી લેવું.
૧૪૨ **अर्ज** ૧૪૩ **सर्ज=अर्जने ।**	મેળવવું, કમાવું, અંજન કરવું, પેદા કરવું.
૧૪૪ **कर्ज=व्यथने ।**	પીડા કરવી.
૧૪૫ **खर्ज = मार्जने च ।**	સાફ કરવું, પીડા કરવી, ખંજેળવું.
૧૪૬ **खज = मन्थे ।**	મન્થન કરવું, વલોવવું.
૧૪૭ **खजु = गति-वैकल्ये ।**	લંગડા ચાલવું.
૧૪૮ **पजृ = कम्पने ।**	ધ્રુજવું, હલવું, કંપવું.
૧૪૯ **ट्वोस्फूर्जा = वज्रनिर्घोषे ।**	વજ્રનો અવાજ થવો.
૧૫૦ **क्षीज** ૧૫૧ **कुज** ૧૫૨ **गुज**	
૧૫૩ **गुजु = अव्यक्ते शब्दे ।**	ન સમજાય તેવું બોલવું, કુંજવું, ગુંજવું.

૧૫૪ लज ૧૫૫ लजु
૧૫૬ तर्ज = भर्त्सने । ઠપકો આપવો, તિરસ્કાર કરવો, તર્જન કરવું.
૧૫૭ लाज ૧૫૮ लाजु=भर्जने च । ભુંજવું, ઠપકો દેવો, ભોઠાં પડવું.
૧૫૯ जज ૧૬૦ जजु = युद्धे । યુદ્ધ કરવું, લડાઈ કરવી.
૧૬૧ तुज = हिंसायाम् । હિંસા કરવી.
૧૬૨ तुजु = बलने च । શ્વાસ લેવો, હિંસા કરવી, પ્રાણ ધારણ કરવો.
૧૬૩ गर्ज ૧૬૪ गजु (गुजु)
૧૬૫ गृज ૧૬૬ गृजु
૧૬૭ मुज ૧૬૮ मुजु
૧૬૯ मृज ૧૭૦ मज = शब्दे । શબ્દ કરવો, ગાજવું, ગર્જના કરવી.
૧૭૧ गज = मर्दने च । મદોન્મત્ત થવું. અવાજ કરવો.
૧૭૨ त्यजं - हानौ । ત્યાગ કરવો, તજવું, હાની કરવી.
૧૭૩ षञ्ज = सङ्गे સોબત કરવી, સંગ કરવો.
૧૭૪ कट = वर्षावरणयोः । વર્ષવું, ઢાંકવું.
૧૭૫ शट = रुजाविशरणगत्यवशातनेषु । રોગી થવું, સડી જવું, પાતળા થવું, જવું, ફાટી જવું.
૧૭૬ वट = वेष्टने । વીંટવું.
૧૭૭ किट ૧૭૮ खिट = उत्त्रासे । ભય પામવું, ત્રાસ પમાડવો
૧૭૯ शिट ૧૮૦ षिट = अनादरे । અવગણના કરવી.
૧૮૧ जट ૧૮૨ झट=सङ्घाते ભેગા મળી જવું.
૧૮૩ षिट = शब्दे च । અવાજ કરવો, જાથ્થા રૂપ થવું.

૧૮૪ भट = भृतौ । પોષણ કરવું, નોકરી કરવી.
૧૮૫ तट = उच्छ्राये । ઊંચુ વધવું.
૧૮૬ खट = काङ्क्षे । અભિલાષા કરવી, ઇચ્છા રાખવી.
૧૮૭ णट = नृतौ । નાચવું.
૧૮૮ हट = दीप्तौ । ચળકવું, દીપવું.
૧૮૯ षट = अवयवे । ભાગરૂપ થવું.
૧૯૦ लुट = विलोटने । આળોટવું, લોટવું.
૧૯૧ चिट = प्रेष्ये । ચાકર થવું, નોકર બનવું.
૧૯૨ विट = शब्दे । શબ્દ કરવો.
૧૯૩ हेट = विबाधायाम् । પીડા કરવી.
૧૯૪ अट ૧૯૫ पट
૧૯૬ इट ૧૯૭ किट
૧૯૮ कट ૧૯૯ कुट
૨૦૦ कटै = गतौ । જવું, આથડવું.
૨૦૧ कुट्ट = वैकल्ये । ખોડખાંપણવાળા થવું.
૨૦૨ मुट = प्रमर्दने । મરડવું.
૨૦૩ चुट ૨૦૪ चुट्ट = अल्पीभावे । નાના થવું, લઘુતા રાખવી.
૨૦૫ वट्ट = विभाजने । જુદું કરવું, વિભાગ કરવો.
૨૦૬ रुट्ट ૨૦૭ लुट्ट=स्तेये । ચોરી કરવી, લુંટવું.
૨૦૮ स्फट ૨૦૯ स्फुट्ट=विसरणे। ફુટી જવું, ફાટી જવું.
૨૧૦ लट = बाल्ये । બાલ ચેષ્ટા કરવી, લાડ કરવા, કાલું કાલું બોલવું.
૨૧૧ रट ૨૧૨ रठ च = परिभाषणे । બોલવું, નિંદા કરવી.

૨૧૩ पठ = व्यक्तायां वाचि । સ્પષ્ટ બોલવું, પાઠ કરવો.
૨૧૪ वठ = स्थौल्ये । જાડા થવું.
૨૧૫ मठ = मद-निवासयोश्च । મદ કરવો, રહેવું, જાડા થવું.
૨૧૬ कठ = कृच्छ्रजीवने । દુઃખી જીવન જીવવું.
૨૧૭ हठ = बलात्कारे । હઠ કરવી, બલાત્કાર કરવો.
૨૧૮ उठ ૨૧૯ रुठ
૨૨૦ लुठ = उपघाते । ખેદ પમાડવો, ઉપઘાત કરવો.
૨૨૧ पिठ=हिंसा-संक्लेशयोः । હિંસા કરવી, ક્લેશ કરવો.
૨૨૨ शठ = कैतवे च । કપટ કરવું, હિંસા કરવી, ક્લેશ કરાવવો.
૨૨૩ शुठ = गतिप्रतिघाते । ગતિ રોકવી.
૨૨૪ कुठु ૨૨૫ लुठु = आलस्ये च । આળસ કરવી, ગતિ રોકવી.
૨૨૬ शुठु = शोषणे । સુકાવવું.
૨૨૭ अठ ૨૨૮ रुठु = गतौ । જવું, આથડવું.
૨૨૯ पुड = प्रमर्दने । મરડવું.
૨૩૦ मुड = खण्डने च । ખંડિત કરવું, મરડવું.
૨૩૧ मडु = भूषायाम् । શણગારવું, શોભા કરવી.
૨૩૨ गड = वदनैकदेशे । મુખના એક ભાગ થવું.
૨૩૩ शौड़ = गर्वे । ગર્વ કરવો, આપ બડાઈ કરવી.
૨૩૪ यौड़ = सम्बन्धे । જોડાવું, સંબંધ કરવો.
૨૩૫ मेड़ ૨૩૬ म्रेड़
૨૩૭ म्लेड़ ૨૩૮ लोड़ ।
૨૩૯ लौड़ = उन्मादे । ગાંડા થવું, ઉન્માદ કરવો, તોડવું.
૨૪૦ रोड़ ૨૪૧ रौड़
૨૪૨ तौड़ = अनादरे । અનાદર કરવો.

२४३ क्रीड् = विहारे ।	ક્રીડા કરવી, રમત કરવી, સ્વચ્છંદ રીતે વર્તવું.
२४४ तुड् २४५ तूड्	
२४६ तोड् = तोडने ।	તોડી નાંખવું.
२४७ हुड् २४८ हूड् २४९ हूड्	
२५० हौड् = गतौ ।	જવું.
२५१ खोड् = प्रतिघाते ।	લંગડા થવું.
२५२ विड = आक्रोशे ।	તર્જના કરવી, આક્રોશ કરવો.
२५३ अड = उद्यमे ।	ઉદ્યમ કરવો.
२५४ लड(लल) = विलासे ।	રમવું, લાડ કરવા, વિલાષ કરવો.
२५५ कड = मदे ।	મદ કરવો.
२५६ कद्ड = कार्कश्ये ।	કઠોર થવું, કર્કશ થવું.
२५७ अद्ड = अभियोगे ।	હલ્લો કરવો, સામે થવું.
२५८ चुद्ड = हावकरणे ।	ભાવ જણાવવા, અભિપ્રાય જણાવવો.
२५९ अण २६० रण	
२६१ वण २६२ व्रण	
२६३ बण २६४ भण	
२६५ भ्रण २६६ मण	
२६७ धण २६८ ध्वण	
२६९ ध्रण २७० कण	
२७१ क्वण २७२ चण= शब्दे ।	શબ્દ કરવો – અવાજ કરવો.
२७३ ओणृ = अपनयने ।	દૂર કરવું, ઉપાડી જવું.
२७४ शोणृ = वर्ण-गत्योः ।	લાલ થવું, જવું, લાલ રંગે રંગાવું.

૨૭૫ श्रोणृ ૨૭૬ श्लोणृ =
संघाते । ભેગા થવ .
૨૭૭ पैणृ=गति-प्रेरण-श्लेषणेषु। જવું, પ્રેરણા કરવી, ભેટવું.
૨૭૮ चितै = संज्ञाने । અનુભવ કરવો.
૨૭૯ अत = सात्यगमने । નિરન્તર થવું.
૨૮૦ च्चुतृ = आसेचने । થોડું છાંટવું, ટપકવું.
૨૮૧ चुतृ ૨૮૨ स्चुतृ
૨૮૩ स्च्युतृ = क्षरणे । ખરવું, ઝરવું.
૨૮૪ जुतृ = भासने । ઝળકવું., પ્રકાશવું.
૨૮૫ अतु = बन्धने । બાંધવું.
૨૮૬ कित = निवासे । વસવું, પ્રતિકાર કરવો.
૨૮૭ ऋत=घृणा-गति-स्पर्द्धेषु । દયા કરવી, જવું, હરિફાઈ કરવી.
૨૮૮ कुथु ૨૮૯ पुथु
૨૯૦ लुथु ૨૯૧ मथु
૨૯૨ मन्थ ૨૯૩ मान्थ =
हिंसा - संक्लेशयोः । હિંસા કરવી, પીડા કરવી.
૨૯૪ खादृ = भक्षणे । ખાવું, ભક્ષણ કરવું.
૨૯૫ बद = स्थैर्ये । સ્થિર થવું, સ્થિર રહેવું.
૨૯૬ खद = हिसायां च । હિંસા કરવી, સ્થિર થવું.
૨૯૭ गद =व्यक्तायां वाचि । સ્પષ્ટ બોલવું.
૬૯૮ रद = विलेखने । બોદ્દવું. કોતરવું.
૨૯૯ णद ૩૦૦ त्रिक्ष्विदा = અસ્પષ્ટ બોલવું, નદીનો અવાજ
अव्यक्ते शब्दे। થવો.
૩૦૧ अर्द = गति - याचनयोः । જવું, માંગવું.
૩૦૨ नर्द ૩૦૩ णर्द

૩૦૪ गर्द् = शब्दे ।	શબ્દ કરવો, નિન્દિત અવાજ કરવો.
૩૦૫ तर्द् = हिंसायाम् ।	હિંસા કરવી.
૩૦૬ कर्द् = कुत्सिते शब्दे ।	બરાબ શબ્દ કરવો.
૩૦૭ खर्द् = दशने ।	સાપનું કરડવું, ડંખ દેવો.
૩૦૮ अदु = बन्धने ।	બાંધવું.
૩૦૯ इदु = परमैश्वर्ये ।	ઉત્કૃષ્ટ ઠકુરાઈ ભોગવવી, પરમ-ઐશ્વર્ય ભોગવવું.
૩૧૦ विदु = अवयवे ।	એક ભાગમાં ક્રિયા થવી, બિન્દુ રૂપ બનવું.
૩૧૧ णिदु = कुत्सायाम् ।	નિંદા કરવી.
૩૧૨ टुनदु = समृद्धौ ।	સમૃદ્ધિવાળા થવું.
૩૧૩ चदु = दीप्त्याह्लादयोः ।	દીપવું, આનંદ પમાડવો.
૩૧૪ त्रदु = चेष्टायाम् ।	ચેષ્ટા કરવી.
૩૧૫ क्रदु ૩૧૬ क्रदु	
૩૧૭ क्लिदु = रोदनाह्वानयोः ।	રડવું, બોલાવવું, આક્રન્દ કરવું.
૩૧૮ कदु = परिदेवने ।	શોક કરવો, ખેદ કરવો.
૩૧૯ स्कन्दृ=गति-शोषणयोः ।	જવું, ચુકવવું.
૩૨૦ षिधू = गत्याम् ।	જવું.
૩૨૧ षिधौ = शास्त्र – माङ्गल्ययोः ।	શાસ્ત્ર સંબંધિ શિખામણ આપવી. મંગલમય થવું.
૩૨૨ शुन्ध = शुद्धौ ।	શુદ્ધ થવું.
૩૨૩ स्तन ૩૨૪ धन	
૩૨૫ ध्वन ૩૨૬ चन	
૩૨૭ स्वन ૩૨૮ वन=शब्दे ।	શબ્દ કરવો, ધણુંધણુવું, ધણુ-ધણુવું, ચણુંચણુવું.

૩૨૯ वन ૩૩૦ षन = भक्तौ ।	ભજન કરવું, પ્રાર્થના કરવી, સેવા કરવી.
૩૩૧ कनै = दीप्ति – कान्ति – गतिषु ।	પ્રકાશવું, જવું, શોભવું.
૩૩૨ गुपौ = रक्षणे ।	રક્ષણ કરવું. સાચવવું.
૩૩૩ तपं ૩૩૪ धुप=संतापे ।	તપવું, સંતાપ કરવો.
૩૩૫ रप ૩૩૬ लप	
૩૩૭ जल्प = व्यक्ते वचने ।	સ્પષ્ટ બોલવું.
૩૩૮ जप = मानसे च ।	ધ્યાન ધરવું, સ્પષ્ટ બોલવું, જપવું.
૩૩૯ चप = सान्त्वने ।	ખુશી કરવું, શાન્તિ આપવી.
૩૪૦ शप[षप] = समवाये ।	એક થઈ જવું.
૩૪૧ सृप्लृं = गतौ ।	જવું, વાંકી ચુંકી ગતિ કરવી.
૩૪૨ चुप = मन्दायाम् ।	ધીમે ધીમે જવું, ચુપકીથી જવું.
૩૪૩ तुप ૩૪૪ तुम्प	
૩૪૫ त्रुप ૩૪૬ त्रुम्प	
૩૪૭ तुफ ૩૪૮ तुम्फ	
૩૪૯ त्रुफ ૩૫૦ त्रुम्फ = हिंसायाम् ।	હિંસા કરવી.
૩૫૧ वर्फ ૩૫૨ रफ	
૩૫૩ रफु ૩૫૪ अर्ब	
૩૫૫ कर्ब ૩૫૬ खर्ब	
૩૫૭ गर्ब ૩૫૮ चर्ब	
૩૫૯ तर्ब૩૬૦ नर्ब	
૩૬૧ पर्ब ૩૬૨ बर्ब	
૩૬૩ शर्ब ૩૬૪ षर्ब	
૩૬૫ सर्ब ૩૬૬ रिङ्	

૩૬૭ रबु = गतौ । રફુ થઈ જવું, ગતિ કરવી.
૩૬૮ कुबु =आच्छादने । ઢાંકવું.
૩૬૯ लुबु ૩૭૦ तुबु=अर्दने । પીડા કરવી.
૩૭૧ चुबु = वक्त्रसंयोगे । ચુંબન કરવું.
૩૭૨ सृभू ૩૭૩ सृम्भू
૩૭૪ स्रिभू ૩૭૫ षिम्भू
૩૭૬ भर्भ = हिंसायाम् । હિંસા કરવી,
૩૭૭ शुम्भ = भाषणे च । બોલવું, ભાષણ કરવું, હિંસા કરવી.
૩૭૮ यभं ૩૭૯ जभ=मैथुने । મૈથુન કરવુ.
૩૮૦ चमू ૩૮૧ छमू
૩૮૨ जमू ૩૮૩ झमू
૩૮૪ ञिमू = अदने । જમવું, ખાવું.
૩૮૫ क्रमू = पादविक्षेपे । પગ વડે ચાલવું.
૩૮૬ यमं = उपरमे । અટકવુ, નિવૃત્ત થવું.
૩૮૭ स्यमू = शब्दे । શબ્દ કરવો.
૩૮૮ णमं = प्रह्वत्वे । નમવું, નમ્ર થવું.
૩૮૯ षम ૩૯૦ ष्टम=वैक्लव्ये । કાયર થવું.
૩૯૧ अम = शब्द – भर्त्सयोः । ભર્જન કરવું, અવાજ કરવો.
૩૯૨ अम ૩૯૩ द्रम
૩૯૪ हम्म ૩૯૫ मिम्
૩૯૬ गल्लृं = गतौ । ગતિ કરવી, જવું.
૩૯૭ हय ૩૯૮ हर्य=क्रान्तौ च। થાકવું. જવું.
૩૯૯ मन्थ = बन्धने । બાંધવું
૪૦૦ सूर्क्ष्य ૪૦૧ ईर्क्ष्य
૪૦૨ ईर्ष्य - ईर्ष्यार्थाः । ઈર્ષ્યા કરવી, મનમાં બળવું.

૪૦૩ शुच्यै ૪૦૪ चुच्यै = अभिषवे । પ્રવાહી વસ્તુને બીજી પ્રવાહી વસ્તુ સાથે સુગંધીત કરવી.
૪૦૫ त्सर = छद्मगतौ । કપટથી ચાલવું.
૪૦૬ क्मर = हूर्छने । વક્રતા કરવી.
૪૦૭ अभ्र ૪૦૮ बभ्र
૪૦૯ मभ्र = गतौ । જવું.
૪૧૦ चर = भक्षणे च । ખાવું, ચરવું, જવું.
૪૧૧ घोर् = गतिश्चातुर्ये । ચતુરાઇથી ચાલવું.
૪૧૨ खोर् = प्रतिघाते । લંગડા ચાલવું, જતાં અટકાવવું.
૪૧૩ दल ૪૧૪ त्रिफला = विशरणे । સડી જવું, વિખરાઇ જવું.
૪૧૫ मील ૪૧૬ श्मील
૪૧૭ स्मील ૪૧૮ ष्मील = निमेषणे । સંકુચિત કરવું.
૪૧૯ पील = प्रतिष्टम्भे । રોપવું.
૪૨૦ णील = वर्णे । લીલા થવું.
૪૨૧ शील = समाधौ । એકાગ્ર થવું.
૪૨૨ कील = बन्धे । બાંધવું.
૪૨૩ कूल = आवरणे । ઢાંકવું.
૪૨૪ शूल = रुजायाम् । રોગી થવું, શૂલ આવવી. પીડા થવી.
૪૨૫ तूल = निष्कर्षे । અંદરથી બહાર કાઢવું.
૪૨૬ पूल = संघाते । એકત્રિત થવું, ભેગા થવું.
૪૨૭ मूल = प्रतिष्ठायाम् । આધારરૂપ થવું.
૪૨૮ फल = निष्पत्तौ । નિષ્પન્ન થવું, ખીલવું, ફળવું.
૪૨૯ फुल्ल = विकसने । વિકાસ થવું, ખીલવું.

૪૩૦ चुल्ल = हावकरणे । સંભોગની ઇચ્છાથી શરીરની ચેષ્ટા કરવી.
૪૩૧ चिल्ल = शैथिल्ये च । ઢીલા થવું, મૈથુનની ચેષ્ટા કરવી.
૪૩૨ पेल्ल ૪૩૩ फेल्ल
૪૩૪ शेल्ल ૪૩૫ षेल्ल
૪૩૬ सेल्ल ૪૩૭ वेहल्ल
૪૩૮ सल्ल ૪૩૯ तिल्ल
૪૪૦ तिल्ल ૪૪૧ पल्ल
૪૪૨ वेल्ल = गतौ । જવું, ખેલવું.
૪૪૩ वेल्ल ૪૪૪ चेल्ल
૪૪૫ केल्ल ૪૪૬ क्वेल्ल
૪૪૭ खेल्ल ૪૪૮ स्खल=चलने । સ્ખલિત થવું, ચલિત થવું.
૪૪૯ खल=संचये च । એકઠું કરવું, ચાલવું.
૪૫૦ श्वल ૪૫૧ श्वल्ल= आशुगतौ । જલ્દી ચાલવું.
૪૫૨ गल ૪૫૩ चर्व=अदने । ખાવું, ગળવું, ચાવવું.
૪૫૪ पूर्व ૪૫૫ पर्व
૪૫૬ मर्ब = पूरणे ભરવું, પૂરૂ કરવું.
૪૫૭ मर्व ૪૫૮ धव
૪૫૯ शव = गतौ । ગતિ કરવી.
૪૬૦ कर्व ૪૬૧ खर्व
૪૬૨ गर्व = दर्पे । અભિમાન કરવું.
૪૬૩ ष्टिवू ૪૬૪ क्ष्विवू=निरसने થુંકી નાંખવું, નિષેધ કરવો.
૪૬૫ जीव=प्राणधारणे । જીવવું, પ્રાણધારણ કરવા.
૪૬૬ पीव ૪૬૭ मीव
૪૬૮ तीव ૪૬૯ नीव=स्थौल्ये । જાડા થવું.

૪૭૦ उर्वैं ૪૭૧ तुर्वैं
૪૭૨ थुर्वैं ૪૭૩ दुर्वैं
૪૭૪ घुर्वैं ૪૭૫ जुर्वैं
૪૭૬ अर्व ૪૭૭ भर्व
૪૭૮ शर्व = हिंसायाम् । હિંસા કરવી.
૪૭૯ मुर्वैं ૪૮૦ मव=बन्धने । બાંધવું.
૪૮૧ गुर्वैं = उद्यमे । ઉદ્યમ કરવો.
૪૮૨ पीवु ૪૮૩ मीवु
૪૮૪ नीवु = सेचने । છાંટવું, સીંચન કરવું.
૪૮૫ हिवु ૪૮૬ दिवु
૪૮૭ जिवु = प्रीणने । ખુશ કરવું, રાજી કરવું.
૪૮૮ इवु = व्याप्तौ च । વ્યાપીને રહેવું, ખુશ કરવું.
૪૮૯ अव=रक्षण गति-कान्ति- રક્ષણ કરવું, જવું, શોભવું.
प्रीति-तृप्त्य-वगमन- પ્રેમ કરવો તૃપ્ત કરવું, જાણવું,
प्रवेश-श्रवण-स्वाम्यर्थ- પ્રવેશ કરવો, સાંભળાવું, માલિક થવું,
याचन-क्रियेच्छा-दीप्ति- માંગવું, કરવું, ઇચ્છા કરવી, પ્રકાશવું,
अवाप्त्यालिंगन-हिंसा- મેળવવું, ભેટવું, મારવું.
दहन-भाव-वृद्धिषु । બાળવું, હોવું, વધવું. આ ધાતુના
[एकोनविंशतावर्थेषु] । બધા મળીને ૧૯ અર્થ થાય છે.
૪૯૦ कश = शब्दे । અવાજ કરવો.
૪૯૧ मिश ૪૯૨ मश=रोषे च । રોષ કરવો, અવાજ કરવો.
૪૯૩ शश = प्लुतिगतौ । ઠેકતાં ઠેકતાં ચાલવું.
૪૯૪ णिश = समाधौ । એકાગ્ર થવું.
૪૯૫ दृशँ = प्रक्षणे । જોવું, દર્શન કરવું

૪૯૬ दंशं = दशने । કરડવું, ડંખ મારવો,
૪૯૭ घुष् = शब्दे । અવાજ કરવો, ઘોષણા કરવી.
૪૯૮ चूष = पाने । પીવું, ચૂસવું.
૪૯૯ तूष = तुष्टौ । ખુશ થવું, સંતોષ પામવો.
૫૦૦ पूष = वृद्धौ । વધવું, પુષ્ટ થવું.
૫૦૧ लुष ૫૦૨ मुष=स्तेये । ચોરી કરવી.
૫૦૩ षूष = प्रसवे । જન્મ આપવો, પ્રસવ થવો.
૫૦૪ ऊष = रुजायाम् । રોગી થવું, બળતરા થવી.
૫૦૫ ईष = उञ्छे । વીણવું.
૫૦૬ कृषं = विलेखने । ખેડવું.
૫૦૭ कष ૫૦૮ शिष
૫૦૯ जष ૫૧૦ झष
૫૧૧ वष ૫૧૨ मष
૫૧૩ मुष ૫૧૪ रुष
૫૧૫ रिष ૫૧૬ यूष
૫૧૭ जूष ૫૧૮ शष
૫૧૯ चष = हिंसायाम् । હિંસા કરવી.
૫૨૦ वृषू=संघाते च । ભેગા થવું, હિંસા કરવી.
૫૨૧ भष = भर्त्सने । ભસવું, બરાબર શબ્દ બોલવો.
૫૨૨ जिषू ૫૨૩ विषू
૫૨૪ मिषू ૫૨૫ निषू
૫૨૬ पृषू ૫૨૭ वृष्=सेचने । છાંટવું.
૫૨૮ मृषू = सहने च । સહન કરવું, છાંટવું.
૫૨૯ उषू ૫૩૦ श्रिषू
૫૩૧ श्लिषू ૫૩૨ प्लुषू
૫૩૩ प्लुषू = दाहे । બાળવું.

૫૩૪ घृषू = संदर्षे । ઘસવું.
૫૩૫ हृषू = अलीके । જુઠું બોલવું.
૫૩૬ पुष = पुष्टौ । પુષ્ટ થવું.
૫૩૭ भूष ૫૩૮ तसु=अलङ्कारे । શોભાવવું.
૫૩૯ तुस ૫૪૦ हस
૫૪૧ हस ૫૪૨ रस=शब्दे । શબ્દ કરવો.
૫૪૩ लस=श्लेषण-क्रीडनयोः । ભેટવું, રમવું.
૫૪૪ घस्लृ = अदने । ખાવું.
૫૪૫ हसे = हसने । હસવું.
૫૪૬ पिसृ ૫૪૭ पेसृ
૫૪૮ वेसृ = गतौ । જવું.
૫૪૯ शसू = हिंसायाम् । હિંસા કરવી.
૫૫૦ शंसू = स्तुतौ च । સ્તુતિ કરવી, હિંસા કરવી.
૫૫૧ मिहं = सेचने । છાંટવું.
૫૫૨ दहं = भस्मीकरणे । બાળવું, બળવું, ભસ્મીભૂત કરવું.
૫૫૩ चह = कल्कने । છેતરવું, લુચ્ચાઈ કરવી.
૫૫૪ रह = त्यागे । ત્યાગ કરવો.
૫૫૫ रहु = गतौ । જવું.
૫૫૬ दह ૫૫૭ दहु
૫૫૮ वृह = वृद्धौ । વધવું.
૫૫૯ बृहृ ૫૬૦ बृहु=शब्दे च । અવાજ કરવો,
૫૬૧ उहृ ૫૬૨ तुहृ
૫૬૩ दुहृ = अदने । પીડા કરવી,
૫૬૪ अर्ह ૫૬૫ मह=पूजायाम् । પૂજા કરવી. આદર કરવો.
૫૬૬ उक्ष = सेचने । સિંચવું, છાંટવું.
૫૬૭ रक्ष = पालने । રક્ષણ કરવું.

૫૬૮ મક્ષ ૫૬૯ મુક્ષ=संघाते । ભેગા મળવું.
૫૭૦ अक्षौ = व्याप्तौ च । વ્યાપવું, ફેલાવું, ભેગા થવું.
૫૭૧ तक्षौ ૫૭૨ त्वक्षौ =
तनूकरणे । છોલવું, પાતળું કરવું.
૫૭૩ णिक्ष = चुम्बने । ચુમ્બન કરવું.
૫૭૪ तृक्ष ૫૭૫ स्तृक्ष ।
૫૭૬ णक्ष = गतौ । ગરૂડની જેમ જવું, વેગથી જવું.
૫૭૭ वक्ष = रोषे । ક્રોધ કરવો, રીસ કરવી.
૫૭૮ त्वक्ष = त्वचने । છોલવું, ઢાંકવું.
૫૭૯ सूक्ष = अनादरे । અનાદર કરવો.
૫૮૦ काक्षु ૫૮૧ वाक्षु
૫૮૨ माक्षु = कांक्षायाम् । અભિલાષા કરવી, વાંછા કરવી.
૫૮૩ द्राक्षु ૫૮૪ ध्राक्षु
૫૮૫ ध्वाक्षु=घोरवाशिते च । મોટો અવાજ કરવો, ભયાનક અવાજ કરવો. વાંછા કરવી.

[इति परस्मैभाषाः - परस्मैपदिनः]

૫૮૬ गांङ् = गतौ । જવું.
૫૮૭ ष्मिङ् = ईषद्धसने । મંદ હાસ્ય કરવું.
૫૮૮ डीङ् = विहायसां गतौ । પક્ષીનું ઉડવું, આકાશમાં ઉડવું.
૫૮૯ उङ् ૫૯૦ कुंङ्
૫૯૧ गुंङ् ૫૯૨ घुंङ्
૫૯૩ कुंङ् = शब्दे । અવાજ કરવો, ધુધુ કરવું.
૫૯૪ च्युंङ् ૫૯૫ ज्युंङ्
૫૯૬ जुंङ् ૫૯૭ प्रुंङ्
૫૯૮ प्लुंङ् = गतौ । જવું.

૬૯૯ रुङ् = रुषणे च । હિંસા કરવી.
૬૦૦ पूङ् = पवने । પવિત્ર કરવું, યુદ્ધ કરવું.
૬૦૧ मूङ् = बन्धने । બાંધવું.
૬૦૨ धृङ् = अविध्वंसने । ધારણ કરવું, ધ્વંસ ન કરવો.
૬૦૩ मेंङ् = प्रतिदाने । પાછું આપવું, બદલે આપવું.
૬૦૪ देंङ् ૬૦૫ त्रैङ् = पालने । રક્ષણ કરવું.
૬૦૬ ष्यैङ् = गतौ । જવું.
૬૦૭ ष्यैङ् = वृद्धौ । વધવું.
૬૦૮ बकुङ् = कौटिल्ये । વાંકા થવું.
૬૦૯ मकुङ् = मण्डने । શોભાવવું.
૬૧૦ अकुङ् = लक्षणे । નિશાની કરવી, આંકવું.
૬૧૧ शीकृङ् = सेचने । છાંટવું.
૬૧૨ लौकृङ् = दर्शने । જોવું.
૬૧૩ श्लोकृङ् = संघाते । એકઠું થવું, ભેગું કરવું.
૬૧૪ देकृङ् ૬૧૫ धेकृङ् = शब्दोत्साहे । ઘણું બોલવું, ઉદ્ધત થવું.
૬૧૬ रेकृङ् ૬૧૭ शकुङ् = शङ्कायाम् । સંદેહ કરવો, ત્રાસ પામવો, વહેમ લાવવો.
૬૧૮ ककि = लौल्ये । લોલુપતા રાખવી, ચંચળ થવું.
૬૧૯ कुकि ૬૨૦ वृकि=आदाने । લેવું, ગ્રહણ કરવું, મર્યાદા બહાર જવું,
૬૨૧ चकि = तृप्ति – प्रतिघातयोः । તૃપ્ત થવું, મારવું, અટકાવવું.
૬૨૨ ककुङ् ૬૨૩ श्वकुङ्
૬૨૪ त्रकुङ् ૬૨૫ श्रकुङ्
૬૨૬ श्लकुङ् ૬૨૭ ढौकृङ्

૬૨૮ ત્રોકૃङ् ૬૨૯ ष्वष्कि
૬૩૦ वस्कि ૬૩૧ मस्कि
૬૩૨ तिकि ૬૩૩ टिकि
૬૩૪ टीकृङ् ૬૩૫ सेकृङ्
૬૩૬ स्रेकृङ् ૬૩૭ रघुङ्
૬૩૮ लघुङ् = गतौ । જવું, સેકવું, લાંઘણ કરવી, ઢાંકવું, ટપી જવું.
૬૩૯ अघुङ् ૬૪૦ वघुङ् = गत्याक्षेपे । ઉતાવળું જવું, ઠપકો આપવો.
૬૪૧ मघुङ् = कैतवे च । ઠગવું, જલ્દી જવું, ઠપકો દેવો
૬૪૨ राघृङ् ૬૪૩ लाघृङ् = सामर्थ्ये । સમર્થ થવું.
૬૪૪ द्राघृङ् = आयासे च । કદર્થના કરવી, સમર્થ થવું.
૬૪૫ श्वाघृङ् = कत्थने । પ્રશંસા કરવી, વખાણ કરવા.
૬૪૬ लोचृङ् = दर्शने । જોવું.
૬૪૭ षचि = सेचने । છાંટવું.
૬૪૮ शचि = व्यक्तायां वाचि । સ્પષ્ટ બોલવું.
૬૪૯ कचि = बन्धने । બાંધવું, કસ બાંધવી, કચકચાવી. ને બાંધવુ.
૬૫૦ कचूङ् = दीप्तौ च । પ્રકાશવું, બાંધવું,
૬૫૧ श्वचि ૬૫૨ श्वचूङ्=गतौ । જવું.
૬૫૩ वचि = दीप्तौ । ચળકવું.
૬૫૪ मचि ૬૫૫ मुचुङ् = कल्कने । ઢોંગ કરવો, બહાનું કાઢવુ, ઉકાળવું.
૬૫૬ मचुङ् = धारणोच्छ्राय – पूजनेषु । ધારણ કરવું. ઉચ્ચુ કરવું, પૂજવું, ઉકાળવું, ઢોંગ કરવો.

૬૫૭ पचुङ् = व्यक्तीकरणे । સ્પષ્ટ કરવું
૬૫૮ ष्टुचि = प्रसादे । ખુશ કરવું, મહેરબાની કરવી.
૬૫૯ पजृङ् ૬૬૦ मेजृङ्
૬૬૧ भ्राजि = दीप्तौ । ચળકવું.
૬૬૨ इजुङ् = गतौ । જવું.
૬૬૩ ईजि = कुत्सने च । નિંદા કરવી, જવું.
૬૬૪ ऋजि = गतिस्थानार्जनोर्जनेषु । જવું, સ્થાનરૂપ થવું, પેદા કરવું, શ્વાસ લેવો.
૬૬૫ ऋजुङ् ૬૬૬ भृजैङ् = भर्जने । ભુંજવું.
૬૬૭ तिजि=क्षमा निशानयोः । સહન કરવું, ધારવાળું કરવું.
૬૬૮ घट्टि = चलने । ચાલવું.
૬૬૯ स्फुटि = विकसने । ખીલવું, વિકસવું.
૬૭૦ चेष्टि = चेष्टाथाम् । ચેષ્ટા કરવી.
૬૭૧ गोष्टि ૬૭૨ लोष्टि = संघाते । ભેગા થવું, ગોષ્ઠિ કરવી
૬૭૩ वेष्टि = वेष्टने । વીંટવું, આળોટવું, ઓઢું કરવું.
૬૭૪ अट्टि=हिंसा-ऽतिक्रमयोः । હિંસા કરવી, ઉલ્લંઘન કરવું
૬૭૫ एठि ૬૭૬ हेठि = विबाधायाम् । પીડા કરવી, ચોંકવું.
૬૭૭ मठुङ् ૬૭૮ कठुङ्=शोके । ફીકર કરવી. ચિંતા કરવી.
૬૭૯ मुठुङ् = पलायने । ભાગી જવું.
૬૮૦ वठुङ् = एकचर्यायाम् । એકલા જવું.
૬૮૧ अठुङ् ૬૮૨ पठुङ्=गतौ । જવું.
૬૮૩ हुडुङ् ૬૯૪ पिडुङ् = संघाते । ભેગા થવું. પિંડરૂપ થવું.

૬૮૫ शडुङ् = रुजायां च । રોગી થવું, ભેગા મળી જવું.
૬૮૬ तडुङ् = ताडने । તાડત કરવું.
૬૮૭ कडुङ् = मदे । મદ કરવો.
૬૮૮ खडुङ् = मन्थे । મન્થન કરવું.
૬૮૯ खुडुङ् = गतिवैकल्ये । આંડા ચાલવું,
૬૯૦ कुडुङ् = दाहे । બળવું, બાળવું.
૬૯૧ वडुङ् ૬૯૨ मडुङ्=वेष्टने। વીંટવું.
૬૯૩ भडुङ् = परिभाषणे । વાતચીત કરવી, ભાંડવું.
૬૯૪ मुडुङ् = मज्जने । સાફ કરવું, નિંદા કરવી,
૬૯૫ तुडुङ् = तोडने । તાડન કરવું, તોડવું.
૬૯૬ भुडुङ् = वरणे । સ્વીકારવું, વરવું, પસંદ કરી સ્વીકારવું.
૬૯૭ चडुङ् = कोपे । ક્રોધ કરવો, ઉગ્ર થવું.
૬૯૮ द्राढृङ् ૬૯૯ भ्राढृङ् = विशरणे । વિખરાઈ જવું, ફાટી જવું.
૭૦૦ शाढृङ् = श्लाघायाम् । પ્રશંસા કરવી, વખાણ કરવા.
૭૦૧ वाढृङ् = आप्लाव्ये । ન્હાવું, પાણીમાં ડુબકી મારવી.
૭૦૨ हेढृङ् ૭૦૩ होढृङ् = अनादरे । અનાદર કરવો.
૭૦૪ हिढृङ् = गतौ च । જવું, અનાદર કરવો.
૭૦૫ घिणुङ् ૭૦૬ घुणुङ्
૭૦૭ घृणुङ् = ग्रहणे । ગ્રહણ કરવું.
૭૦૮ घुणि ૭૦૯ घूर्णि=भ्रमणे । ઘુમવું, ભમવું, ફરવું.
૭૧૦ पणि=व्यवहार-स्तुत्योः । વ્યાપાર કરવો, વખાણવું.
૭૧૧ यतैङ् = प्रयत्ने । પ્રયત્ન કરવો.
૭૧૨ युतृङ् ૭૧૩ जुतृङ् =

भासने । પ્રકાશિત કરવું.

૭૧૪ विथृङ् ૭૧૫ वेथृङ् =
याचने । માંગવું.

૭૧૬ नाथृङ् = દુઃખ દેવું, ઠકુરાઇ કરવી, આશી-
उपतापैश्वर्याशीःषु च । વાદ દેવો, માંગવું.

૭૧૭ श्रथुङ् = शैथिल्ये । ઢીલા થવું.

૭૧૮ ग्रथुङ् = कौटिल्ये । ઇંદ્ર જાળ કરવી, બાંધવું ગુંથવું.

૭૧૯ कत्थि = श्लाघायाम् । વખાણ કરવું.

૭૨૦ श्विदुङ् = श्वैत्ये । ધોળું કરવું.

૭૨૧ वदुङ्=स्तुत्यभिवादनयोः । સ્તુતિ કરવી, વખાણવું, પગે
લાગવું.

૭૨૨ भदुङ्=सुख-कल्याणयोः । સુખી થવું, કલ્યાણકારી થવુ.

૭૨૩ मदुङ् = स्तुति - मोद વખાણવું, હરખાવું, અભિમાન
- मद - स्वप्न - गतिषु । કરવું, ઉંઘવું, જવું, આળસ કરવી.

૭૨૪ स्पदुङ् = किञ्चिच्चलने । હલવું, ચલવું.

૭૨૫ क्लिदुङ् = परिदेवने । શોક કરવો.

૭૨૬ मुदि = हर्षे । ખુશ થવું.

૭૨૭ ददि = दाने । દેવું.

૭૨૮ हदिं = पुरीषात्सर्गे । જંગલ જવું, હગવું.

૭૨૯ ष्वदि ૭૩૦ स्वर्दि

૭૩૧ स्वादि = आस्वादने । ચાટવું, સ્વાદ કરવો.

૭૩૨ उर्दि = मान-क्रीडयोश्च । માપવું, ક્રીડા કરવી.

૭૩૩ कुर्दि ૭૩૪ गुर्दि

૭૩૫ गुदि = क्रीडायाम् । ક્રીડા કરવી.

૭૩૬ षूदि = क्षरणे । ચુંકવું.

૭૩૭ ह्रादि = शब्दे । અવાજ કરવો.

૭૩૮ ह्लादैङ् = सुखे च । સુખી થવું શબ્દ કરવો.
૭૩૯ पर्दि = कुत्सिते शब्दे । પાદવું.
૭૪૦ स्कुदुङ् = आप्रवणे । ઠેકતાં જવું, ચડાઈ કરવી.
૭૪૧ एधि = वृद्धौ । વધવું.
૭૪૨ स्पर्द्धि = संघर्षे । સ્પર્ધા કરવું.
૭૪૩ गाधृङ् = प्रतिष्ठा – લિપ્સા – ગ્રન્થેષુ । સ્થાનરૂપ થવું, મેળવવાની ઇચ્છા કરવી, ગુંથવું.
૭૪૪ वाधृङ् = रोटने । પીડવું.
૭૪૫ दधि = धारणे । ધારણ કરવું.
૭૪૬ बधि = बन्धने । બાંધવું
૭૪૭ नाधृङ् = नाथृङ् वत् । દુઃખ લાવવું, ઠકુરાઇ ભોગવવી, આશીર્વાદ દેવા, માંગવું,
૭૪૮ पनि = स्तुतौ । વખાણવું.
૭૪૯ मानि = पूजायाम् । પૂજવું, માન આપવું.
૭૫૦ तिपृङ् ૭૫૧ ष्टिपृङ्
૭૫૨ ष्टेपृङ् = क्षरणे । ઝરવું, ટપકવું.
૭૫૩ तेपृङ् = कम्पने च । કમ્પવું, ઝરણાવાળું કરવું.
૭૫૪ ष्टुवेपृङ् ૭૫૫ केपृङ्
૭૫૬ गेपृङ् ૭૫૭ कपुङ्=चलने । કંપવું, ધ્રુજવું.
૮૫૮ ग्लेपृङ् = दैन्ये च । ગરીબાઈ કરવી, કંપવું, દીન થવું.
૭૫૯ मेपृङ् ૭૬૦ रेपृङ्
૭૬૧ लेपृङ् = गतौ । જવું, ઝપટ લગાવવી.
૭૬૨ त्रपौषि = लज्जायाम् । શરમાવવું, લાજવું.
૭૬૩ गुपि-गोपन-कुत्सनयोः । રક્ષણ કરવું, નિંદા કરવી.
૭૬૪ अबुङ् ૭૬૫ रबुङ्=शब्दे । અવાજ કરવો.
૭૬૬ लबुङ्=अवस्रंसने च । નાશ પામવું, અવાજ કરવો.

૭૬૭ कबृङ् = वर्णे । વર્ણન કરવું, રંગવું.
૭૬૮ क्लीवृङ् = अधाष्ट्र्ये । નપળા થવું.
૭૬૯ क्षीबृङ् = मदे । મદ કરવો.
૭૭૦ शीभृङ् ૭૭૧ वीभृङ्
૭૭૨ शल्भि = कत्थने । વખાણવું.
૭૭૩ वल्भि = भोजने । ખાવું.
૭૭૪ गल्भि = धाष्ट्र्ये । બહાદૂર થવું.
૭૭૫ रेभृङ् ૭૭૬ अभुङ्
૭૭૭ रभुङ् ૭૭૮ लभुङ्=शब्दे । શબ્દ કરવો.
૭૭૯ ष्टभुङ् ૭૮૦ स्कभुङ्
૭૮૧ ष्टुभूङ् = स्तम्भे । થંભી જવું,
૭૮૨ जभुङ् ૭૮૩ जभैङ्
૭૮૪ जृभुङ् = गात्रविनामे । ફીકા ચહેરાવાળા થવું, બગાસું ખાવું.
૭૮૫ रभि = राभस्ये । શરૂઆત કરવી, કાર્ય માટે ઉદ્યમ કરવો.
૭૮૬ डुलभिष् = प्राप्तौ । મેળવવું, પામવું.
૭૮૭ भामि = क्रोधे । ક્રોધ કરવો.
૭૮૮ क्षमौषि = सहने । સહન કરવું.
૭૮૯ कमूङ् = कान्तौ । ઇચ્છવું.
૭૯૦ अयि ૭૯૧ वयि
૭૯૨ पयि ૭૯૩ मयि
૭૯૪ नयि ૭૯૫ चयि
૭૯૬ रयि = गतौ । જવું, વેગ કરવો.
૭૯૭ तयि ૭૯૮ णयि=रक्षणे च । રક્ષણ કરવું, જવું.
૭૯૯ दयि = दान-गति- દેવું, જવું, મારવું, પાળવું, રક્ષણ

	હિંસા – દહનેષુ च ।	કરવું.
૮૦૦	ऊयैङ् = तन्तुसन्ताने ।	વણવું.
૮૦૧	पूयैङ्=दुर्गन्ध विशरणयोः ।	ગંધાઈ જવું, વિખરાઇ જવું.
૮૦૨	क्नूयैङ्=शब्दोन्दनयोः ।	શબ્દ કરવો, ભીજાઈ જવું.
૮૦૩	क्ष्मायैङ् = विधूनने ।	કમ્પવું.
૮૦૪	स्फायैङ् ૮૦૫ ओप्यायैङ् = वृद्धौ ।	વધવું.
૮૦૬	तायृङ् = सन्तान – पालनयोः ।	રક્ષણ કરવું, સેવા કરવી, વિસ્તાર કરવો.
૮૦૭	वलि ૮૦૮ वल्लि=संवरणे ।	ઢાંકવું.
૮૦૯	शलि = चलने च ।	ચાલવું, ઢાંક્યું.
૮૧૦	मलि ૮૧૧ मल्लि=धारणे ।	ધારણ કરવું.
૮૧૨	भलि ૮૧૩ भल्लि = परिभाषणे – हिंसा – दानेषु ।	વાતચીત કરવી, હિંસા કરવી, દાન દેવું.
૮૧૪	कलि=शब्द–संख्यानयोः ।	અવાજ કરવો, ગણતરી કરવી.
૮૧૫	कल्लि = अशब्दे ।	ચૂપ રહેવું, મૌન રહેવું.
૮૧૬	तेवृङ् ૮૧૭ देवृङ्=देवने ।	જુગાર ખેલવો, રમવું.
૮૧૮	षेवृङ् ૮૧૯ सेवृङ्	
૮૨૦	केवृङ् ૮૨૧ खेवृङ्	
૮૨૨	ग्रेवृङ् ૮૨૩ ग्लेवृङ्	
૮૨૪	पेवृङ् ૮૨૫ प्लेवृङ्	
૮૨૬	मेवृङ् ૮૨૭ म्लेवृङ् = सेवने ।	સેવા કરવી.
૮૨૮	रेवृङ् ૮૨૯ पवि=गतौ ।	ઝપટથી જવું, શીઘ્ર જવું.
૮૩૦	काशृङ् = दीप्तौ ।	ચળકવું, પ્રકાશવું.
૮૩૧	क्लेशि = विबाधने ।	ક્લેશ કરવો, સ્પષ્ટ બોલવું.

૮૩૨ भाषि च = व्यक्तायां वाचि । સ્પષ્ટ બોલું.
૮૩૩ ईष = गति - हिंसा - दर्शनेषु । જવું, હિંસા કરવી, જોવું.
૮૩૪ गेषृङ् = अन्विच्छायाम् । ગોતવું, શોધવું.
૮૩૫ येषृङ् = प्रयत्ने । પ્રયત્ન કરવો.
૮૩૬ जेषृङ् ૮૩૭ णेषृङ्
૮૩૮ एषृङ् ૮૩૯ ह्वेषृङ्=गतौ । જવું.
૮૪૦ रेषृङ् ૮૪૧ ह्वेषृङ् = अव्यक्ते शब्दे । અસ્પષ્ટ બોલવું.
૮૪૨ पिषि = स्नेहने । સ્નેહવાળા થવું, ચીકણા થવું.
૮૪૩ घुषृङ् = कान्तिकरणे । બરાબરને સુંદર કરવું.
૮૪૪ स्रंसृङ् = प्रमादे । અભિમાન કરવું.
૮૪૫ कासृङ्=शब्दकुत्सायाम् । ઉધરસ ખાવી.
૮૪૬ भासि ૮૪૭ दुभ्रासि
૮૪૮ दुम्लासृङ् = दीप्तौ । પ્રકાશવું, દીપવું, શોભવું.
૮૪૯ रासृङ् ૮૫૦ णासृङ् =शब्दे । શબ્દ કરવો.
૮૫૧ णसि = कौटिल्ये । કુટિલતા કરવી.
૮૫૨ भ्यसि = भये । બીવું.
૮૫૩ आङ्ःशसुङ्=इच्छायाम् । ઇચ્છા કરવી.
૮૫૪ ग्रसूङ् ૮૫૫ ग्लसूङ् = अदने । ખાવું, કોળીયા લેવા.
૮૫૬ घसुङ् = करणे । કરવું.
૮૫૭ इहि = चेष्टायाम् । ચેષ્ટા કરવી.
૮૫૮ अहुङ् ૮૫૯ प्लिहि=गतौ । ગતિ કરવી.

૮૬૦ ग्रहिं ૮૬૧ गल्हि = કુત્સને । નિંદા કરવી.
૮૬૨ वहिं ૮૬૩ वल्हि = પ્રાધાન્યે । આગેવાન થવું.
૮૬૪ बहिं ૮૬૫ बल्हि = પરિભાષણ – હિંસાચ્છાદનેષુ । વાતચીત કરવી. જવું, હિંસા કરવી, ઢાંકવું.
૮૬૬ वेहड् ૮૬૭ जेहड्
૮૬૮ वाहड् = प्रयत्ने । પ્રયત્ન કરવો.
૮૬૯ द्राहड् = निक्षेपे । સ્થાપન કરવું.
૮૭૦ ऊहि = तर्के । તર્ક કરવો.
૮૭૧ गाहौङ् = विलोडने । અવગાહન કરવું.
૮૭૨ ग्लहौङ् = ग्रहणे । ગ્રહણ કરવું.
૮૭૩ वहुङ् ૮૭૪ महुङ्=वृद्धौ । વધવું.
૮૭૫ दक्षि = क्षेमे च । કૃતિવાળા થવું.
૮૭૬ घुक्षि ૮૭૭ घिक्षि = सन्दीपन–क्लेशन–जीवनेषु । ઉત્તેજીત થવું, કલેશ કરવો, જીવવું, જીવાડવું.
૮૭૮ वृक्षि = वरणे । સ્વીકારવું.
૮૭૯ शिक्षि = विद्योपादाने । શીખવું, ભણવું.
૮૮૦ मिक्षि = याच्ञायाम् । માંગવું.
૮૮૧ दीक्षि=मौण्डयेज्योपनयन – नियम – व्रतादेशेषु । મુંડાવવું. દીક્ષા લેવી, યજ્ઞોપવીત લેવી, યજ્ઞ કરવો, બ્રહ્મચર્યાદિ નિયમ લેવા.
૮૮૨ ईक्षि = दर्शने । જોવું, દેખવું.

[इति आत्मनेभाषाः – आत्मनेपदिनः]

૮૮૩ श्रिग् = सेवायाम् । સેવા કરવી.
૮૮૪ णींग् = प्रापणे । લઈ જવું. પહોંચાડવું.
૮૮૫ हृंग् = हरणे । હરણ કરવું, પરાણે લઇ જવું.
૮૮૬ भृंग् = भरणे । પોષણ કરવું, રક્ષણ કરવું.
૮૮૭ धृंग् = धारणे । ધારણ કરવું, હેડકી આવવી.
૮૮૮ डुकृंग = करणे । કરવું.
૮૮૯ हिक्की = अव्यक्ते शब्दे । અસ્પષ્ટ અવાજ કરવો.
૮૯૦ अञ्चूग् = गतौ च । જવું અસ્પષ્ટ શબ્દ બોલવો
૮૯૧ डुयाचृग् = याञ्चायाम् । માંગવું.
૮૯૨ डुपचींष् = पाके । પકાવવું, રાંધવું.
૮૯૩ राजृग् ૮૯૪ टुभ्राजि = दीप्तौ । ચળકવું, દીપવું.
૮૯૫ भर्जौ = सेव याम् । સેવા કરવી.
૮૯૫ रञ्जीं = रागे । રંગવું, રાગ કરવો,
૮૯૭ रेटृग् = परिभाषणे – याचनयोः । વાતચીત કરવી, માંગવું.
૮૯૮ वेणृग् = गति – ज्ञान – चिंता – निशामन-वादित्र – ग्रहणेषु । જવું, જાણવું, ચિન્તા કરવી, સારા નરસાનો વિચાર કરવો, વગાડવા માટે વાજિંત્ર લેવું.
૮૯૯ चतेग् = याचने । માંગવું.
૯૦૦ प्रोथृग् = पर्याप्तौ । પૂર્ણ થવું, પૂરતું થવું.
૯૦૧ मेथृग् = मेधा-हिंसयोः । બુદ્ધિવાળા થવું, હિંસા કરવી.
૯૦૨ मेथृग् = सङ्गमे च । મળવું, બુદ્ધિવાળા થવું, હિંસા કરવી, સંગમ થવો.
૯૦૩ चदेग् = याचने । માંગવું.

૯૦૪ उबुन्दृग् = निशामने । હિતાહિતનો વિચાર કરવો, આલોચના કરવી.
૯૦૫ णिदृग् ૯૦૬ णेदृग् = કુત્સા-સાન્નિકર્ષયોઃ । નિંદા કરવી, સંબંધ કરવો, પાસે હોવું
૯૦૭ मिदृग् ૯૦૮ मेदृग् = મેધા – હિંસયોઃ । બુદ્ધિવાળા થવું, હિંસા કરવી.
૯૦૯ मेधृग् = सङ्गमे च । સંયુક્ત થવું, બુદ્ધિવાળા થવું, હિંસા કરવી, ભળવું.

૯૧૦ शूधूग् ૯૧૧ मूघूग् = उन्दे । ભીનું કરવું, ભીંજવું.
૯૧૨ बुधृग् = बोधने । જાણવું, બોધ થવો.
૯૧૩ खनूग् = अवदारणे । ખોદવું, ખણવું.
૯૧૪ दानी = अवखण्डने । ખંડિત કરવું, તોડવું.
૯૧૫ शानी = तेजने । તીક્ષ્ણ કરવું, ધાર કાઢવી.
૯૧૬ शपीं = आक्रोशे । શાપ દેવો, ઠપકો દેવો.
૯૧૭ चायृग्=पूजा-निशानयोः । પૂજવું, હિતાહિતનો વિચાર કરવો.
૯૧૮ क्यी = गतौ । જવું, ખર્ચ કરવો.
૯૧૯ अली = भूषण – पर्याप्ति – वारणेषु । પૂરું પડવું, રોકવું, અટકાવવું.
૯૨૦ धावूग् = गति - शुद्धयोः । જવું, શુદ્ધ થવું, દોડવું.
૯૨૧ चीवृग् = झषीवत् । લેવું, ઢાંકવું, ગ્રહણ કરવું.
૯૨૨ दाशृग् = दाने । દેવું, દાન દેવું.
૯૨૩ झषी = आदान – संवरणयोः । લેવું, ઢાંકવું, ગ્રહણ કરવું.
૯૨૪ मेघृग् = भये । બીવું.

૯૨૫ ભ્રેષૃગ્ = चलने च । ચાલવું, ખીવું, ડરવું.
૯૨૬ पषी=बाधन-स्पर्शनयोः । પીડા કરવી, ગુંથવું, બાધ કરવો.
૯૨૭ लवी – कान्तौ । ઇચ્છવું, હોંશ કરવી.
૯૨૮ चषी = भक्षणे । ખાવું, ચાખવું.
૯૨૯ छषी = हिंसायाम् । હિંસા કરવી.
૯૩૦ त्विषीं = दीप्तौ । ચળકવું.
૯૩૧ अषी ૯૩૨ असी =
गत्यादानयोश्च । જવું, લેવું, પ્રકાશવું.
૯૩૩ दासृग् = दाने । દાન દેવું.
૯૩૪ माहृग् = माने । વર્તવું.
૯૩૫ गुहौग् = संवरणे । ઢાંકવું, ગૂઢ રાખવું, ગોપવવું.
૯૩૬ भ्लक्षी = भक्षणे । ખાવું.

[इति उभयतो भाषाः - उभयपदिनः]

૯૩૭ द्युति = दीप्तौ । ચળકવું, દ્યોત થવો, દીપવું.
૯૩૮ रुचि = अभिप्रीत्यां च । અભિલાષા કરવી, ચળકવું, રુચિ રાખવી.
૯૩૯ घुटि = परिवर्तने । ફેરફાર પામવો, બદલવું.
૯૪૦ रुटि ૯૪૧ लुटि
૯૪૨ लुठि = प्रतीघाते । પીડા કરવી, સામે અથડાઈ પડવું
૯૪૩ श्विताङ् = वर्णे । ધોળા થવું.
૯૪૪ ञिमिदाङ् = स्नेहने । ચીકણા થવું.
૯૪૫ ञिक्ष्विदाङ् ૯૪૬
ञिष्विदांङ् = मौचने च । મુકત કરવું, ચીકણા થવું.
૯૪૭ शुभि = दीप्तौ । ચળકવું.
૯૪૮ क्षुभि = संचलने । ખળભળાવવું, ક્ષોભ પામવો.

९४९ णभि ९५० तुभि = हिंसायाम । હિંસા કરવી.
९५१ स्रम्भूङ् = विश्वासे । વિશ્વાસ કરવો.
९५२ भ्रंशूङ् ९५३ स्रंसूङ् = अवस्रंसने । નષ્ટ કરવું, નાશ પામવું.
९५४ ध्वंसूङ् = गतौ च । જવું, નષ્ટ કરવું.
९५५ वृतूङ् = वर्तने । વર્તવું. વિદ્યમાન હોવું.
९५६ स्यन्दौङ् = स्रवणे । ઝરવું, ટપકવું.
९५७ वृधूङ् = वृद्धौ । વધવું, મોટા થવું.
९५८ शृधूङ्=शब्दकुत्सायाम् । પાદવું. ખરાબ શબ્દ કરવો.
९५९ कृपौङ् = सामर्थ्ये । સમર્થ થવું.

[इति आत्मनेपदिनः]

[इति वृत् द्युतादिः – वृतादिपञ्चकश्च]

९६० ज्वल = दीप्तौ । ચળકવું, જલવું.
९६१ कुच = सम्पर्चने – कौटिल्य – प्रतिष्टम्भ – विलेखनेषु । મિશ્રણ કરવું, કુટિલતા કરવી ખેંચવું, રોકવું.
९६२ पत्लृ ९६३ पथे=गतौ । જવું, પડવું.
९६४ कथे = निष्पाके । ઉકાળવું.
९६५ मथे = विलोडने । મંથન કરવું, વલોવવું.
९६६ षद्लृं = विशरण – गत्यावसादनेषु । સડી જવું, જવું, નિરુત્સાહી બનવું.
९६७ शद्लृं = शातने । છોલવું, પાતળું કરવું.
९६८ बुध = अवगमने । જાણવું, અવગમ કરવો.
९६९ टुवमू = उद्गिरणे । વમવું, ઉલટી કરવી.

૯૭૦ भ्रमू = चलने । ચાલવું, ભમવું.
૯૭૧ क्षर = संचलने । ઝરવું, ખરવું.
૯૭૨ चल = कम्पने । કમ્પવું, ઝરવું.
૯૭૩ जल = घात्ये । જડ થવું, ભારે થવું.
૯૭૪ टल ૯૭૫ टूवल=वैकल्ये । કાયર થવું, ટળવું.
૯૭૬ षटल = स्थाने । સ્થાનરૂપ થવું, ગતિ હિન થવું.
૯૭૭ हल = विलेखने । ખેડવું.
૯૭૮ णल = गन्धे । ગંધાવું, પીડા કરવી.
૯૭૯ वल = प्राणनधान्यावरोधयोः । જીવવું, અનાજ કોઠીમાં ભરી રાખવું, અનાજ સાચવવું.
૯૮૦ पुल = महत्त्वे । મોટા થવું.
૯૮૧ कुल=बन्धु संस्थानयोः । બંધુભાવ રાખવો, જમી જવું.
૯૮૨ पल ૯૮૩ फल
૯૮૪ शल = गतौ । જવું, પડવું, પળાવું.
૯૮૫ हुल = हिंसा – संवरणयोश्च । હિંસા કરવી, ઢાંકવું, જવું.
૯૮૬ कुशं=आह्वान–रोदनयोः । બોલાવવું, રોવરાવવું.
૯૮૭ कस = गतौ । જવું, કસ કાઢવો.
૯૮૮ रुहं = जन्मनि । જન્મ થવો, ઉગવું.

[इति परस्मैपदिनः]

૯૮૯ रभिं = क्रीडायाम् । રમવું, ક્રીડા કરવી.
૯૯૦ षहिं = मर्षणे । સહન કરવું.

[इति आत्मनेपदिनः, वृत् ज्वलादिः]

૯૯૧ यजीं = देवपूजा – सङ्गति દેવની પૂજા કરવી, સોબત કરવી.

– करण दानेषु । દાન દેવું.
૯૯૨ वेंग् = तन्तुसन्ताने । વણવું.
૯૯૩ व्येंग् = संवरणें । ઢાંકવું.
૯૯૪ ह्वेंग् = स्पर्धा–शब्दयोः । હરિફાઇ કરવી, અવાજ કરવો.
૯૯૫ टुवपीं = बीजसन्ताने । વાવવું.
૯૯૬ वहीं = प्रापणे । લઈ જવું, વહેવું.

[इति उभयपदिनः]

૯૯૭ ट्वोश्वि = गति–वृद्धयोः । જવું, વધવું, સોજા ચડવા.
૯૯૮ वद = व्यक्तायां वाचि । સ્પષ્ટ બોલવું.
૯૯૯ वसं = निवासे । વસવું, નિવાસ કરવો.

[इति परस्मैपदिनः, वृत् यजादिः]

૧૦૦૦ घटिष् = चेष्टायाम् । ચેષ્ટા કરવી, ઘડવું.
૧૦૦૧ क्षजुङ् = गति–दानयोः । જવું, દેવું.
૧૦૦૨ व्यथिष्=भय–चलनयोः । બીવું, ચાલવું, વ્યથા કરવી.
૧૦૦૩ प्रथिष् = प्रख्याने । પ્રસિદ્ધ થવું, પ્રખ્યાત થવું.
૧૦૦૪ म्रदिष् = मर्दने । મર્દન કરવું, મરડવું.
૧૦૦૫ स्खदिष् = खदने । ફાડી નાંખવું.
૧૦૦૬ कदुङ् ૧૦૦૭ क्रदुङ्
૧૦૦૮ क्लदुङ् = वैक्लव्ये । કાયર થવું.
૧૦૦૯ क्रपि = कृपायाम् । કૃપા કરવી.
૧૦૧૦ त्वरिष् = सम्भ्रमे । ઉતાવળ કરવી.
૧૦૧૧ प्रसिष् = विस्तारे । વિસ્તારવું.
૧૦૧૨ दक्षि = हिंसा – गत्योः । જવું, હિંસા કરવી.

[इति आत्मनेपदिनः]

१०१३ ओं [ऐं] = पाके । પકાવવું, રાંધવું.
१०१४ स्मृं = आख्याने । ઉત્કંઠા કરવી. યાદ કરવું.
१०१५ दृं = भये । બીવું.
१०१६ नृं = नये । લઈ જવું.
१०१७ ष्टक १०१८ स्तक = प्रतीघाते । પીડા કરવી. ટકરાવું.
१०१९ चक = तृप्तो च । તૃપ્ત થવું, દુઃખ દેવું, ધરાઈ જવું.
१०२० अक=कुटिलायां गतो । વાંકું ચાલવું.
१०२१ कखे = हसने । હસવું.
१०२२ अग = अकवत् । વાંકુ ચાલવું.
१०२३ रगे = शङ्कायाम् । શંકા કરવી.
१०२४ लगे = सङ्गे । સાથે જવું, સંગ કરવો.
१०२५ ह्रगे १०२६ ह्लगे
१०२७ षगे १०२८ सगे
१०२९ ष्टगे १०३० स्थगे = संवरणे । ઢાંકવું, સ્થગિત કરવું.
१०३१ वट १०३२ भट = परिभाषणे । વાતચીત કરવી.
१०३३ णट = नतौ । નાચવું.
१०३४ गड = सेचने । છાંટવું, ગળવું.
१०३५ हेड = वेष्टने । ગૂંથવું, વીંટવું.
१०३६ लड = जिह्वोन्मन्थने । જીભ હલાવવી, જીભ ફેરવવી.
१०३७ फण १०३८ कण
१०३९ रण = गतौ । જવું.
१०४० चण =हिंसा दानयोश्च । હિંસા કરવી, દેવું, જવું.
१०४१ शण १०४२ अण=दाने । દેવું, દાન આપવું.

૧૦૪૩ स्नथ ૧૦૪૪ क्रथ
૧૦૪૫ कथ ૧૦૪૬ क्लथ =
हिंसार्थाः । હિંસા કરવી.
૧૦૪૭ छद् = उर्जने । બાળવું, જીવવું.
૧૦૪૮ मदै - हर्ष-ग्लानयोः । ખુશી થવું, ગ્લાની થવી.
૧૦૪૯ ष्टन ૧૦૫૦ स्तन
૧૦૫૧ ध्वन = शब्दे । અવાજ કરવો.
૧૦૫૨ स्वन = अवतंसने । શોભાવવું, માથે છોગું મૂકવું.
૧૦૫૩ चन = हिंसायाम् । હિંસા કરવી.
૧૦૫૪ ज्वर = रोगे । તાવ આવવો, રોગ થવો
૧૦૫૫ चल = कम्पने । ધ્રૂજવું, કંપવું, હલવું.
૧૦૫૬ ह्वल ૧૦૫૭ ह्वाल=चलने । ચાલવું.
૧૦૫૮ ज्वल = दीप्तौ च । ચળકવું, ચાલવું, દીપવું.

[इति परस्मैपदिनः, वृत् घटादिः]
इति भ्वादिगणे निरनुबन्धो धातवः ॥

[अथ अदादिगणः]

૧૦૫૯ अदं ૧૦૬૦ प्सांक्=भक्षणे । ખાવું.
૧૦૬૧ भांक् = दीप्तौ । ચળકવું.
૧૦૬૨ यांक् = प्रापणे । જવું.
૧૦૬૩ वांक् = गति-गन्धनयोः । જવું, સુંઘવું.
૧૦૬૪ ष्णांक् = शौचे । સ્નાન કરવું. શુદ્ધ થવું.
૧૦૬૫ श्रांक् = पाके । પકાવવું.
૧૦૬૬ द्रांक् = कुत्सितगतौ । ભાગી જવું, ઊંઘવું.

૧૦૬૭ पांक् = रक्षणे । રક્ષણ કરવું. સાચવવુ.
૧૦૬૮ लांक् = आदाने । લેવું.
૨૦૬૯ रांक् = दाने । દેવું.
૧૦૭૦ दांक्व् = लवने । કાપવું.
૧૦૭૧ ख्यांक् = प्रथने । પ્રસિદ્ધ થવું.
૧૦૭૨ प्रांक् = पूरणे । પુરૂ કરવું, ભરવું.
૧૦૭૩ मांक् = माने । માવું, વર્તવું, માપ કરવું.
૧૦૭૪ इंक् = स्मरणे । યાદ કરવુ.
૧૦૭૫ इंण्क् = गतौ । જવું.
૧૦૭૬ वींक् = प्रजन-कान्त्यसन-खादने च । પ્રથમ ગર્ભવાળું થવું, ઇચ્છવું, ખાવું, ફેંકવું.
૧૦૭૭ द्युंक् = अभिगमे । સામે જવું.
૧૦૭૮ षुंक् = प्रसवैश्वर्ययोः । સંમતિ આપવી, ઠકુરાઇ ભોગવવી
૧૦૭૯ तुंक् = वृत्ति-हिंसा-पूरणेषु । આજિવીકા ચલાવવી, હિંસા કરવી, પૂર્ણ કરવું.
૧૦૮૦ युक् = मिश्रणे । મિશ્રણ કરવું.
૧૦૮૧ णुक् = स्तुतौ । વખાણવું, ગુણ ગાવા.
૧૦૮૨ क्षणुक् = तेजने । તીક્ષ્ણ કરવું.
૧૦૮૩ स्नुक् = प्रस्नवने । ઝરવું, ટપકવું.
૧૦૮૪ टुक्षु १०८५ रु
૧૦૮૬ कुंक् = शब्दे । શબ્દ કરવો.
૧૦૮૭ रुट्क् = अश्रुविमोचने । રડવું, અશ્રુ સારવા.
૧૦૮૮ जिष्वपंक् = शये । સુવું, ઊંઘવું.
૧૦૮૯ अन १०९० श्वसक् = प्राणने । જીવવું, શ્વાસ લેવો.
૧૦૯૧ जक्षक् = भक्ष-हसनयोः । ખાવું, હસવું.

૧૦૯૨ दरिद्राक् = दुर्गतौ । દરિદ્ર થવું.
૧૦૯૩ जागृक् = निद्राक्षये । જાગવુ.
૧૦૯૪ चकासृक् = दिप्तौ । ચળકવું, પ્રકાશવુ.
૧૦૯૫ शासूक् = अनुशिष्टौ । હુકમ ચલાવવો, આજ્ઞા કરવી.
૧૦૯૬ वचंक् = भाषणे । બોલવું, ભાષણ કરવું.
